ચોથી શ્રેણી

પુસ્તક–૭૮

તા. ૮મી માર્ચ, ૨૦૨૧
ફાલ્ગુન ૧૭, ૧૯૪૨ શાકે
થી
તા.૧૦મી માર્ચ, ૨૦૨૧
ફાલ્ગુન ૧૯, ૧૯૪૨ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક–૭૮** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા.૮મી માર્ચ, ૨૦૨૧ ફાલ્ગુન ૧૭, ૧૯૪૨ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧ | ૧૨૯ |
| વિશ્વ મહિલા દિવસ નિમિત્તે શુભેચ્છાઓ | ૧૩૦ | ૧૩૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૩૨ | ૧૫૮ |
| **તા.૯મી માર્ચ, ૨૦૨૧ ફાલ્ગુન ૧૮, ૧૯૪૨ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૫૯ | ૧૭૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૭૧ | ૨૮૧ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત– અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના સંકલિત પુસ્તકનું વિમોચન | ૨૮૨ | ૨૮૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૮૫ | ૨૮૬ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૮૭ | ૨૯૩ |
| બિન–સરકારી સંકલ્પો | ૨૯૪ | ૩૦૯ |
| કિસાન સૂર્યોદય યોજનાના અમલ અંગે | ૨૯૪ | ૩૦૦ |
| કોરોના રસીકરણ અભિયાનને સફળ બનાવવા તથા સમયસર પૂર્ણ કરવા અંગે | ૩૦૧ | ૩૦૯ |
| **તા.૧૦મી માર્ચ, ૨૦૨૧ ફાલ્ગુન ૧૯, ૧૯૪૨ શાકે(પહેલી બેઠક)** | | |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૩૧૦ | ૩૪૧ |
| પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન–સરકારી સાહિત્યની સોફ્ટ કોપી આપવા બાબત | ૩૪૨ | ૩૪૩ |
| **તા.૧૦મી માર્ચ, ૨૦૨૧ ફાલ્ગુન ૧૯, ૧૯૪૨ શાકે(બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૪૪ | ૩૫૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૫૪ | ૪૬૨ |
| અતારાંકિત યાદી | ૪૬૩ | ૬૫૭ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૬૫૮ | ૬૮૦ |

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૮મી માર્ચ, ૨૦૨૧**
**ફાલ્ગુન ૧૭, ૧૯૪૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી, રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ મધ્યસ્થ જેલના કેદીઓને કાનૂની સલાહ અને સહાય**

*૩૪૧૦૮ શ્રી **જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય જેલ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૨૧ ની સ્થિતિએ રાજ્યના કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે. તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ મધ્યસ્થ જેલના કેટલા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવેલ છે ? | (૨) |

| **કાનૂની સલાહ** | **કાનૂની સહાય** |
|---|---|
| ૭૬૬૬ | ૬૧૭૧ |

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૮મી માર્ચ, ૨૦૨૧ વુમન્સ ડે નિમિત્તે મારી હાઉસની તમામ બહેનોને અભિનંદન પાઠવું છું. શ્રીમતી વિભાવરીબેન, ડો. નીમાબેન, શ્રીમતી સંગીતાબેન, શ્રીમતી મનીષાબેન, શ્રીમતી ઝંખનાબેન, શ્રીમતી ગીતાબા, શ્રીમતી સીમાબેન, શ્રીમતી સુમનબેન, શ્રીમતી માલતીબેન, ડો. આશાબેન, શ્રીમતી ગેનીબેન, શ્રીમતી ચંદ્રિકાબેન, શ્રીમતી સંતોકબેન અને આ નારી માટે એક મિનિટ લઉં છું. એમ કહીશ કે- ''કોમલ હે તું કમજોર નહિ, શક્તિ કા નામ હી નારી હૈ, સબકો જીવન દેનેવાલી, મોત તુજ સે ભી હારી હૈ''. નારી શક્તિને આજના આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે નમન. મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજ્યના કેદીઓને આપવામાં આવતી કાનૂની સહાય એ કયારથી શરૂ કરવામાં આવી? રાજ્યના કેદીઓને કેવા પ્રકારની કાનૂની સલાહ અને સહાય આપવામાં આવે છે. આ સલાહ અને સહાય કોના મારફત આપવામાં આવે છે? આ માટે કેદીઓ દ્વારા કોઇ ચાર્જિસ ચૂકવવામાં આવે છે કે કેમ? છેલ્લા ૨ વર્ષમાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેટલા કાચા કામના અને કેટલા પાકા કામના કેદીઓને અને કેટલી મહિલા કેદીઓને આવી કાયદાકીય સલાહ આપવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કેદીઓને આપવામાં આવતી કાનૂની સલાહ, સહાય વર્ષ-૨૦૧૧થી શરૂ કરવામાં આવી છે. રાજ્યના કેદીઓની કલ્યાણકારી પ્રવૃત્તિના ભાગ સ્વરૂપે રાજ્યના કોઇપણ કેદી તેઓને મળતી કાયદાકીય હક્કથી વંચિત ન રહી જાય તે માટે રાજ્ય સરકારે કાનૂની સલાહ, સહાય આપવા માટેનું લિગલ એઇડ ક્લિનિકના માધ્યમથી શરૂઆત કરી છે. એમાં પોતે જે કેસમાં ગુનેગાર અથવા સજા પામેલ હોય એમાં પોતાનો કેસ કઇ રીતે લડવો? કેવી રીતે જામીન, વચગાળાના જામીન એ અંગેના નિયમથી તેને અવગત કરાવવામાં આવે છે. સામાન્ય રીતે પોતે અજાણ્યા અને અવિચારીપણે ઘટના બનવાના કારણે એ ગુનેગાર બની જતા ઘણી વખત એને આ કાયદાકીય પ્રક્રિયાથી સંપૂર્ણપણે અજાણ હોય છે. એને કાયદાકીય ભાષામાં અરજી બનાવવાની હોય, અપીલ અંગેની પિટિશન કરવાની હોય, એના માટે પોતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે કોઇ વકીલ રોકી શકતા નથી અને સરકારી ખર્ચે વકીલ રોકવા માટે ડિસ્ટ્રિક્ટ લિગલ સર્વિસ ઓથોરિટી અને સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરિટી દ્વારા એની નિયુક્તિ કરવામાં આવે છે. એ કેદી વતી પોતે પોતાનો કેસ એ કોર્ટની અંદર લડતા હોય છે. વકીલો પાસેથી જે સલાહ કેદીઓને જેલમાં મળે એના માટે એ કેદી પાસેથી કોઇપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી. રાજ્ય સરકારે પોતે જે ઠરાવ કર્યો છે તે ઠરાવ અનુસાર ઈફેક્ટિવ હિયરિંગના એક હજાર અને નોન ઈફેક્ટિવ હિયરિંગના ૫૦૦ રૂપિયા અને અન્ય પ્રકારના જુદા જુદા સેગમેન્ટ પ્રમાણે પૈસા ચુકવતા હોય છે. કાયદાકીય સહાય અને કાયદાકીય સહાય બંને વચ્ચે અંતર હોય છે. અમદાવાદ મધ્યસ્થ જેલમાં કાચા કામના લગભગ ૬,૩૧૧ અને પાકા કામના કુલ ૧,૩૫૫ એમ કુલ ૭,૬૬૬ લોકોને સલાહ આપવામાં આવી. આ જ પ્રમાણે કાયદાકીય સહાય અમદાવાની અંદર કાચા કામના ૫,૪૦૧ કેદીઓને અને પાકા કામના ૭૦૦ એમ ૬૧૦૧ લોકોને રાજ્ય સરકાર દ્વારા લિગલ એઇડ જેલના કેદીઓને આપવા માટેનું કામ કર્યું છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીન અધ્યક્ષશ્રી, હું આજે વિશ્વ મહિલા દિવસ છે ત્યારે આપના માધ્યમથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એટલે કે વર્ષ ૧૯૧૦થી વિશ્વમાં ૮મી માર્ચને વિશ્વ મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે તે બદલ હું સન્માનનીય સભાગૃહની સૌ બહેનો, સમસ્ત દેશ અને ગુજરાતની માતાઓ અને બહેનોને વંદન કરીને અભિનંદન પાઠવું છું. આજના આ પ્રશ્નમાં આ કેદીઓને કોરોનાના સમયમાં સલાહ અને સહાયની વાત કરવામાં આવી છે. તેમાં હું આપના માધ્યમથી કહેવા માગું છું કે, આ સેન્ટ્રલ જેલ મારા વિસ્તારમાં આવેલી અમદાવાદની અને ગુજરાતની મધ્યસ્થ સેન્ટ્રલ જેલ છે. હું વર્ષોથી આ વિસ્તારની અંદર ભારતીય જનતા પાર્ટીના પ્રતિનિધિ તરીકે કામ કરું છું ત્યારે મારે પહેલાં અવાર નવાર અનેક નાના મોટા પ્રસંગોની અંદર સેન્ટ્રલ જેલમાં જવાનું થાય છે.

## તા. ૮મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

છેલ્લા દસ–પંદર વર્ષથી જે પ્રમાણે કેદીઓને કે જેમાં કાચા કામના કેદી હોય કે સજા પામેલા કેદી હોય તેવા કેદીઓને સરકારે નવું જીવન જીવવા માટે અનેક પ્રવૃત્તિ કરી છે, જેમાં રક્ષાબંધન કે જનમાષ્ટમી જેવા તહેવાર હોય ત્યારે તેઓનું પોતાનું ઘર દૂર ન હોય અને તે પરિવાર સાથે રહેતા હોય તેવા પ્રસંગો અંદર ઉજવાતા હોય છે. તેમાં લોકડાયરા જેવા અનેક પ્રસંગો ઉજવાતા હોય છે. તેમાં કેદીઓને ફરીથી નવું જીવન જીવવા માટેની પ્રેરણા લે છે તે બદલ હું તેમને સરકારવતી અભિનંદન પાઠવું છું. કોરોન મહામારીની અંદર પણ...

અધ્યક્ષશ્રી : અહીં એક ખુલાસો કરી દો, નહીંતર રેકર્ડ પર ખરાબ દેખાશે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : ઓ કે સર.

અધ્યક્ષશ્રી : અવાર નવાર જેલમાં જવાનું થાય છે...

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : એટલે પ્રસંગોપાત...

અધ્યક્ષશ્રી : નહીં પણ કેમ? સમાજ સેવા માટે એમ કહો.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : હા, જી સમાજ સેવા માટે.

અધ્યક્ષશ્રી : તો વાંધો નહીં.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, આ કોરોના કાળની અંદર કેદીઓ સંક્રમિત થતા હતા તેમને બચાવવા માટે જેલ વિભાગમાંથી કેવા કેવા પ્રકારના પગલાં લેવામાં આવ્યા તે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના સંક્રમણના કપરા કાળની અંદર રાજ્ય સરકારે, માનનય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને હાઇપાવર કમિટીએ આખા રાજ્યના લોકોના જાન–માલ અને જીવનની રક્ષા થાય તેના માટે અનેક સર્વગ્રાહી પગલાં લીધા છે. તેમાં આપણને સુપ્રીમ કોર્ટે કહ્યું હતું અને રાજ્ય સરકારે પણ ચિંતા કરી છે. જે પ્રમાણે સ્ટેટ લિગલ સર્વિસ કમિટીના ચેરમેન અને એ.સી.એસ. હોમ તથા જેલના ડી.જી., એમ ત્રણ લોકોની એક કમિટી બનાવવામાં આવી. આ કમિટી દ્વારા વખતોવખત નિર્ણય લેવામાં આવ્યા છે. તેમાં મેં અગાઉના જવાબમાં ઉલ્લેખ કર્યો તે લિગલ સર્વિસ ઓથોરિટીના વકીલોની મદદથી જે કેદીઓ હતા તેમાંથી અમદાવાદ મધ્યસ્થ જેલમાં ૫૦૩ કેદીઓને વચગાળાના જામીન ઉપર મુક્ત કર્યા અને આખા રાજ્યમાં ૧૪૫૧ જેટલા કેદીઓની મુક્ત કર્યા. જેલની અંદર બધા એકબીજાની નજીક રહેતા હોય છે. ત્યાર ઓવરક્રાઉડીંગના લીધે વધારે સંક્રમણ થવાની શક્યતાઓ રહેતી હોય છે. આ સંજોગોમાં સરકારે આ કમિટી બનાવી છે અને તે કમિટીના માધ્યમથી આ પ્રમાણે ૧૪૫૧ જેટલા લોકોને જેલ બહાર જઇ શકાય તે પ્રમાણેની કામગીરી કરી. જેલના સંકુલ એટલા વિશાળ હોય છે તેથી તેમાં સેનેટાઇઝેશન, ફોગીંગ અને ફ્યુમિગેશન કરવામાં આવે છે. આ બધા લોકોને માસ્ક, સેનેટાઇઝર આપવા તથા સોશિયલ ડીસ્ટન્સ અંગેના પ્રોટોકોલ નક્કી કરવામાં આવ્યા. જેલમાં સંક્રમણનું પ્રમાણ અટકે તેના માટે સંપૂર્ણ પ્રયત્નો કરવામાં આવ્યા. ૬૦ વર્ષથી ઉપરના કેદીઓ જેલમાં હતા તેમને અલગ બેરેકમાં રાખવામાં આવ્યા અને તેમનું નિયમિતપણે હેલ્થ સ્કેનિંગ કરાવવામાં આવ્યું. જેલ ખાતે જે નવા આરોપી દાખલ થાય તેનો પહેલાં તો કોવિડ–૧૯ ટેસ્ટ કરવામાં આવે છે અને પછી જ તેને જેલની અંદર પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ આપ્યા બદ ૧૪ દિવસ લગથી કવોરન્ટાઇન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપે જોયું હશે કે અત્યારે જે આરોપીઓ પકડાય તો એ પછી એને ૨૪ કલાક કોરોનાના ટેસ્ટનું જ્યાં સુધી પરિણામ ન આવે ત્યાં સુધી એની અટકાયત બતાવતા નથી. એ જ રીતે પોલીસ તંત્ર અને જેલ વિભાગ પણ કોરેન્ટીન બેરેક બનાવી એનું ટેસ્ટીંગ કરાવે છે. આ પ્રમાણે કોરોનાના સંક્રમણના કારણે જેલના કેદીનો જીવ ન જાય એના માટે આનુષંગિક અનેક પ્રકારના પગલાં લેવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજના મહિલા દિવસે નવદુર્ગા, નવશક્તિ નારી તું નારાયણીને મારા પ્રણામ અને મારી શુભેચ્છા.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં એમણે કહ્યું છે કે, કાનૂની સલાહમાં ૭૬૬૬ અને કાનૂની સહાયમાં ૬૧૭૧, આજે મહિલા દિવસ છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, કાનૂની સહાયમાં અને કાનૂની સલાહમાં કેટલા મહિલા કેદીઓને આ પ્રમાણેની સલાહ અને સહાય આપવામાં આવી? અને માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી છે કે, આજે મહિલા દિવસ છે તો મહિલા દિવસે એવી કોઇ મહિલાઓની જેલમાંથી મુક્તિ માટેનું કોઇ પ્રયોજન છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં કાયદાકીય સહાયમાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં કાચા કામના પુરુષ ૪૮૩૩ અને સ્ત્રી ૫૬૮ એમ મળીને કુલ ૫૪૦૧ તથા પાકા કામના પુરુષ ૨૭૨ અને સ્ત્રી ૪૯૮ એમ મળીને કુલ ૭૭૦ કેદીઓને કાયદાકીય સલાહ આપવામાં આવી છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે વાત કરી એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ વહેલી જેલ મુકિત માટેની રાજય સરકારે એક કમિટી બનાવી છે અને માનનીય શૈલેષભાઇએ પોતાના શબ્દો વ્યક્ત કર્યા એમાં મુખ્યમંત્રીશ્રીએ પૂરી સંવેદનાથી રાજયની જેલોમાં જે મહિલાઓ કે જેની ઉંમર વધારે હોવાના કારણે અથવા જેનું પરિવારમાં એમને છોડાવવાવાળું ન હોવાના કારણે અથવા એને કોઇ પણ પ્રકારના શારીરિક રોગથી પિડાતા હોય એવા અને જેની સજા પૂર્ણ થઇ ગઇ હોય અને છતાં પણ હજુ એક યા બીજા લિગલ કારણોસર તેઓ જેલમાંથી મુક્ત ન થઇ શક્યા હોય અને ૧૪–૧૪ વર્ષથી જેલમાં સજા ભોગવતા હોય પરંતુ મેં કહ્યું તેમ એક યા બીજા કારણોસર જેલમાં હોય એના બધા જ પાસાઓને ચકાસીને રાજયના અગ્ર સચિવ (ગૃહ)ની અધ્યક્ષતામાં માનનીય મુખ્યમંત્રીશ્રીના આદેશાનુસાર એક કમિટી બનાવી છે એ કમિટીએ એનો સર્વગ્રાહી અભ્યાસ

કર્યો છે અને એમાં પૂરી સંવેદનશીલતાથી આવી મહિલાઓ સાથે હકારાત્મક અભિગમના આધારે માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં એનો નિર્ણય લેવામાં આવનાર છે.

અધ્યક્ષશ્રી : એમાં ભાઇઓ ખરા કે નહીં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હા, ભાઇઓ બહેનો બધા જ માટે.

**તાપી અને વલસાડ જિલ્લામાં ગાંધીનગર ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા ખાણો/લીઝોનું ચેકીંગ**

*૩૩૧૬૯ શ્રી **પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઇંગ સ્કવોર્ડ ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | |
|---|---|---|
| | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
| તાપી | ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવેલ નથી. | |
| વલસાડ | તા. ૦૨-૧૦-૧૯ | તા. ૨૮-૦૨-૨૦, તા. ૦૬-૧૨-૨૦ તા. ૦૭-૧૨-૨૦ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરી પકડાઇ,

(૨)

| **જિલ્લો** | **ગેરરીતિનો પ્રકાર** | **સમયગાળો** | |
|---|---|---|---|
| | | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ (દંડની રકમ રૂ.લાખમાં)** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (દંડની રકમ રૂ.લાખમાં)** |
| તાપી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | |

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| **જિલ્લો** | **ઈસમો સામે કરેલ કાર્યવાહી** |
|---|---|
| તાપી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| વલસાડ | તે અન્વયે ૨૩ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત કરેલ છે તથા ૩ ઈસમોને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. |

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ?

(૪)

| **જિલ્લો** | **પોલિસ ફરિયાદ** |
|---|---|
| તાપી | શુન્ય |
| વલસાડ | શુન્ય |

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન છે ત્યારે ગૃહના તમામ મહિલા ધારાસભ્યશ્રીઓને સાથી ધારાસભ્ય તરીકે હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં ગેરકાયદેસર ખનિજ ખનન પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા ફલાઇંગ સ્કવોર્ડ દ્વારા જિલ્લા તરફ એક પણ વખત લક્ષ આપેલ નથી અને ગેરકાયદેસર ખનિજ ખનનની પ્રવૃત્તિ કરનારાઓમાં એનો ડર પણ નથી અને જે રીતે ખનિજનું વહન કરવામાં આવે છે એ અનલોડીંગ છે અને અનલોડીંગને લીધે ઘણાં અકસ્માતો પણ થાય છે ત્યારે છેલ્લા બે વર્ષમાં ખનિજ અને લીઝની ચોરીના કેટલા ટનની ટ્રકો પકડવામાં આવી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફ્લાઇંગ સ્કવોર્ડ, તાપીમાં કોઇ ચેકીંગ થયું નથી એ વાત સાચી છે પણ જિલ્લા લેવલ ઉપર ખૂબ મોટા પ્રમાણમાં ચેકીંગ કરવામાં આવ્યું છે. જિલ્લા લેવલે તાપીમાં બે વરસની અંદર માઇનીંગના કુલ ૧૯ કેસો કરવામાં આવ્યા છે અને રૂપિયા ૬૦.૬૬ લાખની રિકવરી કરવામાં આવી છે સભ્યશ્રીએ જે વહનની વાત કરી એ બન્ને જગ્યાએ ૨૪૬ કેસો કરવામાં આવ્યા છે અને રૂપિયા ૩.૩૪ કરોડની રિકવરી કરવામાં આવી છે અને સ્ટોરેજમાં ૫૧ કેસો કરવામાં આવ્યા છે જેની રિકવરી

રૂપિયા ૧.૧૬ કરોડની કરવામાં આવી છે એમ બે વરસની અંદર માત્ર તાપી જિલ્લાની અંદર જિલ્લા લેવલે કુલ ૩૧૬ કેસો કરીને રૂપિયા ૫.૧૨ કરોડની રિકવરી કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : કેટલા વાહનો પુછ્યા હતાને?

શ્રી સૌરભ પટેલ : ૨૪૬ ટ્રાન્સપોર્ટેશનના કેસો કહ્યુંને સર.

અધ્યક્ષશ્રી :વાહનો?

શ્રી સૌરભ પટેલ : ૨૪૬ કેસો ટ્રાન્સપોર્ટેશનના કરવામાં આવ્યા છે જેમાં રકમની રિકવરી રૂપિયા ૩.૩૪ કરોડની છે. વહન એટલે ટ્રાન્સપોર્ટેશનની જ વાત કરો છોને સભ્યશ્રી? માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને સંતોષ છે.

અધ્યક્ષશ્રી : વાહનોનું પુછ્યું છે, એમને સંતોષ છે તો મને પૂર્ણ સંતોષ છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, ખાસ કરીને સરકારને પણ ખૂબ ખૂબ અભિનંદન અને વિભાગને પણ અભિનંદન આપું છું. ફ્લાઇંગ સ્કવોર્ડ નામકરણ માટે ગાંધીનગરથી નીકળે એટલે ત્યાં ટ્રકવાળાને પણ ખબર હોય કે આજે સ્કવોર્ડ આવે છે અને બધાય માફિયાઓ તેમના ધંધા બંધ કરી નાંખે એવી ગંભીર ઘટના છે. અમારે ત્યાં વર્ષ ૨૦૧૯માં *(xxx) અધિકારી હતા, ખૂબ કામ કરતા હતા. એમના ઉપર હિચકારો હુમલો થયો હતો.

અધ્યક્ષશ્રી : અધિકારીનું નામ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ આપણા કાર્યકર્તાઓ હતા નામ સરકાર ઇચ્છશે તો એ પણ આપીશ. પણ આ લોકો બધા જ કામ કરે છે. બે નંબરની રેતી પણ કાઢે છે અને સરકારે લગભગ ૩૦ જેટલા બેજવાબદાર હતા કે સંડોવાયેલા નહોતા એ લોકોના ઘરથી ટ્રકો લઇને ડિટેઇન કરી હતી. કલેક્ટર, તાપીને અનેકવાર વિનંતીઓ કરી હતી કે આ લોકો ધંધામાં નહોતા, ઘરે ગાડીઓ ઉભી હતી છતાં આજે બે વરસથી ગાડીઓ પડી છે અને ભંગાર જેવી પરિસ્થિતિ છે એટલે આદિવાસી ભાઇઓ કે જેમણે લોનથી ટ્રક લીધેલી હતી એ લોકોને ખૂબ વિમાસણ છે અને સરકાર અહીંથી સુરતથી કે તાપીથી ...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન, શ્રી આનંદભાઇ પ્રશ્ન શું છ?

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રશ્ન છે કે સરકાર આ ગાડીઓ છોડવા માગે છે કે નહિ અને શ્રી પુનાભાઇનો જે પ્રશ્ન છે કે સ્કવોર્ડે અત્યાર સુધીમાં કેટલી લીઝ સીઝ કરી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલી ગાડીઓ સીઝ કરી છે એની વિગત મારી પાસે અત્યારે નથી પણ એક વસ્તુ સ્પષ્ટ છે કે, એક પ્રોસેસ હોય છે. એ પ્રક્રિયાના આધાર ઉપર જ આ લોકો છોડતા હોય છે, એટલે જ્યાં જ્યાં ગાડીઓ જમા થતી હોય છે એ ગાડીઓને એક પ્રોસેસ દ્વારા જ છોડવામાં આવે છે. એ પ્રોસિજરમાં એમને અપીલ કરવાથી માંડીને બધી જ જોગવાઇ આ કાયદાની અંદર રાખવામાં આવી છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા ઇચ્છું છું કે, જે મોટા ખનન ઉદ્યોગગૃહો છે એમને દરિયાઇ લેવલથી કેટલા રિડ્યુસ લેવલ સુધી પરમીશન આપવામાં આવેલી છે? ભૂતકાળની અંદર આવા મોટા ઉદ્યોગગૃહો જે છે એમની ચકાસણી ગાંધીનગર ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવી છે કે કેમ? ત્રીજો પ્રશ્ન માનો કે જે તે વખતે કોઇ ઉદ્યોગગૃહોને મંજૂરી આપી હોય અમુક રિડ્યુસ લેવલ સુધી ખનન કરવા માટેની તો એમાં એ લોકો વધારો કરવા માગે તો સરકારશ્રી આપવા ઇચ્છે છે કેમ અને જો હા તો એના કારણો કયા છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર ફ્લાઇંગનો સ્કવોર્ડ તાપી અને વલસાડ જિલ્લાને લગતો જ છે, માનનીય સભ્યશ્રીને વિનંતી કે બીજી નોટીસ આપે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ફ્લાઇંગ સ્કવોર્ડ જે ગાંધીનગરથી જાય એના માટે શ્રી આનંદભાઇએ થોડીક અછડતી વાત કરી, અહીંથી અધિકારીનું વાહન નીકળે એટલે જે ભૂમાફિયા કે રેતી માફિયા હોય એમને ખબર પડી જતી હોય છે કે વાહન નીકળ્યું છે. તો અહીંથી જે ફ્લાઇંગ સ્કવોર્ડ જાય છે એમને બંધ કવરમાં કયા જિલ્લામાં જવાનું છે એ આપવામાં આવે છે કે કેમ અને આ જે ચેકીંગ થાય છે એમાં જે લીઝ ગ્રાહકો છે એનું ઘણી વખત શોષણ થતું હોય છે એટલે આ પ્રવૃત્તિ અટકાવવા સરકાર કોઇ પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વસ્તુ જયારે ફલાઇંગ સ્કવોર્ડ નીકળતી હોય છે ત્યારે માત્ર અને માત્ર તે લોકોના સભ્યશ્રીઓને ખબર હોય કે કઇ જગ્યાએ જવાનું હોય છે. બીજુ કે ત્યાંના ડિસ્ટ્રીકટ લેવલના અધિકારીઓને પણ ખબર નથી હોતી કે આ ફલાઇંગ સ્કવોર્ડના કર્મચારીઓ કઇ જગ્યાએ જાય છે. ત્રીજુ જયારે એ સાઇટ ઉપર જતાં હોય ત્યારે કદાચ આપ કહો છો માહિતી પહોંચતી હોય છે પણ માહિતી પહોંચતી નથી હોતી પણ કદાચ તે પહોંચતી હોય તો પણ ઇલિગલ માઇનીંગ કરેલુ હોય એ તો ત્યાં દેખાય અને તે મેજરમેન્ટ લેવાના કારણે તે પકડાય. બહુ બહુ તો એ વાહનો જતાં રહે કદાચ માહિતી મળતી હોય પણ વાહનોના કારણે બે કલાક કે છ કલાકમાં પહોંચી જતાં હોય તો ઇલિગલમાં જે ખોદેલું હોય તે તો સ્વભાવિક રીતે ત્યાં મેજરમેન્ટમાં પકડાય. એટલે કોઇ પણ ફલાઇંગ સ્કવોર્ડના વ્યકિત જતાં હોય અને લીઝ હોલ્ડરોએ કંઇ ખોટું કર્યું હોય તો એ ચોક્કસપણે પકડાતું હોય છે અને તેના

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કારણે તેને યોગ્ય દંડ આપવામાં આવે છે અને છેલ્લાં ઘણાં વર્ષોમાં ફલાઇંગ સ્ક્વૉર્ડે આખા ગુજરાતમાં એટલી સારી કામગીરી કરી છે કે કરોડો રૂપિયાનો માલ આઇઘર એ લોકોને માહિતી દ્વારા કે સ્પેશિયલ સરપ્રાઇઝ ચેકીંગ દ્વારા પકડવામાં આવે છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ થોડાં દિવસ અગાઉ જ આ ગૃહમાં આ બાબતે ચર્ચા કરી હતી રાજયમાં આ વિભાગમાં જે અધિકારીઓ છે તેની જગ્યા ખૂબ મોટા પ્રમાણમાં ખાલી છે. મારી જાણ મુજબ વર્ગ–૧ની ૧૭ અને વર્ગ–૨ની ૨૮ જેટલી જગ્યાઓ ખાલી છે અને તેના કારણે અને બીજી એક સભ્યશ્રીએ વાત કરી તે પ્રમાણે તે લોકોને પહેલાં ખ્યાલ આવી જતો હોય છે કે કોણ માણસ કયારે જવાનો છે. અમારે ત્યાં પણ જયાં રેતીના માફિયાઓ હોય છે તો એમને ખ્યાલ આવી જાય છે કે આજે સ્ક્વૉર્ડવાળા આવવાના છે એટલે તે લોકો ત્યાંથી ખસી જતાં હોય છે એટલે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે એક તો આ જગ્યાઓ અને રેવન્યુને ખૂબ મોટું નુકસાન થતું હોય ત્યારે આ જગ્યાઓ વહેલી તકે ભરવા માગો છો કે કેમ ? અને આ લીઝો જે છે તે સમયસર તમે આપતા નથી અને તેનુ મેઇન કારણ શું છે ખ્યાલ જ નથી આવતો સમયસર લીઝો ના આપવાના કારણે સરકારને રેવન્યુ લોસ જાય છે તો આ સમયસર લીઝો માટે તારીખ વાઇઝ નક્કી કરવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં મેં જવાબ આપી દીધો હતો એટલે હું તે રીપીટ નથી કરતો પણ તેમણે જે પોસ્ટની વાત કરી તો મારી પાસે આખા રાજયના પોસ્ટની વિગતો નથી પણ જેઓ ફલાઇંગ સ્ક્વૉર્ડમાં છે તેની વિગત આપું કારણ પ્રશ્ન ફલાઇંગ સ્ક્વૉર્ડનો છે કલાસ–૧ની અંદર એડિશનલ ડાયરેકટરની જગ્યા–૧ છે તે ભરેલી છે. ડેપ્યુટી ડાયરેકટરની જગ્યા–૧ છે તે પણ ભરેલી છે. આસિસ્ટન્ટ ડાયરેકટરની જગ્યા–૨ છે તે બન્ને ભરેલી છે અને કલાસ–૨ની અંદર આસીસ્ટન્ટ જીઓલોજીસ્ટની ૪ જગ્યામાંથી ૩ જગ્યા ભરેલી છે. એટલે આ ફલાઇંગ સ્ક્વૉર્ડનો ભરતીનો વિષય કહ્યો એ પણ મેં વાત કરી અને બીજુ સરકાર પારદર્શક રીતથી લીઝો આપવાનુ કામ કરી રહી છે એ બધાને ખબર છે. આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લાં વર્ષોથી આપણી ઇ–ઓકશન દ્વારા જ કરીએ છીએ અને વલસાડની અંદર વાત કરું તો બ્લેક ટ્રેપની અંદર આપણે ચાર ઇ–ઓકશનના કર્યા અને ચારે ચાર સક્સેસફૂલી ઓકશન સંપૂર્ણપણે પાર પાડયા. ઓર્ડિનરી સેન્ડના બે કર્યા અને બન્ને સંપૂર્ણપણે આપણે સકસેસ કર્યા એટલે છ ઇ–ઓકશનના બ્લોક આપણે કર્યા અને છ એ છ આપણે પૂર્ણ કર્યા.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જિલ્લો છે તેમાં ૩૦ ગાડીઓ છે તે તેના ઘરે હતી અથવા રસ્તામાં હતી તેવી ગાડીઓને ઉપાડી ગયા તો એના માટે કંઇ કરવા માગે છે કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ કહ્યું કે ગાડીઓ એક પ્રોસેસ દ્વારા છોડાવી શકે છે એ પ્રોસેસની અંદર તે છોડાવી અને દંડ ભરીને લઇ જાય તે એક પ્રોસીઝરનો ભાગ છે.

અધ્યક્ષશ્રી : કોની તરફેણમાં બોલે છે એવો સવાલ છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, તાપી જિલ્લાની અંદર છેલ્લાં બે વર્ષમાં કેટલી લીઝોનું ઇન્સ્પેકશન કરવામાં આવ્યુ અને જે ગુનાઓ બન્યાં છે તેની પાસેથી કેટલી વસૂલાત કરવામાં આવી છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે લીઝ ઇન્સ્પેકશન કરવામાં આવ્યું તેમા તાપીની અંદર કુલ ૧૬૭ લીઝોમાંથી ૧૪૭ લીઝોનું ઇન્સ્પેકશન કરવામાં આવ્યું છે અને તેની અંદર કુલ રૂપિયા ૧૧.૫૬ લાખની પેનલ્ટી રીકવર કરવામાં આવી છે. તાલુકા વાઇઝ હું વિગત આપું તો વ્યારાની અંદર વર્ષ ૨૦૧૯માં ૧૩ અને વર્ષ ૨૦૨૦માં ૧૫ પછી દોલવાડમાં ૩ અને ૨, સોનગઢમાં ૪૫ અને ૧૯, કુકરામોડામાં ૧૩ અને ૧૭, નિઝરમાં ૯ અને ૧૧ એમ વર્ષ ૨૦૧૯માં ૮૩માં રીકવરી રૂપિયા ૬.૯૯ લાખની અને વર્ષ ૨૦૨૦માં રૂપિયા ૪.૫૭ લાખની એમ કુલ ૧૪૭ લીઝો રૂપિયા ૧૧.૫૬ લાખની રીકવરી કરવામાં આવી છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ખનિજ ચોરી સમગ્ર રાજયમાં થાય છે. દરેક જિલ્લાનો પ્રશ્ન છે. અધિકારીઓની અણઆવડતનો કોઇ પ્રશ્ન નથી. એમાં કોઇ તંત્ર ગોઠવાયેલું છે અને કોઇ પોલિટીકલ નેક્સસ પણ એમાં જોડાયેલું છે. તો આવા જે કેસો થયા એમાં પોલિટીકલ ઇન્વૉલ્વમેન્ટ હોય આ પક્ષ કે પેલો પક્ષ ભૂલી જાવ કારણ કે, જ્યાં સુધી પોલિટીકલ ઇનવૉલ્વમેન્ટ ન હોય ત્યાં સુધી આ શક્ય જ નથી એટલે આ પક્ષ અને પેલા પક્ષ બંનેએ ભેગા થઇને આ રાજ્યમાંથી આ દૂષણને ડામવું જરૂરી છે. એટલે પોલિટીકલ માણસો ઇન્વૉલ્વ હોય અથવા વારંવાર ચોરી કરતાં હોય તો એવા લોકોને પાસા હેઠળ ધકેલવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોલિટીકલ વિલ સંપૂર્ણપણે છે એટલે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ કિલયર સૂચના આપી છે કે પહેલાં જે લીઝ અપાતી હતી એ લીઝમાં જે ઇન્ફ્લુઅન્શીયલ માણસો હતા એ લોકો જ લીઝ લઇ જતા હતા. આજે આપણે જોઇએ છીએ કે સરકારની તિજોરીમાં ઇ–ઓક્શન કરવામાં પારદર્શક વહીવટ કર્યો છે અને એ પારદર્શક પ્રોસિજરના કારણે જે સરકારને વધારે પૈસા આપે એ પ્રમાણે જ આપણે ઇ–ઓક્શન કરીએ છીએ. એક તો આપણે લીઝોની ફાળવણીમાં ટ્રાન્સપરન્સી લાવ્યા છીએ. બીજું કે આજે અનેક રીતથી ઇન્સ્પેક્શન હોય, ફલાઇંગ સ્કવૉર્ડ દ્વારા ચેકિંગ હોય, ડિસ્ટ્રીક્ટ લેવલ દ્વારા ચેકિંગ હોય અને હવે તો ડ્રોન દ્વારા પણ આપણે ચેકિંગ કરીએ છીએ. આ વાહનો પકડવા એ પણ એક સ્ટ્રેટેજી છે. વાહનો પકડીએ એટલે ચોરી ઓછી થાય. મોટા મોટા દંડ આવે છે. એ દંડ પણ આપણે આપીએ છીએ અને રીકવરી પણ કરીએ છીએ એટલે સંપૂર્ણપણે આપવાથી લઇને પકડવા સુધી અને ચેકિંગથી એક ડર પેદા થયો છે એટલે આજે કોઇ પણ પોલિટીકલ ઇન્ટરફિઅરન્સ નથી. આજે કોઇ પણ છોડાવવા નથી આવતા કારણ કે, ખબર છે કે ક્યારેય પણ કોઇને પણ છોડાવવા આવશે તો છોડીશું નહિ. અધિકારીઓને સંપૂર્ણપણે પાવર આપી દીધા છે કે ક્યારેય કોઇનું સાંભળવાનું નહિ. આથી રાજ્યમાં આ ખાણ–ખનિજની ચોરીનું પ્રમાણ દિવસે–દિવસે ઘટતું જાય છે અને આવતા દિવસોમાં ૧૦૦ ટકા ઘટશે. એ પ્રમાણેનો સરકારશ્રીનો સ્પષ્ટ અભિગમ છે.

## તા. ૮મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ–ખનિજ વિભાગના લોકલ અધિકારી દ્વારા તો ચેકિંગ થતું હોય છે. સરકાર દ્વારા ફ્લાઇંગ સ્કવોર્ડ મૂકવામાં આવે છે અને સરકારના આંકડા મુજબ વર્ષ ૨૦૧૯માં આખા રાજ્યમાં ૩૬૫ દિવસમાં ૧૭૧ જગ્યાએ જ ફ્લાઇંગ સ્કવોર્ડે તપાસ કરી છે. વર્ષ ૨૦૨૦માં ૩૬૫ દિવસમાં ૧૨૭ જગ્યાઓએ એ લોકો દરોડા પાડ્યા છે અને બે વર્ષમાં લગભગ ૨૧૨ કરતાં પણ વધારે ખનિજ ચોરી આ રાજ્યમાંથી પકડવામાં આવી. એક બાજુ સરકારનો પોતાનો વિભાગ છે, ફ્લાઇંગ સ્કવોર્ડ છે અને ઓવરઓલ આટલા બધા દરોડા પાડ્યા પછી બે વર્ષમાં ફક્ત ૧૦ જ પોલીસ કેસ કર્યા છે અને એનું કારણ શું એ માનનીય મંત્રીશ્રી પોતાના જવાબમાં જણાવે અને બીજું, કે આ રાજ્યમાં એશિયાનો સૌથી મોટામાં મોટો લાઇમ સ્ટોનનો જથ્થો પોરબંદરમાં છે. એના કારણે ત્યાં સૌથી વધુ ખનિજ ચોરી થતી હોય છે. છાપામાં વાંચીએ છીએ, મિડીયામાં જોઇએ છીએ, કોર્ટમાં જોઇએ છીએ. ત્યાં વર્ષ ૨૦૧૯માં એક પણ વખત દરોડો પાડવામાં ન આવ્યો અને વર્ષ ૨૦૨૦માં એક જ વખત દરોડો પાડવામાં આવ્યો. આ હું સરકારના આંકડા મુજબ કહું છું. તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ૩૬૫ દિવસ ફ્લાઇંગ સ્કવોર્ડનો ઉપયોગ કરવામાં કેમ નથી આવતો અને બીજું કે પોરબંદરમાં જ્યાં સૌથી વધુ ચોરી થતી હોય છે અને ખનિજ માફિયા ત્યાં છે તો ત્યાં સરકાર કેમ આવી રીતે વલણ અપનાવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો મારે માનનીય સભ્યશ્રીને માહિતી આપવી છે કે ફ્લાઇંગ સ્કવોર્ડની કામગીરી માત્ર રેડ પાડવાની નથી. એમને અનેક કામગીરી હોય છે. કમિશનર જિયોલોજીમાં ફ્લાઇંગ સ્કવોર્ડને ડાયરેક્ટ સુપરવિઝન તરીકે એક ફોર્બેશન આપ્યું છે. એમનું કામ અપીલો સાંભળવાનું છે. અપીલોમાં જિલ્લા કક્ષાએ કોઇને વાંધો હોય, ઓર્ડર કર્યો હોય અને તેમાં સંતોષ ન હોય તો તેઓને સાંભળવાની કામગીરી ફ્લાઇંગ સ્કવોર્ડ કરતી હોય છે અને નિયમ–૧૮માં તે લોકો સીધા પણ સાંભળતાં હોય છે. આ ઉપરાંત ઇન્સપેક્શન કરવાની કામગીરી પણ ફ્લાઇંગ સ્કવોર્ડની છે. મારે સ્પષ્ટપણે કહેવું છે કે એ આજની તારીખે આખા રાજ્યમાં બે વર્ષમાં ૪૩૧ માઈનિંગના કેસો, ૩૬૩ ટ્રાન્સપોર્ટેશનના કેસો અને ૩૭૧ સ્ટોરેજના કેસો એમ ૧૧૬૫ કેસોની આખા રાજ્યમાં ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા કામગીરી કરવામાં આવી છે. બીજી સભ્યશ્રીએ જે વાત કરી કે રાજ્યમાં આવું થયું એ મારા જવાબમાં છાપ્યું નથી. કયાંથી માહિતી લાવ્યા અને કઈ રીતે લવ્યા? બે પ્રશ્નોની માહિતી એક સાથે ભેગી કરી શકાય નહિ. બીજી નોટિસ આપશે તો હું ચોક્કસ તેનો જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : માહિતી ક્યાંથી લાવ્યા એટલા પૂરતું જ બોલી શકશો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આજે જ એમની વિધાનસભા દ્વારા જે બુકલેટ બહાર પાડવામાં આવી છે તેમાં તમામ જિલ્લાઓની વિગતવાર માહિતી છે.

અધ્યક્ષશ્રી : એનું તમે ટોટલ કર્યું?

શ્રી શૈલેષ મ. પરમાર : એના કોષ્ટકના આધારે મેં મારો સવાલ પૂછ્યો છે. આ માહિતી હું મારા ઘેરથી લાવ્યો નથી.

અધ્યક્ષશ્રી : આવી ગયું. આવી ગયું. કોઈ ઘેરથી લાવતું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઈ વસોયા. જ્યારે પ્રશ્ન પૂછવો હોય ત્યારે બટન દબાવશો તો ગ્રીન કલર થાય એટલે મારી નજર પડે.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્ય સરકારના અધિકારીઓ એવો રીપોર્ટ કરે કે જે ચેકડેમો તૂટ્યાં છે તે બિનકાયદેસર ખનિજ ચોરીને કારણે તૂટ્યા છે. તેનો રીપોર્ટ આવ્યા પછી પણ ખનિજ માફિયાઓ ઉપર પગલા લેવામાં આવ્યા નથી તો પગલા લેવા માંગો છો કે કેમ? અને બીજું, મારા વિસ્તારમાં ભાદર, વેણુ અને મોજ આખા સૌરાષ્ટ્રને રેતી પૂરી પાડે છે આમાં ઈ–ઓક્શન કરીને કોઈ લીઝ આ યોજના લાવ્યા ત્યારથી અત્યાર સુધીમાં આપવામાં આવી કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારમાં બધું જ સ્પષ્ટ છે. પ્રોસીજર કાયદામાં જે કોઈ પકડાશે તેના પર કડકમાં કડક પગલા લેવામાં આવશે. બીજી સભ્યશ્રીએ જે વાત કરી એ તાપી અને વલસાડ જિલ્લાની બહાર છે તેની કોઈ માહિતી હાલ મારી પાસે નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે,

અધ્યક્ષશ્રી : મેં એટલાં માટે પહેલાં જ તક આપી હતી પણ આપ પૂછવા નથી માંગતા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત (અંતરાય)...

અધ્યક્ષશ્રી : ઘણા બધા પ્રશ્નો પૂછવા દીધાં છે. નહિ તો પછી એક અને બે પ્રશ્નમાં જ મારો પ્રશ્નકાળ પૂરો થઈ જશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. આજની પ્રશ્નોતરીના પ્રશ્નોમાં સરકાર સ્વીકારે છે કે છેલ્લાં બે વર્ષમાં માત્ર રૂ. ૨૧૨ કરોડની ખનિજ ચોરી પકડવામાં આવી છે પરંતુ રૂપિયા બે હજાર કરોડ કરતાં વધુ રકમની ખનિજ સંપતિની ખનિજ માફિયાઓ ખુલેઆમ લૂંટ ચલાવી રહ્યાં છે. માનનીય મંત્રીશ્રીના જણાવ્યા પ્રમાણે ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા ખનિજ ચોરોને પકડવા માટે પ્રયાસ કરવામાં આવે છે. અનુભવે એવું જણાયું છે કે હવામાં ઉડતી ફ્લાઇંગ સ્કવોર્ડ જમીન ઉપર ઉતરે એ પહેલાં ખનિજ માફિયાઓ રફૂચક્કર થઈ જાય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછી લો.

ફાલ્ગુન ૧૭, ૧૯૪૨ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના મારફત મંત્રીશ્રીને વિનંતી છે કે અમરેલીના શેત્રુજીમાં રેતીની ચોરી હોય, આખા કોસ્ટલ બેલ્ટમાં ભાવનગરથી ચાલુ કરી અને દ્વારકા સુધી કચ્છમાં

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછી લો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના મારફત મંત્રીશ્રીને વિનંતી છે કે જે લીઝોનું ચેકિંગ થાય છે એ તો સમજ્યા?પણ ખનિજ માફિયાઓ બિનઅધિકૃત રીતે જે સરકારી સંપતિ ખુલેઆમ લૂંટી રહ્યાં છે એને રોકવા માટે સરકાર દ્વારા શું પગલાં ભરવામાં આવ્યા છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં પણ કહ્યું કે જિલ્લા કક્ષાએ અને ફ્લાઇંગ સ્ક્વોર્ડ એમ બંને દ્વારા ચેકિંગ કરવામાં આવે છે. કોઈપણ ફરિયાદ જિલ્લા કક્ષાએ મળતી હોય અને વિરોધપક્ષના નેતાશ્રીના જણાવ્યા પ્રમાણે ગેરકાયદેસર માઈનિંગ થતું હોય, લીઝ ન આપેલી હોય અને તરત જ ફરિયાદ મળતી હોય અથવા અમને સામેથી ખબર પડતી હોય કે આ ખોટું થઈ રહ્યું છે તો અમે તેમને પકડીએ છીએ. આ સરકાર બહુ સ્પષ્ટ છે અને કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહિ. કોઈ Political intervention અમારી સાઈડથી નથી.

**વાવ ખાતે પોલીસ આરોગ્યની ચકાસણી**

*૩૪૧૪૨ શ્રી **અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારી તથા તેમના કુટુંબીજનોના આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સેનાપતિ– રાજ્ય અનામત પોલીસ દળ જૂથ–૧૧ વાવના તાબા હેઠળના કેટલા અધિકારી/કર્મચારી અને તેમના કુટુંબીજનોની આરોગ્યની ચકાસણી કરવામાં આવેલ છે? | (૨) ૨૯૬૨ |

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો જે પહેલો પ્રશ્ન છે, હા, ચકાસણીનો, પ્લીઝ, ગો ઈટ,

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને હું પુછવા માગું છું કે, સરકાર દ્વારા પોલીસ કર્મચારી, અધિકારીઓ તથા તેમના કુટુંબીજનોના સ્વાસ્થ્યની નિયમિત ચકાસણી થાય, એ માટેની યોજના કયારથી અમલમાં મુકવામાં આવેલ છે, આ યોજના કેમ શરૂ કરવામાં આવી અને બીજો પ્રશ્ન છે, એસ.આર.પી. ગ્રુપ ૧૧–વાવ, જિલ્લો સુરત ખાતે પોલીસ પરિવારના સભ્યોની જે આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે, એમાં જો ગંભીર રોગ ડીટેકટ થયેલ હોય તો, તે પૈકી છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલા અધિકારી કર્મચારીઓને ગંભીર રોગની વધુ સારવાર, કઇ હોસ્પિટલમાં આપવામાં આવી અને આ સારવાર માટે પોલીસ વેલફેર ફંડ માટે...

અધ્યક્ષશ્રી : ચોથો પ્રશ્ન થયો હવે,

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : ચોથો પ્રશ્ન, આ સારવાર માટે પોલીસ,

અધ્યક્ષશ્રી : ચોથો તો થઇ ગયો, આ પાંચમો થયો તો, ત્રણ જ પ્રશ્ન પૂછવાના,

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : બે જ છે સાહેબ, બે જ પ્રશ્ન છે, વાવનો એક છે અને...

અધ્યક્ષશ્રી : શ્રી અક્ષયભાઇ, આવી ગયો પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પોલીસ સ્માર્ટ બને, શાર્પ બને અને ફીટ રહે એ રાજ્ય સરકારનો સંકલ્પ છે. એ સંકલ્પને ચરિતાર્થ કરવા માટે શ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, શ્રી અમિતભાઇ શાહ જયારે રાજયના ગૃહમંત્રી હતા, એ વખતે એટલે કે વર્ષ ૨૦૦૪થી આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ રાજયના પોલીસ તંત્ર અને પોલીસના પરિવારોની આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ હાથમાં લેવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે, હું સૌ મહિલાઓને શુભેચ્છાઓ આપું છું સાથે સાથે આનો ઉલ્લેખ એટલા માટે કરુ છું કે, આજે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસે નિમિત્તે આજે સવારે અમદવાદ પોલીસ કમિશનર દ્વારા મહિલાઓ માટેનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે અને એ કાર્યક્રમની અંદર એ મહિલાઓએ જુદા જુદા જે પ્રદર્શન અને નિદર્શનો કર્યા, એના આધાર ઉપર આગામી દિવસોમાં આપણું પોલીસ તંત્ર વધારે ફીટ રહેશે, એની આપણને પ્રતીતિ થઇ. સાથે સાથે મહિલા પોલીસના અધિકારી જવાનોને હું અભિનંદન આપું છું, અભિનંદન એટલા માટે આપું છું કે, જે ખુંખારમાં ખુંખાર કહેવાય એવા લોકોની આપણા એ.ટી.એસ દ્વારા ધરપકડ કરીને જેલના હવાલે કરવાનું કામ કર્યું હોય તો ગુજરાતના એ જવામર્દ પોલીસ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું છે. આની હેઠળ ૧૮૬૭ જેટલા પોલીસ અધિકારી, કર્મચારી, ૩૮૪ જેટલા બાળકો, ૬૪૪ મહિલાઓ, ૬૭ વહીવટી સ્ટાફ એમ ૨૯૬૨ પૈકી હાર્ટની બિમારીવાળા ૧૪, જેને એન્જિયોપ્લાસ્ટીક કરાવરાવી હોય અને અન્ય પ્રકારના રોગોવાળા જે હતા, એ પૈકી

પેરાલીસીસની હતી એની પણ સારવાર કરાવરાવી, કેન્સરની હતી, ટી.બી.ની હતી એ લોકોને વેલફેર ફંડમાંથી મદદ કરી અને આ લોકોની સારવાર આની ચકાસણી દરમિયાન જે ધ્યાનમાં આવ્યું એમાંથી કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : માનનીય મુકેશ પટેલ,

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પોલીસ ખાતામાં ફીક્સ પગારના જે કર્મચારીઓ ફરજ બજાવે છે, તે લોકોને તબીબી સારવાર માટે મા–કાર્ડ જેવી કોઇ વિશિષ્ટ સુવિધા આપવામાં આવે છે કે કેમ,

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૬ કરોડ પૈકીના લોકોને એની તબીબી સારવાર મળે અને તબીબી સારવારના અભાવે કોઇ મૃત્યુ ન પામે અને કોઇ હેરાન ન થાય એના માટે રાજય સરકારે ફીક્સ પગારના પોલીસ કર્મચારીઓને અને તેઓના કુટુંબીજનોને આરોગ્ય ચકાસણી માટે મા વાત્સલ્ય યોજનાની પેટર્ન મુજબ મા કર્મયોગી યોજના હેઠળ એને કેશલેસ સારવાર આપવા માટે સરકારના નાણાં વિભાગે વર્ષ ૨૦૧૬થી નિર્ણય કર્યો છે અને આ મા વાત્સલ્ય યોજના હેઠળ ત્રણ લાખ રૂપિયા સુધીની પારિવારિક વાર્ષિક આવકનો એમાં સુધારા કરીને પારિવારિક વાર્ષિક આવક ધરાવતા આ પરિવારોનો પણ સમાવેશ કર્યો છે તથા મા વાત્સલ્ય યોજનાના તમામ લાભાર્થીઓને આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળવાપાત્ર રૂપિયા પાંચ લાખ સુધીની નિયત કરવામાં આવેલી છે. જેથી કરીને તે લોકોને પોતાની તબીબી સારવારના સંદર્ભમાં ઉત્કૃષ્ટ પ્રકારની સારવાર કરાવી શકે એવો રાજય સરકારે નિર્ણય કરેલો છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કોરોના મહામારીને નિયંત્રિત કરવા માટે આરોગ્ય વિભાગની સાથે સાથે પોલીસ વિભાગ દ્વારા સર્વોત્તમ કામગીરી કરવામાં છે ત્યારે રાજયમાં પોલીસ બંદોબસ્તમાં પોલીસ દળના કેટલા કર્મચારી/અધિકારીઓ કાર્યરત હતા અને તે પૈકી કેટલા અધિકારી/કર્મચારીઓ કોરોના ગ્રસ્ત થયા, કેટલા મૃત્યુ પામ્યા અને મૃત્યુ પામનાર કોરોના વોરીયર્સને કેટલી સહાય ચૂકવવામાં આવી અને કેટલાને ચૂકવવાની બાકી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના કોરોનાના સંક્રમણની અંદર રાજયના અનેક કોરોના વોરીયર્સે ટીમ ગુજરાત બનીને ઉત્તમ પ્રકારનું કામ કર્યું છે. આરોગ્ય કર્મી હોય, સફાઇ કર્મી હોય કે પોલીસ કર્મી હોય, પણ મારે ઉલ્લેખ કરવો છે કે શરૂઆતના સમયમાં કોરોનાના સંક્રમણનો એટલો ભય હતો અને એ વખતે રાજય સરકાર કોરોનાની સૂચનાઓ મુજબ, લોક ડાઉન, કરફ્યુ અને લોકોને ટ્રેઇનો દ્વારા પહોંચાડવા, સસ્તા અનાજની દુકાનો પરથી અનાજના વિતરણની વ્યવસ્થામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે નહીં તેની ચિંતા કરીને સતત મારા રાજયના ડી.જી.પી. હોય કે પોલીસ કોન્સ્ટેબલ હોય, રાજય સરકારે જે આદેશ કર્યા તેના પાલન માટે ઉત્તમ પ્રકારની કામગીરી કરી છે. અને રાજયમાં ઉત્તમ પ્રકારની કોરોના વોરીયર્સ તરીકે ફરજ બજાવી છે. આ ગુજરાતની પ્રજા કહે છે, અને હાઇકોર્ટે પણ પોતાના અવલોકનની અંદર આની નોંધ લીધી છે. રાજયમાં આમ ગણવા જઇએ તો પોલીસના ૬૨૦૦૦, હોમગાર્ડના ૩૬૦૦૦ અને જી.આર.ડી.ના ૩૬ હજાર એમ ૧ લાખ ૩૫ હજાર કરતા વધારે લોકો આ ફરજ બજાવતા હતા. એમાંથી પોલીસ દળના ૫૯૬૬ અધિકારી/કર્મચારીઓને કોરોનાનું સંક્રમણ થયું હતું એમાંથી ૫૦ જેટલા અધિકારી/કર્મચારીઓએ પોતાના જાન ગુમાવ્યા હતા. એમાં હોમગાર્ડના ૧૦, જી. આર.ડી.ના ૨ અને એ પૈકીના કુલ ૬૨ જેટલા મૃત્યુ પામ્યા એમાંથી પાલીસ દળના ૨૩, હોમગાર્ડના ૫ અને જી. આર. ડી. ના ૧. અને રાજય સરકારે લીધેલા નિર્ણય અનુસાર આવા પરિવારોને મદદ કરવા માટે એમને એમના ધારા ધોરણ પ્રમાણે ૨૫ લાખ રૂપિયા આપવા માટેનો નિર્ણય કર્યો છે અને એની પ્રક્રિયા હાલ ચાલુ છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગું છું કે પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્ય તપાસ કેટલા સમયના અંતરે કરવામાં આવે છે? આ તપાસના અંતે એસ.આર.પી. ગ્રૃપ ૧૧, વાવ ખાતે છેલ્લા બે વર્ષમાં જે આરોગ્ય ચકાસણી હાથ ધરેલ તે પૈકી કેટલા કર્મચારીઓ/અધિકારીઓ અને તેમના પરિવારજનોને સ્વાસ્થ્યમાં કયા કયા રોગોનું નિદાન કરેલ છે? કોઇને જીવલેણ રોગ થયેલો હોય તો શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસમાં ફરજ બજાવતા જવાનો અને એના પરિવારજનોની ચિંતા કરવા માટે દર વર્ષે આ પ્રકારની આરોગ્ય ચકાસણીના કાર્યક્રમ હાથ ઉપર લેવામાં આવે છે. ઘણી વખત વર્ષમાં જુદા જુદા એન.જી.ઓ. અને જુદી જુદી હોસ્પિટલોના માધ્યમથી પણ એ લોકોની ચકાસણી કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રી, સભ્યશ્રીએ જે ઉલ્લેખ કર્યો એ પ્રમાણે કુલ જવાબમાં છાપ્યું છે એ પ્રમાણે ૧૦૧૨ જેટલા સભ્યોની અને ૧૯૫૦ જેટલા પરિવારજનોની એમ કરીને કુલ ૨૯૬૨ લોકોની તબીબી સારવાર કરવામાં આવી છે. જેમાં કેન્સરમાં ૧, ટી. બી. માં ૧, ડાયાબીટીસમાં ૩૯, હૃદય રોગમાં ૭ અને અન્ય પ્રકારના રોગોની પણ સારવાર કરવામાં આવી છે, માનનીય અધ્યક્ષશ્રી, આ એક પ્રકારનું પ્રિવેન્સન છે અને પ્રિવેન્સનના કારણે જરૂરી સર્જરી અને જરૂરી સારવારના કારણે આપણે એ લોકોના પરિવારજનોનું અને એમનું જીવન બચે તે પ્રકારે સારવાર કરવામાં આવે છે. આવશ્યકતા પડે તો એમને ટેસ્ટ માટે પણ રીફર કરવામાં આવે છે, એ લોકોને ડાયટ પ્લાન આપવામાં આવે છે અને આવશ્યકતા પડે તો પોલીસ વેલ્ફર ફંડમાંથી મહત્તમ ૧૦ લાખ રૂપિયા સુધીની એમને લોન પણ આપવામાં આવે છે. એમણે કોઇ બહાર સારવાર કરી હોય તો સરકાર માન્ય હોસ્પિટલમાં મળે છે તે પ્રમાણે રી–એમ્બેસમેન્ટ ઝડપથી મળે એના માટે રાજય સરકાર કામ કરી રહી છે.

**લાજપોર મધ્યસ્થ જેલના કેદીઓને કાનૂની સલાહ અને સહાય**

*૩૪૧૧૪ શ્રી **પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય જેલ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧–૨૦૨૧ની સ્થિતિએ રાજયના કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે. તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાજપોર | (૨) |

તારાંકિત પ્રશ્નો

મધ્યસ્થ જેલના કેટલા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવેલ છે ?

| કાનૂની સલાહ | કાનૂની સહાય |
|---|---|
| ૧૫૮૮૯ | ૧૪૦૪ |

અધ્યક્ષશ્રી : માનનીય પ્રવિણભાઇ, પ્રશ્ન ક્રમાંક–૧માં જે પ્રશ્ન હતો એ જ અહીંયા બેઠોને બેઠો છે અને એનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપી દીધો છે એટલે જે પેટા પ્રશ્ન હોય એનાથી શરૂઆત કરો.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : છેલ્લા બે વર્ષમાં લાજપોર મધ્યસ્થ જેલમાં કેટલા કાચા કામના અને પાકા કામના કેદીઓએ અને કેટલી મહિલા કેદીઓને કાયદાકીય કાનુની સલાહ અને સહાય આપવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : કાયદાકીય સલાહ અને કાયદાકીય સહાયનો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછ્યો છે એ પ્રમાણે લાજપોરની અંદર કાચા કામના ૧૪૮૩૨ અને પાકા કામના ૧૦૫૭ એમ કુલ ૧૫૮૮૯ અને એ પૈકીના કાયદાકીય સહાયમાં કાચા કામના ૧૩૬૦ અને પાકા કામના ૪૪ એમ કરીને ૧૪૦૪ને સહાય આપવામાં આવી છે. જે પૈકી કાયદાકીય સહાય ૧૫૫ સ્ત્રી અને પાકા કામની બે જેટલી સ્ત્રીઓને અમે કાયદાકીય સલાહ અને સહાય આપવાના કારણે એને જયારે આવશ્યકતા પડે ત્યારે એનો પક્ષ નામદાર કોર્ટ સમક્ષ અસરકારકતાથી મૂકી શકે તે પ્રકારનું રાજય સરકારે આયોજન કરેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સંગીતાબેન પાટીલ, આજે બહેનોમાંથી તમે સૌ પ્રથમ વખત પ્રશ્ન પૂછો છો.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે હું ગુજરાતની દરેક મહિલા અને બહેનોને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું અને આ ગૃહમાં જેટલી પણ મહિલા ઉપસ્થિત છે એમને પણ ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. સાથે સાથે આમ તો ૩૬૫ દિવસમાંથી ભાગ્યેજ કોઇ એવો દિવસ હશે જે મહિલા વગર જતો હશે. દરેક ક્ષેત્રે ડગલે ને પગલે મહિલા વગર ચાલતું હોતું નથી એ સત્ય હકીકત છે. દુનિયાનું ઘડતર એક સ્ત્રી વિના અધૂરું છે કેમ કે ભગવાનને પણ જન્મ લેવા માટે એક માની જરૂર પડી હતી ત્યારે આપણે તો માનવી છીએ એટલે સ્ત્રી નારી શકિતને હું ખૂબ ખૂબ વંદન કરું છું અને આજના દિવસની બધાને શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કેદીઓને કોરોનાના સમયમાં સલાહ અને સહાયની વાત તો ઠીક છે પરંતુ કોરોના સંક્રમણ દરિમયાન બહાર વકીલો મળતા નહોતા ત્યારે કાનુની સત્તા મંડળ દ્વારા કેવી રીતે સલાહ અને સહાય આપવામાં આવી. સુરત લાજપોર જેલમાં કેદીઓને કોરોના સંક્રમણથી બચવા માટે શું શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા અગાઉના જવાબમાં આનો ઉલેખ કરેલો છે પરંતુ માનનીય ધારસભ્યશ્રી સંગીતાબહેનનો પ્રશ્ન છે એના સંદર્ભમાં એમણે કોરોના સંક્રમણના કાળમાં કેવી રીતે આ કેદીઓને સલાહ આપવામાં આવી. નામદાર સુપ્રીમ કોર્ટના સુઓમોટો રીટ પીટીશન નંબર–૧/૨૦૨૦ હેઠળના તા. ૨૩–૩–૨૦૨૦ના આદેશથી વિશ્વ વ્યાપી કોવિડ–૧૯ વાઇરસ માટે ચેરમેનશ્રી સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરિટી, એડિશનલ ચીફ સેક્રેટરી (હોમ) અને ડી.જી. (જેલ) આનો સમાવેશ કરીને એક હાઇપાવર કમિટી રચવામાં આવી અને નામદાર સુપ્રીમ કોર્ટના ઉકત આદેશ અન્વયે ચેરમેન સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરિટી અને નામદાર ગુજરાત હાઇકોર્ટના માનનીય ન્યાયમૂર્તિના અધ્યક્ષપણે એ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું અને આપણી લિગલ સર્વિસ ઓથોરિટીમાં નિયુકત કરેલા એડવોકેટસ અને એ એડવોકેટસના માધ્યમથી એ લોકોએ મદદ કરી. લાજપોર મધ્યસ્થ જેલમાં વચગાળાના જામીનના ૧૬૬, પેરોલના ૧૭૪, ફર્લોના ૩૭૯ અને કુલ ૭૧૯ એ પૈકી જે ડી.જી. (જેલ)ના હકુમત હેઠળ આવે છે તેમાં પોતે સુઓમોટો વાપરી અને જ્યાં આવશ્યકતા પડે ત્યાં લિગલ સર્વીસ ઓથોરિટીની મદદ લઇને આનું અમલીકરણ કરીને મદદ કરી છે. કોવિડના સંક્રમણમાં જેલનો કેદી અથવા જેલનો સ્ટાફ મેં અગાઉ કહ્યું તે પ્રમાણે એ બધા મુદ્દાઓ સાંકળી અને જેલમાં કોરોનાનું સંક્રમણ અટકે એની પણ રાજય સરકારે ચિંતા કરેલી છે.

**નવસારી અને વલસાડ જિલ્લામાં તળાવો ઊંડા અને પહોળા કરવા બાબત**

*૩૩૧૭૭ શ્રી **અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા તળાવો ઊંડા અને પહોળા કરવામાં આવ્યા, | (૧) નવસારી જિલ્લામાં ૪૦ અને વલસાડ જિલ્લામાં ૭૧ તળાવો. |
| (૨) ઉક્ત જિલ્લાવાર વર્ષવાર તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) વર્ષવાર થયેલ ખર્ચ |

| જિલ્લો | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | |
|---|---|---|
| | તા.૧–૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | તા.૧–૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ |
| નવસારી | ૬.૮૯ | ૦ |
| વલસાડ | ૨૪.૩૪ | ૧૩.૯૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે અન્વયે જિલ્લાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ? | (૩) જિલ્લાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં થયેલ વધારો |

| જિલ્લો | સંગ્રહ ક્ષમતામાં થયેલ વધારો (મી.ઘનફુટ) |
|---|---|
| નવસારી | ૧૯.૦૫ |
| વલસાડ | ૧૭.૬૫ |

## તા. ૮મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે નવસારી અને વલસાડ જિલ્લામાં જે તળાવો ઉંડા કર્યા એ પહેલાં ત્યાં કેટલું પાણી સંગ્રહ થતું હતું અને તળાવો ઉંડા કર્યા પછી કેટલું પાણી સંગ્રહ થયું તેના વિશેની માહિતી આપજો. બીજું, ઘણા બધા તળાવો છે તેમાંથી કયા કયા તળાવો ઉંડા કરવાના તેની પસંદગી કઇ રીતે કરવામાં આવી તેના વિષે જણાવજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પક્ષની સરકારનું આ ખૂબ મોટું અભિયાન છે.

અધ્યક્ષશ્રી : તમે પહેલાં બહેનોને અભિનંદન આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હું મારું બજેટ પ્રવચન શરૂ થાય ત્યારે વિસ્તૃત રીતે આપવાનો છું. આપવા હોય તો આપી દઉં.

અધ્યક્ષશ્રી : એક લીટીમાં તો આપી દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના સાહેબ, હવે પૂરેપૂરા આપું.

અધ્યક્ષશ્રી : આજે તમે પહેલીવાર બોલવા ઉભા થયા છો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન છે ત્યારે બધા જ માનનીય સભ્યશ્રીઓએ, માનનીય મંત્રીશ્રીઓએ બહેનોને અભિનંદન આપ્યા, પણ હું સરકારના નાયબ મુખ્યમંત્રી તરીકે બેઠો બેઠો એ વિચારતો હતો કે સરકારી કામમાં પણ બહેનોનો કેટલો મોટો સહયોગ ગુજરાતની જનતાની સેવા માટે અમને પ્રાપ્ત છે. સાહેબ, મેં જે વિચાર્યું, મેં યાદી બનાવી છે. અમારો આરોગ્ય વિભાગ સૌ પહેલાં હોય, તો બધી ડોક્ટર બહેનો, નર્સ બહેનો, સ્વચ્છતાના કામ સાથે જોડાયેલી બહેનો, પેરા મેડિકલ સ્ટાફની બહેનો, શિક્ષણ વિભાગની બધી જ શિક્ષિકા બહેનો, પ્રોફેસર બહેનો, પોલીસ વિભાગની પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારી બહેનો અને આવડું મોટું પાંચ લાખ કરતા વધુ કર્મચારીઓનું સરકારી તંત્ર. તેમાં સચિવથી માંડીને કલાર્ક સુધીની કામગીરી કરતી કર્મચારી બહેનો. આમ, હું વિચારતો હતો કે સરકાર પણ મહિલાઓનો સહયોગ ન હોય, મહિલાઓની શકિતનો અમે સદુપયોગ ન કરીએ તો ગુજરાતની સેવા કરવામાં અમે થોડા પાછળ રહીએ. આપણાં વિધાનસભા ગૃહમાં અને પાર્લામેન્ટમાં પણ ગુજરાતની જે મહિલાઓ છે અને હમણાં જ જે નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકાની જે ચૂંટણીઓ થઇ, તેમાં ૫૦ ટકા લેખે જે મહિલાઓ ચૂંટાઇ. આ બધો સરવાળો કરીએ તો મને લાગે છે બહેનો વિના ગુજરાત અને દેશ અધૂરો રહે. એટલે બહેનોની આવી વિશિષ્ટ શકિતનો ઉપયોગ આપણે બધા કરીએ છીએ. આપણે બધાએ સ્વીકારવું પડે કે આપશ્રી કે મુખ્યમંત્રીશ્રી કે હું, આપણે બધા પુરુષો સમાજસેવાનું, રાષ્ટ્રસેવાનું જે કામ કરીએ છીએ એ પણ અમારા ઘરેથી અમારી પત્નીઓનો જો સહયોગ ન હોય તો અમે ન કરી શકીએ. સહયોગ હોય તો જ આપણે બધા સમાજ માટે, વિસ્તાર માટે, નાગરિકો માટે સમય આપી શકીએ. એટલે આજના વિશ્વ મહિલા દિને હું ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. ગુજરાતના વિકાસમાં બહેનોનો આવો ને આવો સહયોગ આપણને પ્રાપ્ત થતો રહે એવી પણ ભગવાનને પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી એ પણ બહેનોનો જ વિષય છે. પાણીનો ઉપયોગ સમાજમાં આપણે બધા કરીએ છીએ. ઘરમાં સવારે પીવાનું પાણી ભરવાનું, નાસ્તા–ચ્હા બનાવવા માટેનું પાણી, રસોઇનું પાણી, ઘર સાફસુફ રાખવાનું પાણી આ બધા પાણીનો ઉપયોગ કરવાનું કામ તો બહેનો જ કરે છે એટલે બહેનોને મદદરૂપ થવા માટે અમારી ભારતીય જનતા પક્ષની સરકારે ઘરે ઘરે પાણી પહોંચે એ જે યોજના કરી છે એનાથી બહેનોનો સમય, શકિત બચશે અને બહેનોને એનાથી લાભ મળશે એટલે આ જળસંચય અભિયાન પણ એ મહિલાલક્ષી, સમાજલક્ષી, ખેડૂતલક્ષી, પર્યાવરણલક્ષી છે, સુજલામ સુફલામ યોજના સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના આ બધા નીચે આખા રાજયમાં તળાવો ઉંડા કરવા, જૂના ચેકડેમો બની ગયા હોય, શિલ્ટીંગ થઇ ગયું હોય, ભરાઇ ગયા હોય તો એનો કાંપ ખાલી કરવો, જૂના ડેમોમાંથી કાંપ ખાલી કરવો આ બધું ખુબ મોટું અભિયાન અમે જયારે ઉપાડીએ છીએ ત્યારે મુખ્યમંત્રીશ્રીએ અગાઉ સુજલામ સુફલામ યોજનાની જે જાહેરાત કરી એના ભાગરૂપે એપ્રિલ મહિનાથી શરૂ કરી લગભગ મે મહિનાની આખર સુધી એટલે કે વરસાદ આવે ત્યાં સુધી આખા રાજયમાં દરેક ગ્રામ પંચાયત, દરેક વિસ્તાર, કોઇપણ સેવાભાવી ધાર્મિક સંસ્થા, કોઇ એન.જી.ઓ., કોઇ કંપની, કોઇ વ્યકિત જેની ઇચ્છા થાય કે મારે આ તળાવ ઉંડું કરવું છે, કરાવવું છે, પાણીનો સંગ્રહ કરવો છે, પાણી રીચાર્જ કરવું છે, ભૂગર્ભમાં ઉતારવું છે, મીઠા પાણીનો સોર્સ વધારવો છે, પાણીની ખારાશ ઘટાડવી છે, ભગવાનની પ્રસાદીરૂપ પાણીનો આપણે લાભ લેવો છે તો આ બધું કરવાનું કામ આખા ગુજરાતમાં કરીએ છીએ એટલે માનનીય આનંદભાઇએ જે પ્રશ્ન પૂછયો છે એમાં વલસાડ જિલ્લામાં પણ અમે આ જે તળાવો ઉંડા કર્યા છે એમાં લોક ભાગીદારી પણ છે, પંચાયતની પણ કામગીરી છે અને લોકોએ સો ટકા પોતાના ખર્ચે કામ કર્યું હોય એવા પણ તળાવો છે અને તળાવોની સંગ્રહશકિતમાં એક એક તળાવદીઠ જો આકડા આપીશ તો અમે લગભગ ૪૯ જેટલા તળાવો વલસાડ જિલ્લામાં ઉંડા કર્યા છે એમાં ઘણો સમય જશે પણ બધાનો સરવાળો કરીએ તો દર ૧૦.૧૩ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ આપણે વધારી શકયા છીએ અને પાણીનો સંગ્રહ થાય તો બહાર નુકસાન પણ ખેડૂતોને ના કરે અને પશુઓને, પંખીઓને અને રીચાર્જ કરવા માટે એમ બધી રીતે આ યોજના ઉપયોગી છે. હું બધા જ સભ્યશ્રીઓને વિનંતી પણ કરી દઉ કે ફરીથી સુજલામ સુફલામ યોજનાની શુભ શરૂઆત કરીએ છીએ તો આપ બધા એનો લાભ લેશો અને લેવડાવશો એવી બધાને વિનંતી.

### સુખી સિંચાઇ યોજનામાં કેનાલોમાં લીકિઝ થવા બાબત

*૩૩૧૫૧ શ્રી **મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૦૨–૨૦૨૧ ની સ્થિતિએ સુખી સિંચાઇ યોજનાની કેનાલોના રીપેરીંગ કરવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૨૯.૯૯ લાખ |
| (૨) રીપેરીંગ ખર્ચ કરવા છતાં જો પાણી લીકેજ થઇ રહ્યું હોય તો તેના કારણો શાં છે ? | (૨) રીપેરીંગ કર્યા બાદ કોઇ લીકેજ થતું નથી. |

## અતારાંકિત પ્રશ્નો

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું હતું કે પ્રશ્ન નં. ૬માં સુખી સિંચાઇ યોજનાનો ડેમ છોટાઉદેપુર જિલ્લાના જેતપુર–પાવી તાલુકામાં ડુંગરવાટ ગામે ૧૯૮૯માં બંધાયો હતો એ બંધ બાંધ્યા પછી ૫૦,૦૦૦ એકર જમીનમાં પિયત થતું હતું તેના બદલે હવે આ જમીનમાં ૧૮૦૦૦થી વધુ પિયત થતું નથી એટલે કેટલીક જગ્યાએ જે પાણી છે એ કોતરોમાં પાણી જતા રહે છે એટલે એને રીપેર કરવા માટે દર વખતે અમે રજૂઆત કરીએ છીએ અને દર વખતે પૈસા મળી જાય છે. આ વખતે પૈસા મેળવવા માટે અમે એસ્ટીમેટ અને પ્લાન બધું તૈયાર કરાવ્યું (અંતરાય) અમે તાત્કાલિક એને પ્લાન તૈયાર કરીને જે રકમ મંજૂર કરાવી એ રકમ હજી સુધી મંજૂર થઇ નથી અને ૨ કરોડ ૬૮ લાખ ૬૭ હજાર માટેની દરખાસ્ત સરકારમાં મૂકી છે. મારી એટલી લાગણી છે કે આ દરખાસ્તને તાત્કાલિક પાસ કરે અને આ સુખી સિંચાઇ યોજનાના નાળા છે એ બધા કામો તાત્કાલિક પૂરું કરવા માટે વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોહનસિંહભાઇની વાત સાચી છે. અમે ઝડપથી બધી જ કેનાલોનું લાઇનીંગ કામ પૂરું થાય, પાણીનો સક્ષમ ખેતીની સિંચાઇ માટે જ ઉપયોગ થાય એ પ્રમાણેની દરખાસ્ત આગળ વધારી અને ઝડપથી કેન્દ્ર સરકાર અને એ.ડીબી દ્વારા પણ જે સિંચાઇ વિભાગે લોન માગી છે એનો ઉપયોગ કરી અને આ કામ ઝડપથી કરાવીશું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સુરેન્દ્રનગર જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ

૩૩૭૮૯ શ્રી **ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૧૯ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૫૩૯ એકમોને ૩.૩૦૪૭.૨૦ લાખની સહાય |

---------

### રાજયમાં આઇ.એ.એસ.ની મંજૂર જગ્યાઓ

૩૩૦૪૧ શ્રી **ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજયમાં આઇ.એ.એસ. ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૩૧૩ |
| (૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૭૧ |
| (૩) ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ રાજયના કેટલા આઇ.એ.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે ? | (૩) ૨૩ |

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ

૩૩૭૯૧ શ્રી **બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૧૯ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૫૩૯ એકમોને ૩.૩૦૪૭.૨૦ લાખની સહાય |

---------

તા. ૮મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપન અંગે પેટા કાયદા બાબત**

૩૩૧૩૯ શ્રી **અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો–૨૦૧૬ના પેટા કાયદા ૧૫(ઇ) પ્રમાણે પેટા કાયદા ઘડવાની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કઇ નગરપાલિકા દ્વારા ઘનકચરા વ્યવસ્થાપન નિયમો, કાયદા ઘડવાના બાકી છે, અને | (૨) એકપણ નહીં. |
| (૩) જો ઉક્ત પેટા કાયદા, નિયમો ઘડવાના બાકી હોય તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં ઔદ્યોગિક વસાહતો બાબત**

૩૩૦૭૯ શ્રી **નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર આવેલી ઔદ્યોગિક વસાહતો કેટલા વિસ્તારમાં આવેલ છે,

(૧)

| **જિલ્લો** | **ઔદ્યોગિક વસાહતોનો અંદાજીત વિસ્તાર હેકટરમાં** |
|---|---|
| સુરેન્દ્રનગર | ૫૭૫.૧૩ |
| મોરબી | ૧૨૬.૪૬ |

(૨) ઉક્ત વસાહતોવાર કેટલા પ્લોટ અને કેટલા શેડ આવેલા છે,

(૨)

| **જિલ્લો** | **ઔદ્યોગિક વસાહતો** | **ઔદ્યોગિક પ્લોટની સંખ્યા** | **ઔદ્યોગિક શેડની સંખ્યા** |
|---|---|---|---|
| સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર (વઢવાણ) | ૯૯૮ | ૨૨૪ |
| | ધ્રાંગધ્રા | ૬૯ | ૦૮ |
| | લીંબડી | ૧૧૯ | ૦૦ |
| | થાનગઢ | ૬૯ | ૦૦ |
| | લખતર | ૪૪ | ૦૦ |
| | ચોટીલા | ૨૩ | ૦૫ |
| | સાયલા | ૧૫ | ૦૦ |
| મોરબી | મોરબી | ૪૫ | ૧૦૭ |
| | રફાળેશ્વર | ૨૧૯ | ૦૦ |
| | વાંકાનેર | ૬૬ | ૦૮ |
| | છતર | ૧૪૪ | ૦૦ |
| | વઘાસીયા | ૫૦ | ૦૦ |
| | હળવદ | ૧૦૫ | ૦૦ |

(૩) ઉક્ત વસાહતોવાર કેટલા પ્લોટ અને કેટલા શેડ ઉક્ત સ્થિતિએ ભાડે અને વેચાણથી આપવામાં આવેલ છે, અને કેટલા પ્લોટ અને કેટલા શેડ ઉક્ત સ્થિતિએ ખાલી પડેલ છે, અને

(૩) નિગમ દ્વારા વેચાણથી પ્લોટ કે શેડ ફાળવવામાં આવતાં નથી. પ્લોટ અને શેડ ભાડે અને લાંબાગાળાના સમય માટે ભાડાપટ્ટે આપવામાં આવે છે જેની વિગત નીચે મુજબ છેઃ

| **જિલ્લો** | **ઔદ્યોગિક વસાહતો** | **ભાડે અને ભાડાપટ્ટે આપેલ ઔદ્યોગિક** | **ભાડે અને ભાડાપટ્ટે આપેલ ઔદ્યોગિક** | **ખાલી પડેલ ઔદ્યોગિક પ્લોટની** | **ખાલી પડેલ ઔદ્યોગિક શેડની** |
|---|---|---|---|---|---|

| | | **પ્લોટની સંખ્યા** | **શેડની સંખ્યા** | **સંખ્યા** | **સંખ્યા** |
|---|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર (વઢવાણ) | ૯૫૯+૪ | ૧૮૩ | ૩૫ | ૪૧ |
| | ધ્રાંગધ્રા | ૬૯ | ૦૭ | ૦૦ | ૦૧ |
| | લીંબડી | ૧૧૫ | ૦૦ | ૦૪ | ૦૦ |
| | થાનગઢ | ૬૬ | ૦૦ | ૦૩ | ૦૦ |
| | લખતર | ૪૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ચોટીલા | ૨૨ | ૦૩ | ૦૧ | ૦૨ |
| | સાયલા | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મોરબી | મોરબી | ૪૫ | ૧૦૭ | ૦૦ | ૦૦ |
| | રફાળેશ્વર | ૨૧૬ | ૦૦ | ૦૩ | ૦૦ |
| | વાંકાનેર | ૬૫ | ૦૮ | ૦૧ | ૦૦ |
| | છતર | ૮૨ | ૦૦ | ૬૨ | ૦૦ |
| | વઘાસીયા | ૪૧ | ૦૦ | ૦૯ | ૦૦ |
| | હળવદ | ૧૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | મોટાદહીસરા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |

૪ પ્લોટને ફ્રી હોલ્ડની મંજૂરી આપેલ છે.

(૪) ઉક્ત વસાહતોવાર કેટલા ઔધોગિક એકમો બંધ હાલતમાં છે ?

(૪)

| **જિલ્લો** | **ઔધોગિક વસાહતો** | **બંધ ઉદ્યોગોની સંખ્યા** |
|---|---|---|
| સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર (વઢવાણ) | ૬૨ |
| | ધ્રાંગધ્રા | ૧૦ |
| | લીંબડી | ૦૬ |
| | થાનગઢ | ૦૧ |
| | લખતર | ૦૯ |
| | ચોટીલા | ૦૩ |
| | સાયલા | ૦૩ |
| મોરબી | મોરબી | ૦૭ |
| | રફાળેશ્વર | ૦૧ |
| | વાંકાનેર | ૦૪ |
| | છતર | ૦૦ |
| | વઘાસીયા | ૦૨ |
| | હળવદ | ૦૦ |

---------

**રાજ્યમાં ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ માટે ઉપલબ્ધ એસ.બી.એમ./એસ.પી.એમ.**

૩૩૮૫૧ શ્રી **કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ માટે કેટલા એસ.બી.એમ./ એસ. પી.એમ. ઉપલબ્ધ છે, | (૧) કુલ–૭ (રાજ્યના Minor Ports ના વિસ્તારમાં) |
| (૨) તેની કાર્ગો હેન્ડલીંગ ક્ષમતા કેટલી છે અને હાલમાં તેના પરથી કેટલો ક્રુડ ઓઈલ કાર્ગો હેન્ડલ થાય છે, અને | (૨) ક્ષમતાઃ ૧૦૪ મીલીયન મેટ્રીક ટન/પ્રતિ વર્ષ છે. જાન્યુઆરી–૨૦૨૦ થી ડિસેમ્બર–૨૦૨૦ દરમિયાન ૮૬.૧૩ મીલીયન મેટ્રીક ટન ક્રુડ ઓઈલ વહન કરેલ છે. |

(૩) નવા એસ.બી.એમ./એસ.પી.એમ. સ્થાપવાનું કોઈ આયોજન છે ?

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં બેચરાજી તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં ચોરી, ધાડ, લૂંટ, ખૂનના કેટલા બનાવ બન્યા,

(૧)

| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | | | |
|---|---|---|---|
| **ચોરી** | **ધાડ** | **લૂંટ** | **ખૂન** |
| ૧૪ | ૦૧ | ૦૫ | ૦૦ |
| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | | | |
| **ચોરી** | **ધાડ** | **લૂંટ** | **ખૂન** |
| ૦૫ | ૦૦ | ૦૨ | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવોમાં કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨)

| ધરપકડ કરેલ ઇસમોની સંખ્યા | ધરપકડ કરવાના બાકી ઇસમોની સંખ્યા |
|---|---|
| ૩૩ | ૦૦ |

(૩) બાકી ઇસમોની ધરપકડ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### અમદાવાદ મધ્યસ્થ જેલના કેદીઓને કાનૂની સલાહ અને સહાય

૩૪૧૦૯ શ્રી **બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય જેલ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે. તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ મધ્યસ્થ જેલના કેટલા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| કાનૂની સલાહ | કાનૂની સહાય |
|---|---|
| ७६६६ | ६१७१ |

### અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પૂરું પાડવાનો પ્રોજેક્ટ

૩૩૦૭૨ શ્રી **શૈલેષ પરમાર** (દાણીલીમડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૧૯-૦૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૦૭૨ (અગ્રતા-૯૮)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરને ચોવીસ કલાક પાણી પૂરું પાડવાના પ્રોજેક્ટ અન્વયે પાયલોટ પ્રોજેક્ટ તરીકે જોધપુર વોર્ડ પસંદ કરેલ, તે વોર્ડમાં ત્રણ ઓવરહેડ ટાંકીઓ ડીએમએમાં આવતી સોસાયટીઓને હાઉસ સર્વીસ કનેક્શન આપવાની કામગીરી ચાલુ હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કયા તબક્કે છે,

**જવાબ**

(૧) અમદાવાદ શહેરને ચોવીસ કલાક પાણી પૂરું પાડવાનાં પ્રોજેક્ટ અન્વયે પાયલોટ પ્રોજેક્ટ તરીકે જોધપુર વોર્ડમાં નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે.

આનંદ નગર ડીએમએ, નોવેક્ષ ડીએમએ, ઘરવિહોણા ડીએમએ અને ગોકુલ આવાસ ડીએમએ તથા ગામતળના બે સબડીએમએ માં હાઉસ સર્વિસ કનેક્શનમાં વોટર મીટર લગાવવાની કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૯ના રોજ પૂર્ણ થયેલ છે.

(૧) સ્લમ વિસ્તારમાં હયાત વોટર કનેક્શન ચાલુ રાખવામાં આવેલ છે. જેથી નવા વોટર મીટર સહિતના કનેક્શન હાલમાં કરવામાં આવેલ નથી.

(૨) પારસ કુંજ સોસાયટી વિભાગ નં.-૦૧ અને ૦૨, નીરકુંજ સોસાયટી, ભાવપુષ્પ સોસાયટી અને નંદનવન સોસાયટીમાં, સોસાયટીઓ દ્વારા તેમના આરસીસી/પેવર રોડ નીચે આવેલ પીવીસી પાઇપ લાઇન બદલીને ડીઆઇ પાઇપ લાઇન

નાખવામાં આવે ત્યારબાદ જ વોટર મીટર સાથે નવા હાઉસ સર્વિસ કનેક્શન કરવાની કામગીરી થઇ શકે તેમ છે.

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૨) આનંદ નગર ડીએમએ, નોવેક્ષ ડીએમએ, ઘરવિહોણા ડીએમએ અને ગોકુલ આવાસના ડીએમએ તથા ગામતળના બે સબડીએમએમાં હાઉસ સર્વિસ કનેક્શનમાં વોટર મીટર લગાવવાની કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૯ના રોજ પૂર્ણ થયેલ છે.

પારસકુંજ સોસાયટી વિભાગ નં.-૦૧ અને ૦૨, નીરકુંજ સોસાયટી, ભાવપુષ્પ સોસાયટી અને નંદનવન સોસાયટીમાં, સોસાયટીઓ દ્વારા તેમના આરસીસી/પેવર રોડ નીચે આવેલ પીવીસી પાઇપ લાઇન બદલીને ડીઆઇ પાઇપ લાઇન નાખવામાં આવે ત્યારબાદ જ વોટર મીટર સાથે નવા હાઉસ સર્વિસ કનેક્શન કરવાની કામગીરી થઇ શકે તેમ છે.

(૩) ઉક્ત કામગીરી પૂર્ણ ન થઈ હોવાના કારણો શા છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરી ૨૪ કલાક પાણી પૂરું પાડવામાં આવશે?

(૩) પારસ કુંજ સોસાયટી વિભાગ નં.-૦૧ અને ૦૨, નીરકુંજ સોસાયટી, ભાવપુષ્પ સોસાયટી અને નંદનવન સોસાયટીમાં, સોસાયટીઓ દ્વારા તેમના આરસીસી/પેવર રોડ નીચે આવેલ પીવીસી પાઇપ લાઇન બદલીને ડીઆઇ પાઇપ લાઇન નાખવામાં આવે ત્યારબાદ જ વોટર મીટર સાથે નવા હાઉસ સર્વિસ કનેક્શન કરવાની કામગીરી થઇ શકે તેમ છે.

## રાજ્યના દરિયાકિનારે શીપ બિલ્ડીંગ પાર્ક

૩૩૮૫૨ શ્રી **અંબરીષભાઇ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવા માટે તા.૧૯-૧૧-૨૦૦૯ ના રોજ બે દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત શીપ બિલ્ડીંગ પાર્ક કઈ જગ્યાએ વિકસાવવામાં આવેલ છે, અને

(૨) (૧) દહેજ ખાતે અને (૨) જૂના બંદર, ભાવનગર ખાતે

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) (અ) દહેજ ખાતે મરીન શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, જેમાં બે હયાત શીપ યાર્ડનો સમાવેશ થાય છે અને ત્રણ સુચિત શીપ યાર્ડ માટે જમીન ફાળવવામાં આવેલ છે. શીપ બિલ્ડીંગ પાર્કમાં સ્થપાનાર પ્રત્યેક સુચિત શીપ યાર્ડ માટે કંપનીઓએ પર્યાવરણ/સીઆરઝેડની મંજૂરી મેળવવાની રહેતી હોઈ, શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની કામગીરી તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે.
(બ) જૂના બંદર ભાવનગર ખાતે શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની કામગીરી હાથ ધરેલ હતી, પરંતુ હાલમાં શીપ બિલ્ડીંગ ઉદ્યોગમાં ચાલી રહેલ મંદીને ધ્યાનમાં લઈ હાલ પૂરતી કામગીરી સ્થગિત રાખેલ છે.

## સુરેન્દ્રનગર અને છોટાઉદેપુર જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપન અંગે પેટા કાયદા બાબત

૩૩૦૮૨ શ્રી **ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શેહરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ ના પેટા કાયદા ૧૫(ઇ) પ્રમાણે પેટા કાયદા ઘડવાની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો સુરેન્દ્રનગર અને છોટાઉદેપુરજિલ્લામાં જિલ્લાવાર કઇ નગરપાલિકા દ્વારા ઘનકચરા વ્યવસ્થાપન નિયમો, કાયદા ઘડવાના બાકી છે, અને | (૨) એકપણ નહીં. |
| (૩) જો ઉક્ત પેટા કાયદા, નિયમો ઘડવાના બાકી હોય તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિ થતો નથી. |

**અન્ય રાજ્યોમાં ફસાયેલા ગુજરાતીઓને રાજયમાં પરત લાવવાની કામગીરી**

૩૪૧૦૧ શ્રી **અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીના કારણે દેશવ્યાપી લોકડાઉન દરમિયાન અન્ય રાજ્યોમાં ફસાયેલા ગુજરાતીઓને રાજ્યમાં પરત લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ વિશેષ કામગીરી કરવામાં આવેલ હતી કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અન્ય રાજ્યોમાંથી કુલ કેટલા ગુજરાતીઓને રાજ્યમાં પરત લાવવામાં આવેલ છે? | (૨) ૪,૯૭,૫૬૨ |

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપન અંગે પેટા કાયદા બાબત**

૩૩૧૨૦ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શેહરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો–૨૦૧૬ ના પેટા કાયદા ૧૫(ઇ) પ્રમાણે પેટા કાયદા ઘડવાની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ભાવનગર અને બોટાદજિલ્લામાં જિલ્લાવાર કઇ નગરપાલિકા દ્વારા ઘનકચરા વ્યવસ્થાપન નિયમો, કાયદા ઘડવાના બાકી છે, અને | (૨) એકપણ નહીં. |
| (૩) જો ઉક્ત પેટા કાયદા, નિયમો ઘડવાના બાકી હોય તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિ થતો નથી. |

**પ્રોટોકોલ ભંગ થયાની ફરિયાદો**

૩૩૧૧૪ શ્રી **વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં થતા સરકારી કાર્યક્રમો જે–તે વિસ્તારના સ્થાનિક ધારાસભ્યને કેવા પ્રકારનો પ્રોટોકોલ આપવાની જોગવાઈ છે, | (૧) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેમજ ભારત સરકાર દ્વારા સદર બાબતે સમયાંતરે વિવિધ ઠરાવો/પરિપત્રો કરવામાં આવેલા છે. આ ઉપરાંત બેઠક વ્યવસ્થા સંદર્ભે "warrant of precedence" પણ બહાર પાડવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પ્રોટોકોલ ભંગ થયાની કેટલી ફરિયાદો, રજૂઆતો સરકારને મળી, અને | (૨) ૧૦ (દસ) ફરિયાદો. |
| (૩) મળેલ ફરિયાદ, રજૂઆત અન્વયે સરકારે શા પગલાં લીધા? | (૩) સામેલ પત્રક મુજબ. |

**પત્રક**

| ક્રમ | માન. ધા.સ.શ્રીનું નામ | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | માન.ધારાસભ્યશ્રી વિરજીઠુમ્મર (લાઠી) | સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૧૧/૨૦૧૦૯ના પત્રથી સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓને ભારત સરકારના તા.૧૯/૧૧/૨૦૧૪ના પરિપત્રની અમલવારી નિયમોનુસાર થાય તે માટે જણાવેલ છે. |
| ૨ | માન. ધારાસભ્યશ્રી વિનોદ મોરડીયા (કતારગામ) | સા.વ.વિ.ના તા.૦૫/૧૧/૨૦૧૯ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ) અને અધિક મુખ્યસચિવશ્રી (શહેરી વિકાસ)ને warrant of precedenceની નકલ મોકલી સદર બાબતે જરૂરીકાર્યવાહી કરવા જણાવેલ છે. |
| ૩ | માન.ધારાસભ્યશ્રી જસુભાઈ | સા.વ.વિ.ના તા.૨૨/૦૯/૨૦૨૦ના પત્રથી તાત્કાલિક તપાસ કરાવી ભવિષ્યમાં આવા |

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | માન. ધા.સ.શ્રીનું નામ | લીધેલ પગલાં |
|---|---|---|
| | પટેલ (બાયડ) | બનાવો ન બનેઅને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા અને સંબંધિતોને જરૂરી સૂચના આપવા કલેકટરશ્રી અરવલ્લીને જણાવેલ છે. |
| ૪ | માન.ધારાસભ્યશ્રી વિરજીભાઈ ઠુમ્મર (લાઠી) | સા.વ.વિ.ના તા.૦૧-૧૦-૨૦૨૦ના પત્રથી સ્થાયી સૂચનાઓની નકલો ગૃહ વિભાગને પાઠવીકેસની વિગતો ચકાસી, નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી કરી, માન. ધારાસભ્યશ્રીને પ્રત્યુત્તર પાઠવવાતથા તેની જાણ વિભાગને કરવા જણાવેલ છે. |
| ૫ | માન. મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા (પાણી પુરવઠા, પશુપાલન અને ગ્રામ ગૃહનિર્માણ) | સા.વ.વિ.ના તા.૦૩/૧૨/૨૦૨૦ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં, આવનાર જન પ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બનેતેની તકેદારી રાખવા કલેક્ટરશ્રી બોટાદ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી બોટાદને જણાવેલ છે. |
| ૬ | માન.ધારાસભ્યશ્રી જશપાલસિંહ પઢિયાર(પાદરા) | સા.વ.વિ.ના તા.૦૨/૦૨/૨૦૨૧ ના પત્રથી પ્રસ્તુત બાબતે તપાસ કરવા તથા જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જન પ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથાભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા અધિક મુખ્ય સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા કલેકટરશ્રી વડોદરાને જણાવેલ છે. |
| ૭ | માન.ધારાસભ્યશ્રી અશ્વિન કોટવાલ, (ખેડબ્રહ્મા) | સા.વ.વિ.ના તા.૧૫/૦૨/૨૦૨૧ ના પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાંઆવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બનેતેની તકેદારી રાખવા અધિક મુખ્ય સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા કલેકટરશ્રીમહેસાણાને જણાવેલ છે. |
| ૮ | માન. ધારાસભ્યશ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) | સા.વ.વિ.ના તા. ૧૫/૦૨/૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બનેતેની તકેદારી રાખવા સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ તથા કલેકટરશ્રી છોટાઉદેપુરને જણાવેલ છે. |
| ૯ | માન. ધારાસભ્યશ્રી ઋત્વિકમકવાણા, (ચોટીલા) | સા.વ.વિ.ના તા.૧૬/૦૨/૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બનેતેની તકેદારી રાખવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, વાઈસ ચેરમેન & મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમને તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને તથા કલેકટર, સુરેન્દ્રનગરને જણાવેલ છે. |
| ૧૦ | માન. ધારાસભ્યશ્રી પુંજાભાઈ વંશ | સા.વ.વિ.ના તા.૧૯/૦૨/૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બનેતેની તકેદારી રાખવા સચિવશ્રી, સહકાર, મત્સ્યોદ્યોગ અને પશુપાલનને તથા કલેકટર, પોરબંદરને જણાવેલ છે. |

**રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ કરેલ પરિક્ષણ**

૩૪૧૩૯ શ્રી **ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્યની તેમજ રાજ્યની બહાર અને કેન્દ્રીય એજન્સીઓના કેટલા કેસોનું પરિક્ષણ કરવામાં આવ્યું, અને

(૨) જો હા, તો ઉક્ત પરિક્ષણ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેટલી આવક મળી?

**જવાબ**

(૧) રાજ્યના-૪,૨૩,૭૬૬ કેસના ૧૦,૦૯,૩૮૬ નમૂના, રાજ્ય બહારના-૧૨૦ કેસના ૭૨૪ નમૂના અને કેન્દ્રીય એજન્સીઓના-૬૭૫ કેસના ૬,૭૦૬ નમૂના એમ કુલઃ૪,૨૪,૫૬૧ કેસોના ૧૦,૧૬,૮૧૬ નમૂનાઓનું

(૨) રૂ. ૨,૩૩,૮૧,૫૩૭ (અંકે રૂપિયા બે કરોડ તેત્રીસ લાખ એક્યાસી હજાર પાંચસો સાડત્રીસ પુરા)

**વિજાપુર શહેરની પાણી પુરવઠા યોજનાના બાકી રહેતા કામો**

૩૩૭૬૭ શ્રી **રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મેહસાણા જિલ્લામાં વિજાપુર શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ યોજનાના કામો કયા

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં વિજાપુર શહેરની પાણી પુરવઠા યોજનાને રૂ.૮૦૬.૭૫ લાખ માટે મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ કામો માટે ટેન્ડર પ્રક્રિયા

તબક્કે છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે, અને

(૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

પૂર્ણ કરી ભાવો મંજૂર કરવામાં આવેલ છે.

(૩) હાલ કોઈ ખર્ચ થયેલ નથી. વર્કઓર્ડર આપ્યા બાદ કામ શરૂ થયેથી ખર્ચ થશે.

(૪) સદર કામમાં એજન્સી સાથે એગ્રીમેન્ટ થયા બાદ ટુંક સમયમાં કામો શરૂ કરવામાં આવનાર છે.

---------

**ખેડા જિલ્લામાં પોલીસ આરોગ્યની ચકાસણી**

૩૪૧૨૫ શ્રી **સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારી તથા તેમના કુટુંબીજનોના આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ અધિક્ષકશ્રી, ખેડા–નડિયાદના તાબા હેઠળના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્યની ચકાસણી કરવામાં આવેલ છે? | (૨) ૨૪૦૫ |

---------

**વડોદરા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૪૧૫૧ શ્રી **શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૪૪. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) રૂ.૧૧૫૮.૯૫ લાખ. |

---------

**દ્વારકા જિલ્લામાં ભૂર્ગભ ગટર યોજના**

૩૩૭૯૫ શ્રી **લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકા શહેરની ભૂગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે,<br>(૨) મંજૂર થયેલ યોજનાના કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે,<br>(૩) આ યોજના અંતર્ગત તા.૩૧.૧૨.૨૦૨૦ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને<br>(૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૧), (૨), (૩) અને (૪)<br>છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકા શહેરની ભૂગર્ભ ગટર યોજનાને મંજૂરી આપવામાં આવેલ નથી. |

---------

**રાજ્ય સરકાર દ્વારા પોલીસ વેલ્ફેર ફંડની રચના**

૩૪૧૬૩ શ્રી **પ્રધુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પોલીસ વેલ્ફેર ફંડની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ વેલ્ફેર ફંડમાં સરકાર તરફથી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં | (૨) |

| | |
|---|---|
| તાઃ ૦૧–૦૨–૧૯ | ૫ કરોડ. |

આવી?

| | |
|---|---|
| થી૩૧-૦૧-૨૦ | |
| તાઃ૦૧-૦૨-૨૦ થી૩૧-૦૧-૨૧ | ૪.૯૦ કરોડ. |

---------

**એફ.એસ.એલ. દ્વારા કેન્દ્રીય તપાસ એજન્સીઓને કરેલ મદદ**

૩૪૧૩૭ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) :**માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કેન્દ્રીય તપાસ એજન્સીઓને મદદ પૂરી પાડવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ કેન્દ્રીય તપાસ એજન્સીઓને મદદ પૂરી પાડવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નીચેની કેન્દ્રીય તપાસ એજન્સીઓને મદદ પૂરી પાડેલ છે.

| ક્રમ | કેન્દ્રીય તપાસ એજન્સી |
|---|---|
| ૧ | દાદરાનગર હવેલી |
| ૨ | દમણ |
| ૩ | દીવ |
| ૪ | સેલવાસ |
| ૫ | ચંડીગઢ |
| ૬ | ઇન્કમટેક્ષ |
| ૭ | સી.બી.આઇ. |
| ૮ | નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો |
| ૯ | કસ્ટમ એક્સાઇઝ |
| ૧૦ | રેલ્વે |
| ૧૧ | ડાયરેક્ટર રેવન્યુ ઇન્ટેલીજન્સ |
| ૧૨ | એરપોર્ટ ઓથોરીટી |
| ૧૩ | એન.આઇ.એ. |
| ૧૪ | ઇ.ડી. |
| ૧૫ | એરફોર્સ |
| ૧૬ | બી.એસ.એફ |
| ૧૭ | ડીજીસીઇઆઇ |
| ૧૮ | C.GST/S.GST |
| ૧૯ | આર્મ ફોર્સીસ |

---------

**રાજ્યમાં આઇ.પી.એસનું મંજૂર મહેકમ**

૩૩૦૩૬ શ્રી **શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓનું મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી કેટલા આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન પર છે?

**જવાબ**

(૧) The India Police Service (Fixation of Cadre Strength Regulations 1955મુજબ ૨૦૮આઇ.પી.એસ. અધિકારીઓનું મહેકમ મજુર કરવામાં આવેલ છે.

(૨) અ) ગુજરાત રાજ્યમાં ૧૫૮ આઇ.પી.એસ. અધિકારીઓની જગ્યા ભરાયેલ છે.

બ) જ્યારે રાજ્યમાં ૫૦ આઇ.પી.એસ. અધિકારીઓની ઘટ છે.

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી ૨૦ આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન પર છે.

---------

**ભુસ્તરશાસ્ત્રી, વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓ**

૩૩૦૩૦ શ્રી **નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ખાણ ખનિજ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરી ખાતે ભુસ્તરશાસ્ત્રી, વર્ગ–૧ અને વર્ગ–૨ની કેટલી જગ્યાઓ મંજૂર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ભુસ્તરશાસ્ત્રી, વર્ગ–૧ અને વર્ગ–૨ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧)

| **સંવર્ગ** | **મંજૂર થયેલ જગ્યા** |
|---|---|
| ભુસ્તરશાસ્ત્રી, વર્ગ–૧ | ૨૮ |
| મદદનીશ ભુસ્તરશાસ્ત્રી, વર્ગ–૨ | ૫૫ |

(૨)

| **સંવર્ગ** | **ખાલી જગ્યા** |
|---|---|
| ભુસ્તરશાસ્ત્રી, વર્ગ–૧ | ૧૭ |
| મદદનીશ ભુસ્તરશાસ્ત્રી, વર્ગ–૨ | ૨૮ |

(૩) **ભુસ્તરશાસ્ત્રી, વર્ગ–૧**

- ૦૭ જગ્યા સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.૧૦–૧૧–૨૦૨૦ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- ૦૭ જગ્યા બઢતીથી ભરવા અંગેની બાબત કાર્યવાહી હેઠળ છે.
- ૦૩ જગ્યા માટે ફીડર કેડરમાં હાલમાં બઢતીપાત્ર કર્મચારી ઉપલબ્ધ ન હોવાથી ભરી શકાય તેમ નથી.

**મદદનીશભુસ્તરશાસ્ત્રી, વર્ગ–૨**

- ૦૪ જગ્યા સીધી ભરતીથી ભરવા અંગે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.૧૦–૧૧–૨૦૨૦ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- ૦૩ જગ્યા ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ વર્ષ ૨૦૨૨માં ભરવાપાત્ર થાય છે.
- ૦૩ જગ્યાના માંગણાપત્રક ગુજરાત જાહેર સેવા આયોગને રજૂ કરવામાં આવેલ જે પૈકી ૦૨ ઉમેદવારોની નિમણૂક અર્થે ભલામણ કરતા તા.૨૩–૧૨–૨૦૧૯ની અધિસૂચનાથી સરકારશ્રી તરફથી નિમણૂક કરવામાં આવેલ હતી. જેની ૦૧ જગ્યા ખાલી રહેવા પામેલ છે.
- ૨૦ જગ્યાઓ ફીડર કેડરમાં હાલમાં બઢતીપાત્ર કર્મચારી ઉપલબ્ધ ન હોઇ ભરી શકાય તેમ નથી.

---------

**વડોદરા શહેરમાંSHE TEAMની રચના**

૩૪૧૬૯ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર) :**માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા શહેરમાં મહિલાઓની સુરક્ષા માટે SHE TEAMની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો SHETEAMદ્વારા ક્યા પ્રકારની કામગીરી કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

કુલ–૨૩ SHE TEAMની રચના કરવામાં આવેલ છે.

(૨)

- આ ટીમ દ્વારા જાહેર સ્થળો પર સતત પેટ્રોલીંગ કરવામાં આવે છે.
- મહિલાઓ અને બાળકો વિરુદ્ધ બનતા ગુનાઓ

અટકાવવાની તેમજ કાયદાકીય માર્ગદર્શન તથા કાઉન્સીલીંગ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

- બાળાઓ/મહિલાઓ માટે જાહેર સ્થળોએ જરૂરી અવેરનેસના કાર્યક્રમો કરી જાગૃતતા લાવી, શહેરમાં મુક્ત પણે હરી–ફરી શકે તે માટે પેટ્રોલીંગની કામગીરી કરવામાં આવે છે.
- સિનિયર સીટીઝનની SHE TEAMદ્વારા રૂબરૂ મુલાકાત લઇ તેઓને પુરતી સુરક્ષા અને મદદ મળી રહે તે અંગે ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે.
- કોઇ પણ પીડિતા મુશ્કેલીમાં જણાય તો ત્વરીત પોલીસ મદદ મળી રહે તે માટે સતર્ક રહી કામગીરી કરવામાં આવે છે.

---------

**સેક્શન અધિકારી વર્ગ–૨નું મંજૂર મહેકમ**

૩૩૦૫૭ **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(સામાન્ય વહીવટ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સેક્શન અધિકારી વર્ગ–૨નું સચિવાલય કક્ષાએ કુલ કેટલુ મંજૂર મહેકમ છે,

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓમાં કેટલી જગ્યાઓ બઢતી અને કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સેક્શન અધિકારી વર્ગ–૨નું સચિવાલય કક્ષાએ કુલ – ૫૩૫ જગ્યાઓનું મંજૂર મહેકમ છે.

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર મહેકમ પૈકી ૪૨૮–જગ્યાઓ ભરેલ અને ૧૦૭–જગ્યાઓ ખાલી છે.

(૩) ખાલી જગ્યાઓમાં ૨૫–જગ્યાઓ બઢતી અને ૦૯–જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે.

(૪) આ ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવશે.

---------

**જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં મોટા ડેમ, નાના ડેમ, ચેકડેમના નુકસાન થવા બાબત**

૩૩૧૦૨ શ્રી **બાબુભાઇ વાજા** (માંગરોળ) :ચૌદમી ગુજરાત વિધાનસભાનાચોથા સત્રમાં તા.૧૨–૦૭–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૬૦૭૩ (અગ્રતા ૮૪)ના અનુસંધાને**માનનીય મુખ્યમંત્રીશ્રી**(જળસંપત્તિ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદને કારણે થયેલ ડેમોને નુકસાન પૈકી ૧૯ ચેકડેમો જરૂરી મંજૂરીઓ મેળવી શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન હતું તે પૈકી ક્યા ચેકડેમોની કામગીરી પૂર્ણ થઇ,

(૨) ઉક્ત સ્થિતિ ક્યા ચેકડેમોને રીપેર કરવાની કામગીરી બાકી છે, તેના કારણો શા છે, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાનાં ૧૯ પૈકી ૩ (ત્રણ) ચેકડેમોની મરામતની કામગીરી પૂર્ણ થયેલ છે.

| અ.નં. | ચેકડેમનું નામ | તાલુકો |
|---|---|---|
| ૧ | પીપળી ચેકડેમ | કેશોદ |
| ૨ | મઢડા ૫૮૬/૧ ચેકડેમ | કેશોદ |
| ૩ | મરમઠ ચેકડેમ | માણાવદર |

(૨)

| ક્રમ | ચેકડેમનું નામ | તાલુકો | કામગીરી બાકી રહેવાના કારણો |
|---|---|---|---|
| ૧ | ટીનમસ ૯૨૭ | વંથલી | ચેકડેમોના સ્થળ પર નદીમાં પાણી ભરાયેલ રહેતુ હોઇ, વર્કીંગ પીરીયડ ઓછો રહેવાના |
| ૨ | સેંદરડા ૨૫૩ | વંથલી | |
| ૩ | રાયપુર આઇ ૨ | વંથલી | |
| ૪ | લીંબુડા ચેકડેમ કમ કોઝવે | માણાવદર | |
| ૫ | વાંદરવડ | માળીયા | |

| | | | |
|---|---|---|---|
| | | (હા) | કારણે બાકી રહેલ છે. |
| ૬ | માળીયા-૧ | માળીયા (હા) | |
| ૭ | ખખાવી | માણાવદર | |
| ૮ | નવી ચાંવડ ૧ | વિસાવદર | |
| ૯ | અગતરાઇ ૯૩ | કેશોદ | |
| ૧૦ | અખોદર આઇ ૨ | કેશોદ | |
| ૧૧ | અખોદર આઇ ૩ | કેશોદ | |
| ૧૨ | જુના કોટડા આઇ ૧ | માંગરોળ | |
| ૧૩ | આખા આઇ ૭ | વંથલી | એક ચેકડેમ તાંત્રિક કારણોસર અને ત્રણ ચેકડેમ ખાતેદારોનાં વિરોધને કારણે પડતા મૂકવાના થાય છે. |
| ૧૪ | ડેરવાણ આઇ ૨ | કેશોદ | |
| ૧૫ | બાલાગામ ૪૩૩ | કેશોદ | |
| ૧૬ | બાલાગામ ૪૩૦ | કેશોદ | |

(૩) ઉક્ત બાકી ચેકડેમોને ક્યાં સુધીમાં રીપેર કરવામાં આવશે?

(૩) બાકી રહેલા ૧૨ ચેકડેમ આગામી ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપન અંગે પેટા કાયદા બાબત**

૩૩૦૫૪ શ્રી **જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ ના પેટા કાયદા ૧૫(ઇ) પ્રમાણે પેટા કાયદા ઘડવાની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કઇ નગરપાલિકા દ્વારા ઘનકચરા વ્યવસ્થાપન નિયમો, કાયદા ઘડવાના બાકી છે, અને | (૨) એકપણ નહી. |
| (૩) જો ઉક્ત પેટા કાયદા, નિયમો ઘડવાના બાકી હોય તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૩૪૧૫૮ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) :**માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકનાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૧) કુલ-૦૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) ૩.૪૫૮.૩૨ લાખ. |

---------

**અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા ખાણો/લીઝોનું ચેકીંગ**

૩૩૦૫૧ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) :**માનનીય મુખ્યમંત્રીશ્રી**(ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઇંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| જિલ્લો | સમયગાળો | |
|---|---|---|
| | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
| અરવલ્લી | તા.૨૩-૦૯-૨૦૧૯, તા.૨૪-૦૯-૨૦૧૯ | તા.૧૯-૦૨-૨૦૨૦, તા.૩૦-૦૫-૨૦૨૦, તા.૧૧-૦૯-૨૦૨૦ |
| ગાંધીનગર | તા.૦૪-૦૧-૨૦૧૯, તા.૦૯-૦૧-૨૦૧૯, તા.૧૦-૦૧-૨૦૧૯, તા.૨૬-૦૧-૨૦૧૯, તા.૦૮-૦૨-૨૦૧૯, તા.૨૫-૦૨-૨૦૧૯, તા.૦૨-૦૩-૨૦૧૯, તા.૧૬-૦૩-૨૦૧૯, તા.૧૯-૦૩-૨૦૧૯, તા.૨૬-૦૩-૨૦૧૯, તા.૩૦-૦૪-૨૦૧૯, તા.૧૩-૦૫-૨૦૧૯, તા.૨૫-૦૫-૨૦૧૯, તા.૨૬-૦૬-૨૦૧૯, તા.૦૨-૦૭-૨૦૧૯, તા.૨૬-૦૭-૨૦૧૯, તા.૨૭-૦૭-૨૦૧૯, તા.૦૬-૦૮-૨૦૧૯, તા.૦૭-૦૮-૨૦૧૯, તા.૦૯-૦૮-૨૦૧૯, તા.૧૩-૦૯-૨૦૧૯, તા.૨૩-૦૯-૨૦૧૯, તા.૨૪-૦૯-૨૦૧૯, તા.૨૨-૧૧-૨૦૧૯, તા.૧૪-૧૨-૨૦૧૯ | તા.૨૯-૦૧-૨૦૨૦, તા.૧૫-૦૨-૨૦૨૦, તા.૧૯-૦૨-૨૦૨૦, તા.૧૩-૦૩-૨૦૨૦, તા.૨૯-૦૫-૨૦૨૦, તા.૦૫-૦૬-૨૦૨૦, તા.૨૭-૦૬-૨૦૨૦, તા.૧૧-૦૭-૨૦૨૦, તા.૦૪-૦૯-૨૦૨૦, તા.૧૬-૧૦-૨૦૨૦, તા.૦૮-૧૧-૨૦૨૦ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ

(૨)

| જિલ્લો | ગેરરીતિનો | સમયગાળો |
|---|---|---|

ચોરી પકડાઇ,

| | **પ્રકાર** | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ (દંડની રકમ લાખમાં)** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (દંડની રકમ લાખમાં)** |
|---|---|---|---|
| અરવલ્લી | ખનન/વહન/સંગ્રહ | ૩૧.૭૦ | ૦૮.૭૬ |
| ગાંધીનગર | ખનન/વહન/સંગ્રહ | ૭૭૩.૦૨ | ૩૧.૨૬ |

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| **જિલ્લો** | **ઈસમો સામે કરેલ કાર્યવાહી** |
|---|---|
| અરવલ્લી | ૧૬ ઇસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત કરેલ છે અને ૧૧ ઇસમોને કારણદર્શક નોટીસ આપેલ છે. |
| ગાંધીનગર | ૧૧૬ ઇસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત કરેલ છે, ૧૭ ઇસમોને કારણદર્શક નોટીસ આપેલ છે, ૧ ઇસમસામે વસૂલાતનો હુકમ કરેલ છે, અને ૫ ઇસમો દ્વારા અપીલ દાખલ કરેલ છે. |

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ?

(૪)

| **જિલ્લો** | **પોલીસ ફરિયાદ** |
|---|---|
| અરવલ્લી | શૂન્ય |
| ગાંધીનગર | શૂન્ય |

---------

## દાહોદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો

૩૪૧૬૦ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) :**માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકનાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૧) કુલ-૦૬

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) રૂ.૪૫૮.૩૨ લાખ.

---------

## સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં ગાંધીનગર ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા ખાણો/લીઝોનું ચેકીંગ

૩૩૦૪૮ શ્રી **અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | |
|---|---|---|
| | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** |
| સાબરકાંઠા | તા.૦૪-૦૧-૨૦૧૯, તા.૧૩-૦૨-૨૦૧૯, | તા.૨૬-૦૨-૨૦૨૦, તા.૨૪-૦૭-૨૦૨૦, |

| | | |
|---|---|---|
| | તા.૧૪-૦૩-૨૦૧૯, તા.૧૭-૦૫-૨૦૧૯, તા.૨૧-૦૬-૨૦૧૯, તા.૨૬-૦૬-૨૦૧૯, તા.૨૩-૦૭-૨૦૧૯, તા.૨૬-૦૭-૨૦૧૯, તા.૧૩-૦૯-૨૦૧૯, તા.૨૩-૦૯-૨૦૧૯, તા.૨૪-૦૯-૨૦૧૯, | તા.૧૯-૧૨-૨૦૨૦, |
| પાટણ | તા.૨૩-૦૭-૨૦૧૯, તા.૨૮-૦૮-૨૦૧૯,તા.૨૩-૦૯-૨૦૧૯, તા.૨૪-૦૯-૨૦૧૯,તા.૨૪-૧૨-૨૦૧૯, | તા.૦૪-૦૩-૨૦૨૦ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનિજ ચોરી પકડાઈ,

(૨)

| **જિલ્લો** | **ગેરરીતિનો પ્રકાર** | **સમયગાળો** | |
|---|---|---|---|
| | | **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ (દંડની રકમ રૂ.લાખમાં)** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (દંડની રકમ રૂ.લાખમાં)** |
| સાબરકાંઠા | ખનન/વહન/સંગ્રહ | ૮૪.૫૬ | ૯૯૦.૭૦ |
| પાટણ | ખનન/વહન/સંગ્રહ | ૪૮૪૦.૪૦ | ૧.૦૭ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| **જિલ્લો** | **ઈસમો સામે કરેલ કાર્યવાહી** |
|---|---|
| સાબરકાંઠા | ૨૪ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત કરેલ છે, ૬ ઈસમોને કારણદર્શક નોટીસ આપેલ છે, ૧ ઈસમ સામે વસૂલાતનો હુકમ કરેલ છે, અને ૧ ઈસમ સામે સેશન્સ કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ છે. |
| પાટણ | ૦૯ ઈસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત કરેલ છે અને ૧૮ ઈસમોને કારણદર્શક નોટીસ આપેલ |

| | |
|---|---|
| | છે. |

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી?

(૪)

| જિલ્લો | પોલીસ ફરિયાદ |
|---|---|
| સાબરકાંઠા | શૂન્ય |
| પાટણ | શૂન્ય |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપન અંગે પેટા કાયદા બાબત**

૩૩૦૯૦ શ્રી **પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો–૨૦૧૬ના પેટા કાયદા ૧૫(ઈ) પ્રમાણે પેટા કાયદા ઘડવાની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કઇ નગરપાલિકા દ્વારા ઘનકચરા વ્યવસ્થાપન નિયમો, કાયદા ઘડવાના બાકી છે, અને

(૨) એકપણ નહી.

(૩) જો ઉક્ત પેટા કાયદા, નિયમો ઘડવાના બાકી હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૩૩૧૪૯ શ્રી**મતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર વિદેશી દારૂ, દેશી દારૂ અને બિયરનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૧) પત્રક–૧ મુજબ.

(૨) પકડાયેલ દારૂ અન્વયે ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલા કેસો દાખલ કરવામાં આવ્યા, અને

(૨) પત્રક–૨ મુજબ.

(૩) ઉક્ત કેસો પૈકી કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

(૩)

| ધરપકડ કરવામાં આવી | ધરપકડ કરવાની બાકી |
|---|---|
| ૭૫૪૬ | ૧૫૨ |

**પત્રક–૧**

| **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **તાલુકા** | **વિદેશી દારૂની કિંમત (રૂપિયા)** | **વિદેશી દારૂ (બોટલ)** | **દેશી દારૂની કિંમત (રૂપિયા)** | **દેશી દારૂ (લીટર)** | **બિયરની કિંમત (રૂપિયા)** | **બિયર (બોટલ)** |
| દાહોદ | ૧,૦૨,૮૭,૨૨૮/– | ૯૨૦૨૬ | ૩૦,૬૬૦/– | ૧૫૩૩ | ૮૬,૨૨૮/– | ૧૬૬૯ |
| ગરબાડા | ૧૯,૭૧,૭૯૦/– | ૧૨૧૧૧ | ૩,૭૮૦/– | ૧૮૯ | ૧,૨૪,૩૫૪/– | ૧૨૨૫ |
| ધાનપુર | ૨૫,૯૯,૦૨૫/– | ૧૩૫૪૨ | ૬,૧૮૦/– | ૩૦૯ | ૩૯,૧૦૦/– | ૫૪૨ |
| લીમખેડા | ૩૮,૪૦,૫૫૪/– | ૧૬૫૧૯ | ૬,૧૬૦/– | ૩૦૮ | ૭,૯૫૦/– | ૩૦૪ |
| દેવગઢ બારીયા | ૧,૦૯,૫૭,૫૯૦/– | ૭૭૬૮૨ | ૧૦,૯૪૦/– | ૫૪૭ | ૨૨,૮૦૪/– | ૭૮૦ |
| સીંગવડ | ૨૯,૭૨,૦૦૦/– | ૩૧૯૨ | ૭,૯૦૦/– | ૩૯૫ | ૨,૪૦૦/– | ૨૪ |
| ઝાલોદ | ૨૩,૪૪,૩૭૬/– | ૬૩૭૨૭ | ૨૧,૦૪૦/– | ૧૦૫૨ | ૧,૩૭,૮૦૦/– | ૧૧૦૨ |
| સંજેલી | ૪,૯૦,૯૫૦/– | ૧૧૯૨ | ૬,૫૪૦/– | ૩૨૭ | ૨૩,૨૦૦/– | ૨૦૨ |
| ફતેપુરા | ૩૩,૧૪,૮૫૧/– | ૬૨૧૩ | ૨૧,૮૮૦/– | ૧૦૯૪ | ૯૦,૩૦૦/– | ૪૯૬ |
| **તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** | | | | | | |
| **તાલુકા** | **વિદેશી દારૂની કિંમત (રૂપિયા)** | **વિદેશી દારૂ (બોટલ)** | **દેશી દારૂની કિંમત (રૂપિયા)** | **દેશી દારૂ (લીટર)** | **બિયરની કિંમત (રૂપિયા)** | **બિયર (બોટલ)** |

| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **તાલુકા** | **વિદેશી દારૂની કિંમત (રૂપિયા)** | **વિદેશી દારૂ (બોટલ)** | **દેશી દારૂની કિંમત (રૂપિયા)** | **દેશી દારૂ (લીટર)** | **બિયરની કિંમત (રૂપિયા)** | **બિયર (બોટલ)** |
| દાહોદ | ૫૭,૪૨,૧૦૫/- | ૫૭૦૬૮ | ૩૨,૪૨૦/- | ૧૬૨૧ | ૧૨,૬૦,૭૨૯/- | ૯૯૯૧ |
| ગરબાડા | ૩,૯૦,૮૦૫/- | ૨૦૭૦૩ | ૪,૮૦૦/- | ૨૪૦ | ૨૧,૩૫,૧૯૦/- | ૪૭૮૫ |
| ધાનપુર | ૧૭,૨૬,૩૩૬/- | ૭૦૭૬ | ૬,૦૮૦/- | ૩૦૪ | ૧૨,૨૩,૭૦૦/- | ૧૨૦૯૦ |
| લીમખેડા | ૫૯,૮૯,૦૯૦/- | ૪૨૨૪૫ | ૮,૮૦૦/- | ૪૪૦ | ૧,૩૨,૦૦૦/- | ૧૩૫૬ |
| દેવગઢ બારીયા | ૭૫,૭૮,૮૩૫/- | ૫૩૭૭૭ | ૧૬,૫૨૦/- | ૮૨૬ | ૧૩,૧૮,૫૩૦/- | ૧૧૮૫૨ |
| સીંગવડ | ૧૫,૯૪,૨૪૫/- | ૧૭૦૬૭ | ૮,૪૮૦/- | ૪૨૪ | ૫,૩૦૦/- | ૫૩ |
| ઝાલોદ | ૧૬,૦૪,૪૧૨/- | ૧૫૦૩૩ | ૨૨,૩૦૦/- | ૧૧૧૫ | ૫,૭૨,૭૦૧/- | ૫૭૪૬ |
| સંજેલી | ૬,૩૪૫/- | ૨૩૬૬ | ૬,૮૦૦/- | ૩૪૦ | ૦ | ૦ |
| ફતેપુરા | ૬,૨૦,૯૭૭/- | ૩૨૫૦ | ૨૧,૯૪૦/- | ૧૦૯૭ | ૧,૯૭,૯૮૦/- | ૫૯૩ |

**પત્રક-૨**

| | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | | | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | |
|---|---|---|---|---|---|---|
| **તાલુકા** | **વિદેશી દારૂના કેસો** | **દેશી દારૂના કેસો** | **બિયરના કેસો** | **વિદેશી દારૂના કેસો** | **દેશી દારૂના કેસો** | **બિયરના કેસો** |
| દાહોદ | ૩૩૩ | ૫૫૭ | ૮૭ | ૨૨૨ | ૬૮૮ | ૪૬ |
| ગરબાડા | ૮૩ | ૬૯ | ૧૯ | ૮૯ | ૧૦૪ | ૪૩ |
| ધાનપુર | ૯૭ | ૯૪ | ૨૬ | ૭૫ | ૧૨૦ | ૩૧ |
| લીમખેડા | ૬૩ | ૧૧૩ | ૧૮ | ૧૩૪ | ૩૮ | ૧૮ |
| દેવગઢ બારીયા | ૧૪૨ | ૨૦૨ | ૨૭ | ૧૪૨ | ૧૯૦ | ૨૬ |
| સીંગવડ | ૩૨ | ૧૩૮ | ૨ | ૩૧ | ૧૧૩ | ૨ |
| ઝાલોદ | ૫૪ | ૪૧૭ | ૨૭ | ૧૨૬ | ૪૭૦ | ૧૦ |
| સંજેલી | ૨૧ | ૧૦૫ | ૧૫ | ૨૭ | ૧૦૮ | ૦ |
| ફતેપુરા | ૭૬ | ૩૧૯ | ૧૫ | ૩૯ | ૩૮૧ | ૧ |

---------

**આણંદ જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ**

૩૩૮૦૫ શ્રી **મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ આણંદ જિલ્લામાં MSME(માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૦૪ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૨૬૭ એકમોને રૂ.૧૦૦૪.૦૩ લાખની સહાય |

---------

**સોજીત્રા તળાવના બ્યુટીફીકેશનની કામગીરી**

૩૩૧૩૧ શ્રી **પુનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ આણંદ જિલ્લાના સોજીત્રા તળાવના બ્યુટીફીકેશનની કામગીરી કયા તબક્કે છે, અને<br>(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૧) અને (૨) સોજીત્રા નગરપાલિકા દ્વારા મોગરી તળાવના બ્યુટીફીકેશન અંગેની દરખાસ્ત વિચારાધીન છે. |

---------

તા. ૮મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૪૧૪૫ શ્રી **રાઘવજીભાઇ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૧) કુલ–૨૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) રૂ.૧૬૬.૬૫ લાખ |

---------

**જામનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૪૧૪૬ શ્રી **જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૧) કુલ–૨૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) રૂ.૧૬૬.૬૫ લાખ |

---------

**એ.ટી.એસ., અમદાવાદ દ્વારા આર્મ્સ એક્ટ હેઠળ નોંધાયેલ ગુના**

૩૪૧૭૨ શ્રી **જગદીશ પટેલ** (અમરાઇવાડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.ટી.એસ., અમદાવાદ દ્વારા આર્મ્સ એક્ટ હેઠળ કેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા, અને | (૧) ૬(છ) |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગુનાઓમાં કેટલા આરોપીઓ સંકળાયેલા છે? | (૨) ૩૭ |

---------

**એ.ટી.એસ., અમદાવાદ દ્વારા આર્મ્સ એક્ટ હેઠળ નોંધાયેલ ગુના**

૩૪૧૭૧ શ્રી **ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.ટી.એસ., અમદાવાદ દ્વારા આર્મ્સ એક્ટ હેઠળ કેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા, અને | (૧) ૬(છ) |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગુનાઓમાં કેટલા આરોપીઓ સંકળાયેલા છે? | (૨) ૩૭ |

---------

**લાંચ રૂશ્વત પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા ટોલ ફ્રી નં.૧૦૬૪ની સેવા**

૩૪૧૮૭ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રાજ્યના નાગરિકો ભ્રષ્ટાચાર સંબંધી સીધેસીધી ફરિયાદ નોંધાવી શકે તે માટે રાજ્યના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા ૧૦૬૪ ટોલ ફ્રી નંબરની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૧૦૬૪ ટોલ ફ્રી નંબર ઉપરથી મળેલ ફરિયાદોને આધારે ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેર અને | (૨) અમદાવાદ શહેર–૦૯ (નવ)<br>અમદાવાદ ગ્રામ્ય–૦૫ (પાંચ) |

અમદાવાદ ગ્રામ્યમાં છેલ્લાં બે વર્ષમાં કેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા?

---------

**ડાંગ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૪૧૫૬ શ્રી **મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી**(રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ડાંગ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૩૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) રૂ.૭૦૩.૦૭ લાખ. |

---------

**નડિયાદ જિલ્લા જેલમાં ઓડીઓ–લાઇબ્રેરીની શરૂઆત**

૩૪૧૨૦ શ્રી **અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ): **માનનીય જેલ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદીઓના કલ્યાણની પ્રવૃત્તિના ભાગ રૂપે ઓડીઓ – લાઇબ્રેરીની શરૂઆત કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) રાજ્યની જેલો પૈકી લાજપોર મધ્યસ્થ જેલ તથા નડિયાદ જિલ્લા જેલ ખાતે ઓડીઓ–લાઇબ્રેરીની શરૂઆત કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો નડિયાદ જિલ્લા જેલમાં ઓડીઓ–લાઇબ્રેરીની શરૂઆત ક્યારે કરવામાં આવી, અને આ ઓડીઓ –લાઇબ્રેરીની ઉપયોગિતા શું છે? | (૨) નડિયાદ જિલ્લા જેલ ખાતે તા.૨૧/૦૯/૨૦૨૦ના રોજ શરૂઆત કરવામાં આવેલ છે.<br>જે બંદીવાનો અંધ કે અશિક્ષિત છે તેઓ ઓડીઓ લાઇબ્રેરી દ્વારા પુસ્તકીયુ જ્ઞાન મેળવી શકે છે. ઉપરાંત બંદીવાનોને ધાર્મિક વાર્તાઓ, આધ્યાત્મિક સંગીત, ભજનો, ઓડીઓ કલીપ સંભળાવવામાં આવે છે. ફળસ્વરૂપે બંદીવાનો સકારાત્મક વિચારો થકી તેમનામાં માનસ પરિવર્તન સાથે માનસિક શાંતિ અનુભવે છે. સદર સિસ્ટમ તેઓને અપરાધિક દુનિયામાંથી બહાર લાવી સારા નાગરિક તરીકે પ્રસ્થાપિત કરવામાં ઉપયોગી બનશે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં રોયલ્ટીની આવક**

૩૪૦૩૩ શ્રી **મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સરકારે ૨૦૧૮–૧૯ના વર્ષમાં રેતી અને કંકર પેટે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની કેટલી રકમ ચુકવવાની થતી હતી, | (૧) રૂ.૧૭૩૯.૯૫ લાખ. |
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાને કેટલી રકમ ચુકવવામાં આવી, અને | (૨) રૂ.૧૭૩૯.૯૫ લાખ. |
| (૩) બાકીની રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં પોલીસ આરોગ્યની ચકાસણી**

૩૪૧૨૩ શ્રી **કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારી તથા તેમના કુટુંબીજનોના આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ અધિક્ષકશ્રી, ખેડા–નડિયાદના તાબા હેઠળના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્યની ચકાસણી કરવામાં આવેલ છે ?

(૨) ૨૪૦૫.

---------

**એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથ્થકરણ**

૩૪૧૩૩ શ્રી **આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ફાયર આર્મ્સને લગતા કેસો/નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસો/નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ–૧૪૫૩ કેસોના ૯૬૩૭ નમૂનાઓનું.

---------

**રાજ્યમાં એસીબી તંત્ર દ્વારા અપ્રમાણસર મિલકતના કેસો**

૩૪૧૨૭ શ્રી **બાબુભાઈ પટેલ** (દસક્રોઇ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા અમદાવાદ ગ્રામ્યમાં છેલ્લા એક વર્ષમાં કેટલી અપ્રમાણસર મિલકતો શોધી કાઢવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગુના હેઠળ કુલ કેટલા આરોપીઓ સામે ગુના દાખલ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૩.૮૪,૬૭,૬૨૪/–(ચોર્યાસી લાખસડસઠ હજાર છસ્સો ચોવીસ).

(૨) ૦૧.

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ગાંધીનગર ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા ખાણો/લીઝોનું ચેકીંગ**

૩૩૦૮૭ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઇંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | |
|---|---|---|
| | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | **તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** |
| રાજકોટ | તા.૦૫–૦૪–૨૦૧૯, તા.૦૭–૦૯–૨૦૧૯, તા.૧૭–૧૦–૨૦૧૯, તા.૧૮–૧૦–૨૦૧૯, તા.૦૭–૧૧–૨૦૧૯ | તા.૨૦–૦૨–૨૦૨૦ તા.૨૧–૦૨–૨૦૨૦ તા.૦૧–૧૦–૨૦૨૦ |
| પોરબંદર | | તા.૦૧–૧૦–૨૦૨૦ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરી પકડાઇ,

(૨)

| **જિલ્લો** | **ગેરરીતિનો પ્રકાર** | **સમયગાળો** | |
|---|---|---|---|
| | | **તા.૦૧–૦૧–** | **તા.૦૧–૦૧–** |

| | | **૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ (દંડની રકમ રૂ.લાખમાં)** | **૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (દંડની રકમ રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| રાજકોટ | ખનન/વહન/સંગ્રહ | ૧૧૮.૯૧ | ૭.૬૫ |
| પોરબંદર | ખનન/વહન/સંગ્રહ | ૬૮.૩૭ | શૂન્ય |

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| **જિલ્લો** | **ઈસમો સામે કરેલ કાર્યવાહી** |
|---|---|
| રાજકોટ | ૩૩ ઇસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે, ૦૧ ઇસમ સામે વસૂલાતનો હુકમ કરેલ છે અને ૦૨ ઇસમો સામે તપાસ કાર્યવાહી ચાલુમાં છે. |
| પોરબંદર | ૦૩ ઇસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે, ૦૨ ઇસમોને કારણદર્શક નોટીસ આપેલ છે અને ૦૨ ઇસમ સામે તપાસની કાર્યવાહી ચાલુમાં છે. |

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી?

(૪)

| **જિલ્લો** | **પોલીસ ફરિયાદ** |
|---|---|
| રાજકોટ | શૂન્ય |
| પોરબંદર | શૂન્ય |

---------

**આણંદ જિલ્લામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ વસૂલાત કરેલ દંડ**

૩૩૧૨૨ શ્રી **રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લાના બોરસદ શહેર અને તાલુકામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ પોલીસ તંત્ર દ્વારા કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો?

**જવાબ**

| **અ.નં.** | **વર્ષ** | **ટ્રાફિક નિયમોના ભંગ બદલ વસુલેલ દંડ** | |
|---|---|---|---|
| | | **બોરસદ શહેર (રૂ.)** | **બોરસદ તાલુકા(રૂ.)** |
| ૧ | ૨૦૧૯ | ૯,૪૧,૬૪૪ | ૦૦ |

---------

**લાંચ રૂશ્વત પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા ટોલ ફ્રી નં.૧૦૬૪ની સેવા**

૩૪૧૮૮ શ્રી **પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રાજ્યના નાગરિકો ભ્રષ્ટાચાર સંબંધી સીધેસીધી ફરિયાદ નોંધાવી શકે તે માટે રાજ્યના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા ૧૦૬૪ ટોલ ફ્રી નંબરની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ૧૦૬૪ ટોલ ફ્રી નંબર ઉપરથી મળેલ ફરિયાદોને આધારે ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેર અને અમદાવાદ ગ્રામ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અમદાવાદ શહેર-૦૯ (નવ)
અમદાવાદ ગ્રામ્ય-૦૫ (પાંચ)

---------

તા. ૮મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ અને દાહોદ જિલ્લામાં ગાંધીનગર ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા ખાણો/લીઝોનું ચેકીંગ**

૩૩૦૯૯ શ્રી **ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઇંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લા અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરી પકડાઇ,

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત ખનિજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | |
|---|---|---|
| | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | **તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** |
| જૂનાગઢ | તા.૧૫–૧૦–૨૦૧૯, તા.૧૮–૧૦–૨૦૧૯, ૨૧–૧૦–૨૦૧૯ | તા.૨૦–૦૨–૨૦૨૦,૨૧–૦૨–૨૦૨૦, ૦૪–૦૯–૨૦૨૦, ૦૩–૧૦–૨૦૨૦ |
| દાહોદ | ૧૩–૦૪–૨૦૧૯, ૦૪–૧૦–૨૦૧૯, ૦૫–૧૦–૨૦૧૯, ૦૬–૧૦–૨૦૧૯, | ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવેલ નથી. |

(૨)

| **જિલ્લો** | **ગેરરીતિનો પ્રકાર** | **સમયગાળો** | |
|---|---|---|---|
| | | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ (દંડની રકમ રૂ.લાખમાં)** | **તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ (દંડની રકમ રૂ.લાખમાં)** |
| જૂનાગઢ | ખનન, વહન અને સંગ્રહ | ૭.૫૭ | ૫.૪૩ |
| દાહોદ | વહન અને સંગ્રહ | ૧૦૮૫.૪૩ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩)

| **જિલ્લો** | **ઈસમો સામે કરેલ કાર્યવાહી** |
|---|---|
| જૂનાગઢ | ૦૮ ઇસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે, ૦૨ ઇસમોને કારણદર્શક નોટીસ આપેલ છે તથા ૦૧ ઈસમ સામે વસૂલાતનો હુકમ કરવામાં આવેલ છે. |
| દાહોદ | ૧૨ ઇસમો પાસેથી પૂરેપૂરી વસૂલાત થયેલ છે, ૦૨ ઇસમોને કારણદર્શક નોટીસ આપેલ છે તથા ૦૪ ઇસમ સામે વસૂલાતનો હુકમ કરવામાં આવેલ છે. |

(૪)

| **જિલ્લો** | **પોલીસ ફરિયાદ** |
|---|---|
| જૂનાગઢ | શૂન્ય |
| દાહોદ | શૂન્ય |

---------

**અમદાવાદ અને વડોદરા શહેરમાં ઓનલાઈન પોર્ટલમાં મળેલ અરજીઓ**

અતારાંકિત પ્રશ્નો

૩૪૧૭૭ શ્રી **જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં થતા સાયબર ક્રાઈમના ગુનાઓની ફરિયાદ કરવા માટે ઓનલાઈન પોર્ટલ (On Line Portal) કાર્યરત છેતે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં On Line Portalઉપર અમદાવાદ અને વડોદરા શહેરના નાગરિકો દ્વારા કેટલી અરજીઓ મળેલ છે? | (૨) ૫૨૪૮ |

---------

**વડનગર તાલુકા અને શહેરમાં લૂંટની ઘટના**

૩૩૦૨૭ શ્રી **ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં ક્યા ગામમાં તેલના વેપારીઓ પાસેથી લૂંટની ઘટનાઓ નોંધાઈ,

**જવાબ**

(૧)

| વર્ષ | વડનગર તાલુકો | વડનગર શહેર |
|---|---|---|
| ૦૧–૦૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯ | ૦૦ | ૦૦ |
| ૦૧–૦૧–૨૦૨૦ થી ૩૧–૧૨–૨૦૨૦ | ૦૦ | ૦૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા, | (૨) ૦૪ |
| (૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને | (૩) ૦૫ |
| (૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા ? | (૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાક, મિત્ર વર્તુળ, સગા સબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ–૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે. તેમજ સી.આર.પી.સી. કલમ–૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

---------

**નર્મદા નહેરમાંથી પાણી લીફ્ટ કરીને તળાવ ભરવા બાબત**

૩૩૮૧૫ શ્રી **સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૦૧–૨૦૨૧ની સ્થિતિએ નર્મદા યોજનાની નહેરમાંથી પાણી લીફ્ટ કરીને પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના વડા તળાવ ભરવા માટેની યોજના ક્યા તબક્કે છે, અને | (૧) પૂર્ણતાના તબક્કે. |
| (૨) ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે અને તેની પાછળ કેટલો ખર્ચ થશે ? | (૨) મે–૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે અને રૂ. ૧૭૫૯.૮૮ લાખનો ખર્ચ થશે. |

---------

**વડોદરા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૪૧૫૦ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલાં રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૪૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) રૂ. ૧૧૫૮.૯૫ લાખ. |

તા. ૮મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

---------

**તાપી અને વલસાડ જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપન અંગે પેટા કાયદા બાબત**

૩૩૧૭૧ શ્રી **પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શેહરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો–૨૦૧૬ના પેટા કાયદા ૧૫(ઇ) પ્રમાણે પેટા કાયદા ઘડવાની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કઇ નગરપાલિકા દ્વારા ઘનકચરા વ્યવસ્થાપન નિયમો, કાયદા ઘડવાના બાકી છે, અને | (૨) એકપણ નહીં. |
| (૩) જો ઉક્ત પેટા કાયદા, નિયમો ઘડવાના બાકી હોય તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં સ્વ અને પાક રક્ષણ માટે હથિયાર પરવાના**

૩૩૧૫૩ શ્રી **મોહનસિંહ રાઠવા** (છોટા ઉ◌ેદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૦૨–૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સ્વરક્ષણ અને પાક રક્ષણના કેટલા હથિયાર પરવાનાઓ છે, | (૧)અને (૨) પત્રક–૧ |
| (૨) પરવાનેદાર ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય તેવા કેટલા પરવાના છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રદ કરવામાં આવેલ છે, | |
| (૩) પરવાનેદારના પરવાનામાં રીટર્નર તરીકેની જોગવાઈ છે કે કેમ, અને | (૩) Arms Act/Rulesમાં રીટર્નર શબ્દનો કોઈ ઉલ્લેખ નથી. |
| (૪) જો હા, તો રીટર્નર તરીકે કેટલા પરવાના આપવામાં આવ્યા? | (૪) લાગુ પડતું નથી. |

**પત્રક–૧**

| વર્ષ | રક્ષણની વિગત | તાલુકાનું નામ | હથિયાર પરવાનાઓની સંખ્યા (તા.૦૧–૦૨–૨૦૨૧ની સ્થિતિએ) | ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય તેવા રદ કરવામાં આવેલ પરવાનાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૦૧–૨૦૨૦ | સ્વરક્ષણ | છોટાઉદેપુર | ૧૦૮ | ૧૬ |
| | | જેતપુર–પાવી | ૩૨ | |
| | | ક્વાંટ | ૩૪ | |
| | | બોડેલી | ૧૭ | |
| | | સંખેડા | ૧૩ | |
| | | નસવાડી | ૦૮ | |
| | | **કુલ** | **૨૧૨** | |
| તા.૦૧–૦૨–૨૦૨૦ થી તા.૦૧–૦૨–૨૦૨૧ | પાકરક્ષણ | છોટાઉદેપુર | ૫૫૦ | ૨૪૪ |
| | | જેતપુર–પાવી | ૨૫૩ | |
| | | ક્વાંટ | ૪૪૧ | |
| | | બોડેલી | ૩૧ | |
| | | સંખેડા | ૨૫ | |
| | | નસવાડી | ૦૪ | |
| | | **કુલ** | **૧૩૦૪** | |

---------

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ અને વડોદરા શહેરમાં ઓનલાઈન પોર્ટલમાં મળેલ અરજીઓ**

૩૪૧૭૮ શ્રી **બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં થતા સાયબર ક્રાઈમના ગુનાઓની ફરિયાદ કરવા માટે ઓનલાઇન પોર્ટલ (On Line Portal) કાર્યરત છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં On Line Portalઉપર અમદાવાદ અને વડોદરા શહેરના નાગરિકો દ્વારા કેટલી અરજીઓ મળેલ છે? | (૨) ૫૨૪૮ |

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતો બાબત**

૩૩૧૪૧ શ્રી **અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર આવેલી ઔદ્યોગિક વસાહતો કેટલા વિસ્તારમાં આવેલ છે,

(૧)

| જિલ્લો | ઔદ્યોગિક વસાહતોનો અંદાજીત વિસ્તાર હેક્ટરમાં |
|---|---|
| મહીસાગર | ૨૫.૯૦ |
| પંચમહાલ | ૧૦૮૭.૯૩ |

(૨) ઉક્ત વસાહતોવાર કેટલા પ્લોટ અને કેટલા શેડ આવેલા છે,

(૨)

| જિલ્લો | ઔદ્યોગિક વસાહતો | ઔદ્યોગિક પ્લોટની સંખ્યા | ઔદ્યોગિક શેડની સંખ્યા |
|---|---|---|---|
| મહીસાગર | બાલાસિનોર | ૧૦૫ | ૨૪ |
| પંચમહાલ | ગોધરા | ૧૪૬ | ૫૩ |
| | કાલોલ | ૧૬૩ | ૭૦ |
| | હાલોલ | ૬૨૯ | ૧૭૧ |
| | હાલોલ–૨ | ૮૮૪ | ૦૦ |
| | શહેરા | ૩૬ | ૦૦ |
| | જાંબુઘોડા | ૦૮ | ૦૬ |

(૩) ઉક્ત વસાહતોવાર કેટલા પ્લોટ અને કેટલા શેડ ઉક્ત સ્થિતિએ ભાડે અને વેચાણથી આપવામાં આવેલ છે, અને કેટલા પ્લોટ અને કેટલા શેડ ઉક્ત સ્થિતિએ ખાલી પડેલ છે, અને

(૩) નિગમ દ્વારા વેચાણથી પ્લોટ કે શેડ ફાળવવામાં આવતાં નથી. પ્લોટ અને શેડ ભાડે અને લાંબાગાળાના સમય માટે ભાડાપટ્ટે આપવામાં આવે છે જેની વિગત નીચે મુજબ છેઃ

| જિલ્લો | ઔદ્યોગિક વસાહતો | ભાડે અને ભાડાપટ્ટે આપેલ ઔદ્યોગિક પ્લોટની સંખ્યા | ભાડે અને ભાડાપટ્ટે આપેલ ઔદ્યોગિક શેડની સંખ્યા | ખાલી પડેલ ઔદ્યોગિક પ્લોટની સંખ્યા | ખાલી પડેલ ઔદ્યોગિક શેડની સંખ્યા |
|---|---|---|---|---|---|
| મહીસાગર | બાલાસિનોર | ૧૦૪ | ૨૪ | ૦૧ | ૦૦ |
| પંચમહાલ | ગોધરા | ૧૪૫ | ૫૩ | ૦૧ | ૦૦ |
| | કાલોલ | ૧૬૨ | ૭૦ | ૦૧ | ૦૦ |
| | હાલોલ | ૫૫૧ | ૧૭૧ | ૭૮ | ૦૦ |
| | હાલોલ–૨ | ૬૫૬ | ૦૦ | ૨૨૮ | ૦૦ |
| | શહેરા | ૦૦ | ૦૦ | ૩૬ | ૦૦ |
| | જાંબુઘોડા | ૦૩ | ૦૬ | ૦૫ | ૦૦ |

(૪) ઉક્ત વસાહતોવાર કેટલા ઔદ્યોગિક એકમો બંધ હાલતમાં છે ?

(૪)

| જિલ્લો | ઔદ્યોગિક | બંધ |
|---|---|---|

| | વસાહતો | ઉદ્યોગોની સંખ્યા |
|---|---|---|
| મહીસાગર | બાલાસિનોર | ૦૧ |
| પંચમહાલ | ગોધરા | ૦૬ |
| | કાલોલ | ૧૪ |
| | હાલોલ | ૧૯ |
| | હાલોલ-૨ | ૦૦ |
| | શહેરા | ૦૦ |
| | જાંબુઘોડા | ૦૦ |

---------

## રાજ્યમાં એસીબી દ્વારા અધિકારી/કર્મચારી વિરૂધ્ધ ગુનાઓ

૩૩૧૪૪ શ્રી **ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એસીબી દ્વારા સંવર્ગવાર કેટલા અધિકારી/કર્મચારી વિરૂધ્ધ કુલ કેટલા ગુના નોંધવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ નોંધાયેલ ગુના પૈકી શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧)

| વર્ષ | કુલ ગુના | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | ખાનગી | કુલ આરોપી |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૯ | ૨૫૫ | ૧૬ | ૫૯ | ૧૯૩ | ૭ | ૧૫૫ | ૪૩૦ |
| ૨૦૨૦ | ૧૯૯ | ૭ | ૪૦ | ૧૬૪ | ૨ | ૧૦૯ | ૩૨૨ |
| **કુલ** | **૪૫૪** | **૨૩** | **૯૯** | **૩૫૭** | **૯** | **૨૬૪** | **૭૫૨** |

(૨)

- કુલ-૭૫૨ આરોપી પૈકી ૬૬૪ આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે અને ૮૮ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે.
- કુલ ૪૫૪ ગુના પૈકી ૧૪૧ ગુનામાં ૨૨૩ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

---------

## ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો

૩૪૧૬૧ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલાં રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ-૬૬

(૨) રૂ. ૫૨૬.૭૬ લાખ.

---------

**૨૨૧**

## દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં બોકસાઈટની લીઝોનું ચેકીંગ

ભારતીય જનતા પાર્ટીની સરકારે ભરતીમાં, નોકરીમાં ૩૩ ટકા રિઝર્વેશન અફસર બીટીયાં બેટી અફસર બને. પોલીસમાં ૩૩ ટકા. કાયદો અને વ્યવસ્થાપન બહેનોના હાથમાં દંડો આપ્યો અને આપણે કીધું છે કે બહેનો દરેક ક્ષેત્રમાં આગળ આવે. અત્યારે વિધાનસભામાં આપણી પાસે જેટલી બહેનો છે, હજુ વધુ બહેનો આવે અને આ બધી બાબતોમાં બહેનો આગળ વધે પણ આ ભાઇની પત્ની છે માટે ટિકીટ આપવી એવું નહીં બહેનો નેતૃત્વ કરીને ટિકીટ મેળવે એ સમયની માંગ છે. આપણે ૫૦ ટકા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકામાં આવ્યા પણ હજી ચાલો આ ભાઇને નથી આપતા રિઝર્વેશન છે એટલે માટે એમના પત્નીને આપી દો. એમાંથી બહાર નીકળીને બહેનો પોતે નેતૃત્વ કરે અને એ નેતૃત્વ કરતી બહેનોને ટિકીટ મળે અને એ બહેનો સમાજ જીવન અને રાષ્ટ્ર જીવનમાં પોતાનું યોગદાન આપે. બધા ક્ષેત્રોમાં બહેનોની આગેવાની હોય અને બહેનો બહાર નીકળે. બહેનો સ્વાવલંબી બને એટલા માટે રાજય સરકારે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના ૧૦ લાખ બહેનો, એક લાખ સખી મંડળો અને ૧૦૦૦ કરોડ રૂપિયા વગર વ્યાજ આ વ્યાજના ૧૦૦૦ કરોડ રૂપિયા મારી સરકારે આપ્યા છે કે ઝીરો વ્યાજથી બહેનોને પૈસા મળે અને બહેનો સ્વાવલંબી બને અને બહેનો આર્થિક ગતિમાં ભાગ લે. મહિલા આર્થિક વિકાસ નિગમમાં પણ અનેક યોજનાઓ છે વહાલી દીકરી આ યોજના પ્રતિક છે કે પહેલા એમ કહેવાતું કે દીકરો જન્મે તો ખુશીનું વાતાવરણ ઘરમાં હોય. દીકરી જન્મે તો નથી હોતું. આ વાત માટે શ્રી નરેન્દ્રભાઇએ "બેટી બચાવો, બેટી પઢાવો" એનો એક જબરજસ્ત કાર્યક્રમ કર્યો હતો. આ દીકરી વ્હાલનો દરિયો. દીકરીના જન્મને પણ ઉત્સવથી ઉજવવો. એટલા માટે વ્હાલી દીકરી યોજના લાવ્યા. આજે મેં એલ.આઇ.સી.માં ૨૨ કરોડ રૂપિયાનો પ્રિમિયમનો ચેક આજના દિવસે આપ્યો છે. બહેનોને ૧૮ વર્ષે લાખ લાખ રૂપિયા મળે. બહેનોને ઉપયોગી થાય. આ બધી વસ્તુ બહેનો આગળ આવે એટલા માટે કરી રહ્યા છીએ. ત્યારે આજના દિવસે શુભકામનાઓ છે. ગુજરાતમાં પશુપાલનના ધંધામાં બહેનો આગળ છે. અવકાશથી માંડી પશુપાલન સુધીમાં દરેક ક્ષેત્રમાં બહેનો નેતૃત્વ સ્વીકારે તેવી શુભકામના સાથે આપના બધા વતિ મહિલા દિન નિમિત્તે મહિલાઓને શુભકામના આપું છું. મહિલાઓની સુરક્ષા, સલામતી એ સરકારની જવાબદારી છે. ગુજરાત એટલા માટે દારૂબંધીને પકડીને ચાલે છે. દારૂ પકડીએ છીએ. દારૂ એ સામાજિક બદી છે. દારૂબંધીને છૂટછાટ આપતા નથી, પણ જે દિવસે દારૂબંધીને છૂટછાટ આપીશું તે દિવસે મહિલાઓની સલામતી નહિ રહે. આ ગુજરાતમાં રાત્રે ૨ વાગ્યે મહિલા એકલી સ્કૂટી ઉપર નવરાત્રિમાં ઘરે એકલી જઇ શકે છે, એટલા માટે કે દારૂબંધી છે. એને કડક રીતે હિમાયતપૂર્વક એ વિષયને પકડીને ચાલી રહ્યા છીએ. કાયદાઓમાં પણ ઘણા બદલાવ લાવ્યા છીએ. મહિલાઓના ગળામાંથી ચેઇન લૂંટી જનારને તરત જામીન મળતા હતા, એમાં ૭ વર્ષની કેદ અને જામીન ન મળે તેવી વ્યવસ્થા કરી છે. નાની બાળકી ઉપરના બળાત્કારમાં ફાસ્ટ ટ્રેક કોર્ટમાં અને મિનિમમ આજીવન કેદ અને ફાંસીની સજા એ પ્રકારના કાયદા બહેનોની સુરક્ષા, સલામતી માટે લાવ્યા છીએ. આવનારા પડકારોને ધ્યાનમાં રાખી મહિલા નારી તું નારાયણી, સ્ત્રી દાક્ષણ્ય અને બહેનોને આગળ કરવા આ ભાવ સાથે આપણું ગુજરાત એક મોડેલ સ્ટેટ તરીકે આગળ વધશે તો મને એમ લાગે છે કે સાચા અર્થમાં એક પ્રકારની સમાનતા, જેન્ડરની સમાનતા, બહેનો પણ સમાન ભાઇઓ પણ સમાન. આ ભાવની સાથે આપણે આગળ વધીશું. આભાર.

શ્રી પરેશ ધાનાણી(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૮મી માર્ચનો દિવસ સમગ્ર વિશ્વમાં મહિલા દિન તરીકે આપણે ઉજવી રહ્યા છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી જે શુભેચ્છા સંદેશા લઇને આવ્યા, એમાં હું મારો સૂર પુરાવું છું.

શકિતનું પૂજન કરતી આ ભારતીય સંસ્કૃતિને જ્યાં એક અબળા જેને કહેતા હતા. જેને હંમેશા પ્રતિષ્ઠામાં પડછાયો બનવાનું કામ કર્યું. સંઘર્ષમાં સથવારો આપવાનું કામ કર્યું. જેણે આફતમાં આપણી આડશ બનવાનું કામ કર્યું તેવી નારી શકિતને હું વંદન કરું છું. સંયમ, સહિષ્ણુતા, સદ્ભાવના, સમર્પણ, સેવા અને સહજતાનું સ્વરૂપ એવી વિશ્વની બધી જ મહિલા શકિતને વંદન કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ જ સરસ વાત કરી. જે દોહરાવવી નથી, પણ આ શકિતની પૂજા કરનારી સંસ્કૃતિ, એમાં સાહેબે કહ્યું તેમ શકિતની સુરક્ષા ઉપર સવાલ ઉભો થાય તો આખાય ગૃહનું માથું શરમથી ઝૂકે છે. એક મહિલા કોઇની દીકરી છે, કોઇની બહેન છે, કોઇની માતા છે, કોઇની અર્ધાંગીની છે. જેના ઉદરમાં ઉછરીને સમગ્ર વિશ્વ ફૂલું ફાલ્યું અને આગળ વધ્યું. આજની સુરક્ષા ઉપર સવાલ થાય તો આપણા સૌના માટે શરમજનક હશે. એટલે આપના માધ્યમથી સમગ્ર ગૃહને વિનંતી કરું છું કે આપણે શક્તિ સ્વરૂપ નારાયણીની સુરક્ષાનો સામૂહિક સંકલ્પ કરીએ. આ યુગમાં દીકરીઓને ભણાવવી ગણાવવી ખૂબ જરૂરી છે. ત્યારે એક શકિતનું સ્વરૂપ, માની કૂખે ઉછરી, પા પા પગલી કરતી થાય ત્યારથી હવામાં ઉડે ત્યાં સુધી એને ભણાવવાની ગણાવવાની વ્યવસ્થા ઉભી કરવાનો આપણે સૌ સામૂહિક સંકલ્પ કરીએ તેવી સમગ્ર ગૃહને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દીકરી પગભર થાય, સ્વાવલંબી બને ત્યારે આ દીકરીને સ્વાવલંબી બનાવવા માટે સ્વરોજગાર તે ખૂબ જરૂરી છે. આજે સેન્સેક્સ ૨૦૧૧ મુજબ લગભગ હું ખોટો ન હોઉં તો ૪૫ ટકા કરતાં વધુ બહેનોના હાથને કામ નથી મળતું અથવા તો તે ગૃહિણીઓ તરીકે જોડાયેલી છે. આવી દરેક શકિત તેની કુશળતા ચાહે ભરતગૂંથણમાં હોય, રંગોળી પૂરવાની કળા હોય, ચિત્રની કળા હોય. ગૃહ ઉદ્યોગ, કુટિર ઉદ્યોગથી શરૂ કરી મોટા ઉદ્યોગોમાં તેની સામૂહિક ભાગીદારી સુનિશ્ચિત કરીને તેને સ્વરોજગાર અપાવાનો આજે સંકલ્પ કરીએ તે આપના મારફત વિનંતી કરું છું. નારીને અબળા કહીને આપણે અપમાન નહીં કરીએ પણ આ દેશનો ઇતિહાસ

તા. ૮મી માર્ચ ૨૦૨૧

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે શુભેચ્છાઓ

સાક્ષી છે કે રામાયણની સીતા હોય કે મહાભારતની દ્રૌપદી, રામાયણની સીતા હોય કે મહાભારતની દ્રૌપદી, દરેક યુગમાં દાવ ઉપર લાગી છે દીકરીઓ. જે શક્તિએ પોતે દાવ ઉપર મૂકાઇને સમગ્ર સમાજના કલ્યાણ માટે જયારે આ સંસ્કૃતિને ઘડી છે ત્યારે તેને સમાજના વિવિધ સ્તરે સમાનતાનો દરજ્જો અપાવવાનો આ સન્માનનીય ગૃહ સંકલ્પ કરે તેવી વિનંતી કરું છું. ઘરની અંદર તે અર્ધાંગિની તરીકે હોય, માતૃશક્તિ તરીકે હોય, હું બે દીકરીઓનો બાપ છું અને કહું છું કે, દુનિયાના દુઃખનો છેડો તે દીકરીઓ હોય છે. એક શક્તિનું સ્વરૂપ જ એ બતાવે છે કે, હાથે એક દોરી બાંધી રક્ષાની પોટલીએ આપણી રક્ષા કરતી હોય છે. ત્યારે સ્ત્રીશક્તિનું સન્માન આપણે સૌ જાળવવાનો, નિભાવવાનો અને તેને આગળ ધપાવવાનો સંકલ્પ કરીએ તેવી વિનંતી કરું છું. છેલ્લે સ્ત્રીના સ્વાભિમાનને ઠેસ પહોંચે તેવા ઘણાય બનાવો આપણી સમક્ષ આવે છે. ત્યારે આપણે સૌ સાથે મળી સ્ત્રીના સ્વાભિમાનને આગળ ધપાવવાનો સંકલ્પ કરીએ. આપણા જે સામાજિક બંધનો છે તેની વચ્ચે કયાંય એકવીસમી સદીના સપનાને સાકાર કરવા દીકરીઓને સ્વતંત્રતા મળે, સામાજિક બંધનોમાંથી તેને મુક્તિ મળે, તેના વિચારોને હવામાં ઉડવાનો અવકાશ મળે તેવી વ્યવસ્થા કરવાના સંકલ્પ સાથે સન્માનનીય ગૃહને વિનંતી કરું છું. છેલ્લે સમગ્ર વિશ્વના અસ્તિત્વને પોતાના ઉદરમાં પાળનારી માની કોખને કોટી–કોટી વંદન સાથે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સૌ જગત જનનીઓને અંતરમનથી શુભેચ્છા પાઠવું છું.

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

**(શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ)**

**પૂરક માગણી ક્રમાંક–૧૦૨**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩૫,૦૦,૦૦,૦૦૦/–ની *પૂરક માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૧૦૨ પરની કાપ દરખાસ્ત.**

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.**

**(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)**

**પૂરક માગણી ક્રમાંકઃ ૩૯**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫,૭૧,૬૩,૫૮,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંકઃ૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૩૯ પરની કાપ દરખાસ્ત.**

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.**

---

* પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૦–૨૧ના વર્ષ માટેની ખર્ચના પૂરક પત્રક માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.**

**(કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ)**

**પૂરક માગણી ક્રમાંકઃ૫**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૮૦,૧૩,૦૪,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬૪,૮૦,૪૫,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૫ પરની કાપ દરખાસ્ત.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

**(શિક્ષગ વિભાગ)**

**પૂરક માગણી ક્રમાંકઃ ૯**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૪,૬૯,૯૦,૭૯,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંકઃ૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૯ પરની કાપ દરખાસ્ત.**

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.**

**(ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)**

**પૂરક માગણી ક્રમાંકઃ૧૩**

તા. ૮મી માર્ચ ૨૦૨૧

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજના સેવાને લગતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ.૫,૪૯,૦૧,૦૧,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૧૩ પરની કાપ દરખાસ્ત.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| **અ.નં.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં. ૧૦૨** | | |
| ૧ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૮૦- સામાન્ય<br>૧૯૧-મહાનગરપાલિકાઓને સહાય<br>૧૦- વાણિજિયક .... રાહત<br>રૂ. ૧,૦૦,૦૦૦<br>પાના નં. ૯૧ | ૧૦૦ | વાણિજિયક એકમોની સરખામણીએ સામાન્ય નાગરિકોને પ્રોપર્ટી ટેક્ષમાં રાહતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ (શ્રી કિરીટકુમાર પટેલ) |
| | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૯** | | |
| ૨ | ૨૨૧૦- તબીબી....આરોગ્ય<br>૦૬- જાહેર આરોગ્ય<br>૧૦૧- રોગનું....નિયંત્રણ<br>૦૩-એચએનટી.૨૯ વાવર રોગ<br>રૂ. ૫,૭૧,૬૩,૫૬,૦૦૦<br>પાના નં. ૩૭ | ૧૦૦ | સરકારી હોસ્પિટલોમાં કોરોનાની સારવાર માટે વપરાતા ટોસીલિઝુમેબ ઈન્જેક્શનોના કાળાબજારને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ (શ્રી લાખાભાઈ ભરવાડ) |
| ૩ | ---"---- | ૧૦૦ | કોરોના દરમિયાન ખરીદેલ દવાઓ, પીપીઈ કીટ, ઈન્જેક્શનો, સેનેટાઈઝર તેમજ દર્દીઓને અપાયેલ ભોજન અંગેની વિગતો દર્શાવતુ શ્વેતપત્ર બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા (શ્રી નથાભાઈ પટેલ) |
| *૪ | ---"---- | ૧૦૦ | કોરોના દરમિયાન દર્દીઓને અપાયેલ ભોજનના બિલની ચૂકવણીમાં થતી ગેરરીતિ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ (શ્રી સંજયભાઈ સોલંકી) |
| ૫ | ---"---- | ૧૦૦ | સરકારી હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓને અપાતા ઉતરતી કક્ષાના ભોજન માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ (શ્રી આનંદભાઈ ચૌધરી) |
| ૬ | ---"---- | ૧૦૦ | કોરોના કાળ દરમિયાન કીડની-હાર્ટ-કેન્સર જેવી ગંભીર બીમારી ધરાવતા દર્દીઓને ઓપરેશન કે સંલગ્ન જરૂરી સારવાર આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. અનિલ જોષિયારા (શ્રી પ્રેમસિંહભાઈ વસાવા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ---"---- | ૧૦૦ | કોરોના ટેસ્ટની ગુણવત્તા સામેની ફરિયાદો ઉપર પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ (શ્રી કાળાભાઈ ડાભી) |
| *૮ | ---"---- | ૧૦૦ | કોરોનાની મહામારીને રોકવા માટે દરેક જિલ્લા તાલુકાઓમાં લેબોરેટરી સ્થાપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી (શ્રી મહેશકુમાર પટેલ) |
| ૯ | ---"---- | ૧૦૦ | સરકાર દ્વારા કોવીડની સારવાર માટે એમ્પેનલ્ડ કરેલી ખાનગી હોસ્પિટલો દ્વારા દર્દીઓ પાસેથી વધુ નાણા લેવાની ફરિયાદો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર (શ્રી હર્ષદકુમાર રીબડીયા) |
| ૧૦ | ---"---- | ૧૦૦ | કોરોના દરમિયાન સરકારી દવાખાનાઓમાં ઉંચા ભાવે કોરોનાની દવાઓની ખરીદીમાં થતી ગેરરીતિઓને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ (શ્રી શીવાભાઈ ભુરીયા) |
| ૧૧ | ---"---- | ૧૦૦ | બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર માસ્ક ખરીદીમાં થયેલ ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત (શ્રી પુનમભાઈ પરમાર) |
| **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૫** | | | | |
| ૧૨ | ૨૪૨૫- સહકાર<br>૧૦૭- ધિરાણ....સહાય<br>૧૮- COP -34.....સહાય<br>રૂ. ૫૧,૧૩,૦૪,૦૦૦<br>પાના નં. ૫ | ૧૦૦ | ખેડૂતોએ લીધેલ લોન પરના વ્યાજમાં રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર (શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર) |
| ૧૩ | ૨૪૨૫- સહકાર<br>૧૦૭- ધિરાણ....સહાય<br>૨૬- AGR -11<br>આત્મનિર્ભર.... સહાય<br>રૂ.૧,૨૦,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૬ | ૧૦૦ | આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના હેઠળ ખેડૂતોને અપાતી સહાયની વિગતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી.જે.ચાવડા (શ્રી જશુભાઈ પટેલ) |
| ૧૪ | ૨૪૨૫- સહકાર<br>૧૦૮- અન્ય....સહાય<br>૩૭- રાજ્ય સરકાર.....સહાય<br>રૂ. ૫૧,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૬ | ૧૦૦ | સ્કીમડ દુધ પાવડરની નિકાસ માટે કઈ કઈ સહકારી દુધ મંડળીને કેટલી રકમની સહાય ચુકવાઈ તેની પ્રસિધ્ધિ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ (શ્રી કનુભાઈ બારૈયા) |
| ૧૫ | ---"---- | ૧૦૦ | દુધના પાવડરની નિકાસમાં કઈ કઈ સહકારી દુધ મંડળીને કેટલો જથ્થો નિકાસ કર્યો તેની માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અજીતસિંહ ચૌહાણ (શ્રી પ્રવિણભાઈ મુસડીયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | ૪૪૨૫–અન્ય કૃષિ....મૂડી<br>૧૦૧– ખરીદ–વેચાણ સવલતો<br>૦૧– WR H –1 રાજ્ય કૃષિ...સ્થાપના<br>રૂ. ૩૨,૮૦,૦૦,૦૦૦<br>પાના નં. ૬ | ૧૦૦ | રાજ્ય કૃષિ ઉત્પન બજાર અંતર્ગત કેટલા ગોદામો બનાવવા માટે કેટલી દરખાસ્તો આવી અને કેટલી સહાય ચૂકવાઈ તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા (શ્રી કાન્તીભાઈ ખરાડી) |
| **શિક્ષણ વિભાગ**<br>માગણી નં. ૯ | | | | |
| ૧૭ | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬–શિક્ષકો.... સેવા<br>૦૬–પ્રાથમિક ..... અનુદાન<br>રૂ. ૧,૧૭,૯૦,૭૯,૦૦૦<br>પાના નં. ૧૧ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓનું ઑડિટ સમયસર કરી પ્રાથમિક શિક્ષણ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા (શ્રી ઈમરાન ખેડાવાલા) |
| ૧૮ | ---"---- | ૧૦૦ | લોકડાઉનમાં પ્રાથમિક શાળાઓમાં ઓનલાઈન શિક્ષણમાં ગરીબ અને સામાન્ય વિદ્યાર્થીઓ ઈન્ટરનેટ કનેક્ટીવીટી ન હોવાથી અભ્યાસ કરી શક્યા નથી જે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ (શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૧૯ | ---"---- | ૧૦૦ | રાજ્યમાં કોરોના દરમિયાન પ્રાથમિક શાળાઓ ખોલવા માટે યોગ્ય નીતિ નક્કી કરી સ્પષ્ટ જાહેરાતો કરવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર (શ્રી વિમલભાઈ ચુડાસમા) |
| ૨૦ | ---"---- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં કરોડો રૂપિયા ખર્ચવા છતાં શિક્ષણ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઈ રાઠવા (શ્રી ઋત્વિકભાઈ મકવાણા) |
| **ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માંગણી નં. ૧૩** | | | | |
| ૨૧ | ૨૮૦૧–પાવર<br>૮૦–સામાન્ય<br>૧૦૧–વિદ્યુત.... સહાય<br>૦૬–ગુજરાત... સહાય<br>રૂ. ૩,૫૯,૫૧,૦૦,૦૦૦<br>પાના નં. ૧૪ અને ૧૫ | ૧૦૦ | આત્મનિર્ભર પેકેજ અંગેનો પરિપત્ર ટૉરેન્ટ વીજકંપનીને સમયસર ન મળવાથી વીજ ગ્રાહકોને પેકેજનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા (શ્રી વજેસિંગભાઈ પણદા) |
| ૨૨ | ---"---- | ૧૦૦ | સમયસર મીટર રીડીંગ ન થવાના કારણે ગ્રાહકોને એકીસાથે ઉંચા બીલો ચૂકવવા પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત (શ્રી રઘુભાઈ દેસાઈ) |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪ (૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું આ જોગવાઈ મુજબ પૂરક માગણીઓ પર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ ઉપર ચર્ચા ન કરતા જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ. નવી સેવાઓ, ન્યુ સર્વિસીસ બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવેલી છે નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે પૂરતું મર્યાદિત

રાખવું જોઇએ. જે અંગે માનનીય સભ્યશ્રી તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દા ખાસ ધ્યાનમાં રાખશે એવી હું આશા રાખું છું. માનનીય પુંજાભાઇ, આપનું વક્તવ્ય ચાલુ કરો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી, જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે, દર વરસે રાજ્ય સરકાર આ પ્રકારે વિધાનસભાના સત્ર દરમિયાન માગણીઓ લઇને આવતી હોય છે, અત્યારે બજેટ સત્ર ચાલે છે ત્યારે બજેટ બનાવવા માટે પણ રાજ્ય સરકાર એના માટે અગાઉથી પ્લાનીંગ કરતા હોય છે, નવી કોઇ યોજના બનાવવાની હોય તો એના માટે અને જે યોજનાઓ ચાલુ હોય એના માટે બજેટની ફાળવણી કરતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, યોગ્ય રીતે જો બજેટનું ફાળવણું કરવામાં આવે અને અગાઉથી જ વરસ દરમિયાન જે ખર્ચ કરવાનો થતો હોય એ ખર્ચ માટે પૂરતી ચકાસણી કરીને જો યોગ્ય રીતે ફાળવણી થાય તો મને લાગે છે કે, પૂરક માગણીઓ લઇને આવવાની જરૂરિયાત ના પડે. આપણે ફાળવણી કર્યા પછી વરસ દરમિયાન મોટાભાગે જુદાજુદા વિભાગોની અંદર એ પણ જોવા મળ્યું છે કે, વરસના આખર તારીખની અંદર જે ખર્ચ થવો જોઇએ એ ખર્ચ પૂરેપૂરો થતો નથી, વપરાતો નથી અને પરિણામે માર્ચની આખર તારીખ સુધીમાં જ, માર્ચ મહિનામાં જ આખા વરસનો વહીવટી ખર્ચ પૂર્ણ થઇ જાય આ પ્રકારની પરિસ્થિતિ પેદા થાય છે. ઓછી જોગવાઇને કારણે, ક્યાંક વધુ જોગવાઇને કારણે પુનઃવિનિયોગ કરવા માટેની વારંવાર જરૂરિયાત પડતી હોય છે, આને નિવારવા માટે પણ રાજ્ય સરકારે ગંભીરતાપૂર્વક એમાં પગલાંઓ લેવા જોઇએ એ રાજ્ય સરકાર પગલાંઓ લેતી નથી. જે તે વિભાગની અંદર નાણાકીય ગેરરીતિઓ જે થતી હોય છે એ ગેરરીતિઓને કારણે પણ નાણાં અલગ રીતે ખર્ચાઇ જાય અને સરવાળે જ્યારે જરૂરિયાત પડે ત્યારે જે તે વિભાગે પુનઃવિનિયોગ કરીને અલગ વિભાગમાંથી અથવા નાણાં વિભાગની મંજૂરીઓ લઇને ખર્ચ કરવાની જરૂરિયાત પડતી હોય છે ત્યારે રાજ્ય સરકારને હું વિનંતી કરવા માગું છું અને કહેવા માગું છું કે, જે તે વિભાગોની અંદર વરસ દરમિયાન નાણાકીય જે ઉચાપતો થાય છે એ નાણાકીય ઉચાપતોને કારણે પણ ઘણી વખત આપણે વધારાની માગણીઓ લઇને આવવાની ફરજ પડતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક દાખલો હું આપને આપું છું. શિક્ષણ વિભાગની અંદર, માનનીય મંત્રીશ્રી, હું સલાહ નથી આપતો, પણ હકીકત જે છે તે રજૂ કરું છું. વર્ષ ૨૦૧૩ની અંદર અમદાવાદની એક રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી જીસીઆરટીસીની અંદર ટેન્ડર ભરે છે અને ટેન્ડર ભરવાની અંદર જે પરિસ્થિતિ થાય છે. ટેન્ડરની અંદર વિભાગની સાથે છેતરપિંડી થાય છે, અલગ કાગળો રજૂ કરે છે ૬ કરોડ ૬૮ લાખ રૂપિયા જેવી રકમની સીધે સીધી ઉચાપત કરવામાં આવે છે અને એ ઉચાપત કર્યા પછી આજ દિન સુધી આપણે હજુ તે વસૂલી શકયા નથી. વસૂલવા માટે વિભાગે કાર્યવાહી કરી છે પણ ઉચાપત કર્યા પછી આ વિભાગ દ્વારા રાજય સરકારના બીજા વિભાગોએ તેને બ્લેક લિસ્ટ જે કરવા જોઇએ એ બ્લેક લિસ્ટ પણ ન કરી અને આજની તારીખે આ સંસ્થા રાજય સરકારના જુદા જુદા વિભાગોની અંદરથી કામ મેળવીને કામગીરી કરે છે. ફોજદારી કેસ દાખલ કર્યો. સંસ્થાના જેટલા લોકો છે તે બધા સામે આવે, માત્ર એક સામે આવ્યો. તમે જવાબ કદાચ આપશો કે સ્ટે છે આજની તારીખે કોર્ટમાંથી કોઇ પણ પ્રકારનો સ્ટે નથી એને વસૂલી શકાય છે. ૬ કરોડ ૬૮ લાખ રૂપિયા જેવી રકમ પાંચ પાંચ, છ–છ વર્ષ સુધી સરકાર વસૂલી ન શકે? મને લાગે છે કે આ ગંભીર બાબત છે કોઇ નાની સૂની રકમ નથી ૬ કરોડ રૂપિયા જેવી રકમ અને બીજી બાજુ આપણે અત્યારે જરૂરિયાત મુજબ આપણે પૂરક માગણી લેવાની ફરજ પડે તો આ વસ્તુ કોઇ પણ સંજોગોમાં ચલાવી શકાય નહીં. સરકાર અને વિભાગ આની ગંભીરતાથી નોંધ લઇને આ પ્રકારના જયાં નાણાકીય ઉચાપત અને સરકાર સાથે જે છેતરપિંડી કરે છે અને છેતરપિંડી કરીને પછી લાંબા સમય સુધી અલગ અલગ કારણોસર તેની સામે કોઇ પણ જાતના પગલાં ના લેવાય તો આમા જે કોઇ જવાબદાર હોય તે જવાબદારી નક્કી કરીને આમા ઘણા બધા સવાલો ઉભાં થાય કે ૬ કરોડ રૂપિયાની ઉચાપત કર્યા પછી શિક્ષણ વિભાગે રાજય સરકારના અલગ અલગ વિભાગોને પત્ર દ્વારા જાણ કરીને તેને બ્લેક લિસ્ટ કરવા માટે શા માટે જાણ ના કરી. જાણ ન કરવાના કારણો શાં ? ત્યાર પછી રાજય સરકારના અન્ય વિભાગોમાંથી તેને કેટલું કામ આપવામાં આવ્યું, કેટલું કામ તે લઇ ગયા સંભવ છે કે બીજા વિભાગોમાંથી કામ કરીને ત્યાં પણ આ જ પ્રકારની નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હશે. જે સંસ્થા સામે આરોપ છે તેમણે જે સરકારને છેતરવાનું કામ કર્યું છે તેની સામે ફોજદારી રાહે પગલાં લઇને જેલમાં નાંખવા જોઇએ. છતાં એ પ્રકારની કોઇ પણ જાતની કાર્યવાહી નહીં અને ત્યારે આવા ગંભીર પ્રકારના સવાલો ઉભાં થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રી અને સરકાર આ બાબતને ગંભીરતાથી લઇ અને ૬ કરોડ ૬૮ લાખ રૂપિયા જેવી રકમ છેલ્લાં છ વર્ષથી રાજય સરકારે વસૂલાત કરી નથી તેની તાત્કાલિક અસરથી વસૂલાત કરવામાં આવે અને જે કોઇ જવાબદાર છે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી અને પગલાં લેવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચૂંટણી દરમિયાન એક બીજા કિસ્સાની પણ હું માનનીય મંત્રીશ્રીને જાણ કરું છું. મારું ગામ છે સીમર ત્યાં પ્રાથમિક શાળામાં ચૂંટણી દરમિયાન લગભગ પહેલા માસની આજુબાજુ ૨૭ લાખ કરતા વધુ રકમની શાળાના આચાર્યશ્રીએ સીધી ઉચાપત કરી નાંખી. આ ઉચાપત કર્યા પછી, ધ્યાન ઉપર આવ્યા પછી તાત્કાલિક તેની સામે તપાસ કરવામાં આવી. તપાસ કરીને તે શિક્ષકને ફરજ મોકૂફી કર્યા પણ ફરજ મોકૂફી કર્યા પછી રેકર્ડ ઉપર ૨૭ લાખ રૂપિયાની ઉચાપત કર્યા પછી આજની તારીખ સુધી તેની સામે ફોજદારી કેસ કરવામાં આવ્યો નથી. મારી પાસે જે માહિતી છે તે એ પ્રકારની છે કે ફોજદારી કેસ ના કરવા માટે અમુક આગેવાનો..

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપને બોલવામાં તકલીફ પડતી હોય તો માસ્ક એટલા સમય પૂરતું ઉતારશો તો વાંધો નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, થેંક યુ. ૨૭ લાખ રૂપિયા જેવી રકમની ઉચાપત કરી છે અને તે ઉચાપત કર્યા પછી એને ફરજ મોકૂફી ઉપર મૂકવામાં આવ્યા. ત્યાંથી તેને બદલી અને બીજા તાલુકામાં મૂકવામાં આવ્યા પણ ડીપીઓએ તેની સામે ફોજદારી કેસ ના કર્યો. ફોજદારી કેસ ના કરવાના કારણો શું ? મારી પાસે જે વિગત છે તે એ છે કે અમુક આગેવાનો અને આ ડીપીઓએ ફરિયાદ ન કરવાના પણ પૈસા લીધા છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**આક્ષેપોના પુરાવા આપવા અંગે**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇએ એક ચર્ચામાં આવો આક્ષેપ કર્યો હતો અને પછી અમે બધાએ કહ્યું હતું કે ભાઇ પુરાવા છે, હોય તો લાવો. એમ આમાં પણ હું આપના દ્વારા કહેવા માગું છું કે આક્ષેપ કરે છે તો તેના પુરાવા છે ખરાં ? અને પુરાવા ન હોય તો આવી રીતે સાવ ખોટાં આક્ષેપ કરવા તે વાજબી નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પુરાવાની વાત કરી છે એમાં જુદી-જુદી યોજનાઓની ૨૭ લાખ રૂપિયા જેવી રકમ સીધે-સીધી જ પ્રાથમિક શાળાના આચાર્યના ખાતામાં જમા થયેલ છે અને એમાંથી જ એ રકમ સીધી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી નાંખી છે અને સીધી ઉચાપત કરી છે અને ઉચાપત કર્યા પછી આપણે એને ફરજ-મોકૂફી ઉપર મૂક્યા છે અને અત્યાર સુધી એની ઉપર ફોજદારી કેસ નથી કરવામાં આવ્યો એટલા માટે સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે શા માટે ફોજદારી કેસ ન કર્યો? ઉચાપત તો રેકર્ડ ઉપર આવી ગઇ છે પણ ફોજદારી કેસ નથી કર્યો એનો અર્થ એવો થાય છે કે, એવું માનવાને કારણ રહે છે કે આ સિવાય બીજું કોઇ કારણ ન હોઇ શકે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આવું અનુમાન કરીને આક્ષેપ કરવા વાજબી નથી. ઉચાપત અલગ વસ્તુ છે અને ઉચાપત કર્યા પછી ફરિયાદ કેમ ન કરી એવું અનુમાન કરવું કે આ જ કારણસર (વચ્ચેથી અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : એવું એ અનુમાન કરે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ તો આક્ષેપ કરે છે. સ્થાનિક આગેવાનો પર આક્ષેપ કરે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ફરિયાદ ન કરવા માટે કંઇક રંધાયું છે. શું રંધાયું હોય એની તપાસ કરવામાં આવે. જે તે વખતે બનાવ બન્યો છે તે વખતના આચાર્યની કોલ ડિટેઇલ પણ મોબાઇલમાં હોય છે. એ કોલ ડિટેઇલ ચકાસવામાં આવે તો કોણ, ક્યાં કેટલા વાગે, કયા ટાવરની નીચે, કયા વિભાગમાં, કઇ જગ્યાએ એ બધું જ રેકર્ડ પર આવે. સરકાર એની તપાસ કરે. ગૃહમંત્રીશ્રી પણ એમના વિભાગનો ઉપયોગ કરીને હું જે અનુમાન કરું છું એ અનુમાનની ચકાસણી કરવામાં આવે કે એમાં કંઇ રંધાયું છે કે નથી રંધાયું? આટલી મોટી ઉચાપત કર્યા પછી બે-બે મહિના સુધી ફરિયાદ ન થાય એ કોઇપણ સંજોગોમાં ઉચિત નથી.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત સરકારના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રી ગૃહ સમક્ષ માગણી ક્રમાંક – ૩૯ લઇને આવ્યા છે એને હું સમર્થન સાથે મારા વિચારો રજૂ કરું છું. કોરોના મહામારીને અટકાવવા '**સર્વે ભવન્તુ સુખિન: સર્વે સન્તુ નિરામયા**' આપણી આ સંસ્કૃતિને જેમણે આખા વિશ્વભરમાં ઉજાગર કરી અને સમગ્ર વિશ્વને માર્ગદર્શન આપ્યું છે એવા આપણા સન્માનનીય વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશને માર્ગદર્શન, પ્રેરણા, પ્રોત્સાહન આપ્યા. એને અનુસરીને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્ત્વવાળી સરકારે શરૂઆતથી જ મક્કમતાવાળા પગલાં ભરી અને કોરોનાને મ્હાત આપવા પ્રયત્ન કર્યો. કોરોનાનો પ્રથમ કેસ નોંધાવવાના ગણતરીના દિવસોમાં જ સરકારી તથા ખાનગી હોસ્પિટલોમાં ૫૫,૫૫૯ બેડની ૮ મહાનગરપાલિકામાં ૧૯ હોસ્પિટલોની સગવડ કરી અને એમાં ડોક્ટર, નર્સ, પેરામેડિકલ સ્ટાફ, સફાઇકર્મી અને પોલીસ એ બધાંએ જે પ્રયત્નો કર્યા એના કારણે આપણને સફળતા મળી. આશાવર્કર બહેનો અને કર્મચારીઓ ઘરે-ઘરે ગયા, સ્ક્રિનિંગ કર્યું. જેને કોરોના હતો એને એડમિટ કર્યા અને જેને એડમિટ નહોતું થવું એને ઘરે સારવાર આપી. ગુજરાતે એક ખૂબ મોટું ઊંચું મોડેલ પ્રાપ્ત કર્યું છે. ઇન્ટરનેશનલ અને ડોમેસ્ટીક એરપોર્ટ પર સાડા પાંચ લાખથી વધુ મુસાફરોના સ્ક્રિનિંગ કર્યા છે અને વિશ્વભરમાં જેણે આપણી નામના કરી છે એવા ૧૭૦૦ ધન્વંતરી રથ કે જેણે ૨.૫ કરોડ ગુજરાતના લોકોને ઓ.પી.ડી. સેવાનો લાભ આપ્યો છે. સરકાર દ્વારા આયુર્વેદિક અને હોમિયોપેથિક ટેબ્લેટ અને ઉકાળા ઘરે-ઘરે આપ્યા છે. મારા મણિનગર વિસ્તારમાં ત્રણ વાર ઉકાળા આપવામાં આવ્યા છે અને એક પણ ઘર બાકી રહ્યું નથી. એ બદલ હું ગુજરાત સરકારનો આભાર માનુ છું. આ બધાં જ પરિબળોના કારણે ગુજરાત સરકારને I I M, WHO અને ઘણી બધી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ એવૉર્ડ આપ્યા છે અને ગુજરાત સરકારની ખૂબ ખૂબ પ્રશંસા કરી છે એ આપણા માટે ખૂબ મોટા ગૌરવ સમાન છે.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરૂં થાય છે. આ ભારતીય જનતા પાર્ટીના જેટલા માનનીય વિધાયક છે તેઓને ચાર-ચાર મિનિટ ફાળવવામાં આવી છે. એટલે તમે મારી પાસે મિનિટ માંગશો નહિ.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે પૂરક માંગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપુ છું. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની પૂરક માંગણી ૧૦૨ પર મારા વિચારો

વ્યક્ત કરું છું. એક અંદાજ પ્રમાણે ૨૦૫૦ સુધીમાં ૭૦ ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે. ગુજરાતની વાત કરીએ તો આશરે ૪૫ ટકા નાગરિકો શહેરોમાં વસે છે. શહેરોનો સર્વાંગી અને આયોજનબધ્ધ વિકાસ ફટાફટ અને સટાસટ થાય તે માટે અમારી સરકાર કટિબધ્ધ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ માટે બજેટમાં ૧૩૪૯૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. શહેરી વિસ્તાર માટેની ખૂબ જ લોકપ્રિય અને ઉપયોગી યોજના એટલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના. આપણા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારે વર્ષ ૨૦૦૯માં આ યોજના શરૂ કરવામાં આવેલી અને પુનઃ ત્રણ વર્ષ માટે વર્ષ ૨૦૨૧–૨૨થી વર્ષ ૨૦૨૩–૨૪ સુધી આ યોજના લંબાવવામાં આવી છે. આ બજેટમાં રૂપિયા ૪૫૬૩ કરોડની જોગવાઈ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે કરવામાં આવી છે. મને જણાવતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૦૯માં શરૂ થયેલી આ યોજનામાં વર્ષ ૨૦૨૦–૨૧ સુધી ૩૮૨૫૪ કરોડ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

**સભાપતિ ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી મારે થોડી TPDPની પણ વાત કરવી છે. મને જણાવતાં આનંદ અને ગૌરવ થાય છે કે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ એમ સતત ત્રણ વાર ટી.પી. સ્કીમોની મંજૂરી સાથે એમણે બેવડી સદી ફટકારી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૦૮ ડ્રાફ્ટ સ્કીમો, ૮૫ પ્રીલિમિનરી સ્કીમો અને ૧૦૭ ફાઈનલ ટી.પી. સ્કીમોને મંજૂરી આપી છે અને સાથે સાથે ડેવલપમેન્ટ પ્લાન પણ ઝડપી મંજૂર કર્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ત્વરિત નિર્ણય શક્તિના દર્શન કરાવ્યા છે. હું સુરતનું પ્રતિનિધિત્વ કરું છું. ડાયમંડ, ટેક્સટાઈલ અને બ્રિજ સિટી તરીકે ઓળખાતાં સુરતમાં આવાનારા સમય માટે જે પ્રોજેક્ટ આવી ગયા છે એ ચોક્કસપણે સુરતમાં નવી ઊંચાઈ સર કરવાના છે. સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–1 નું ભૂમિપૂજન અને શિલાન્યાસ વિધિ ૧૮મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી થયું. તાપી નદી પર અંદાજિત રૂપિયા ૫૦૦ કરોડના ખર્ચે મલ્ટીપરપઝ કન્વેન્શન હૉલ બૅરેજ બનશે. જેના કારણે મીઠા પાણીનું સરોવર રચાવાનું છે અને સાથે સાથે આવનારા સમયમાં સુરતની પાણીની જે જરૂરિયાતો છે તે પણ સંતોષાશે. અમદાવાદની જેમ સુરતમાં પણ બે ફેઝની અંદર રીવરફ્રન્ટનું આયોજન થયું છે સાથે સાથે તાપી શુધ્ધિકરણનો જે પ્રોજેકટ જે રૂપિયા ૯૭૧ કરોડનો છે એ સાકાર થશે ત્યારે પણ સુરત નવી ઉંચાઇઓ સર કરવાનું છે અને જયાં તાપી શુધ્ધિકરણનો પ્રોજેકટ છે એ કાકરાપારથી શરૂ કરી, ઓ.એન.જી.સી. સુધીનો વિસ્તાર આવરી લેવાનો છે.

સભાપતિશ્રી : શ્રી વિવેકભાઇ, આપનો સમય પૂરો થાય છે, માનનીય ડો. અનિલભાઇ જોષિયારા,

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી નીતિનભાઇ જે પૂરક માંગણીઓ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ શરૂ થાય ત્યારે શરૂઆતમાં જ આપણે એવું આયોજન કરતા હોઇએ છીએ, ઘણી ટૂંકાગાળાની યોજનાઓ છે, ઘણી ચાલુ યોજનાઓ છે અને ઘણી નવી બાબતો હોય છે. અમૂક યોજનામાં જે તે વર્ષમાં માર્ચના આખર તારીખમાં પૈસા મંજૂર થાય છે અને આખા વર્ષમાં એ પૂર્ણ થઇ જવા જોઇએ. પરંતુ ઘણી વખત એવું થાય છે કે, યોજના ચાલુ થાય છે, કાગળ ઉપર જ પણ એ પૂર્ણ થતી નથી અને એના કારણે એની બચત રહેતી હોય છે. હું દાખલો આપું, મારે ભિલોડા તાલુકાની કોટેજ હોસ્પિટલ અને મોડાસામાં સિવિલ હોસ્પિટલના મકાન માટેના પૈસા કયારના મંજૂર થઇ ગયા, દોઢ વર્ષ થઇ ગયું હજી સુધી ત્યાં કશી કામગીરી થઇ નથી. એટલે આ ફકત અને ફકત કાગળ ઉપર રહેતું હોય છે. ઘણી વખત પછી મુશ્કેલી એ થાય છે કે નવી યોજના દાખલ થઇ જતી હોય છે. આમ તો નવી યોજના દાખલ કરવા, આપણે નવા નાણાકીય વર્ષમાં ચાલુ કરતા હોઇએ છીએ. પરંતુ સંજોગોવસાત ચાલુ વર્ષમાં કયારેક આવી નવી યોજના દાખલ કરવાની થાય ત્યારે આપણે પૂરક બજેટ લાવવાની જરૂરિયાત ઉભી થાય છે. આ વર્ષે આખા વિશ્વમાં કોવિડ મહામારીની જે મુશ્કેલી ઉભી થઇ અને એના લીધા આરોગ્ય વિભાગને ખરેખર મુશ્કેલી પડી અને આખા રાજયના તમામ માણસો આરોગ્ય વિભાગની મુશ્કેલીઓને સહારો આપવા માટે બધા જ સાથે હતા. અમે પણ બધા કેવી રીતે મદદ કરી શકાય તેના માટેના પ્રયત્નો કરતા હતા. જયારે માર્ચમાં આપણું વિધાનસભા સત્ર ચાલુ હતું, છેલ્લે આપણે વિધાનસભા સત્ર પણ ટૂંકાવું પડયું અને અમે પણ જાણ કરી કે ભાઇ, હવે કોરોનાના કેસીસ દિવસે દિવસે વધતા જાય છે, આવા સંજોગોમાં એનું ટેસ્ટીંગ વધારવી જોઇએ, પણ સરકારે કોઇ સંજોગોમાં બીજા રાજયોની સરખામણીમાં ટેસ્ટીંગ ઓછુ રાખ્યું અને ક્રમશઃ કેસો વધી ગયા છે.પછી સરકારે કામગીરી જરૂરી કરી અને સારી કામગીરી કરી પણ જો સમયસર આપણે પગલાં લઇએ તો એને ડામી શકાય અને સાથે જે દવાઓ હતી, એ દવાઓ કયાંક ઇન્જેકશનો કયાંક બહાર વેચાય એનું પણ આપણે કન્ટ્રોલ કયાંક ને કયાંક ન કરી શકયા. ગઇકાલે જે વાત, ગઇકાલે નહી પણ શનિવારે જે વાત કરી, જે ધમણ વેન્ટિલેટર હતું, આદરણીય મુખ્યમંત્રીએ કહ્યું કે આ તો આપણને રાજકોટમાંથી સેવામાં મળેલ છે પણ કોઇપણ મેડિકલનું ઇન્સ્ટ્રુમેન્ટ આવે એટલે આપણે ચકાસણી થવી જોઇએ. એ વ્યવસ્થિત છે કે કેમ, એમને એમ કોઇ કદાચ મદદમાં આપે પણ વિભાગની પણ એટલી જ ફરજ આવે છે કે એ યોગ્ય છે કે કેમ એ જરૂર ચકાસવું જોઇએ.

મારી ખાસ વિનંતી એ છે કે, જે કોરોના વોરિયર્સમાં જે લોકો કામ કરતા હતા એ સરકારે જાહેરાત કરી હતી કે આ જે નર્સો, ડોકટરો છે એને અલગથી ભથ્થુ આપવામાં આવશે, માનનીય નીતિનભાઇ, ભથ્થુ આપવાની આપે વાત કરી હતી પણ ઘણા એવા છે, ઘણાએ સાત દિવસ કામ કર્યું, ઘણાએ ચૌદ દિવસ કામ કર્યું, ઘણાએ એકવીસ દિવસ કામ કર્યું, ઘણાએ એક મહિનો કામ કર્યું પણ ઘણા માણસોને હજુ ભથ્થુ મળ્યું નથી. એટલે આની પણ જે કઇ પ્રોસેસ કરવાની થાય તો, આમાં આપે જોગવાઇ કરી હોત તો કદાચ મને એમ લાગત કે એમને ભથ્થુ મળશે એવો વિશ્વાસ બેસત.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, હું પાના નં. ૩૯ ઉપર આપનું ધ્યાન દોરવા માગું છું, માનનીય નીતિનભાઇ પાના નં. ૩૯ ઉપર આપે જે આંકડો આપ્યો છે, ૨,૪૧,૮૩૦ કરોડ મને લાગે છે કે, આ કંઇક ભૂલ થતી લાગે છે. આ ૩૯ પેજ ઉપર જે આંકડો છે તો સુધારવામાં આવે અને તે પછી જે ઔષધ નિયમન તંત્ર માટે પણ તમે જે ખર્ચો કર્યો છે, જરૂર અમુક બાબતો તો જરૂરી છે. કારણ કે, જયારે કોરોના સંક્રમણ થતું હોય ત્યારે પીપીકીટ, માસ્ક, સેનેટાઇઝર આવી જરૂરિયાત ઉભી થતી જ હોય છે. એક બાબત સારી કે આપણે વેકિસન સમયસર અહીંયા ગુજરાતમાં આપી શકયા અને એના લીધે હું શ્રી નીતિનભાઇ અને આખી ટીમને પણ અભિનંદન આપું છું કે તમે સારી કામગીરી કરી છે પણ સાથે સાથે તકલીફ એ હતી કે, આપણે શહેરોમાં વધારે કેન્દ્રિત કર્યું હતું અને ગામડા લેવલે અને ડીસ્ટ્રીકટ લેવલે ત્યાંની હોસ્પિટલો, ત્યાંની કોવિડ હોસ્પિટલો, ખરેખર મુશ્કેલીવાળું કામકાજ હતું ત્યાં દર્દીઓને ખૂબ હેરાન થવું પડતું હતું. તાલુકા લેવલથી દર્દી જાય કયાં? એને જવું તો કયાં જવું? એટલે આવા સંજોગોમાં એની વ્યવસ્થા ન થવાના કારણે ઘણાને હેરાન થવું પડયું અને ઘણા મરી પણ ગયા છે, એટલે આવી વ્યવસ્થા થઇ હોત અને તમે આના માટે પગલાં લીધા હોત તો વધુ સારું હતું. વિશેષ બાબત મારે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ માટે કરવી છે. સરકારે જાહેરાત કરી હતી કે દરેકને સોલરથી આપણે લાઇટ આપીશું, બીજી એક જાહેરાત કરી હતી કે સોલરથી ખેતી માટે પણ આપણે લાઇટ આપીશું. પણ ગામડાં લેવલે અને તાલુકા લેવલે જે અધિકારીઓ છે તેમના લેવલે આ વ્યવસ્થાનો ખ્યાલ જ નથી હોતો. એમ કહે કે આ વ્યવસ્થા છે ખરી પણ કોણ અમલ કરે તેની કોઇ વ્યવસ્થા નથી. એટલે આપણે આ જે પૂરક માગણી લગભગ રૂપિયા ૫૪૯ કરોડની લઇને આવ્યા છીએ તો આવી વ્યવસ્થા કરવામાં આવે તો ખરેખર ખેડૂતોને એનો લાભ મળી શકે. આ લાભ એટલા માટે નથી મળી શકતો કે ત્યાં એવી ખેડૂતોને જાણકારી થાય અને ખેડૂતો લાભ લઇ શકે તેવી કોઇ વ્યવસ્થા નથી કરતા તેના કારણે ગમે એટલે પૂરક માગણીઓ લાવો પણ સાથે ખેડૂતોને એનો ફાયદોન થવાનો હોય તો એનો કોઇ અર્થ રહેતો નથી. આટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું. આભાર.

શ્રી રાઘવજીભાઇ પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી સને ૨૦૨૦-૨૧ના વર્ષની પૂરક માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું તેને સમર્થન આપવા અને એમાં સહકાર વિભાગ ઉપરના મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આ રાજયની ભાજપા સરકાર ખેડૂતોને ઝીરો ટકાના વ્યાજે ખેત ધિરાણ ઉપલબ્ધ કરાવે છે. સમગ્ર દેશમાં ગુજરાત એક માત્ર એવું રાજય છે કે ખેડૂતોને ઝીરો ટકાએ ખેત ધિરાણ મળી રહે તેની વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની રાજય સરકારે કરી છે એટલે એના માટે નાણાકીય જોગવાઇ જે કરવી પડે, સહકારી મંડળીઓને વ્યાજ સહાય માટે ૫૧૧૩.૪ લાખ રૂપિયા, આત્મ નિર્ભર ગુજરાત સહાય યોજના હેઠળ મેળવેલ લોન ઉપર વ્યાજની ચૂકવણી માટે રૂપિયા ૧૨ હજાર લાખ, આત્મ નિર્ભર ગુજરાત સહાય યોજના ભાગ-૨ હેઠળ મેળવેલ લોન ઉપરની વ્યાજની ચૂકવણી માટે રૂપિયા ૫૮૦૦ લાખ, રાજય સરકાર દ્બારા સ્કીમ દૂધ પાવડરના નિકાસ માટે સહકારી જૂથ મંડળીઓને સહાય પેટે ૫૧૦૦ લાખ રૂપિયા, આમ, બધા મળીને કુલ ૨૮૦૧૩.૪ લાખ રૂપિયા મહેસૂલી ખર્ચની પૂરક માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી આવ્યા છે. આ પૂરક માગણીઓ રાજયના ખેડૂતોની આવક બમણી કરવા માટે સરકાર દ્બારા ખેડૂતોને ઝીરો ટકા વ્યાઝે ખેત ધિરાણ આપવા માટે વધારાની રકમની જરૂરિયાત ઉભી કરવા માટેની પૂરક માગણીઓ છે. માનનીય અધ્યક્ષશ્રી રાજયનું સહકારી ધિરાણ માળખું તેની સક્ષમતાના કારણે દેશભરમાં નમૂનેદાર સહકારી માળખા તરીકે સુપ્રસિદ્ધ છે. કોવિડ-૧૯ની મહામારીના સમયમાં રાજયના નાના ધંધા અને ઉધોગકારોને આત્મ નિર્ભર કરવા માટે જે લોનો આપી તે રકમના વ્યાજની સહાયની ચૂકવણી માટે સરકાર દ્બારા પ્રસંશનીય યોજના બનાવવામાં આવી. અને ગૌરવ સાથે કહી શકાય તેમ છે કે આ મહામારીમાં પણ લોકો સરકારની સહાયથી પોતાના ધંધાને લોક ડાઉન પછી પુન: જીવીત કરી શકેલ છે. રાજયના પશુ પાલકોને દૂધના પૂરા ભાવ મળી રહે તે માટે આ રાજય સરકાર સતત ચિંતિત છે. દૂધના ભાવ નીચા ન જાય તે માટે રાજય સરકાર દ્બારા સ્કીમ મિલ્ક પાવડરની નિકાસ માટે સહકારી દૂધ ઉત્પાદક સંઘોને સહાય આપી પશુ પાલકોની આવક સ્થિર રાખવાનો પૂરો પ્રયત્ન કરેલ છે. બજારમાં ખેત પેદાશોની એકી સાથે આવક થતી હોય ત્યારે તેનો સંગ્રહ કરવા માટેની સૂચારુ વ્યવસ્થા કરવા માટે ગોદામોની સગવડ હોવી ખૂબ જ જરૂરી છે. આ ગોદામો બનાવવા માટે સરકારશ્રી દ્બારા અપાતી સહાયના કારણે આ પૂરક માગણી રજૂ કરવી પડી છે. રાજયના ખેડૂતોની આવક બમણી કરવાની નેમ પૂર્ણ કરવા માટે સહકારી માળખુ એ નાણાકીય સવલતો કરાવનાર મહત્વનું અંગ હોય છે. માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને અનુમોદન આપું છું અને આ સભાગૃહના સન્માનનીય સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આને અનુમોદન આપે.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષ મહોદયાશ્રી, આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ શિક્ષણ માટે વર્ષ ૨૦૨૧ના વર્ષ માટેના પૂરક પત્રક માટે રૂપિયા ૧૪,૬૯,૯૦,૭૯,૦૦૦ની માગણી ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

રાજયમાં ૧૯મી માર્ચ, ૨૦૨૦ના રોજ પહેલો કોરોનાનો કેસ આવ્યો ત્યારે આપણું બજેટ સત્ર ચાલુ હતું અને ૨૩મી માર્ચે આપણે બજેટ સત્ર ટૂંકાવીને એનું સમાપન કર્યું હતું ત્યાં સુધી આ ગૃહના કોંગ્રેસના તમામ સભ્યો ગુજરાત છોડીને રાજસ્થાનમાં મોજ કરતા હતા. ગુજરાત રાજયની પ્રજાએ વિધાનસભાના બાય ઇલેકશનમાં અને હાલમાં તારીખ ૨જી માર્ચના પરિણામોમાં જવાબ આપી દીધો છે અને આ કોંગ્રેસીઓને પોતાના ઘરનો રસ્તો બતાવી દીધો છે. કોરોનાની મહામારીમાં લોકડાઉન અને અન લોક પછી પણ ૧૦ મહિના સુધી ધોરણ-૧થી ૧૨ અને કોલેજના બાળકો ઘરમાં રહીને અભ્યાસ કરી શકે એના માટેની સુંદર વ્યવસ્થા રાજય સરકાર દ્બારા કરવામાં આવી હતી. કોરોનાની મહામારીના સમયમાં ગુજરાત રાજયના એજયુકેશન મૉડેલને સમગ્ર દેશમાં સર્વોત્તમ સ્થાન પ્રાપ્ત થયું

છે. The Indian state of Gujarat has proved its ability to be agile and continue to offer effective learning pathways for its students during COVID-19. Virtual classes have settings to support inclusive learning; special educators ensure regular contact through calls and home visits for targeted support. It is also offering information through both digital media – e-content and textbooks via state websites - and in print. ગુજરાત દેશનું પાંચમા નંબરનું મોટુ રાજય છે. કોરોનાની મહામારીમાં રાજયના ૧૧.૪૮ મિલિયન વિદ્યાર્થીઓ, ૦.૪ મિલિયન શિક્ષકો અને ૫૪ હજાર શાળાઓ ધરાવતા રાજયમાં લોકડાઉન દરમિયાન ધોરણ–૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને ટી.વી. માધ્યમથી, દુરદર્શન કેન્દ્ર તથા ડી.ડી. ગીરનાર ચેનલથી તજજ્ઞોના માધ્યમથી શૈક્ષણિક પાઠ તૈયાર કરીને પ્રસારણ કરવામાં આવે છે. ગુજરાત વર્ચ્યુઅલ શાળા એટલે કે લાઇવ વર્ચ્યુઅલ કલાસ દ્વારા વિદ્યાર્થીઓને ઘર બેઠા શિક્ષણ મળી રહે, બાળકો વર્ગ ખંડમાં બેસીને અભ્યાસ કરે તેવો અનુભવ થાય તેવી વ્યવસ્થા ઉભી કરવાથી  વિદ્યાર્થીઓ અને વાલીઓ તેમજ શિક્ષકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળેલ છે. ગુજરાત વર્ચ્યુઅલ શાળા અંતર્ગત રાજયના તજજ્ઞ શિક્ષકો દ્વારા ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિવિધ વિષયના લાઇવ કલાસીસનું આયોજન કરી યુ ટયુબ ચેનલ microsoft  ટીમ, ફેસબુક લાઇવ અને જીઓ ટીવીના માધ્યમથી લાઇવ પ્રસારણ કરવામાં આવે છે અને દર અઠવાડિયાના અંતે તેના ટેસ્ટનું આયોજન પણ કરવામાં આવે છે. હોમ લર્નીંગ અને ગુજરાત વર્ચ્યુઅલ શાળાના અભ્યાસના કારણે યુ ટયુબ ચેનલ ગુજરાત ઇ કલાસીસને અત્યાર સુધી ૩,૪૯,૬૬૦ s ubscribers અને ૪.૩૮ કરોડથી વધુ views મળેલ છે જે યુ ટયુબની પોલિસી મુજબ ૧ લાખથી વધુ subscribers ધરાવતી ચેનલને સિલ્વર એવોર્ડનું બહુમાન પ્રાપ્ત થાય છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ છેલ્લું વર્ષ કોરોના વાયરસની ભયંકર પરિસ્થિતિના કારણે ઘણું વિટંબણાવાળું વર્ષ બન્યું છે. તેના કારણે કદાચ માગણીઓ લઇને આવવું પડ્યું હોય તો તેની સામે સવાલ ન હોઇ શકે પણ શહેરી વિકાસની મહેસૂલી માગણી અને મૂડી માગણી લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારોમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને કહેવા માગું છું. દિનપ્રતિદિન શહેરી વિસ્તાર તરફ લોકોની દોટ વધી છે ત્યારે ગ્રામ્ય વિસ્તારની આસપાસ, ઔડા વિસ્તારમાં અનેક વસાહતો–સોસાયટીઓ ઉભી થઇ છે. થોડા દિવસ પહેલાં પ્રશ્નના જવાબમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ જણાવ્યું કે એ વસવાટ ઉભા થયા છે તેમાં નર્મદાનું પીવાનું પાણી પૂરું પાડવા માટે વર્ષ ૨૦૨૨ સુધીનું આયોજન કર્યું છે પણ માનનીય નાણામંત્રીશ્રીને કહેવા માગું છું કે ઘણાં વખતથી આવી વાતો થાય છે પરંતુ શહેરી વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર અને ઔડાની આસપાસ, રૂડાની આસપાસ, જાડાની આસપાસ, સુડાની આસપાસમાં લોકો હજી બોરવેલથી પાણી લઇ રહ્યા છે અને ફ્લોરાઇડવાળું પાણી પીવે છે. તો આ આયોજન તાત્કાલિક ધોરણે કરવામાં આવે. તેના માટે રસ્તાઓ પણ તૂટવાના. આ વિસ્તારની આસપાસ હાલ રસ્તાઓની પણ અનેક સમસ્યા સર્જાઇ છે. ઔડા વિસ્તારમાં રીંગરોડ છે તેને જોડતા રસ્તા હોય એ રસ્તાઓ માટે અનેક સમસ્યાઓ ચાલી રહી છે. મારા પ્રશ્નના જવાબમાં કહ્યા મુજબ હાઇકોર્ટમાં પણ પ્રશ્નો ચાલી રહ્યા છે. હાઇકોર્ટે એ પ્રશ્નનો નિકાલ કર્યો છે અને એવા કોઇ ખોટા બાંધકામ થયા હોય, એન્ક્રોચમેન્ટ થયા હોય તેને તોડી નાખવા માટે પણ કહ્યું છે. છતાં પણ મારે કહેવું છે. હું વર્ષ ૨૦૦૫થી સાંસદ હતો. અનેક વખત માનનીય નીતિનભાઇને અને મુખ્યમંત્રીશ્રીને પત્રો લખ્યા છે. ઓ–૭ કલબથી રીંગરોડનો જે રસ્તો છે તેની વચ્ચે એક સોસાયટીએ પોતાનું હાઉસ ઉભું કરી દીધું છે કે જે ટી.પી. સ્કીમમાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષથી અનેક વખત મેં રજૂઆતો કરી છે. એટલા માટે મારે બોલવું પડ્યું છે. હાઇકોર્ટે ચુકાદો આપ્યા પછી પણ એ બાંધકામ તોડાતું નથી. ડિમોલીશન કરવા માટેની ખાતરી આપ્યા છતાં પણ તોડાતું નથી. આના માટે તમે પૂરક માગણીઓ લઇને આવ્યા હોત તો હું જરૂર અનુમોદન આપત. છેલ્લા ૧૦–૧૦ વર્ષથી સતત ચિંતા કરીએ છીએ અને છતાં પણ કામગીરી થતી નથી એટલા માટે આપના મારફત નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીનો હવાલો છે ત્યારે ધ્યાન દોરવા માગું છું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી તબીબી જાહેર આરોગ્યની સેવાઓ માટેની જે માગણીઓ લઇને આવ્યા છે. કોરોના વાઇરસ માટે બરાબર છે. કદાચ ખર્ચ વધ્યો છે. હું સ્વીકારું છું. કોરોના વાયરસ જેવી ભયંકર મહામારી આવી અને ગુજરાત તેનો ભોગ બન્યું. નમસ્તે ટ્રમ્પનો કાર્યક્રમ થયો તેના કારણે ગુજરાત વધારે સંક્રમિત થયું છે. તેના કારણે આ માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું જરૂર કહીશ કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે, ડોક્ટર માટે આરોગ્ય વિભાગ ચિંતા કરે છે પરંતુ એ ડોક્ટરોની જગ્યા બહુ લાંબા સમયથી ખાલી છે. કોઇને ચાર્જ પણ નથી. લાંબા અંતરે આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરો પાસે ચાર્જ ન હોવાના કારણે મારા વિસ્તારમાં મેં અનેક પત્રો લખ્યા છે. હડકાયા કૂતરા કરડે છે તો તેના ઇન્જેકશનો મળતા નથી. સતત રજૂઆતો કરીએ તો મારું અમરેલી અને લાઠી સિવિલ હોસ્પિટલ બીજા નંબરનો દરજ્જો ધરાવતી મહત્વની સિવિલ હોસ્પિટલ છે. અંગ્રેજો વખતથી ચાલતી આ હોસ્પિટલ છે. તેમાં હડકવાની રસી અને ઇન્જેક્શનો માટે સતત રજૂઆતો કરવા છતાં આજ સુધી, હું હમણાં ચૂંટણીમાં ગયો ત્યારે મને લોકો કહેતા હતા કે શ્રી વિરજીભાઇ, તમને સતત રજૂઆતો કરીએ છીએ છતાં પણ હડકાયા કૂતરા કરડે છે ત્યારે અમરેલીમાં રસી મળતી નથી. હજુ પણ દુઃખ વ્યક્ત કરું છું. કોરોના વાયરસ જેવી ભયંકર મહામારીમાં કદાચ આરોગ્ય મંત્રીશ્રીનું, તંત્રનું ધ્યાન ન દોરાયું હોય પણ ધારાસભ્યો પત્રો લખે, પ્રશ્નો પૂછે અને છતાં પણ આ પ્રશ્નોનું નિરાકરણ થતું નથી. તે નિરાકરણ તાત્કાલિક થાય તે માટે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને આપના મારફત રજૂઆત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ, સહકાર અને ખેડૂત કલ્યાણની માગણી લઇને આવ્યા છે તેમાં ખેડૂતો માટેની ચિંતા લઇને આવ્યા છે ત્યારે મારે કહેવું છે. અત્યારે સહકારી ધિરાણ કે ખેડૂતોના ધિરાણ ભરી શકાતા નથી એના કારણે હું ગઇ કાલે રવિવારે હું મારા

વિસ્તારમાં ગયો તો જાફરાબાદના માણસા ગામના એક ખેડૂતે એમને નોટીસ મળી અને પોતે ઝેર પીને આત્મવિલોપન કરવું પડયું છે. આ પરિસ્થિતિ ગુજરાતમાં ચાલી રહી છે. ખેડૂતો આત્મવિલોપન કરી રહ્યા છે અને આત્મવિલોપન કરી રહ્યા છે એની પાછળનું કારણ રાઘવજીભાઇએ કહ્યું કે સહકારી ધિરાણમાં ઝીરો ટકાએ ધિરાણ આપવા માટેની ટૂંકી મુદતની સરકારે જોગવાઇ કરી છે, માનનીય મનમોહનસિંહજીની સરકાર હતી તે વખતે જોગવાઇ થઇ છે, આ સરકાર વાહવાહી કરે એની સામે મને વિરોધ નથી, વાહવાહી કરે અત્યારે આપી રહી છે પરંતુ અત્યારે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાંથી કે કોમર્શિયલ બેંકોમાંથી ખેડૂતો ધિરાણ લે છે એ ધિરાણના આંકડા જોઇએ તો ઝીરો ટકાએ ત્યાં ધિરાણ મળતું નથી. સરચાર્જ, બીજો ચાર્જ, ત્રીજો ચાર્જ લગાવી લગાવીને મને લાગે છે કે સાત ટકાએ જે ધીરાણ આપવાની સરકારની નીતિ હતી એમાંથી ત્રણ ટકા નાબાર્ડ અને ચાર ટકા રાજય સરકાર આપે છે, એ સાત ટકા એને મળે છે, પરંતુ કોમર્શિયલ બેંકો છે એ બાર બાર ટકા ખેડૂતોનું ધિરાણ ઉઘારે છે એ ચિંતાનો વિષય બન્યો છે. એના કારણે ખેડૂતો પોતાનું ધિરાણ ભરી શકતા નથી અને આત્મવિલોપન કરી રહ્યા છે. Jeremy Corbyn, Leader of the Opposition in the British Parliament from 2015 to 2020 એ તત્વચિંતક વ્યકિત છે, આખા દુનિયામાં એમનું નામ છે એમણે ચિંતા વ્યકત કરી, ગુજરાતની પણ ચિંતા વ્યકત કરી છે કે ગુજરાત એક બહુ મહત્વનું રાજય છે, એ ગુજરાતમાં આત્મવિલોપનની સંખ્યામાં વધારો થયો છે એની પાછળના કારણો શું છે એવું એમના પુસ્તકમાં લખાયું છે. માનનીય નીતિનભાઇને મારે કહેવું છે કે એનો અભ્યાસ કરે. આવડું મોટું ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે, ગુજરાતના ખેડૂતો પણ એમાં જોડાવા માટે એટલા માટે થનગની રહ્યા છે કે ખેડૂતોને મુશ્કેલી પડી રહી છે. મારા મિત્રોને જરૂર દુઃખ લાગતું હશે પરંતુ એ ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે ત્યારે Jeremy Corbynએ કહ્યું છે એનો વિડીઓ મારા ભા.જ.પ.ના મિત્રો સાંભળી લે, (અંતરાય) Jeremy Corbyને પોતાના વિડીઓમાં ટ્વીટ કર્યું છે એ સાંભળી લે, આ દેશ માટે શું કહ્યું છે?

સભાપતિશ્રી : આપ માગણી ઉપર જ ચર્ચા કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતોની માગણી છે. એટલા માટે કહું છું કે આ પરિસ્થિત લાવ્યા છે ત્યારે અત્યારે ચણાની ખરીદી સહકારી મંડળી મારફતે શરૂ થવાની છે. નાબાર્ડ અને ગુજકોમાસોલ મારફત શરૂ થવાની છે ત્યારે સરકારે કરેલી જાહેરાત આજે સરકાર ભૂલી રહી છે. એક હેકટર ચણાનું વાવેતર કર્યું હોય એવા ખેડૂતોને એક હેકટરથી વધુ વાવેતર કર્યું હોય એવા ખેડૂતોને ૯૧ મણ ચણા ખરીદવા માટે સરકારે જાહેરાત કરી હતી, ગઇ કાલે મેં શુક્રવારનો પરિપત્ર જોયો ૫૦ મણ ચણા ખરીદવા માટે સરકારે પરિપત્ર કર્યો છે. તમારી જાહેરાત જુદી અને ખરીદી માટેની વાત જુદી, ચણાનો મબલખ પાક આવ્યો છે, એ મબલખ પાક ખેડૂતો આજે વેચી નહીં શકે ત્યારે આ સહકાર વિભાગની માગણી લઇને આવ્યા છે ત્યારે એજ સહકારી સંસ્થા મારફત ખેડૂતો જો ચણા વેચી નહી શકે તો એનું ટૂંકી મુદતનું ધિરાણ જે માર્ચમાં ભરવાનું છે એ ભરી શકવાના નથી. એ નહીં ભરી શકે એટલે ખેડૂતોનું આત્મવિલોપન ન વધે એ માટે મારે સરકારની વિનંતી કરવી છે કે સહકારી સંસ્થાને ફરી વખત પરિપત્ર કરવા માટે અને આદેશ આપવામાં આવે અને સો મણ સુધી ચણાની ખરીદી કરવાની જે સરકારે ચૂંટણીઓ વખતે જાહેરાત કરી હતી એ શરૂ રાખવામાં આવે તેવી મારી આપના મારફત હું માગણી કરી રહ્યો છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ ૨૦૨૦-૨૧ની પૂરક માગણી નં. ૩૯ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું. આપણે બજેટ બનાવવું જોઇએ અને બજેટ નાણાકીય શિસ્ત માટે જરૂરી છે પરંતુ જયારે બજેટને મીટ કરવા માટે જ આપણે કામ કરીએ તો લોકોના માટે કામ કરવાનો સરકારનો પ્રજાલક્ષી નિર્ણય હોય અને જે માગણી આવે એ માગણીને સમર્થન આપવું એ દરેક વ્યકિતની, દરેક સભ્યની ફરજ છે. જે રીતે ૨૩ માર્ચે ગયા વર્ષે આપણે બજેટ તાત્કાલિક પૂર્ણ કર્યું અને તે પછીનો જે સમયગાળો છે એનાથી આપણે સૌ પરિચીત છીએ અને એમાં સૌથી વધુ કામ જો કર્યું હોય તો એ આરોગ્ય વિભાગે કર્યું એમને અભિનંદન આપું છું કે ગુજરાતમાં સૌથી ઓછો મૃત્યુદર અને રીકવરી રેટ સૌથી વધારે છે. એના માટે આપણું ગૃહ વિભાગ અને સરકારના દરેક વિભાગોએ સુંદર કામગીરી કરી છે. આ બધી કામગીરીમાં ધારાસભ્ય તરીકે અમે અમારા જિલ્લામાં પણ સક્રીય રીતે સાથે રહીને જે કામગીરી કરી છે એના લીધે અમને ખબર છે કે આપણે જે રીતે કોર કમિટી બનાવીને સમગ્ર સમય દરમિયાન મુખ્યમંત્રીશ્રી અને માનનીય નીતિનભાઇ અને એમની આખી ટીમે જે રીતે પ્લાનીંગ કર્યું, જે રીતે પ્લાનીંગ કર્યું અને એ પ્લાનીંગના હિસાબે સમગ્ર ગુજરાતમાં એનો જે અમલ થયો એના લીધે જ આપણે આ સ્થિતિમાં છીએ એમ કહું તો ખોટું નથી. જ્યારે માર્ચ-૨૦૨૦માં વુહાન અને ઇટલીમાં જે રીતે મૃત્યુ અને માણસોના શબ રસ્તા ઉપર આવતા હતા એ જોઇને આપણી સ્થિતિ શું થશે, ભારતની વસતિ અને ગુજરાતની વસતિ એ સૌથી વધુ વસતિ છે. આ વસતિમાં જો આ રોગ કન્ટ્રોલ નહીં થાય તો શું થાય? પરંતુ સરકારે જે રીતે આયોજન કર્યું અને આપણે આપણી પાસે ઉપલબ્ધ સોર્સ છે, ભારત અને ગુજરાતની આયુર્વેદ એ આપણી એક કોર સ્ટ્રેન્થ છે. રાજ્યના આયુષ વિભાગ દ્વારા ૫ કરોડ ૬૩ લાખ લાભાર્થીઓને આયુર્વેદિક ઉકાળા આપવામાં આવ્યા. ૨૪.૪૦ લાખ લોકોને આયુર્વેદિક સંશમની વટી કે જે રોગ પ્રતિકારક દવા છે એ આપવામાં આવી. ૨.૯૩ કરોડ લોકોને હોમિયોપેથિક દવા આપવામાં આવી અને સાથોસાથ આપણી સરકારે પુરવઠો ખોરવાય નહીં અને દરેક વસ્તુ ઉપલબ્ધ રહે એના માટે માસ્ક, સેનેટાઇઝર, કોવિડ-૧૯ને લગતી દરેક વસ્તુ જેવી કે ૪ કરોડથી વધારે થ્રી લેવય લેઝર માસ્ક, ૨૩ લાખથી વધારે એન.૯૫ માસ્ક, ૭ લાખથી વધારે સેનેટાઇઝર અને ૫ લાખથી વધારે પી.પી.ઇ. કીટની ખરીદી કરવામાં આવી તેમજ અનેક પ્રકારના ઇંજેકશનોની ખરીદી કરવામાં આવી. આજની તારીખે આપણી દરેક હોસ્પિટલમાં એન.૯૫ માસ્કનો ૭.૯૯ લાખનો સ્ટોક છે. ૩.૪૯ લાખ પી.પી.ઇ. કીટ છે અને થ્રી લેયર માસ્ક ૮૯ લાખ છે. સરકારે જે રીતે તકેદારીથી આ નિયંત્રણ માટેના પ્રયત્નો કર્યા છે એને

અભિનંદન આપું છું. રાજ્યની તમામ સરકારી અને પ્રાઇવેટ હોસ્પિટલોમાં અલાયદા વોર્ડની રચના કરવામાં આવી હતી. ખાનગી હોસ્પિટલોને પણ આના માટે હાયર કરવામાં આવી હતી. જ્યારે માતા–પિતા અને પત્ની પણ આ રોગના દર્દીને સાથે રાખવા તૈયાર ન હોય ત્યારે જે ડેડિકેટેડ વોર્ડ બનાવવામાં આવ્યા અને આવી ૩૭૦ જેટલી ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલ, ૧૦૨ ડેડીકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર અને ૩૨૦ ડેડીકેટેડ કોવિડ સેન્ટરનો સમાવેશ થાય છે. એમાં પણ ખાસ કરીને ઓક્સિજન બેડની પણ જરૂર હોય છે ત્યારે ૫૦,૪૮૯ આઇસોલેસન બેડ, ૧૫,૧૯૬ ઓક્સિજન સપોર્ટ બેડ અને ૫૦૭૦ આઇ.સી.યુ. બેડ તથા ૩૪૩૩ વેન્ટીલેટર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. આપ સારું બોલ્યા એટલે એક મિનિટ વધારે આપી.

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. વીજળીશક્તિ પરિયોજના બાબતમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે માનનીય નરેન્દ્રભાઇ મોદી, માનનીય વિજયભાઇ, માનનીય નીતિનભાઇ અને માનનીય સૌરભભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપવા ઘટે કે સવારના ૫ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી ખેડૂતોને વીજળી આપવામાં આવે છે. મને કહેવા દો કે વર્ષ ૧૯૯૫ પહેલા જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર ન હતી ત્યારે ખેડૂતોને કેટલી વીજળી આપવામાં આવતી હતી? ઇન્ડસ્ટ્રીઝમાં કેટલા દિવસનું સ્ટેગરીંગ આવતું? મને બરાબર યાદ છે કે ઇન્ડસ્ટ્રીઝમાં ૩–૩ દિવસનું સ્ટેગરીંગ આપવામાં આવતું હતું ત્યારે ખેડૂતોની વીજળીનો કોઇ પ્રશ્ન જ ઉભો થતો નથી થતો. આ વીજળી કિસાન સૂર્યોદય યોજના અનુસાર આપણે ખેડૂતોને આપવા જઇ રહ્યા છીએ. ૩૪૦૩ સરકીટ કિલોમિટર જેટલી ૬૬ કે.વી.એ.ના વીજ રેષાઓ થકી આશરે ૨૩૨ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન લાઇનો નાખી રહ્યા છીએ. કુલ ૧૧ જેટલા ૨૨૦ કે.વી.એ. સબ સ્ટેશનો અને ૧ નવું ૧૩૨ કે.વી.એ. સબ સ્ટેશન બનાવી રહ્યા છીએ. આ ઉપરાંત માળખાકીય સુવિધાઓ તબક્કાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ આપણે આપી રહ્યા છીએ. ૩ વર્ષ દરમિયાન રૂપિયા ૩૫૦૦ કરોડની નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે અને લગભગ ૩૩ જિલ્લાઓને તબક્કાવાર આમાં આવરી લેવામાં આવશે. વર્ષ ૨૦૨૦–૨૧ની અંદર દાહોદ જિલ્લાના ૬૯૨ ગામ અને ગીરસોમનાથ જિલ્લાના ૧૪૩ ગામો અને કુલ જૂનાગઢ જિલ્લાના ૨૨૦ ગામોને આવરી લેવામાં આવશે. મહીસાગર અને વધુ પંચમહાલના જિલ્લાઓને તબક્કાવાર આવરી લેવામાં આવશે. આ ઉપરાંત આ વીજળી સવારે ૯–૦૦ થી ૫–૦૦ આપના છીએ અને સિક્કાની બીજી બાજુ પણ છે. આપણે જાણીએ છીએ કે જ્યારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે આ ઇલેક્ટ્રિસિટી બાબત આપનું ધ્યાન દોરીશ. ટી.એન.ડી. લોસીસ ૩૫ ટકાથી પણ વધુ હતો અત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડથી પણ ઓછો છે. લગભગ ૨૦ ટકા ઇલેક્ટ્રિક સેવિંગ કરી રહ્યાં છીએ આના કારણે આપણે દિવસે વીજળી આપી શકવાના છીએ. આર એન્ડ બી હેઠળ આપણા જૂના જે પાવર સ્ટેશનો ૧૧૦ અને ૧૨૦ મેગાવોટના હતા એ સારા ટર્બાઇન અને જનરેટરો નવા બદલીને ૨૧૦, ૬૦૦ અને ૮૦૦ મેટાવોટના મોર્ડનાઇઝેશન કરીને આપણે ઇલેક્ટ્રિસિટી જનરેટ કરી રહ્યાં છીએ. એ સિવાય રિન્યુઅલ ગ્રીન એનર્જીના કારણે આપણે ગુજરાતની અંદર ઇલેક્ટ્રિસિટી સરપ્લસ કરી રહ્યાં છીએ. હવે મને કહેવા દો કે ખેડૂતોને છેલ્લા ૨૫ વર્ષથી રૂપિયા ૮૪૧૧ કરોડ સબસિડી આપી રહ્યાં છીએ. વર્ષ ૧૯૯૪–૯૫માં જ્યારે કોંગ્રેસની સત્તા હતી ત્યારે એનું ટોટલ જનરલ બજેટ હતું એના કરતા આજે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે ટોટલ સબસિડી આપવામાં આવે છે એ એના કરતા અનેક ગણી છે. (અંતરાય)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ડિઝલ ૨૦ રૂપિયે હતું. (અંતરાય)

શ્રી જગદીશ ઇ. પટેલ : હજુ નેતાશ્રીની વાણી બાકી છે શું કરવાને ઉતાવળા થાવ છો?

સભાપતિશ્રી : ક્રોસ ટોકિંગ ના કરો આપની વાત જ કરો.

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને રૂપિયા ૮૪૧૧ કરોડ સબસિડી છેલ્લા ૨૫ વર્ષથી આપી રહ્યાં છીએ. હું આપને એ કહેતો હતો કે કોંગ્રેસના ટોટલ જનરલ બજેટ કરતા પણ અનેકગણી ભાભભાતની સબસિડીઓ જે આખા ગુજરાતી અંદર યુવાનો હોય, મહિલાઓ હોય, એસ.એમ.ઇ.એસ.ઉદ્યોગ હોય, મોટા ઉદ્યોગો હોય, ખેડૂતો હોય, શિક્ષણ હોય કે આરોગ્ય હોય એની અંદર સબસિડીઓ આપવામાં આવે છે અને આ વખતે સરકાર દ્વારા ૪૦૦ કરોડની નાણાકીય જોગવાઇ કરીને જાન્યુઆરી ૨૦૨૧ના અંતે રૂપિયા ૩૩૧.૪૧ કરોડના ખર્ચ. ૧૮૧.૬૭ કિલોમિટર જેટલી નવી ટ્રાન્સમિશન ડિસ્ટ્રીબ્યુશનનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. ડો. આશાબેન પટેલ

ડો. આશાબેન પટેલ(ઊંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી શિક્ષણ માટે રૂપિયા ૧૪,૬૯,૯૦,૭૯,૦૦૦/–ની પૂરક માગણી ગૃહમાં લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરીને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, Education is the movement from darkness to light. શિક્ષણ ક્ષેત્રે આ સરકારે ખૂબ મોટી હરણફાળ ભરી છે. ૨૧મી સદીએ ટેકનોલોજી, જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. શિક્ષણ ક્ષેત્રે ઘણાં બધા ફેરફારોની જરૂરિયાત છે અને દરેકે સ્વીકારવા એ એટલી જ જરૂરિયાત છે. એટલા માટે નવી નવી ટેકનોલોજીની વાત આ સમાજમાં આવી રહી છે અને એટલા માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના જો ઉચ્ચ શિક્ષણની વાત કરું તો તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૨૦–૨૧માં રૂપિયા ૨૫૫ કરોડની જોગવાઇ બજેટમાં કરવામાં આવી હતી અને એમાં લગભગ ૪૨૪૩૯ વિદ્યાર્થીઓને રૂ.૧૫૭.૫૮ કરોડનો લાભ આપવામાં આવ્યો હતો. આ યોજના શરૂ થયેથી આજ દિન સુધીમાં ૨૫૯૨૮૪ વિદ્યાર્થીઓને રૂપિયા ૧,૦૭૧.૬ કરોડની

શિષ્યવૃત્તિની ફાળવણી કરવામાં આવેલી છે. આ યોજના અંતર્ગત પૂરક તરીકે એમ.બી.બી.એસ.માં અભ્યાસ કરનાર વધુમાં વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને અને જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને લાભ મળે એ માટે માનનીય મુખ્યમંત્રી કન્યા કેળવણી અંતર્ગત યોજના શરૂ કરવામાં આવી છે અત્યાર સુધીમાં ૭૨૮૧ વિદ્યાર્થીનીઓને કૂલ રૂપિયા ૧૭૪.૬૧ કરોડની સહાય આપવામાં આવેલી છે. આ યોજનાની અંતર્ગત મારે એક બીજી યોજનાની પણ વાત કરવી છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૭૩૨ વિદ્યાર્થીઓને કુલ રૂ.૬૦૭.૮૭ લાખની ફાળવણી પણ કરવામાં આવેલી છે. સરકારી કોલેજના બાંધકામની વાત કરું તો રાજ્યની સરકારી કોલેજોના મકાનના બાંધકામ અન્વયે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૧૩,૦૨૩ લાખની જોગવાઇ મંજૂર કરવામાં આવેલ છે. હાલમાં ૫૦ સરકારી કોલેજોના બાંધકામ પ્રગતિ હેઠળ છે જેથી અંદાજીત ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓને લાભ મળનાર છે. રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીઓના બાંધકામ અને રિપેરીંગ તેમજ નવીનીકરણમાં પણ ૧૪ સરકારી યુનિવર્સિટીઓના નવા ભવન બનવાના છે. અદ્યતન સુવિધાઓ પ્રાપ્ત થવાની છે અને વર્ષ ૨૦૨૦-૨૧માં નાણાકીય વર્ષમાં રૂપિયા ૬૫૪૪.૨૨ લાખની રકમ તેમજ યુનિવર્સિટીઓના જૂના ભવનોના રિપેરીંગ તેમજ નવીનીકરણ માટે રૂ. ૫૦૦ લાખની રકમ મંજૂર કરવામાં આવેલ છે. ટેકનિકલ શિક્ષણની પણ વાત કરું તો આઇ.સી.ટી. એમ્પાવર્ડ થઇ રાજ્ય અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી શકે તેવા હેતુથી ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ઉત્તીર્ણ થનાર ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીઓમાં સ્નાતક તેમજ ડિપ્લોમા કક્ષાના વિદ્યાર્થીઓ માટે ૧૦૦૦ રૂપિયાના ટોકન દરે ન.મો.ઇ ટેબ્લેટ પણ વિતરણ કરવામાં આવ્યા છે અને એ માટે વર્ષ ૨૦૧૭-૧૮ના અમલમાં મૂકવામાં આવેલ ટેબ્લેટ યોજના અન્વયે લગભગ ૮.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૦-૨૧ માટે તાજેતરમાં રૂ. ૨૦૦ કરોડની વહીવટી મંજૂરી મળેલ છે. ટેબ્લેટની ખરીદી માટે પણ ટેન્ડરની પ્રક્રિયા કરવામાં આવેલ છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું અને માનનીય મંત્રીશ્રીએ રૂપિયા ૧૩૪૯૩ કરોડની જે જોગવાઇ કરી છે અને વર્ષ ૨૦૨૨ સુધીમાં શહેરી વિકાસના નિર્માણ અર્થે રૂપિયા ૯૦૦ કરોડ તેમજ સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓને સ્માર્ટ સીટી અંતર્ગત રૂપિયા ૭૦૦ કરોડની જોગવાઇ તેમજ વિશેષ કહું તો અમદાવાદ અને ગાંધીનગર, સુરત શહેર, રાજકોટ મેટ્રો રેલ કોર્પોરેશન જી.એમ.આર.સી. લિમિટેડ હેઠળ રૂપિયા ૫૬૮ કરોડની જે જોગવાઇ કરવામાં આવી છે એમાં હું મારું અનુમોદન આપું છું અને સાથે તમામ સભ્યોને આમાં અનુમોદન આપવા માટે પણ વિનંતી કરું છું. કોઇપણ શહેર કે રાજ્યનો વિકાસ કરવો હોય તો એનું પ્લાનીંગ કરવું જોઇએ અને શહેરના વિકાસ માટે એનો બેઝ ગણીએ તો એ ટાઉન પ્લાનીંગનું નિર્માણ અને એનું અમલીકરણ થવું જોઇએ અને એ અમલીકરણમાં હું સાચા અર્થમાં કહું તો મને લાગે છે કે આખા દેશની અંદર ગુજરાતની અંદર જે ટાઉન પ્લાનીંગનું અમલીકરણ થયું છે એ આખા દેશ માટે એક ઉદાહરણ પૂરું પાડ્યું છે માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારે. આ બધી ટાઉન પ્લાનીંગ, ટી.પી.ઓ.ની જે કપાત થાય અને કપાત થઇને લોકોના વિકાસ માટે જે જગ્યાઓ મળે આ બધું ત્યારે શકય બન્યું છે કે સુરતની અંદર એક મોટું નજરાણું આવી રહ્યું છે સુરત હીરા બુર્સ. એશિયાઇ લેવલમાં કોઇ જગ્યાએ આ પ્રકારનો પ્રોજેક્ટ ન હોય એવો પ્રોજેક્ટ આવી રહ્યો છે અને મેટ્રો ટ્રેનની વાત કરું એ પણ એવું છે કે લોકોને દિલ્હીમાં બેસવા જવું પડતું હતું હવે ટૂંક સમયમાં અમારા સુરતમાં આવવાનું છે. સુરતમાં જયારે આવવાનું છે ત્યારે પહેલા તબકકામાં ૪૦ કિલોમીટરનો જે પ્લાન છે એની અંદર લગભગ ૬.૪૭ કિલોમીટર એ ભૂગર્ભની અંદર ટ્રેન ચાલવાની છે. આના માટે કહીએ તો જગ્યાની ફાળવણી દરેક જગ્યાએ ટી.પી. સ્કીમ આમાં મહત્વની ભૂમિકા ભજવે છે. દા.ત. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવો હોય તો પણ જગ્યા જોઇએ, રસ્તા પહોળા બનાવવા હોય તો પણ જગ્યા જોઇએ, કોઇપણ વાચનાલય હોય, બગીચા હોય, ટાઉન પ્લાનીંગ તુરત કરવું પડે અને ઝડપી થવું પડે, આગોતરું થવું પડે. વરસાદી પાણીથી લઇને ડ્રેનેજની લાઇન, પીવાના પાણીની લાઇન લઇ આ બધી જ વસ્તુઓનું નેટવર્ક બિછાવી શકાય અને આના માટે જે છેલ્લા ત્રણ વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીસાહેબની સરકારે જે પગલાં લીધાં છે, આગોતરું આયોજન કર્યું છે એમને પણ હું સુરતનું પ્રતિનિધિત્વ કરું છું ત્યારે હ્રદયથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ જગ્યા મળવાથી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપના તુરત જ કરવામાં આવી. સુરતની અંદર લગભગ પાણીનું બ્લીચ કરીને મોટી રકમ ૧૪૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ અમે પાણી વેચીને ઉદ્યોગોને પાન્ડેસરા અને સચિન જેવી જી.આઇ.ડી.સી.ને વેચીને રૂપિયા ૧૪૦ કરોડ જેવા મેળવ્યા છે અને લોકોના જીવનની સુખાકારી માટે આ પૈસા વાપરવામાં આવે છે. આગળ વધારે વાત કરીએ તો જે વરસાદી પાણીની લાઇન, નેટવર્ક એ પણ ગુજરાતમાં સાથે વધારેમાં વધારે છે આ તમામ સુવિધાઓ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિશ્વ મહિલા દિન નિમિત્તે હું વિશ્વની સૌ મહિલાઓમાં રહેલી અપરંપાર શક્તિને વંદન કરું છું અને આત્મનિર્ભર ગુજરાતમાં મહિલાઓ આત્મનિર્ભર બને એવી શુભેચ્છાઓ બધાને આપું છું. આપ સૌનો આભાર.

( વિરામ - બપોરના ૨-૩૦થી ૩-૦૦)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાણામંત્રીશ્રી વિવિધ વિભાગોની પૂરક માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે, ત્યારે તે અંગેના કેટલાક મારાં સૂચનો અને વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આત્મ નિર્ભર યોજનાનો સમાવેશ થયો છે કે નહિ તેની મને ખબર નથી, પણ ગઇ વખતે આત્મનિર્ભર યોજનાની જ્યારે જાહેરાત થઇ અને ખેડૂતો પોતે આત્મનિર્ભર બનવા માટે સરકારની ઇ-પોર્ટલ ઉપરની જાહેરાતના કારણે કૃષિલક્ષી સાધનો જે ખરીદ્યાં, જેમાં ટ્રેક્ટર હોય, મીની ટ્રેક્ટર હોય, કલ્ટીવેટર હોય પણ મારે ત્યાં છોટાઉદેપુર જિલ્લામાં લગભગ ૧૮૦ જેટલા ખેડૂતોને રોટાવેટરની

સહાય આપવાની બાકી છે. એના માટેની રકમની જોગવાઇ કરી હોત તો પણ ખેડૂત પુત્ર નાતે હું આ માગણીને અનુમોદન કરી શક્યો હોત. એની જોગવાઇ નથી થઇ. ખેડૂતો બૂમો પાડે છે. અમને હજુ સહાય મળી નથી. કેટલાકે લોન લીધી છે, એનું વ્યાજ ચાડ્યું છે. વ્યાજ રાહતમાં સહાય ચૂકવી હોત તો આનંદ થયો હોત. એના માટે પૈસા માગ્યા હોત તો અનુમોદન આપી શકત. અમારા જિલ્લાનો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રી ધ્યાન આપે કે અમારા આદિવાસી ખેડૂતોને સહાય ચુકવવાની બાકી છે.

હેલ્થની વાત કરીએ તો મંત્રીશ્રી હેલ્થ અને હેલ્થ વિભાગના સ્ટાફને અભિનંદન આપવા પડે. કોરાના મહામારીના સંક્રમણથી બચવા મોડાં તો મોડાં પણ સારાં પગલાં લીધાં અને સારાં પગલાં લેવાનાં કારણે ગુજરાતમાં જે જાનહાનિ થઇ તે ઓછી થઇ. આ જાનહાનિમાં આદિવાસી વિસ્તાર પણ બાકાત નથી અને એમાં જે પગલાં લેવાવાં જોઇએ તે સરકારે લીધાં છે. અમારે ત્યાંના દવાખાના એ છોટા ઉદેપુર હોય, કવાંટ હોય કે બોડેલી કે જેતપુર હોય એમાં કામ કરતો સ્ટાફ એ અપૂરતો સ્ટાફ છે, એના માટે જોગવાઇ કરી હોત, એના માટે રકમ માગી હોત તો આનંદ થાત. ૧૧ મહિનાના કરાર આધારિત જગ્યા ભરાય છે, એના માટે ખર્ચ થશે એટલા માટે પૈસાની માગણી કરી હોત તો લેખે લાગત. આદિવાસી વિસ્તારમાં સ્ટાફ નર્સ, ડોક્ટર, અન્ય સ્ટાફે સારી કામગીરી કરી છે. ૧૦૮ની એમ્બ્લુયન્સની સેવા આપનાર ડ્રાઇવરની કામગીરીને બિરદાવીએ. રાત-દિવસ કોઇપણ જાતના થાક થકાન વગર ૧૦૮ એમ્બ્યુલન્સને ચાલુ રાખી છે. એના થકી કોરાનાના કે અન્ય રોગથી પીડાતા દર્દીઓની સેવા કરી છે.

પ્રાથમિક શિક્ષણની બાબતમાં લગભગ ૧૪૭૦ કરોડ રૂપિયાના અનુદાનની માગણી આવી છે. ગઇ વખતે કહ્યું હતું કે આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શાળાના ૧૭,૦૦૦ જેટલા ઓરડા ખૂટે છે. આ વખતે અમારા ધારાસભ્યના પ્રશ્નનો સરકારે જવાબ આપ્યો છે કે હજુ ઓરડાની ઘટ છે. એ ઓરડા બનાવવા માટે અથવા એ ઓરડા બનાવીને દીધા હોત અને એના માટે ખર્ચ થયો હોત તો લેખે લાગત. પણ મને દુઃખ છે કે આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું સ્તર સુધારવું જોઇએ તે સુધરતું નથી. ઓરડાની ઘટના કારણે, શિક્ષકોની ઘટના કારણે આ કામ થયું નથી. આ શિક્ષણ વિભાગની માગણી છે એ માગણીને હું અનુમોદન આપી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં વીજળી શકિત પરિયોજનાઓ માટે મોટી કંપનીઓ પાસેથી આપણે લોન લીધી હોય, તેને મૂડી આપી હોય અથવા સહાય આપવાની વાત થઇ હોય તેવું દેખાય છે. આદિવાસી વિસ્તારના જે ખેડૂતો છે તે પોતાના ખેતર પર કૂવાની અંદર અથવા તો બોરની અંદર મોટર મૂકીને બેઠા છે, વીજળીના કનેકશનનો ચાર્જ ભરીને બેઠા છે પણ ખેતર સુધી લાઇટના થાંભલા નખાયા નથી. તેના ટી.સી. નખાયા નથી. ટી.સી. અને આવી વીજળીની લાઇનો નખાઇ ગઇ હોત અને તેનો ખર્ચ થયો હોત તો તેનો અમને આનંદ થયો ઓત. આ વધારાનો ખર્ચ ખેડૂતો માટે કર્યો છે તેવું કર્યું હોત તો અમે સરકારને અનુમોદન આપતા. પરંતુ આ જે ખર્ચ કર્યો છે તે મોટી કંપનીઓએ અણધારેલી આફતમાં આપણને જે મદદ કરી છે તેને સહાય કે મૂડી પેટે આ પૈસા આપવાની વાત લઇને આ સરકાર આવી છે. મારે ત્યાં અણધારી આફત જેને કહેવાય કે, આગ અકસ્માત થાય અને ખેડૂતોના મકાન બળી જાય તથા ઘરવખરી નષ્ટ પામે ત્યારે અમે અમારી રીતે ટી.એસ.પી.ની મિટિંગમાં તેની જોગવાઇ કરતા હોઇએ છીએ. પરંતુ અમારો પનો ત્યાં ટૂંકો પડતો હોય છે. આગ અકસ્માતમાં કોઇ નુકસાન થયું હોય અને કોઇનું મરણ થયેલ હોય તો તેના માટે સરકારશ્રીએ વધારાનો ખર્ચ કર્યો હોય અને તે આ પૂરક માગણીમાં લાવ્યા હોત તો તેનો આનંદ થાત. માનનીય નાણાંમંત્રીશ્રી આદિવાસીઓના ઘર તે તેના માટે મહામૂલી સંપત્તિ હોય છે. તેને લાકડાનું મકાન બનાવવું, નવું મકાન બનાવવું હવે બહુ અઘરું છે. તેવા સમયે એસ.સી., એસ.ટી., બક્ષીપંચ, લઘુમતિ હોય કે કોઇ પણ હોય તેના મકાનો બળી જાય છે તેમાં સહાય આપવી જોઇએ.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નં.૯ લઇને માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને તેનું સમર્થન કરું છું. સરકારી અને બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા સળંગ એકમ અંતર્ગત રાજય સરકારના ફેસલેસ વહીવટના ભાગરૂપે બિનસરકારી શાળાઓમાં વર્ગ મંજૂરી માટે વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૬૨૧ દરખાસ્તો ઓનલાઇન અત્રેની કચેરીને મળી હતી. જે પૈકી સંપૂર્ણ ઓનલાઇન પદ્ધતિથી ૨૭૩ દરખાસ્તોને વર્ગ મંજૂરી આપવામાં આવી છે. સરકારી શાળાઓમાં વર્ગ મંજૂરી માટે કુલ ૧૩૪ દરખાસ્તો અત્રેની કચેરીને મળી હતી તે પૈકી ૧૨૭ દરખાસ્તો મંજૂર કરી વર્ગ વધારાની મંજૂરી આપવામાં આવેલ છે. રાજ્ય સરકારના ફેસલેસ વહીવટના ભાગરૂપે સંપૂર્ણ ઓનલાઇન અને પારદર્શક પદ્ધતિથી એકપણ ઉમેદવારને વડામથકે રૂબરૂ બોલાવ્યા સિવાય સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૧૯૫૮ શિક્ષકો, ૬૫૮ વિષય નિષ્ણાત શિક્ષણ સહાયકોની ભરતી પૂર્ણ કરેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યની સરકાર અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો પુરા પાડવામાં આવ્યા છે. રાજયમાં શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહન ઇનામ યોજના અંતર્ગત સન ૨૦૨૧માં રાજ્યની ૬૨ શાળાઓને ૭૨ લાખના ઇનામોનો લાભ આપવામાં આવ્યો છે. વિદ્યાર્થી પહેલ યોજનામાં ૫૨૮ શાળાઓને લાભ આપવામાં આવ્યો છે. રાજયની સરકારે વિજ્ઞાન પ્રવાહ લેબોરેટરી સાધન સહાય યોજનામાં ૩૨ લાખના સાધનો આપવામાં આવ્યા છે. કોરોનાની મહામારીના લીધે સરકારશ્રીની કક્ષાએ શાળાઓ બંધ કરવાનો જે નિર્ણય લીધો તેમાં તમામ પ્રાથમિક શાળાઓમાં તથા તાલુકામાં પણ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો બંધ રહેલા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આ પરિસ્થિતમાં ધોરણ ૧ અને ૮ના તમામ વિદ્યાર્થીઓને અનાજ આપવાનો સંવેદનશીલ સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજયની ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ માટે ૫૬૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત ઉંચ શિક્ષણ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, હોસ્ટેલ ફી, ભોજન ખર્ચ સહિતની શિષ્યવૃત્તિ આપવા રાહત આપવામાં આવી છે. ૧૧ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓને એસ.ટી. બસ ફી

પાસ કન્સેશન આપવામાં આવેલ છે. કોલેજના પ્રથમ વર્ષમાં આવતા વિદ્યાર્થીઓને નમો ટેબ્લેટ આપવામાં આવે છે. રાજ્યની ૨૦૦૦ શાળાઓમાં વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધા રૂપિયા ૨ કરોડને ખર્ચે આપવામાં આવેલ છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી અને રાજ્યના નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ શહેરી વિકાસનું બજેટ લઇને આવ્યા જેમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવનારું સસ્ટેઇનબલ ડેવલપમેન્ટ સાથે સર્વવ્યાપી બજેટ રજૂ કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને હું મારા હૃદયથી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ અભ્યાસું નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટ ગુજરાતની વિકાસ યાત્રામાં નવા પ્રાણ પુરનાર સર્વસ્પર્શી, સર્વમાવશ્યક, લોકોપયોગી અને વિકાસ માટે નાણાનો ધોધ વહેડાવનારું બજેટ છે એમ કહું તો કંઇ ખોટું નથી. કોરોનાની મહામારી સામે સમગ્ર વિશ્વ સંઘર્ષ કરી રહ્યું છે એવા સમયે ગુજરાતના લોકોની આરોગ્યની ચિંતા કરી આ સરકારે કોરોનાના સંક્રમણને અટકાવવાની સાથે ગુજરાતના વિકાસને અટકવા દીધો નથી પૂર્ણ મક્કમતાથી આગળ ધપાવ્યો છે. કોરોનાની મહામારી વચ્ચે સતર્કતા રાખવાની સાથે સાથે વિકાસ કામો અને લોકહિતના કાર્યોની ગતિ ગુજરાતે જાળવી રાખી છે જેના આપણે સૌ સાક્ષી છીએ. રાજ્યના શહેરો અને નગરોને ઝૂંપડપટ્ટી મુક્ત કરવા અને શહેરી વિસ્તારમાં શહેરી ગરીબો અને મધ્યમ વર્ગના લાભાર્થીઓને વાજબી કિંમતના આવાસો પૂરા પાડવાના ઉમદા હેતુ સાથે તેમજ હાઉસીંગ ફોર ઓલ વર્ષ ૨૦૨૨ના લક્ષ્યાંકને સિદ્ધ કરવા કેન્દ્ર સરકારની નીતિને અનુરૂપ રાજ્ય સરકાર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. આ વર્ષના બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ રૂપિયા ૧૩૪૯૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. દરેક માનવીને ઘરના ઘરનું એક સ્વપ્નુ હોય છે, દરેક વંચિત માનવીનું એ સ્વપ્નું સાકાર કરવા પ્રધાનમંત્રી આવાસ અને મુખ્યમંત્રી આવાસ યોજના આશીર્વાદરૂપ બની રહી છે. રાજ્યના ગરીબ, વંચિત, શોષિત અને ઘર વિહોણા લોકોને પાકું સુવિધાયુક્ત આવાસ છત્ર મળે એ માટે રાજ્ય સરકારે પી.એમ. આવાસ યોજના અને સી.એમ. આવાસ યોજના અન્વયે અનેક આવાસોનું નિર્માણ કર્યું છે. આ બજેટમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં શહેરી વિસ્તારમાં સૌને આવાસ ઉપલબ્ધ કરાવવા નવા ૫૫ હજાર આવાસોના નિર્માણ અર્થે સહાય પેટે રૂપિયા ૯૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઇન-સીટુ સ્લમ ડેવલપમેન્ટ દરેક ઘટક હેઠળ કુલ ૭૫૧૯૫ આવાસ મંજૂર કરવામાં આવેલા જેમાંથી ૧૨૮૫૦ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને બાકીનાની કામગીરી પ્રગતિ હેઠળ છે. માનનીય અધ્યક્ષશ્રી, ક્રેડીટ લિંક સબસિડી સ્કીમ અંતર્ગત શહેરી વિસ્તારોમાં ૨૦૦ ચોરસ મીટર સુધીના પ્રથમ આવાસ માટેની લીધેલી લોન પર રૂપિયા ૨.૬૭ લાખ સુધીની વ્યાજ સહાય આપવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણું છું કે અત્યારે મારે ઇન્ટરવીન થવાય નહિ, પણ માનનીય સભ્યશ્રીઓ જ્યારે અહીંયા પૂરક માગણીઓ ઉપર ગંભીરતાથી સૂચનો કરતા હોય, ફરિયાદ કરતા હોય તો નાણાંમંત્રી તરીકે મારી જવાબદારી છે કે એને મારે ગંભીરતાથી લેવું. પરંતુ એનો અર્થ એવો નથી કે, માનનીય સભ્યશ્રીઓ પોતાના અભ્યાસ વગર, માહિતી વગર, જાણકારી વગર ખાલી બોલવા ખાતર બોલી અને પોતાની વાત રજૂ કરે. માનનીય વિરજીભાઇ ઠુમ્મરે એમના પ્રવચનમાં એમ કહ્યું કે, મારા અમરેલી જિલ્લાની હોસ્પિટલોમાં કૂતરા કરડવાની સામે રક્ષણ આપતી હડકવાની રસી એકપણ ઉપલબ્ધ નથી. વિરજીભાઇ, મેં માહિતી મંગાવી તો તમારે ત્યાં ૧,૫૦૦ વાયલનો જથ્થો અમરેલીમાં ઉપલબ્ધ છે એટલે ખાલી ખાલી બોલવા ખાતર બોલી અને તમે તમારા જ્ઞાનને પ્રદર્શિત મહેરબાની કરીને ના કરશો. માહિતી લાવો, જાણો અને હોય તો કહો હું દરેકની વાતને ગંભીરતાથી લઉં છું.

માનનીય પુંજાભાઇ વંશે જે અમારા આઉટસોર્સીંગના કર્મચારીઓનો પગાર નહોતો થયો એવું પરમ દિવસે કહ્યું હતું, મેં તરત જ માહિતી માગી, એમની માહિતી સાચી હતી, મેં રાત્રે હોસ્પિટલ ખોલાવીને આર.ડી.ડી.ને મોકલી રાત્રે ને રાત્રે એ કર્મચારીઓને પગાર ચૂકવી આપ્યો એ રીતેની અમારી આ સરકાર છે. અમે સંવેદનશીલથી ધારાસભ્યોની લાગણીને અને આપના અધ્યક્ષસ્થાનવાળી વિધાનસભાને ખૂબ ગંભીરતાથી લઇને કામ કરીએ છીએ. એટલે મનમાં આવે એવું બોલવાનું કામ શ્રી વિરજીભાઇ, હવે કદી ના કરતા અને મારા વિભાગમાં તો કરતા જ નહિ.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરેલ પૂરક માગણીમાં હું મારા વિચારો રજૂ કરું છું. સહકારી પ્રવૃત્તિ ગુજરાત રાજ્યના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. સહકારી ક્ષેત્ર આપણા દેશનું મોડેલ રાજ્ય ગણાય છે અને વિરજીભાઇ મારા મિત્ર જ્યારે બોલવા પૂરતું જ બોલતા હોય તો એમને બજેટમાં આંકડા જોવા જોઇએ કે ૦ ટકાએ ૧૧૦૦ કરોડ રૂપિયા જેવી મોટી રકમ ખેડૂતોને અર્પણ કરેલી છે. શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇનું બજેટ હંમેશ માટે પારદર્શક હોય છે અને દરેક વિભાગવાઇઝ એ બજેટ હોય છે. સહકારી પ્રવૃત્તિને કાર્યરત કરવા માટે ગુજરાત રાજ્યમાં ખાંડ ઉદ્યોગમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અંદાજિત ૪,૫૦,૦૦૦ ખેડૂતોને એનો લાભ મળે છે. સિઝનલ હિત માટે નાણાં વિભાગ મારફતે તમામ સહાય પૂરી પાડવામાં આવે છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીજી કેન્દ્રમાં આવ્યા પછી ૩,૧૦૦ રૂપિયા લઘુત્તમ ભાવ નક્કી કરવામાં આવ્યો. ખેડૂતોને ખાંડ-સુગરની અંદર એનું પ્રોસેસીંગ, એના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો, આ બાબતમાં સરકારે એની ચિંતા કરી છે. ખેડૂતોને માટે ખૂબ મોટા પ્રમાણમાં બજેટમાં પણ આયોજન કરેલું છે. મારા રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ રજૂઆત કરી અને શ્રી નીતિનભાઇ તો સહકારી ક્ષેત્ર હોય કે અન્ય કોઇપણ બજેટ હોય એ હંમેશને માટે આપતા આવેલા છે. એ રૂપિયા ૨૫.૪૧ કરોડની જોગવાઇ માટે હું સમર્થન કરું છું. અને આ યોજનાનો પ્રત્યેક લાભ શેરડી પકવતા ખેડૂતને મળે છે અને મને એ વાતનો પણ આનંદ છે કે, લાંબા ગાળાની સોફ્ટ લોન, વ્યાજ

સહાયમાં ૨૩ કરોડ રૂપિયા જેવી રકમ ચૂકવવામાં આવેલ છે. ખાંડ ઉદ્યોગની સહકારી મંડળીઓ સક્ષમ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એની નીતિઓમાં હંમેશા સુધારા વધારા કરતા હોય છે. ખેડૂતોની શ્રી વિરજીભાઇ વાત કરતા હતા પણ મારે આજે આનંદ સાથે કહેવું પડે છે કે, એક બે રાજ્ય સિવાય સમગ્ર દેશમાં કોઇ ખેડૂત કોઇ શબ્દ બોલવા તૈયાર નથી. શ્રી નરેન્દ્રભાઇ મોદીને લોકો સમર્થન કરે છે અને તમે પણ તાલુકા અને જિલ્લા પંચાયત ખોઇ કાઢેલી છે હવે આથી વિશેષ તમારી પાસે કંઇ રહ્યું જ નથી તેથી હવે એ.પી.એમ. ના બહાના કાઢો નહિ. આ ફેઇલ ગયું, આનું ખોટું થયું, મિત્રો એવું નથી. સુગર ફેક્ટરીઓની પણ ચિંતા આ સરકારે કરેલી. મેં હમણાં કહ્યું તેમ ૦ ટકાએ લોન રૂપિયા ૩ લાખ સુધીની લોન આપવામાં આવે છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉપ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઉપર ૧૦૨ નંબરની પૂરક માગણી લઇને જે આવ્યા છે તેના ઉપર હું મારા થોડાંક વિચારો રજૂ કરવા ઇચ્છું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના કહેવા મુજબ મહાનગરપાલિકાઓની અંદર અને નગરપાલિકાઓની અંદર વાણિજય મિલકત વેરો તેમા જે ૨૦ ટકાની છૂટછાટ આપવામાં આવી છે તે આવકાર્ય છે પણ સાથે સાથે આ કોરોનાના કપરા કાળની અંદર મહાનગરની અંદર કે નગરપાલિકાઓની અંદર ખાસ કરીને રહેઠાંણ મિલકત વેરામાં જો થોડીક છૂટછાટ આપવામાં આવી હોત તો હું માનુ છું કે છેવાડાના માનવી સુધી તેનો લાભ મળત. કારણ કે આ કોરોનાનો કપરો કાળ એ માત્ર મહાનગરોને જ સ્પર્શ્યો હોય એવું નથી, માત્ર નગરપાલિકાઓને જ સ્પર્શ્યો હોય એવું નથી, માત્ર નાના ગામડાંઓને જ સ્પર્શ્યો હોય એવું નથી એ છેવાડાના માનવીને પણ જયારે સ્પર્શ્યો છે ત્યારે વાણિજયની સાથે સાથે રહેણાંકની મિલકત જે છે તેને પણ આપણે જો છૂટછાટ આપીશું તો એ લોકો માટે પણ ઘણું બધુ આવકાર્ય રહેશે એવુ હું માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા ડાયમંડ સંશોધન અને મર્કન્ટાઇલ સીટી કંપની લિમિટેડ માટે શેરમૂડીની ચિંતા કરીને અંદાજે ૩૫ કરોડ રૂપિયાની પૂરક માગણી આ બાબતમાં પણ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું એક સૂચન કરું છું, એ વિનંતી કરું છું અને એક માગણી પણ કરું છું કે આ ડાયમંડ સાથે સંકળાયેલા લોકો આખા ગુજરાતમાં અંદાજે ૨૫ લાખ પરિવારો આ વ્યવસાય સાથે હીરા ઘસવાનું કામ કરે છે તો આવા લોકો ઉપર મહાનગરપાલિકાઓ જે વ્યવસાય વેરો જે લે છે એટલે કે પ્રોફેશનલ ટેક્સ જે લે છે તેને આપણે માફ કરવો જોઇએ કે જેથી કરીને એ પરિવારો પણ ખૂબ ગંભીરતાથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવી શકે. આવા રત્ન કલાકારો જે છે તે મોટાભાગે સુરતમાં વસે છે. સુરત જે છે તે આ રાજયનું આર્થિક પાટનગર છે. આર્થિક પાટનગરની અંદર વસતા આવા પરિવારો જે સવારથી સાંજ સુધી મહેનત કરીને પોતાના પરિવારનું જે ગુજરાન ચલાવે છે તેના માટે મારે અને તમારે કંઇક કરવું પડશે, આગળ આવવું પડશે અને એટલા માટે આગળ આવવું પડશે આમ તો ખરેખર આ કામદારો જે છે તે મજૂરની વ્યાખ્યામાં આવે છે. સરકારશ્રી દ્વારા એમને અન્યાય કરવામા આવે છે એવુ કદાચ હું નહીં કહું પણ આવા કામદારોને મજૂરની વ્યાખ્યામાં આવે છે તેમ છતાં પણ તેમને મજૂરોના લાભો મળતાં નથી અને ઉલટાના આ વ્યવસાય વેરા મારફતે આપણે તેમની પાસેથી જે પૈસા લઇએ છીએ એટલે કે મહાનગરપાલિકાઓ જે લે છે તે બાબતની અંદર જો ગંભીરતાથી વિચારીને આવા પરિવારોનું આપણે જોઇશું તો ચોક્કસપણે આખા ગુજરાતની જે હક્રીની રીડ જેને આપણે કહી શકાય એટલે કે રત્ન કલાકારો આ રત્ન કલાકારો માટે પણ સરકારશ્રીએ કંઇ કર્યું કહી શકાય. આમ તો મહાનગરપાલિકાઓની અંદર અમારી કોંગ્રેસે જોઇ એવો દેખાવ કર્યો નથી અને એમા પણ સુરતમાં તો ખાતું પણ ખોલાવ્યું નથી તેમ છતાં પણ એક ધારાસભ્ય તરીકે, સૌરાષ્ટ્રના ધારાસભ્ય તરીકે અને સુરત સાથેના કનેકશનના હિસાબે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરી રહ્યો છું કે આગામી સમયની અંદર આવી પૂરક માગણીઓ પણ જો લઇને આવીએ તો હું એવુ માનુ છું કે આખો કોંગ્રેસ પક્ષ આપની સાથે રહેશે અને જે જરૂરિયાત છે આવા રત્ન કલાકાર પરિવારની તેની પણ ચિંતા કરી કહેવાશે એટલે આવનારા સમયની અંદર આવી પૂરક માગણીઓમાં રત્ન કલાકારો માટે પણ સુરત સહિત તમામ મહાનગરોના રત્ન કલાકારો માટે પણ આપણે આગળ આવીએ જેથી કરીને તે પણ આપણું અવિભાજ્ય અંગ છે અને આપણું અવિભાજ્ય અંગ તે કોઇ પણ શહેર હોય, કોઇ પણ ગ્રામ્ય હોય, કોઇ પણ ઔદ્યોગિક એકમ હોય, કોઇ પણ હીરાઘસુ હોય, કોઇ પણ મજૂર વર્ગ હોય તેના માટે આપણે કંઇકનું કંઇક કર્યું કહેવાશે. આપ સૌનો આભાર.

અધ્યક્ષશ્રી : આપને કંઇ કહેવું હોય તો હજુ આપની પાસે બે મિનિટ છે, ધન્યવાદ.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ગુજરાત અને સમગ્ર દેશની નારીશક્તિને હું વંદન કરું છું, અભિનંદન આપું છું. સ્ત્રી એટલે વાત્સલ્ય, સ્ત્રી એટલે માંગલ્ય, સ્ત્રી એટલે માતૃત્ત્વ, સ્ત્રી એટલે કર્તુત્ત્વ અને એવું જ એક કર્તવ્ય નિભાવનાર, જેમનો પરમદિવસે એટલે કે ૧૦ માર્ચના રોજ સ્મૃતિ દિવસ છે એવા માતૃશ્રી સાવિત્રીબાઇ ફૂલેજીને આજે હું ચોક્કસ યાદ કરીશ. જેમણે દેશની મહિલાઓના શિક્ષણ માટે ખાસ કરીને ગરીબ સમાજની દીકરીઓના શિક્ષણ માટે સંઘર્ષ કરી અને સમાજમાં પણ એમને સન્માન મળે એ માટે એમણે કાર્ય કર્યું હતું એટલે આજના દિવસે હું એમને અંત:કરણપૂર્વક યાદ કરીને વંદન કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સન્માનનીય ગૃહ સમક્ષ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક માગણી ક્રમાંક – ૩૯, વર્ષ ૨૦૨૦–૨૧ની પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપીને વિચારો રજૂ કરું છું. આરોગ્ય એક એવી બાબત છે જે જીવન–ધોરણની પહેલી પ્રાથમિકતા છે. ગયું વર્ષ આપણા સૌ માટે એક એવું વર્ષ હતું કે કોરોનાની વૈશ્વિક મહામારીમાંથી આપણે સૌ પસાર થયા અને જેમાં વિશ્વનો એક પણ ખૂણો બાકી નથી રહ્યો. એવી પરિસ્થિતિમાંથી આપણે પસાર થયા ત્યારે રાજ્ય સરકાર દ્વારા અનેક ત્વરિત નિર્ણયો લેવામાં આવ્યા છે ત્યારે આ કોરોનાની

પરિસ્થિતિમાં રાજ્યમાં હવાઇ માર્ગે કે જમીન માર્ગે આવનારા તમામ મુસાફરોનું સર્વેલન્સ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજ્યના તમામ ચેકપોસ્ટ પર આરોગ્યની ટીમ દ્વારા તમામ વાહનોના મુસાફરોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે. જેનો મોટાભાગનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરેલ છે. કોરોનાની બિમારી એક એવી બિમારી છે કે જ્યાં વ્યક્તિ વ્યક્તિથી દૂર થયા છે. બાળક માતા-પિતાથી દૂર થયા છે. ભાઇ-ભાઇથી દૂર થયા છે. એવી પરિસ્થિતિમાં અનેક કાર્યો થયા છે. આ દરમિયાન તા.૧૩/૩/૨૦૨૦ના રોજ રાજ્યના તમામ જિલ્લા કોર્પોરેશને કુલ ૧૮૦ જેટલા રેપીડ રિસ્પોન્સ ટીમના સભ્યો કે જેમાં ફિઝીશીયન, માઇક્રો બાયોલોજીસ્ટ અને જિલ્લા સર્વેલન્સ અધિકારીનો સમાવેશ થાય તેવા અધિકારી અને ઇન્ફેક્શન કંટ્રોલ નર્સને અમદાવાદ ખાતે કોરોના વાઇરસ અંગેની રાજ્યકક્ષાની ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ આપવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા કોવિડ-૧૯ ટેસ્ટીંગ કીટના ભાવમાં ઘટાડો થતા સામાન્ય જનતાને આ ઘટાડાનો લાભ મળી રહે તે માટે ખાનગી લેબોરેટરી માટે કરવામાં આવતા ટેસ્ટના ચાર્જમાં રૂપિયા ૧૫૦૦ પ્રતિ ટેસ્ટથી ઘટાડો કરીને રૂપિયા ૮૦૦ પ્રતિ ટેસ્ટ કરીને અને જો ઘરેથી કલેક્શન કરવામાં આવે તેવા રૂપિયા ૧૧૦૦ પ્રતિ ટેસ્ટ કરવામાં આવેલ છે. હાલની કોવિડ - ૧૯ મહામારીની ગંભીર પરિસ્થિતિમાં કોરોના વાયરસના દર્દીઓ માટેની જીવનરક્ષક દવાઓ, સાધનો, પી.પી.ઇ. કીટ, એન ૯૫ માસ્ક, ત્રીપલ લેયર માસ્ક, વેન્ટીલેટર તથા જરૂરી સાધન-સામગ્રી તથા કોરોનાના વાયરસના પરીક્ષણ માટેની જરૂરી ટેસ્ટીંગ કીટ પૂરી પાડવાની કામગીરી કરવામાં આવેલ છે. કોરોના વાયરસના દર્દીઓ માટે ઉપયોગી જીવનરક્ષક દવાઓ પૈકી ઇન્જેક્શન tocilizumab, ઇન્જેક્શન Remdesivir, ઇન્જેક્શન itolizumab, ટેબલેટ Fevipiravir તથા અન્ય જરૂરી દવાઓ સમયસર મળી રહે અને દર્દીઓને દવાઓ વગર મુશ્કેલી ન પડે તેની સતત કાળજી રાખી સઘન પ્રયત્નો કરવામાં આવેલ છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની પૂરક માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. સમગ્ર ગુજરાત રાજ્ય શહેરી વિસ્તાર સાથે ખૂબ જ અગ્રેસર છે. રાજ્યની ૪૫ ટકા જેટલી વસતી શહેરોમાં વસી રહી છે ત્યારે રાજ્યમાં આઠ મહાનગરપાલિકાઓ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, જામનગર, ગાંધીનગર છે. આજે આ મહાનગરપાલિકાઓમાં અનેક સમસ્યાઓ, અનેક વિકટ પરિસ્થિતિ એના વિકાસને લઇને ઉદભવી છે. જ્યારે માનનીય મંત્રીશ્રીએ આ કાપદરખાસ્તમાં આત્મનિર્ભર પેકેજ યોજનાની જે જાહેરાત કરી છે ત્યારે વૈશ્વિક મહામારી સમયે સમગ્ર દેશમાં, સમગ્ર રાજ્યમાં સરકારે અનેક રાહતો જાહેર કરી છે. રાજ્યમાં ધંધા રોજગારની પરિસ્થિતિમાં અનેક મુશ્કેલીઓ અનુભવી છે. અનેક ધંધા રોજગાર આ મહામારીની સામે બંધ પડ્યા છે, લોકોની નોકરીઓ જતી રહી છે, અનેક યુવાનો બેકારીમાં ધકેલાઈ ગયા છે, અનેક ધંધા રોજગાર ઉપર મહામારીની ગંભીર અસર પડી છે. આવા સમયે સરકારે શહોરોમાં વાણિજ્ય એકમ ઉપર ૨૦ ટકાની છૂટ આપી છે. હું માનું છું કે જ્યારે ખૂબ લાંબા સમય સુધી લોકોના ધંધા રોજગાર બંધ થયા હોય, વેપાર ઉપર અસર પડી હોય ત્યારે ૨૦ ટકા એ ખૂબ ઓછી રાહત ગણાય. વાણિજ્ય કર અને મિલકતવેરામાં ઓછામાં ઓછી એક વર્ષની રાહત આપવી જોઇએ. જે લોકો રાહત લેવા માંગતા ન હોય તેઓ સ્વેચ્છાએ ટેક્સ ભરી શકે પરંતુ આર્થિક તકલીફવાળા અને જરૂરિયાતમંદ લોકો ચોક્કસ રીતે લાભ લઈ શકે તેવી સરકારે જાહેરાત કરવી જોઇએ આપશ્રીના માધ્યમથી મંત્રીશ્રીને મારી વિનંતી છે. છેલ્લાં પાંચ વર્ષમાં શહેરોમાં વસતાં લોકો ઉપર ટેક્સમાં અનેકગણો વધારો થયો છે. આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવા માંગુ છું કે ૩૦૦ ટકા જેટલા મ્યુનિસિપલ ટેક્સમાં કોન્જરવેટીવ ટેક્સ, યુઝર ચાર્જીસ, વોટર ટેક્સ હોય કે જંત્રી પ્રમાણે કર વસૂલવામાં આવતાં એક હજાર મિલકત વેરાનું જે બિલ આવતું હતું તેના આજે ચાર હજાર રૂપિયા આવતાં થયા છે. લોકો ઉપર કરનું ભારણ ખૂબ મોટા પ્રમાણમાં વધ્યું છે. ટેક્સમાં વધારો થવાના કારણે લોકોની મુશ્કેલીઓ પણ વધી છે. આથી સરકાર લોકો ઉપર ટેક્સનું ભારણ ચોક્કસ રીતે ન વધે એટલે ટેક્સમાં રાહત આપે એવી મારી માંગણી છે. કોર્પોરેશનમાં જે રીતે બજેટ સાથે અનેક યોજનાઓ મંજૂર થાય છે પણ યોજનાઓનો સમયસર અમલ ન થવાના કારણે જે વિકાસલક્ષી વ્યવસ્થાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઇએ એ કરાવી શકાતી નથી. આ બાબતની ગંભીરતા સમજીને બજેટ માત્ર કાગળ ઉપર ન રહી જાય અને સમયસર અમલ થાય એ પણ ધ્યાન રાખવું જોઇએ. અહીંયા ટી.પી. સ્કીમોની ઘણી વાતો થઈ. અત્યારે અનેક ટી.પી. સ્કીમો પાસ થઈ રહી છે પણ પાસ થયા પછી વિકાસ ન થાય તો રસ્તા, બાગ-બગીચા, અર્બન હેલ્થ સેન્ટર, શાળાઓ ન બનાવીએ તો એ ટી. પી. સ્કીમનો કોઈ ઉદ્દેશ નથી રહેતો. કોર્પોરેશનમાં જે રીતે ટી.પી. સ્કીમો સમયસર મંજૂર થાય છે તે રીતે તેનો અમલ પણ સમયસર થાય તો જ આપણે લોકોને સુવિધા આપી શકીએ અને તો જ સાચા અર્થમાં ત્યાં વિકાસ થયો ગણાય. ટી.પી. સ્કીમની અંદર ત્યાં રોડ, રસ્તા, બાગ, બગીચા, શાળા, અર્બન હેલ્થ સેન્ટર આ તમામ સુવિધા ત્યાં ઉપલબ્ધ થાય, સમયસર તેનો વિકાસ થાય અને ટી.પી. સ્કીમનો સાચા અર્થમાં લોકોને લાભ આપી શકીએ. આજે આપણે જ્યારે વિકસિત શહેરો અને રાજ્યોની વાત કરીએ છીએ ત્યારે શહેરોમાં ચારે તરફ ટ્રાફિક જામ, ઊભરાતી ગટરો, પીવાના પાણીની સમસ્યા વગેરે સમસ્યાઓ માત્ર વાતોથી પૂરી ન થાય. જ્યાં સુધી નવા ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનો અને નવી લાઇનો નહિ નંખાય ત્યાં સુધી ગટરો ઊભરાવવાની સમસ્યા રહેશે. લાંબા ગાળાની યોજના ના થાય ત્યાં સુધી આ બધાં પ્રોજેક્ટ પૂરા નહિ કરીએ ત્યાં સુધી લોકોને સુવિધા નહિ આપી શકીએ. આ જ રીતે વોટર ડિસ્ટ્રિબ્યુશન પમ્પિંગ સ્ટેશનો નહિ બને ત્યાં સુધી પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ આવી શકશે નહિ. છેવાડાના વ્યક્તિને પાણી મળવું જોઇએ એવી યોજના અમલમાં મૂકવા મારે આપના માધ્યમથી મંત્રીને કહેવું છે. કોર્પોરેશનમાં ઇન્ફ્રાસ્ટ્રકચરની માળખાકીય સુવિધા ખૂબ વ્યવસ્થિત અને આયોજનબદ્ધ રીતે કરવી પડે. વહીવટી તંત્રમાં એક્સપર્ટ અધિકારીઓની નિમણૂક કરવી જોઇએ અને શહેરનો સમતોલ વિકાસ થાય તે પ્રકારની તમામ સુવિધાઓ પ્રજાજનોને ઉપસ્થિત થાય તે પ્રમાણેનું આયોજન થવું જોઇએ. ગેરવહીવટ અને ભ્રષ્ટાચારના કારણે ઉબડખાબડ અને હલકી ગુણવત્તાના રસ્તા બનતાની સાથે જ તૂટી જવાના કારણે લોકોને અનેક મુશ્કેલીઓ પડે છે. રોડ બનતાની સાથે જ તૂટી જતા હોય, ઉબડખાબડ રસ્તા થઇ જતા હોય અને લોકોને અનેક મુશ્કેલીઓ પડે છે સાથે સાથે મારે

આપના માધ્યમથી ધ્યાન દોરવું છે કે, અત્યારે ઘણી રેસીડન્સ આવાસ યોજના, શહેરી આવાસ યોજના બને છે પણ ૩૦-૪૦ વર્ષ જૂના જે મ્યુનિસિપલ કોર્પોરેશનોના કવાટર્સો બન્યા છે, તે આજે ખૂબ જર્જરિત અને બિસ્માર હાલતમાં છે, ત્યાં લોકોના એકસિડન્ટ થાય અને અનેક વખત લોકો ત્યાં મરણ પણ પામ્યા છે. તો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એનું મેન્ટેનન્સ થાય કેમ કે એની અંદર રહેતા આર્થિક, સામાજિક ખૂબ નબળા વર્ગના લોકો છે એનો એમને લાભ મળે. હું છેલ્લી વાત માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમથી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને કહેવા માગું છું કે, સમગ્ર ગુજરાત રાજયના અમદાવાદ શહેરમાં લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ આવેલું છે, આ રાજયની અંદર એ લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમમાં આર્મીની પરેડો થતી, નેવીના પ્રોગ્રામો પણ થતા, રાજયના, આર્મીના બધા પ્રોગ્રામો ત્યાં થતા પણ આજે એની બહુ બિસ્માર હાલત છે, ત્યાં બાલભવનો હતા, સ્વિમિંગ પૂલ હતા, બાગબગીચાઓ હતા, વ્યાયામ શાળાઓ હતી પણ આજે સમગ્ર રાજયનું આટલું મોટુ સ્ટેડિયમ બહુ બિસ્માર હાલતમાં છે, એટલે સરકાર એની ઉપર ધ્યાન આપે, આભાર.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય કેતનભાઇ ઇનામદાર,

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે સમગ્ર વિશ્વની મહિલાઓને શુભેચ્છાઓ આપું છું. હું આજે સહકાર ક્ષેત્રે માનનીય સહકાર મંત્રીશ્રી એમની પૂરક માંગણી લઇને આવ્યા છે, એમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના વ્યાજ માટે, ખેડૂતોના વ્યાજ માફી માટેનું જે રૂપિયા ૫૧.૧૩ કરોડની પૂરક માંગણી જે સહકાર મંત્રી લાવ્યા છીએ ત્યારે આપણે સૌ અહીં આગળ ખેડૂતોની ચિંતા કાયમ માટે કરતા હોઇએ છીએ જયારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂત કઇ રીતે ઉભો થાય, સમૃધ્ધ બને, ખેડૂતને કઇ રીતે આપણે ટેકારૂપ થઇ શકીએ અને જયારે સમગ્ર વિશ્વ એને જગતનો તાત કહે છે, ત્યારે હું એ કહું કે જયારે આખું વિશ્વ કોરોનાની મહામારીની અંદર ઝઝૂમતું હતું ત્યારે હું સરકારને અભિનંદન આપુ છું કે એ વખતે ખેડૂતો જે વ્યાજે પૈસા, લોન લીધી છે અને એનું વ્યાજ એ ટાઇમમાં એ ભરપાઇ ન કરી શકે, એના માટે પાંચ માસની રાહત આપી, તો હું આ સભાગૃહમાં ખરેખર ભારતીય જનતા પાર્ટીની સરકારને અભિનંદન આપું છું સાથે સાથે નાબાર્ડની ક્રેડીટ પોલિસી મુજબ રાજયના સહકારી ધીરાણ માળખા સાથે જોડેલા ખેડૂતોને પણ સાત ટકાના વ્યાજના દરે ટૂંકી મુદતનું પાકધિરાણ મળી રહે, તે માટે નાબાર્ડ તરફથી મળતા રીફાઇનલ અને ભારત સરકારશ્રી તરફથી મળતાં બે ટકા વ્યાજની રાહત ઉપરાંત રાજયના ભંડોળમાંથી કૃષિ વિષયક ધિરાણ માળખા અને બે ટકા વ્યાજ રાહત પૂરી પાડવા રાજય સરકારશ્રી દ્વારા તારીખ ૨૭/૨૦૦૯ ના ઠરાવમાં આવેલા છે, જેના પરિણામે રાજયના ખેડૂતોને સન ૨૦૦૯-૧૦થી ૭ ટકાના દરે પાક ધિરાણ ઉપલબ્ધ થાય છે. ખરીફ ૨૦૧૫ થી રાજય સરકારના નાબાર્ડથી પ્રવર્તમાન ક્રેડિટ પોલિસી અનુસાર ખેડૂતો દ્વારા લેવામાં આવતા અને સમયસર પાક ધિરાણ પરત ભરપાઇ કરતાં ખેડૂતોને કેન્દ્ર સરકારના ધોરણે રૂપિયા ત્રણ લાખ સુધીના પાક ધિરાણ ઉપર ત્રણ ટકા વ્યાજ રાહત આપવામાં આવે છે તેમ તા. ૨૦-૦૫-૨૦૧૬ના ઠરાવથી મંજૂર કરવામાં આવેલ છે. આ બધી જ વસ્તુની અંદર હું એટલું કહું કે ત્રણ લાખ સુધીનું ધિરાણ હોય, અત્યારે ૦ ટકા ઇન્ટરેસ્ટથી એ લોકોને લોન મળે છે. આ સરકારની અંદર જયારે ખેડૂત ૦ ટકા ઇન્ટરેસ્ટથી લોન લેતો હોય અને એ પોતે ખેતી કરાવતો હોય તો એ ખેડૂતને બહુ મોટી રાહત રહે છે. એટલે હું તો એટલું કહું કે રૂપિયા ૫૧.૧૩ કરોડની જે પુરક માંગણી છે, એના કરતાં જયારે પણ ખેડૂતોની વાત આવે તો મારા વિપક્ષના સભ્યોને મારી એક લાગણી અને માંગણી છે કે, પૂરક માંગણીની અંદર આપણી કાપદરખાસ્ત ન મૂકીને સંપૂર્ણપણે આ પૂરક માંગણીનો સ્વીકાર કરીએ અને બીજા નંબરમાં કે જયારે ખેડૂતોની વાત આવે છે ત્યારે આ સરકાર કાયમ માટે હું સાવલી અને દેસર તાલુકાની વાત કરું કે એ.પી.એમ.સી.ની અંદર મને આ જ વર્ષે ૧.૭૮ કરોડ રૂપિયા ગોડાઉન બનાવવા માટે સહકાર મંત્રીએ આપ્યા. તો હું માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને સહકાર મંત્રી આપણા ઇશ્વરભાઇ પટેલ સાહેબનો પણ આભાર માનું છું કે, ભાઇ ખેડૂતોને લાગણી જયારે પણ એમની આગળ મૂકી હોય ત્યારે તાત્કાલિક ધોરણે કંઇક ને કંઇક નિકાલ થયો છે અને ખેડૂતોના પ્રશ્નને સાંભળ્યા છે. તો આજના પ્રસંગે હું સહકાર મંત્રી જે પૂરક માંગણી લઇને આવ્યા છે, તેમાં મારું સમર્થન આપું છું અને મારા મિત્રોને પણ કહું છું કે આની અંદર એમનું પણ સમર્થન આપે. મારી વાતને પૂર્ણ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ શું કહેવાનું છે આપને?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ સાહેબે હમણાં હડકવા વિરોધી ઇન્જેકશનનો મને જવાબ આપ્યો, મેં હમણાં જ એસ. એમ. એસ કરીને મારા વિસ્તારમાં પૂછ્યું અત્યારે પણ અવેલેબલ નથી. મેં મારા વિસ્તારની જ વાત કરી હતી અને શ્રી નીતિનભાઇ, હજુ પણ મારું પ્રવચન વાંચી લે. મારા વિસ્તારમાં લાઠી અને બાબરામાં ઇન્જેકશન નથી મળતા એવું જ હું બોલ્યો છું અને અત્યારે ડોકટરનો એસ.એમ. એસ. મારી ઉપર આવ્યો છું કે ઇન્જેકશન નથી. સિવિલ હોસ્પિટલ અમરેલીમાં છે. મારી સિવિલનું હું બોલ્યો જ નથી. એટલે મારું કંઇ કહેવાનું ખોટું નથી, આ ગૃહને ગેરમાર્ગે દોરવા માટેનો મારો કોઇ આશય નથી. હું આ વાત માનનીય નીતિનભાઇ આપના ધ્યાન ઉપર મુકું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, જોવડાવી લેજો. માનનીય જીજ્ઞેશભાઇ સેવક.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગૃહમાં નાણા મંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે સહકાર અંગેની પૂરક માગણી લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

## તા. ૮મી માર્ચ ૨૦૨૧

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લાખો પશુ પાલકો સ્થાનીક ડેરીઓના માધ્યમથી જિલ્લામાં દૂધ સંઘોને દૂધનું વેચાણ કરે છે. આજે વિશ્વ મહિલા દિવસે મારે કહેવું જોઇએ કે મારા જિલ્લામાં બહેનો નાની મોટી નોકરીઓ છોડીને આ મહિલાઓ પશુ પાલનનો દૂધનો ઉદ્યોગ કરવાનું સ્વીકારી રહી છે. ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આપવામાં આવતી સબસિડી દ્વારા પશુ પાલકો બહેનો પશુઓ ખરીદે છે અને મને કહેતા આનંદ થાય છે કે અમારા શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબની સરકારમાં અને અમારા પંચામૃત ડેરીના ચેરમેન આદરણીય શ્રી જેઠાભાઇ પણ બેઠા છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે અમારા જિલ્લામાં અમુક બહેનો એવી છે કે તેઓ જી.પી. એસ. સી. કેડરના વ્યક્તિઓ જે કમાય છે, જી.એ.એસ. કેડરના લોકો કમાય છે તેના કરતા પણ વધુ આવક આ પશુ પાલનમાંથી અમારી મહિસાગર જિલ્લાની બહેનો કમાય છે અને આવક મેળવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે જિલ્લાના સંઘો આ દૂધ અને તેની બનાવટો બનાવીને ગુજરાતમાં મિલ્ક માર્કેટીંગ ફેડરેશન મારફતે રાજયમાં તેમજ દેશમાં વેચાણ અને વિદેશમાં નિકાસ કરે છે. ગુજરાતમાં દૈનિક બે કરોડ લીટર જેટલું દૂધ સહકારી ધોરણે સંપાદન થાય છે. આ બધા દૂધનું કે તેના વેલ્યુએડ ઉત્પાદનોનું સંપૂર્ણપણે વેચાણ થઇ શકતું નથી જેથી દૂધના ઉત્પાદીત જથ્થાઓમાંથી દૈનિક વપરાશ બાદ વધારાના દૂધનો પાવડર અને અન્ય ડેરી ઉત્પાદનો બનાવવામાં આવે છે. સદર ઉત્પાદનનું વેચાણ રાષ્ટ્રીય તેમજ આંતરરાટ્રીય બજારમાં કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સ્કીમ મિલ્ક પાવડરના ભાવમાં ઘટાડો થવાથી પાવડરની નિકાસ ઘટી છે. જેના કારણે રાજયમાં દૂધ સંઘોમાં સ્કીમ મિલ્ક પાવડરનો ભરાવો થયેલ છે. આને કારણે રાજયમાં દૂધ સંઘોને મોટું રોકાણ કરવું પડે છે અને તેનું વ્યાજ પણ ભોગવવું પડે છે આથી રાજયના પશુ પાલકોનો તથા દૂધ સંઘોને નાણાકીય નુકસાન ન થાય તે માટે ગુજરાત રાજયના દૂધ ઉત્પાદકોને દૂધના પોષણક્ષમ ભાવો મળે તે માટે આ પરિસ્થિતિનો સર્વમાન્ય ઉકેલ લાવવાની સ્કીમ મિલ્ક પાવડર, એસ.એમ. પી. ની નિકાસ માટે એફ.ઓ.પી. ભાવ રૂપિયા ૧૮૦ પ્રતિ કિલો પ્રમાણે ગણી પ્રતિ કિલો મહત્તમ રૂપિયા ૫૦ની સહાય મહત્તમ ૫૦૦૦૦ મેટ્રીક ટનની નિકાસ માટે આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. એટલે કે જો આંતરરાષ્ટ્રીય માર્કેટમાં એસ.એમ.પી.નો ભાવ રૂપિયા ૧૮૦ કરતા વધુ મળે તો સહાયની રકમ તેટલા જ પ્રમાણમાં ઓછી થાય છે. જેના માટે સને ૨૦૨૦ અને ૨૦૨૧ના વર્ષમાં રૂપિયા ૫૧૦૦ લાખની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. એટલે નાયબ મુખ્યમંત્રીશ્રી સહકાર અંગેની જે પૂરક માગણી લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ગૃહ સમક્ષ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી નંબર ૩૯ વર્ષ ૨૦૨૧ની લઇને આવ્યા છે ત્યારે હું એને મારું સમર્થન આપવા તથા મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસની શુભેચ્છાઓ આપવા માટે પણ ઉભો થયો છું અને તેઓને સમર્થન પણ આપું છું. દેશ માટે મહિલાઓ ખૂબ સેવા કરે છે સાથે સાથે એમની જાગૃતિ માટે અને તેઓ દેશ માટે જે સેવા કરે છે એની થોડી વાતો કરવા માગું છું. આજે દેશની અંદર બોર્ડર ઉપર રહીને સેવા કરી રહી છે એ જ રીતે દરેક વિભાગમાં મહિલાઓ ખૂબ સેવા આપી રહી છે. બસમાં આજે ડ્રાઇવર તથા કન્ડકટર તરીકે સેવા આપે છે. પોલીસ સ્ટાફમાં પણ બહેનો કામ કરી છે. કોરાનાની મહામારીમાં પોતાનો જીવ જોખમમાં મૂકીને મન મૂકીને સેવા કરી છે ત્યારે બહેનોનો આભાર માનીએ છીએ. શિક્ષક તરીકે હોય કે પત્રકાર તરીકે બહેનો હોય કે ખેતીનું કામ કરતી હોય, ઘરનું કામ કરતી હોય કે આરોગ્ય વિભાગમાં કામ કરતી હોય છે. આરોગ્ય વિભાગમાં બહેનો ખૂબ સારી સેવા કરી રહી છે.સી.એચ.સી. હોય કે પી.એચ.સી. હોય કે અન્ય દવાખાના હોય એમાં પહેલા કોઇ સગવડ નહોતી પરંતુ આ સરકાર આવ્યા પછી આરોગ્યની સગવડો વધારવામાં આવી છે. સી.એચ.સી. પી.એચ.સી. વધારેમાં વધારે ઉભા કરીને તેમાં પૂરતો સ્ટાફ આપીને આરોગ્ય માટે ખૂબ કામગીરી કરી છે. દવાખાનામાં સારી સગવડતા ઉભી કરી છે, દવાઓની વ્યવસ્થા કરી છે તથા પૂરતો સ્ટાફ મૂકયો છે ત્યારે એના માટે જે પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે હું એમાં મારા વિચારો રજૂ કરું છું.

સમગ્ર વિશ્વ કોરોનાની મહામારી ફેલાઇ ત્યારથી કોરોના સંક્રમણ અટકાવવા માટે રાજય સરકાર દ્વારા કોરોનાના કેસ થાય એ પહેલા પૂર્વ તૈયારી કરવામાં આવી હતી. ગુજરાત રાજયમાં કોરોના સંક્રમણ વધે નહિ એના માટે ભારત સરકાર તરફથી સૂચવેલ માર્ગદર્શન મુજબ વહેલું નિદાન કરવામાં આવેલ છે ત્યારે અમારા આદિવાસી વિસ્તારમાં પહેલા મહિલાઓને પ્રસુતિ માટે ખૂબ દૂર જવું પડતું હતું એના બદલે દરેક જગ્યાએ સરકારે દવાખાના ઉભા કરીને પૂરી સગવડો ઉભી કરી છે એના માટે માનનીય નાયબ મુખ્યમંત્રીનો ખૂબ આભાર માનું છું અને આ પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે એને સમર્થન કરું છું.

શ્રી પરસોત્તમભાઇ ઉ. સાબરિયા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને પૂરક માગણી નંબર–૫ સહકાર વિભાગ ઉપર મારા મંતવ્યો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના વાઇરસની પરિસ્થિતિના કારણે સમગ્ર દેશમાં તા.૨૫–૩–૨૦૨૦થી લોકડાઉન જાહેર કરવામાં આવેલ હતું જેના પરિણામે નાના વેપારીઓ, મધ્યમવર્ગના વ્યકિતઓ તથા શ્રમિક કારીગર ઉપર ખૂબ જ અસર થયેલ હતી. આ પરિસ્થિતિનું નિવારણ લાવવા માટે તમામ વર્ગની વ્યકિતની આર્થિક પ્રવૃતિ પુનઃવેગવંતી બને એ માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ગુજરાત સહકારી બેંકો, ગુજરાત અર્બન બેંક, સરકારી બેંકો, ફેડરેશન તથા રાજયની અર્બન કો–ઓપરેટીવ બેંકોના પ્રતિનિધિઓ સાથે કોવિડ કોન્ફરન્સના પરામર્શથી આ યોજના શરૂ કરી હતી. વિડિયો કોન્ફરન્સમાં થયેલ ચર્ચા અને પરામર્શ અને મળેલ સૂચના મુજબ નાના વેપારીઓ, મધ્યમ વર્ગના વ્યકિતઓ અને વ્યકિતગત કારીગર તથા શ્રમિક વર્ગ માટે આત્મ નિર્ભર ગુજરાત સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. સરહદુ યોજના અંતર્ગત ગુજરાત રાજય સરકારી બેંકો, સહકારી બેંકો, મલ્ટીટીક

કો–ઓપરેટીવ બેંકો, નાગરિક સહકારી બેંકો તથા ક્રેડિટ કો.ઓ. સોસાયટીઓ, ધિરાણ સહકારી મંડળીઓ મારફત આઠ ટકાના દરે લાભાર્થીઓને ત્રણ વર્ષની મુદત માટે રૂપિયા એક લાખ સુધીની રકમનું જામીન વગર ધિરાણ પૂરું પાડવામાં આવેલ છે. આ યોજના હેઠળ ધિરાણ મેળવનાર એકમો પાસેથી ગુજરાત રાજય સહકારી, જિલ્લા મધ્યસ્થા સહકારી બેંક તથા રાજયમાં આવેલી નાગરિક સહકારી બેંક, ક્રેડિટ કો–ઓપરેટીવ સોસાયટી દ્વારા કોઇપણ પ્રકારના વધારાના ચાર્જ, ફોર્મનો ચાર્જ કે સ્ટેમ્પ ડયુટીની ફી આકારવામાં આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થીઓ દ્વારા  તા.૧૫–૧૧–૨૦૨૦ સુધી બેંક, ક્રેડિટ કો–ઓપરેટીવ સોસાયટીઓને અરજી કરવાની રહેતી હતી. અરજીની ચકાસણી બાદ સહકારી સંસ્થા, લાભાર્થીઓને ધિરાણ તા. ૩૦–૧૧–૨૦૨૦ના રોજ પૂરું પાડવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ૧૫૫૦.૯૩ કરોડ રૂપિયા કુલ ૧,૬૬,૨૩૯ લાભાર્થીઓને ધિરાણ આપવામાં આવેલ છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે ત્યારે ૧૪મી વિધાનસભામાં જે મહિલા ધારાસભ્યો છે તેમને શુભકામનાઓ પાઠવું છું. સાથે સાથે ઇતિહાસના પાનામાં જોઇએ તો આપણી અનેક મહાન મહિલાઓએ આ દેશની મહિલાઓને રાહ ચીંધ્યો છે. રાજકીય રીતે ઇંદિરા ગાંધી હોય, યુદ્ધની ભૂમિમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ હોય, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલ હોય, સેવા માટે પદ અને ખુરશી ન હોઇ શકે પણ વગર પદે પણ સેવા કરી એવા અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધી, જેમણે ૨૦ વર્ષ સુધી કોંગ્રેસ પાર્ટીનું નેતૃત્વ કરીને મહિલાઓને રાજકીય રીતે સત્તાની બહાર રહીને પણ લોકોની સેવા કરી શકો છો એ વાત આજે પણ બધી મહિલાઓ માટે પ્રેરણારૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોય ત્યારે જે ક્ષેત્રોની અંદર મહિલાઓ નેતૃત્વ કરે છે ત્યાં મહિલાઓના રક્ષણ માટે 'અહિંસા પરમોધર્મ 'થી પતે તો ખૂબ સારી વાત છે પણ જેમ ઝાંસીની રાણી લક્ષ્મીબાઇએ 'વિરતા પરમોધર્મ ' ક્યાંક નિભાવવો પડે તો નિભાવીને પણ વિસ્તારમાં જ્યાં મહિલાઓ માટે લડવું પડે ત્યાં લડવા માટેની પ્રેરણા પણ આજનો દિવસ અમને સૌને પૂરી પાડે છે ત્યારે નાણામંત્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓના સંદર્ભે હું મારી જે માગણીઓ છે એ આપના માધ્યમથી રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ક્ષેત્રની વાત કરીએ તો આ વખતે બજેટની અંદર પણ ૩૨,૭૧૯ કરોડ રૂપિયાની જોગવાઇ પૈકી બનાસકાંઠા જિલ્લામાં આજે પણ પ્રાથમિક શાળાના ૧૭૦૦ જેટલા ઓરડાઓની ઘટ છે. બનાસકાંઠામાં ૨૦૧૫ અને ૨૦૧૭નું ફલડ આવ્યું તેના કારણે જે રૂમો વધુ પડતા જર્જરિત થઇ ગયા એટલા માટે જિલ્લો મોટો હોવાથી ગુજરાતમાં સૌથી વધારે પ્રાથમિક શાળાના રૂમોની ઘટ બનાસકાંઠામાં છે તો માનનીય શિક્ષણ મંત્રી કંઇક વિશેષ પેકેજ આપીને બનાસકાંઠાને મદદ કરે એ પણ વિનંતી કરું છું. સાથે સાથે આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોય ત્યારે બાપુ, જ્યાં પણ કન્યા કેળવણી શૈક્ષણિક સંકુલો દિકરીઓના છે ત્યાં તમામ સ્ટાફ એ મહિલા સ્ટાફ હોય એ પણ આ સમયની માંગ છે. તેમાં સરકાર કંઇક વિચારે એ પણ આપના માધ્યમથી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રે આ બજેટની જોગવાઇ છે અને પૂરક માગણીઓ પણ છે તે પૈકી રૂપિયા ૭,૨૩૨ કરોડની જોગવાઇ સામે બનાસકાંઠા જિલ્લાની હું વાત કરું તો લગભગ ૧૪,૦૦૦ જેટલા વીજ કનેકશન છે અને ખેડૂતોને દિવસે લાઇટ આપવા માટેની વાત થઇ હોય તો બનાસકાંઠાના ખેડૂતોને પણ દિવસે વીજળી મળે તેમાં બનાસકાંઠા જિલ્લાનો સમાવેશ નહોતો તો સમાવેશ થાય એવી પણ હું માગણી કરું છું. ખેડૂતોને જે સબસિડી આપવામાં આવે છે, ખેડૂતોના પાક રક્ષણ માટે ફેન્સીંગ હોય, રોટાવેટરની સબસિડી હોય, ટ્રેક્ટરની સબસિડી હોય, આ તમામ અરજીઓ મોટા પ્રમાણમાં થાય છે. સરકારશ્રીની જોગવાઇ હોય એટલા પ્રમાણમાં ભલે ખેડૂતોને લાભ મળે પણ બાકીની જે અરજીઓ હોય એ દર વર્ષે નવી અરજી કરવાને બદલે જેટલો લાભ મળ્યો હોય એ સિવાય બાકીની અરજીઓને વેઇટીંગમાં રાખીને બીજા વર્ષે લાભ આપવામાં આવે આ પણ મારી એક વિનંતી છે. કારણ કે ખેડૂતોને દર વર્ષે તેને મળતા લાભોની અરજી કરવામાં બેથી ત્રણ હજાર રૂપિયાનો વધારાનો ખર્ચ થાય છે તો આ પોલિસી સરકાર કાયમ અમલમાં મૂકે એ પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો જે પી.એચ.સી., સી.એચ.સી. હોય, સબ સેન્ટર હોય. મંજૂરી માટે ગાંધીનગર ફાઇલ પડી હોય કે જમીનના કે બીજાં નાના–મોટા પ્રશ્નો હતા એ માનનીય આરોગ્ય મંત્રી નીતિનભાઇ સાહેબને વિનંતી કરું. કે બનાસકાંઠા અને ખાસ કરીને મારા મતવિસ્તારના જે કાંઇ નવા પી.એચ.સી. બનાવવા માટે ગ્રાંટની મંજૂરી મળેલી હતી અને એના માટેનું કામ ટેન્ડરની પ્રક્રિયામાં છે તો વહેલામાં વહેલી તકે એ ટેન્ડરની પ્રક્રિયા પૂરી થઇ અને સ્થળ ઉપર જે તે ગામમાં કામ ચાલુ થાય એવી પણ હું આ તબકકે માગણી મૂકું છું. આશા વર્કરોને જે માનદ્ વેતન આપે છે એ માનદ વેતનની અંદર કંઇક થોડો ઘણો વધારો કરી અને એને પ્રોત્સાહનની રકમ રાજય સરકાર મારફત આ બજેટની અંદર થોડીક વધારવામાં આવે એ પણ મારી વિનંતી છે. શહેરી વિસ્તારમાં પીવાનું મીઠું પાણીએ દરેક નગરપાલિકા મારફત લોકોને મળે એ જરૂરી છે. ખાસ કરીને હું ભાભરની વાત કરું તો ભાભર એ નગરપાલિકા વિસ્તાર છે અને પીવાનું પાણીએ જે નગરપાલિકાના બોરો છે એના મારફત આપવામાં આવે છે પણ એના ટી.ડી.એસ. વધારે હોવાથી એ પાણી પીવાલાયક નથી તો નર્મદાનું પાણી ભાભરના નગરજનોને પીવા માટેની વ્યવસ્થા થાય.  સાથેસાથે જયાં નગરપાલિકા એરીયા હોય, શહેરી વિસ્તાર હોય ત્યાં સરકાર મારફત અથવા તો નગરપાલિકા મારફત લોકોની, વેપારીઓને અને આમ જનતાની સુરક્ષા માટે ઓન લાઇન સીસીટીવી કેમેરા લગાવવામાં આવે તો હું માનું છું ત્યાં સુધી ગુનાની પ્રવૃત્તિમાં ઘટાડો આવે અને જે અસામાજિક તત્વો છે એમને પણ ખબર પડે કે આપણે કંઇક હરકત કરીશું તો આ કેમેરાની અંદર કેદ થઇ જશું એટલે જયાં જયાં આવા

સીટી એરીયા છે ત્યાં સીસીટીવી કેમેરાની પણ જરૂર છે. આ સાથે ઊર્જા વિભાગની જે કંઇ માગણીઓ છે એમાં ખેડૂતોને વીજ કનેકશન તો આપેલા છે પણ અમારો બનાસકાંઠા જિલ્લો અને એમાં પણ વાવ, ભાભર, સુઇગામ આ ત્રણે નર્મદા કમાન્ડ એરીયામાં આવે છે. તમામ ખેડૂતો મોટા ભાગે નર્મદાની કેનાલ ઉપરથી પિયત કરે છે અને જે હાલ પિયત કરે છે એ મશીનો ગોઠવીને જે તે કેનાલ ઉપરથી પોતાના ખેતર સુધી પાણી લઇ જાય છે અને ડીઝલનો ભાવ વધારે હોવાથી કયાંક ખેડૂતો પોતે ડીઝલનો બચાવ કરવા માટે ખાનગી રીતે ઇલેકટ્રીક મોટરો કેનાલની અંદર ગોઠવે છે અને ઇલેકટ્રીક મોટર ગોઠવવાને કારણે કયારેક કયાંક જીવ હાની કે કોઇક નાની મોટી ઘટનાઓ અવાર નવાર થાય છે તો એના બદલે સરકાર એ કેનાલો ઉપર જે કંઇ મશીનના બદલે ઊર્જા મંત્રાલય મારફત, સોલાર ડીશ મારફત નાની મોટી મોટર ગોઠવીને એની કોઇ પોલિસી નક્કી થાય અને બે કે પાંચની મોટર ચાલે એવી કોઇ સોલાર સીસ્ટમ ગોઠવીને ખેડૂતોને પિયત થાય એવી કોઇ વ્યવસ્થા કરવામાં આવે તો ડીઝલનો બચાવ થાય, પ્રદુષણ ઘટે અને આવી નાની મોટી જે ઘટનાઓ બને છે એ ઘટનાઓ પણ ટાળી શકાય. આભાર સાહેબ.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ પૂરક માગણીઓ ઉપર ચર્ચામાં ભાગ લેતા ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી અને બહારથી કડક પરંતુ અંદરથી ઋજુ હૃદયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇને સાર્વત્રિક ભા.જ.પ.ની જીતના અભિનંદન અને પ્રજાલક્ષી અભૂતપૂર્વ બજેટ આપવા બદલ હૃદયથી હું ધન્યવાદ આપુ છું. આ ભા.જ.પ.ની જે જીત થઇ છે, કેસરીયો લહેરાયો છે એનું જો કોઇ કારણ હોય તો એ ભારતીય જનતા પાર્ટીના તમામ હોદ્દેદારો એ વહુની ભૂમિકા ભજવતા હોય છે એ છે. વહુ સમજતી હોય છે કે વહેલા મોડાં વાસીદું મારે જ કરવાનું હોય છે અને સાસુ એમાં કંઇને કંઇ ઠપકો જ આપતા હોય છે એટલે આ ભારતીય જનતા પાર્ટીનો, ગુજરાતમાં કેસરીયો લહેરાયો છે. આજ રોજ મારે શિક્ષણના વિષય ઉપર ચર્ચા કરવાની છે ત્યારે ગુજરાતનો કોઇપણ માનવી નરી આંખે જોઇ શકે છે કે આજથી ૨૫ વર્ષ પૂર્વે ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા શું હતી અને આજે ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા કેટલી સુદ્રઢ બની છે. આપણા નાણામંત્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ તેમજ આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીસાહેબે આ ગુજરાતના શિક્ષણ અને ગુજરાતના ભાવીની ચિંતા કરતા આ બજેટમાં શિક્ષણ ક્ષેત્રની અંદર રૂપિયા ૩૨,૭૧૯ કરોડ જેટલી માતબર રકમ ફાળવી છે તે બદલ હું કોટી કોટી અભિનંદન આપું છું. કોરોના કાળમાં પણ બાળકોનું શિક્ષણ કાર્ય ખોરવાય નહીં તે માટે વર્ચ્યુઅલ ક્લાસ ડી.ડી. ગિરનાર ચેનલ મારફતે શિક્ષણ આપ્યું છે. આ માટે શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ તેમની સમગ્ર ટીમને અભિનંદન આપવા પડે. અગરિયા અને છૂટક મજૂરી કરનારાઓના બાળકોને સ્થળ પર જઇ શિક્ષણ આપ્યું છે. પહેલા એવું હતું કે, આપણા ગુજરાતીઓ સ્પર્ધાત્મક પરીક્ષાથી દૂર રહેતા હતા. આ સરકારે ગુજરાતના વિદ્યાર્થીઓને આર્થિક સહાય તેમજ અન્ય જરૂરી સહાય આપી છે જેના લીધે છેલ્લા થોડા વર્ષોમાં ગુજરાતમાંથી વધુમાં વધુ યુવાનો જાહેર પરીક્ષાઓમાં ભાગ લેતા થયા છે અને ઉતીર્ણ પણ થયા છે તેના ડેટા સૌની સામે છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે મધ્યાહન ભોજન યોજના વધુ સુદ્રઢ બનાવી તેમજ દૂધ સંજીવની યોજના, યોગ શિક્ષણ તેમજ રમત–ગમતમાં બાળકોને અદભૂત પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. શિક્ષણની ચિંતા કરતી સરકાર પાયાનું શિક્ષણ સૌને મળી રહે તે માટે આદિવાસી વિસ્તારમાં છેવાડાના માનવીઓના બાળકોને શિક્ષણ મળી રહે તે પણ જુએ છે. ઉચ્ચ અભ્યાસ કે પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને પણ સહાય આપવામાં આવે છે. વિદ્યાર્થીઓના મૌલિક વિચારોને સાકાર કરવા માટે સ્ટૂડન્ટ સ્ટાર્ટ–અપ યોજનાથી આવા પ્રતિભાશાળી બાળકોને આર્થિક સહાય આપવામાં આવે છે. ગુજરાત આ દિશામાં કામ કરતું પ્રથમ રાજ્ય છે. ગુજરાતના વિદ્યાર્થીઓ આજે વૈશ્વિક ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરી સમગ્ર વિશ્વમાં ગુજરાત અને ભારતનો ડંકો વગાડી રહ્યા છે ત્યારે તેનો યશ આ સરકારને પણ જાય છે. કારણ કે આ સરકાર વિદેશ અભ્યાસ માટે આર્થિક સહાય આપે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બ્રિજેશભાઇ.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ઊર્જાની માગણીઓ લઇને ઉપસ્થિત થયા છે ત્યારે ઊર્જા વિભાગે હાંસલ કરેલ શક્તિ પરિયોજના થકી હું સમર્થન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ઊર્જા ક્ષેત્રે ગામડાઓને ઝળહળતા કર્યા સાથોસાથ આજે વિશ્વ મહિલા દિવસ છે. ભારતીય સંસ્કૃતિના પરિપ્રેક્ષમાં હું કહીશ કે મહિલા દિનને વનિતા વંદન દિવસ તરીકે અભિનંદિત કરું છું. સંસ્કૃતમાં કહીએ તો સ્ત્રી મૂલમ્ હી ધર્મ:, અંગ્રેજીમાં કહીએ તો root of dharma is indeed woman. આપણી માતૃભાષામાં ગરવી ગુજરાતીમાં કહીએ તો નારી તું નારાયણી. આજે વિધાનસભામાં બિરાજતા માનવંતા સન્નારી સભ્યશ્રીઓ તેમજ આદરણીય નીતિનભાઇ પટેલે જે વાત કરી, ગુજરાત સરકારના વહીવટને ઓજસ્વી બનાવનાર મહિલા કર્મીઓની તેજસ્વીતાને હું કોટી કોટી વંદન કરું છું. ઊર્જા ક્ષેત્રે આજે અનેક એવા પગલાંઓ ગુજરાતમાં ઊર્જા વિભાગે ભર્યા છે અને ખાસ કરીને ઊર્જા ક્ષેત્રે એ બિલિપત્રના ત્રણ પાંદડાની જેમ ઝળહળી રહ્યા છે. એની પહેલી પાંદડી વીજ ઉત્પાદન, બીજી વીજ પરિવહન અને ત્રીજી વીજ વિતરણ. વીજ ઉત્પાદનમાં બિન પરંપરાગત અને પરંપરાગત ક્ષેત્રે અનેક આયામો ઊર્જા વિભાગે સોપાનો સર કર્યા છે. વીજ વિતરણમાં ૫ વર્ષમાં ૨૬૦૦થી વધુ ફિડરો એ ઊર્જા વિકાસની બોલતી પ્રગતિ છે. વીજ પરિવહનમાં કૃષિ, ઉદ્યોગ અને માળખાકીય સુવિધાઓ આપવા માટે અને વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર વીજળી સુલભ બનાવવા માટે કમર કસી છે. જ્યોતિગ્રામ યોજનાથી કોણ અજાણ છે? કેપ્ટીવ પાવરને કયો ઉદ્યોગકાર જાણતો નથી? આજે ઉદ્યોગ ક્ષેત્રે ક્રાન્તિની મશાલ સમાન આલબેલ પોકારતું મારું મોરબી. ઘડિયા, તળિયા અને નળિયા. આ ઊર્જા ક્ષેત્રે ધબકતું કર્યું છે. મહિલા દિને ગૌરવભેર કહી શકું કે અમારી મોરબીની અજંતા, ઓરપેટ અને સોનમકવાર્ટસ જેમાં ઘડિયાળ ક્ષેત્રે ૧૦૦ ટકા મહિલા કર્મચારીઓ કામ કરે છે. આ ગુજરાતની ભાજપ સરકારની મહિલા સશક્તિકરણની ક્રાંતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહીશ –

'' **सशक्त महिला की सही पहचान, मुश्किल में भी नहीं होती परेशान ।।''**

આવી અનેક યોજનાઓ જ્યોતિ ગ્રામ, સૂર્ય ઊર્જા, પવન ઊર્જા, વીન્ડ ફાર્મ, નર્મદા કેનાલ ઉપર સૌર ઊર્જા, કુટિર જ્યોતિ યોજના, કિસાન સૂર્યોદય યોજના એવી અનેક ક્ષેત્રે ખાસ કરીને દેશમાં વિદ્યુત ક્ષેત્રે સરપ્લસ રાજ્ય બન્યું હોયને તો એ એક માત્ર આપણું ગુજરાત છે એનું શ્રેય આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને જાય છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિવસે હું સમસ્ત નારી શક્તિને હું વંદન કરું છું અને એમને શુભેચ્છા પાઠવું છું અને જે આજે ઘણી સંસ્થાઓ અને સરકાર તરફથી એમને સન્માનિત કરવામાં આવશે આવી સર્વે બહેનોને અભિનંદન પાઠવું છું. એના સંદર્ભમાં એક લીટી કહેવા માગું છું.

**"दुनिया की  पहचान है नारी, दुनिया पर एहसान है नारी,**
**हर घर की जान है नारी, बेटी, मॉ, बहन, भाभी, बनकर घर घर की शान है नारी,**
**ना समझे इस को कमजोर कभी ए रिश्तो की डोरी, मर्यादा और सम्मान है नारी ।।**

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ માટે જે પૂરક માગણી લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચાર વ્યક્ત કરું છું. વર્ષ ૨૦૨૦–૨૧ના બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ૧૩૪૯૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના અમદાવાદ, સુરત જેવા મહાનગરો અને રાજ્યનું પાટનગર ગાંધીનગરમાં પણ મેટ્રોનું આયોજન કરવામાં આવેલ છે અને મને જણાવતા આનંદ થાય છે કે આ બજેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે રાજ્યના મહાનગર એવા વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર શહેરોમાં મેટ્રો લાઇટ અને મેટ્રો નિયોન જેવી નવી ટેકનોલોજીથી મેટ્રો સેવા પૂરી પાડવાનું આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યુ છે અને આ આયોજન માટે ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એટલે વડોદરાવાસી પાસેથી આપને અભિનંદન આપું છું અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. વડોદરા મહાનગરપાલિકા, વડોદરા મહાનગરની હદમાં પણ વડોદરાના સાત ગામો ભાયલી, સેવાસી, વેમાલી, વીન કરોડિયા, ઉંડેરા અને વડોદના ગામોનો સમાવેશ કરવામાં આવે છે એના લીધે ઇઝી ટ્રાન્સપોર્ટેશનની પ્રજાને જરૂરિયાત હતી એ મળશે અને એ પૂર્ણ કરવામાં આવી છે. સ્વચ્છ મિશીન એ શહેરી વિકાસનું એક અભિન્ન અંગ છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીએ **देश की सफाई, एक मात्र सफाई कर्मचारीयों की जिम्मेदारी नहीं हैं, क्या इसमें नागरिकों की कोई भूमिका नहीं होती ? हमें इस मानसिकता को बदलना होगा ।**

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસમાં શહેરી વિકાસની સ્વચ્છતાનો અહમ રોલ હોય છે. સ્વચ્છતા આપણા ઘર આંગણા અને રસ્તા સુધી સીમિત ના રાખવી જોઇએ. સ્વચ્છતા દેશ અને રાષ્ટ્ર માટે જરૂરી છે એમાંથી આપણું ઘર, આંગન સ્વચ્છ રહેતું હોવાથી પૂરો દેશ સ્વચ્છ રહેશે. વર્ષ ૨૦૧૪માં માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીના આહ્વાનથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૪૫મી જન્મ જયંતિને ધ્યાનમાં રાખીને સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે અને આ સ્વચ્છતાની શિક્ષા એમણે બધાને પ્રદાન કરી. એના થકી નાગરિકોને સાથે રાખીને દેશને સાફ અને સ્વચ્છ રાખવા માટે વિચાર કરતા હતા. જે આશ્રમમાં એ રહેતા હતા એમાં એમનું શૌચાલય પણ એ ખૂદ સાફ કરતા હતા. પૂજ્ય ગાંધીજીના આ સ્વચ્છ ભારતના સપનાને સાકાર કરવા માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી. એના ભાગ રૂપે ગુજરાત રાજ્યે સમગ્ર ભારતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં ૧૦૦ ટકા જાહેર શૌચ ક્રિયાથી મુક્ત રાજ્ય થયેલું જાહેર કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે ૮ મહાનગરપાલિકા તથા ૧૫૬ નગરપાલિકાને ખુલ્લી શૌચક્રિયાથી મુકત જાહેર કરેલી છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાષ્ટ્રીય મહિલા દિવસે હું મહિલા શક્તિને વંદન કરું છું. હિન્દુ સમાજમાં તો દેવીના સ્વરૂપ તરીકે મહિલાઓને ગણવામાં આવી છે અને જેની પૂજા, અર્ચના થાય છે આપણે જાણીએ છીએ કે માતાજી પણ છે અને એના ભકતો પણ હોય છે અને નમન પણ કરતા હોય છે. એ પ્રમાણે મહિલા શક્તિ શું હોય તો બે વર્ષ પહેલા મારા મધર હોસ્પિટલમાં દાખલ હતા. મને હોસ્પિટલથી ફોન આવ્યો કે ગ્યાસુદ્દીન, તાત્કાલીક તમે હોસ્પિટલ આવો. હું ગયો ત્યારે ડોકટરે મને કીધું કે તમારા મધરને વેન્ટીલેટર ઉપર લેવા પડશે ત્યારે મેં કીધું કે હું એમની સાથે વાત કરી લઉં. હું ગયો, મેં એમની સાથે વાત કરી. મને કહે તું મને ઘરે લઇ જા. મારે અહીંયા રહેવું નથી. મારો સમય પૂરો થયો છે. મેં એમને સમજાવ્યા કે બે દિવસ માટે જ મૂકવાના છે પછી અમે તમને વેન્ટીલેટર ઉપરથી કાઢી લઇશું ત્યારે એ મને જે બોલ્યા જે એમના આખરી શબ્દો હતા એ અમારા માટે પ્રેરણારૂપ છે. મને કહે તું ધારાસભ્ય છે? મેં કીધું હા. શું મારા કામમાં આવ્યો? તું મારો જીવ બચાવી શકે છે? એ જ એમના કહેવાનો ભાવાર્થ હતો કે તું મારો બેટો હોય તો મને ઘરે લઇ જા. એમના જે અંતિમ શબ્દો હતા તું મારો દીકરો છે, ધારાસભ્ય છે પરંતુ તું મને કોઇ કામમાં આવી શકે તેમ નથી એ પછી એ વેન્ટીલેટર ઉપર જતા રહ્યા. એમના કહેવાનો ભાવાર્થ એ હતો કે તમારી પાસે સત્તા હોય, પૈસા હોય, સંસાધનો હોય પરંતુ એક દિવસ તમારે જીવન છોડીને જવાનું છે. સત્તા માટે અને પૈસા માટે એટલા બેબાકળા ન થઇ જતા કે જેનાથી તમે નિર્મમ કૃત્યો કરવા માંડો.

અધ્યક્ષશ્રી : તેને કહેવાય કુલ્લુ નબઝીલ જાહીલ કતીલ મૌત.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : બિલકુલ સર. આપણે દેવીદેવતાઓના ઘણા કિસ્સાઓ સાંભળ્યા છે. મુસ્લિમ સમાજની અંદર પણ અમારી એક માન્યતા છે કે મુસા એટલે એક પયગંબર હતા.

અધ્યક્ષશ્રી : એનું ગુજરાતી એવું થાય કે હર નબ્ઝ કો મૌત કા મઝા ચખના હૈ.

## તા. ૮મી માર્ચ ૨૦૨૧

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હર જીન્દા શખ્સ કો મૌત કા મઝા ચખના હૈ, જો ભી દુનિયામેં આયા હૈ ઉસકો જાના હૈ. મુસા એટલે એક પયગંબર હતા અને એવું કહેવાય છે પર્વત ઉપર જઇને એ અલ્લાહ સાથે સીધો વાર્તાલાપ કરતા હતા પરંતુ એમની માતાનું મૃત્યુ થયું. એ પછી એ પર્વત ઉપર ગયા વાર્તાલાપ કરવા માટે ત્યારે એમને એક અવાજ સંભળાય છે અને અવાજની અંદર એવું કહેવામાં આવે છે કે મુસા, અબ સંભલકે આના અભી તક તુમ્હારી મા દુઆ કરતી થી ઔર તુમ આતે થે હમ તુમ્હારી બાત કો સુનતે થે અબ તુમ્હારી મા ઇસ દુનિયા મેં નહીં હૈ યે માતૃશક્તિ હૈ, દોનોં ધર્મો કી બાત કરેં. હવે હું વંદન કરતા મૂળ વાત ઉપર આવું છું. શહેરી વિકાસ મંત્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારી ખાસ એક માગણી એ છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, કોર્પોરેશન જે પણ હોય રાજયની એ તમામ સ્મશાનગૃહોની સારસંભાળ રાખતી હોય છે અને જરૂરી કાર્ય કરતી હોય છે. મારી માગણી એવી છે કે એક હિન્દુ વ્યકિત હોય તો એની આસ્થા એવી રહે છે કે મારી અંતિમ વિધિ શાસ્ત્રોકત મુજબ થાય, વાસ્તુશાસ્ત્ર મુજબ થાય અને ધર્મ પ્રમાણે થાય તો તામિલનાડુની અંદર એક અત્યાધુનિક સ્મશાનગૃહ બનાવવામાં આવ્યું છે એ આપણા માટે મોડલ છે કે ત્યાં શાસ્ત્રોકત વિધિ મુજબ, વાસ્તુશાસ્ત્ર મુજબ અંતિમ વિધિ થાય છે તો હું એવી માગણી કરું છું કે ગુજરાત તો હંમેશા રોલ મોડલ રહ્યું છે આખા દેશનું તો ગુજરાતની અંદર શરૂઆત આપણે વી.એસ. હોસ્પિટલની બાજુમાં આવેલા સ્મશાનગૃહથી કરીએ કે જયાં શાસ્ત્રોકત વિધિ પ્રમાણે, વાસ્તુશાસ્ત્ર પ્રમાણે અંતિમ વિધિ થાય. અંતિમ ઇચ્છા માણસની હોય છે કે હિન્દુ ધર્મમાં આખું જીવન ગુજાર્યું હોય તો એમની અંતિમ ક્રિયા હિન્દુ ધર્મની શાસ્ત્રોકત વિધિ મુજબ થાય. એની સાથે કહું કે સ્મશાનગૃહો તો આપણે અત્યાધુનિક કરીએ પરંતુ જે કબ્રસ્તાન છે એનું કામ મ્યુનિસિપલ કોર્પોરેશન કરતી નથી તો મારી માગણી એવી છે કે જે નોંધાયેલા કબ્રસ્તાનો હોય એની પણ સારસંભાળની જવાબદારી કોર્પોરેશન લે અને જે રીતે અત્યાધુનિક સ્મશાનગૃહ બનાવે એ રીતે કમસેકમ કબ્રસ્તાનમાં જે પ્રાથમિક સુવિધાઓ છે, કબ્રસ્તાનની અંદર વાત એવી છે કે બહુ વધારે ઉજાસ કે બહુ વધારે એને આધુનિક ન કરી શકો એનું એક કારણ છે કે કબ્રસ્તાનમાં માણસ આવે ત્યારે એને મોતની યાદ આવવી જોઇએ. એને એવું લાગવું જોઇએ કે એક દિવસ મારે અહીંયા આવવાનું છે એટલે બહુ વધારે પડતું ન થાય, પ્રાથમિક જવાબદારી છે એ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્વીકારે એવી હું મંત્રીશ્રીને નમ્ર વિનંતી કરું છું. ટેકસની બાબત કહું કે વર્ષ ૨૦૧૫માં જયારે ભારતીય જનતા પાર્ટીએ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તાની ધુરા સંભાળી. ત્યારે વાયદો કર્યો હતો કે અમે ૧૮ ટકાનો ટેક્સ ઘટાડીશું. તે પછી મ્યુનિસિપલ કોર્પોરેશને ૯ ટકાની દરખાસ્ત કરી. હજુ સુધી ટેક્સ ઘટ્યો નથી. મારી માગણી છે. અત્યારે મોંઘવારી, બેકારી અને કોરોનાકાળ છે. વ્યાજ ઓછું થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. એક ડંમ્પિંગ સાઇટ પીરાણામાં હતી. સભ્યશ્રી શૈલેષભાઇએ અને બીજા ધારાસભ્યોએ અને મેં વારંવાર રજૂઆતો કરી હતી. બહુ આનંદ સાથે કહેવું છે કે એની કામગીરી હવે પૂર્ણતાના આરે છે. સરકારશ્રીને અભિનંદન આપું છું કે બહુ મોટી સમસ્યા હતી, એનું નિરાકરણ આવી રહ્યું છે. એની સાથે વારંવાર રજૂઆત કરી છે કે વિશાલા સર્કલથી સરખેજ ચોકડી સુધીનો ફ્લાય ઓવર બને. અત્યાર સુધી છેલ્લા ૨ વર્ષમાં ૫૦ કરતા વધુ લોકોના એક્સિડંટમાં મૃત્યુ થયા છે. આ નેશનલ હાઇવે ઓથોરિટીનું હોય મારી મંત્રીશ્રીને વિનંતી છે કે હવે મોસાળમાં મા પીરસનાર છે. વિસ્તાર પણ અમીતભાઇ શાહ સાહેબનો મત વિસ્તાર છે. આ ફ્લાય ઓવરબ્રિજ બનવાથી ઘણા લોકોના જીવ બચી શકે તેમ છે. સરકાર દરખાસ્ત મૂકે. સરકાર આટલા બધા ફ્લાય ઓવરબ્રિજ બનાવી રહી હોય તો આ એક બનશે તો કોઇ ફેર પડવાનો નથી. પણ આ બ્રિજ બનવાથી હજારો લોકોના જીવનું રક્ષણ આપણે કરી શકીશું. ગેરકાયદેસર બાંધકામોની વાત કરું. આ ગેરકાયદેસર બાંધકામને ડામવા જોઇએ, તેને રોકવા જોઇએ. પરંતુ થાય છે એવું કે જ્યારે અધિકારીને હપ્તો મળી જાય, એક્ટિવિસ્ટો, રાજકીય દલાલો પૂરા પૈસા લઇ લે અને પછી છેલ્લે કોર્પોરેશનના અધિકારી તોડવાની કામગીરી કરે છે. મારી માગણી છે કે કડક સૂચના અમદાવાદ કોર્પોરેશન અને તમામ મહાનગરપાલિકાઓમાં આપવી જોઇએ કે ગ્રાઉન્ડ ફ્લોરથી ફર્સ્ટ ફ્લોરનું બાંધકામ ગેરકાયદેસર થઇ જાય અને એ ૨–૩ મહિના થતા હોય છે. ફર્સ્ટ ફલોર સુધીનું બાંધકામ થઇ ગયેલું હશે તો તેમાં અધિકારીની જવાબદારી રહેશે. પહેલેથી તોડી નાખીશું, પહેલેથી એને ડામી દઇશું તો ગરીબ લોકો ભોગ નહિ બને. ગરીબ લોકો આના પેપર તપાસતા નથી. ગરીબ લોકોને એની ખબર હોતી નથી. બિલ્ડરો બિલ્ડર નથી રહ્યા તેઓ બુટલેગર થઇ ગયા છે. તેમનો ધંધો છોડીને આની અંદર આવ્યા છે. શરૂઆતના સમયમાં જવાબદારી નક્કી કરીને ગ્રાઉન્ડ ફ્લોર સુધીનું આવ્યું હોય તો તે બાંધકામ તાત્કાલિક તોડી નાખવું જોઇએ. ૪–૫ માળ થાય પછી લોકો પૈસા ચુકવી દે અને પછી એ બાંધકામ તોડે તો ગરીબોને નુકસાન થાય છે. ગેરકાયદેસર બાંધકામ ચલાવી ના લેવાય. ગેરકાયદેસરને સમર્થન ન હોય. ઉગતા ડામવા માટેનો પ્રયાસ કરીએ. મારી આપના માધ્યમ દ્વારા ખાસ વિનંતી છે. બીજું, ૧૧૦૬ કરોડ રૂપિયા વાત્સલ્ય યોજનામાં મૂક્યા છે. તેને આવકારું છું, બિરદાવું છું. પરંતુ જેનો એક પરિપત્ર અત્યારે બહાર આવ્યો છે. ૧લી એપ્રિલથી કઇક એની અંદર સુધારો છે કે જૂના કાર્ડ રિન્યુ કરવાના બંધ કરવાની વાત છે. એ મારી પાસે છે તે પરિપત્ર મંત્રીશ્રીને આપી દઇશ. તો સારી યોજના છે. લોકોને સહેલાઇથી લાભ મળી રહે તે માટેનો પ્રયત્ન થાય તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપનું વ્યક્તવ્ય પૂરું થાય છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી વાત. મારી આપને એક વિનંતી છે કે શહેરી કોટ વિસ્તારમાં આજુબાજુ જગ્યાની તકલીફ છે. ગીચ વિસ્તાર છે. એમાં લગ્ન માટે પાર્ટીપ્લોટ બની શકતો નથી. મારી વિનંતી છે કે રિવર ફ્રન્ટ ઉપર બનાવ્યો છે, પણ એટલા મોંઘા છે કે ગરીબો એનો ઉપયોગ નથી કરી શકતા. સસ્તા દરે લોકોને લાભ મળે એ માટે ભવન્સ કોલેજ કે તેની આજુબાજુ કે અન્ય વિસ્તારમાં પાર્ટી પ્લોટ બનાવવામાં આવે. સસ્તા દરે ગરીબોના લગ્ન થઇ જાય. એવી માગણી હું કરું છું. આ વિસ્તારમાં ગીચતાના લીધે લોકોને તકલીફ પડે છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ સાહેબ, આપે પૂછ્યું કે આનો અર્થ શું થાય? એક્ઝેટ અર્થ, ૫૦૦૦ વર્ષ પહેલાં ભગવદ ગીતામાં કહ્યું છે કે મૃત્યુ એ અંતિમ સત્ય છે. માનનીય હિતુભાઇ કનોડિયા.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, મા, માતૃભૂમિ અને માતૃભાષામાં માનતો આપણો ભારત દેશ છે. નાની વાત કરવા માગું છું. એક માતા સુતી છે. એની બાજુમાં ૬ મહિનાનું બાળક છે. બધા લોકો એ બાળકને ખેંચી રહ્યા છે. કારણ કે એ મા સૂતી છે એ મૃત્યુ પામી છે. તે મા મારા દાદી દલીમા અને ૬ મહિનાનું બાળક એ મારા પપ્પા નરેશ કનોડિયા હતા. દાદીમાને એવી બીમારી હતી કે જેના લીધે સર્વાઇવ ન થઇ શક્યા. એ વખતે પૈસા નહોતા. ગરીબીમાં હતા. મા વાત્સલ્ય કે આયુષ્યમાન ભારત જે ગરીબ લોકોના કામમાં આવી શકે એવી કોઇ વ્યવસ્થા ત્યારની સરકારોએ કરી નહોતી. સૌથી પહેલાં તો આરોગ્ય વિભાગનો ખૂબ ખૂબ આભાર માનું છું કે, મા વાત્સલ્ય યોજના, આયુષ્યમાન ભારત જેવી વ્યવસ્થા લોકો માટે રાખી છે. જે થકી એક બાળક પોતાની મા જોઇ શકે છે, નિહાળી શકે છે. આજે મહિલા દિવસ છે એટલે સૌ મહિલાઓ, માતા–બહેનોને ખૂબ ખૂબ વંદન અને અભિનંદન કરું છું. નાયબ મુખ્યમંત્રીશ્રી ગૃહની અંદર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક માગણી

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

ક્રમાંક– ૩૯, ૨૦ અને ૨૧ની જે લઇને આવ્યા છે તેમાં સમર્થન સાથે મારા વિચારો રજૂ કરું છું. કોરોનાની મહામારી દરમ્યાન આખું વિશ્વ જયારે ઘૂંટણીયે આવી ગયું હતું ત્યારે એક માત્ર ભારત દેશ હતો જેને લોકોની અંદર અને આખા વિશ્વની અંદર એક વિશ્વાસ જગાવ્યો હતો. તે વિશ્વાસ પૂરો કરતાં આપણા જેટલા સાયન્ટીસ્ટો છે તેમણે બે રસીઓ બનાવી અને તે રસી વિશ્વની અંદર બીજા દેશોમાં પણ મોકલી રહ્યા છીએ. બે દિવસ પહેલાં આપણે જોયું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ રસી લીધી અને ગઇકાલે આપણે જોયું કે આપણા આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે તે રસી લીધી છે. તે રસી આપણને મળી છે, ગુજરાતને મળી છે અને લોકો લઇ રહ્યા છે તેના માટે આરોગ્ય વિભાગને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના સમયમાં મારો પરિવાર ભોગ બન્યો છે. તે વખતે ૧૦૮ની જેમ એક સુવિધા સરસ રીતે ચાલુ રહી અને અને તે હતી ધન્વંતરી રથ. ફરી ફરીને જે લોકોને પ્રાથમિક લક્ષણો દેખાતા હતા તે લોકો પાસે જઇને ધન્વંતરી રથે ઈલાજ કર્યો છે તથા હોસ્પિટલ સુધી લઇ જવાના હોય તો તે સુવિધા પણ પૂરી પાડી છે. રાજ્ય સરકાર દ્વારા કુલ ૧૩૫૧ જેટલા ધન્વંતરી રથ મૂકવામાં આવ્યા હતા. આ તમામ ધન્વંતરી રથમાં અત્યાર સુધીમાં ૩ કરોડ ૪૦ લાખથી વધુ લોકોના નિદાન કરવામાં આવ્યા છે અને સારવાર આપવામાં આવી છે. આ વ્યવસ્થાના કારણે અત્યાર સુધીમાં ૩ લાખ ૩૮ હજાર ૪૫૩ થી વધુ તાવના દર્દી, ૧૨ લાખ ૫૦ હજાર ૭૮૮ થી વધુ ઉધરસ, શરદી અને સરેખમના દર્દીઓ અને ૩૦૩૨થી ગંભીર શ્વાસ સંબંધી દર્દીઓની સારવાર કરવામાં આવી છે. આ રથમાં લોહી અને ઓક્સિજનનું પ્રમાણ જાણવા માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેનાથી ૩૯૬૨ જેટલા દર્દીઓને ઓક્સિજનનું પ્રમાણ ઓછું જણાયેલ હતું. તેમને તાત્કાલિક સારવાર આપી નજીકની હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા છે. આ રીતે આ ધન્વંતરી રથે ખૂબ સારું કામ કર્યું છે. આરોગ્ય વિભાગે તો ખૂબ ઉમદા કામ કર્યું છે તે ગણવા જઇએ તો મને સમય ઓછો પડે તેમ છે. આજે મહિલા દિવસ નિમિત્તે બે–ચાર પંક્તિઓ આપની પરમીશન સાથે કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ''જેના વગર ના રહેવાય, મને હતું કે તેને શ્વાસ કહેવાય પણ આજે ખબર પડી કે, તેને પત્ની કહેવાય. જેને મનનો ભાર આપી હળવું થઇ જવાય, મને હતું કે તેને ઈશ્વર કહેવાય પણ આજે ખબર પડી કે તેને મા કહેવાય. આપણા સાદનો જયારે પ્રતિસાદ મળે મને હતું કે તેને પડઘો કહેવાય, પણ આજે ખબર પડી કે તેને બહેન કહેવાય. ફકત એક કોલ કરીએ ને આવી જાય, મને હતું કે તેને ૧૦૮ કહેવાય, પણ આજે ખબર પડી કે તેને દીકરી કહેવાય.'' સાહેબ, મહિલા દિવસે ફરી એકવાર મહિલાઓ, માતાઓ–બહેનોને અભિનંદન. આરોગ્ય વિભાગને ચરણ સ્પર્શ કરવાનું મન થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય કનુભાઇ, એક–બે મિનિટ પ્લીઝ, માનનીય નીતિનભાઇ સાહેબ એક આનંદની જાહેરાત કરવા માગે છે.

### માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીની જાહેરાત

વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલા ધારાસભ્યશ્રીઓની માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટમાં વધારો કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન છે અને આપણે બધા ખૂબ પ્રેમથી આનંદથી અને ઉત્સાહની મહિલાઓને, બહેનોને વધાવીએ છીએ. ત્યારે રાજ્યના નાણામંત્રી તરીકે, માર્ગ મકાન મંત્રી તરીકે અને અમારી વિજયભાઇની સરકારની એક જવાબદારી અને ફરજ છે કે, ફકત અભિનંદન નહીં પણ બહેનો એમના મત વિસ્તારમાં વધુ સારી રીતે કામ કરી શકે તે માટે આપણા આ સન્માનનીય ગૃહમાં ૧૩ મહિલા ધારાસભ્યશ્રીઓ છે, આ ૧૩ મહિલા ધારાસભ્યશ્રીઓને તેમના મત વિસ્તારમાં અમારા માર્ગ અને મકાન વિભાગ તરફથી દરેકને વિસ્તાર દીઠ એક–એક કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ અમે ફાળવીશું. જે ગ્રામ્ય વિસ્તારની બહેનો છે તેમને ગ્રામ્ય વિસ્તારના જે રસ્તા કરવા હોય તે વગેરે અમે મંજૂર કરી આપીશું. અને જે કોર્પોરેશનના મહિલા બહેનો છે એ કોર્પોરેશન વિસ્તારના બહેનોને કોર્પોરેશનના એમના વિસ્તારમાં જે કામ કરવા હશે એની ગ્રાન્ટ અમે કોર્પોરેશનના હવાલે મૂકીશું અને એના નિયમો અગાઉ બનેલા છે આ પહેલીવાર નથી કરતા, ગયા વર્ષે, આગલા વર્ષે પણ આ પ્રમાણે મહિલા ધારાસભ્યોને અમારા માર્ગ મકાન વિભાગ તરફથી અમે આ ભેટ આપી હતી. આજે અમારા માનનીય મંત્રીશ્રી વિભાવરીબેને બધી ધારાસભ્ય બહેનોની સહીઓ સાથે પત્ર મોકલ્યો એટલે મને એમ થયું કે આપણે બધા આટલા બધા વખાણ કરીએ છીએ તો બહેનોને આપણે ભેટ આપીએ એટલે આ બધી બહેનોને એક એક કરોડ રૂપિયા ગ્રાન્ટ વધારાની ઉપલબ્ધ કરાવીશું.

અધ્યક્ષશ્રી : આ ભાઇઓ તરફથી મને કંઇક અવાજ સંભળાયો છે. પ્લીઝ, પ્લીઝ. અવાજ શું સંભળાયો એ તો સાંભળી લો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વભાઇ દિન છે જ નહીં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ બહેનોના ભાઇ તરીકે કંઇક આપો, એટલે એમનાથી અડધા તો આપો ભાઇઓને.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી નં.૧૩ લઇને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને મારું સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ઊર્જાની વાત કરીએ ત્યારે સમગ્ર ભારત જાણે છે કે ગુજરાતના કચ્છની અંદર આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ૩૦,૦૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા કરવા માટે ત્યાં શિલાન્યાસ કરવામાં આવ્યો છે અને જ્યારે ઊર્જાની આવત કરીએ છીએ ત્યારે કિસાન સૂર્યોદય યોજના હેઠળ હમણાં હમણાં કિસાનો પણ ખૂબ જ દ્વિધામાં હતા અને રાત્રે એમને પાણી વાળવા જવાનું થતું હોય ત્યારે જીવજંતુ કરડી જવાનો ભય રહેતો હોય ત્યારે દિવસે વીજળી આપવા માટેનો સરકારે નિર્ણય લીધો છે એ બદલ સરકારને હું હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણું બધું કહેવાનું છે પણ સરકારે જે કાંઇ ઊર્જા વિભાગમાં કામગીરી કરી છે એ એક કવિતાના સ્વરૂપે હું કહેવા માગું છું. વખાણું મોદી સાહેબને જેમના સંગે અમિતભાઇ શાહ, નિર્ણય લેતા લખેણા જોઇ દુનિયા રહે કહે છે વાહ. નિર્ણય લીધા અઘરા દુનિયા રહી ગઇ દંગ, શ્રી અમિતભાઇ શાહની કાર્યકૂશળતાથી જામ્યો કેસરિયાનો રંગ. માનનીય અધ્યક્ષશ્રી, રૂપાણી સાહેબની લાગણી અને શ્રી નીતિનભાઇ પટેલની નીતિ, સર્વ કાર્યકર્તાઓની સેવાથી પાર્ટી અમારી જીતી. સી.આર.પાટીલના સાથથી પાડશે જુદી ભાત શ્રી સૌરભભાઇના સ્વપ્નાઓ ઊર્જાવાન ગુજરાત. માનનીય અધ્યક્ષશ્રી, જયારે કિશાન સુર્યોદય યોજનાની વાત હોય ત્યારે કિશાન સુર્યોદય યોજના માટે પણ પંક્તિ છે કે, ભાજપ સરકારે સમજી લીધી અને દતાની ના મનવી વાત, દિવસે પાવર આપ્યો ખેતરમાં પાડી લીલી ભાત. માનનીય અધ્યક્ષશ્રી, હરહંમેશ ઊર્જાવાન

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

ઊર્જામંત્રી પ્રયત્ન સૌરભભાઇ પટેલના અગણીત થયો વિકાસ, ભાજપ થકી ફેલાવ્યો ઊર્જા તણો પ્રકાશ. જ્યારે ઉજવલા યોજનાની વાત કરીએ છીએ ત્યારે મારા વિસ્તારમાં હમણા હમણા જ અમિતભાઇ શાહ સાહેબ દ્વારા ૧૦ હજારથી પણ વધારે લાભાર્થીઓ બાકી હતા તો એમને પણ સી.એસ.આર. ફંડમાંથી લાભ આપવામાં આવ્યો છે અને અત્યારે મારા વિસ્તારમાં એક પણ ઉજવલા યોજનાનો લાભાર્થી બાકી નથી અને તમામને લાભાર્થીઓને ઉજવલા યોજના હેઠળ લાભ મળ્યો છે ત્યારે એના વિશે પેહેલાની વાત કરીએ ત્યારે દીવડે દિવસો કાઢતા અને ચૂલે ધૂમાડોને રાખ, ઘરે ઘરે સિલીન્ડર આપ્યા એની જનતા પૂરે સાથ. આશીર્વાદ લીધા પ્રજાતણા કર્યા સેવાના કામ એથી જ તો જનજનના દિલમાં ગુંજતું મોદી સરકારનું નામ.

શ્રી રમણભાઇ ધુ. પટેલ (વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સન્માનનીય ગૃહ સમક્ષ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક માગણી ક્રમાંક–૩૯ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન કરું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના વૈશ્વિક મહામારીમાં સમગ્ર વિશ્વ અસમંજસમાં હતું, આ સમયે કોરોના મહામારીમાં ગુજરાતના નાગરિકોને શક્ય તેટલી વધુ સુરક્ષા આપી બચાવવા માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા જે માર્ગદર્શન, પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું તેને અનુસરીને અમારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રી આદરણીય શ્રી નીતિનભાઇ સાહેબના સાનિધ્યમાં સરકારે શ્રેણીબદ્ધ ત્વરિત પગલાં લઇને રાજ્યને ઉગારવા માટે અસરકારક કામગીરી કરી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કોવિડ–૧૯નો પ્રથમ કેસ નોંધવાના ગણતરીના દિવસોમાં જ ૨૨૦૦ બેડની ક્ષમતા સાથે રાજ્યના ચાર મહાનગરોમાં બેરીકેટેડ કોવિડ હોસ્પિટલો ઉપલબ્ધ કરવામાં આવી. એટલું જ નહિ પરંતુ તાત્કાલિક ધોરણે ખાનગી હોસ્પિટલો સાથે પી.પી.પી. મોડેલ મારફતે એટલે કે ૫૦ ટકા સીટો સરકારી ફંડ આપીને કોવિડ–૧૯ હોસ્પિટલો ઉપલબ્ધ કરવામાં આવી અને ટોટલી ગુજરાતમાં ૫૫,૫૫૯ બેડ ઉપલબ્ધ કરીને ગુજરાતની જનતાની સહારે સરકાર રહી.

અમારી સરકારે લોકોની સુખાકારી જળવાઇ રહે તે માટે મા અમૃતમ્, મા વાત્સલ્યમ્ યોજનાના લાભાર્થીને રૂપિયા ૫,૦૦,૦૦૦/–નું આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવ્યું. વધુ લોકો લાભ લઇ શકે તે માટે રૂપિયા ૪,૦૦,૦૦૦/–ની આવક મર્યાદા કરવામાં આવી અને જે લોકો સિનિયર સીટીઝન હતા એમને તો રૂપિયા ૬,૦૦,૦૦૦/– સુધીની આવક મર્યાદા જળવાઇ રહી. આ યોજનામાં અત્યાર સુધીમાં રૂપિયા ૩૭૧૦ કરોડનો ખર્ચ થયો અને પચ્ચીસ લાખ લોકોએ આનો લાભ લીધો.

અમારી આ સંવેદનશીલ સરકારે ઘર આંગણે તબીબી શિક્ષણમાં પણ વધારો કર્યો છે. છેલ્લાં પાંચ વરસમાં ૨૧૭૦ તબીબી બેઠકોનો વધારો કર્યો છે. વરસ ૨૦૧૬–૧૭માં ૩૫૩૦ બેઠકો હતી જે આજે ૫૭૦૦ બેઠકો કરી છે. છેલ્લાં પાંચ વરસમાં ૯ મેડિકલ કોલેજો આપવામાં આવી. રાજ્યમાં ૩૧ મેડિકલ કોલેજો થઇ. ૧૩ ડેન્ટલ કોલેજો થઇ. ૭૩ ફીઝીયોથેરાપીની કોલેજો થઇ. રાજ્યમાં ૩૬ આયુર્વેદિક સરકારી કોલેજો ઉપલબ્ધ થઇ. ડેન્ટલની કુલ સીટ ૧૩૪૦ હતી. ફીઝીયોથેરાપીની સીટો ૪,૭૭૦ થઇ. આવી અનેક સીટો દ્વારા ગુજરાત સરકારે પ્રજાના સથવારે રહીને સુખાકારી માટે આગવા પગલાં ભર્યા છે માટે જે પણ દરખાસ્ત લઇને આવ્યા છે એમાં વિરોધપક્ષના સભ્યો દ્વારા કાપ ન મૂકતા સર્વાનુમતે પાસ કરીએ એવી મારી નમ્ર વિનંતી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) :માનનીય અધ્યક્ષશ્રી આજના દિવસે બધી બહેનોને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. આજની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આજે વધારાની માગણીઓ લઇને આવવું પડે, સરકારશ્રી પૈસા ફાળવતી હોય અને સરકારના પૈસાનો દુરૂપયોગ થતો હોય ત્યારે એમાં સરકારે ગંભીર થઇને વિચારવું પડે. આ વાત એટલા માટે કરી રહ્યો છું કે મારા વિસ્તારમાં તાલાલા તાલુકાની અંદર માનનીય બાપુશ્રીનું ધ્યાન દોરવા માગું છું. હમણાં ૨૦૧૮–૧૯નું ત્યાં તાલુકા પંચાયતમાં ઓડિટ થયુ અને એક વર્ષના ઓડિટ ગાળામાં ૧ કરોડ ૪૮ લાખ રૂપિયાની ઉચાપત બહાર આવી. આ ઉચાપત કરનાર કોઇ કર્મચારી નહીં, કોઇ શિક્ષક નહીં, કોઇ સરકારી નોકરી કરનાર વ્યકિત નહીં તાલુકા પંચાયતમાં ઘણાં વર્ષથી બિન કાયદેસર કબજો જમાવીને કામ કરનાર વ્યકિત અને તેમને ખબર પડી કે વર્ષ ૨૦૧૮–૧૯ના વર્ષના ઓડિટમાં જયારે ઉચાપત બહાર આવી છે ત્યારે તેમણે ઓડિટ કરનાર વ્યકિતઓને કરપ્શન આપી અને ફોડવાની કોશિશ કરી પણ તે ફૂટયા નહીં અને ઓડિટમાં બહાર આવ્યું. આ વ્યકિતએ ત્રીજા જ દિવસે સ્યુસાઇટ કર્યું. આર.વી. ઠુમર કરીને તે વ્યકિત કે જેમના ખાતામાં દર મહિને ૧૦ લાખ રૂપિયાનો પગાર ઉધારાતો હતો. આ તો એક વર્ષનું ઓડિટ થયું છે અને વર્ષ ૨૦૦૪થી તે તાલુકા પંચાયતની અંદર તે વ્યકિત બિન કાયદેસર કામ કરતો હતો. મારી માનનીય બાપુશ્રીને અને સરકારશ્રીને વિનંતી છે કે આમનું વર્ષ ૨૦૦૪થી અત્યાર સુધીનું જે ઓડિટ થયુ હોય તેની ઉપર પાછું ઓડિટ થાય. કમ સે કમ ૪૦થી ૪૫ કરોડ રૂપિયાનું કૌભાંડ ખાલી શિક્ષણ વિભાગમાં આ માણસે આદરેલું છે. તેમાં ડીપીઓ પણ આવે, તાલુકા પંચાયતનો ચાર્ટડ એકાઉન્ટન્ટ હોય તેમની પણ જવાબદારી આવે, તાલુકા વિકાસ અધિકારી હોય તેમની પણ જવાબદારી આવે, શિક્ષણ વિભાગના અધિકારીઓ હોય તેમની પણ જવાબદારી આવે આમાં બધાની મિલી ભગતને કારણે આજે આવડુ મોટું કૌભાંડ થયું હોય, વ્યકિત હાજર નથી પણ આજે આવડું મોટું કૌભાંડ કે જે કદાચ વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીનું ઓડિટ કરવામાં આવે તો ૧૯ કરોડ રૂપિયા થાય અને વર્ષ ૨૦૦૪થી અત્યાર સુધીનું ફરી પાછું ઓડિટ કરવામાં આવે તો કમસે કમ ૪૦થી ૪૫ કરોડ રૂપિયાનું કૌભાંડ બહાર આવે એવું અમને લાગી રહ્યું છે. મારી સરકારશ્રીને વિનંતી છે કે કર્મચારી ના હોય આજે ગુજરાતના ઇતિહાસમાં આવો બનાવ કદાચ નહીં બન્યો હોય. ૧૦ લાખ રૂપિયાનો પગાર દર મહિને તેના ખાતામાં જમા થાય અને તે કોઇ કર્મચારી નહીં તો એના કારણો અને તેની સાથે કોણ સંકળાયેલા છે તે જો રકમ પાછી આવતી હોય તો મારી બહેનોને એક કરોડ આપ્યા છે તેમ અમને પણ ભાઇશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ બીજા એક કરોડ રૂપિયા ફાળવી શકયા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ એક જ શિક્ષણ વિભાગની વાત કરું છું બીજી એટીવીટી, તાલુકા પંચાયત અને આયોજનથી લઇને બીજી જે ગ્રાન્ટો આવતી હોય, બીજા વિભાગની અંદરથી જે ગ્રાન્ટો આવતી હોય તે દરેક વસ્તુની અંદર પણ જો સરકાર ગંભીર થઇને યોગ્ય ઓડિટ કરવામાં આવે અને ઓડિટ કરનારા લોકો જો તટસ્થ રીતે તેમાં તપાસ કરી અને બહાર લઇ આવે તો કરોડો રૂપિયાનું કૌભાંડ બહાર પડે તેમ છે. આ કૌભાંડ હમણાં થોડા દિવસ પહેલાં જ બહાર આવ્યું છે. હું ધન્યવાદ આપું છું ઓડિટ કરનારા લોકોને કે તેમણે વર્ષ ૨૦૧૮–૧૯નો આંકડો આપની સમક્ષ રજૂ કર્યો છે. આની અંદર તાલુકા વિકાસ અધિકારી, એકાઉન્ટન્ટ અને ડીપીઓ અને વર્ષ ૨૦૦૪થી સરકાર આની અંદર યોગ્ય રીતે તપાસ કરાવે એવી મારી નમ્ર વિનંતી છે. સરકારને લાગણી સાથે મારી માગણી રજૂ કરું છું તેમા સરકાર વિચારી અને યોગ્ય તપાસ કરાવે એવી મારી વિનંતી છે.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરજીભાઇની વાતને મેં ફરીથી ગંભીરતાથી લીધી અને ફરીથી અત્યારે જ અહેવાલ મંગાવ્યો. તેમા જે લાઠી–લીલીયામાં, લીલીયા સીએચસીના ડોકટર પ્રકાશ સાથે અમે વાત કરી અને એમણે ત્યાં માહિતી આપી કે કૂતરા કરડવાની સામેની રસી ૪૫ વાયલ આજે ત્યાં ઉપલબ્ધ છે અને બીજી બધી દવાઓ, સાધન–સામગ્રી બધું ઉપલબ્ધ છે. એવી જ રીતે સબ–ડિસ્ટ્રીકટ હોસ્પિટલ લાઠી જયાં આપે કહ્યું કે ખૂબ મોટી હોસ્પિટલ છે અને સાચી વાત છે ઘણાં દર્દીઓ તેનો લાભ લે છે. ત્યાંના ડોકટર પ્રદિપકુમાર સિન્હા સાથે ઇન્ચાર્જ અધિક્ષકશ્રી સાથે અમારા અધિકારીઓએ વાત કરી અને માહિતી મેળવી. તો ત્યાં પણ ૫૦ વાયલનો જથ્થો ઉપલબ્ધ છે. તમે અહીંયા બેઠા–બેઠા કહ્યું તો મેં એસ.એમ.એસ. કરીને માહિતી લીધી. બંને હોસ્પિટલમાં જથ્થો ઉપલબ્ધ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : તમે પણ સાચા છો અને એ પણ સાચા છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બંને કેવી રીતે સાચા હોય? (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું તમને બોલવાની તક આપીશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કાં તો હું સાચો. કાં તો એ સાચા. હું તો માહિતી સાથે, ડોક્ટરના નંબર સાથે, વાયલના જથ્થા સાથે વાત કરું છું. હજી તમારે ચકાસવું હોય તો ફરીથી ચકાસી લો. હું તો એટલે કહું છું કે તમે ગૃહમાં જે કહો એને અમારી સરકાર, અમારા દરેક મંત્રીશ્રી, દરેક ધારાસભ્યશ્રીની વાતને ગંભીરતાથી લે છે. દા.ત. અત્યારે શિક્ષણ વિભાગ બાબતે જે વાત કરવામાં આવી છે એને પણ મેં નોંધી લીધી છે અને અમે એને ગંભીરતાથી તપાસ કરાવીશું. શ્રી ભૂપેન્દ્રસિંહજીએ પણ નોંધી લીધી છે. અહીંયા ખાલી અમે બોલ્યા અને તમે બોલ્યા અને સાંજ પડી ગઇ અને વાત પતી ગઇ એના માટે ભેગા નથી થયા. જનતાએ એક જવાબદાર પ્રતિનિધિ તરીકે આપણને અહીં મૂક્યા છે અને અમે જવાબદાર મંત્રી તરીકે જવાબદારીપૂર્વક કામ કરીએ છીએ. હું ઉંડાણપૂર્વક કામ કરી રહ્યો છું. શ્રી ભગાભાઇની વાતની પણ અમે સ્પષ્ટતા કરાવીશું. ખોટું થયું હશે તો મુખ્યમંત્રીશ્રીએ પણ વારંવાર કહ્યું છે કે કડકમાં કડક કાર્યવાહી કરીશું. એની અગાઉ જે વાત થઇ એમાં પણ કડકાઇથી કાર્યવાહી કરીશું. શ્રી પુંજાભાઇએ પણ વાત કરી છે. કોઇ વાતને અમે હળવાશથી લેતા નથી. તમને એવું લાગતું હોય કે અમે બોલ્યા એટલે વાત પૂરી થઇ ગઇ. તમારી વાત પૂરી થાય છે અને અમારું કામ શરૂ થાય છે. આ ભાજપની સરકાર છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો લીલીયા મારા વિસ્તારનું નથી. લાઠીમાં available છે. ડોક્ટરે મને એસ.એમ.એસ. આપ્યો છે કે available છે. શ્રી નીતિનભાઇ કહેશે ત્યારે એમની ઓફિસમાં જઇને હું એમને બતાવીશ.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, આ વિષય એવો છે કે જ્યાં સરકાર એક બાજુ ખાતરી કરાવીને કહેતી હોય તો આપ રૂબરૂમાં મળીને ચર્ચા કરાવી લેજો અને રેકર્ડ પર જે કાંઇ હશે એ માનનીય મુખ્યમંત્રીશ્રી પછી જાહેર કરશે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇએ કીધું એમ આખી વિગત સાથેની કાગળ ઉપર માહિતી જોઇતી હશે તો પણ મારી આપવાની તૈયારી છે.

અધ્યક્ષશ્રી : ના, ના એમણે ના નથી પાડી. તમારો પ્રશ્ન છે એમાં તપાસ કરાવવાનું એમણે કીધું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એક ચોખવટ કરવી છે એ વાજબી છે. હું શ્રી ભગાભાઇને પણ કહું છું. શ્રી પુંજાભાઇને પણ કહું છું કે આ બધી બાબતોને અમે ખૂબ ગંભીરતાથી લઇએ છીએ. શ્રી નીતિનભાઇની વાત એકદમ સાચી છે કે તમારી વાત પૂરી થાય છે અમારી કામગીરી શરૂ થાય છે. સવારની વાત પછી મેં પણ મારા વિભાગને તાત્કાલિક ધોરણે તપાસ કરીને રીપોર્ટ કરવા કહ્યું છે. અત્યારની આપની વાત પણ મેં નોંધી લીધી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રથમ દિવસની આ ચર્ચામાં આપણા ગૃહના સન્માનનીય અમારા પક્ષના લગભગ ૨૫ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ભાગ લઇને સરકારની પૂરક માગણીઓને જુદા–જુદા કારણોસર જે પૂરક માગણીઓ થઇ છે એને સમર્થન આપ્યું છે અને કુલ ૩૦ જેટલા માનનીય સભ્યશ્રીઓએ આજે એમના સૂચનો, વિચારો, ટીકા–ટિપ્પણીઓ રજૂ કર્યા છે. મેં અગાઉ કહ્યું એમ દરેક ધારાસભ્યશ્રીએ શું સૂચન કર્યું? ખાસ કરીને શું ફરિયાદ કરી અને શું આક્ષેપ કર્યા એની અમે ગંભીરતાથી વિગતવાર નોંધ કરી છે. અમારા સભ્યશ્રીઓએ ખૂબ સારી રીતે કહ્યું છે કે જુદા–જુદા કારણોસર કેમ પૂરક માગણીઓ ઊભી થઇ? ખાસ કરીને આરોગ્ય વિભાગ, બીજા વિભાગોમાં જે જરૂરિયાત ઊભી થઇ એ કારણો બહુ સ્પષ્ટ અને ઉડીને આંખે વળગે એવા છે. કોરોનાની મહામારી દરમિયાન ઊભી થયેલી પરિસ્થિતિને કારણે આરોગ્ય વિભાગની પણ ઘણી મોટી જવાબદારી અને કામગીરી વધી છે તેનું પણ વિશ્લેષણ અમે કર્યું છે. અમારા ઘણાં ધારાસભ્યશ્રીએ તો ખૂબ રોચક અને કાવ્યાત્મક રીતે આરોગ્ય વિભાગની આખી કામગીરીનું વિસ્તૃત વર્ણન કરી અને બિરદાવી છે.

અધ્યક્ષશ્રી : મને તો આપણા ધારાસભ્ય કવિઓની સ્પર્ધા રાખવાનો વિચાર આવ્યો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ચોક્કસ રાખવી જોઇએ.

અધ્યક્ષશ્રી : હું આપણા પેલા મેગેઝિન સંચિતમાં આપી શકું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને પણ અભિનંદન આપવા છે. શ્રી ગ્યાસુદિનભાઇની વાતમાં તમે જે રીતે વર્ણન કર્યું તેમાં ભાષા ઊર્દૂ હતી કે અરબી એ મને ખબર નથી પણ...

અધ્યક્ષશ્રી : ઊર્દૂ

## તા. ૮મી માર્ચ ૨૦૨૧

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ ખૂબ સંદર રીતે વર્ણન કરી અને અમને માહિતગાર કર્યા એટલે અમારા બધાં વતી આપને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને જે સબસિડી આપવામાં આવે છે તેમાં પણ કનેક્શન વધે એટલે સબસિડીની રકમમાં વધારો થાય. અમે વર્ષ દરમિયાન જે કનેક્શન આપીએ એ અંદાજીત હોય છે. પછી ખરેખર જે કનેક્શન અપાય એનો ખર્ચ, એની સબસિડી વગેરે પણ એમાં ઉમેરાતું હોય છે એટલો એનો પણ પૂરક માંગણીઓમાં ઉલ્લેખ આવી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય અન્ય વિભાગની જે માંગણીઓ છે તેમાં ખાસ કરીને શિક્ષણ વિભાગમાં જુદા-જુદા કારણોસર જે આકસ્મિક ખર્ચ આવે જેમ કે, ક્લાસિસ વધે, સ્કૂલો વધે, વિદ્યાર્થીઓ વધે એટલે નવી ભરતી મોટા પ્રમાણમાં કરી રહ્યા છીએ. નવી ભરતી કરવાના કારણે પગારનો ખર્ચ પણ ચાલુ થાય તો તે બધું પણ આમાં ઉમેરાતું હોય. અમે નવી ગ્રાન્ટેબલ સંસ્થાઓ પણ ચાલુ કરતા હોઇએ છીએ તો એનો પણ ખર્ચ ઉમેરાય. આમ, આ વિધાનસભામાં આ પૂરક માંગણીઓ દરમિયાન અમે એક એક પૈસાનો હિસાબ સન્માનનીય ગૃહને આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગમાં પણ ઘણી યોજનાઓ વધવાના કારણે ઘણી કામગીરી વધી. ઘણીવાર ભાવ વધારો કે ખર્ચ વધારો થવાના કારણે, ટેન્ડરો ઊંચા આવવાના કારણે ખર્ચ વધી જતો હોય છે. આ ખર્ચ વિધાનસભાની આપણી પરંપરા પ્રમાણે મે જે પૂરક માંગણી દ્વારા રજૂ કરી છે એ બધાં જ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : પૂરક માંગણીઓ પર મતદાન. હવે હું માંગણીઓ પર મંજૂર થયેલી કાપ દરખાસ્ત મત માટે મૂકીશ. જેઓ તરફેણમાં હોય તેઓ હા કહે. તમે મતદાન અટકાવી દીધું. સારું કામ થયું ચાલો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે પૂરક માંગણીઓ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી લઇને આવ્યા તેમાં પૂરક માંગણી ક્રમાંકઃ ૩૯ જે તબીબી અને જાહેર આરોગ્ય બાબતની છે એમાં અમારા જે સભ્યશ્રીઓ કાપ દરખાસ્ત લાવ્યા છે તે અમે પાછી ખેંચીએ છીએ.

અધ્યક્ષશ્રી : બીજામાં નહિ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આત્મનિર્ભર યોજના દ્વારા ગરીબ અને મધ્યમવર્ગ, વેપારી વર્ગ, રોજનું લાવીને ખાનાર વર્ગ એ બધાંને રૂપિયા ૧૪,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે એનો બધાંને આપણે લાભ આપ્યો છે. જેમ અહીંયા આપણા ધારાસભ્યશ્રીઓએ વાત કરી કે દુકાનો, બજારો, ધંધા-રોજગાર બંધ હતાં એના પરનો પ્રોપર્ટી ટેક્સ પણ આપણે માફ કર્યો. ટ્રકો બંધ હતી, રીક્ષાઓ બંધ હતી, બસો બંધ હતી તો એના ઉપર જે આર.ટી.ઓનો ટેક્ષ લેવાતો હતો એ પણ આપણે આત્મનિર્ભરમાં માફ કર્યો. વીજળીના કનેકશનના નાના નાના બિલો, જે નાના નાના ઉદ્યોગ હોય, નાની નાની વેપારી સંસ્થાઓ હોય, હવે ધંધો ન હતો, ઉદ્યોગ ન હતો, મશીનની પાવરની સ્વીચ ચાલુ ન હતી કરી, એનું જે મિનિમમ બિલ આવતું હતું એ આપણે માફ કર્યું તો આવું બધુ જયારે ગરીબલક્ષી, પ્રજાલક્ષી માફ કર્યું છે, આ તો મે થોડા દાખલા આપ્યા, ૧૪ હજાર કરોડમાં બહુ જ બાબતો આવી જાય. ખેડૂતોને લગતી પણ ઘણી બાબતો આવી જાય, ગરીબોને લગતી પણ ઘણી બાબતો આવી જાય તો આ બધાનું પણ આત્મનિર્ભરમાં આવી જાય છે. તો એ પણ તમારે સમર્થન આપવું જોઇએ.

અધ્યક્ષશ્રી : આ બહેનોનો આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ છે ને, એ દિવસે બહેનો નારાજ ન થાય એટલે ભાઇઓ રાહ જુએ છે. માનનીય શૈલેષભાઇ, શું કરીએ, હજુ સમય છે એટલે પૂછું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, ૩૯ નંબરની માંગણી આરોગ્યને લગતી છે, એમાં અમારા સભ્યશ્રીઓએ જે કાપ દરખાસ્ત મૂકી છે એ અમે પાછી ખેંચીએ છીએ, બાકી કાપ દરખાસ્તો અમારી એઝ ઇટ ઇઝ રહેશે.

અધ્યક્ષશ્રી : માગણી નં.૩૯ પૂરતી પાછી ખેંચવાની એમ ને?

શ્રી શૈલેષ મ. પરમાર : હા, માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માંગણી ક્રમાંક- ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૦ અને ૧૧ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માંગણી ક્રમાંક- ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૦ અને ૧૧ પાછી ખેંચી લઉ છું.

અધ્યક્ષશ્રી : પૂરક માંગણી ક્રમાંક- ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૦ અને ૧૧ પાછી ખેંચવામાં આવે છે.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંક : ૧૦૨, ૩૯, ૫, ૯ અને ૧૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૦૪.૫૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તારીખ ૦૯મી માર્ચ, ૨૦૨૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ફાલ્ગુન ૧૮, ૧૯૪૨ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૯મી માર્ચ, ૨૦૨૧**

**ફાલ્ગુન ૧૮, ૧૯૪૨ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**આણંદ અને ખેડા જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મંજૂર જગ્યાઓ**

* ૩૩૫૩૬ શ્રી **કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,<br>(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,<br>(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ આઉટસોર્સીંગથી અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે,<br>(૪) ઉક્ત આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાઓમાં કઇ એજન્સી દ્વારા કર્મચારીઓ પૂરા પાડવામાં આવે છે, અને | (૧),(૨),(૩)અને (૪) આણંદ જિલ્લો +પત્રક–અ મુજબ<br>ખેડા જિલ્લો +પત્રક–બ મુજબ |
| (૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૫) જે તે સંવર્ગના ટી.ઓ.આર. મુજબ યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે. |

(+ પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આણંદ અને ખેડા જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, મારો બીજો પ્રશ્ન એ છે કે, આ જગ્યાઓ ભરવા માટે કયારે કયારે જાહેરાત કરવામાં આવી છે અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, વર્ગ–૪ની જગ્યાઓ આઉટસોર્સથી ભરવાને બદલે હંગામી ધોરણે ભરવા માગો છો કે કેમ**?**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તેનો જવાબ આમ તો લેખિતમાં આપ્યો છે કે કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે. પરંતુ હું ચોક્કસ કહીશ કે, ભારત સરકારના સહયોગથી આ નેશનલ રૂરલ હેલ્થ મિશન યોજના ચાલે છે તેમાં જુદા જુદા પ્રકારની જગ્યાઓ ભરવા માટે અને તેના ખર્ચ માટે ભારત સરકાર દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવે છે. તેમાં મોટાભાગે આઉટસોર્સિંગથી જગ્યાઓ ભરવી તે પ્રમાણેની નીતિ પણ ભારત સરકારની છે. રાજ્ય સરકારની પણ તે નીતિ છે અને તે અન્વયે ઇન્ટરવ્યુ વગેરેની કાર્યવાહી કરી મેરીટ આધારિત ઉમેદવારો પસંદ કરવામાં આવે છે. આ જે માહિતી માનનીય કાંતિભાઇએ પૂછી છે તેની સંપૂર્ણ વિગતો લેખિતમાં જવાબમાં આપેલી છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આણંદ અને ખેડા જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મેડિકલ, પેરા મેડિકલ અને અન્ય સંવર્ગની ભરતી કેવી રીતે કરવામાં આવે છે**?**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારમાં આ બધી જ પ્રક્રિયા પારદર્શકતાથી વર્તમાનપત્રોમાં જાહેર ખબરો આપી, અરજીઓ મંગાવીને ઇન્ટરવ્યુ લઇ અને મેરીટના આધારે જે તે કેડરના ઉમેદવારો પસંદ કરવામાં આવે છે. વોક ઇન ઇન્ટરવ્યુમાં ડોકટરોની ભરતી કરવાની હોય તો તેમાં જે ડોકટરો એમ.બી.બી.એસ. ફાઇનલ કરીને ડિગ્રી લઇ ચૂક્યા હોય તેમાં તેમણે જે અનુકૂળ હોય તે જગ્યા અને સરકારને જરૂરી હોય તે જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ રૂરલ હેલ્થ મિશન લોકોના આરોગ્ય સાથે જોડાયેલો વિભાગ છે. આ સંજોગોમાં કાયમી નિમણૂકો થાય તે ખૂબ જરૂરી છે. બીજી બાજુ ગુજરાતમાં લાખોની સંખ્યામાં બેરોજગાર યુવાનો છે. તે પણ ઇચ્છી રહ્યા છે કે તેમની લાયકાતના પ્રમાણમાં તેમને કાયમી અને પૂરા પગારથી નોકરી મળે. સરકાર ભરતી માટેની જાહેરાતો અને વચનો આપે છે, પણ અહીં જે આંકડા પત્રકમાં આપ્યા છે તે જોતાં દુઃખ થાય છે. તેમાં આણંદ જિલ્લાની વાત કરીએ તો તેમાં ૬૩૬ મંજૂર થયેલી જગ્યાઓ છે અને તેમાંથી ૫૦૬ જગ્યાઓ ભરાયેલી છે. આ જે ૫૦૬ જગ્યાઓ ભરાયેલી છે તે તમામે તમામ જગ્યાઓ ફીકસ પગારથી ભરવામાં આવેલી છે. એ જ રીતે બીજા પત્રકમાં ખેડા જિલ્લાની મંજૂર થયેલી જગ્યાઓ ૫૬૬ બતાવી છે. તેમાંથી ૫૧૪ જગ્યાઓ ભરેલી છે. આ ૫૧૪ જગ્યાઓ ફીકસ પગારથી ભરેલી છે. ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, ફીકસ પગાર, કોન્ટ્રાક્ટ કે

આઉટસોર્સિંગના નામે શોષણ થાય તે બંધ કરવા માટે અને આ વિભાગ લોકોના આરોગ્ય સાથે જોડાયેલો હોઇ તેવા સંજોગોમાં કાયમી ધોરણે પૂરા પગારથી આ જગ્યાઓ ભરવા માગો છો કે કેમ**?**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી**,** મેં અગાઉ કહ્યું પણ માનનીય અમિતભાઇનું કદાચ ધ્યાન નહીં હોય. રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ પોતે પોતાના કર્મચારીઓની**,** દરેક કેડરના કર્મચારીઓની સંવર્ગવાર ભરતી કરે છે. એમાં ડોકટર હોય**,** નર્સીસ હોય**,** ટેકનિશિયન હોય કે જુદા જુદા પ્રકારના કોઇ પણ કેડરના અધિકારીઓ હોય એ આપણા રાજય સરકારના કર્મચારી**,** અધિકારી**,** ડોકટરો છે. આ ભારત સરકારની આખા દેશમાં ચાલતી જે સ્કીમ છે એના અંતર્ગત આપણને ભારત સરકારે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર માટે આપેલ સ્કીમ છે. આનું નામ જ રૂરલ અર્બન હેલ્થ પોલિસી છે એટલે ગ્રામ્ય વિસ્તારમાં નાગરિકોને આરોગ્યની સેવા પૂરી પાડવા માટે ભારત સરકાર તરફથી આપણને ગ્રાન્ટ આપવામાં આવે છે**,** ભરતી કરવા માટે અને સાધન સહાય વગેરે આપવામાં આપવામાં આવે છે એમની શરત જ એ પ્રમાણેની છે કે**,** ૧૧ માસ કરાર આધારીત આ જગ્યાઓ ભરવી અને એનું પગાર ધોરણ પણ નક્કી કરેલું હોય છે એટલે જે કર્મચારીની મેરિટના આધારે પસંદગી થાય એમને કરારમાં જે નક્કી કરેલી રકમ હોય એ પૂરેપૂરો પગાર ચૂકવવામાં આવે છે. આ આઉટ સોર્સીંગ કર્મચારી નથી**,** આઉટ સોર્સીંગ કર્મચારી એ અલગ વિષય છે. બીજું આપે કહ્યું અને ખેડા જિલ્લાનો જે આંકડો વાંચ્યો તો દાખલા તરીકે ૬૦૦માંથી ૫૫૦ જગ્યા ભરેલી હોય વગેરે વગેરે. તો આખા રાજયમાં આ પ્રમાણે મોટા ભાગની જગ્યાઓ ભરી દઇએ છીએ અને સમયાંતરે ખાલી પડે**,** કોઇ બીજી જગ્યાએ સિલેકટ થાય**,** કોઇ બીજી જગ્યાએ કાયમી નોકરીમાં પસંદગી થાય તો એને લીધે જે જગ્યા ખાલી થાય એ મેરિટના આધારે એની ફરીથી પ્રક્રીયા કરીને ભરતી કરીએ છીએ એટલે આ સતત ચાલતી પ્રક્રીયા છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી**,** હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે**,** આ નેશનલ રૂરલ હેલ્થ મિશન શું છે અને**,** આ કાર્યક્રમ ક્યારથી અમલમાં મૂકાયો છે અને**,** એનો હેતુ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી**,** મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આ કાર્યક્રમ ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો છે અને ગુજરાત અને ગુજરાત સિવાયના પણ દેશના જે વધુ ગ્રામ્ય**,** વન વિસ્તારવાળા હોય**,** પહાડી હોય એવા જે ગરીબ રાજયો છે એવા રાજયોમાં ભારત સરકારે ૨૦૦૫ થી આ યોજના અમલમાં મૂકેલી છે અને ૧૨.૪.૨૦૦૫થી અમલમાં મૂકાયેલી આ યોજનાનો મૂળભૂત હેતુ ગ્રામ્ય વિસ્તારના ગરીબ દર્દીઓને**,** બાળકોને**,** મહિલાઓને હેલ્થ સુરક્ષા આપવી**,** બાળ મૃત્યુ દર ઘટાડવો**,** મહિલા મૃત્ય દર ઘટાડવો અને રસીકરણ કરવું**,** પોષક આહાર પહોંચાડવો આ બધી કામગીરીનો આ આખી યોજનામાં સમાવેશ થાય છે. આ યોજના એકલા ગુજરાત રાજય માટે નથી આખા દેશ માટે છે અને ભારત સરકાર આની ગ્રાન્ટ જરૂરિયાત પ્રમાણે અને ખર્ચ પ્રમાણે આપણને આપે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી**,** માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે**,** આઉટ સોર્સીંગની વાત એમણે અહીંયા કરી અને એમ કહ્યું કે ભારત સરકારની ગાઇડલાઇન મુજબ આઉટ સોર્સીંગથી કે કોન્ટ્રેક્ટ બેઇઝથી ભરતી કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી**,** આ ભારતીમાં વારંવાર સમયાંતરે રાજય સરકારનું પણ ધ્યાન દોરવામાં આવ્યું છે અને દર વખતે આ વિધાનસભામાં પણ સરકારનું ધ્યાન દોરવામાં આવે છે કે આઉટ સોર્સીંગમાં જેની ભરતી કરવામાં આવે છે અને જે કંપનીઓ દ્વારા ભરતી થાય છે એમના દ્વારા કર્મચારીના પગાર ચૂકવવામાં શોષણ થાય છે**,** શોષણ કરવામાં આવી રહ્યું છે એવી વ્યાપક પ્રમાણમાં રાજય સરકારને ફરિયાદો કરી છે. એ પૈકી એક દાખલો આપું કે બાલાસિનોર જિલ્લામાં વિરપુર તાલુકામાં ફરિયાદ કરેલી અને ફરિયાદના આધારે રોજગાર નિયામકને તપાસ સોંપી તો તપાસનો જે અહેવાલ આવ્યો એમાં ઓછો પગાર ચૂકવવામાં આવ્યો છે એવું રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થયું છે. તો આવી એજન્સીઓ જે આઉટ સોર્સીંગથી કામ કરતા લોકોને**,** સરકાર તો પૂરો પગાર આપે છે પણ જે એજન્સી છે એ પૂરો પગાર ચૂકવતી નથી અને શોષણ કરે છે તો આ કંપનીઓને બ્લેક લિસ્ટ કરવા માટેની કોઇ કાર્યવાહી રાજય સરકારે કરી છે કે કેમ? અને ન કરી હોય તો કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી**,** આમ**,** તો આ પ્રશ્ન મૂળ પ્રશ્નમાંથી ઉદ્ભવતો પ્રશ્ન નથી છતાં મેં અગાઉ સન્માનનીય ગૃહમાં આ સત્રમાં જ બેથી ત્રણ વખત દાખલા સહિત કહ્યું છે કે**,** અમારી સરકાર આઉટ સોર્સીંગના કર્મચારીઓને જે પગાર આપે છે એ પૂરેપૂરી રકમ કર્મચારીના ખાતામાં એસ્ક્રો એકાઉન્ટ દ્વારા સીધે સીધી જમા થઇ જાય અને એક પણ રૂપિયો આઘો–પાછો ન થાય**,** કોઇ વચમાંથી એની રકમ કાપી ન લે એ માટે અમે બધી જ વ્યવસ્થા ફૂલપ્રૂફ સિસ્ટમ લગભગ પૂરી કરી દીધી છે. ક્યાંક છૂટાછવાયા બનાવ હજી કોઇ જગ્યાએ એસ્ક્રો એકાઉન્ટ ખોલવામાં વિલંબ કરવો**,** ના ખોલ્યા હોય**,** કર્મચારી**,** અધિકારી કે એજન્સીએ ઝડપ ના કરી હોય તો એ શોધી શોધીને અમે કરાવી રહ્યા છીએ. સરકારે એક વરસ પહેલાં એ રીવ્યુ પણ કર્યું અને રીવ્યુ કરીને રીન્યુ પણ કર્યું કે અગાઉ જે નર્સોને**,** ટેકનીશીયનોને જે પગાર ચૂકવવામાં આવતો તે વધતા જતા ખર્ચને**,** મોંઘવારીને**,** બીજા પગાર વધારાના ધોરણોને ધ્યાનમાં રાખીને એ ખર્ચને ઉમેરી અમે પગાર પણ સમયાંતરે વધારતા જઇએ છીએ. એટલે પૂરેપૂરો પગાર દરેક કર્મચારીને પ્રાપ્ત થાય તે માટે મુખ્યમંત્રીશ્રી કક્ષાએ પણ અમારે મિટિંગ થઇ**,** મુખ્યમંત્રીશ્રીએ સચિવશ્રીઓની પણ એક કમિટી બનાવી છે અને સચિવશ્રીઓએ સરકારશ્રીને અહેવાલ પણ આપ્યો છે કે પારદર્શકતાથી કર્મચારીઓને મળવાપાત્ર તમામ રકમ**,** પછી એ પગાર હોય**,** પ્રોવીડન્ટ ફંડની રકમ હોય**,** ઇ.એસ.આઇ. ની રકમ હોય**,** બીજા ભથ્થાં મળવાપાત્ર હોય એ બધું જ મળી જાય અને એક પણ રૂપિયો ઓછો ના મળે એ અમે કરેલ છે અને એ પણ હું આ સન્માનનીય ગૃહને કહું કે એકલો આરોગ્ય વિભાગ આઉટસોર્સીંગ ચલાવે છે એવું નથી**,** સરકારના લગભગ દરેક વિભાગમાં વધતી ઓછી સંખ્યામાં કર્મચારીઓ આઉટસોર્સીંગથી કામ કરે છે તો રાજ્યના તમામ આઉટ

સોર્સીંગ કર્મચારીઓને મળવાપાત્ર હક્ક એટલે કે પૂરેપૂરો પગાર એમને ચૂકવાય એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે લગભગ હું અંદાજે કહું તો ૮૦–૯૦ ટકા એનું કામ પૂરું થયું છે જે થોડું ઘણું બાકી છે એ આ વિધાનસભા સત્ર પછી એમાં પ્રાયોરિટી આપી આખા રાજ્યમાં તમામ આઉટસોર્સીંગ કર્મચારી– ભાઇઓ બહેનોને ગમે તે કેડરમાં ગમે તે વિભાગમાં કામ કરતા હોય સરકાર જે પગાર આપે છે જે અન્ય લાભો આપે છે એ પૂરેપૂરા એમના મળતા થઇ જાય એ મળે જ છે અને બાકી છે એ મળતા થઇ જાય એ ૧૦૦ ટકા કરી બતાવીશું અમે જૂની સરકારનું પેલું વાક્ય અમે હંમેશા યાદ રાખીએ જ છીએ કે ભારત સરકાર રૂપિયો મોકલે છે પણ વચમાં ૮૫ પૈસા ખવાઇ જાય છે એ અમારે દૂર કરવાનું છે અને અમે સોએ સો ટકા કર્મચારીઓને પૂરેપૂરી રકમ પ્રાપ્ત થાય એ અમારી ભારતીય જનતા પક્ષની મોદી સાહેબની સરકાર હોય કે અમારી સરકાર હોય આ અમારી કટિબદ્ધતા છે.

અધ્યક્ષશ્રી : (અંતરાય) નહિ શું છે?, કશું કંઇ સંભળાય નહિ હમણાં, પ્લીઝ, પછી કહેજો, પ્લીઝ પછી કહેજો, માનનીય પરેશભાઇ, પ્લીઝ, બેસી જાઓ, શ્રી પુંજાભાઇ, પ્લીઝ, બેસી જાઓ. આપ અધ્યક્ષનું પણ સાંભળતા નથી, પ્લીઝ, બેસી જાઓ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીની લાગણી બહુ સ્પષ્ટ હતી, દરેક હાથને કામ મળે અને કામના પૂરેપૂરા દામ મળે આ આખાય ગુજરાતની લાગણી છે આપના મારફતે નાણાંમંત્રીશ્રીને હું સીધું જ પુછવા માગું છું કે, વર્ષ ૨૦૦૬થી ફિક્સ પગાર, કરાર આધારિત નોકરી અને આઉટસોર્સીંગની નવી વ્યવસ્થાએ સરકારની તંત્રના ૨૬ મંત્રાલય, ૪૩ પ્રભાગ, ૧૯૩ જેટલા બોર્ડ કોર્પોરેશન અને કંપનીઓ..

અધ્યક્ષશ્રી : દસ પ્રશ્નો થઇ ગયા છે હવે આ છેલ્લો પ્રશ્ન છે..

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આખી સરકાર કાં તો ફિક્સ પગારથી ચાલે છે, કાં તો કરાર આધારિત કર્મચારીઓથી ચાલે છે અથવા તો આઉટસોર્સથી ચલાવવામાં આવે છે. મારે આપના મારફતે મંત્રીશ્રીને પુછવું છે કે, ગઇ વખતે વિધાનસભામાં જાહેરાત કરી કે આવા તમામ કર્મચારીઓનો ૧૦૦ ટકા પગાર જે નક્કી કર્યો છે તે સીધો જ એસ્ક્રો એકાઉન્ટ ખોલીને તેના મારફતે સીધો જ ચૂકવવામાં આવે છે. મારી જાણમાં છે એ મુજબ શ્રમ આયુક્ત – રોજગાર વિભાગ છે એણે રાજ્યમાં મુખ્યત્વે બે એજન્સી એમ.જે. સોલંકી એન્ડ એસોસીએટ્સ, ભાવનગર અને મે. ડી.જી. નાકરાણી એન્ડ એસોસીએટસ, ભાવનગર. આ બે કંપનીઓ આખા ગુજરાતના લગભગ તમામ વિભાગ, બોર્ડ, નિગમ, કોરપોરેશનમાં આઉટસોર્સની જવાબદારીઓ નિભાવી રહેલ છે. રોજગાર વિભાગે એને નોટિસ આપી, એ લોકો ૫૦–૬૦ટકા રૂપિયા જ ચૂકવતા હતા એ સાબિત થઇ ગયું એને બ્લેકલિસ્ટ કરવાની દરખાસ્ત કરી. એક વિભાગ કંપનીને બ્લેક લિસ્ટ કરે અને એની એ જ કંપનીઓ બીજા વિભાગમાં હજીય કામ કરતી હોય એવા દાખલાઓ છે એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ કરાર, ફિક્સ પગાર અને આઉટસોર્સની વ્યવસ્થા બંધ કરી, સરકારની મંજૂર જગ્યાઓ ઉપર, સરકાર નિયત ધારાધોરણ મુજબ સીધી ભરતી કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સીધી ભરતી પણ અમે કરીએ જ છીએ અને મને જણાવતા આનંદ થાય છે કે, અમારી શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર આવ્યા પછી લગભગ સવા લાખ કરતા વધુ કર્મચારીઓ આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, શિક્ષણ વિભાગ, મહેસૂલ વિભાગ, પંચાયત વિભાગ કે સરકારના યાદ કરો તે બધા વિભાગમાં અમે મોટા પ્રમાણમાં કાયમી કર્મચારીઓની ભરતી કરીએ જ છીએ પણ આ વધારાની સેવાઓ, વધારે કામ, પ્રજાની વધારે જરૂરિયાતને પૂર્ણ કરવા આ પદ્ધતિ પ્રમાણે અમે કરીએ જ છીએ અને મેં કહ્યું એ પ્રમાણે એસ્ક્રો એકાઉન્ટથી સરકારના ચેકથી જ સીધું કર્મચારીના ખાતામાં રકમ જમા થઇ જાય તે ફૂલપ્રૂફ સિસ્ટમ લગભગ પૂર્ણતાના આરે છે. મોટાભાગે અમલ તો ચાલુ થઇ ગયો છે કયાંક થોડુંક બાકી રહે તો એ આ વિધાનસભા બજેટ સત્ર પૂર્ણ થાય એટલે મેં કહ્યું તેમ તેના ઉપર જ મારું ધ્યાન કેન્દ્રિત કરી અને સો ટકા રાજયના તમામ વિભાગોમાં આ યોજના અમે પૂરેપૂરી ફૂલપ્રૂફ સિસ્ટમથી લાગુ કરવાના છીએ. એજન્સી ગમે તે હોય તેને સારી રીતે કામ કરવું, કરાવવું એ અમારી જવાબદારી છે તેઓ કયાંક ખોટું કરતા હોય તો પગલાં પણ લઇએ છીએ. બીજું, સાહેબ, સમયની મર્યાદા છે નહીંતર હું કહું કે અગાઉ આ એજન્સીઓને ૧૨થી ૧૩ ટકા સર્વિસ ચાર્જ આપવામાં આવતો હતો. હમણાં છ મહિનાથી આરોગ્ય વિભાગે ઝુંબેશ ઉપાડી ૫ ટકા કરી દીધો. મહિને ઓછામાં ઓછાં ૧૦ કરોડ રૂપિયા મારા તરફથી કામગીરી કરી અને આ રકમ બચાવવાનું મેં ચાલુ કરી દીધું છે એટલે અમે આ કરીએ છીએ. પ્રજાના પૈસા બચાવવા, સારી રીતે વાપરવા અને જેને જરૂરિયાત છે અને જે કામ કરે છે તેને પૂરો પગાર મળે તે બધું જોવાનું કામ અમે કરીએ છીએ અને તમને તે બધું દેખાઇ આવશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો એકદમ સીધો પ્રશ્ન છે કે અત્યારે રાજયમાં મારા માનવા મુજબ ૬ લાખ ૯૩ હજાર કરતા વધુ કર્મચારીઓ ફિક્સ પગાર, આઉટ સોર્સ અથવા કરારથી નોકરી કરી રહ્યાં છે. આ રાજયનો ભણેલો ગણેલો યુવાન તેને સરકારી નોકરી મળે તે આખા ગૃહ અને ગુજરાતની અપેક્ષા છે. એટલે મારો સીધો જ સવાલ છે કે આવું આઉટ સોર્સ, ફિકસ પગાર અને કરારની લટકતી તલવારમાં કયાંય તેના ભવિષ્ય સાથે ચેડાં થાય તેના બદલે સરકાર મન ખુલ્લું મૂકે અને આવી તમામ સરકારી જગ્યાઓ તેને સીધી જ સરકારી ભરતી કરવા માગે છે કે કેમ ? [*](xxx) લોકોને જે મજા પડે છે.

અધ્યક્ષશ્રી : નહીં, હવે બીજી વાત નહીં, આ *(xxx) શબ્દ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો પ્રશ્નને પ્રોપર્લી સમજવાની આવશ્યકતા છે. સરકારની કાયમી જગ્યાઓનું જે દસ વર્ષનું ટાઇમ–ટેબલ બન્યું છે તે મુજબ ભરતી સતત પ્રક્રિયાથી ચાલે જ છે. સવાલ કાયમી સિવાય પણ વધારાના

[*] માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લોકોની આવશ્યકતા સરકારને પડી છે કોંગ્રેસના શાસનમાં તો સાત વર્ષ સુધી ભરતી ઉપર પ્રતિબંધ હતો અને વાતો કરવી છે. અમે લોકોએ ભરતીના પ્રતિબંધ કાઢ્યા અને ભરતીનું શરૂ કર્યું. (અંતરાય ) સાંભળો, મારી વાત તો સાંભળો.

અધ્યક્ષશ્રી : ગૃહના નેતા જયારે વાત કરે છે તો વાત તો સાંભળવી પડશેને ? વચ્ચે ના બોલીએ પ્લીઝ.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, વધુ સારી સેવા થાય એટલા માટે અમે લોકો આઉટ સોર્સીંગ, કોન્ટ્રેક્ટ બેઇઝ ઉપર પણ વધારે માણસો રાખેલા છે. સવાલ એટલો છે કે જે વાત થઇ કે કામ મુજબ દામ. હવે સાહેબ, ડોકટરને કરાર મુજબ રાખીએ છીએ તો ૫૦ હજારથી ૬૦ હજાર રૂપિયા પગાર આપીએ છીએ તો એમા અમે કયાં ખોટું કરીએ છીએ ? ભારત સરકારની યોજના છે કે અગિયાર માસના કરાર કરવા અને તમારે તેમને પેમેન્ટ કરવું તો ૬૦ હજાર રૂપિયા અમે તેને પગાર આપીએ છીએ તો તે ઓછો નથી આપતા, કયાંય શોષણ નથી. બીજુ, સાહેબ, દરેક લઘુતમ વેતનનું ધ્યાનમાં રાખી અને બરોડામાં તો રૂપિયા ૮૫ હજાર પગાર આપીએ છીએ તેમાં અમે કયાં શોષણ કરીએ છીએ ? મૂળ વાત એ છે કે, કાયમી જે વ્યવસ્થા તે તો ચાલુ જ છે હવે આણંદનો સવાલનો જવાબ આપ્યો કે ૬૦૦માંથી ૫૫૦ની નિમણૂક થઇ ગઇ છે. (અંતરાય) અરે પણ કહું છું. ફિક્સ પગાર કે આ પગાર ભરતી સો ટકા સેટ અપ મુજબ અમે ચલાવીએ છીએ અને લોકોનું કામ થઇ જાય છે, લોકોનું કોઇ શોષણ નથી અને લોકોને અમે પૂરતો પગાર આપીએ છીએ. સવાલ કાયમી કરવા એ એક અલગ વ્યવસ્થા છે અને આ વ્યવસ્થા અલગ છે. (વિપક્ષના નેતા ઊભા થઇને બોલતાં) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આવી ગયું. ઘણું બધું આવી ગયું. પ્રશ્ન ક્રમાંક – ૧માં આપણી ૨૦ મિનિટ ગઇ છે. પ્લીઝ, પ્લીઝ

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : આપ, બેસો પ્લીઝ. આમાં *(xxx) કોઇ વાત જ નથી. વિષયને ખાલી છંછેડો છો. (અંતરાય) તમે જે પ્રશ્ન પૂછ્યો એનો ટ્રેઝરી બેંચે જવાબ આપ્યો છે. ગૃહના નેતાએ જવાબ આપ્યો. (સતત અંતરાય) બેસી જાવ પ્લીઝ. પ્લીઝ બેસી જાવ, તમે શું કામ ઊભા થાવ છો? તમારા નેતા વાત કરે છે. (અંતરાય) બધાએ ના બોલવાનું હોય. કોઇએ શીખવાડ્યું છે કે નહિ? પ્લીઝ, બેસી જાવ. શ્રી મુસડિયાજી, પ્લીઝ બેસી જાવ. શ્રી લલીતભાઇ, પ્લીઝ બેસી જાવ. મને એમ હતું કે શ્રી પ્રતાપભાઇ પૂછશે. તમારામાંથી કોઇએ પૂછ્યું નહિ. હવે છેલ્લે – છેલ્લે હાથ શું કરવા ઊંચા કરો છો. પ્લીઝ. (અંતરાય) એક જ પ્રશ્નમાં ૨૦ મિનિટ થઇ ગઇ. શ્રી મુસડિયાજી, પ્લીઝ બેસી જાવ. (અંતરાય) પહેલાં આપ બેસી જાવ.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : પણ મારે બોલવું છે.

અધ્યક્ષશ્રી : તો જે બોલવું હોય એ બહાર જઇને બોલો. બેસો ને. બેસશો કે નહિ? શ્રી પ્રવિણભાઇ, હું આપને વિનંતી કરું છું કે આપ પહેલાં બેસી જાવ. (અંતરાય) આપ સજ્જન માણસ છો અને આવું કેમ કરો છો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માફ કરજો. આ જવાબમાં સરકારે આપ્યું છે કે ખેડા અને આણંદમાં જે કુલ મંજૂર થયેલ જગ્યાઓ છે એ પૈકી ખાલી જગ્યાઓને બાદ કરતાં જે જગ્યાઓ ભરી છે એ ફિક્સ પગારથી ભરી છે એટલે વધારાની જગ્યાઓ ભરી નથી.

અધ્યક્ષશ્રી : જવાબ તો આપ્યો કે આપણે કેન્દ્ર સરકારની યોજનાનો લાભ લીધો છે. (અંતરાય) આવી ગયો, જવાબ આવી ગયો. એકનો એક જવાબ ન હોય.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખેડાનો જે પ્રશ્ન છે એમાં શ્રી નીતિનભાઇએ સ્પષ્ટતા કરી કે ભારત સરકારની જે યોજના છે એ યોજનાના સંદર્ભમાં કરાર આધારિત છે પણ મેં જનરલ વાત કરી છે કે જ્યાં – જ્યાં જરૂર પડી ત્યાં કાયમી ભરતી અમે કરતાં જ જઇએ છીએ. ૧૦ વર્ષનું કેલેન્ડર પણ નક્કી છે. છેલ્લા ત્રણથી સાડા ત્રણ વર્ષમાં અમે સવા લાખથી વધુ કાયમી ભરતી પણ કરી છે અને સાથે–સાથે કોન્ટ્રાક્ટ અને આઉટ સોર્સીંગવાળા લોકોને પણ પૂરતો પગાર આપીને કામ લઇએ છીએ.

**વડોદરા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

* ૩૩૨૧૩ શ્રી **શૈલેષભાઇ મહેતા** (ડભોઇ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ઉક્ત ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૩,૨૫,૬૭૫ |
| ૨ | ૨૦૨૦ | ૩,૨૭,૬૮૭ |
| | **કુલ** | **૬,૫૩,૩૬૨** |

(૨)

| ક્રમ | વર્ષ | હૃદય | કિડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૧૪૬ | ૪ | ૧ |
| ૨ | ૨૦૨૦ | ૫૭ | ૨ | ૦ |
| | **કુલ** | **૨૦૩** | **૬** | **૧** |

(૩) હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગો ધરાવતા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

| | |
|---|---|
| સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી? | બાળકોની વિના મુલ્યે સારવાર માટે સરકાર દ્વારા નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી છે.<br>• હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ<br>• કિડનીની બિમારીવાળા બાળકોને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ<br>• કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે. |

શ્રી શૈલેષભાઈ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબમાં જણાવ્યું છે કે ગંભીર બીમારીમાં અમદાવાદની વિવિધ હોસ્પિટલોમાં બાળકો માટે વિનામૂલ્યે સારવાર માટેની વ્યવસ્થા કરવામાં આવી છે તો વડોદરામાં આવી વ્યવસ્થા થઇ શકે કે કેમ? અને બીજું કે વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૯–૨૦માં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત તપાસેલ બાળકોમાં કયા રોગના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર બાળક માતાના ગર્ભમાં હોય ત્યારથી લઇને અંતિમ શ્વાસ સુધી તેના આરોગ્યની દરકાર કરે છે. આ અમારો શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ પણ એનો ભાગ છે કે સરકારની કે ખાનગી કોઇ પણ શાળામાં, ગુરૂકૂળમાં હોય કે મદરેસામાં ભણતા હોય એવા લગભગ એક કરોડ વિદ્યાર્થીઓને દર વર્ષે નિયમિત રીતે અમારા આરોગ્ય, શિક્ષણ વિભાગ, પંચાયતના સહયોગથી એક–એક બાકળની શારીરિક તપાસ કરી એનામાં કોઇ પણ જાતની બીમારી હોય, કોઇ ખામી હોય, કોઇ ઉણપ હોય તો એની સારવાર સરકારના ખર્ચે વિનામૂલ્યે સારામાં સારી રીતે કરીએ છીએ. એના કારણે આજે અમે આખા દેશમાં ગર્વથી કહીએ છીએ કે પાંચમા ધોરણમાં ભણતું બાળક હોય એના હ્રદયનો વાલ્વ બગડ્યો હોય તો એના માં–બાપને ખબર પણ ન હોય, બાળકને કેન્સર થયું હોય અને એના માં–બાપને ખબર ન હોય, બાળક સાંભળી શકતું ના હોય. મૂંગો હોય તો કોક્લીયર ઈમ્પ્લાન્ટ ટેકનોલોજી આધારિત એક બાળક દીઠ ૧૨થી ૧૫ લાખ રૂપિયા ખર્ચ થાય તેવી મોંઘી સારવાર ગુજરાતની ભાજપ સરકાર વિનામૂલ્યે આપે છે. વડોદરા જિલ્લાનો શ્રી શૈલેષભાઈએ પૂછેલ પ્રશ્નમાં વર્ષ ૨૦૧૯માં ૩,૨૫,૬૭૫ અને વર્ષ ૨૦૨૦માં ૩,૨૭,૬૮૭ બાળકો તપાસવામાં આવેલા છે. આપણને જાણીને આશ્ચર્ય થાય કે, વર્ષ ૨૦૧૯માં વડોદરામાં આપણે કલ્પના પણ ન કરી શકીએ એવા ૧૪૬ નાના બાળકોને હ્રદયરોગ અને ચાર હજાર બાળકોમાં કિડનીની બિમારીના લક્ષણો જણાયા. વર્ષ ૨૦૨૦માં હ્દયરોગના ૫૭ અને કિડની રોગના બે બાળકો સિવાય નાની મોટી અનેક બિમારીઓથી પીડાતા બાળકો ધ્યાનમાં આવ્યા. આ બધાંની સારવાર બને તેટલી સ્થાનિક કક્ષાએ CHC, જિલ્લા કક્ષાએ તેમજ વડોદરાની સિવિલ હોસ્પિટલ તથા અન્ય હોસ્પિટલોમાં કરીએ છીએ. હ્દયરોગ, કિડની રોગ અને કેન્સર જેવાં ગંભીર રોગો તેમજ વધુ ખર્ચવાળા રોગોમાં સુપર સ્પેશિયાલિટી સારવારની જરૂર છે તેવા બાળકોને આપણે દેશભરમાં નામના ધરાવતી ગુજરાત રાજ્યની અમદાવાદ ખાતે આવેલી યુ.એન. મહેતા હોસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર આપીએ છીએ. બાળક સંપૂર્ણ સાજો ન થાય ત્યાં સુધી દવા, ઓપરેશન, કોઈ સાધન–સામગ્રી કે કોઈ યંત્ર ફિટ કરવું ત્યાં સુધીનો ૧૦૦ ટકા ખર્ચ ભારતીય જનતા પક્ષની સરકારના અમારા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવે છે અને દર વર્ષે રાજ્યમાં આવા હજારો બાળકોની માનવસેવાનું કામ કરવાનો અમને આનંદ અને ગર્વ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે આપેલ વિગતવાર જવાબ જાણીને મને ખૂબ આનંદ થયો. હું પણ પ્રાથમિક શિક્ષણ બોર્ડનો ચેરમેન હતો એટલે મને ખ્યાલ છે પણ માનનીય શૈલેષભાઈનો કોઈ પ્રશ્ન રહી ગયો હોય તો ફરી પૂછી શકો છો.

શ્રી શૈલેષભાઈ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અમદાવાદમાં વિદ્યાર્થીઓને આપો છો એ રીતે આપી શકાય કે કેમ? અને એના માટે સરકાર કંઈ કરવા માંગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : હવે આમ પણ સૂચન છે.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જણાવ્યા પ્રમાણે આ એકલા વડોદરાનો પ્રશ્ન નથી. દા.ત., અરવલ્લી, મહીસાગર, પંચમહાલ કે ગમે તે જિલ્લાના કિડની, કેન્સર કે હ્દયરોગ જેવી ગંભીર બિમારી ધરાવતાં બાળકોની સારવાર ત્યાં ન થઈ શકે. આવા બાળકોને સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. જ્યાં સુધી કોક્લીયર ઈમ્પ્લાન્ટ સુવિધા આપવામાં આવતી ન હતી ત્યાં સુધી બાળક બહેરો અને મૂંગો રહેતો હતો. આ સારવાર ચાલુ કરી અને ઓપરેશન, સ્પીચ થેરાપી, કાનમાં કમ્પ્યુટરાઈઝ્ડ ચીપ ફિટ કરવા સુધીમાં ૧૨થી ૧૫ લાખ રૂપિયા બાળકદીઠ ખર્ચ થાય. મોટાભાગના લોકોને ખબર નથી હોતી કે બાળક બહેરો અને મૂંગો એક સાથે હોતો નથી. બાળક બહેરો હોય તો મૂંગો એટલા માટે રહે કે બહારનો કોઈ અવાજ, પશુ–પક્ષી, સંગીત કે માતા–પિતાનો અવાજ સાંભળી શકતો નથી. સાંભળી ન શકવાના કારણે એને ખબર નથી કે હું બોલી શકું છું એટલે એ બોલતો નથી. કોક્લીયર ઈમ્પ્લાન્ટ સારવારથી બાળક સાંભળતો થઈ જાય એટલે ઓટોમેટિક સ્પીચ થેરપીથી તક્કાવાર ધીમે–ધીમે બોલતા શિખવાડીએ છીએ. ત્યાર બાદ એ બાળક બહેરો કે મૂંગો રહેતો નથી. આ મારું એકલાંનું નહિ આપણા સૌ ગુજરાતીઓનું ગૌરવ છે.

**રાજ્યની જનરલ હોસ્પિટલોમાં બાળરોગ નિષ્ણાંતોની ખાલી જગ્યા**

## તા. ૯મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

* ૩૩૫૬૦ શ્રી**મતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની જનરલ હોસ્પિટલોમાં બાળરોગ નિષ્ણાંતોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) વિગતવાર પત્રક સામેલ છે. |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૨) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુરંત જ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરીયાત અને ઉપલબ્ધિને ધ્યાને લઇને ભરવામાં આવે છે. |

**પત્રક**

| ક્રમ | હોસ્પિટલ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૦ |
| ૨ | પોરબંદર | ૦ |
| ૩ | વડોદરા | ૦ |
| ૪ | લીંબડી | ૧ |
| ૫ | ભરૂચ | ૦ |
| ૬ | ગોધરા | ૦ |
| ૭ | મોરબી | ૦ |
| ૮ | નવસારી | ૦ |
| ૯ | નડીયાદ | ૦ |
| ૧૦ | આહવા | ૦ |
| ૧૧ | સુરેન્દ્રનગર | ૧ |
| ૧૨ | ખેડા | ૧ |
| ૧૩ | વિસનગર | ૧ |
| ૧૪ | પેટલાદ | ૧ |
| ૧૫ | ખંભાળીયા | ૨ |
| ૧૬ | પી. કે. રાજકોટ | ૦ |
| ૧૭ | રાજપીપળા | ૨ |
| ૧૮ | વાંસદા | ૦ |
| ૧૯ | દેવગઢબારીયા | ૧ |
| ૨૦ | ધ્રાંગધ્રા | ૧ |
| ૨૧ | ગોંડલ | ૨ |
| ૨૨ | માંડવી–કચ્છ | ૦ |
| ૨૩ | ભિલોડા | ૧ |
| ૨૪ | જેતપુર | ૧ |
| ૨૫ | ધોરાજી | ૧ |
| ૨૬ | પાલીતાણા | ૧ |
| ૨૭ | સંતરામપુર | ૧ |
| ૨૮ | ઉપલેટા | ૧ |
| ૨૯ | લાઠી | ૧ |
| ૩૦ | લુણાવાડા | ૧ |
| ૩૧ | ડીસા | ૧ |
| ૩૨ | ધરમપુર | ૧ |
| ૩૩ | **ઊંઝા** | ૦ |
| ૩૪ | સાવરકુંડલા | ૨ |

| ક્રમ | હોસ્પિટલ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૩૫ | વેરાવળ | ૨ |
| ૩૬ | ગાંધીધામ | ૧ |
| ૩૭ | વ્યારા | ૦ |
| ૩૮ | સિધ્ધપુર | ૨ |
| ૩૯ | ખેડબ્રહ્મા | ૧ |
| ૪૦ | રૂક્ષ્મણી હો. અમદાવાદ | ૧ |
| ૪૧ | બીલીમોરા | ૧ |
| ૪૨ | માણસા | ૦ |
| ૪૩ | રાજુલા | ૨ |
| ૪૪ | મહુવા | ૧ |
| ૪૫ | બોટાદ | ૧ |
| ૪૬ | છોટાઉદેપુર | ૦ |
| ૪૭ | ડેડીયાપાડા | ૦ |
| ૪૮ | ધ્વારકા | ૧ |
| ૪૯ | માંડવી–સુરત | ૦ |
| ૫૦ | વાંકાનેર | ૧ |
| ૫૧ | થરાદ | ૧ |
| ૫૨ | સીંગરવા | ૦ |
| ૫૩ | વાપી | ૧ |
| ૫૪ | કડી | ૦ |
| ૫૫ | આણંદ | ૦ |
| ૫૬ | અંબાજી | ૧ |
| ૫૭ | અંજાર | ૧ |
| ૫૮ | જંબુસર | ૧ |
| ૫૯ | રાધનપુર | ૧ |
| ૬૦ | ડાકોર | ૧ |
| ૬૧ | ભાભર | ૧ |
| ૬૨ | કેશોદ | ૧ |
| ૬૩ | જસદણ | ૧ |
| ૬૪ | બારડોલી | ૦ |
| ૬૫ | ઝાલોદ | ૧ |
| ૬૬ | ઉચ્છલ | ૧ |
| ૬૭ | ગરૂડેશ્વર | ૧ |
| ૬૮ | વિરમગામ | ૧ |
| ૬૯ | ઈડર | ૧ |
| ૭૦ | ઉના | ૧ |
| ૭૧ | હળવદ | ૧ |
| ૭૨ | ચિખલી | ૧ |
| ૭૩ | સોનગઢ | ૦ |
| ૭૪ | હાલોલ | ૧ |
| | **કુલ** | **૫૮** |

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જનરલ હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાંત ડોક્ટરની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને ક્યારે ભરવા માંગો છો? મારો બીજો પ્રશ્ન એ છે કે નિમણૂક પામેલ ડોક્ટર હાજર ન થવાના કારણો શું છે? ત્રીજો મારો પ્રશ્ન એ છે કે, વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૨૦–૨૦માં બે વર્ષમાં

બાળકોની સંખ્યા ૩૨૮૮૫ના બાળ મૃત્યુ થયા છે તો આ બાળ મૃત્યુ અટકાવવા માટે, કયા કારણસર બાળ મૃત્યુ થયા છે અને હવે પછી આવા બનાવો ના બને એ માટે સરકારે શું આયોજન કરેલું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ અગત્યનો પ્રશ્ન માનનીય ચંદ્રિકાબેને પૂછયો છે. જે અંગે વારંવાર આપણે ગૃહમાં ચર્ચા કરી ચૂકયા છીએ. આજે હું દાખલા સહિત કહેવા માગું છું કે, ગુજરાતમાં સરકારી નોકરીમાં ડોકટરોની ઉપલબ્ધિ ખૂબ જ મર્યાદિત રીતે થાય છે. કારણ કે ગુજરાત સુખી સમૃદ્ધ રાજય છે. ખાનગી પ્રેક્ટિસ કરવી, એ દરેક ડોકટરનો અધિકાર છે, સ્વતંત્રતા છે એટલે કોઇપણ ડોકટર પછી, એ એમ.બી.બી.એસ. થાય, પોસ્ટ ગ્રેજયુએટ થાય, બાળરોગ નિષ્ણાત થાય, સર્જન થાય, ઓર્થોપેડીક કે  ગાયનેક ડોકટર થાય, એ સરકારના બાઉન્ડ્રીયટ સુધી એની ભરવાની નોકરી હોય એ સમય પૂરો કરે કે તરત જ પ્રાઇવેટ પ્રેકિટસમાં એ બધા જતા રહે છે. મારે દાખલો એટલા માટે આપવો છે કે, વર્ષ ૨૦૧૫માં બાળરોગ નિષ્ણાતોની ભરતી માટે ગુજરાત સરકારે જી.પી.એસ.સી.ને ૧૪૧ બાળ રોગ નિષ્ણાતની ભરતી માટે માંગણા પત્રક મોકલ્યું. જી.પી.એસ. સી. દ્વારા એની જાહેરાત કરવામાં આવી, ઇન્ટરવ્યું કરવામાં આવ્યા. નવાઇ લાગશે કે, ૧૪૧ પૈકી ફકત ૬ ઉમેદવાર જી.પી.એસ.સી.ને પ્રાપ્ત થયા. એટલે ઉમેદવારો ગુજરાત સરકારની સેવામાં કોઇપણ ફેકલ્ટીમાં જોડાવવા માગતા નથી. બધા પ્રાઇવેટ હોસ્પિટલ, મેડીકલ હોસ્પિટલ, પોતાના નર્સિંગો, મે અગાઉ પણ કીધું છે કે, હવે આખા દેશમાં નવો ટ્રેન્ડ ચાલુ થયો કે પાંચ સાત સ્પેશિયાલિસ્ટ ડોકટરો, સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરો ભેગા થઇ, પોતાની નર્સીંગ હોમ કે મોટી સ્પેશિયાલીટી હોસ્પિટલ બનાવી દે અને પાંચ છ ડોકટરો ભેગા થઇ અને એ હોસ્પિટલોનું સંચાલન કરે. એટલે બાળરોગ નિષ્ણાત, એકલા બાળરોગ નિષ્ણાત નહી, ઘણી ફેકલ્ટીના બીજી કક્ષાના ડોકટરો આપણને પ્રાપ્ત થતા નથી.

કોરોના વખતે જે મુખ્યમંત્રીશ્રીએ હમણાં કહ્યું કે, અમારે ડોકટરોની જરૂર હતી, ખાસ કરીને ફિઝીશીયન, પછી એનેસ્થેટીક ડોકટરો, એ બધાના માટે સરકારી ડોકટરોએ તો ખૂબ કામ કર્યું. આપણે વારંવાર એમને અભિનંદન આપ્યા છે અને કાયમ આપતા રહીશું પણ વધુ જરુર હતી, તો પ્રાઇવેટ પ્રેકિટસ કરતા હોય એવા ડોકટરોને પણ રૂપિયા ૮૫,૦૦૦/– થી આજુબાજુનો પગાર આપી, તમે તમારી પ્રાઇવેટ પ્રેકિટસ પણ ચાલુ રાખો, અમારી સાથે પણ જોડાઓ અને પ્રાઇવેટ પ્રેકિટસ છોડીને અમારી જોડે આવવું હોય તો રૂપિયા સવા લાખ સુધીનો લગભગ, આંકડો હું ભૂલી ગયો છું, એકઝટ નથી કહેતો પણ રૂપિયા સવા લાખ સુધીનો પગાર કોરોના વખતે અમે ઓફર કર્યો તો પણ ડોકટરો આવવા માટે તૈયાર ન હતા.

આયુષ ડોકટર એટલે કે આયુર્વેદિક ડોકટર, હોમિયોપેથીક ડોકટર, આખા દેશમાં અમારો જે ધન્વંતરી રથ સફળ થયો, એ બધા આયુષ ડોકટરોને ધન્વંતરી રથમાં અમે મોકલ્યા એમને પણ હજારો રૂપિયા ત્રીસ ત્રીસ હજારથી વધુ રકમનો પગાર આપીને કામ કરાવ્યું તો પણ પૂરતી સંખ્યામાં ડોકટર પ્રાપ્ત ન હતા થતા. અમે હવે એના મૂળમાં ગયા છીએ. પહેલા મેડિકલ કોલેજો ગુજરાતમાં ઓછી હતી. હજાર જેટલી સિટો ડોકટરોની થતી હતી, એમાં પંદર ટકા તો નેશનલ કોટા હોય કે બીજા રાજયમાં આવે, આપણા ખર્ચે ભણે, ગુજરાતની પ્રજાના ખર્ચે ભણી ડીગ્રી લઇને એમના રાજયમાં જતા રહે, આપણે કંઇ કરી ન શકીએ. ૮૫ ટકા આપણા રહ્યા, એમાં ઘણા પરદેશ જતા રહે, ઘણા પ્રાઇવેટ કરે,એમાં આપણે રોકી શકતા નથી. ઝૂઝ ડોકટરો સરકારી સેવામાં ઉપલબ્ધ થતા હતા એટલે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ જયારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા એમને આનું મૂળ શોધી કાઢ્યું કે, જયાં સુધી ગુજરાતમાં મેડિકલ કોલેજો નહી વધે, વિદ્યાર્થીઓ, ગુજરાતીઓ વધુ ડોકટર નહીં થાય ત્યાં સુધી આ પ્રશ્નનું નિરાકરણ નહીં આવે, એટલા માટે અમારી સરકાર દ્વારા મોટા પ્રમાણમાં મેડિકલ કોલેજ બનાવવાની શરૂઆત થઇ ગઇ. ૫૫૦૦ કરતાં વધુ મેડિકલ સિટો થઇ ગઇ અને હવે ઝડપથી આપણને વધુ ડોકટરો જેમ જેમ ફાઇનલ ડિગ્રી લઇ બહાર નીકળશે, એમ આપણને વધારે ડોકટરો પ્રાપ્ત થશે, એવું અમે માનીએ છીએ. પગાર પણ અમે વધારીએ છીએ, સગવડો પણ વધારીએ છીએ અને મેં બીજો એક નિર્ણય કર્યો છે કે, પ્રાઇવેટ પ્રેકિટસની સાથે સાથે સરકારી ઓનર્રરી ડોકટર સેવા કે સમજી લો કે, અમદાવાદમાં કોઇ ૨૦,૨૫,૫૦ નિષ્ણાત ડોકટરો છે, જેમના નામથી દર્દીઓ આવે છે, તો અત્યાર સુધી સરકારની એવી બારી બંધ હતી કે એ ડોકટરોને આપણી સરકારી હોસ્પિટલોમાં નહી લાવવાના. ટીર્ચીંગ માટે અથવા દર્દીઓની સારવાર માટે, અમે નિર્ણય બદલ્યો, પ્રાઇવેટ ઓનરરી ડોકટરો પણ એ સરકારી હોસ્પિટલોમાં આવે, વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે, ટીર્ચીંગ કરાવે અને ઓ. પી. ડી.માં ગંભીર પ્રકારના રોગોના દર્દીની સારવાર પણ કરે. એ ડોકટરોને કમાણી તો પ્રાઇવેટ પ્રેકટીસમાં મોટી હોય છે પણ એમને નામના જોઇએ છે અને એમને સમાજ સેવા કરવાની ધગશ છે તો એમણે આ ઓફર કરી કે અમે આવું કરવા તૈયાર છીએ. તો આ પોલિસી આખા રાજયની અંદર ટૂંક સમયમાં આપણે અમલમાં લાવીએ છીએ, હું દાખલો અમદાવાદનો આપું છું પણ રાજકોટ હોય, વડોદરા હોય, સુરત હોય કે ભાવનગર હોય, જયાં પણ ડોકટરો કોઇ પણ વિષયના હોય તે આપણે ત્યાં આવશે. સી. એમ. સેતુ ચાલુ કરેલ છે. ગામમાં ડોકટર હોય હોંશિયાર હોય તો કલેકટરને આપણે પાવર્સ આપ્યા છે કે દિવસમાં ૩–૪ કલાક એમને બોલાવો અને ઉચ્ચક માનદ વેતન આપો અને એમની સેવાઓ લો. જેટલું કરી શકાય એ બધું માનવ જીવન બચાવવા ગુજરાતના ગરીબ દર્દીઓની સેવા કરવા માટે અમે આ કરી રહ્યા છીએ. એટલે આ પ્રશ્ન મારા વખતનો જ છે એવું નથી. ડો. જોષીયારા આરોગ્ય મંત્રી હતા ત્યારે પણ હતો ભૂતકાળમાં બીજા આરોગ્ય મંત્રીઓ હતા ત્યારે પણ હતો, અને આખા દેશમાં આ પ્રશ્ન છે. આપણે તેનો નિકાલ કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : આટલી બધી વિસ્તૃત જાણકારી પ્રશ્ન નંબર બે અને ત્રણમાં મળી છે એટલે મને એમ થાય છે કે મારે આગળ જવું જોઇએ. પણ શ્રી અશ્વિનભાઇ કોટવાલ કયારના હાથ ઉંચો કરી રહ્યા છે એટલે શ્રી અશ્વિનભાઇ, આપ પૂછી લો ફકત એક, પછી

બીજા કોઇને નહીં પૂછવા દઉં. બધું આવી ગયું. આનાથી વધુ શું હોઇ શકે? (અંતરાય) ના, તમે તો પ્રશ્ન ઉપરાંત ઘણું પૂછો છો. હવે શ્રી અશ્વિનભાઇ પૂછી લો.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે બાળ રોગોના નિષ્ણાતો મળતા નથી અને એમના હક્ક ઉપર આપણે તરાપ મરી શકતા નથી. એના લીધે જનરલ હોસ્પિટલો હોય કે સી. એચ. સી. સેન્ટરો હોય છે, ટ્રાયબલ વિસ્તારમાં મોટા ભાગે આ જગ્યાઓ ખાલી રહે છે. જે લાભ મળવો જોઇએ તે લાભ ટ્રાયબલ વિસ્તારમાં મળતો નથી, તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દર વખતે આપણે કહીએ છીએ કે જે બાળ નિષ્ણાત ડોકટર હોય કે બીજા ડોકટરો હોય તેના ઉપર આપણે તરાપ મારી શકતા નથી તો એના માટે સરકારશ્રી શું વ્યવસ્થા કરવા માગે છે? અને ટ્રાયબલ વિસ્તારમાં ડોકટર બન્યા પછી એને બોન્ડ કરીને જે રીતે પ્રાથમિક શાળાઓમાં પહેલા શિક્ષકો માટે આવી પરિસ્થિતિ હતી તે વખતે સરકારશ્રીએ પ્રાથમિક શાળાઓના શિક્ષકો દસ વર્ષ સુધી રહી શકે તે માટે પાંચ વર્ષના બોન્ડ નક્કી કર્યા હતા તો આના માટે બોન્ડ નક્કી કરવા માગે છે કે કેમ? અને બીજો મારો પ્રશ્ન એ છે કે ખેડબ્રહ્મા તાલુકામાં પણ ખેડબ્રહ્મામાં જનરલ હોસ્પિટલ આવેલી છે ત્યાં તાજા જન્મેલા બાળકોનું ગંભીર સારવાર કેન્દ્ર સરકારશ્રીએ આપેલું છે તે ઉપયોગ વગર પડેલું છે તો એના માટે સરકારશ્રી શું વ્યવસ્થા કરવા માગે છે તે હું જાણવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોન્ડની રકમ પણ આપણે વધારતા જઇએ છીએ. ટૂંકમાં દાખલો જ આપી દઉં.

અધ્યક્ષશ્રી : વિસ્તૃત ન કહેતા, આમાં તો શોર્ટમાં અપાય એવું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ જ કહું છું સાહેબ, પી. જી. બોન્ડની વાત છે. ૧૫ ટકા વિદ્યાર્થીઓ ફરજિયાત નેશનલ ક્વોટામાં બહારના રાજયના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો પડે. પાંચ વર્ષ પહેલા આરોગ્ય મંત્રી તરીકે મેં નિર્ણય કર્યો હતો કે બહારના જે વિદ્યાર્થીઓ ગુજરાતમાં આવીને મફત ભણી જાય છે, ૯૯ ટકા બધું મફત જ છે. તો એમને ગુજરાતમાં ગ્રામ્ય સેવા કરવી એવો ૫૦ લાખ રૂપિયાનો બોન્ડ રાજય સરકારમાં આરોગ્ય મંત્રી તરીકે મેં ફરજિયાત કર્યો હતો. એ વિદ્યાર્થીઓએ નામદાર હાઇકોર્ટમાં રીટ દાખલ કરી નામદાર હાઇકોર્ટે એવો ચૂકાદો આપ્યો કે બીજા રાજયના નેશનલ ક્વોટના વિદ્યાર્થીઓ ઉપર તમે બોન્ડ લઇ શકો નહીં. અમે આવું બધું કર્યે જઇએ છીએ, કયાંક સફળ થઇએ છીએ તો કયાંક પાછા પડવું પડે, પણ બે ડગલા પાછા પડીએ તો પાંચ ડગલા આગળ વધીને ગુજરાતની જનતાને વધુ સારી આરોગ્ય સેવાઓ બધી જ જગ્યાએ પ્રાપ્ત થાય તેવું અમે કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય અશ્વિનભાઇએ એમના વિસ્તારનો કંઇક નાનો પ્રશ્ન કર્યો હતો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું જાણું છું.

અધ્યક્ષશ્રી : જાણો છો? સારુ, પ્રશ્ન ક્રમાંક-૪.

## નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૩૩૨૧૫ શ્રી **નરેશભાઇ પટેલ** (ગણદેવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ઉક્ત ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૩,૦૧,૮૧૧ |
| ૨ | ૨૦૨૦ | ૨,૯૮,૬૮૨ |
| | **કુલ** | **૬,૦૦,૪૯૩** |

(૨)

| ક્રમ | વર્ષ | હૃદય | કિડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૬૪ | ૪ | ૫ |
| ૨ | ૨૦૨૦ | ૧૪૬ | ૧૯ | ૪ |
| | **કુલ** | **૨૧૦** | **૨૩** | **૯** |

(૩) હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગો ધરાવતા બાળકોની વિના મુલ્યે સારવાર માટે સરકાર દ્વારા નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી છે.

- હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ
- કિડનીની બિમારીવાળા બાળકોને ઇન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ
- કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે.

## તા. ૯મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય કાર્યક્રમ મને લાગે છે ત્યાં સુધી ગુજરાત સફળમાં સફળ રાજ્ય છે જેથી આ ભારતીય જનતા પાર્ટીની સરકારને હું અભિનંદન આપું છું. હજારો બાળકોને નવું જીવન આપ્યું છે એટલે જેટલા પણ અભિનંદન આપીએ એટલા ઓછા છે.

અધ્યક્ષશ્રી : માનનીય નરેશભાઇ, આગળનો પ્રશ્ન પણ બાળકોના સંદર્ભમાં જ હતો અને એમાં લગભગ વિસ્તૃત જવાબ આવી ગયો છે એટલે તમારો પ્રશ્ન એમાંનો નહિ હોય એમ હું માનું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ : મને પ્રશ્નનો જવાબ મળેલો છે પણ કેન્સર, કિડની અને હૃદય પૂરતું નહિ પરંતુ આ શાળા આરોગ્ય કાર્યક્રમમાં અમારા જિલ્લામાં સન ૨૦૧૯–૨૦માં કેટલા બાળકોને કયા કયા રોગની સારવાર આપવામાં આવી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ લાખ કરતાં વધારે બાળકોને તપાસવામાં આવ્યા છે એમાં સ્થાનિકથી માંડીને મોટી સારવાર પણ આપવામાં આવી છે. કિડની, કેન્સર અને હૃદયરોગની વાત કરવામાં આવી છે એ સિવાય પણ ઘણા બાળકોને hand, foot and mouth diseases ઘણા બાળકો જેનો હોઠ વાંકો ચૂંકો હોય, એક બાજુ તણાઇ ગયો હોય એના કારણે કદરૂપો દેખાતો હોય, એ સિવાય કોઇના પગ વાંકા ચૂંકા હોય એટલે સીધો ચાલી ન શકે, દોડી ન શકે, રમી ન શકે. એટલે અમે એવો નિર્ણય ર્ક્યો કે આવા બાળકોના હોઠની સર્જરી કરીને આવા બાળકોને સુંદર દેખાતા કરવા એ સિવાય પગ વાંકો ચૂંકો પડતો હોય અથવા ચાલવામાં તકલીફ હોય તો એવા બાળકોનું ઓપરેશન કરીને એનો પગ સામાન્ય બાળકની જેમ સીધો કરીને એ દોડતો થઇ જાય તેવા ૧૩ જેટલા ઓપરેશનો પણ માનનીય નરેશભાઇના વિસ્તારમાં કરવામાં આવ્યા છે. ૧૭ જેટલા બાળકો એવા હતા જે શાળામાં શિક્ષક ભણાવે પરંતુ દેખાય નહિ એટલે શું લખે, એને વંચાય નહિ, ખબર ન પડે એટલે લેશન પણ ન કરે. મમ્મી, પપ્પા કે શિક્ષક એને ઠપકો આપે. પરંતુ આ શાળા આરોગ્ય કાર્યક્રમમાં તપાસ કરતાં ખબર પડી કે એમને ચશ્મા છે. શાળામાં ચોથા કે પાંચમામાં ભણતા બાળકને ચશ્મા આવી જાય છે એને ચશ્મા આપ્યા એટલે એ દેખતો થયો એટલે ભણતો થયો લેશન કરતો થયો ઘરે પણ ભણતો નહોતો એ ભણતો થયો સાહેબ અને એના મમ્મી પપ્પા ખૂશ થયા. એટલે શાળા આરોગ્ય કાર્યક્રમમાં આવી રીતે નાનામાં નાના રોગની તપાસણી કરીને એ દૂર કરવામાં આવે છે એટલે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર નાનામાં નાની બાબતો ઉપર ધ્યાન રાખે છે. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આવા પ્રજાલક્ષી કાર્યક્રમમાં જોડાવ અમે તમને આમંત્રણ આપીએ છીએ પરંતુ તમે આવતા નથી એટલે તમારે અહીંયા પ્રશ્નો પૂછવા પડે છે. માનનીય શૈલેષભાઇ અમદાવાદમાં કાર્યક્રમ હોય ત્યારે તમે જતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આપે વાત કરી પરંતુ ઘણાએ ચશ્મા પહેર્યા પછી પણ નથી દેખાતું એના શું કારણો છે?

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ જે થેલેસેમીયાગ્રસ્ત બાળક હોય એને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ પૂરું પાડવા કોઇ જોગવાઇ છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રી વિજયભાઇએ જે પ્રશ્ન પૂછ્યો છે એ ખૂબ અગત્યનો છે. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટનો છે એ ગંભીર પ્રકારનો રોગ છે. લગભગ આજીવન એની સારવાર લેવી પડે છે. બોર્નમેરો ટ્રાન્સ્પ્લાન્ટ કરવા માટે ખાનગી હોસ્પિટલોમાં ૨૦થી ૨૫ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. એટલે ખૂબ ગંભીર પ્રકારનો રોગ છે. એની સારવાર ખર્ચાળ છે. એ સરકારી હોસ્પિટલોમાં આપણે વિનામૂલ્યે કરીએ છીએ. અમદાવાદની કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ બન્નેમાં વિનામૂલ્યે બોર્નમેરો ટ્રાન્સ્પ્લાન્ટની સારવાર કરીએ છીએ. એક વર્ષમાં ૨૨ બાળકોને આપણી હોસ્પિટલોમાં સરકારના ખર્ચે કરી આપી અને એ બાળકની જિંદગી બચાવવાનું અમૂલ્ય કામ અમે કરી રહ્યા છીએ.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બોલવાનો ચાન્સ અહીં નથી મળતો પણ આપે મને બોલવાનો ચાન્સ આપ્યો એ બદલ આભાર.

અધ્યક્ષશ્રી : આપ દર વખતે હાથ ઉંચો કરજો. દર વખતે તક આપીશ. તમે સજ્જન માણસ છો. (અંતરાય) મેં બાકી માટે કશું કહ્યું નથી, ખરાબ થોડું કહ્યું?

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યક્રમ અંતર્ગત કેટલા ધોરણ સુધીના અભ્યાસ કરતા બાળકોની તપાસ કરવામાં આવી એ પૂછવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીથી શરૂ કરીને ૧૨ ધોરણ અને જરૂર પડે તો કોલેજ સુધી બધા બાળકોને આપણે તપાસીએ છીએ. શિક્ષણ વિભાગ તમામ આવી ગયો. મેં અગાઉ કહ્યું તેમ ભણતાં વિદ્યાર્થીઓ માટે કોલેજો, છાત્રાલયોમાં જઇએ છીએ. મદરેસાઓમાં જઇએ છીએ. ભલે ઉર્દૂ, અરબીમાં અભ્યાસ કરતા હોય, ઇસ્લામિક શિક્ષણનો અભ્યાસ કરતા હોય ત્યાં જઇએ છીએ. ગુરુકૂળોમાં જઇએ છીએ. બધાની અમે સારવાર કરીએ છીએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે થેલેસેમિયા માટે બોર્નમેરો ટ્રાન્સ્પ્લાન્ટની આપે વાત કરી, પણ જ્યાં સુધી ઓપરેશન ન થાય ત્યાં સુધી બ્લડ ટ્રાન્સફર કરવું પડતું હોય છે અને તે બહુ કોસ્ટલી હોય છે. મોટે ભાગે થેલેસેમિયાના બાળકોને બ્લડ ટ્રાન્સફર કરે તો જ એ જીવી શકે. તો બ્લડ ટ્રાન્સફર કરવા માટે જે ખર્ચ થાય છે એ આપણે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં લેવા માગીએ છીએ કે કેમ**?**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, થેલેસેમિયાના દર્દી આખા રાજ્યમાં ફેલાયેલા છે. એમને જ્યારે જોઇએ ત્યારે વિના મૂલ્યે રક્ત મળે એની વ્યવસ્થા બ્લડ બેંકોમાં કરેલી છે. એમને કોઇ ઇન્જેક્શન આપવું પડે તો ઇન્જેક્શન પણ મોંઘા આવે છે. એ પણ સરકાર તરફથી વિના મૂલ્યે આપીએ છીએ. મને આનંદ છે કે થેલેસેમિયાવાળા બાળકોના પૅરેન્ટ્સનું એક એસોસિએશન ચાલે છે.

દર વર્ષે તેની સાથે અમે મિટિંગ કરીએ છીએ અને એમના તરફથી જે નવી નવી રજૂઆતો કે માગણીઓ આવે એ જેટલી યોગ્ય હોય એ સ્વીકારીને થેલેસેમિયાગ્રસ્ત બાળક પણ કુદરતી રીતે તંદુરસ્તીથી સારી રીતે જીવન જીવી શકે, લાંબુ જીવન જીવી શકે એ માટે સરકાર સંપૂર્ણ મદદ કરે છે.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ સાહેબે ખૂબ સરસ જવાબ આપ્યા અને જવાબોથી હું સંતુષ્ટ છું. એમણે બાળકો માટેની ચિંતા કરી છે પણ અહીં બેઠેલાં સદસ્યો માટેની ક્યારેય ચિંતા નથી કરી એવું મને દેખાય છે. હવે એવું લાગે છે કે તપાસ કરવાની જરૂર પડે. મેન્ટલી, આ સરકારમાં મારે આપને ખૂબ દુઃખ સાથે વિનંતી કરવી પડે છે કે અહીં મંત્રીશ્રીઓ જવાબ આપે છે પણ જિલ્લા કક્ષાના અધિકારીઓ અમારા ફોન ઉપાડતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય જશુભાઇ, પ્લીઝ, બેસી જાવ. હું વિનંતી કરું છું આપને. પ્લીઝ, બેસી જાવ. પ્લીઝ, બેસી જાવ. (અંતરાય) ના, ના. આપ બેસી જાવ. મારી આપની સાથે વાત થઇ છે, પ્લીઝ, બેસી જાવ.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે સીકલસેલ એનિમિયા ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં પ્રવર્તે છે. તેના માટે આપ શું કરવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સીકલસેલ એનિમિયા દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજમાં, ખેત મજૂરોમાં થતો એક વિશિષ્ટ પ્રકારનો રોગ છે. સભ્યશ્રીની વાત સાચી છે. એની પણ થેલેસેમિયાના રોગની જેમ અલગ પ્રકારે જે જે સારવાર કરવાની થતી હોય એ બધી સારવાર ખાસ કરીને દક્ષિણ ગુજરાતની બધી હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે અને બધા જ પ્રકારની સારવાર આપણે વિના મૂલ્યે કરીએ છીએ.

**નર્મદા જિલ્લામાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના**

* ૩૩૨૪૮ શ્રી **જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધીમાં નર્મદા જિલ્લામાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન (વયવંદના) યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૬૯૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૩૭૯ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧,૬૭,૩૦,૫૦૦/- |

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહને એ જણાવવા કૃપા કરશે કે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના કયારે અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે? બીજો મારો પ્રશ્ન છે કે પ્રત્યેક વૃદ્ધને પેન્શન મળે જ તે માટેનો હવે પછી શું કાર્યક્રમ કરવામાં આવશે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના કયારે અમલમાં આવી એમાં જણાવું કે ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા ૧૫મી ઓગસ્ટ ૧૯૯૫ના રોજ કરેલ જાહેરાત મુજબ રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અમલમાં મૂકવામાં આવી છે અને એના ભાગરૂપે ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૨૫-૯-૧૯૯૫ એટલે કે આ રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી વર્ષ ૧૯૯૫ના ઠરાવથી રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અમલમાં મૂકવામાં આવી છે અને એના હેતુઓની વાત કરુ તો આ યોજનાના લક્ષસ્થાને નિરાધાર વ્યકિત છે જેની પોતાની આવકના સાધનમાંથી અથવા પરિવારના સભ્યોની સહાયથી અથવા તો અન્ય કોઇ સ્ત્રોતમાંથી ખાસ કોઇ આજીવીકા પ્રાપ્ત થઇ શકતી નથી તેવા વૃદ્ધોને નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ વૃદ્ધ વ્યકિતઓને આર્થિક સલામતી પૂરી પાડવાનો છે. યોજનામાં વૃદ્ધની ઉંમરની વાત કરી છે તો એમાં ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના વૃદ્ધોને ૭૫૦ રૂપિયા અને ૮૦ વર્ષની ઉપરના વૃદ્ધોને ૧૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ લાભાર્થીઓને દર મહિને કેટલી સહાય ચૂકવવામાં આવે છે અને આ સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ કે ૬૦ વર્ષથી ઉપરના લાભાર્થીઓને અને જે અરજદાર ૦ થી ૨૦ના સ્કોરની બી.પી.એલ. યાદીમાં આવતા હોય એવા લાભાર્થીઓને આ સહાય ચૂકવવામાં આવે છે અને મેં અગાઉ કહ્યું તેમ આ યોજના હેઠળ ૬૦ થી ૭૯ વર્ષ સુધીના લાભાર્થીઓને રાજય સરકાર દ્વારા ૫૫૦ રૂપિયા અને કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦ રૂપિયા એમ ૭૫૦ રૂપિયા ચૂકવવામાં આવે છે અને ૮૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા લાભાર્થીઓને રાજય સરકાર દ્વારા ૫૦૦ રૂપિયા અને કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા ૫૦૦ એમ એક હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે. તમામે તમામ લાભાર્થીઓને ડી.બી.ટી. મારફત આ સહાય ચૂકવવામાં આવે છે. દર મહિનાની એક થી પાંચ તારીખ સુધીમાં આ સહાયની રકમ એમના ખાતામાં જમા કરવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત ખાલી એટલું ધ્યાન દોરવું હતું કે આ ૩૩૭૯ અરજીઓ મંજૂર કરી ૧,૬૭,૩૦,૫૦૦/- રૂપિયા ચૂકવ્યા પણ મેં હિસાબ કર્યો તો દરેક વ્યકિતદીઠ ૪૯૫૧ રૂપિયા ચૂકવણું થાય. માનનીય મંત્રીશ્રીએ જે જણાવ્યું એ મુજબ ૬૦ વર્ષ ઉપરનાને ૭૫૦ રૂપિયા અને ૮૦ વર્ષ ઉપરનાને ૧,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે પણ એનો જો હિસાબ કરીએ તો તાળો મળતો નથી એટલે માનનીય મંત્રીશ્રી આ અંગે સ્પષ્ટતા કરે તો સારું.

તા. ૯મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે તમામ જિલ્લાઓની યાદી પણ છે અને રાજયમાં છેલ્લા ૫ વર્ષની જે સહાય ચૂકવવામાં આવી છે એની યાદી પણ છે અને લિસ્ટ ઘણું લાંબું છે તો આપ કહો તો ટેબલ ઉપર મૂકી દઉં.

અધ્યક્ષશ્રી : હા, તો ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લા પૂરતો જ પ્રશ્ન છે. કુલ ૩૬૯૧ લોકોએ અરજી કરી હતી એ પૈકી ૩૩૭૯ લોકોની મંજૂર કરી.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન રેકોર્ડ ઉપર આવી ગયો. માનનીય મંત્રીશ્રી જવાબ ટેબલ કરશે. એમને પણ આપી દેજો. (અંતરાય) આપણે ઘણા દિવસ અહીંયા છીએ. મેં તમને તક આપી. (અંતરાય) એ લેખિતમાં જવાબ આપશે છતાં આપને ચર્ચા માટે તક પણ આપીશ.

**સુરત જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

* ૩૩૨૧૪ **શ્રી મોહનભાઇ ઢોડીયા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ઉક્ત ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૪,૩૬,૪૭૨ |
| ૨ | ૨૦૨૦ | ૪,૫૧,૦૩૮ |
| | કુલ | **૮,૮૭,૫૧૦** |

(૨)

| ક્રમ | વર્ષ | હૃદય | કિડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૯૯ | ૭ | ૫ |
| ૨ | ૨૦૨૦ | ૮૪ | ૧૧ | ૪ |
| | કુલ | **૧૮૩** | **૧૮** | **૯** |

(૩) હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગો ધરાવતા બાળકોની વિના મુલ્યે સારવાર માટે સરકાર દ્વારા નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી છે.

- હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચસેન્ટર, અમદાવાદ
- કિડનીની બિમારીવાળા બાળકોને ઇન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ
- કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ, આની વિસ્તૃત ચર્ચા થઇ ગઇ છે.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૯–૨૦માં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસેલ બાળકોમાં કયા કયા રોગના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી?

અધ્યક્ષશ્રી : એ આવી ગયું છે. જવાબમાં જ છે.

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો**

* ૩૩૪૯૮ શ્રી **લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કોરોના મહામારી અંતર્ગત કઇ–કઇ ખાનગી હોસ્પિટલો ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ,

(૨) તે પૈકી કઇ ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઇ ખાનગી હોસ્પિટલને ક્યા પ્રકારના બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) પત્રક–અ કોલમ નં–૩ મુજબ

(૨) પત્રક–અ કોલમ નં–૪ મુજબ

(૩) પત્રક–બ મુજબ

- કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે અંગે તપાસ કરી જિલ્લામાંથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસાર ચકાસણી કરી ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અતારાંકિત પ્રશ્નો

**પત્રક–અ**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ ખાનગી હોસ્પિટલનું નામ | સરકારી ક્વોટામાં અનામત બેડની સંખ્યા |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | રાજકોટ | ક્રાઇસ્ટ હોસ્પિટલ, રાજકોટ | ૫૦ |
| ૨ | પોરબંદર | ઠકરાર હોસ્પિટલ | ૧૦૦ |

**પત્રક–બ**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | બેડના પ્રકાર પ્રમાણે ચૂકવેલ રકમ રૂ. | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | આઇસોલેશન બેડ | આઇસોલેશન + એચ.ડી.યુ | આઇસોલેશન + આઇ.સી.યુ (વેન્ટીલેટર સિવાય) | આઇસોલેશન + આઇ.સી.યુ (વેન્ટીલેટર સહિત) | સરવાળો |
| ૧ | રાજકોટ | ક્રાઇસ્ટ હોસ્પિટલ, રાજકોટ | ૧૬૯૫૬૦૦ | ૮૫૮૬૦૦ | ૯૨૦૮૮૦ | ૫૪૯૯૦૦ | ૪૦૨૪૯૮૦ |
| ૨ | પોરબંદર | ઠકરાર હોસ્પિટલ | ૩૯૨૮૩૨૦ | ૦ | ૮૦૩૫૨૦ | ૩૩૪૮૦૦ | ૫૦૬૬૬૪૦ |

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં એક બેડની કેટલી કિંમત નક્કી કરવામાં આવી હતી? સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ બેડની સંખ્યા કેટલી અને આવા બેડમાંથી કેટલા બેડમાં કેટલા દર્દીઓ દાખલ કરવામાં આવ્યા? વધુમાં, આ હોસ્પિટલોને કુલ કેટલી રકમ ચૂકવવાની થાય છે, કેટલી રકમ બાકી છે અને એ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના કપરા કાળની વચ્ચે રાજ્ય સરકાર દ્વારા સરકારની હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓને આપણે જે દાખલ કરતા હતા એ હોસ્પિટલો ઉતરાંત ક્યાંક જરૂરિયાત પડી તો નવી ખાનગી અથવા ટ્રસ્ટની હોસ્પિટલોને આપણે ડેઝીગ્નેટેડ ખાનગી હોસ્પિટલ તરીકે જાહેર કરીને ત્યાં દર્દીઓને દાખલ કરવા માટેની મંજૂરી આપતા હતા. આનો નિયમ હતો કે જે હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ દાખલ થાય ત્યાં સ્વભાવિક રીતે સંક્રમણ ન થાય એ માટે અન્ય દર્દીઓને દાખલ કરવાના રહેતા ન હતા અને કોરોનાના દર્દીઓની જે ડોકટરો સારવાર કરે એ અન્ય દર્દીઓની સારવાર કરવા જાય તો સંક્રમણ ફેલાય એટલે સ્પેશિયલ પ્રકારની ખાસ કોરોનાની સારવાર માટેની જ હોસ્પિટલો આપણે જે જાહેર કરી એમાં રાજકોટમાં ક્રાઇસ્ટ હોસ્પિટલ અને પોરબંદરમાં ઠકરાર હોસ્પિટલ છે. ક્રાઇસ્ટ હોસ્પિટલમાં સરકારના ક્વોટાની ૫૦ પથારી રિઝર્વ રાખી હતી. જ્યારે ઠકરાર હોસ્પિટલમાં ૧૦૦ પથારી હતી. આ બન્ને હોસ્પિટલોએ સરકારે જે દર્દીઓને મોકલ્યા એમને દાખલ કર્યા, સારવાર કરી અને એ પેટે આઇસોલેશન વોર્ડ હોય, જનરલ વોર્ડ હોય એ પ્રકારે ટ્રીટમેન્ટના જુદા જુદા ચાર્જ હતા. કોઇને ફકત દાખલ કરીને ૧૪ દિવસે રજા આપવાની થાય, કોઇને કદાચ આઇસોલેશન વોર્ડમાં દાખલ કરવા પડે, કોઇને મોંઘા ઇંજેકશનો સરકાર દ્વારા વિનામૂલ્યે રૂપિયા ૪૫ હજાર સુધીના આપ્યા, ૭થી ૮ હજાર રૂપિયાની કિંમતના ઇંજેકશનો તો હજારો દર્દીઓને આપ્યા. આ બધાને પેમેન્ટ આપવાની પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે. જેને જે રકમ ચૂકવવાની થાય એ જુદી જુદી સારવારની પદ્ધતિ પ્રમાણે જે બિલો મૂક્યા હોય એ ચકાસી અને એ રકમ ચૂકવવાની કાર્યવાહી અત્યારે ચાલી રહી છે. ક્રાઇસ્ટ હોસ્પિટલમાં જે રકમ છે એ અને ઠકરાર હોસ્પિટલ પોરબંદર એ બન્ને પૈકી જે રકમ ચૂકવવાની છે એ ચૂકવાઇ પણ છે અને બાકીની હિસાબ પૂર્ણ થયે ચૂકવાઇ પણ જશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોત્તરીમાંથી ફેરવવામાં આવેલ)

**રાજ્યમાં વીજ ઉત્પાદન ક્ષમતા**

૩૩૩૨૯ શ્રી**મતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કુલ ૨૪૦૨૨ મે.વો.ની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાંથી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા લાંબાગાળાના વીજ કરાર અંતર્ગત પુરવઠો મેળવવામાં આવે છે. |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેમાં કેટલો વધારો કરવામાં આવ્યો? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેમાં કુલ ૨૮૨૩.૮૦ મે.વો.નો વધારો કરવામાં આવ્યો. |

---------

**જામનગર જિલ્લામાં કોરોના મહામારી નાથવા માટે ધન્વંતરી રથનો ઉપયોગ**

૩૩૨૧૯ શ્રી **રાઘવજીભાઇ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીને નાથવા રાજ્ય સરકારે જામનગર જિલ્લા / કોર્પોરેશન વિસ્તારમાં ધન્વંતરી રથનો ઉપયોગ કરેલ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લા / કોર્પોરેશનમાં કેટલા ધન્વંતરી રથની સેવાઓ લેવામાં આવી, અને | (૨) ૩૩ |
| (૩) આ ધન્વંતરી રથ દ્વારા કેટલા વ્યક્તિઓને લાભ આપવામાં આવ્યો? | (૩) ૬,૯૫,૦૧૫ વ્યક્તિઓને લાભ આપવામાં આવ્યો. |

---------

**આણંદ અને નર્મદા જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો**

૩૩૫૩૯ શ્રી **નિરંજનપટેલ** (પેટલાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કોરોના મહામારી અંતર્ગત કઇ-કઇ ખાનગી હોસ્પિટલો ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ, | (૧) આણંદ જિલ્લામાં પત્રક-અ કોલમ નં-૩ મુજબ અને નર્મદા જિલ્લામાં કોઇ ખાનગી હોસ્પિટલ ડેઝીગ્નેટેડ કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કઇ ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ, અને | (૨) પત્રક-અ કોલમ નં-૪ મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઇ ખાનગી હોસ્પિટલને ક્યા પ્રકારના બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે? | (૩) ચૂકવેલ રકમ પત્રક-બ મુજબ<br>• કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે અંગે તપાસ કરી જિલ્લામાંથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસાર ચકાસણી કરી ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

**પત્રક-અ**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ ખાનગી હોસ્પિટલનું નામ | સરકારી ક્વોટામાં અનામત બેડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | આણંદ | એમ. એમ. પરીખ કાર્ડીયાક કેર સેન્ટર, ખંભાત | ૪૧ |
| ૨ | | ચારૂસેટ હોસ્પિ. ચાંગા | ૧૧૩ |
| ૩ | | શ્રી ક્રિષ્ના હોસ્પિ. કરમસદ | ૧૦૨ |
| ૪ | | યુનિટી હોસ્પિ. વાસદ | ૪૪ |
| ૫ | | અંજલી મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિ. બોરસદ | ૧૦૦ |
| ૬ | | સાદત હોસ્પિ. તારાપુર | ૩૦ |

**પત્રક-બ**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | બેડના પ્રકાર પ્રમાણે ભરેલ-ખાલી બેડના ચૂકવેલ રકમ રૂ. | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | આઇસોલેશન બેડ | આઇસોલેશન + એચ.ડી.યુ | આઇસોલેશન + આઇ.સી.યુ | આઇસોલેશન + આઇ.સી.યુ | સરવાળો |

| | | | | | (વેન્ટીલેટર સિવાય) | (વેન્ટીલેટર સહિત) | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | એમ. એમ. પરીખ કાર્ડીયાક કેર સેન્ટર, ખંભાત | ૪૦૪૮૫૬૦ | ૦ | ૯૬૩૭૨૦૦ | ૧૫૨૫૫૦૦ | ૧૫૨૧૧૨૬૦ |
| ૨ | | ચારૂસેટ હોસ્પિ. ચાંગા | ૨૮૭૨૮૦૦ | ૦ | ૦ | ૦ | ૨૮૭૨૮૦૦ |
| ૩ | | શ્રી ક્રિષ્ના હોસ્પિ. કરમસદ | ૦ | ૦ | ૬૭૦૪૬૪૦ | ૫૯૬૪૩૦૦ | ૧૨૬૬૮૯૪૦ |
| ૪ | | યુનિટી હોસ્પિ. વાસદ | ૨૭૯૯૩૬૦ | ૩૫૬૭૨૪૦ | ૪૯૦૧૭૬૦ | ૧૪૦૪૦૦ | ૧૧૪૦૮૭૬૦ |
| ૫ | | અંજલી મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિ. બોરસદ | ૦ | ૩૫૩૧૬૦૦ | ૬૪૯૯૪૪૦ | ૨૧૮૭૦૦ | ૧૦૨૪૯૭૪૦ |
| ૬ | | સાદત હોસ્પિ. તારાપુર | ૧૦૨૪૨૦૦ | ૮૪૮૮૮૦ | ૧૮૮૪૨૪૦ | ૫૪૮૧૦૦ | ૪૩૦૫૪૨૦ |

---------

**સાકરદા–ભાદરવા–સાવલી રોડ ચાર માર્ગીય કરવા બાબત**

૩૩૨૨૪ **શ્રી કેતનભાઇ ઇનામદાર** (સાવલી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાકરદા–ભાદરવા–સાવલી રોડ કિ.મી.૦/૦ થી ૨૧/૪૦ ને ચારમાર્ગીય કરવાની કામગીરીને મંજૂરી મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલી રકમની મંજૂરી મળેલ છે? | (૨) રૂ.બ્યાસી કરોડ વીસ લાખ. |

---------

**કચ્છ જિલ્લામાં વિન્ડ સોલાર હાઇબ્રીડ પાર્ક**

૩૩૩૦૮ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના વિઘાકોટ ખાતે વિન્ડ સોલાર હાઇબ્રીડ પાર્ક શરૂ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે? | (૨) હાલમાં, કચ્છ જિલ્લામાં અંદાજે ૩૦,૦૦૦ મેગાવોટ વિન્ડ સોલાર હાઇબ્રીડ પાર્ક સ્થાપવાનું આયોજન કરેલ છે. એટલે કે, આ યોજના આયોજનના તબક્કામાં છે. |

---------

**રાજ્યમાં ઇનપુટ ટેક્સ કેડીટની રકમની ચોરીના કિસ્સા**

૩૩૫૪૮ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં માસવાર ખોટા બિલો બનાવી ઇનપુટ ટેક્સ ક્રેડીટ મેળવતા હોય તેવા કેટલા કિસ્સા પકડાયા, | (૧) |

| માસ | પકડવામાં આવેલ કેસોની સંખ્યા |
|---|---|
| જાન્યુઆરી–૨૦૨૦ | ૪૫ |
| ફેબ્રુઆરી–૨૦૨૦ | ૧૪ |
| માર્ચ–૨૦૨૦ | ૧૪ |
| એપ્રિલ–૨૦૨૦ | ૦ |
| મે–૨૦૨૦ | ૫ |
| જૂન–૨૦૨૦ | ૯ |

| | |
|---|---|
| જુલાઇ–૨૦૨૦ | ૧ |
| ઓગસ્ટ–૨૦૨૦ | ૨ |
| સપ્ટેમ્બર–૨૦૨૦ | ૧૮ |
| ઓક્ટોબર–૨૦૨૦ | ૨૫ |
| નવેમ્બર–૨૦૨૦ | ૧ |
| ડીસેમ્બર–૨૦૨૦ | ૨૧ |

(૨) ઉક્ત કિસ્સાઓમાં ઇનપુટ ટેક્સ ક્રેડીટની કેટલી રકમની ચોરી પકડાઇ, અને

(૨) ₹. ૧૯૫.૯૪ કરોડ

(૩) ખોટા બિલો બનાવી ઇનપુટ ટેક્સ ક્રેડીટ મેળવતા હોય તેવા વ્યક્તિ/કંપનીના જીએસટી નંબર કાયમી રદ કરવા ઉક્ત સ્થિતિએ શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ૧૩૩–કેસોમાં નોંધણી નંબર રદ કરવામાં આવેલ છે, જ્યારે ૨૨–કેસોમાં નોંધણી નંબર રદ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

---------

**થરાદ સિવિલ હોસ્પિટલનું મંજૂર મહેકમ**

૩૩૪૪૨ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતે ૫૦ પથારીની પેટા જિલ્લા હોસ્પિટલ તા.૬–૮–૨૦૧૫ના ઠરાવથી મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર મહેકમ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) અને (૩) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ મંજૂર મહેકમની વિગત

| સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૯ | ૨ | ૭ |
| વર્ગ–૨ | ૬ | ૬ | ૦ |
| વર્ગ–૩ | ૩૫ | ૨૧ | ૧૪ |
| વર્ગ–૪ | ૨૪ | ૨૪ | ૦ |
| **કુલ** | **૭૪** | **૫૩** | **૨૧** |

(વિગતવાર પત્રક–૧ સામેલ છે.)

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) નિમણુકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુરંતજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરીયાત અને ઉપલબ્ધીને ધ્યાને લઈ ભરવામાં આવે છે.

**પત્રક–૧**

| **થરાદ સિવિલ હોસ્પિટલનું મંજૂર મહેકમ** | | | | | |
|---|---|---|---|---|---|
| | | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **ક્યારથી ખાલી છે.** |
| **વર્ગ–૧** | | | | | |
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ | તા.૦૧–૦૯–૧૯ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| ૩ | જનરલ સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૪ | ફીઝીશિયન | ૧ | ૦ | ૧ | તા.૦૧–૦૯–૨૦૧૮ |
| ૫ | ગાયનેકોલોજિસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૦૮–૦૩–૧૯ |
| ૬ | પેડીયાટ્રીશિયન | ૧ | ૦ | ૧ | તા.૨૦–૦૫–૧૫ |
| ૭ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૨૦–૦૫–૧૫ |
| ૮ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૦ | ૧ | તા.૩૧–૦૧–૧૯ |
| ૯ | ઓપ્થલમીક સર્જન | ૧ | ૦ | ૧ | તા.૩૧–૧૨–૨૦૧૯ |

| થરાદ સિવિલ હોસ્પિટલનું મંજૂર મહેકમ | | | | | |
|---|---|---|---|---|---|
| | | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **ક્યારથી ખાલી છે.** |
| | **કુલઃ વર્ગ–૧** | **૯** | **૨** | **૭** | |
| | **વર્ગ–૨** | | | | |
| ૧૦ | તબીબી અધિકારી | ૪ | ૪ | ૦ | |
| ૧૧ | ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૨ | વહીવટી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| | **કુલઃ વર્ગ–૨** | **૬** | **૬** | **૦** | |
| | **વર્ગ–૩** | | | | |
| ૧૩ | કચેરી અધિક્ષક | ૧ | ૧ | ૦ | |
| ૧૪ | હેડ ક્લાર્ક | ૧ | ૦ | ૧ | તા.૩૧–૦૮–૧૫ |
| ૧૫ | સિનિયર ક્લાર્ક | ૨ | ૧ | ૧ | તા.૩૧–૦૮–૧૫ |
| ૧૬ | જુનિયર ક્લાર્ક | ૨ | ૦ | ૨ | તા.૨૧–૦૬–૧૯, તા.૨૫–૭–૧૯ |
| ૧૭ | આસી. નર્સિંગ સુપ્રી. | ૧ | ૧ | ૦ | |
| ૧૮ | હેડ નર્સ | ૩ | ૧ | ૨ | તા.૨૦–૫–૧૫, તા.૧૬–૧૧–૧૮ |
| ૧૯ | નર્સ પ્રેક્ટીશનર ઇન મીડવાઇફરી | ૧ | ૦ | ૧ | તા.૨૭–૦૪–૧૭ |
| ૨૦ | સ્ટાફ નર્સ | ૧૩ | ૧૧ | ૨ | તા.૨૧–૨–૧૯, તા.૮–૩–૧૯ |
| ૨૧ | ફીજીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૨૨ | સિનિયર ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૩૦–૯–૨૦૨૦ |
| ૨૩ | જુનિયર ફાર્માસીસ્ટ | ૨ | ૨ | ૦ | |
| ૨૪ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧ | ૧ | ૦ | |
| ૨૫ | એક્સ–રે ટેક્નીશીયન | ૧ | ૧ | ૦ | |
| ૨૬ | એક્સ–રે આસિસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | તા.૨૦–૫–૧૫ |
| ૨૭ | ઓપ્થલમીક આસિસ્ટન્ટ | ૧ | ૧ | ૦ | |
| ૨૮ | ઇલેક્ટ્રિશિયન | ૧ | ૦ | ૧ | તા.૩૦–૫–૧૫ |
| ૨૯ | પ્લમ્બર | ૧ | ૦ | ૧ | તા.૨૦–૫–૧૫ |
| ૩૦ | ડ્રાયવર | ૧ | ૦ | ૧ | તા.૧–૮–૧૨ |
| | **કુલઃ વર્ગ–૩** | **૩૫** | **૨૧** | **૧૪** | |
| | **વર્ગ–૪** | **૨૪** | **૨૪** | **૦** | |
| | | **સમરી** | | | |
| | વર્ગ–૧ | ૯ | ૨ | ૭ | |
| | વર્ગ–૨ | ૬ | ૬ | ૦ | |
| | વર્ગ–૩ | ૩૫ | ૨૧ | ૧૪ | |
| | વર્ગ–૪ | ૨૪ | ૨૪ | ૦ | |
| | **કુલ** | **૭૪** | **૫૩** | **૨૧** | |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો**

૩૩૪૫૧ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કોરોના મહામારી અંતર્ગત કઇ–કઇ ખાનગી હોસ્પિટલો ડેઝીગ્નેટેટ જાહેર કરવામાં આવેલ,

(૨) તે પૈકી કઇ ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઇ ખાનગી

**જવાબ**

(૧) પત્રક–અ કોલમ–૩ મુજબ.

(૨) પત્રક–અ કોલમ–૪ મુજબ.

(૩) પત્રક–બ મુજબ.

હોસ્પિટલને કયા પ્રકારના બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી?

- કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે અંગે તપાસ કરી જિલ્લામાંથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસાર ચકાસણી કરી ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક–અ**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ ખાનગી હોસ્પિટલનું નામ | સરકારી ક્વોટામાં અનામત બેડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પાટણ | જનતા હોસ્પિટલ | ૯૫ |
| ૨ | | સબરીમાલા હોસ્પિટલ, પાટણ | ૦ |
| ૩ | મહેસાણા | નૂતન જનરલ હોસ્પિટલ, વિસનગર | ૩૦ |

**પત્રક–બ**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | બેડના પ્રકાર પ્રમાણે ચૂકવેલ રકમ રૂ. | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | આઈસોલેશન બેડ | આઈસોલેશન +એચ.ડી.યુ | આઈસોલેશન + આઈ.સી.યુ (વેન્ટીલેટર સિવાય) | આઈસોલેશન +આઈ.સી.યુ (વેન્ટીલેટર સહિત) | સરવાળો |
| ૧ | પાટણ | જનતા હોસ્પિટલ | ૪૭૩૯૪૦૦ | ૦ | ૩૧૦૭૫૨૦ | ૨૯૮૮૦૦ | ૮૧૪૫૭૨૦ |
| ૨ | | સબરીમાલા હોસ્પિટલ, પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | મહેસાણા | નૂતન જનરલ હોસ્પિટલ, વિસનગર | ૬૯૪૪૪૦ | ૩૩૦૨૬૪૦ | ૫૯૭૮૧૬૦ | ૩૦૦૬૦૦૦ | ૧૨૯૮૧૨૪૦ |

---------

## ચિત્રાલ માઈનોર દ્વારા સિંચાઈનું પાણી આપવા બાબત

૩૩૨૨૧ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પાદરા તાલુકાની મજાથણ વિશાખામાંથી નીકળતી ચિત્રાલ માઈનોર દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવામાં આવ્યુ,

(૨) તેની યુજીપીએલ સબમાઇનોરની કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પાદરા તાલુકાની મજાથણ વિશાખામાંથી નીકળતી ચિત્રાલ માઈનોર દ્વારા વર્ષ ૨૦૧૯માં ૬૩૭ એકર અને વર્ષ ૨૦૨૦માં ૫૫૩ એકર વિસ્તારને સિંચાઇ માટે પાણી પુરૂં પાડવામાં આવેલ છે.

(૨) ચિત્રાલ માઈનોર હેઠળની તમામ ૯ યુજીપીએલ સબમાઈનોરની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં રૂ.૧.૨૬ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં રાજા હરિશચંદ્ર મરણોતર સહાય યોજના

૩૩૨૬૬ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોતર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૬૪

(૨) ૩૫૫

(૩) રૂ. ૧૭,૭૫,૦૦૦/–

---------

## ગાગોદર પેટા શાખા નહેરની લંબાઈ

અતારાંકિત પ્રશ્નો

૩૩૨૨૬ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૨૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ગાગોદર પેટા શાખા નહેરની મંજુવાસ ડીસ્ટ્રીબ્યુટરી કેનાલની લંબાઇ કેટલી છે, | (૧) તા.૩૧−૧૨−૨૦૨૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ગાગોદર પેટાશાખા નહેરની મંજુવાસ ડીસ્ટ્રીબ્યુટરી કેનાલની લંબાઇ ૫.૭૬૪ કિલોમીટર છે. |
| (૨) આ કેનાલનું કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) તા.૩૧−૧૨−૨૦૨૦ની સ્થિતિએ આ કેનાલનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ થનાર છે? | (૩) મંજુવાસ ડીસ્ટ્રીબ્યુટરી કેનાલથી કુલ ૧૬૯૯ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઇપલાઇનના કામમાં ગેરરીતિ

૩૩૪૩૯ **ગેનીબેન ઠાકોર** (વાવ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં તા.૧૦−૧૨−૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી રાજેશકુમાર ગોહિલના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૧૦૬ (અગ્રતાક્રમ−૧૭૯)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઇપલાઇનો નાંખ્યા વગર બિલો ઉધારી અંદાજીત રૂ.૮૩.૬૩ કરોડની ગેરરીતિ ધ્યાન પર આવેલ અને વધુ વિગતો ફોરેંસિક ચકાસણી પૂર્ણ થયેથી માલુમ પડવાની હતી તો આ ચકાસણી તા.૩૧−૧૨−૨૦૨૦ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) તા.૩૧−૧૨−૨૦૨૦ની સ્થિતિએ ફોરેંસિક એજન્સી દ્વારા સ્થળ પર સબ માઇનોર(ચક)ની અન્ડર ગ્રાઉન્ડ પાઇપલાઇનની ફીઝીકલ વેરીફિકેશન કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત ચકાસણી પૂર્ણ થયેલ હોઇ તો કુલ કેટલી રકમની ગેરરીતિ સામે આવી, અને | (૨) ગેરરીતિની રકમ ફોરેંસિક એજન્સીનો અહેવાલ આવ્યા બાદ જાણી શકાશે. |
| (૩) તે અન્વયે કઇ એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવી અને કઇ એજન્સીની માન્યતા રદ કરવામાં આવી? | (૩) સરદાર સરોવર નર્મદા નિગમ લી. દ્વારા ૦૯ એજન્સી અને ૦૩ પાઇપ ઉત્પાદકોની માન્યતા રદ કરવાનો હુકમ કરાયેલ છે, જેની સામે ૦૬ દાવા અરજી નામદાર હાઇકોર્ટ સમક્ષ પડતર છે અને નામદાર હાઇકોર્ટનો મનાઇ હુકમ છે. |

---------

## મહિસાગર જિલ્લામાં પાલક માતા−પિતા યોજના

૩૩૨૫૮ **શ્રી કુબેરભાઇ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં મહિસાગર જિલ્લામાં પાલક માતા−પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૭૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૩ |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૫,૨૪,૦૦૦/− |

---------

## આણંદ જિલ્લામાં અકસ્માતમાં સારવાર સહાય

૩૩૫૩૩ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થનાર કેટલા વ્યક્તિઓને રૂ.૫૦,૦૦૦/− સુધીની સારવાર સહાય આપવામાં આવી, | (૧)<br>• રાજ્યમાં વાહન અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલ દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં દાખલ થયાના કિસ્સામાં પ્રથમ ૪૮ કલાક દરમ્યાન કરાયેલ સારવારના નાણા સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક હસપ/૧૨૨૦૧૮/ન.બા.૩૧/અ તા.૧૬−૦૫−૨૦૧૮ થી ખાનગી હોસ્પિટલોને |

રીએમ્બર્સ કરવાનું ઠરાવવામાં આવેલ છે. દર્દીઓને કોઈ સીધી નાણાકીય સહાય આપવામાં આવતી નથી.

- તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ખાનગી હોસ્પિટલો ખાતે સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા સામેલ છે.

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૯ | વર્ષ ૨૦૨૦ |
|---|---|---|
| આણંદ | ૬૫૬ | ૨૦ |
| બોરસદ | ૩૫૬ | ૧૩ |
| ખંભાત | ૨૮૯ | ૧૮ |
| પેટલાદ | ૧૭૫ | ૧૦ |
| **કુલ** | **૧૪૭૬** | **૬૧** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા વ્યક્તિઓને આવી સહાય ક્યા કારણોસર ચૂકવવાની બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ કોઈ ખાનગી હોસ્પિટલોને ઉપરની વિગતે કોઈ સહાય ચૂકવવાની બાકી નથી. વ્યક્તિગત આવી કોઈ સહાય ચૂકવવામાં આવતી નથી.

(૩) આવા વ્યક્તિઓને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવશે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)ઉક્ત સહાય કેટલા દિવસમાં ચૂકવવાની જોગવાઈ છે ?

(૪)કામકાજનાં ૩૦ દિવસમાં સહાય ચૂકવવાની જોગવાઈ છે.

---------

## સુરત જિલ્લામાં વીજ બિલમાં રાહત

૩૩૩૫૭ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં સુરત જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જોહા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) અને (૩) કુલ ૧૨૫૫૩૭૫ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૪૬૫૧.૭૫ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

---------

## નવસારી અને વલસાડ જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો

૩૩૧૯૬ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કોરોના મહામારી અંતર્ગત કઈ-કઈ ખાનગી હોસ્પિટલો ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ,

(૨) તે પૈકી કઈ ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઈ ખાનગી હોસ્પિટલને ક્યા પ્રકારના બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) પત્રક-અ, કોલમ નં.-૩ મુજબ.

(૨) પત્રક-અ, કોલમ નં.-૪ મુજબ.

(૩) ચૂકવેલ રકમ પત્રક-બ મુજબ.

- કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે અંગે તપાસ કરી જિલ્લામાંથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસાર ચકાસણી કરી ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અતારાંકિત પ્રશ્નો

**પત્રક–અ**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ ખાનગી હોસ્પિટલનું નામ | સરકારી કવોટામાં અનામત બેડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નવસારી | યશફીન હોસ્પિટલ, નવસારી | ૧૦૦ |
| | | ઉદિત હોસ્પિટલ, વાંસદા | ૧૦૦ |
| | | ડી.એન.મહેતા સાર્વજનિક હોસ્પિટલ, નવસારી | ૫૦ |
| ૨ | વલસાડ | શ્રેયસ મેડીકેર હોસ્પિ.વાપી | ૧૦૦ |

**પત્રક–બ**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | બેડના પ્રકાર પ્રમાણે ચૂકવેલ રકમ રૂ. | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | આઈસોલેશન બેડ | આઈસોલેશન + એચ.ડી.યુ. | આઈસોલેશન + આઈ.સી.યુ (વેન્ટીલેટર સિવાય) | આઈસોલેશન + આઈ.સી.યુ (વેન્ટીલેટર સહિત) | સરવાળો |
| ૧ | નવસારી | યશફીન હોસ્પિટલ, નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | | ઉદિત હોસ્પિટલ, વાંસદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | | ડી.એન.મહેતા સાર્વજનિક હોસ્પિટલ, નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | વલસાડ | શ્રેયસ મેડીકેર હોસ્પિ. વાપી | ૧૫૨૩૯૫૨૦ | ૦ | ૨૪૩૨૧૬૦ | ૪૨૩૫૪૦૦ | ૨૧૯૦૭૦૮૦ |

---------

**ડાંગ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના**

૩૩૨૪૬ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં ડાંગ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૭૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૩ |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૪,૨૨,૦૦૦/– |

---------

**પોરબંદર જિલ્લામાં સિમેન્ટ કંપની પાસેથી બાકી વેચાણવેરો/વેટ વસૂલાત બાબત**

૩૩૫૧૮ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : તેરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮–૦૩–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૪૧૦૯ (અગ્રતા–૨૭)ના અનુસંધાને **માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં આવેલ એચ.એમ.પી. સિમેન્ટ કંપની પાસેથી ૪૭.૫૯ કરોડ વેચાણવેરો/વેટની બાકી રકમ વસૂલવા માટે મિલકત ટાંચ કરવા માટે તા.૧૫–૦૬–૨૦૧૫ના રોજ મામલતદાર અને કલેક્ટરશ્રીએ પત્ર લખેલ તો તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યારે શી કાર્યવાહી કરી, અને | (૧) વાણિજ્યિક વેરા અધિકારી–૧, પોરબંદર ના તા.૧૫–૦૬–૨૦૧૫ના કંપનીની મિલક્તો ઉપર ટાંચ મૂકવાના હુકમ અન્વયે સીટી સર્વે પોરબંદરે તા.૩૧–૦૭–૨૦૧૫ની ફેરફાર નોંધ નંબર ૫૦૭૨, અને ૧૧૧૧ અને ૫૪૭૨થી અનુક્રમે સીટી સર્વે નંબર ૪૮૧૭, ૪૮૧૯ અને ૪૮૨૧માં બોજા નોંધ દાખલ કરેલ. જે તા.૦૯–૦૯–૨૦૧૫ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે. |

કલેક્ટર, પોરબંદરના તા.૨૬-૦૮-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ ૧૧૫૭૭થી જણાવ્યા મુજબ એસીસી અને એચએમપી કંપનીના નામે આવેલ જમીનના ટેન્યોર, માલિકી હક્ક બાબતે કોઈપણ ફેરફાર ન કરવા નામ. ગુજરાત હાઈકોર્ટે SCAનં. ૧૧૪૯૯/૨૦૦૧ તા.૦૨-૦૯-૨૦૦૩ના હુકમ અને ત્યારબાદના જુદાજુદા હુકમોથી મનાઈ હુકમ ફરમાવેલ હતો. ત્યારબાદ સદર કેસ SCA૧૧૪૯૯/૨૦૦૧માં નામદાર હાઈકોર્ટે તા.૨૭-૦૨-૨૦૨૦ના કોમન ઓરલ ઓર્ડરથી હરાજી કરવાની પરવાનગી આપેલ છે. વધુમાં, મુખ્ય રાજ્ય વેરા કમિશનર કચેરી દ્વારા કલેક્ટર, પોરબંદરને તે અન્વયે જો કોઈ વસૂલાત અથવા જમીનની હરાજી અંગેની કાર્યવાહી થાય તો બાકી વસૂલાત રૂ. ૪૪,૫૯,૧૨,૨૯૦/- + ચડત વ્યાજ નો દાવો નોંધવા પત્ર જા.૩૪૩૬ તા.૦૭-૧૧-૨૦૨૦ થી પત્ર પાઠવેલ છે.

| | |
|---|---|
| (૨) તે અન્વયે કેટલી મિલ્કત ટાંચમાં લેવામાં આવી? | (૨) ઉપર મુજબ. |

---------

### ખેડા જિલ્લામાં ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના

૩૩૨૭૦ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૧ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨૧,૦૦,૦૦૦/- |

---------

### અમદાવાદ જિલ્લામાં વીજ બિલમાં રાહત

૩૩૩૨૧ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં અમદાવાદજિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જોહા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને | (૨) અને (૩) કુલ ૧૪૮૫૦૧૯ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૫૭૭૬.૯૩ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે. |
| (૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે ? | |

---------

### ભરૂચ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

૩૩૨૪૧ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૪૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૪૩ |

અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪,૩૦,૦૦૦/-

---------

**સુરત અને નવસારી જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મંજૂર જગ્યાઓ**

૩૩૧૮૭ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરત અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧), (૨), (૩) અને (૪) સુરત જિલ્લો +પત્રક-અ મુજબ. નવસારી જિલ્લો +પત્રક-બ મુજબ. |
| (૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, | |
| (૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ આઉટસોર્સીંગ અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે, | |
| (૪) ઉક્ત આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાઓમાં કઈ એજન્સી દ્વારા કર્મચારીઓ પૂરા પાડવામાં આવે છે, અને | |
| (૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૫) જે તે સંવર્ગના ટી.ઓ.આર. મુજબ યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**વડોદરા જિલ્લામાં ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૩૩૨૬૮ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૬૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૯ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૫૯,૦૦,૦૦૦/- |

---------

**કડીપાણી-હાફેશ્વર રોડ પર નાળા-પુલ તુટી જવા બાબત**

૩૩૫૬૬ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભારે વરસાદના કારણે છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના કડીપાણી-હાફેશ્વર રોડ પર આવેલ નાળા-પુલ તુટી ગયેલ હોઈ નવા બનાવવા માટે કેટલી રજૂઆતો મળી, અને | (૧) ૨ (બે) રજૂઆતો. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નાળા-પુલ બનાવવા માટે ફ્લડ ડેમેજ ગ્રાન્ટમાંથી કેટલી રકમ ફાળવવામાં આવી? | (૨) નાળા-પુલને મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો**

૩૩૫૧૩ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કોરોના મહામારી અંતર્ગત કઇ-કઇ ખાનગી હોસ્પિટલો ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ,

(૧) જૂનાગઢ જિલ્લામાં પત્રક-અ ના કોલમ-૩ મુજબ જ્યારે અમરેલી જિલ્લામાં કોઇ ખાનગી હોસ્પિટલને ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ નથી.

(૨) તે પૈકી કઇ ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ, અને

(૨) પત્રક-અ ના કોલમ-૪ મુજબ.

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઇ ખાનગી હોસ્પિટલને કયા પ્રકારના બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

(૩) ચૂકવેલ રકમ પત્રક-બ મુજબ.

- કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે અંગે તપાસ કરી જિલ્લામાથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસાર ચકાસણી કરી ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક-અ**

| **ક્રમ નં.** | **જિલ્લાનું નામ** | **ડેઝીગ્નેટેટ ખાનગી હોસ્પિટલનું નામ** | **સરકારી ક્વોટામાં અનામત બેડની સંખ્યા** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | જૂનાગઢ | ત્રીમુર્તી નિદાન કેન્દ્ર અને સર્જીકલ નર્સીંગ હોમ, જૂનાગઢ | ૧૦૦ |

**પત્રક-બ**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **હોસ્પિટલનું નામ** | **બેડના પ્રકાર પ્રમાણે ચૂકવેલ રકમ રૂ.** | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | **આઇસોલેશન બેડ** | **આઇસોલેશન +એચ.ડી.યુ** | **આઇસોલેશન + આઇ.સી.યુ (વેન્ટીલેટર સિવાય)** | **આઇસોલેશન +આઇ.સી.યુ (વેન્ટીલેટર સહિત)** | **સરવાળો** |
| ૧ | જૂનાગઢ | ત્રીમુર્તી નિદાન કેન્દ્ર અને સર્જીકલ નર્સીંગ હોમ, જૂનાગઢ | ૩૦૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ | ૩૦૦૦૦૦૦ |

---------

## પોરબંદર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

૩૩૨૬૦ **શ્રી પ્રવિણભાઇ ઘોઘારી** (કરંજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોરબંદર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી,

(૧) ૧૧૪

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧૧૪

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ. ૧૧,૪૦,૦૦૦/-

---------

## કચ્છ અને પાટણ જિલ્લામાં નદીઓ ઉપર પુલ બનાવવા બાબત

૩૩૪૩૬ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નદીઓ ઉપર પુલ બનાવવા માટે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને પાટણ જિલ્લામાં બજેટ ઉચ્ચક જોગવાઈમાંથી રૂ. એક હજાર બસો ત્રણ કરોડ અઠ્ઠાવન લાખના ૬૪૨ રસ્તા અને ૧ નદી ઉપર પુલના કામો મંજૂર કરેલ છે, અને રૂ. ત્રણસો બે કરોડ પાંત્રીસ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તા, પુલનું કામ પૂર્ણ

(૩) અને (૪) ઉક્ત સ્થિતિએ ૧૨૧ રસ્તાના કામો

કરવામાં આવ્યું અને કેટલા રસ્તા, પુલનું કામ બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

પૂર્ણ, ૫૨૧ રસ્તા અને ૧ નદી પરના પુલના કામો પ્રી–કન્સ્ટ્રક્શન પ્રક્રિયા તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો**

૩૩૫૫૪ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કોરોના મહામારી અંતર્ગત કઇ–કઇ ખાનગી હોસ્પિટલો ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ,

(૨) તે પૈકી કઇ ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઇ ખાનગી હોસ્પિટલને કયા પ્રકારના બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં પત્રક–અ ના કોલમ નં. ૩ મુજબ અને પંચમહાલ જિલ્લામાં કોઇ ખાનગી હોસ્પિટલને ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ નથી.

(૨) દાહોદમાં પત્રક–અ ના કોલમ નં.૪ મુજબ.

(૩) પત્રક–બ મુજબ.

- કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે અંગે તપાસ કરી જિલ્લામાથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસાર ચકાસણી કરી ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક–અ**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેટ ખાનગી હોસ્પિટલનું નામ | સરકારી ક્વોટામાં અનામત બેડની સંખ્યા |
૩૩૩૫૨ **ડો. આશાબેન પટેલ** (**ઊંઝા**) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં મહેસાણા જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને<br>(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે? | (૨) અને (૩) કુલ ૪૯૭૮૦૨ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૧૪૩૦.૨૭ લાખની વીજ બિલ માં રાહત આપવામાં આવેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૩૨૯૫ શ્રી **દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં જૂનાગઢ જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જોહા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને<br>(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે ? | (૨) અને (૩) કુલ ૩૦૮૯૯૭ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૧૦૭૦.૦૩ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૩૩૨૦ શ્રી **કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં અમદાવાદજિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જોહા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને<br>(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે ? | (૨) અને (૩) કુલ ૧૪૮૫૦૧૯ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૫૭૭૬.૯૩ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે. |

---------

**તાપી અને વડોદરા જિલ્લામાં નદીઓ ઉપર પુલ બનાવવા બાબત**

૩૩૧૯૩ શ્રી **સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નદીઓ ઉપર પુલ બનાવવા માટે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,<br>(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં તાપી અને વડોદરા જિલ્લામાં, બજેટ ઉચ્ચક જોગવાઈમાંથી રૂ. છસો ઓગણસાઈઠ કરોડ પંચાણું લાખના ૫૦૫ રસ્તા અને ૫ નદીઓ ઉપર પુલોના કામો મંજૂર કરેલ છે, અને રૂ. એકસો પાંચ કરોડ પંચ્યાસી લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તા, પુલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા રસ્તા, પુલનું કામ બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) અને (૪) ઉક્ત સ્થિતિએ ૩૫ રસ્તાના કામો પૂર્ણ. ૪૭૦ રસ્તા અને ૫ નદી પરના પુલોના કામો પ્રિકન્સ્ટ્રક્શન એક્ટીવીટી તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મંજૂર જગ્યાઓ**

૩૩૧૮૦ શ્રી **પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ આઉટસોર્સીંગ અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે,

(૪) ઉક્ત આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાઓમાં કઈ એજન્સી દ્વારા કર્મચારીઓ પૂરા પાડવામાં આવે છે, અને

(૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪)
નર્મદા જિલ્લો +પત્રક–અ મુજબ.
ભરૂચ જિલ્લો +પત્રક–બ મુજબ.

(૫) જે તે સંવર્ગના ટી.ઓ.આર. મુજબ યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**ખેડા જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૪૧ શ્રી **જગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૦ (દસ)

(૨) રૂ.૬૯૮૨.૫૮ લાખ.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઈપલાઈનના કામમાં ગેરરીતિ**

૩૩૪૪૭ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૦–૧૨–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી રાજેશકુમાર ગોહિલના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૧૦૬ (અગ્રતા–૧૭૯)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઈપલાઈનો નાંખ્યા વગર બિલો ઉધારી અંદાજીત રૂ.૮૩.૬૩ કરોડની ગેરરીતિ ધ્યાન પર આવેલ અને વધુ વિગતો ફોરેંસિક ચકાસણી પૂર્ણ થયેથી માલુમ પડવાની હતી તો આ ચકાસણી તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત ચકાસણી પૂર્ણ થયેલ હોઈ તો કુલ કેટલી રકમની ગેરરીતિ સામે આવે, અને

(૩) તે અન્વયે કઈ એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવી અને કઈ એજન્સીની માન્યતા રદ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ફોરેંસિક એજન્સી દ્વારા સ્થળ પર સબ માઈનોર (ચક)ની અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈનની ફિઝીકલ વેરીફીકેશનની કામગીરી પ્રગતિમાં છે.

(૨) ગેરરીતિની રકમ ફોરેંસિક એજન્સીનો અહેવાલ આવ્યા બાદ જાણી શકાશે.

(૩) SSNNLદ્વારા ૯ એજન્સી અને ૩ પાઈપ ઉત્પાદકોની માન્યતા રદ કરવાનો હુકમ કરાયેલ છે. જેની સામે ૬ દાવાઅરજી નામદાર હોઈકોર્ટ સમક્ષ પડતર છે અને

તા. ૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

નામદાર હોઈકોર્ટનો મનાઈ હુકમ છે.

---------

**વડોદરા જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૩૨૭૯ શ્રી**મતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં વડોદરા જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જોહા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) અને (૩) કુલ ૭૬૯૬૨૩ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૨૬૩૫.૨૩ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

---------

**ખેડા અને ડાંગ જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો**

૩૩૫૪૬ શ્રી **કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા અને ડાંગજિલ્લામાં જિલ્લાવાર કોરોના મહામારી અંતર્ગત કઈ–કઈ ખાનગી હોસ્પિટલો ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ,

(૨) તે પૈકી કઈ ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઈ ખાનગી હોસ્પિટલને ક્યા પ્રકારના બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાની માહિતી પત્રક–અ ના કોલમ–૩ મુજબ અને ડાંગ જિલ્લામાં કોઈ ખાનગી હોસ્પિટલનેડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ નથી.

(૨) પત્રક–અકોલમ–૪ મુજબ.

(૩) પત્રક–બ મુજબ.

- કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે અંગે તપાસ કરી જિલ્લામાંથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસાર ચકાસણી કરી ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક–અ**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેડ ખાનગી હોસ્પિટલનું નામ | સરકારી કવોટામાં અનામત બેડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ખેડા | ડો.એન.ડી.દેસાઈ હોસ્પિટલ, નડીયાદ | ૧૦૦ |
| ૨ | | રૂદ્ર મલ્ટી સ્પેશ્યાલીટી, નડીયાદ | ૨૦ |
| ૩ | | સમીપ હોસ્પિટલ, નડીયાદ | ૨૭ |
| ૪ | | શેઠ એચ.જે.મહાગુજરાત હોસ્પિટલ, નડીયાદ | ૩૦ |
| ૫ | | શ્લોક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ, નડીયાદ | ૫૦ |

**પત્રક–બ**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | બેડના પ્રકાર પ્રમાણે ચૂકવેલ રકમ રૂ. | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | આઇસોલેશન બેડ | આઈસોલેશન + એચ.ડી.યુ. | આઈસોલેશન + આઈ.સી.યુ (વેન્ટીલેટર સિવાય) | આઈસોલેશન + આઈ.સી.યુ (વેન્ટીલેટર સહિત) | સરવાળો |
| ૧ | ખેડા | ડો.એન.ડી.દેસાઈ હોસ્પિટલ, નડીયાદ | ૨૩૭૦૦૬૦૦ | ૦ | ૪૨૧૧૬૦૦ | ૪૦૮૭૮૦૦ | ૩૨૦૦૦૦૦૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | બેડના પ્રકાર પ્રમાણે ચૂકવેલ રકમ રૂ. | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | આઈસોલેશન બેડ | આઈસોલેશન + એચ.ડી.યુ. | આઈસોલેશન + આઈ.સી.યુ (વેન્ટીલેટર સિવાય) | આઈસોલેશન + આઈ.સી.યુ (વેન્ટીલેટર સહિત) | સરવાળો |
| ૨ | | રૂદ્ર મલ્ટી સ્પેશિયાલિટી,નડીયાદ | ૧૦૪૮૦૦ | ૭૮૩૦૦૦ | ૪૧૨૨૦૦ | ૦ | ૧૩૦૦૦૦૦ |
| ૩ | | સમીપ હોસ્પિટલ, નડીયાદ | ૩૭૭૯૮૦ | ૬૧૫૦૬૦ | ૩૧૧૭૬૦ | ૨૯૫૨૦૦ | ૧૬૦૦૦૦૦ |
| ૪ | | શેઠ એચ.જે. મહાગુજરાત હોસ્પિટલ, નડીયાદ | ૦ | ૨૦૭૩૮૨૦ | ૧૨૯૫૨૮૦ | ૨૪૩૦૯૦૦ | ૫૮૦૦૦૦૦ |
| ૫ | | શ્લોક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ, નડીયાદ | ૩૦૫૨૮૦૦ | ૫૪૬૮૦૪૦ | ૨૫૭૫૪૪૦ | ૨૭૦૯૦૦૦ | ૧૩૮૦૫૨૮૦ |

---------

**કોસિન્દ્રા–ભાખા રોડ ઉપર હેરણ નદી પર પુલનું બાંધકામ**

૩૩૨૨૨ શ્રી **અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીયનાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોસિન્દ્રા–ભાખા રોડ ઉપર હેરણ નદી પર પુલનું બાંધકામ કરવાની કામગીરીને કેટલી રકમની મંજૂરી મળેલ છે, અને | (૧) રૂ.૧૨૦૦.૦૦ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે? | (૨) પ્રગતિ હેઠળ. |

---------

**ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૩૩૨૧૬ શ્રી **આર. સી. મકવાણા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૧)

| ક્રમ | વર્ષ | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૪,૬૨,૮૯૪ |
| ૨ | ૨૦૨૦ | ૪,૫૪,૬૧૨ |
| | **કુલ** | **૯,૧૭,૫૦૬** |

(૨) ઉક્ત સ્થિતિએ હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | હૃદય | કિડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૨૨૧ | ૩૧ | ૧૫ |
| ૨ | ૨૦૨૦ | ૧૮૫ | ૨૭ | ૧૫ |
| | **કુલ** | **૪૦૬** | **૫૮** | **૩૦** |

(૩) ઉક્ત ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

(૩) હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગો ધરાવતા બાળકોની વિના મુલ્યે સારવાર માટે સરકાર દ્વારા નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી છે.

- હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ
- કિડનીની બિમારીવાળા બાળકોને ઈન્સ્ટિટ્યૂટ

ઓફ કીડની ડીસીસી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ

- કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે.

---------

**ભરૂચ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૪૪ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૭ (સાત) |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૧૧૨૮૧.૭૮ લાખ |

---------

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં નદીઓ ઉપર પુલ બનાવવા બાબત**

૩૩૪૯૧ શ્રી **ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નદીઓ ઉપર પુલ બનાવવા માટે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ, (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં બજેટ ઉચ્ચક જોગવાઈમાંથી રૂ. ચારસો ઓગણતીસ કરોડ ચોરાણું લાખના ૨૬૨ રસ્તા અને ૧૪ નદીઓ ઉપર પુલોના કામો મંજૂર કરેલ છે, અને રૂ. પચાસ કરોડ સત્તાણું લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તા, પુલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા રસ્તા, પુલનું કામ બાકી છે, અને (૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ ૧૬ રસ્તા, અને ૫ પુલોના કામ પૂર્ણ. ૨૪૬ રસ્તા, અને ૯ પુલોના કામો પ્રી–કન્સ્ટ્રક્શન પ્રક્રિયા તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**મોરબી જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૧૭ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૯ (નવ) |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૫૫૮૦.૨૧ લાખ |

---------

**વલસાડ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૪૦ શ્રી **જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૧૧ (અગિયાર) |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૮૬૭૩.૩૭ લાખ |

---------

**દસાડા તાલુકાની નગવાડા–૩ માઈનોરના બાંધકામ**

૩૩૨૩૧ શ્રી **કિરીટસિંહ રાણા** (લીંબડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાની નગવાડા-૩ માઈનોરના બાંધકામ પૂર્ણ થયેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોને સિંચાઈનો લાભ મળેલ છે?

(૨) નગવાડા-૩ માઈનોર થકી નગવાડા ગામના છેલ્લા બે વર્ષમાં ૧૫૫૨ એકર જેટલો પિયત વિસ્તારને સિંચાઈનો લાભ મળેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના હેઠળની અરજીઓ**

૩૩૨૫૪ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કેલેન્ડર વર્ષ-૨૦૨૦માં ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૧૨

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧૨

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) ૫૦૪૦૦

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો**

૩૩૪૭૪ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કોરોના મહામારી અંતર્ગત કઈ-કઈ ખાનગી હોસ્પિટલો ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ,

(૧) પત્રક-અ કોલમ-૩ મુજબ

(૨) તે પૈકી કઈ ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ, અને

(૨) પત્રક-અ કોલમ-૪ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઈ ખાનગી હોસ્પિટલને કયા પ્રકારના બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી?

(૩) પત્રક-બ મુજબ.

- કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે અંગે તપાસ કરી જિલ્લામાંથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસાર ચકાસણી કરી ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક-અ**

| **ક્રમ નં.** | **જિલ્લાનું નામ** | **ડેઝીગ્નેટેડ ખાનગી હોસ્પિટલનું નામ** | **સરકારી ક્વોટામાં અનામત બેડની સંખ્યા** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | અમદાવાદ | જનમ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ સાણંદ | ૨૦ |
| ૨ | | સાણંદ જનતા મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ | ૧૫ |
| ૩ | | શીવ હોસ્પિટલ દસ્ક્રોઈ | ૨૫ |
| ૪ | | શરણમ હોસ્પિટલ ધોળકા | ૧૪ |
| ૫ | | જે.કે.મલ્ટીસ્પેશિયાલીટી સાણંદ | ૧૦ |
| ૬ | | જીવનદીપ હોસ્પિટલ ધોળકા | ૧૫ |
| ૭ | | રાધે હોસ્પિટલ બાવળા | ૧૨ |
| ૮ | ગાંધીનગર | ગોએન્કા હોસ્પિટલ | ૩૬ |
| ૯ | | એસ.એમ.એસ. હોસ્પિટલ | ૫૦ |
| ૧૦ | | આશ્કા હોસ્પિટલ | ૨૫ |

**પત્રક-બ**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | બેડના પ્રકાર પ્રમાણે ચૂકવેલ રકમ રૂ. | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | આઇસોલેશન બેડ | આઇસોલેશન + એચ.ડી.યુ | આઇસોલેશન + આઇ.સી.યુ (વેન્ટીલેટર સિવાય) | આઇસોલેશન + આઇ.સી.યુ (વેન્ટીલેટર સહિત) | સરવાળો |
| ૧ | અમદાવાદ | જનમ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ સાણંદ | ૮૫૨૮૪૦ | ૩૬૯૩૬૦૦ | ૯૬૭૬૮૦ | ૦ | ૫૫૧૪૧૨૦ |
| ૨ | | સાણંદ જનતા મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ | ૫૨૭૩૯૦ | ૨૮૪૬૩૪૦ | ૬૯૬૯૬૦ | ૦ | ૪૦૭૦૬૯૦ |
| ૩ | | શીવ હોસ્પિટલ દસ્કોઈ | ૧૨૬૬૧૨૦ | ૩૯૦૪૨૦ | ૭૮૫૫૨૦ | ૦ | ૨૪૪૨૦૬૦ |
| ૪ | | શરણમ હોસ્પિટલ ધોળકા | ૯૬૬૬૦૦ | ૫૩૧૯૦૦ | ૪૪૦૬૪૦ | ૦ | ૧૯૩૯૧૪૦ |
| ૫ | | જે.કે.મલ્ટીસ્પેશિયાલીટી સાણંદ | ૩૯૮૮૮૦ | ૦ | ૯૦૯૦૬૦ | ૦ | ૧૩૦૭૯૪૦ |
| ૬ | | જીવનદીપ હોસ્પિટલ ધોળકા | ૪૭૫૫૬૦ | ૨૬૭૩૦૦ | ૪૨૨૬૪૦ | ૦ | ૧૧૬૫૫૦૦ |
| ૭ | | રાધે હોસ્પિટલ બાવળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ગાંધીનગર | ગોએન્કા હોસ્પિટલ | ૨૫૮૦૧૨૦ | ૨૯૪૩૦૦ | ૧૮૦૦૦૦ | ૧૧૮૮૦૦ | ૩૧૭૩૨૨૦ |
| ૯ | | એસ.એમ.એસ. હોસ્પિટલ | ૪૮૫૮૯૨૦ | ૨૯૬૪૬૦ | ૨૩૪૩૬૦ | ૦ | ૫૩૮૯૭૪૦ |
| ૧૦ | | આશ્કા હોસ્પિટલ | ૦ | ૦ | ૦ | ૩૨૦૦૦૦૦ | ૩૨૦૦૦૦૦ |

---------

**ઈ–સમાજ કલ્યાણ પોર્ટલ બંધ હોવા બાબત**

૩૩૪૮૮ શ્રી **નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ ડો.બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના અંતર્ગત વિદેશ અભ્યાસ કરવા જવા માંગતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઈ–સમાજકલ્યાણ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની હોય છે, તે પોર્ટલ બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પોર્ટલ કયા કારણોસર ક્યારથી બંધ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત પોર્ટલ ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વહીવટી કારણોસર તા.૦૧–૧૧–૨૦૨૦થી પોર્ટલ બંધ કરવામાં આવેલ.

(૩) તા.૦૩–૦૨–૨૦૨૧થી પોર્ટલ પુનઃ શરૂ કરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં રાજા હરિશચંદ્ર મરણોતર સહાય યોજના**

૩૩૨૬૭ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોતર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૫૦૬

(૨) ૪૯૩

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? (૩) રૂ. ૨૪,૬૫, ૦૦૦/-

---------

**વલસાડ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૩૮ શ્રી **ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૧૧ (અગિયાર) |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૮૬૭૩.૩૭ લાખ |

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો**

૩૩૫૬૯ શ્રી **જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કોરોના મહામારી અંતર્ગત કઇ-કઇ ખાનગી હોસ્પિટલો ડેઝીગ્નેટેડ જાહેર કરવામાં આવેલ, | (૧) પત્રક-અ, કોલમ નં-૩ મુજબ. |
| (૨) તે પૈકી કઇ ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ સરકારી ક્વોટામાં અનામત રાખવામાં આવેલ, અને | (૨) પત્રક-અ, કોલમ નં-૪ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઇ ખાનગી હોસ્પિટલને કયા પ્રકારના બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ? | (૩) ચૂકવેલ રકમ પત્રક-બ મુજબ.<br>• કેટલી રકમ ચૂકવવાની બાકી છે તે અંગે તપાસ કરી જિલ્લામાંથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસાર ચકાસણી કરી ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

**પત્રક-અ**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | ડેઝીગ્નેટેટ ખાનગી હોસ્પિટલનું નામ | સરકારી ક્વોટામાં અનામત બેડની સંખ્યા |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | છોટાઉદેપુર | બોડેલી ઢોકલીયા પબ્લીક હોસ્પિ.ટ્રસ્ટ | ૧૦૦ |
| ૨ | | મેડીટોપ લાઇફ કેર હોસ્પિ. | ૧૦૦ |
| ૩ | વડોદરા | પારુલ સેવાશ્રમ હોસ્પિટલ | ૭૫ |
| ૪ | | ધિરજ હોસ્પિટલ | ૧૧૨ |
| ૫ | | મુસ્લિમ મેડીકલ ટ્રસ્ટ | ૧૯૦ |
| ૬ | | મેટ્રો હોસ્પિટલ | ૭૫ |
| ૭ | | વલણ હોસ્પિટલ, કરજણ | ૨૫ |

**પત્રક-બ**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | બેડના પ્રકાર પ્રમાણે ચૂકવેલ રકમ રૂ. | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | આઈસોલેશન બેડ | આઈસોલેશન +એચ.ડી.યુ | આઈસોલેશન + આઈ.સી.યુ (વેન્ટીલેટર સિવાય) | આઈસોલેશન +આઈ.સી.યુ (વેન્ટીલેટર સહિત) | સરવાળો |
| ૧ | છોટા ઉદેપુર | બોડેલી ઢોકલીયા પબ્લીક હોસ્પિ.ટ્રસ્ટ | ૧૩૭૬૮૯૨૦ | ૦ | ૦ | ૪૦૦૧૪૦૦ | ૧૭૭૭૦૩૨૦ |
| ૨ | | મેડીટોપ લાઇફ કેર હોસ્પિ. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | વડોદરા | પારુલ સેવાશ્રમ હોસ્પિટલ | ૧૧૧૦૨૭૬૦ | ૧૩૯૧૦૪૦ | ૨૦૧૬૭૨૦ | ૧૯૯૦૮૦૦ | ૧૬૫૦૧૩૨૦ |
| | | ધિરજ હોસ્પિટલ | ૧૨૪૨૭૨૦૦ | ૦ | ૩૯૦૨૪૦ | ૨૪૭૯૫૦૦ | ૧૫૨૯૬૯૪૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મુસ્લિમ મેડીકલ ટ્રસ્ટ | ૨૧૩૮૯૦૪૦ | ૦ | ૫૯૫૫૮૪૦ | ૫૮૯૬૮૦૦ | ૩૩૨૪૧૬૮૦ |
| | | મેટ્રો હોસ્પિટલ | ૬૧૧૩૮૮૦ | ૦ | ૬૩૬૪૮૦ | ૨૩૮૫૦૦ | ૬૯૮૮૮૬૦ |
| | | વલણ હોસ્પિટલ, કરજણ | ૨૬૯૭૪૮૦ | ૦ | ૪૧૭૬૦૦ | ૧૮૯૯૦૦ | ૩૩૦૪૯૮૦ |

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મંજૂર જગ્યાઓ**

૩૩૫૫૧ શ્રી **અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ આઉટસોર્સીંગ અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે,

(૪) ઉક્ત આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાઓમાં કઈ એજન્સી દ્વારા કર્મચારીઓ પૂરા પાડવામાં આવે છે, અને

(૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪)
મહીસાગરજિલ્લો +પત્રક–અ મુજબ.
પંચમહાલજિલ્લો +પત્રક–બ મુજબ.

(૫) જે તે સંવર્ગના ટી.ઓ.આર. મુજબ યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં કેનાલોમાં ભંગાણ પડવાથી નુકસાન**

૩૪૩૮૮ શ્રી **મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષમાં નર્મદાની કેટલી કેનાલોમાં ભંગાણ પડવાથી ખેતીના પાક તથા જમીન ધોવાણથી તાલુકાવાર કેટલું નુકસાન થયું છે,

(૨) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત નુકસાન પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી છે, અને

(૩) બાકી રહેલી સહાય ક્યાં સુધી ચૂકવવામાં આવનાર છે?

**જવાબ**

(૧) સને ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષમાં ધોવાણથી થયેલ નુકસાનની વિગત નીચે મુજબ છે.

| **તાલુકા** | **૨૦૧૯** | | **૨૦૨૦** | |
|---|---|---|---|---|
| | **કેનાલમાં પડેલ ભંગાણની સંખ્યા** | **ખેતી તથા જમીનના ધોવાણ થતા થયેલ નુકસાન (રૂપિયામાં)** | **કેનાલમાં પડેલ ભંગાણની સંખ્યા** | **ખેતી તથા જમીનના ધોવાણ થતા થયેલ નુકસાન (રૂપિયામાં)** |
| થરાદ | ૦ | ૦ | ૦૩ | ૨૪૧૬૨૮ |
| વાવ | ૭ | ૭૮૦૭૮ | ૧૦ | ૬૪૭૭૭ |
| સુઈગામ | ૦ | ૦ | ૧ | ૫૪૭૩ |
| ભાભર | ૨ | ૭૫૬૪૦ | ૦ | ૦ |
| દિયોદર | ૦ | ૦ | ૧ | ૨૦૯૪૦ |
| **કુલ** | **૯** | **૧૫૩૭૧૮** | **૧૫** | **૩૩૨૮૧૮** |

(૨) કુલ રૂપિયા ૪૮૬૫૩૬/–

(૩) કોઈ ચૂકવણાં બાકી રહેતા નથી.

----------

**આમોદ રીંગરોડની નબળી કામગીરીની ફરીયાદો**

૩૩૧૮૩ શ્રી **સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આમોદ રીંગરોડની નબળી કામગીરી અંગે કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરીયાદો અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) ભરૂચ જિલ્લામાં આમોદ રીંગરોડ નામનો કોઈ રીંગ રોડ નથી. પરંતુ આમોદ પાસેથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગ આમોદ–સરભાણ–માતર રોડ તેમજ આમોદ–ભીમપૂરા ગ્રામ્ય માર્ગમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નબળી કામગીરીની કોઈ ફરીયાદ મળેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**એસ્સાર પાવર ગુજરાત તથા અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરાર**

૩૩૫૨૧ શ્રી **પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ એસ્સાર પાવર ગુજરાત અને અદાણી પાવર લિ.સાથે સન ૨૦૦૬ અને ૨૦૦૭માં વીજ ખરીદીના કરારો પચીસ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કઈ કંપનીને સાથે ૨૫ વર્ષ માટે ક્યા દરે વીજ ખરીદીના કરારો થયેલ,

**જવાબ**

(૧) હા, જી.

(૨), (૩) અને (૪) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા ઉક્ત કંપનીઓ સાથે થયેલ વીજ ખરીદ કરાર (પીપીએ)/ પાવર પરચેઝ એગ્રીમેન્ટની માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **પ્રોજેકટ** | **લેવલાઈઝડ દર (રૂ/યુનિટ)** | **તા.૦૧–૧૨–૨૦૧૮ના ઠરાવથી કંપનીઓ સાથે કરેલ સુધારેલ વીજ ખરીદ કરાર અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વીજ દરમાં કરેલ વધારો** | **કરારનો સમયગાળો** |
|---|---|---|---|---|
| ૧ | એસ્સાર પાવર ગુજરાત લી | ૨.૪૦ (૧૦૦૦મે.વો) | સુધારેલ વીજ ખરીદ કરારનું અમલીકરણ થયેલ ન હોઈ, વીજ દરમાં વધારો કરવામાં આવેલ નથી. | કાર્યાન્વિત થયાથી ૨૫ વર્ષ |
| ૨ | અદાણી પાવર મુન્દ્રા લિ.બીડ ૧ | ૨.૮૯ (૧૦૦૦મે.વો) | સુધારેલ વીજ ખરીદ કરાર અંતર્ગત તા.૧૫–૧૦–૨૦૧૮થી ૩૧–૧૨–૨૦૨૦ સુધીના સમયગાળામાં સરેરાશ રૂ.૦.૪૭–૧.૧૨./યુનિટનો વધારો કરવામાં | |
| ૩ | અદાણી પાવર મુન્દ્રા લિ.બીડ ૨ | ૨.૩૫ (૧૦૦૦મે.વો) | | |

(૩) ઉક્ત સ્થિતિએ કરારો બાદ વીજ ખરીદીના દરોમાં ઉક્ત કઈ કંપનીને કેટલા સમય માટે કેટલી રકમનો વધારો કરવામાં આવેલ છે, અને

(૪) વીજ ખરીદીના કરાર બાદ ઉક્ત સમયગાળા દરમિયાન યુનિટના દર વધારવાના શા કારણો છે ?

માનનીય સુપ્રીમ કોર્ટના તા.૦૨-૦૭-૨૦૧૯ના ચુકાદા મુજબ પી.પી.એ. રદ્દ કર્યા બાદ પ્રોજેકટમાંથી વીજ પુરવઠો મેળવવામાં આવતો નથી.

ઉપરોકત વીજ પ્રોજેકટ આયાતી કોલસા આધારિત હોઈ, વર્ષ ૨૦૧૧ પછી ઈન્ડોનેશિયામાંથી મેળવવામાં આવતા કોલસાના ભાવમાં અનિર્ધારિત વધારો થવાના કારણોસર ઉક્ત વીજ મથકો દ્વારા પૂર્ણપણે વીજ ઉત્પાદન કરવામાં આવતું ન હતું જેને ધ્યાનમાં લઈને ગુજરાત સરકાર દ્વારા એક હાઈ પાવર કમિટીની રચના કરવામાં આવેલ. રાજ્ય સરકાર દ્વારા તા.૧-૧૨-૨૦૧૮ના ઠરાવ (GR) દ્વારા નીતિ વિષયક નિર્ણયથી હાઈ પાવર કમિટીની ભલામણોને, થોડા સુધારા સાથે સ્વીકારવામાં આવેલ.

વધુમાં, તા.૧-૧૨-૨૦૧૮ના ઠરાવ પછીના સમયગાળા દરમ્યાન ઈન્ડોનેશિયામાં કોલસાના માર્કેટ ટેન્ડ્ર અને બદલાયેલ પરિસ્થિતિમાં જાહેરહિતનું સંપૂર્ણપણે રક્ષણ થાય તે હેતુને ધ્યાને લઈને, રાજ્ય સરકાર દ્વારા તા.૧૨-૦૬-૨૦૨૦ના ઠરાવ થકી અગાઉનો તા.૧-૧૨-૨૦૧૮નો ઠરાવ રદ કરવામાં આવેલ છે અને સાથે તા.૧૨-૦૬-૨૦૨૦ના પત્ર થકી નવી માર્ગદર્શિકા આપવામાં આવેલ છે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઈપલાઈનના કામમાં ગેરરીતિ

૩૩૪૪૫ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૦-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી રાજેશકુમાર ગોહિલના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૧૦૬ (અગ્રતા-૧૭૯)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઈપલાઈનો નાંખ્યા વગર બિલો ઉધારી અંદાજીત રૂ.૮૩.૬૩ કરોડની ગેરરીતિ ધ્યાન પર આવેલ અને વધુ વિગતો ફોરેંસિક ચકાસણી પૂર્ણ થયેથી માલુમ પડવાની હતી તો આ ચકાસણી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ફોરેંસિક એજન્સી દ્વારા સ્થળ પર સબ માઈનોર (ચક)ની અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈનની ફિઝીકલ વેરીફીકેશનની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત ચકાસણી પૂર્ણ થયેલ હોઈ તો કુલ કેટલી રકમની ગેરરીતિ સામે આવે, અને | (૨) ગેરરીતિની રકમ ફોરેંસિક એજન્સીનો અહેવાલ આવ્યા બાદ જાણી શકાશે. |
| (૩) તે અન્વયે કઈ એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવી અને કઈ એજન્સીની માન્યતા રદ કરવામાં આવી ? | (૩) SSNNLદ્વારા ૯ એજન્સી અને ૩ પાઈપ ઉત્પાદકોની માન્યતા રદ કરવાનો હુકમ કરાયેલ છે. જેની સામે ૬ દાવાઅરજી નામદાર હોઈકોર્ટ સમક્ષ પડતર છે. અને નામદાર હોઈકોર્ટનો મનાઈ હુકમ છે. |

---------

## સુરત સિવિલ હોસ્પિટલમાં કોરોનાને નાથવા માળખાકીય સુવિધા

૩૩૨૨૦ શ્રી **વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોવિડ-૧૯ મહામારીને નાથવા માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લોકોને સારવાર આપવા માટે માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવી છે તે બાબત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૧૭૦૯૬.૦૨ લાખ. |

---------

ફાલ્ગુન ૧૮, ૧૯૪૨ શાકે

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં મેડીકલ યુનિવર્સિટી સ્થાપવા બાબત**

૩૩૪૬૦ શ્રી **અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : ચૌદમી વિધાનસભાના પાંચમાં સત્રમાં તા.૧૦-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી અક્ષયકુમાર પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૧૯૫ (અગ્રતા-૧૩૫) ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટી સ્થાપવાની બાબત વિચારણાધીન હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ક્યાં તબક્કે છે, | (૧) રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટી સ્થાપવાની બાબત વિચારણાધીન છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) તા.૦૬-૧૧-૨૦૧૯ના રોજ રૂ.૧૦૦ લાખના ખર્ચને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને યુનિવર્સિટી કાર્યરત કરવામાં આવશે ? | (૩) યુનિવર્સિટી બનાવવાની વૈધાનિક પ્રક્રિયા પૂર્ણ થયેથી વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. |

---------

**તાપી અને વલસાડ જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મંજૂર જગ્યાઓ**

૩૩૧૯૦ શ્રી **પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧), (૨), (૩) અને (૪)<br>તાપીજિલ્લો +પત્રક-અ મુજબ.<br>વલસાડજિલ્લો +પત્રક-બ મુજબ. |
| (૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, | |
| (૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ આઉટસોર્સીંગ અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે, | |
| (૪) ઉક્ત આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાઓમાં કઈ એજન્સી દ્વારા કર્મચારીઓ પૂરા પાડવામાં આવે છે, અને | |
| (૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૫) જે તે સંવર્ગના ટી.ઓ.આર. મુજબ યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**જામનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૩૨૬૩ શ્રી **ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૫૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૭. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૪,૭૦,૦૦૦/- |

---------

**મહેસાણા જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૩૩૧૮ શ્રી **ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં મહેસાણા જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી |

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે?

(૨) અને (૩) કુલ ૪૯૭૮૦૨ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૧૪૩૦.૨૭ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં વીજ ઉત્પાદન ક્ષમતા**

૩૩૩૫૩ શ્રી **વિવેક પટેલ** (ઉધના) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કુલ ૨૪૦૨૨ મે.વો.ની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાંથી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા લાંબાગાળાના વીજ કરાર અંતર્ગત પુરવઠો મેળવવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેમાં કેટલો વધારો કરવામાં આવ્યો? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેમાં કુલ ૨૮૨૩.૮૦ મે.વો. નો વધારો કરવામાં આવ્યો. |

---------

**છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં કરાર આધારીત કર્મચારીઓ**

૩૩૫૬૩ શ્રી **મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૦૨–૨૦૨૧ની સ્થિતિએ છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગમાં કઈ કઈ એજન્સીઓના કરાર આધારિત કર્મચારીઓ ફરજ બજાવે છે, | (૧) તા.૦૧–૦૨–૨૦૨૧ના રોજ છોટા ઉદેપુર જિલ્લામાં ઈથોસ એજન્સી દ્વારા અને નર્મદા જિલ્લામાં મેસર્સ એમ. જે. સોલંકી તથા મેસર્સ ડી. જી. નાકરાણી એજન્સી દ્વારા કરાર આધારિત કર્મચારીઓ ફરજ બજાવે છે. |
| (૨) ઉક્ત એજન્સીઓને સરકાર સંવર્ગવાર કેટલો પગાર ચૂકવે છે અને એજન્સી કેટલી રકમ તેમના બેંક ખાતામાં જમા કરાવે છે, અને<br>(૩) એજન્સી કરાર આધારીત કર્મચારીઓ ના વેતનમાંથી કઈ પ્રકારની કપાત કરે છે અને તે રકમ કયાં જમા લે છે? | (૨) અને (૩) ઈથોસ એજન્સી માટે પત્રક–૧, મેસર્સ એમ.જે. સોલંકી માટે પત્રક–૨ તથા મેસર્સ ડી.જી નાકરાણીની વિગત દર્શાવતું પત્રક–૩ સામેલ છે. |

(+ પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**ગાંધીનગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના**

૩૩૨૫૯ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં ગાંધીનગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૫૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૬ |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૧,૧૦,૦૦૦/– |

---------

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કુંટુંબ સહાય યોજનાની અરજીઓ**

૩૩૨૫૦ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૦૧–૨૦૨૦થી તા.૩૧–૧૨–૨૦૨૦ સુધીમાં નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કુંટુંબ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૫૬૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૯૮ |

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? (૩) રૂ.૯૬,૬૦,૦૦૦/-

---------

**રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે મળવાપાત્ર વળતર**

૩૩૫૨૪ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જીએસટી કાયદા અન્વયે રાજ્યની આવકમાં ઘટાડો થાય તો પાયાના વર્ષ ૨૦૧૫-૧૬માં દર વર્ષે ૧૪% લેખે ગ્રોથ ઉમેરી રાજ્યને કાયદાની કલમ-૫ મુજબ કેન્દ્ર સરકારે વળતર ચૂકવવાનું થાય છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાયાના વર્ષ મુજબ ગ્રોથ ન થયો હોય તો કેન્દ્ર સરકાર પાસેથી કેટલી રકમ લેવાની થાય છે,

(૨) વર્ષ ૨૦૧૯ માટે ₹૧૪૫૬૧.૬૦ કરોડ
વર્ષ ૨૦૨૦ માટે ₹ ૨૪૬૮૪.૬૮ કરોડ

(૩) તે અન્વયે રાજ્ય સરકારને ક્યારે ક્યારે કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી મળી, અને

(૩) (₹કરોડમાં)

| **રકમ** | **તારીખ** | **રકમ** | **તારીખ** |
|---|---|---|---|
| ૯૯૦.૩૭ | ૦૭-૦૩-૧૯ | ૧૬૧૬.૪૮ | ૦૭-૦૪-૨૦ |
| ૧૬૬૮ | ૦૧-૦૫-૧૯ | ૩૧૧૧.૬૫ | ૦૪-૦૬-૨૦ |
| ૧૭૯૫ | ૨૯-૦૭-૧૯ | ૧૦૯૪.૩૫ | ૨૩-૦૭-૨૦ |
| ૨૨૦૩ | ૩૦-૦૮-૧૯ | ૧૪૬૮.૯૩ | ૦૫-૧૦-૨૦ |
| ૨૮૬૩ | ૧૬-૧૨-૧૯ | ૧૪૬૮.૯૩ | ૨૨-૧૨-૨૦ |
| ૨૧૧૭.૫૨ | ૧૭-૦૨-૨૦ | | |
| વળતરના બદલે લોન પેટે ₹૫૨૧૭.૦૮ કરોડ મળેલ છે. જેની ચુકવણી GST કાઉન્સીલ દ્વારા કરવામાં આવશે. રાજ્ય સરકાર ઉપર કોઈ બોજો નથી. | | | |

(૪) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ મળવાની બાકી છે?

(૪) વર્ષ ૨૦૨૦ માટે ₹૧૩૬૩૧.૯૭ કરોડ

---------

**આણંદ જિલ્લામાં ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૩૩૨૭૨ શ્રી **ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) ૨૨

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૨૨

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? (૩) રૂ. ૨૨,૦૦,૦૦૦/-

---------

**આણંદ અને નર્મદા જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી**

૩૩૫૩૭ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન** **જવાબ**

તા. ૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ આણંદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ,

(૧) હા

(૨) જો હા, તો ક્યાં પ્રકારના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્ક માફી આપવાની જોગવાઈ શું છે,

(૨) વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રીની કચેરી દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮) અન્વયે પાત્રતા ધરાવતા તમામ પ્રકારના ઉત્પાદકીય નવા ઔદ્યોગિક એકમ તેમજ વધારાના ઔદ્યોગિક એકમોને મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો અનુસાર મળવાપાત્ર વીજકર માફી મંજૂર કરવાની જોગવાઈ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને

(૩) **જિલ્લો-આણંદ**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (લાખમાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૪૭ | ૨૫૭.૪૬ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૪૦ | ૨૯૮.૬૦ |
| **કુલ** | **૮૭** | **૫૪૭.૦૬** |

**જિલ્લો-નર્મદા**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂપિયામાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૫ | ૮૦.૪૯ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૫ | ૫૧.૭૫ |
| **કુલ** | **૧૦** | **૧૩૨.૨૪** |

(૪) ઉક્ત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે?

(૪) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઉત્પાદકીય ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઉત્પાદકીય એકમોને આર્થિક સહાય મળી રહે હેતુથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮)ની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા એકમોને કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો

૩૩૩૪૯ શ્રી **શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૧) ૭ (સાત)

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

(૨) ૩,૨૪૩૨.૨૯ લાખ

---------

## દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નદીઓ ઉપર પુલ બનાવવા બાબત

૩૩૫૯૨ શ્રી**મતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં દાહોદ

વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નદીઓ ઉપર પુલ બનાવવા માટે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તા, પુલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા રસ્તા, પુલનું કામ બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

અને પંચમહાલ જિલ્લામાં બજેટ ઉચ્ચક જોગવાઈમાંથી રૂ. છસો નવ્વાણું કરોડ ચોત્રીસ લાખના ૬૮૮ રસ્તા અને ૯ નદીઓ ઉપર પુલોના કામો મંજૂર કરેલ છે, અને રૂ. એકસો બાવીસ કરોડ પીસ્તાલીસ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) અને (૪) ઉક્ત સ્થિતિએ ૧૬૦ રસ્તાના કામો પૂર્ણ , ૫૨૮ રસ્તા અને ૯ નદી ઉપરના પુલોના કામો પ્રીકન્સ્ટ્રક્શન એકટીવીટી તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

## નવસારીજિલ્લામાં વીજ બિલમાં રાહત

૩૩૨૭૬ શ્રી **નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં નવસારી જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) કુલ ૩૦૪૮૦૦ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૯૪૮.૭૮ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

---------

## વડોદરા જિલ્લામાં વીજ બિલમાં રાહત

૩૩૨૭૮ શ્રી **જીતેન્દ્ર સુખડિઆ** (સયાજીગંજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં વડોદરા જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) કુલ ૭૬૯૬૨૩ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૨૬૩૫.૨૩ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

---------

## સુરત જિલ્લામાં વીજ બિલમાં રાહત

૩૩૩૫૮ શ્રી **મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં સુરત જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) કુલ ૧૨૫૫૩૭૫ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૪૬૫૧.૭૫ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

આવેલ છે?

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મંજૂર જગ્યાઓ**

૩૩૪૯૯ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,<br>(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,<br>(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ આઉટસોર્સીંગ અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે,<br>(૪) ઉક્ત આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાઓમાં કઇ એજન્સી દ્વારા કર્મચારીઓ પૂરા પાડવામાં આવે છે, અને | (૧),(૨),(૩)અને (૪) રાજકોટ જિલ્લો +પત્રક–અ મુજબ<br>પોરબંદર જિલ્લો +પત્રક–બ મુજબ |
| (૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૫) જે તે સંવર્ગના ટી.ઓ.આર. મુજબ યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે. |

(+ પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**જામનગરજિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૩૩૨૭ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં જામનગરજિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને<br>(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે? | (૨) અને (૩) કુલ ૨૬૯૦૮૮ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૯૧૩.૩૫ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે. |

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં નદીઓ ઉપર પુલ બનાવવા બાબત**

૩૩૫૪૧ શ્રી **નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નદીઓ ઉપર પુલ બનાવવા માટે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,<br>(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં બજેટ ઉચ્ચક જોગવાઇમાંથી રૂ. એક હજાર ત્રણસો પંચ્યાંસી કરોડ પંદર લાખના ૧૦૮૭ રસ્તા અને ૮ નદીઓ ઉપર પુલોના કામો મંજૂર કરેલ છે, અને રૂ. એકસો એકસઠ કરોડ ત્રેસઠ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તા, પુલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા રસ્તા, પુલનું કામ બાકી છે, અને<br>(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં | (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ ૧૫૯ રસ્તાના કામો પૂર્ણ, ૯૨૮ રસ્તા અને ૮ નદી પરના પુલોના કામો પ્ર–કન્સ્ટ્રક્શન પ્રક્રિયા તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

આવશે?

---------

**રાજ્યમાં કાર્યાન્વિત સોલાર પાર્ક**

૩૩૩૧૧ શ્રી **કેતનભાઈ ઇનામદાર** (સાવલી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા સોલાર પાર્ક કાર્યાન્વિત છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ દ્વારા પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચારણકા ગામ ખાતે સોલાર પાર્ક કાર્યાન્વિત છે. |
| (૨) આ દરેક પ્રોજેક્ટની વીજ ક્ષમતા કેટલી છે? | (૨) આ ચારણકા ખાતેના સોલાર પાર્કની વીજ ક્ષમતા હાલના તબક્કે **૭૩૦** મેગાવોટ છે. |

---------

**કચ્છ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૧૬ શ્રીમતી **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૧૩(તેર) |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૧૮૩૭૨.૯૩ લાખ |

---------

**કઠલાલ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ**

૩૩૫૪૯ શ્રી **કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ ખાતે કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનના બાંધકામની કામગીરી હાલ કયા તબક્કે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ ખાતે કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનના બાંધકામની કામગીરી હાલ ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૨) ઉક્ત બાંધકામ ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૨) ઉક્ત બાંધકામ સક્ષમ કક્ષાએથી ટેન્ડર મંજૂર થયા બાદ ઈજારદારશ્રીને વર્ક ઓર્ડર આપ્યેથી ૧૨ (બાર) માસમાં અંદાજિત રૂ. ૩૫૦.૦૦ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. |

---------

**બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં નદીઓ ઉપર પુલ બનાવવા બાબત**

૩૩૪૪૩ શ્રી **ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નદીઓ ઉપર પુલ બનાવવા માટે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ, (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં બજેટ ઉચ્ચક જોગવાઈમાંથી એક હજાર એકસો પંદર કરોડ તેર લાખના ૧૦૨૭ રસ્તા અને ૧૧ નદીઓ ઉપર પુલોના કામો મંજૂર કરેલ છે, અને રૂ. બસો ચાલીસ કરોડ પંચાણું લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તા, પુલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા રસ્તા, પુલનું કામ બાકી છે, અને (૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ ૨૩૦ રસ્તાના કામો પૂર્ણ, ૭૯૭ રસ્તા અને ૧૧ નદી પરના પુલોના કામો પ્રી-કન્સ્ટ્રક્શન પ્રક્રિયા તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી**

તા. ૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

૩૩૪૫૩ શ્રી **રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ,

(૧) હા

(૨) જો હા, તો ક્યાં પ્રકારના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્ક માફી આપવાની જોગવાઈ શું છે,

(૨) વિદ્યત શુલ્ક સમાહર્તાશ્રીની કચેરી દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮) અન્વયે પાત્રતા ધરાવતા તમામ પ્રકારના ઉત્પાદકીય નવા ઔદ્યોગિક એકમ તેમજ વધારાના ઔદ્યોગિક એકમોને મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો અનુસાર મળવાપાત્ર વીજકર માફી મંજૂર કરવાની જોગવાઈ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને

(૩) **જિલ્લો–પાટણ**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૨૬ | ૪૬.૫૫ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૧૨ | ૫૪.૩૯ |
| **કુલ** | **૩૮** | **૧૦૦.૯૪** |

**જિલ્લો–મહેસાણા**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૧૭૧ | ૧૧૫૫.૭૧ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૧૬૩ | ૧૦૦૪.૨૬ |
| **કુલ** | **૩૩૪** | **૨૧૫૯.૯૭** |

(૪) ઉક્ત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે?

(૪) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઉત્પાદકીય ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઉત્પાદકીય એકમોને આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮)ની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા એકમોને કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે.

---------

**વડોદરા જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૩૨૮૦ શ્રી **અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં વડોદરા જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે,

(૨) અને (૩) કુલ ૭૬૯૬૨૩ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૨૬૩૫.૨૩ લાખની વીજ બિલમાં રાહત

અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે?

આપવામાં આવેલ છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૩૧ શ્રી **ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૭ (સાત) |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૫૩૬.૭૮ લાખ |

---------

**કચ્છ જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૩૨૯૨ **ડો. નિમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં કચ્છ જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને | (૨) અને (૩) કુલ ૪૦૫૨૯૫ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૧૨૪૬.૪૪ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે. |
| (૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે? | |

---------

**બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મંજૂર જગ્યાઓ**

૩૩૪૪૧ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠાઅને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧),(૨),(૩)અને (૪) બનાસકાંઠા જિલ્લો +પત્રક–અ મુજબ<br>મહેસાણા જિલ્લો +પત્રક–બ મુજબ |
| (૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, | |
| (૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ આઉટસોર્સીંગ અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે, | |
| (૪) ઉક્ત આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાઓમાં કઈ એજન્સી દ્વારા કર્મચારીઓ પૂરા પાડવામાં આવે છે, અને | |
| (૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૫) જે તે સંવર્ગના ટી.ઓ.આર. મુજબ યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે. |

(+ પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ખેડા જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૪૨ શ્રી **કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન | (૧) ૧૦ (દસ) |

કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? (૨) રૂ. ૬૯૮૨.૫૮ લાખ

---------

**બોરસદ તાલુકામાં જર્જરિત વીજ વાયરો**

૩૩૫૩૫ શ્રી **રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં કુલ કેટલા કિલોમીટર જર્જરિત વીજવાયરો અને કેટલા વીજ થાંભલા બદલવામાં આવ્યા,

(૧)

| વર્ષ | બદલવામાં આવેલ વીજ વાયર (કીમી) | બદલવામાં આવેલ વીજ થાંભલા (નંગ) |
|---|---|---|
| ૨૦૧૯ | ૬.૦૦ | ૧૧૫ |
| ૨૦૨૦ | ૧૮.૦૦ | ૧૧૩ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૨)

| વર્ષ | બદલવામાં આવેલ વીજ વાયર માટે થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | બદલવામાં આવેલ વીજ થાંભલા માટે થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૯ | ૨.૩૭ | ૧૪.૬૮ |
| ૨૦૨૦ | ૭.૧૪ | ૨૨.૮૭ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા વીજ વાયરો અને વીજ થાંભલા બદલવાના બાકી છે?

(૩)

| બાકી બદલવાનાં જર્જરિત વીજ વાયરો (કી.મી.) | બાકી બદલવાનાં જર્જરિત આવેલ વીજ થાંભલા (નંગ) |
|---|---|
| ૦ | ૨ |

---------

**સુરત જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૭૬ શ્રી**મતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૧) ૧૬ (સોળ)

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? (૨) રૂ. ૨૯૨૪૭.૧૩ લાખ

---------

**નવસારી અને ડાંગ જિલ્લામાં નદીઓ ઉપર પુલ બનાવવા બાબત**

૩૩૧૯૭ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નદીઓ ઉપર પુલ બનાવવા માટે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તા, પુલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા રસ્તા, પુલનું કામ બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં નવસારી અને ડાંગ જિલ્લામાં બજેટ ઉચ્ચક જોગવાઈમાંથી રૂ. સાતસો તેત્રીસ કરોડ ચોવીસ લાખના ૬૫૬ રસ્તા અને ૧૦ નદીઓ ઉપર પુલોના કામો મંજૂર કરેલ છે, અને રૂ. એકસો છોતેર કરોડ અઠ્ઠાવીસ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) અને (૪) ઉક્ત સ્થિતિએ ૨૦૯ રસ્તાના કામો તથા ૧ નદી પરના પુલનું કામ પૂર્ણ. ૪૪૭ રસ્તા અને ૯ નદી પરના પુલોના કામો પ્રીકન્સ્ટ્રક્શન એકટીવીટી તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**સુરત જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૩૩૫૬ શ્રી **વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન** **જવાબ**

ફાલ્ગુન ૧૮, ૧૯૪૨ શાકે

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૧) ૧૬ (સોળ)

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૨૯૨૪૭.૧૩ લાખ

---------

૩૪૩૯૬ શ્રી **પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૦૩–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી પ્રતાપ દુધાતના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૪૬૨૮ (અગ્રતા–૯૮)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બાકી હતા તે પૈકી અમરેલી જિલ્લાના રસ્તા ૧૩ પુલોના કામો પ્રગતિ હેઠળ અને ૧૪ પુલોના કામ ટેન્ડર તબક્કે તથા એક પુલનું કામ નક્શા–અંદાજ તબક્કે વહીવટી પ્રક્રિયામાં હતા તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હાતો, તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા બાકી રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ ૧૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) બાકી રહેલા કેટલા રસ્તાના કામો ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) બાકી ૧૮ કામો બનતી ત્વરાએ. |

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી**

૩૩૫૩૨ શ્રી **કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને | (૧) હા |

છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યાં પ્રકારના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્ક માફી આપવાની જોગવાઈ શું છે,

(૨) વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રીની કચેરી દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮) અન્વયે પાત્રતા ધરાવતા તમામ પ્રકારના ઉત્પાદકીય નવા ઔદ્યોગિક એકમ તેમજ વધારાના ઔદ્યોગિક એકમોને મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો અનુસાર મળવાપાત્ર વીજકર માફી મંજૂર કરવાની જોગવાઈ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને

(૩) **જિલ્લો–ભાવનગર**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૧૭૩ | ૨૫૯૦.૮૮ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૨૦૩ | ૨૩૨૬.૨૪ |
| **કુલ** | **૩૭૬** | **૪૯૧૭.૧૨** |

**જિલ્લો–બોટાદ**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૩૫ | ૧૪૬.૦૭ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૪૧ | ૪૭૩.૨૩ |
| **કુલ** | **૭૬** | **૬૧૯.૩૦** |

(૪) ઉક્ત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે?

(૪) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઉત્પાદકીય ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઉત્પાદકીય એકમોને આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮)ની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા એકમોને કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વીજચોરીના બનાવો**

૩૪૬૪૫ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વીજ ચોરીના કેટલા બનાવો બન્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જિલ્લા અને તાલુકાવાર કેટલો દંડ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

**અરવલ્લી જિલ્લો**

| **તાલુકા** | **ચોરીમાં પકડાયેલ કેસોની સંખ્યા** | **દંડનીય રકમ (લાખમાં)** |
|---|---|---|

| | | |
|---|---|---|
| બાયડ | ૩૦૪ | ૩૨.૪૮ |
| ભિલોડા | ૩૩૬ | ૩૩.૩૧ |
| મોડાસા | ૨૯૬ | ૪૭.૨૬ |
| ધનસુરા | ૫૮ | ૮.૩૯ |
| મેઘરજ | ૪૮૬ | ૪૭.૨૩ |
| માલપુર | ૧૫૪ | ૧૨.૮૫ |
| **સાબરકાંઠા જિલ્લો** | | |
| હિંમતનગર | ૧૯૯ | ૩૧.૮૩ |
| ખેડબ્રહ્મા | ૨૫૮ | ૨૮.૦૦ |
| પોશીના | ૪૬૪ | ૨૭.૨ |
| વિજયનગર | ૧૮૪ | ૧૮.૮૪ |
| વડાલી | ૩૪ | ૭.૭૬ |
| તલોદ | ૨૪૬ | ૧૯.૬૯ |
| પ્રાંતિજ | ૨૫૫ | ૭૭.૬૬ |
| ઈડર | ૧૪૫ | ૨૧.૪ |

---------

**ગાંધીનગર અને પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી**

૩૩૪૭૩ શ્રી **સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યાં પ્રકારના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્ક માફી આપવાની જોગવાઈ શું છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) હા

(૨) વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રીની કચેરી દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮) અન્વયે પાત્રતા ધરાવતા તમામ પ્રકારના ઉત્પાદકીય નવા ઔદ્યોગિક એકમ તેમજ વધારાના ઔદ્યોગિક એકમોને મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો અનુસાર મળવાપાત્ર વીજકર માફી મંજૂર કરવાની જોગવાઈ છે.

(૩) **જિલ્લો–ગાંધીનગર**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૪૩૭ | ૧૦૭૯.૦૯ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૪૪૪ | ૯૬૨.૦૫ |
| **કુલ** | **૮૮૧** | **૨૦૪૧.૧૪** |

**જિલ્લો–પંચમહાલ**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂપિયામાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૧૪૪ | ૧૬૬૩.૨૯ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૧૪૮ | ૨૦૩૫.૦૭ |
| **કુલ** | **૨૯૨** | **૩૬૯૮.૩૬** |

(૪) ઉક્ત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે?

(૪) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઉત્પાદકીય ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઉત્પાદકીય એકમોને આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮)ની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા એકમોને કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે.

**અમરેલી અને પોરબંદર જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી**

૩૩૫૨૯ શ્રી **અંબરીષભાઈ ડેર** (રાજુલા): **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ,

(૧) હા

(૨) જો હા, તો ક્યાં પ્રકારના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્ક માફી આપવાની જોગવાઈ શું છે,

(૨) વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રીની કચેરી દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮) અન્વયે પાત્રતા ધરાવતા તમામ પ્રકારના ઉત્પાદકીય નવા ઔદ્યોગિક એકમ તેમજ વધારાના ઔદ્યોગિક એકમોને મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો અનુસાર મળવાપાત્ર વીજકર માફી મંજૂર કરવાની જોગવાઈ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને

(૩) **જિલ્લો–અમરેલી**

| વર્ષનો સમયગાળો | માફી અપાયેલ એકમની સંખ્યા | માફી અપાયેલ કુલ રકમ (લાખમાં) |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૭૬ | ૩૯૨૫.૫૧ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૭૩ | ૩૨૮૬.૯૧ |
| **કુલ** | **૧૪૯** | **૭૨૧૨.૪૨** |

**જિલ્લો–પોરબંદર**

| વર્ષનો સમયગાળો | માફી અપાયેલ એકમની સંખ્યા | માફી અપાયેલ કુલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ | ૧૦ | ૩૪.૮૮ |
| ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૧૪ | ૪૯.૩૩ |
| **કુલ** | **૨૪** | **૮૪.૨૧** |

(૪) ઉક્ત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે?

(૪) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઉત્પાદકીય ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઉત્પાદકીય એકમોને આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮)ની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા એકમોને કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે.

**અરવલ્લી જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૪૦૫૩ શ્રી **ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૧) ૧૨ (બાર)

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? (૨) રૂ.૪૧૦૮.૨૪ લાખ.

**સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થાની ચૂકવણી**

૩૩૪૭૦ **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં જાન્યુઆરી–૨૦૨૦માં પાંચ ટકાનો વધારો તા.૦૧–૦૭–૨૦૧૯ થી કરેલ તે પૈકી તા. ૦૧–૦૭–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ સુધીની તફાવતની રકમ તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ચૂકવવાની બાકી છે તે હકીકત સાચી છે. | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને<br>(૩) ઉક્ત તફાવતની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૨) અને (૩) તા.૦૧–૦૭–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ના એમ કુલ છ માસના સમયગાળાના તફાવતની રકમ ચૂકવવાની બાકી હતી તે પૈકીના કુલ ત્રણ માસના સમયગાળા માટેની તફાવતની રકમ રોકડમાં ચૂકવવાના હુકમો વિભાગના તા.૦૬–૧૧–૨૦૨૦ના ઠરાવથી કરવામાં આવેલ છે અને તેની ચૂકવણી કરી દેવામાં આવેલ છે. બાકી રહેતા કુલ ત્રણ માસના તફાવતની રકમ ચૂકવવા પરત્વે જરૂરી વિચારણા કર્યા બાદ હુકમો કરવામાં આવશે. |

**ખેડા જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૪૦૬૮ શ્રી **ગોંવિદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં ખેડા જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને<br>(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે? | (૨) અને (૩) કુલ ૩૫૭૮૦૪ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૧૦૫૪.૬૩ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે. |

**કોરોના મહામારી અંતર્ગત જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને ગ્રાન્ટ**

૩૩૫૦૨ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારી અંતર્ગત રાજ્ય સરકારે જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને કેટલી રકમ ફાળવી ? | રૂ. અગિયાર કરોડ એકાણું લાખ છ્યાસી હજાર બસો એકતાળીસની રકમ ફાળવેલ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૪૦૬૦ શ્રી **રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને | (૨) અને (૩) કુલ ૩૬૭૫૦૭ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૧૧૯૩.૧૯ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે. |

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે?

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી**

૩૩૪૬૪ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા): **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યાં પ્રકારના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્ક માફી આપવાની જોગવાઈ શું છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને

(૪) ઉક્ત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે?

**જવાબ**

(૧) હા

(૨) વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રીની કચેરી દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮) અન્વયે પાત્રતા ધરાવતા તમામ પ્રકારના ઉત્પાદકીય નવા ઔદ્યોગિક એકમ તેમજ વધારાના ઔદ્યોગિક એકમોને મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો અનુસાર મળવાપાત્ર વીજકર માફી મંજૂર કરવાની જોગવાઈ છે.

(૩) **જિલ્લો–અરવલ્લી**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯થી ૩૧.૧૨.૨૦૧૯ | ૨૩ | ૧૧૦.૯૬ |
| ૦૧.૦૧.૨૦૨૦થી ૩૧.૧૨.૨૦૨૦ | ૨૧ | ૬૧.૫૦ |
| **કુલ** | **૪૪** | **૧૭૨.૪૬** |

**જિલ્લો–સાબરકાંઠા**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૦૧.૦૧.૨૦૧૯થી ૩૧.૧૨.૨૦૧૯ | ૧૫૯ | ૨૦૧૩.૮૦ |
| ૧.૦૧.૨૦૨૦થી ૩૧.૧૨.૨૦૨૦ | ૧૫૮ | ૧૮૬૬.૦૧ |
| **કુલ** | **૩૧૭** | **૩૮૭૯.૮૧** |

(૪) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઉત્પાદકીય ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઉત્પાદકીય એકમોને આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮)ની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા એકમોને કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે.

**તાપી જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૪૦૪૮ શ્રી **કનુભાઈ દેસાઈ** (પારડી): **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૦ (દસ)

(૨) રૂ.૧૧૧૦૬.૩૩ લાખ

અતારાંકિત પ્રશ્નો

**કોરોના મહામારી અંતર્ગત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને ગ્રાન્ટ**

૩૩૫૦૫ શ્રી **ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારી અંતર્ગત રાજ્ય સરકારે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને કેટલી રકમ ફાળવી?

**જવાબ**

રૂ. પાંચ કરોડ છ લાખ ઓગણ પચાસ હજાર એકસો ચોર્યાસીની રકમ ફાળવેલ છે.

**ગાંધીનગર જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૪૦૬૧ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઇ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલ વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હાજી.

(૨) અને (૩) કુલ ૩૬૭૫૦૭ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૧૧૯૩.૧૯ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

**તારાપુર ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવા બાબત**

૩૩૫૪૪ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તારાપુર ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હાલ આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**દાહોદ અને મહિસાગર જિલ્લામાં નદીઓ ઉપર પુલ બનાવવા બાબત**

૩૩૫૫૯ શ્રી **વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નદીઓ ઉપર પુલ બનાવવા માટે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તા, પુલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા રસ્તાપુલનું કામ બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં,દાહોદ અને મહિસાગર જિલ્લામાં, બજેટ ઉચ્ચક જોગવાઈમાંથી રૂ. પાચસો બાર કરોડ છપ્પન લાખના ૪૬૧ રસ્તા અને ૧૨ નદીઓ ઉપર પુલોના કામો મંજૂર કરેલ છે અને રૂ. એકસો અઢાર કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) અને (૪) ઉક્ત સ્થિતિએ ૧૧૯ રસ્તાના કામો પૂર્ણ, ૩૪૨ રસ્તા અને ૧૨ નદી ઉપરના પુલોના કામો પ્રી–કન્સ્ટ્રક્શન એક્ટીવીટી તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

**પશ્ચિમ રેલવેનું વડુંમથક અમદાવાદ ખાતે ખસેડવા બાબત**

૩૩૪૮૪ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સામે પડતર પ્રશ્નો પૈકી પશ્ચિમ રેલવેનું વડું મથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે દરખાસ્ત કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે અને શા પ્રતિભાવ મળ્યા, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજ્ય સરકાર દ્વારા આ અંગે છેલ્લે તા.૦૪–૦૧–૨૦૨૦ના પત્રથી પશ્ચિમ રેલવેની અમદાવાદ ખાતે સક્ષમ ઓથોરીટીની સ્થાપના કરવાની માંગણી કરવામાં આવી છે. જે કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ દરખાસ્ત કરવામાં આવી ન હોય તો તેના કારણ શા છે?

**પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની સર્કલ ઓફીસ ખસેડવા બાબત**

૩૩૫૦૮ શ્રી **વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લો નવો બન્યા બાદ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.ની સર્કલ ઓફિસ જામનગર થી અલગ કરવામાં આવેલ છે કે કેમ? | (૧) નાજી |
| (૨) જો હા તો ઉક્ત કચેરી ઉક્ત સ્થિતિએ કયા સ્થળે કાર્યરત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો ક્યાં સુધીમાં અલગ કરવામાં આવશે? | (૩) જામનગર વર્તુળ કચેરી હેઠળ હાલમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા એમ બે જિલ્લા સમાવિષ્ટ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલમાં ૦૨ વિભાગીય કચેરી તથા ૧૦ પેટા વિભાગીય કચેરીઓ કાર્યરત છે જે પર્યાપ્ત છે. હાલમાં દેવભૂમિ દ્વારકા ખાતે વર્તુળ કચેરી અલગ કરવાની બાબત વિચારણા હેઠળ નથી. |

**જૂનાગઢ જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૪૦૬૫ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં જૂનાગઢ જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હાજી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને | (૨) અને (૩) કુલ ૩૦૮૯૯૭ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૧૦૭૦.૦૩ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે. |
| (૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે? | |

**સુરત જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૪૦૫૦ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૧૬(સોળ) |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૨૯૨૪૭.૧૩ લાખ |

**જામનગર જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૪૦૫૮ **શ્રી વી.ડી. ઝાલાવાડિયા** (કામરેજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં જામનગર જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હાજી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને | (૨) અને (૩) કુલ ૨૬૯૦૮૮ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ. ૯૧૩.૩૫ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે. |
| (૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે? | |

અતારાંકિત પ્રશ્નો

**કોરોના મહામારી અંતર્ગત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને ગ્રાન્ટ**

૩૩૪૬૭ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારી અંતર્ગત રાજ્ય સરકારે ગાંધીનગરમ્યુનિસિપલ કોર્પોરેશનને કેટલી રકમ ફાળવી?

**જવાબ**

રૂ. પાંચ કરોડ બાવન લાખ ચાળીસ હજાર સાતસો ઓગણત્રીસ ની રકમ ફાળવેલ છે.

**તાપી અને ડાંગ જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી**

૩૩૧૯૫ શ્રી **સુનીલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ તાપી અને ડાંગજિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યાં પ્રકારના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્ક માફી આપવાની જોગવાઈ શું છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને

(૪) ઉક્ત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે?

**જવાબ**

(૧) તાપી–હા
ડાંગ–ના (એકપણ અરજી મળેલ નથી.)

(૨) વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રીની કચેરી દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮) અન્વયે પાત્રતા ધરાવતા તમામ પ્રકારના ઉત્પાદકીય નવા ઔદ્યોગિક એકમ તેમજ વધારાના ઔદ્યોગિક એકમોને મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો અનુસાર મળવાપાત્ર વીજકર માફી મંજૂર કરવાની જોગવાઈ છે.

(૩) **જિલ્લો–તાપી**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૦૧–૦૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯ | ૦૪ | ૨.૦૪ |
| ૦૧–૦૧–૨૦૨૦ થી ૩૧–૧૨–૨૦૨૦ | ૦૪ | ૯.૮૨ |
| **કુલ** | **૦૮** | **૧૧.૮૬** |

**જિલ્લો–ડાંગ** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઉત્પાદકીય ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઉત્પાદકીય એકમોને આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮)ની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા એકમોને કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે.

**ભરૂચ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૪૦૫૨ શ્રી **અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૭ (સાત)

(૨) રૂ.૧૧૨૮૧.૭૮ લાખ.

**તાપી જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૪૦૪૭ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપીજિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૦ (દસ)

(૨) રૂ.૧૧૧૦૬.૩૩ લાખ.

**બનાસકાંઠા જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૪૦૬૩ શ્રી **જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

તા. ૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) કુલ ૪૮૪૧૭૧ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૧૧૫૩.૦૧ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

**કોરોના મહામારી અંતર્ગત સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને ગ્રાન્ટ**

૩૩૪૭૬ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) :**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારી અંતર્ગત રાજ્ય સરકારે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને કેટલી રકમ ફાળવી?

**જવાબ**

રૂ. છાસઠ કરોડ ચોત્રીસ લાખ પચ્ચીસ હજારની રકમ ફાળવેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લાની કેનાલોમાં મીસીંગ લીંક**

૩૩૪૯૦ શ્રી **નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા, લખતર અને લીંબડી તાલુકામાં નર્મદાની બ્રાન્ચ કેનાલોની માઈનોર અને સબમાઈનોર કેનાલોમાં કેટલી મીસીંગ લીંક ક્યારથી છે, અને

(૨) આ મીસીંગ લીંક ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા, લખતર અને લીંબડી તાલુકામાં નર્મદાની બ્રાન્ચ કેનાલોની માઈનોરમાં અનુસક્રમે ૧૮૫,૮૮ અને ૫૮ જેટલી મીસીંગ લીંકો વર્ષ ૨૦૧૪ થી છે.

જ્યારે તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા, લખતર અને લીંબડી તાલુકામાં નર્મદાની બ્રાન્ચ કેનાલોની સબમાઈનોરમાં કોઈ મીસીંગ લીંકો નથી.

(૨) શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

**કચ્છ જિલ્લામાં વીજ બિલમાં રાહત**

૩૪૦૬૬ શ્રી **શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં કચ્છ જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) કુલ ૪૦૫૨૯૫ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૧૨૪૬.૪૪ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

---------

**તાપી જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૪૦૪૯ શ્રી **ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપીજિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૦ (દસ)

(૨) રૂ.૧૧૧૦૬.૩૩ લાખ.

અતારાંકિત પ્રશ્નો

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી**

૩૩૧૭૯ શ્રી **જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો ક્યાં પ્રકારના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્ક માફી આપવાની જોગવાઈ શું છે, | (૨) વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રીની કચેરી દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮) અન્વયે પાત્રતા ધરાવતા તમામ પ્રકારના ઉત્પાદકીય નવા ઔદ્યોગિક એકમ તેમજ વધારાના ઔદ્યોગિક એકમોને મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો અનુસાર મળવાપાત્ર વીજકર માફી મંજૂર કરવાની જોગવાઈ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને | (૩) **જિલ્લો–વડોદરા** |

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (લાખમાં)** |
|---|---|---|
| ૦૧–૦૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯ | ૧૪૪ | ૧૯૪૧.૨૨ |
| ૦૧–૦૧–૨૦૨૦ થી ૩૧–૧૨–૨૦૨૦ | ૧૪૪ | ૧૪૦૨.૮૩ |
| **કુલ** | **૨૮૮** | **૩૩૪૪.૦૫** |

**જિલ્લો–છોટાઉદેપુર**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂપિયામાં)** |
|---|---|---|
| ૦૧–૦૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯ | ૧૦ | ૧૨.૮૦ |
| ૦૧–૦૧–૨૦૨૦ થી ૩૧–૧૨–૨૦૨૦ | ૫ | ૩.૮૯ |
| **કુલ** | **૧૫** | **૧૬.૬૯** |

| | |
|---|---|
| (૪) ઉક્ત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે? | (૪) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઉત્પાદકીય ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઉત્પાદકીય એકમોને આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮)ની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા એકમોને કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે. |

**ભરૂચ જિલ્લાની હોસ્પિટલોમાં મંજૂર મહેકમ**

૩૩૧૮૫ શ્રી **સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં આવેલ સરકારી હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં આવેલ સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ જંબુસરની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૧, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૨ સામેલ છે. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,અને<br>(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃતિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોકટરની ખાલી જગ્યા લાયકાત ધરાવતા ડોકટર ઉપલબ્ધ થયેથી તૂર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે અને જરૂરીયાત અને ઉપલબ્ધિને ધ્યાને લઈને ભરવામાં આવે છે. |

તા. ૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**પત્રક–૧**

**તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની જંબુસર તાલુકાની સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, જંબુસરની મંજૂર, ભરેલી અને ખાલી તથા ક્યારથી ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સંવર્ગનું નામ | ભરૂચ જિલ્લો | | | ખાલી જગ્યાની તારીખ |
|---|---|---|---|---|---|
| | **વર્ગ–૧** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | |
| ૧ | મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન | ૦ | ૦ | ૦ | |
| ૨ | અધિક્ષક | ૧ | ૧ | ૦ | |
| ૩ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૪ | ફુલટાઇમ સર્જન | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૫ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૬ | ફીઝીશીયન | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૭ | ઓપ્થલ્મીક સર્જન | ૦ | ૦ | ૦ | |
| ૮ | રેડીયોલોજીસ્ટ | ૦ | ૦ | ૦ | |
| ૯ | પેથોલોજીસ્ટ | ૦ | ૦ | ૦ | |
| ૧૦ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૧૧ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૧૨ | ડર્મેટોલોજીસ્ટ | ૦ | ૦ | ૦ | |
| ૧૩ | ઈ.એન.ટી. સર્જન | ૦ | ૦ | ૦ | |
| ૧૪ | એમ.ડી.એસ. ડેન્ટલ સર્જન | ૦ | ૦ | ૦ | |
| ૧૫ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૧૬ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૦ | ૦ | ૦ | |
| ૧૭ | સાઈકીઆટ્રીસ્ટ | ૦ | ૦ | ૦ | |
| | **કુલ વર્ગ–૧** | **૮** | **૨** | **૬** | |
| | **વર્ગ–૨** | | | | |
| ૧૮ | દંતસર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૯ | તબીબી અધિકારી | ૫ | ૫ | ૦ | |
| ૨૦ | વહીવટી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| | કુલ વર્ગ–૨ | ૭ | ૭ | ૦ | |
| | વર્ગ–૩ | | | | |
| ૨૧ | કચેરી અધિક્ષક | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૨૨ | હેડ કલાર્ક | ૧ | ૧ | ૦ | |
| ૨૩ | સિનિયર કલાર્ક | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૨૪ | જુનિયર કલાર્ક/ટાઇપીસ્ટ | ૧ | ૧ | ૦ | ૧–૪–૨૦૨૦ |
| ૨૫ | આસીસ્ટંટ નર્સીંગ સુપ્રિટેન્ડેન્ટ | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૨૬ | હેડનર્સ | ૨ | ૧ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૨૭ | સ્ટાફનર્સ | ૨૦ | ૧૧ | ૯ | ૧–૪–૨૦૨૦ |
| ૨૮ | ચીફ ફાર્માસીસ્ટ કમસ્ટોર કીપર | ૦ | ૦ | ૦ | |
| ૨૯ | સિનિયર ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૩૦ | જુનિયર ફાર્માસીસ્ટ | ૨ | ૨ | ૦ | |
| ૩૧ | લેબોરેટરી ટેકનીશીયન | ૨ | ૧ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૩૨ | લેબોરેટરી આસીટન્ટ | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૩૩ | એકસ–રે ટેકનીશીયન | ૧ | ૧ | ૦ | |
| ૩૪ | એકસ–રે આસિસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૩૫ | ફીજીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૩૬ | ડેન્ટલ ટેકનીશીયન | ૦ | ૦ | ૦ | |
| ૩૭ | ઈલેક્ટ્રિશિયન | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૩૮ | આંકડા મદદનીશ | ૧ | ૦ | ૧ | |
| ૩૯ | કેસ રાઈટર | ૦ | ૦ | ૦ | |
| ૪૦ | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | ૧–૪–૨૦૨૦ |
| ૪૧ | પ્લમ્બર | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૪૨ | ઓપ્થલ્મીક આસિસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| | | ૨ | ૦ | ૨ | ૧–૪–૨૦૨૦ |
| | **કુલ વર્ગ–૩** | **૪૩** | **૨૦** | **૨૩** | |

| અ.નં. | સંવર્ગનું નામ | ભરૂચ જિલ્લો | | | ખાલી જગ્યાની તારીખ |
|---|---|---|---|---|---|
| | વર્ગ–૧ | મંજૂર | ભરેલી | ખાલી | |
| | **વર્ગ–૪** | | | | |
| ૪૩ | | | | | |
| ૪૪ | હોસ્પીટલ વર્કર | ૭ | ૦ | ૭ | ૧–૪–૨૦૨૦ |
| ૪૫ | સ્વીપર/સેનેટરી વર્કર | ૯ | ૫ | ૪ | ૧–૪–૨૦૨૦ |
| ૪૬ | લેબ.એટેન્ડન્ટ | ૨ | ૦ | ૨ | ૧–૪–૨૦૨૦ |
| ૪૭ | એક્ષરે એટેન્ડન્ટ | ૧ | ૦ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| ૪૮ | ઓફીસ પ્યુન | ૨ | ૦ | ૨ | ૧–૪–૨૦૨૦ |
| ૪૯ | સીક્યુરીટી સ્ટાફ | ૨ | ૦ | ૨ | ૧–૪–૨૦૨૦ |
| ૫૦ | વોચમેન | ૧ | ૧ | ૦ | |
| ૫૧ | ડ્રેસર | ૧ | ૧ | ૦ | |
| ૫૨ | વોર્ડ સર્વટ | ૮ | ૬ | ૨ | ૧–૪–૨૦૨૦ |
| ૫૩ | વોર્ડ આયા | ૨ | ૦ | ૨ | ૧–૪–૨૦૨૦ |
| ૫૪ | રસોઇયા | ૨ | ૧ | ૧ | ૧–૪–૨૦૨૦ |
| | **કુલ વર્ગ–૪** | **૩૭** | **૧૪** | **૨૩** | |

ભાગ–૧

**તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ જંબુસર તાલુકામાં પ્રા.આ.કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર, ભરેલી અને ખાલી અને ક્યારથી ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| તાલુકાનું નામ | અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | તબીબી અધિકારી વર્ગ–૨ | | | | જુનિયર ફાર્માસીસ્ટ | | | | લેબૉરેટરી ટેકનીશિયન | | | | સ્ટાફ નર્સ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
| જંબુસર | ૧ | છીન્દ્રા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૦ | ૦ | ૦ | |
| | ૨ | ગજેરા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧.૦૭.૧૧ | ૧ | ૦ | ૧ | ૧૦.૦૧.૨૦૨૦ |
| | ૩ | કાવી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧.૦૮.૧૪ | ૦ | ૦ | ૦ | |
| | ૪ | કોરા | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧૭.૦૬.૨૦૨૦ | ૧ | ૧ | ૦ | | ૦ | ૦ | ૦ | |
| | ૫ | ટંકારી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | | **૫** | **૫** | **૦** | | **૫** | **૪** | **૧** | | **૫** | **૩** | **૨** | | **૨** | **૧** | **૧** | |

ભાગ–૨

**તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ જંબુસર તાલુકામાં પ્રા.આ.કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર, ભરેલી અને ખાલી અને ક્યારથી ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| તાલુકાનું નામ | અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | ડ્રાઇવર | | | | વોર્ડ આયા | | | | વોડ બોય | | | | પાર્ટટાઇમ સ્વીપર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
| જંબુસર | ૧ | છીન્દ્રા | ૧ | ૦ | ૧ | ૦૧.૧૨.૨૦૧૪ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૧ | ૧ | ૦૮.૦૮.૨૦૧૪ |
| | ૨ | ગજેરા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૧ | ૧ | ૦૧.૧૨ ૨૦૧૪ |
| | ૩ | કાવી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૧ | ૧ | ૧૫.૧૧ ૨૦૧૪ |
| | ૪ | કોરા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૧ | ૧ | ૨૦.૦૬ ૨૦૧૪ |
| | ૫ | ટંકારી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૧ | ૧ | ૦૧.૦૧ ૨૦૧૪ |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | ૪ | ૧ | | ૫ | ૫ | ૦ | | ૫ | ૫ | ૦ | | ૧૦ | ૫ | ૫ | |

## સુરત જિલ્લામાં વીજ બિલમાં રાહત

૩૪૦૭૬ શ્રી **વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં સુરત જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કુલ કેટલા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કુલ કેટલી રકમની રાહત આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) કુલ ૧૨૫૫૩૭૫ ઘરવપરાશના વીજ ગ્રાહકોને રૂ.૪૬૫૧.૭૫ લાખની વીજ બિલમાં રાહત આપવામાં આવેલ છે.

## છોટાઉદેપુર જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણો

૩૩૫૬૫ શ્રી **મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૦૧–૦૨–૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખેતીવિષયક વીજ જોડાણ તેમજ સૌર ઊર્જા થી વીજ જોડાણ મેળવવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા વીજ જોડાણ અપાયા અને કેટલા બાકી છે, અને

(૩) બાકી કનેકશનો ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક–અ મુજબ.

(૩) ખેતીવિષયક વીજ જોડાણઃ– કૃષિ વિષયક વીજ જોડાણ આપવું એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રહવન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું હોઈ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

**સૌર ઊર્જાથી વીજ જોડાણઃ–** માટે બાકી રહેલ ૦૫અરજીઓ પૈકી **૦૧**અરજીની દસ્તાવેજી પૂર્તતાની ચકાસણી પૂર્ણ થયા બાદ કંપનીના નિયમાનુસાર અરજદારને અંદાજપત્ર આપવાની કાર્યવાહી કરવામાં આવશે અને અરજદાર દ્વારા અંદાજપત્રના નાણાં ભરપાઈ થયા બાદ કંપનીના નિયમાનુસાર સમય–મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. **૦૪**અરજીઓ કે જેની નોંધણી ફી અરજદાર દ્વારા ભરપાઈ થયેલ નથી તે તમામ અરજીઓને નોંધણી ફી ભરપાઈ થયા બાદ કંપનીના નિયમાનુસાર અંદાજપત્ર આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

**પત્રક–અ**

| તાલુકા | | ૨૦૧૯–૨૦ | | ૨૦૨૦–૨૧ | | પડતર |
|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | આપેલ વીજ જોડાણ | મળેલ અરજીઓ | આપેલ વીજ જોડાણ | |
| સંખેડા | ખેતી માટેની અરજી | ૨૪૬ | ૧૭ | ૧૨૦ | ૧૩૦ | ૧૮૧ |
| | સૌર ઊર્જા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| બોડેલી | ખેતી માટેની અરજી | ૪૧૯ | ૦૩ | ૨૮૬ | ૨૬૮ | ૩૫૧ |
| | સૌર ઊર્જા | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| પાવી જેતપુર | ખેતી માટેની અરજી | ૫૬૦ | ૪૮ | ૪૮૦ | ૪૪૨ | ૪૯૨ |
| | સૌર ઊર્જા | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| છોટા ઉદેપુર | ખેતી માટેની અરજી | ૫૮૯ | ૮૩ | ૭૪૯ | ૪૭૪ | ૭૩૮ |
| | સૌર ઊર્જા | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ |
| કવાંટ | ખેતી માટેની અરજી | ૪૩૪ | ૪૬ | ૫૦૮ | ૨૫૧ | ૬૨૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સૌર ઊર્જા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નસવાડી | ખેતી માટેની અરજી | ૨૭૬ | ૨૨ | ૨૭૦ | ૨૫૪ | ૨૬૫ |
| | સૌર ઊર્જા | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |

**વલસાડ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબસ્ટેશનો**

૩૪૦૪૪ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા નવા વીજ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૧૧ (અગિયાર) |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૮૬૭૩.૩૭ લાખ. |

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મંજૂર જગ્યાઓ**

૩૩૫૨૬ શ્રી **વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧),(૨),(૩)અને (૪)<br>અમરેલી જિલ્લો +પત્રક–અ મુજબ<br>ભાવનગર જિલ્લો +પત્રક–બ મુજબ |
| (૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, | |
| (૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ આઉટસોર્સીંગ અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે, | |
| (૪) ઉક્ત આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાઓમાં કઇ એજન્સી દ્વારા કર્મચારીઓ પૂરા પાડવામાં આવે છે, અને | |
| (૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૫) જે તે સંવર્ગના ટી.ઓ.આર. મુજબ યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે. |

(+ પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરી બુકના જવાબોમાં ભૂલો સુધારવા અંગે

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, આજની પ્રશ્નોત્તરી બુકમાં અગ્રતા ક્રમાંક ૧૩૮, ૧૭૦, ૧૯૧, ૨૭૩, ૨૮૨, ૨૮૩ અને ૩૦૯ માં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી આપવા અંગેના પ્રશ્ન ખંડ–૩ ના જવાબમાં બે જિલ્લા પૈકી પ્રથમ જિલ્લામાં માફી અપાયેલ કુલ રકમ રૂપિયા લાખમાં અને બીજા જિલ્લામાં માફી અપાયેલ કુલ રકમ રૂપિયામાં દર્શાવેલ છે. હું આજની પ્રશ્નોત્તરીમાં ૧૩૮ ના પ્રશ્ન ક્રમમાં પહેલા જવાબમાં લખ્યું છે લાખમાં અને બીજા જવાબની અંદર લખ્યું છે રૂપિયામાં એમાં પાંચ એકમોને માફી આપી છે તો રૂ.૫૧.૭૫ થાય અને એકમાં રૂપિયા ૮૦.૪૯ થાય છે. જો રૂપિયામાં હોય તો એક એકમ દીઠ ૧૦ રૂપિયા આવે એટલે હું માનું છું કે આવું ના હોય. એટલે ક્યાંય પણ પ્રિન્ટની અંદર મિસ્ટેક હોય એ સુધારી લેવામાં આવે, બધામાં આ પ્રકારે છે. શુદ્ધીપત્રકમાં પણ નથી. કાં હજારમાં હોય, કાં લાખમાં હોય. ઉપર લાખમાં બતાવ્યું છે નીચે રૂપિયામાં બતાવ્યું છે તો એકમાં રૂપિયા ૮૦.૪૯ અને બીજામાં રૂપિયા ૫૧.૭૫ બેયમાં પાંચ પાંચ એકમ જ બતાવ્યા છે. રૂપિયામાં હોય તો ૧૦–૧૦ રૂપિયા કે ૧૨–૧૨ રૂપિયા જ એક એકમને આવે એવું હોઇ શકે નહીં એવું હું માનું છું. એટલે મેં કીધું એ પ્રમાણે ૧૩૮, ૧૭૦, ૧૯૧, ૨૭૩, ૨૮૨, ૨૮૩ અને ૩૦૯ આ બધામાં પહેલા ક્રમના જવાબ લાખમાં અને બીજા ક્રમની અંદર રૂપિયામાં બતાવ્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આવી ગયું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આવું ન હોય આ એક વાત. બીજું, આજની પ્રશ્નોત્તરીની બુકમાં અગ્રતા ક્રમ ૨૫૪માં વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ઊર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. અંગેનો મારો પ્રશ્ન હતો એમાં માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ જવાબ મુજબ વર્ષ ૨૦૧૭ દરમ્યાન ૪૩ એમ.ઓ.યુ. પૈકી ક્યા પ્રોજેક્ટનું કામ પૂર્ણ થયું છે? ક્યા પ્રોજેક્ટનું કામ શરૂ થવાનું બાકી છે? કયા પ્રોજેક્ટનું કામ પ્રગતિમાં છે? અને કેટલા પ્રોજેક્ટ પડતા મૂકાયા? તે પ્રશ્ન પૂછેલ. તેના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે ૪૩ એમ.ઓ.યુ. પૈકી કાર્યાન્વિત થયેલ ૩૧, એક પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કે છે, ૧૦ પ્રોજેક્ટ પ્રગતિમાં છે અને કોઇ પ્રોજેક્ટ પડતો મૂકાયેલ નથી. માનનીય અધ્યક્ષશ્રી જવાબમાં ૪૩ છે અને સરવાળો થાય છે ૪૨ તો આ

એક એકમ ક્યાં ગૂમ થઇ ગયું છે એની પણ સ્પષ્ટતા કરાવે. કારણ કે જે એમ.ઓ.યુ. કર્યા છે એમાં જે જવાબ જણાવ્યો છે એમાં *(xxx)(અંતરાય)

અધ્યક્ષશ્રી : આ કહેવત કાઢી નાખવામાં આવે છે. પ્રશ્ન બોલો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સરકાર પોતે એમ.ઓ.યુ. કરે આ પ્રકારની જે સ્થિતિ ઊભી થઇ છે એમાં સરકાર સ્પષ્ટતા કરે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પહેલો વિષય મૂક્યો એમાં સાહેબ, તારાંકિત પ્રશ્નોત્તરીમાં જરા ભૂલ ચોક્કસ થઇ છે અને અગ્રતાક્રમ ૩૦૯, ૧૭૦, ૨૭૩, ૨૮૩, ૧૩૮, ૨૮૨ અને ૧૯૧ની અંદર જે લખેલું છે એ રૂપિયા લાખમાં વાંચવા વિનંતી છે. એ સાહેબ, ચોક્કસપણે વિભાગની ભૂલ છે અને હું સ્વીકારું છું. સાહેબ, બીજા વિષયની એમણે વાત કરી એમાં મારે તપાસ કરવી પડશે અને પછી જવાબ યોગ્ય સમયે આપીશ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજના પ્રશ્ન ક્રમાંક–૬૦માં શ્રી રાજેશભાઇ ગોહિલને માનનીય ઊર્જા મંત્રીએ જે જવાબ આપ્યો છે. ઊર્જા મંત્રીશ્રી, આપનો પ્રશ્ન છે એટલે શ્રી પ્રદિપસિંહ સાથે પછી વાત કરી લેજો.

અધ્યક્ષશ્રી : માનનીય ઠુમ્મરજી, આવી સલાહ ન અપાય. આપ પ્રશ્ન કહો. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, બધા સાંભળે છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું એ જાણવા માગું છું કે પ્રશ્ન ક્રમાંક અગ્રતાક્રમ–૬૦માં સચિવાલય સંકુલમાં સૌર ઊર્જા આધારિત વાહનોની આંતરિક પરિવહન વ્યવસ્થા અંગે પ્રશ્ન ખંડ–જમાં કેટલો અંદાજીત પેટ્રોલ, ડિઝલ ઇંધણનો બચાવ થવાનો અંદાજ હતો? તેના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ઉકત વ્યવસ્થા ફકત પ્રયોગિક ધોરણે હોઇ આવો કોઇ અંદાજ આકારવામાં આવેલ નથી. તત્કાલીન ઊર્જામંત્રી અને ગુજરાત સરકાર તરફથી બહાર પાડેલ બ્યુરો ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫માં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે માનનીય મંત્રીશ્રીને આ બાબતમાં ધ્યાન દોરવા માગું છું કે રાજયના હાલના ઊર્જામંત્રી ત્યારે ઊર્જા ઉપરાંત નાણાંનો હવાલો સંભાળતા હતા. ઉદ્‌ઘાટન કરતા ફોટાઓ છપાયેલા છે. પોતે આ ઊર્જાથી ચાલતું વાહન ચલાવતા ફોટા પણ છપાયેલા છે. લીલી ઝંડી બતાવતા ફોટા છપાયેલા છે.

અધ્યક્ષશ્રી : આપ વર્ષ ૨૦૧૫ની વાત કરો છો?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હા સાહેબ, એમનો જવાબ છે અને ત્યારે તેમણે લખ્યું છે કે (અંતરાય) સાહેબ, લખ્યું છે, સરકારી બ્યુરોમાં લખ્યું છે. સરકારી બ્યુરોમાં લખ્યું છે કે પ્રોજેક્ટ થકી આશરે ૧,૬૪,૦૦૦ સૌર ઊર્જા યુનિટ ઉત્પાદન અને વપરાશ થશે. જેનાથી અંદાજિત ૨૦૦૦૦ લીટર પેટ્રોલ, ડિઝલની બચત થશે તો ઊર્જામંત્રી ત્યારે પેટ્રોલ ડિઝલ બચતનો અંદાજ કાઢતી અખબારી યાદી સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવી. આવી પ્રશ્નોત્તરીમાં આ અંદાજો આકારવામાં આવેલ ન હોઇ જેવા જવાબ આપેલ. સાચી માહિતી ધારાસભ્ય તરીકે જાણવાનો મારો અધિકાર છે. માહિતી બ્યુરોનું છપાયેલું છે. તત્કાલીન ઊર્જામંત્રીશ્રી ત્યારના નાણામંત્રીશ્રી પોતે ચલાવે છે અને બોલે છે. લીલી ઝંડી આપે છે અને કહે છે કે આટલા બધા યુનિટનો બચાવ થવાનો છે. ત્યારે મારી આ વાતને સમજાવે. આ પ્રશ્નમાં અંદાજ નથી એવું કહેવામાં આવે છે તો સાચી હકીકત શું છે? એ ધારાસભ્ય તરીકે અને ગૃહને જાણવાનો અધિકાર છે એ આપના મારફત જાણવા માગું છું.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની અંદર અનેક અનેક પહેલ કરવામાં આવી છે. દા.ત. સોલરની અંદર પણ જયારે આપણે શરૂઆત કરી હતી ત્યારે આપણે આખા દેશમાં નંબર–૧ હતા. આજની તારીખમાં પણ ગુજરાત સરકારની અંદર ઇલેકટ્રીક વાહનો હોય, બેટરી ઓપરેટેડ હોય આપણે શરૂઆત કરી છે અને શરૂઆત કરતી વખતે આપણે જયારે પ્રાયોગિક ધોરણ ઉપર શરૂઆત કરીએ છીએ ત્યારે આપણે કેટલી વીજળી ઉત્પાદન થશે એ બધી જ ગણતરી કરતા હોઇએ છીએ એટલે એ શરૂઆત કરી હતી. શરૂઆત કરી હતી ત્યારે નેચરલી કોઇપણ વસ્તુની શરૂઆત કરીએ ત્યારે એની પ્રસિદ્ધિ પણ લેતા હોઇએ છીએ પરંતુ વાપરવાનું કામ એ અંદર કર્મચારીઓ કરતા હોય છે. અવરજવર કરતા હોય છે એટલે પ્રયોગિક ધોરણ હતું એટલે મારો આજનો જે જવાબ આપેલો છે એ જવાબ પણ સ્પષ્ટપણે સાચો છે અને એ પ્રમાણે હું હાઉસની અંદર રજૂઆત કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે મારે નકકી કરવાનું છે, હું જાહેર કરીશ. હવે આગળ કશું કરવાનું રહેતું નથી.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના સંકલિત પુસ્તકના વિમોચન અંગે.

અધ્યક્ષશ્રીઃ આપણે સૌ જાણીએ છીએ કે સંસદીય લોકશાહીમાં સર્વોચ્ચ સ્થાને રહેલ વિધાનસભા ગૃહની કાર્યવાહીના સંચાલન માટે માર્ગદર્શક નિયમો હોવા જરૂરી છે. માર્ગદર્શક નિયમોને કારણે ગૃહની કાર્યવાહીમાં નિયમિતતા અને એકવાકયતા જળવાઇ રહે માટે પ્રજા જીવનના પ્રશ્નોને વાચા આપતું આ વિધાનસભાગૃહ એક જીવંત સંસ્થા છે અને તેના કારણે સભાગૃહના કામકાજના સંચાલન દરમિયાન બદલાતા જતા સમયની સાથોસાથ નવા અને જટીલ પ્રશ્નો ઉપસ્થિત થતા રહે છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૧૮, ૧૯૪૨ શાકે

## અધ્યક્ષશ્રીની જાહેરાત– અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના સંકલિત પુસ્તકનું વિમોચન

વિધાનસભાગૃહની કાર્યવાહીના સંચાલન માટે ગુજરાત વિધાનસભાના નિયમો સન ૧૯૬૦માં ઘડવામાં આવ્યા છે. તેમજ સમયની માંગ પ્રમાણે નિયમોમાં અવારનવાર સુધારા વધારા પણ કરવામાં આવ્યા છે. સભાગૃહની કાર્યવાહીના સુચારું સંચાલન માટે નવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે ત્યારે તે પ્રશ્ન અંગે નિયમોમાં સ્પષ્ટ જોગવાઇ નહિ હોવાના કારણે અધ્યક્ષસ્થાનેથી તે પ્રશ્નના નિરાકરણ માટે સંસદીય લોકશાહીના પાયાના સિદ્ધાંતોને લક્ષમાં રાખીને નિર્ણયો આપવા પડતા હોય છે. જેમ કોર્ટોમાં જજોના નિર્ણયોને ભવિષ્યમા અનુસરવામાં આવે છે. જેમ ઇંગ્લેન્ડમાં હાઉસ ઓફ કોમન્સમાં અધ્યક્ષના નિર્ણયોને સભાગૃહની કાર્યરીતિના એક મહત્વના સ્ત્રોત તરીકે ગણવામાં આવે છે તે જ રીતે ભારતના સભાગૃહોમાં પણ અધ્યક્ષના નિર્ણયોને સભાગૃહની કાર્યરીતિના એક મહત્વના સ્ત્રોત તરીકે ગણવામાં આવે છે અને તેને ભવિષ્યમાં અનુસરવામાં આવે છે. આ હેતુને ધ્યાનમાં લઇને ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા જુદા જુદા સમયાંતરે અધ્યક્ષસ્થાનેથી અપાયેલ નિર્ણયોના ચાર પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ ચારેય પુસ્તકોમાં સન ૧૯૬૦થી સન ૨૦૧૨ સુધીમાં અપાયેલ નિર્ણયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સન ૨૦૧૨ પછી પણ અધ્યક્ષસ્થાનેથી અપાયેલ નિર્ણયોનો સમાવેશ કરતા અલગ પુસ્તકનું પ્રકાશન કરવાનું થતું હતું. કોઇ એક ચોક્કસ વિષય પરના નિર્ણયનો સંદર્ભ જોવા માટે નિર્ણયોના જુદા જુદા પુસ્તકો તપાસવા પડતા હતા અને ગૃહમાં જ્યારે ચાલુ કાર્યવાહીએ સંદર્ભ જોવા માટે નિર્ણય શોધવામાં સમય પણ જતો હતો. ખાસ કરીને ગૃહના સભ્યોને જુદા જુદા પુસ્તકોમાંથી યોગ્ય નિર્ણય શોધવામાં મુશ્કેલીઓ પડતી હતી. આ ઉપરાંત સન ૧૯૬૦થી સન ૧૯૮૪ દરમિયાન અધ્યક્ષ સ્થાનેથી અપાયેલ નિર્ણયો પૈકી કેટલાક નિર્ણયોનો સમયાંતરે નિયમોમાં સમાવેશ થઇ ગયો છે, જ્યારે કેટલાક નિર્ણયો સમયની માંગ સાથે કાર્યરીતિમાં ફેરફાર થતા અપ્રસ્તુત બની જતા આવા નિર્ણયોને પુસ્તકોમાંથી રદ કરવા જરૂરી જણાયા છે. આથી આગળ જણાવ્યા મુજબ નિયમોમાં સ્થાન પામેલ તથા કાર્યરીતિમાં સમય સાથે થયેલ બદલાવને કારણે અપ્રસ્તુત થયેલ નિર્ણયો દૂર કરીને બાકીના તમામ નિર્ણયોનું એક સંકલિત પુસ્તક સ્વરૂપે પ્રકાશન કરવાના મારા નિર્ણય અને સંકલ્પથી સન ૧૯૬૦થી સન ૨૦૨૦ દરમિયાનના કુલ ૬૦ વર્ષના નિર્ણયોના એકત્રીકરણની કામગીરી એક ઝૂંબેશરૂપે ઉપાડીને પરિપૂર્ણ કરવામાં આવી છે. તેની ફલશ્રુતિ સ્વરૂપે આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં સન ૧૯૬૦થી સન ૨૦૨૦ દરમિયાનના એવા નિર્ણયો કે જેનો વખતો વખત ગુજરાત વિધાનસભા નિયમોમાં સમાવેશ થયો હોય, એવા નિર્ણયો કે જેનો અસંસદીય શબ્દોની પુસ્તિકામાં સમાવેશ થયો હોય, એવા નિર્ણયો કે જે એક સરખા વિષય વસ્તુવાળા હોય કે પછી એવા નિર્ણયો કે જેનો અન્ય નિર્ણયોમાં સમાવેશ થતો હોય તેવા તેમજ એવા નિર્ણયો કે જે અન્ય નિર્ણયો સાથે વિરોધાભાસી થતા હોય તેવા એમ કુલ ૨૭૧ નિર્ણયોને રદ કરીને બાકીના ૫૩૦ નિર્ણયોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પુસ્તક તૈયાર કરવામાં વિધાનસભા સચિવાલયની ટેબલ શાખાના અધિકારી/કર્મચારીઓને આ પુસ્તક અંગેની જવાબદારી સોંપાઇ હતી, તેમણે તે નિભાવી. બધાનો સાથ–સહકાર મેળવી પુસ્તક સમયસર પ્રકાશિત કર્યું છે તે બદલ તેમની કામગીરી અને સેવાઓ બિરદાવવા પાત્ર છે અને તેના પરિપાકરૂપે જ આ પુસ્તક ટૂંકાગાળામાં પણ ખૂબ જ સરસ રીતે તૈયાર થઇ શક્યું છે. સંકલિત પુસ્તકમાં કાર્યરીતિના નિયમો સંબંધે વિષયવાર નિર્ણયોને એક જૂથ કરીને અલગ પ્રકરણરૂપે વિસ્તૃત અનુક્રમણિકા તૈયાર કરીને તમામ નિર્ણયોની ગોઠવણી કરી છે, જેથી પુસ્તકમાં વિષય અંગેનું પ્રકરણ અને તેની અનુક્રમણિકા જોઇને નિર્ણય ત્વરિત શોધી શકાશે તેવી મને શ્રદ્ધા છે. આ પુસ્તકની સોફ્ટ કોપી વિધાનસભાની વેબસાઇટ NeVA પર પણ મૂકવામાં આવશે.

અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોનું આ સંકલિત પુસ્તક વર્તમાનમાં તેમજ ભવિષ્યમાં ગુજરાતની આવનારી પેઢીઓને વર્ષો સુધી ખૂબ ઉપયોગી થશે. આશા છે કે, સંસદીય કાર્યવાહીના ક્ષેત્રે રસ ધરાવતા ધારાસભ્યો, સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ, રાજ્યશાસ્ત્ર વિષયના તજજ્ઞો, સંશોધકો, વિદ્યાર્થીઓ વગેરે સૌ કોઇને ઉપયોગી થઇ પડશે.

આ પુસ્તકનું વિમોચન કરવા હવે હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, બંને સંસદીય મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી તથા ઉપનેતાશ્રી તથા બંને પક્ષના મુખ્ય દંડકોને વિનંતી કરું છું અને તેઓને ગૃહના ટેબલ આગળ આવવા પણ વિનંતી કરું છું.

(આ તબક્કે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.)

અધ્યક્ષશ્રી : હું માનનીય ગૃહના નેતાશ્રી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇને વિનંતી કરું છું કે, આ નિમિત્તે બે શબ્દો કહે.

શ્રી વિજયકુમાર રૂપાણી (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો સમગ્ર ગૃહવતી આપને આ અગત્યના નિર્ણયોનું પુસ્તક પ્રકાશિત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ આપું છું. લોકશાહી પ્રણાલિકામાં આ વિધાનસભા ગૃહ લોકશાહીમાં સાડા છ કરોડ ગુજરાતીઓનો પ્રતિઘોષ, તેમની લાગણીઓને વાચા આપનારું અને ભવિષ્યની પેઢીને સુરક્ષિત કરનારું છે અને તે રીતે આ ગૃહ કામ કરે છે. આપણે લોકશાહીનો સ્વીકાર કર્યો છે ત્યારે પ્રજાના પ્રતિનિધિઓને પ્રજા વતી વાત કરવા આ ગૃહમાં વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ આ ગૃહ સરસ રીતે અને નિયમાનુસાર ચાલે તે પણ જરૂરી હોય છે. ગૃહમાં એક–એક મિનિટનો સદુપયોગ થાય અને એટલા માટે નિયમોના નિયમ આપણે શબ્દ પ્રયોગ કરીએ છીએ અને આ શબ્દપ્રયોગ અધ્યક્ષશ્રીના રૂલિંગ ઉપરથી થતો હોય છે. અત્યાર સુધી જેટલા નિયમો, નિર્ણયો થયા છે તેને સંકલિત કરીને એક પુસ્તકના રૂપમાં મૂકીને આપે આવનારા દિવસોમાં ગૃહના સંચાલન માટે, ગૃહના સભ્યો માટે, આ ચેર ઉપર ભવિષ્યમાં જે કોઇ અધ્યક્ષશ્રી હોય તે બધાના માટે આ પુસ્તક ખૂબ અગત્યનું બનશે. લોકશાહી વધુ મજબૂત બનશે અને ગૃહના સારા સુચારું

સંચાલનથી પ્રજાને પણ લાભ થશે તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે. ફરી વખત આપે જે રસ લઇ આ બધુ કામ બધા પાસેથી સંકલિત કરી, બધા નિર્ણયોને જોઇ જે નિર્ણયો આજના સમયે ઉપયોગી નથી તેને બાજુએ મૂકી અને જે નિર્ણયો ઉપયોગી છે તેને આ પુસ્તકમાં સંકલિત કર્યા છે. ફરી વખત હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ધન્યવાદ.

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીનું મંદિર એવી ગુજરાતની વિધાનસભા, ગુજરાતે ચૂંટેલા પ્રતિનિધિઓ આ ગૃહના માલિક છે અને આ ગૃહે સાથે મળીને પસાર કરેલા ગુજરાત વિધાનસભાના નિયમોથી આપણે સૌ બંધાયેલા છીએ. સમયાંતરે આ ગૃહના સંચાલનમાં બદલાતા પ્રવાહો, સંજોગો અને શબ્દ પ્રયોગોની વચ્ચે ક્યાંક ગૃહ અનિર્ણાયક બને ત્યારે આપ નામદારની ચેર એ અમારા સૌનું સતત માર્ગદર્શન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૬૦માં આ વિધાનસભા ગૃહે ઘડેલા નિયમો અને તબક્કાવાર આજે વર્ષ ૨૦૨૧ના આંગણે આપણે પહોંચ્યા છીએ ત્યારે આપની ચેર ઉપરથી માનનીય અધ્યક્ષશ્રી દ્વારા જ્યારે ગૃહ વિમાસણમાં મૂકાયું ત્યારે માર્ગદર્શન પૂરું પાડ્યું છે. આવા માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ગૃહના સુચારું સંચાલન માટે અમને સૌને નવી પેઢીને ખૂબ માર્ગદર્શન પૂરું પાડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો અને વિધાનસભાના નિયમો એક વખત વાચવાથી શ્રેષ્ઠ પાર્લામેન્ટ્રીયન બનવા માટેનું એ પ્લેટફોર્મ બનતું હોય છે. આપે ચાર અલગ અલગ બુકોનું સંકલન કરાવ્યું, વર્ષ ૨૦૧૨ પછીના જે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો હતા એને પણ આ બુકમાં કંડારવાનું કામ કર્યું છે ત્યારે પહેલા તો સમગ્ર ગૃહવતી, ગુજરાતવતી આપને અભિનંદન પાઠવું છું અને આ સુંદર મજાનું સંકલન કરવા બદલ વિધાનસભા સચિવાલયની ટેબલ શાખા, અધિકારીઓ/કર્મચારીઓ અને જેને જવાબદારીઓ સોંપી હતી આ પુસ્તકનું સંકલન કરવાની અને જે લોકો નીમિત બન્યા છે એવા બધા જ લોકોને વિધાનસભા ગૃહવતી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાએ ખૂબ સરસ મજાની વાત કરી, આપે જે પ્રસ્તાવના બાંધી અત્યાર સુધીના માનનીય અધ્યક્ષશ્રી દ્વારા થયેલા નિર્ણયો એમાં ક્યાંક નિયમનોની અંદર સમાવેશ થઇ ગયો હતો, ક્યાંય અસંસદીય શબ્દોની પુસ્તીકામાં સમાવેશ થઇ ગયો હતો, કયાંક એક સરખા વિષય–વસ્તુવાળા હતા, ક્યાંય અન્ય નિર્ણયોમાં સમાવેશ થયેલ હતો, કયાંય અન્ય નિર્ણયો સાથે વિરોધાભાસ ઉભો થતો હતો. આવા ૨૭૧ જેટલા નિર્ણયોને રદ કરી અને ૫૩૦ જેટલા નિર્ણયોનું સંકલન આ નવી આપણી અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પુસ્તીકામાં પ્રકાશિત થયું છે ત્યારે હું આપને ગૃહવતી વિનંતી પણ કરું છું કે આ જે ૨૭૧ જેટલા નિર્ણયો આપણે રદ કર્યા છે પણ વર્ષ ૧૯૬૦થી અત્યાર સુધીની ગુજરાત વિધાનસભાની સફર એનો ઇતિહાસ સાક્ષી રહે એના માટે થઇને પણ આપણી લાઇબ્રેરીમાં આ રદ થયેલા નિર્ણયો છે એની પણ જો એક પુસ્તીકા પ્રસિદ્ધ થશે તો ભવિષ્યમાં અભ્યાસ કરનારા જે પાર્લામેન્ટ્રીયન છે એને ઉપયોગી થશે આટલી અપેક્ષા સાથે ફરીથી સમગ્ર ગૃહવતી, ગુજરાતવતી આપે માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષોની પડતર પીડાનું એક ઝાટકે નિરાકરણ કર્યું છે ત્યારે સમગ્ર ગૃહવતી હૃદયથી અભિનંદન પાઠવું છું.

અધ્યક્ષશ્રી : આભાર.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય મંત્રી તરીકે આ પુસ્તક માટે આપને હૃદયપૂર્વકના અભિનંદન આપુ છું. આ પુસ્તક તૈયાર કરવામાં આપે જે ઇનિશિએટિવ લીધો, વિધાનસભાના અધિકારીઓ અને કર્મચારીઓને પણ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પુસ્તકને હું પુસ્તક નથી કહેતો, આ પુસ્તકને હું ગીતા કહું છું. કારણ કે, ગીતામાં કહ્યું છે એમ કહીને આપણે ઉલ્લેખ કરતા હોઇએ છીએ એટલે એ ઓથોરીટી હોય છે. એમ ભવિષ્યમાં કંઇ પણ ચર્ચામાં ઉલ્લેખમાં આવશે ત્યારે આ નિર્ણયો એજ રીતે કામમાં આવવાના છે. આપે સાચે જ કહ્યું છે, ઉલ્લેખ કર્યો છે એ પણ અનુભવના આધારે કર્યો છે. આપે વકીલાત કરી છે, મેં પણ કરી છે એટલે ખબર છે કે, જ્યારે પણ કોઇ કેસ ચાલતો હોય ત્યારે ઓથોરીટી કે આધાર મૂકવા માટે એ એ.આઇ.આર.માંથી આપણે ટાંકીને કહેતા હોઇએ છીએ કે આ હાઇકોર્ટ કે નામદાર સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ છે એના આધારે આપણે દલીલ કરતા હોઇએ છીએ. એમ આ નિર્ણયો પણ લેન્ડમાર્ક જેને કહેવાય અને વર્ષ ૧૯૬૦થી ૧૯૧૨ સુધીના હતા અને વર્ષ ૧૯૬૦થી ૨૦૨૦ સુધીના નિર્ણયોનું સંકલન કરવાનું ખૂબ મોટું કામ આપે કર્યું છે એટલા માટે આપને સંસદીય મંત્રી તરીકે હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગુજરાતની વિધાનસભાને આપણે અને સૌ લોકો લોકશાહીનું મંદિર કહે છે આ એક એવી વિધાનસભા છે, વર્ષ ૧૯૬૦થી આજ દિવસ સુધી પ્રજાના પ્રશ્નોની વ્યથાને કાયદાના સ્વરૂપે વ્યવસ્થામાં પરિવર્તિત કરવા માટે અહીંયા ચૂંટાયેલા લોકો પોતપોતાની રીતે પોતાના વિષયો મૂકતા હોય છે અને આ વિષયોમાં અનેક પક્ષ અને વિપક્ષ પ્રસ્થાપિત થયેલી પ્રણાલિકાઓ, નિયમોના નિયમ અનુસાર ૬૦ વરસમાં ઉભા થયેલા અનેક ખાટાંમીઠા પ્રસંગો, પ્રથમ અધ્યક્ષશ્રી કલ્યાણજી મહેતાથી શરૂ કરીને આપણા અત્યારના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સુધીનો આખો દાયકો, ૬૦ વરસના આ ભવ્ય વારસાને સંકલિત કરીને એમાં અત્યાર સુધીના તમામ પીઠાસનોએ દિશા સૂચન કરેલા છે, દિશા નિર્દેશન કરેલા છે, સંસદીય પ્રણાલી હોય કે અસંસદીય પ્રણાલી હોય એની સામે સંસદીય પ્રણાલિકા, શિરસ્તા અને નિયમોના નિયમના જતન માટે હું માનું છું કે આવનારા દિવસો માટે આ સંસદીય પ્રણાલિકાના જતન માટેનો આ ઉત્તમ દસ્તાવેજ તરીકે આપણને સૌને યાદ રહેશે.

અધ્યક્ષશ્રીની જાહેરાત– અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના સંકલિત પુસ્તકનું વિમોચન

એક મારું નમ્ર સૂચન છે કે એક વિધાનસભાથી બીજી વિધાનસભા દરમિયાન આપણને મળતું સંચિત અને એ સંચિતની અંદર જે પ્રકારના ઉલ્લેખો એ ખરેખર સંસદીય પ્રણાલિકાના અભ્યાસ માટે ઉત્તમ રીતે ઉપયોગી થાય છે. આનું પણ સંકલન કરીને થાય તો સંસદીય પ્રણાલિકા ઉપરાંત અનેક નવા વિષયોથી પ્રશિક્ષિત થવા માટેની અમને બધાને તક મળશે. લગભગ વીસેક વરસથી સંસદીય મંત્રી છું ત્યારે અને ન હતો ત્યારે પણ આ બધા જ નિર્ણયોના આધાર ઉપર અનેક વખત આની ઉપયોગીતા અને માર્ગદર્શન મળ્યું છે. હું ફરીથી આપને અભિનંદન આપું છું અને આ તમામ ધારાસભ્યશ્રીઓને આ ઉપયોગી રહેશે.

અધ્યક્ષશ્રી : આપ સૌનો આભાર. ૨૭૧ નિર્ણયો જે રદ કર્યા છે એમ કહ્યું એ રદ નથી કર્યા એ ૪ પુસ્તકમાં તો છે જ, પણ આમાં એ જરૂરી નહોતા એ બિનજરૂરી હતા માટે એને છોડ્યા છે. માનનીય ધાનાણીજીએ જે રીતે રજૂઆત કરી કે એનું એક જુદું સંકલન થાય તો એના માટેનો પ્રયાસ આપણે કરીશું. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, સર્વેનો હું આભાર માનું છું. ગેલેરીમાં બેઠેલા માનનીય તમામ ધારાસભ્યશ્રીઓની સુગમતા માટે આ પુસ્તકના વિતરણની વ્યવસ્થા ત્રીજે માળે આવેલ હાઉસ ગેટ નંબર–૪ પાસેના કાઉન્ટર ઉપર રાખવામાં આવેલી છે અને બાકીના માનનીય સભ્યશ્રીઓ જે આપ સૌ નીચે બેઠાં છો એમની વિતરણની વ્યવસ્થા બીજે માળે આવેલા પીજીયન હોલ પાસેના કાઉન્ટર ઉપર રાખવામાં આવી છે. આથી સર્વે માનનીય ધારાસભ્યશ્રીઓને વિતરણ કાઉન્ટર ઉપરથી પુસ્તક મેળવી લેવા માટે વિનંતી છે, ધન્યવાદ, નેકસ્ટ.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

શ્રી સૌરભ પટેલ ( ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપ મંજૂરી આપશો તો ૩૦ સેકન્ડ લાગશે. માનનીય સભ્યશ્રીએ ૨૫૪ નંબરનો સવાલ પુછ્યો, એની અંદર અમે જવાબ આપ્યો છે કે, ૪૩ એમ.ઓ.યુ. થયા છે અને ૪૩એ ૪૩ કમ્પલીટ થયા છે એ વાત સાચી છે. જે ૧ પ્રીલીમનરી સ્ટેજ ઉપર છે, ૧૦ ઇમ્પ્લીમેન્ટેશન થયેલ છે અને ૩૨ કમિશન થયા છે. જવાબ ૩૧નો એટલે આપ્યો છે. કારણ કે સભ્યશ્રીએ પ્રશ્નમાં એવું પુછ્યું છે કે, છેલ્લાં બે વરસમાં કેટલા કમિશન થયા છે એટલે આ જે એક જવાબ નથી આપ્યો એ બે વરસ પહેલાં કમિશન થયેલ હતું એટલે જવાબ સંપૂર્ણપણે સાચો છે.

અધ્યક્ષશ્રી : ખુલાસો માન્ય રાખવામાં આવે છે. નેકસ્ટ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

કામધેનુ યુનિવર્સિટીના પુરવણી ઓડિટ તથા ઓડિટ અહેવાલ

**શ્રી બચુભાઇ મ. ખાબડ (રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કામધેનુ યુનિવર્સિટીના સન ૨૦૦૯–૧૦ થી સન ૨૦૧૩–૧૪ના પુરવણી ઓડિટ અહેવાલ, સન ૨૦૧૪–૧૫નો તૃતિય ઓડિટ અહેવાલ અને સન ૨૦૧૫–૧૬નો ચતુર્થ ઓડિટ અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૪–૧૫નો નવસારી કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (રાજ્યકક્ષાના કૃષિમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૪–૧૫નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

તા. ૯મી માર્ચ ૨૦૨૧
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૯–૨૦નો ગુજરાત હાઉસિંગ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૧૭–૧૮નો ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૧૭–૧૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯–૨૦ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સુધારેલા અંદાજો તથા સન ૨૦૨૦–૨૧ના સૂચિત અંદાજો

**શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૯–૨૦ના સુધારેલ અંદાજો તથા સન ૨૦૨૦–૨૧ના સૂચિત અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલ તથા સૂચિત અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૮–૧૯ના ના ગુજરાત મેરીટાઇમ બોર્ડના વાર્ષિક હિસાબો

**શ્રી સૌરભ પટેલ (બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેનું નાણા વિભાગનું જાહેરનામું

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેના નાણા વિભાગના તા.૧૫/૦૬/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૫૨)વીએટી–૨૦૨૦/એસ.૫(૨)(૫૮)ઠ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૦૧ના ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ અન્વયેનું નાણાં વિભાગનું જાહેરનામું

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૧ના ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ અન્વયેના નાણા વિભાગના તા.૨૫/૦૯/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૮૮)એમસીઆર–૨૦૨૦(૮)ઠ ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

ફાલ્ગુન ૧૮, ૧૯૪૨ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૦૩ના ભારતીય વીજ અધિનિયમ અન્વયેનું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું

**શ્રી સૌરભ પટેલ (ઊર્જા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૩ના ભારતીય વીજ અધિનિયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા.૨૫/૦૬/૨૦૨૦ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) (બીજો સુધારો) વિનિયમો, ૨૦૨૦ જાહેરનામા ક્રમાંક–૩/૨૦૨૦ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ અન્વયેનું નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનું જાહેરનામું

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ અન્વયેના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૭/૦૭/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–જીએચએન/૨૦/૨૦૨૦ વીડબલ્યુ એસ–૧૦–૨૦૧૯–વિધેયક–૧–પાર્ટ ફાઇલ–ખ–૪ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૬ના ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ અન્વયેનું શિક્ષણ વિભાગનું જાહેરનામું

શ્રીમતી વિભાવરી દવે(રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬ના ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ અન્વયેના, શિક્ષણ વિભાગના તા.૧૯/૦૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–જીએસ/એસએસ/૧૫/એસએચઇ/૨૦૧૯/ ૧૪૫૯/ખ–૧ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૪૯**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯,૪૪,૭૩,૧૬,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક– ૪૯ રજૂ કરવામાં આવી .**

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૮૬**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૦,૫૭,૧૮,૨૮,૦૦૦ની પૂરક માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરવામાં આવી.**

તા. ૯મી માર્ચ ૨૦૨૧

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક – ૨૨**

શ્રી નીતિનભાઇ પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૪૦,૨૨,૫૪,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક – ૨૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક – ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક –૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૩ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક – ૭૯**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૪,૮૫,૫૯,૦૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૯૦,૮૨,૯૮,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક – ૭૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક – ૭૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૭ રજૂ કરવામાં આવી.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક – ૯૨**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણની સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૪,૪૫,૬૩,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક – ૯૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક – ૯૨ રજૂ કરવામાં આવી.**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| **અ.નં.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૪૯** | | |
| ૧ | ૨૮૫૧–ગ્રામ...ઉદ્યોગો<br>૧૦૨–લઘુ ઉદ્યોગો<br>રૂ. ૩,૦૯,૮૬,૨૭,૦૦૦<br>પાના નં. ૪૬ | ૧૦૦ | ગ્રામ અને લઘુ ઉદ્યોગોને ક્લેઇમના ચૂકવણામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર<br>(શ્રી સુનિલભાઈ ગામીત) |
| | | **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માંગણી નં. ૨૨** | | |
| ૨ | ૩૪૫૬–નાગરિક પુરવઠો<br>૧૯૦–જાહેરક્ષેત્ર ....સહાય<br>૧૮–અન્ન સલામતી | ૧૦૦ | કોરોનાની મહામારી વખતે કાર્ડધારકોને અપાયેલ અનાજ વ્યાપક રીતે ખરાબ હોવાની ફરિયાદો છતાં યોગ્ય પગલાં લેવામાં તંત્રની | શ્રી વિમલભાઈ ચુડાસમા<br>(શ્રી વિરજીભાઈ ઠુમ્મર) |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૩,૩૯,૭૨,૫૪,૦૦૦<br>પાના નં. ૨૫ | | નિષ્ફળતા | |
| ૩ | ---"---- | ૧૦૦ | કૉવિડ-૧૯ની મહામારીના સમય દરમિયાન રેશનીંગની દુકાનોમાંથી અનાજની વહેંચણી માં થયેલ ગેરરીતિની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (શ્રી ભાવેશભાઈ કટારા) |
| | | **મહેસૂલ વિભાગ**<br>માગણી નં. ૭૯ | | |
| ૪ | ૨૨૪૫-કુદરતી...રાહત<br>૦૨-પુર.....વગેરે<br>૦૬-નાના .....સહાય<br>રૂ. ૧૪,૮૫,૫૯,૦૦,૦૦૦<br>પાના નં. ૬૪ | ૧૦૦ | ભારે પૂર અને વાવાઝોડા વખતે ખેડૂતોના ઊભા પાકનો સમયસર સર્વે ન કરાતાં ઝડપથી સહાય મેળવવામાં પડતી મુશ્કેલી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અંબરીષભાઈભાઈ ડેર (શ્રી કાન્તિભાઈ પરમાર) |
| ૫ | ---"---- | ૧૦૦ | પૂર અને વાવાઝોડા વખતે ખેડૂતોને સાથે રાખી સર્વે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચિરાગભાઈ કાલરીયા (શ્રી ચંદ્રીકાબેન બારીયા) |
| ૬ | ---"---- | ૧૦૦ | ખેડૂતોને થયેલ નુકશાનીનો સર્વે સ્થળ પર જવાને બદલે કચેરીમાં બેસીને કરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર (શ્રી બાબુભાઈ વાજા) |
| ૭ | ૨૨૪૫-કુદરતી...રાહત<br>૦૨-પુર.....વગેરે<br>૦૬-નાના .....સહાય<br>રૂ. ૧૪,૮૫,૫૯,૦૦,૦૦૦<br>પાના નં. ૬૪ | ૧૦૦ | પૂર, વાવાઝોડા અને કુદરતી આફતો સમયે નાના સીમાંત ખેડૂતોને થયેલ નુકસાન અંગેનો સર્વે કરનાર અનુભવી અને અસરકારક તંત્રના અભાવે પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઈ બારડ (શ્રી ભરતજી ઠાકોર) |
| | | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ<br>માંગણી નં. ૯૨ | | |
| ૮ | ૨૨૩૫-સામાજીક... કલ્યાણ<br>૦૨-સમાજ કલ્યાણ<br>૧૦૧-વિકલાંગોનુ કલ્યાણ<br>૦૧-S S W-05-વિકલાંગ કલ્યાણ<br>રૂ. ૨,૦૩,૪૯,૦૦૦<br>પાના નં. ૭૯ | ૧૦૦ | વિકલાંગોના પુનઃવસન માટે ચૂકવાયેલ રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ સોઢાપરમાર (શ્રી ચંદ્રીકાબેન બારીયા) |

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાનનો આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરના ૧૨થી ૫ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ - ૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓ પરની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના ૧ કલાક પહેલાં પૂરક માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય પણ આજે બિન સરકારી સંકલ્પોનું કામકાજ પણ હાથ પર લેવાનું હોઇ ઉક્ત જોગવાઇ મુજબ બપોરના ૨:૨૫ વાગ્યે પૂરક માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે. જે માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલ બીજી તમામ પૂરક માગણીઓ એકી સાથે ગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી ઉદ્યોગ, માર્ગો અને પુલો, નાગરિક પુરવઠા, કુદરતી આફતો અંગે રાહત અને સામાજિક સુરક્ષા અને કલ્યાણ અંગેની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા સૂચનો રજૂ કરવા ઊભો થયો છું. ગત વર્ષ કોરોનાનું વર્ષ ગયું છે, અતિવૃષ્ટિનું વર્ષ ગયું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી રસ્તાઓ માટે સતત ચિંતા કરે છે અને આજે આપે જોયું હશે કે રસ્તાઓ માટે સતત ચિંતાના કારણે કાપ દરખાસ્ત પણ વિરોધપક્ષ તરીકે રજૂ થઇ નથી પરંતુ માનનીય મંત્રીશ્રી આ બધી ચિંતા કરે છે એમાં અમે સૌરાષ્ટ્રને ક્યાંકને ક્યાંક મુશ્કેલી પડે છે. એ માટેના સૂચનો રજૂ કરવા માટે ઊભો થયો છું. અમરેલીથી ગાંધીનગર તરફ આવતો માર્ગ ગુજરાત રાજ્યનો મહત્ત્વનો

મુખ્ય માર્ગ છે. રાજ્યના બધા જ જિલ્લાઓ રાજ્યના મુખ્ય માર્ગને ચાર માર્ગીયથી જોડાયેલા છે. અમારો રંઘોળાથી ધોળા અને વલ્લભીપુર સુધીનો નેશનલ વર્લ્ડ બેંકમાંથી રસ્તો એક-બે પુલ બાદ કર્યા સિવાય સરસ રીતે બની ગયો છે. પરંતુ વલ્લભીપુરથી બગોદરા જવા સુધીમાં ઘણો બધો રસ્તો અતિવૃષ્ટિના કારણે બિસ્માર થયો છે. તેમાં રસ્તાઓ પહોળા કરવાના કામ પણ ચાલી રહ્યાં છે. જંગલ ખાતાની મુશ્કેલીઓ અંગે હું ધારાસભ્ય તરીકે વિભાગને મળ્યો હતો અને જંગલ ખાતાની મંજૂરી પણ મળી ચૂકી છે. રસ્તાઓના કામમાં અત્યારે એવી મુશ્કેલીઓ છે કે અમારે ગાંધીનગર વિધાનસભાના કામે આવવું હોય તો વલ્લભીપુરથી બોગદરા પહોંચવું અતિ કઠિન બન્યું છે. રસ્તાઓને પેચ કરવાની જરૂર છે. પહોળાઈવાળો રસ્તો બની ગયો છે તેમાં અડધો રસ્તો મંજૂર કર્યો છે અને અડધો રસ્તો મંજૂર કરવાનો બાકી છે. મારે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરવી છે કે સૌરાષ્ટ્રના મહુવાથી આવતાં મહત્ત્વના સોમનાથ ધામથી આવતો આ મહત્ત્વનો રસ્તો છે અને ઊનાથી ચાલતો રસ્તો છે ત્યારે આ રસ્તાને પહોળાઈ સાથે બગોદરા સુધી જોડી દેવામાં આવે. હું જે વખતે ધારાસભ્ય હતો ત્યારથી રજૂઆત કરું છું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ આર.ઓ.બી. મંજૂર કર્યો છે તેની લાઇન ચેન્જ થવા માટે રેલ્વેએ પણ મંજૂરી આપી છે પરંતુ કોઈને કોઈ કારણોસર આ કામગીરી હજુ વિલંબિત થાય છે. મારે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરવી છે કે ધોળાનો આર.ઓ.બી. તાત્કાલિક અસરથી થાય તો ત્યાં હાલ જે પીપાવાવથી એક-એક કિ.મી. લાંબી ડબલ ડેકર ગુડ્ઝ ટ્રેન આવે છે. આખા ભારતમાં સૌથી લાંબી કોઈ ગુડ્ઝ ટ્રેન ચાલતી હોય તો તે અહીંયા ચાલે છે. આ કારણસર અમારે અડધી-પોણી કલાક ત્યાં રોકાવું પડે છે. આ મારી એકની સમસ્યા નથી. આપ જ્યારે અધિકારીઓને બોલાવો છો ત્યારે એમને પણ ત્યાં રોકાવું પડે છે. આ આર.ઓ.બી.નું કામ તાત્કાલિક શરૂ થાય એના માટે મેં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને એમની ચેમ્બરમાં જઈને પણ રજૂઆત કરી છે અને આપના માધ્યથી પણ રજૂઆત કરું છું કે આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવે. રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બન્યા એ જિલ્લો એટલે અમરેલી જિલ્લો. એનો અડધો બાયપાસ બન્યો છે અને બાકીનો બાયપાસ .......

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરૂં થાય છે. માનનીય ગ્યાસુદ્દીનભાઈ હાજર નથી. એમનું માઈક ચાલુ રાખો. શ્રી વિરજીભાઈ બોલો. પૂરું કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાવરકુંડલામાં બાયપાસ બની ગયો છે પરંતુ આર.ઓ.બી. ન હોવાના કારણે એ મોટરેબલ બન્યો નથી અને રસ્તો બગડતો જાય છે અને હું આપના મારફતે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે આર.ઓ.બી. બનાવવામાં આવે તો મોટરેબલ રસ્તો થઈ શકે તેમ છે. ધોળામાં જે ગુડ્ઝ ટ્રેન મુશ્કેલીમાં મુકે છે એ જ ગુડ્ઝ ટ્રેન અમને જામનગર થી લાઠી જવામાં મુશ્કેલીમાં મૂકે છે. ત્યાં પણ આર.ઓ.બી. બનાવવાની જરૂર છે. બાબરા એક ધમધમતું નગર બન્યું છે ત્યારે બાબરામાં પણ બાયપાસ બનાવવામાં આવે. પાલિતાણા જૈનોનું એક મોટું ધામ છે. પલિતાણા શહેર ઘણી બધી ગિરદી અને ટ્રાફિક સમસ્યાવાળું શહેર બન્યું છે. અનેક પુંજી ત્યાં ચાલીને જાય છે ત્યારે એને પણ બાયપાસ આપવામાં આવે એવી મારી માનનીય નાયબ મુખ્યમમંત્રીશ્રી પાસે માંગણી છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ તા.૨૫/૦૨/૨૦૧૯ ના રોજ લખેલો પત્ર મારી પાસે છે. તેમાં જણાવ્યું છે કે widening & strengthening સાવરકુંડલા-રંઘોળા માર્ગ ૧૦ મીટર પહોળાઈનો કરવામાં આવશે. જ્યારે જ્યારે કામ શરૂ થયું છે ત્યારે આ ૭ મીટરનું કામ શરૂ થયું છે. મારે માર્ગ મકાન મંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આપે અમને ધારાસભ્યો અને સાંસદોને પત્ર લખેલો છે. આપના પદાધિકારીઓએ, ભારતીય જનતા પાર્ટીએ લખેલા પત્રો છે અને અમે જાહેરાત કરી ચૂક્યા છીએ ત્યારે આ ૧૦ મીટરની પહોળાઈના રસ્તાને કોઈ કારણોસર જો ૭ મીટરનો બનાવતાં હોય તો અમારી માંગણી છે કે આ રસ્તાના બદલે પીપાવાવ અને રાજુલા સાવરકુંડલા ટૂંકો રસ્તો બને છે એ રસ્તાને ૧૦ મીટર પહોળાઈ વાળો બનાવવામાં આવે. અમરેલી જિલ્લાને ટૂંકો રસ્તો આપવા માટે મારા બાબરા તાલુકાના ખંભાળા સુધી સ્ટેટ હાઈવે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી મંજૂર કરી ચૂક્યા છે પરંતુ તેની સાથે પાળિયાદને જોડી દેવામાં આવે એવી મારી વિનંતી છે. શ્રી સૌરભભાઈ અને અમારા જસદણના પાણી પુરવઠા મંત્રીશ્રીને પણ મારે વિનંતી કરવી છે કે પાળિયાદ ધામને રસ્તો મળશે તો અમરેલી, સોમનાથ, મહુવા અને રાજુલા વિસ્તારના જે લોકો છે એને પણ ટૂંકો રસ્તો મળી શકે તેમ છે. માત્ર ૨૦-૨૫ કિલોમીટરનો રસ્તો જોડી દેવામાં આવે તો અમને ૪૨ કિલોમીટર જેવું ગાંધીનગર સાથેનું ટૂંકુ પડી જાય તેમ છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, માર્ગ અને મકાન વિભાગ માટે અમને સંતોષ છે ત્યારે અમારી આ જે તૂટતી કડીઓ છે તેને મંજૂર કરવામાં આવે તેવી વિનંતી કરું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માંગણીઓ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ગીર સોમનાથ જિલ્લામાં જયારે મોટા ઉદ્યોગો દરિયાકાંઠે આવેલા હોય ત્યારે એ ઉદ્યોગોને સિમેન્ટ અને કેમિકલ ઈન્ડસ્ટ્રીઝને કેમિકલ બનાવવા માટે લાઇમ સ્ટોનની જરૂર હોય છે. રોજનો ૩૦થી ૩૫ હજાર ટન એમને લાઇમ સ્ટોન જોઇએ છીએ. બ્લોક બનાવવા માટે સરકારશ્રીની નીતિઓ બની છે પણ ઘણા સમયથી કંપની વાળા એ પ્રાઇવેટ લેન્ડ જે ખરીદી કરતા હોય અને પ્રાઇવેટ લેન્ડની અંદર જે બ્લોક બેસાડવાના હોય એ બ્લોકની મંજૂરીઓ આજે આપવામાં આવતી નથી, એના કારણે જે ઉદ્યોગો છે એમની પાસે માઇનિંગ છે એ લિમિટેડ છે, કદાચ એ ઉદ્યોગોને વર્ષ દિવસ પછી પૂરતું મટિરીયલ્સ ન મળવાના કારણે એ ઉદ્યોગો બંધ પણ કરી દેવા પડે એવી પરિસ્થિતિ આજે એમની નિર્માણ થાય એમ છે. તો મારી વિનંતી છે કે, આ જે ઉદ્યોગો છે એમને જે પ્રાઇવેટ લેન્ડ કે પ્રાઇવેટ જમીન જે ખરીદતા હોય એની અંદર બ્લોક પાડીને

એમને પરમિશન આપવામાં આવે તો એ ઉદ્યોગો ચાલુ રહી શકે અને એમને પૂરતું મટિરિયલ્સ પણ મળી શકે એમ છે. કારણ કે, મારા વિસ્તારની જે મોટી કંપનીઓ છે એમાં અંબુજા, સિદ્ધિ અને ગુજરાત ફેવી કેમિકલ્સ છે. આ ત્રણે કંપનીઓને રોજનું ૩૫થી ૪૦ હજાર ટન મટિરિયલ્સ જોઇએ છે. એની અંદર હજારો કામદારો નોકરી કરે છે, હજારો કામદારોને એમાંથી રોજીરોટી મળે છે. આ જે જૂના ઉદ્યોગો છે એ ઉદ્યોગોને પૂરતો લાઇમ સ્ટોન નહી મળે તો આવનારા સમયમાં બંધ પણ થઇ શકે તેમ છે. એટલે મારી સરકારશ્રીને અને માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આની અંદર આવનારા સમયમાં કંઇક યોગ્ય રસ્તો નીકળે અને એમને પ્રાઇવેટ લેન્ડની જે જમીનો ખરીદી છે, એની અંદર બ્લોક પાડી એમને પરમિશન આપવામાં આવે એવી પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, મારા વિસ્તારમાં ઘણા સમયથી બ્લેક સ્ટોનની એટલે કાળા પથ્થરની જે ખાણો છે, એ ઇ.સી. ના વાંકે એન્વાર્યમેન્ટ કલીયર સર્ટિફિકેટ મળ્યું નથી એના કારણે ૧૪ માઇન્સો અત્યારે બંધ છે. શ્રી નીતિનભાઇએ રોડ રસ્તાઓની મોટી રકમ ફાળવી છે, એના જોબ નંબર પણ આપ્યા છે. અત્યારે મુશ્કેલી એ છે કે, મટિરિયલ્સ ન મળવાના કારણે રસ્તાઓના કામ થઇ શકતા નથી. તો એની અંદર પણ ઘટતું કરીને જે અમારી ૧૪ થી ૧૫ બ્લેક સ્ટોનની ગીર સોમનાથમાં માઇનીંગ આવેલી છે, એ માઇનીંગ વાળાને તાત્કાલિક ઇ.સી.ના સર્ટિફિકેટો મળી જાય અને જે એમની રોયલ્ટી બ્લોક કરી દેવામાં આવી છે, એ રોયલ્ટી પણ પાછી ચાલુ કરવામાં આવે એવી પણ હું વિનંતી કરુ છું અને એનાથી પણ ઘણા બધા કામદારોને રોજીરોટી મળતી હતી અને મળી શકે એમ છે. એટલે આવનારા સમયની અંદર આ જે ઉદ્યોગો છે, એમને પૂરતો ખોરાક મળે અને એમાં સરકારશ્રી એ બ્લોક સિસ્ટમની અંદર તાત્કાલિક પરમિશન આપે અને બ્લેક સ્ટોનના જે ૧૪ કવોરીવાળા છે, એમની જે ઇ.સી.ના વાંકે કવોરીઓ બંધ છે એના માટે તાત્કાલિક એમને એન્વાર્યન્મેન્ટ કલીયર સર્ટિફિકેટ મળે અને એ કવોરીઓ ચાલુ કરવામાં આવે એવી હું વિનંતી કરુ છું.

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ પટેલ,

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય નાણામંત્રીશ્રી જે ઉદ્યોગ અને ખાણ વિભાગની ૯,૪૪,૭૩,૧૬,૦૦૦/– રૂપિયાની પૂરક માંગણીઓ નંબર ૪૬ થી ૪૮ લઇને આવ્યા છે, એ બાબતે અમો સંમત થતા નથી.

જો આ વિભાગની અંદર માનનીય મંત્રીશ્રી, જે પ્રમાણે છેલ્લા બે ત્રણ વર્ષથી જે ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આક્ષેપો મિડીયામાં થયા છે, એના પુરાવા સાથે રજૂઆતો થઇ છે. હમણાં જ અમારા એક સભ્યએ કહ્યું કે, છેલ્લા ૨૦ દિવસથી આ વિભાગના અધિકારીઓ ફોન ઉપાડતા નથી, માનનીય મંત્રી સાહેબ. આ વિભાગના ત્રણ અધિકારીઓને છેલ્લા ૨૦ દિવસથી હું ફોન કરું છું, એમને મેસેજ પણ કર્યા, આજ તારીખ સુધી મેસેજના પણ જવાબો આપતા નથી ત્યારે જો ધારાસભ્યની વાત ના સાંભળવામાં આવતી હોય તો આ વિભાગ માટે જે રજૂઆતો થઇ છે, પી.એમ.ઓ. ઓફિસમાંથી, સી.એમ. ઓફિસમાંથી, આ બાબતે વારંવાર રિમાઇન્ડર લખવામાં આવ્યા છે. જો માનનીય મંત્રીશ્રી તૈયાર હોય તો એક સર્વપક્ષીય કમિટી બનાવી અને એની તપાસ કરવામાં આવે અથવા સી.આઇ.ડી. ક્રાઇમને આની તપાસ સોંપવામાં આવે તો આની અંદર કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર બહાર આવે એમ છે અને જો આ બાબતે ધ્યાન રાખ્યું હોત તો આ માંગણીઓ લઇને આવવાની જરુર ન પડી હોત.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૭–૧૮ની અંદર ઇ–ઓકશનથી હરાજીઓ કરવામાં આવી તે સારી બાબત છે. જે પણ ગ્રેનાઇટ અથવા જે રેતીની લીઝો હતી એ ઇ ઓકશનથી હરાજી કરવામાં આવી એવી ૪૦૦થી વધુ ઇ–ઓકશનથી હરાજીઓ કરવામાં આવી છે તેમાંથી માત્ર ચારથી પાંચ લીઝો શરૂ કરવામાં આવી છે. કોઇ ને કોઇ બહાના નીચે ઇ.સી. પ્રમાણપત્ર નથી, આ નથી, પબ્લિક હિયરિંગ થતું નથી એવી બાબતો કહીને છેલ્લા ચાર વર્ષથી આ જે ઓકશનર છે એમણે પૈસા પણ જમા કરાવી દીધા છે, ડિપોઝીટ પણ જમા કરાવી દીધી છે તેમ છતાં ચાલુ થઇ નથી અને કરોડો રૂપિયાની રોયલ્ટીની આવક સરકારને મળતી નથી. અને આજે પણ જે ઇ ઓકશનથી હરાજીઓ થઇ હતી અને જે લીઝો આપવામાં આવી હતી એમાંથી ગેરકાયદેસર રીતે ખનન કરવામાં આવે છે અને મોટા ભાગનું ખનિજ હતું તે ઉપાડી લેવામાં આવ્યું છે. એટલે આ બાબતમાં માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તાત્કાલિક જે પણ પ્રક્રિયા અધૂરી હોય એમાં કેટલાક અધિકારીઓ કેન્દ્ર સરકારના પરિપત્રનું ખોટું અર્થઘટન કરીને એનો દુરઉપયોગ કરી રહ્યા છે. મેં પણ એ બાબતમાં રજૂઆત કરી છે. રાજસ્થાનમાં અને બીજા રાજયોમાં આ બાબતે ઇ.સી.ના પ્રમાણપત્ર આપી અને માઇનીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. એટલે આ બાબતે તાત્કાલિક જો ઇ.સી. પ્રમાણપત્ર આપી અને માઇનીંગ શરૂ કરવામાં આવે તો રાજય સરકારને કરોડો રૂપિયાની આવક થઇ શકે એમ છે.

એમ.એસ.એમ.ઇ. માટેનો સરકારનો અભિગમ સારો હતો, એમ.એસ.એમ.ઇ. ની અંદર રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું તે બાબતે મારા પાટણ વિસ્તારની વાત કરું તો એમ. એસ. એમ. ઇ.ની અંદર એવો પરિપત્ર રાજય સરકારનો છે કે એમ.એસ.એમ.ઇ.ની અંદર રજિસ્ટ્રેશન થયું હોય તો એ જગ્યાની ૩ વર્ષ સુધી એન. એ. કરાવવાની જરૂર પડતી નથી. એ નાના ઉદ્યોગોનો વિકાસ કરવા માટેનો સરકારનો સારો અભિગમ હતો. પણ આ વિભાગના જ કેટલાક અધિકારીઓ એવું કહે છે કે આ પરિપત્ર અમને લાગુ પડતો નથી. પાટણ વિસ્તારમાં માઇનીંગના જે રેતી ચાળવાના પ્લાન્ટ બની રહ્યા છે એ એમ.એસ.એન.ઇ. ની અંદર રજિસ્ટ્રેશન થયેલ હોવા છતાં એનો લાભ આપવામાં આવતો નથી. એટલે એમ.એસ.એમ.ઇ.ની અંદર રજિસ્ટ્રેશન થયેલું હોય તેને આ જી. આર.નો લાભ આપવામાં આવે એવી હું વિનંતી કરું છું.

તા. ૯મી માર્ચ ૨૦૨૧

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે માર્ગો અને પુલો માટેની પૂરક માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહની અંદર સરકાર ગતિશીલ છે, ખૂબ વિકાસ થયો છે, આવી ખૂબ વાતો સાંભળવા મળે છે. અને કાગળ ઉપર તો અમારા વિસ્તારના પણ ઘણા બધા કામોને મંજૂરી, જોબ નંબર આપવામાં આવ્યા છે. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે વર્ષ ૨૦૧૭ની અંદર મારા વિસ્તારના ચાર જે રસ્તાઓ છે એ રસ્તાઓના વર્ક ઓર્ડર પણ અપાઇ ગયા છે પણ આજ દિન સુધી કામ ચાલુ થયા નથી. ખૂબ અગત્યના મહત્વના રસ્તાઓ હોવા છતાં પણ સરકારના જે વહીવટી અધિકારીઓ છે એ આમાં કામ લઇ શકતા નથી. જયારે જયારે સંકલનમાં ફરિયાદ કરીએ અને સંકલનમાં પ્રશ્ન નાખવામાં આવે છે ત્યારે માત્ર નોટિસ આપવામાં આવી છે તેવું કહેવામાં આવે છે. અમારા સોમનાથ મંદિર કે જે વિશ્વનું સૌથી મોટું પ્રસિદ્ધ મંદિર છે તે મંદિરે જવા માટેનો નેશનલ હાઇવેનો જે રસ્તો છે તે આજે પણ સાત સાત વર્ષથી એકદમ કન્ડમ હાલતમાં છે, એજનસીઓને કામ આપવામાં આવ્યું છે પણ કોઇ કામ કરવામાં આવતું નથી અને મારા પહેલાના સભ્યશ્રીએ જે વાત કરી એમ ઉદ્યોગો હોવાને કારણે ત્યાં ખૂબ ભારે લોડેડ વાહનો ચાલતા હોય છે અને ભારે લોડેડ વાહનો ચાલવાના લીધે રસ્તાઓ તૂટી ગયા છે એની ધૂળની ડમરીઓ ઉડે છે અને વખતો વખત, હજારો વખત રજૂઆતો કરવામાં આવી છે છતાં આજ દિન સુધી કોઇ પરિણામ આવ્યું નથી, સોમનાથ મંદિર એ પ્રથમ જયોતિર્લીંગ હોવાથી લાખો લોકો શ્રદ્ધાના પ્રતિક રૂપે ત્યાં દર્શને આવે છે તેઓ પારાવાર હેરાન થાય છે. તેમજ અમારા વિસ્તારમાં પર્યટન સ્થળ દીવ છે ત્યાં જવા માટે પણ લોકો ખૂબ હેરાન થાય છે. માટે માનનીય નીતિનભાઇને મારી વિનંતી છે કે આ રસ્તાઓના કામો ખૂબ સરસ રીતે વહેલાસર થાય અને તાત્કાલિક ધ્યાન અપાય તો સારું છે. અમારા વિસ્તારના રસ્તાઓને જોબ નંબર આપવામાં આવેલ છે તો એના પાંચ વર્ષ સુધી હજી પ્લાન એસ્ટીમેટ ન બને અને કામ ન થાય અને અમે વખતો વખત રજૂઆતો કરીએ છતાં પણ કામગીરીનું નિરાકરણ ન આવે એ વાજબી નથી. માટે અમારા વિસ્તારના લોકો પણ અમને વખતો વખત પૂછ્તા હોય છે કે સરકાર તો દાવા કરે છે લોકોની કામગીરી કરવા માગે છે તો તમે રજૂઆતો નથી કરતા અમે વખતો વખત રજૂઆતો કરીએ છીએ છતાં અમારી રજૂઆતોનું કોઇ પરિણામ આજદિન સુધી અમારા વિસ્તારના રસ્તાઓમાં આવ્યું હોય તેવું દેખાતું નથી. માટે માનનીય નીતિનભાઇ પટેલને વિનંતી કરું છું કે મારા મત વિસ્તારના જે રસ્તાઓના જોબ નંબર આપ્યા છે એ બાબતે આપ સાહેબ અંગત રસ લઇને આ કામોને તાત્કાલિક વહેલાસર પૂરા થાય અને સમયસર લોકોને સુવિધાઓ મળે તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તકનો વિભાગ ખાણ અને ખનિજ વિભાગ ઉપર માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ બાબતમાં મારા થોડા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

હું સૂચન કરી રહ્યો છું એનો ધ્યેય માત્રને માત્ર સરકાર અમારા વિસ્તાર સામે પણ દ્રષ્ટિ કરે એ બાબતે હું ઉભો થયો છું. આ રાષ્ટ્રના નિર્માણમાં જેણે પણ યોગદાન આપ્યું છે એ વ્યકિત હોય તો પણ ભલે વિસ્તાર હોય તો પણ ભલે ગામ હોય તો પણ ભલે એ લોકો પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવાને બદલે જો સરકારશ્રી દ્વારા ઉદાસિનતા સેવવામાં આવશે તો એ સૌ માટે આશ્ચર્યની બાબત છે. મારા વિસ્તારની અંદર ખૂબ મોટા પ્રમાણમાં ઉદ્યોગો આવેલા છે અને એ ઉદ્યોગો માંથી બે ઉદ્યોગોની વાત કરીએ તો અલ્ટ્રાટેક સિમેન્ટ અને નર્મદા સિમેન્ટ જેનું સંચાલન પણ અલ્ટ્રાટેક સિમેન્ટ કરે છે. વિપુલ પ્રમાણમાં ખાન ખનિજ મારા વિસ્તારના પાંચ ગામોમાં જયાં આ બે કંપનીઓ કામ કરી રહી છે ત્યાં આવેલા છે એ ગામોના નામ આપું તો કોવાયા, બાબરકોટ, ભાકોદર, વાંઢ અને વારાસુરુપ. વિધાનસભામાં તારાંકિત પ્રશ્નોમાં મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે છેલ્લા દસ વર્ષમાં રોયલ્ટી પેટેની ઇન્કમ જે ઓન લાઇન જમા કરાવેલ છે ખાણ ખનિજ વિભાગમા ભરાણી છે એ અંદાજે છેલ્લા દસ વર્ષમાં ૪૭૪ કરોડ રૂપિયા ભરાયા છે. જેની માહિતી પણ મને સરકારશ્રીએ આપી છે. આવા ઉદ્યોગો છેલ્લા ૨૦-૨૫ વર્ષથી મારા વિસ્તારમાં ખનન પ્રવૃતિઓ કરી રહ્યા છે, ઉદ્યોગો ચલાવી રહ્યા છે તેવું કરી રહ્યા છે. છેલ્લા દસ વર્ષમાં રૂપિયા ૪૭૪ કરોડ અને એના પાછલા વર્ષમાં જોઇએ તો રૂપિયા ૫૦૦ કરોડ એટલે કે રૂપિયા એક હજાર કરોડ જેટલી રકમ સરકારશ્રીમાં મારા વિસ્તારના માત્ર પાંચ ગામોએ જમા કરાવી છે. આજે પણ એ વિસ્તારની પરિસ્થિતિ જોઇએ આ પાંચ ગામોની સ્થિતિ જોવામાં આવે તો હું દાવા સાથે કહું છું કે શિક્ષણની ખામી છે, રોડ રસ્તાની ખામી છે,ગટરોની ખામી છે, શિક્ષણની ખામી છે, શાળાઓની ખામી છે, રોડ રસ્તાઓની ખામી છે આરોગ્યની સુવિધાઓથી આ ગામડાં વંચિત છે તો હું કહેવા માગું છું કે આટલી બધી ઇન્કમ જો આ પાંચ ગામમાંથી માત્ર સરકારશ્રીને થતી હોય તો શા માટે દુર્લક્ષતા સેવવામાં આવે છે. ભૂતકાળના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ કદાચ સરકારશ્રીનું ધ્યાન નહિ દોર્યું હોય, અન્યાય કર્યો છે તેવું કહેતો નથી પરંતુ ભૂતકાળમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ સરકારશ્રીનું ધ્યાન નહિ દોર્યું હોય પરંતુ મારા વિસ્તારના લોકો હું ચૂંટાયા પછી સતત કહી રહ્યા છે કે શ્રી અમરીષભાઇ આની રજૂઆત સરકાર સમક્ષ કરો એટલે હું વિનંતી કરવા આપની સમક્ષ ઉભો થયો છું. માત્ર પાંચ ગામોમાંથી ૧ હજાર કરોડ રૂપિયા સરકારમાં જમા થયા હોય તો સરકારની ફરજ થાય છે કે પાંચે પાંચ ગામોને મૉડેલ વિલેજ તરીકે પ્રસ્થાપિત કરે અને સરકાર એમાં ઇન્ટરફિયર કરીને કયાંકને કયાંક આ બધા ગામોના લોકો પણ અન્ય વિસ્તારના ગામો સાથે કદમ મીલાવીને ચાલી શકે એના માટેનો પ્રયત્ન કરે. સન ૨૦૧૮માં હું તારીખ પણ આપું આ વિસ્તારમાં ભૂકંપ આવેલો ત્યારે એનું કેન્દ્રબિન્દુ પણ આ પાંચ ગામોમાંથી ત્રણ ગામો હતા. તો હું એમ કહેવા માગું છું કે સહન કરવાનું આવે છે ત્યારે આ ગામો કરે છે

પણ જ્યારે કોઇ સુવિધા આપવાની આવતી હોય છે ત્યારે આ બાબતમાં સરકાર ઉદાસીનતા ન સેવે એવી હું વિનંતી કરી રહ્યો છું, કારણ કે એ ગામો પણ આપણાં વિસ્તારના અવિભાજ્ય અંગ છે અને જ્યારે આ વિસ્તારનું અવિભાજ્ય અંગ હોય ત્યારે એમની જે વાત છે. વફાઓ પે વફા કિયે જા રહે હૈ, ઔર સરકાર હમ પે સિતમ પે સિતમ ગુજાર રહી હૈ. એટલા માટે હું વિનંતી કરી રહ્યો છું કે આગામી સમયની અંદર મારા વિસ્તાર સાથે, આ ગામો સાથે અન્યાય ન થાય અને જે કોઇ પણ પડતર પ્રશ્નો છે તે બાબતે વિચારણા થાય તો લોકો એવું સમજશે કે અમારા વિસ્તારમાંથી સરકાર કમાય છે અને સરકાર અમને વિશેષતા સાથે કંઇકને કંઇક પરત આપે છે. આટલી વિનંતી માટે ઉભો થયો છું. આશા-અપેક્ષા રાખું છું કે કંઇક સારું થાય. આપ સૌનો આભાર.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ છે કે આજે હું જે પૂરક માગણીઓ લઇને આવ્યો છું તેમાં મારા માર્ગ-મકાન વિભાગ ઉપર માનનીય વિરોધપક્ષના કોઇ પણ સભ્યશ્રીએ કાપદરખાસ્ત રજૂ કરી નથી. અમારા માર્ગ-મકાન વિભાગની કામગીરીને બધા જ સભ્યશ્રીઓએ આવકારીને વખાણી છે એ બદલ હું સર્વે સભ્યશ્રીઓનો આભાર માનું છું. સાથે સાથે હું બધા સભ્યશ્રીઓને ખાતરી આપું છું કે કોઇ પણ જાતના ભેદભાવ સિવાય આખું ગુજરાત આપણું છે. ખેતીવાડી ક્ષેત્ર હોય, ઉદ્યોગ ક્ષેત્ર હોય, ખાણ-ખનિજ ક્ષેત્ર હોય કે વન વિભાગ ક્ષેત્ર હોય, પર્યટનને લગતો વિસ્તાર હોય, ધાર્મિક ક્ષેત્રનો વિસ્તાર હોય. આ બધા વિસ્તારોમાં ગુજરાતના કરોડો નાગરિકો અવાર નવાર ઉદ્યોગ, વેપાર, ધંધા, પ્રવાસન વગેરે માટે પ્રવાસ કરતા હોય, બીજાં રાજ્યોમાંથી, પરદેશમાંથી પણ ભગવાન સોમનાથના, ભગવાન દ્વારકાધીશના, અંબાજીના, ડાકોરના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓ આવતા હોય અને જે રીતે અહીં કહેવાયું એમ ઉદ્યોગ ક્ષેત્રમાં પણ દરરોજ હજારો ટ્રકોમાં માલ-સામાનની અવરજવર થતી હોય એવા બધા વિસ્તારોને ખૂબ સારી રીતે નેટવર્કથી આવરી લઇને રસ્તાઓનું એક વ્યાપક માળખું ઉભું કરવાનું કામ અમારો માર્ગ-મકાન વિભાગ કરી રહ્યો છે. સાથે ભારત સરકારનો નેશનલ હાઇવે પણ આપણને ભારત સરકાર દ્વારા મદદ કરી રહ્યો છે. ઘણાં રસ્તા એવા હોય છે કે જે નેશનલ હાઇવે હસ્તક હોય પણ નાગરિકો, આમ જનતાને એમ લાગે કે આ તો રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગને લગતી કામગીરી છે. એટલે એના પ્રશ્નોનો ખુલાસો, ટીકાઓ પણ અમારે સહન કરવી પડે છે. અમે અમારા સંસદસભ્ય દ્વારા, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીજી સાથે હું સંપર્કમાં રહીને નેશનલ હાઇવેના કામો પણ ઝડપથી થાય, સારા થાય એ અંગે સક્રિયતાથી કામ કરી રહ્યો છું. નાનામાં નાના ગામડાંના રસ્તા છ માર્ગીય હાઇવે થાય ત્યાં સુધીનું માળખું આપણે ઉભું કર્યું છે. અમરેલી જિલ્લો હોય, ભાવનગર જિલ્લો હોય કે દૂરના જે ગીર સોમનાથ વગેરે જિલ્લા હોય એ બધા જિલ્લા અથવા મહીસાગર, અરવલ્લી, તાપી નર્મદા જેવા આદિવાસી જિલ્લા હોય એ બધા ઉપર અમારું ધ્યાન છે. પહેલાં વાહનવ્યવહાર ઓછો હતો. સામાન્ય નાગરિક માટે તો વાહનની કોઇ કલ્પના પણ નહોતી થતી. હવે તો લગભગ ગુજરાતમાં ઘરે ઘરે નાના મોટા ટુ વ્હીલર, ફોર વ્હીલર વાહનો લાખોની સંખ્યામાં આવી ગયા છે. પ્રસંગો પણ વધતા જાય છે. દર્શન કરવા જવું, સામાજિક પ્રસંગોમાં જવું, શિક્ષણ માટે, આરોગ્ય માટે ક્યાંક પ્રવાસ કરવો પડે આ બધું કરીએ છીએ. તેનું માધ્યમ રસ્તાઓ છે. બીજું, ટ્રેન વ્યવહાર છે. હવાઇ માર્ગ છે. આ બધું જ આપણે વધારી રહ્યા છીએ. ભાવનગર-ઘોઘાથી સુરત-દહેજ ફેરી સર્વીસ શરૂ કરી દીધી છે. દરિયા માર્ગે એનો પણ ઉપયોગ થાય છે એટલે ગુજરાતની વાહનવ્યવહાર ક્ષેત્રમાં ક્રાંતિ કરવાની આપણી શરૂઆત થઇ ચૂકી છે. અમદાવાદ સાબરમતી રીવરફ્રંટથી કેવડીયા સુધી સી-પ્લેન પણ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ શરૂ કરી દીધું છે. હેલીકોપ્ટર સર્વિસ પણ ગુજરાતમાં આપણે જયારે વધારી રહ્યા છીએ ત્યારે આમ તો માર્ગ અને મકાન વિભાગની ચર્ચા વખતે કહેવાનું થશે એ વખતે પણ કહી શકાય પણ આ બધું જ કામ અમે જે કરી રહ્યા છીએ ત્યારે એમાં નવા કામો કરવા માટે એસ્ટીમેંટ વધારવાનું કામ આવે, ધારાસભ્ય અમારી પાસે આવે કે આ ૫ કિલોમિટર કર્યું, આ ૭ કિલોમિટર કર્યું હવે આટલું લંબાવી દો તો શાળા આવી જાય છે, મંદિર આવી જાય છે, બીજું ગામ જોડાઇ જાય છે, હાઇવે નજીક થઇ જાય છે, અંતર ઘટી જાય છે તો એ પણ બધું પાછળથી એસ્ટીમેંટ ટેન્ડર મંજૂર કર્યા પછી પણ ધારાસભ્યની લાગણી માગણીને ધ્યાને રાખીને વધારી આપીએ છીએ એટલે પણ ઘણો વધારો આપણે કરવો પડયો છે. માનનીય સભ્યશ્રી વિરજીભાઇએ જે રજૂઆત કરી, એની પણ મેં નોંધ કરી છે, એવી જ રીતે માનનીયશ્રી મોહનભાઇએ પણ સોમનાથના વિસ્તારના રસ્તાઓની વાત કરી એની પણ મેં નોંધ કરી છે. ગીર-સોમનાથના રસ્તાના કપચી, ગ્રીટ, કાળા પત્થર, ઇ.સી.ની મંજૂરીની ભગવાનભાઇએ જે રજૂઆત કરી એની પણ નોંધ કરી છે. માનનીયશ્રી કીરીટભાઇએ પણ ખાણ-ખનિજ વિભાગની કામગીરી બાબતની વાત કરી છે એની પણ નોંધ કરી છે. આમ શ્રી અમરીષભાઇએ પણ જે રજૂઆત કરી એ બધાની પણ નોંધ કરી છે તો આ બધું નોંધીને જે તે સંબંધિત વિભાગ સાથે અમે મિટિંગ કરી અને પૂર્તતા કરાવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરીશું એટલે આજના જે વિષયો છે એમાં માર્ગ અને મકાન વિભાગમાં તો કાપ દરખાસ્તો તો કરી જ નથી પણ બાકીની જે પૂરક માગણીઓ મેં જે રજૂ કરી છે એને પણ જો સર્વાનુમતે મંજૂર કરવામાં આવે તો સારું. ઉદ્યોગ ખાણ વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, મહેસૂલ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, આ બધા વિભાગોમાં પ્રજાને ઉપયોગી કામોના જ ખર્ચા વધ્યા છે. જરૂરિયાતો વધી છે એટલે આ પૂરક માગણીઓ સન્માનનીય ગૃહ સમક્ષ અમારે રજૂ કરવી પડી છે તો જે રીતે માર્ગ અને મકાનની માગણીને સર્વાનુમતે મંજૂર કર્યું તો નાગરિક પુરવઠા વિભાગમાં પણ આ કોરોના વખતે નાગરિક પુરવઠા વિભાગે જે કામગીરી કરી છે એ પણ અદ્વિતિય કામગીરી છે. લાખો લોકોને છ વખત ભારત સરકારના સહયોગથી આપણે કોરોનાના સંક્રમણ વખતે લોકોને વિનામૂલ્યે અનાજ આપ્યું તો એનો

ટ્રાન્સપોર્ટેશન ખર્ચ, કમિશન ખર્ચ, એ બધું પણ વધે એ પણ સ્વાભાવિક છે. ડિલરોને પણ અમારા આરોગ્ય કર્મચારી, પોલીસ કર્મચારીઓની જેમ કોરોના વોલન્ટીયર્સ તરીકે રક્ષણ આપ્યું. આપણે જેને સસ્તા અનાજની દુકાન તરીકે ઓળખીએ છીએ એ પંડિત દિનદયાળ સ્ટોર ઉપરથી જે અનાજ આપતા હતા એ લોકોને પણ આપણે આવરી લીધા છે કે ના કરે ભગવાન એવું પણ કોઇ અનાજ લેવા ગયું, કોઇ બીજા કામ માટે ગયું, કોઇએ થમ્બ આપ્યો એમાં કોઇને સંક્રમણ થઇ ગયું તો એ કર્મચારી દુકાનદારોનું જો મૃત્યુ થાય તો એને પણ ગુજરાત સરકાર તરફથી સહાય આપી છે. આવા બે-ત્રણ કિસ્સા બન્યા છે. આવા બધાના રક્ષણ માટે જયારે આપણે આ બધું કરી રહ્યા હોય ત્યારે અંદાજિત ખર્ચ બજેટમાં થયો હોય પણ આ ફાઇનલ જે પૂરક માગણીઓ આવે એમાં બધી હિસાબોની પૂર્તતા થતી હોય છે તો આ બધી જ માગણીઓ મંજૂર કરે. કુદરતી આપત્તિ વખતે પણ કંઇ ખબર નથી હોતી. બનાસકાંઠામાં તીડનું આક્રમણ થયું ત્યારે અમારા માનનીય ફળદુસાહેબ કેટલી બધી કામગીરી કરાવી, કેટલો બધો ખર્ચો થયો, અમારે તે વખતે નવા વાહનો, નવા દવા છાંટવાના પંપો, જે આપણે કલ્પના પણ નહોતો એ નવી ખરીદી કરવી પડી, ભાડે રાખવા પડયા, હેવી પંપો જે દવા છંટકાવ કરી શકે, ખેડૂતોના કીંમતી માલનું રક્ષણ કરી શકે,આવી બધી અચાનક જે આપત્તિ આવી એની આપણને કલ્પના પણ નથી હોતી તો એવા બધા ખર્ચ જયારે વધ્યા છે ત્યારે હું આશા રાખુ છું કે બધી જ દરખાસ્તો આપ વિના વિરોધે મંજૂર કરો એવી સૌને મારી વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક : ૪૯, ૮૬, ૨૨, ૭૯ અને ૯૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**ગીલોટીન કરેલી માગણીઓ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓના પત્રકમાં કુલ ૩૪ પૂરક માગણીઓનો સમાવેશ થયેલો છે. એમાંથી ૧૦ પૂરક માગણીઓ ચર્ચા દ્વારા પસાર કરવામાં આવેલી છે. બાકી રહેતી ૨૪ માગણીઓ પૈકી ૪ માગણીઓ બિન મતપાત્ર હોવાથી એ સિવાયની બાકી રહેતી કુલ ૨૦ માગણીઓ, પૂરક માગણી ક્રમાંક- ૨, ૧૮, ૨૩, ૩૧,૩૨, ૩૫, ૪૩, ૪૬, ૫૨, ૬૬, ૭૦, ૮૫, ૮૮, ૮૯, ૯૬, ૯૮, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ હું મતદાન માટે રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૨, ૧૮, ૨૩, ૩૧,૩૨, ૩૫, ૪૩, ૪૬, ૫૨, ૬૬, ૭૦, ૮૫, ૮૮, ૮૯, ૯૬, ૯૮, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**(વિરામ બપોરના ૨-૧૨થી ૩-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

બિન-સરકારી કામકાજ

**દાખલ કરવા માટેના બિન-સરકારી વિધેયક**

**ગુજરાત લાંબી બિમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક, ૨૦૨૦**

**જેમાં દર્દીનું કમનસીબે મૃત્ય થાય તેવી લાંબી બિમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા તેમજ તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૦નું ગુજરાત લાંબી બિમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૦નું ગુજરાત લાંબી બિમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**બિન-સરકારી સંકલ્પો**

**કિસાન સૂર્યોદય યોજનાના અમલ અંગે**

**શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ અર્થતંત્ર ધબકતું કરવા તેમજ ગ્રામજનોના જીવનમાં સામાજિક-આર્થિક પરિવર્તન લાવવા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. તે જ રીતે રાજ્યના ખેડૂતોને દિવસના સમયમાં ખેતી માટે વીજળી ઉપલબ્ધ થાય તે અર્થે કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવી છે.

પાણી અને વીજળી એ ખેડૂતોની પ્રાથમિક જરૂરિયાત છે. કિસાન સૂર્યોદય યોજના, જ્યોતિગ્રામ યોજના પછીની સૌથી મોટી યોજના છે જે થકી ખેડૂતોને દિવસના સમયમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો ઉપલબ્ધ થશે.

રૂપિયા ૩૫૦૦ કરોડની આ યોજના હેઠળ ગુજરાતના અંદાજે ૪૦૦૦ જેટલા ગામોને લાભ મળવાનો શરૂ થયો છે. એટલું જ નહીં વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યના તમામ ગામોને આ યોજના હેઠળ આવરી લેવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ યોજનાના અમલીકરણથી ખેડૂતોને હવે રાતને બદલે દિવસે ખેતી કરવાની સવલત મળતાં પાક ઉત્પાદનમાં અનેકગણો વધારો થશે. ઉપજની આવક વધતાં કિસાન પરિવારોમાં સમૃદ્ધિનો સૂરજ ઉગશે.

રાજ્યના ખેડૂતો માટે આશીર્વાદરૂપ કિસાન સૂર્યોદય યોજનાનો સમગ્ર રાજ્યમાં વહેલી તકે સંપૂર્ણ અમલ થાય તે માટે જરૂરી પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત જે યોજના રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે તે માટે હું મારા પોતાના વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ ગુજરાતના ખેડૂતોને ૮ કલાક વીજળી શીપમાં વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ તમામ કૃષિ વિષયક ગ્રાહકોને ૧૧/૨૨ કે.વી. ના કુલ ૮૬૪૨ ફિડરોને કુલ ૧૫૩ ગ્રુપમાં વહેંચણી કરીને શિફ્ટમાં ચલાવી વીજ પુરવડો પૂરો પાડવામાં આવે છે. આ તમામ ગ્રુપને એ રીતે શિડ્યુલ કરવામાં આવેલ છે કે જેથી દરેક ગ્રુપને દિવસના ૨૪ કલાક દરમ્યાન ૮ કલાક સતત થ્રી ફેઇઝ વીજ પુરવઠો મળી રહે આ તમામ ગ્રુપનું રોટેશન એ રીતે કરવામાં આવેલ છે, જેથી દરેક ગ્રુપને એક સપ્તાહ દિવસ દરમ્યાન પછીના સપ્તાહમાં રાત્રી દરમ્યાન અને તે પછીના સપ્તાહમાં દિવસ–રાત્રી દરમ્યાન વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. ખેડૂતો દ્વારા છેલ્લા કેટલાય સમયથી દિવસે વીજળી આપવાની યોજનાનો અમલ કરવા માટે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ખેડૂતોની માગણીને ધ્યાનમાં લઇને ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને ખેતીવાડી ફીડર ઉપર દિવસ દરમિયાન સવારે ૫–૦૦થી રાતના ૯–૦૦ વાગ્યા દરમિયાન વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવશે. કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણ બાદ ખેડૂતોને ઘણાબધા ફાયદા થશે. ડુંગરાળ અને જંગલ વિસ્તારમાં રાત્રીના સમય દરમિયાન ઝેરી જનાવર, હિંસક પ્રાણીઓનો ભય રહેતો હોય છે. શિયાળામાં કડકડતી ઠંડીમાં, ચોમાસામાં ભારે વરસાદમાં પણ રાત્રીના સમયમાં પીયત કરવામાંથી એમને છુટકારો મળે છે ત્યારે ખેડૂતોને ઘણીબધી રાહત મળશે. કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણ બાદ ખેડૂતોને દિવસ દરમિયાન વીજ પ્રવાહ મળતો હોવાથી ખેડૂતો દિવસ દરમિયાન સારી રીતે ખેતરમાં પીયત કરી શકે જેથી પાકનું વધારે ઉત્પાદન ખેડૂતો મેળવી શકશે. વર્ષ ૨૦૨૦–૨૧માં પ્રથમ ચરણમાં માનનીય પ્રધાનમંત્રી દ્વારા તા. ૨૪–૧૦–૨૦૨૦ના રોજ કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કરવામાં આવેલો છે. આ યોજનાના અનાવરણના દિવસથી દાહોદ જિલ્લાના કુલ ૬૯૨ ગામો, ગીર સોમનાથ જિલ્લાના ૧૪૩ ગામો, જૂનાગઢ જિલ્લાના ૨૨૦ ગામોને પૂર્ણ અને આંશિક રીતે આવરી લેવામાં આવેલ છે. આમ, કુલ ૧૦૫૫ ગામોને તા.૩૦–૧૦–૨૦૨૦થી આ યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૩–૧–૨૦૨૧ના રોજ ઊના ખાતે કિસાન સૂર્યોદય યોજના દ્વિતીય ચરણમાં જાન્યુઆરી ૨૦૨૧માં કુલ ૨૮૬૦ ગામોને આ યોજના હેઠળ આવરી લેવા માટે જાહેરાત કરેલ છે. જે ગામોને આવરી લેવામાં આવેલ છે. હાલની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજના ગુજરાત રાજયમાં સમગ્ર ૩૩ જિલ્લાઓમાં સેન્સસ ૨૦૧૧ મુજબ કુલ ૧૮૨૨૫ ગામોમાંથી ૩૯૧૫ ગામોને પૂર્ણ અને આંશિક રીતે આવરી લેવામાં આવેલ છે અને બાકી રહેતા તમામ જિલ્લાના ગામોનો સમાવેશ માળખાકીય સુવિધા ઉભી કરીને ત્યારબાદ તબક્કાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોકત ૩૯૧૫ ગામોને ૩,૩૮,૨૮૧ ખેતીવાડી વીજ ગ્રાહકોને કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત વીજ પૂરવઠો મળે છે. આ જિલ્લાવાર ગામોની સંખ્યા આપણા ગુજરાતના દરેક ગામોની સંખ્યાની વિગતો આપું તો ૧૮૨૨૫ ગામો પૈકી ૩૯૧૫ ગામોને આ યોજનાનો લાભ મળશે. કિસાન સૂર્યોદય યોજના હેઠળ દરેક ખેડૂતો જયારે અમે પણ શુભઆરંભ કરાવ્યો મારા વિસ્તારમાં ત્યારે ખેડૂતો એટલા આનંદિત થયા એટલે ગુજરાત સરકારનો, માનનીય મુખ્યમંત્રીશ્રીનો, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો અને માનનીય ઊર્જામંત્રીશ્રી સૌરભભાઇનો ખૂબ ખૂબ આભાર માને છે અને આ કિસાન સૂર્યોદય યોજના થકી જે પરિણામ મળ્યા છે, ખેડૂતોને જે ગેરસમજ હતી, કેટલાક અફવાઓ ફેલાવે છે એ અફવામાંથી છુટકારો મળ્યો છે અને દરેક ખેડૂતોએ આજે સરકાર સાથે રહીને આ યોજનાને આવકારી છે. કિસાન સૂર્યોદય યોજના સારામાં સારી છે અને દિવસે પાવર સરકાર આપશે એવા સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યા છે. આભાર.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઇ પટેલ ખેડૂતોને દિવસે વીજળી મળે (અંતરાય)…

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ,

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એ માટે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત બિન સરકારી સંકલ્પ ગૃહમાં લાવ્યા છે અને તેમાં મારા વિચારો હું વ્યકત કરું છું. ૨૧મી સદીની શરૂઆત થઇ, ૨૦મી સદીની અંદર લગભગ ૨૦મી સદીના (અંતરાય)…

તા. ૯મી માર્ચ ૨૦૨૧

બિન–સરકારી સંકલ્પો

અધ્યક્ષશ્રી : શ્રી લલીતભાઇ, (અંતરાય) તમે બોલતા નથી પણ તમે કોઇ એકશન કરી એવું અમારા બીજા માનનીય ધારાસભ્યશ્રી કહે છે.(અંતરાય) ના, મારે ગંભીરતાથી આ લેવું પડે. આવું કરાય પણ નહીં, આવું બોલાય પણ નહીં.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ વર્ષ ભલે થયા પરંતુ ૨૫ વર્ષની અંદર અમે એક સેંકડ બરાબર કામ કર્યું છે. ૧૦૦ વર્ષમાં પૂરા ન થાય એટલા કામો ૨૫ વર્ષમાં કર્યા છે. ૨૧મી સદીની શરૂઆત થઇ. ૨૦મી સદીમાં હતા. કોંગ્રેસનું શાસન ચાલતું રહ્યું અને પરિણામે જે પ્રગતિ અને વિકાસ થવો જોઇએ. ખેડૂતોની બૂમો હોય, વેપારીઓની બૂમો હોય, ઉદ્યોગપતિઓની બૂમો હોય, સામાન્ય મધ્યમ વર્ગની બૂમો હોય આ બધી બૂમોની વચ્ચે જ્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું, ત્યારથી આપને યાદ હોય આખું રાજ્ય આજે જ્યારે જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ૨૪ કલાક વીજળી મેળવતો થયો. ગામડાનો નાનામાં નાનો કારીગર વર્ગ, ગામડામાં ભણતો સામાન્ય વિદ્યાર્થી એને રાત–દિવસ ૨૪ કલાક વીજળી મળી શકે, એ ભણી શકે, સારાં કામ ત્યાં થઇ શકે. નાના કારીગર વર્ગને ખૂબ મોટો ફાયદો થાય. એ બધુ મળ્યું. ખેડૂતોના મનમાં કયાંકને કયાંક હતું. ઉદ્યોગપતિઓને, વેપારીઓને, બાકીના વર્ગોને દિવસે વીજળી મળતી હોય તો ખેડૂતોને જ કેમ રાત્રે ૧૨ વાગ્યે પાણત કરવા જવું પડે, પાણી વાળવા માટે રાત્રે ૧૨ વાગ્યે જવું પડે, રાત્રે ૯ વાગ્યે જવું પડે. આખી રાત કડકડતી ઠંડીમાં શિયાળામાં પાણત કરવા જવું પડે. ૭–૮–૧૦ ડિગ્રીની અંદર જેણે પાણત કર્યું હોય, ખેતરમાં ગયો હોય એને જ ખબર પડે. દિવસે કામ અને રાત્રે આરામવાળો વિષય જો ખેડૂતો માટે કોઇ લાવ્યું હોય તો એ આદરણીય સૌરભભાઇ, આદરણીય વિજયભાઇ અને આદરણીય નીતિનભાઇ લાવ્યા છે. રૂપિયા ૪,૦૦૦ કરોડની જોગવાઇ તબક્કાવાઇઝ જ્યારે દિવસે ખેડૂતને વીજળી આપવાનો નિર્ણય થયો. આખું માળખું વીજ વિભાગનું એને સ્ટ્રેન્ધનિંગ કરવું પડે. દિવસે વીજળી આવે તો લોડ વધે એટલે એનાં સેન્ટરો, સબસ્ટેશનો ત્યાં આગળ આખું સ્ટ્રેન્ધનિંગ કરી વીજ લાઇનમાં પરિવર્તન કરવું પડે. ટેકનિકલી ખૂબ બધી ક્ષમતા સાથે કામ કરી આ યોજના અમલમાં મૂકવા જઇ છીએ. જ્યોતિગ્રામ મૂકી વિરોધમાં કોઇ બોલી શકે તેમ નહોતું. વિરોધપક્ષ ચણભણ ચણભણ કરીને કયાંક આ શક્ય નહિ બને એવી એમની કલ્પના હતી. અમે દાવા સાથે કહીએ છીએ કે અમારી સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર, શ્રી વિજયભાઇની સરકાર દાવા સાથે કહે છે કે ગામડાનો પ્રત્યેક ખેડૂતને સવારે પથી રાત્રે ૯ વાગ્ય સુધી ૧૦૦ ટકા દિવસની વીજળી મળશે. દિવસે કામ, રાત્રે આરામ કરી શકે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવી છે. કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણ માટે સમગ્ર કૃષિ વિષયક વીજ માંગનો વીજ પુરવઠો આપવાથી સબસ્ટેશન દીઠ લોડનો સંભવિત વધારો થવાનો છે. એનું એનાલીસીસ થઇ ગયું છે, એટલે બધા જ સબસ્ટેશનની સોર્સ લાઇન હેઠળ કલસ્ટર કે ગૃપમાં વહેંચાયેલ છે. આ સોર્સ લાઇન ઉપરના મહત્તમ લોડની આકારણી કરી અને લોડની ક્ષમતા પૂરી ચેક કરી લેવામાં આવેલ છે. કુલ ૩૩૪૩ સરકીટ કિલોમિટર જેટલી નવીન ૬૬ કે.વી. વીજ લાઇનો આશરે ૨૨૯નું નિર્માણ થવાનું છે. કુલ ૧૧, ૨૨૦ કે.વી. સબસ્ટેશન અને એક, ૧૩૨ કે.વી. સબસ્ટેશન એની વીજ લાઇનનું કામ પૂર્ણ થયું છે. કિસાન સૂર્યોદય યોજનાનો અમલીકરણ માટે વર્ષ ૨૦૨૦–૨૧માં સરકારે રૂપિયા ૪૦૦ કરોડની જોગવાઇ કરી છે. તે જોગવાઇમાંથી રૂપિયા ૩૩૧ કરોડ વપરાઇ ચૂક્યા છે. પહેલા ફેઝમાં જેમ નિર્ધાર સરકારે કર્યો હતો. મહત્તમ એ પૂરો થયો છે. મને કહેતા ગૌરવ થાય છે કે સરકારને પણ અભિનંદન આપું છું કે પહેલા ફેઝમાં મારા વિસનગરની અંદર ૧૨ ગામને ટૂંકા સમયમાં આવરી લીધેલ છે. દિવસે વીજળીનું કામ ચાલુ થઇ ગયું છે, ત્યારે આ યોજનાનો અમલ કરવા વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા એક હજાર કરોડની નાણાકીય જોગવાઇનું આયોજન કર્યું છે. જે અંતર્ગત ૧૬ જિલ્લાને આવરી લીધા છે. આશરે ૬૦૦૦ ગામોના ૫.૫ લાખ ખેતવાડી વીજ ગ્રાહકોને આવરી લેવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૨–૨૩માં રૂપિયા ૨૧૦૦ કરોડનું નાણાકીય આયોજન કરેલ છે, તે પૈકી ૧૫ જિલ્લા અને ૭,૦૦૦ ગામ ૯.૫ લાખ વીજ કનેકશન માટેની યોજના આખી પરિપૂર્ણ થવાની છે. સાહેબ, વર્ષ ૨૦૨૨–૨૩ની અંદર જે નાણાકીય આયોજન કર્યું છે તેમાં મને કહેતાં ગર્વ થાય છે કે તેમાં વર્ષ ૨૦૨૨–૨૩ના વર્ષમાં માર્ચ મહિનો નથી લાવવાનો પણ નવેમ્બર ડિસેમ્બર સુધી સમગ્ર ગુજરાતની અંદર ખેડૂત દિવસે કામ કરતો થાય અને કયાંય રાત્રે જાય તો તેને તકલીફ ન પડે તે કરવાનું આયોજન થયું છે. તેને કયાંય વીંછી, સાપ, નાના મોટા ઝેરી જંતુઓ કે પછી ગીર સોમનાથ કે બીજા જિલ્લાઓમાં જંગલી જાનવરોનો ભય છે ત્યાં પણ કોઇપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે પ્રકારનું આયોજન થયું છે. ત્યારે આદરણીય વિજયભાઇ, આદરણીય નીતિનભાઇ અને ખાસ કરી જયોતિગ્રામ અને આ કિસાન સૂર્યોદય બંને યોજનાઓ માનનીય સૌરભભાઇના કાર્યકાળમાં અમલમાં મૂકાઇ છે એટલે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ધન્યવાદ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી ભરતભાઇ પટેલ જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા અને ઊર્જા વિભાગ દ્વારા રાજ્યમાં ખેડૂતોને દિવસે વીજળી આપવા માટેનો જે નિર્ણય કર્યો અને તેનો જે શુભારંભ કર્યો તેને હું આવકારું છું. શ્રી ઋષિકેશભાઇએ અહીં કહ્યું તે પ્રમાણે વર્ષ ૧૯૯૦માં પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા બાદ આ ગૃહની અંદર સમયાંતરે ખાસ કરીને હું જે વિસ્તારમાંથી આવું છું તે વિસ્તાર જૂનાગઢ જિલ્લામાં હતો. ત્યારે ગીર સોમનાથ જિલ્લો અલગ થયો ન હતો. તે જૂનાગઢ જિલ્લામાં ગીર પશ્ચિમ વિભાગ અને ગીર પૂર્વ વિભાગ આ બંને વિસ્તારોનો સમાવેશ મોટાભાગે મારા મત વિસ્તારમાં થતો હતો. ધારી, વિસાવદર, મેંદરડા, તાલાલા, સાસણ આ બધા જંગલ વિસ્તાર હોવાને કારણે જંગલી સિંહો, દીપડા અને અન્ય પશુઓના ત્રાસના કારણે ખેડૂતોને રાત્રે ખેતી કરવી બહુ મુશ્કેલ થતી હતી. તે મુશ્કેલીઓ નિવારવા માટે વર્ષ ૧૯૯૦થી આ વિસ્તારમાંથી જે જન પ્રતિનિધિઓ ચૂંટાઇને આવ્યા હતા

તે બધા દ્વારા અને તે વખતે શ્રી દેવાણંદભાઇ સોલંકી મેંદરડામાંથી ચૂંટાયા હતા, શ્રી જશુભાઇ બારડ તાલાલામાંથી ચૂંટાયેલા હતા અને હું ઊનામાંથી ચૂંટાયો હતો અને સોમનાથમાંથી શ્રી જેઠાભાઇ જોરા ચૂંટાયેલા હતા. ત્યારથી લઇને આજ સુધી અને બીજા અન્ય આ ગૃહના જે સભ્યો છે તેમણે પણ તે લાગણીઓ વ્યક્ત કરી હતી. ઘણા બધા મિત્રો કે જે વર્ષ ૧૯૯૦માં હતા તે અહીં છે. માનનીય આત્મારામભાઇ પરમાર પણ હતા. બધા જ સભ્યોની લાગણી હતી અને રજૂઆત કરતા હતા કે ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવે. જેથી કરીને ખેડૂત શાંતિથી દિવસ દરમ્યાન ખેતી કરી શકે, પિયત કરી શકે અને તેને કોઇપણ પ્રકારની જાનહાનિ ન થાય. આ માટે વર્ષ ૧૯૯૦થી ૧૯૯૫, ૧૯૯૫થી ૨૦૦૦ અને ૨૦૦૦થી ૨૦૨૧ છેલ્લા ૨૫ વર્ષે રાજ્ય સરકારે ગુજરાતના ખેડૂતોના હિત માટે જે નિર્ણય કર્યો છે તે બદલ હું અભિનંદન આપું છું અને આવકારું છું. એ વાત પણ આપણે સ્વીકારવી પડે કે, ખેડૂતો માટેની ચિંતા કરતાં કરતાં ખેડૂતોના હિતમાં નિર્ણય કરવામાં આપણે ૨૫ વર્ષ જેટલો લાંબો સમય પસાર કર્યો છે તેનો પણ ઇન્કાર થઇ શકે નહીં. ખેડૂતોને પહેલાં ૧૬ કલાક વીજળી આપતા હતા. તમે અહીં હતા ત્યારે તમે આ બોલતા હતા. ૧૬ કલાક વીજળી ખેડૂતોને મળતી હતી.

અધ્યક્ષશ્રી : આપણે કોણ કયાં હતા તે વાત જવા દો. અત્યારે જયાં છીએ ત્યાં જ છીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને પછી ૧૨ કલાક વીજળી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો અને ૧૨ કલાકમાંથી છેલ્લે રાજય સરકારે ૮ કલાક વીજળી આપવા માટેનો નિર્ણય કર્યો. મારે બહુ નમ્રતાપૂર્વક સરકારશ્રીનો અને ઊર્જા મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, આપણે ૮ કલાક જયારે વીજળી આપતા હતા, અત્યારે આપીએ છીએ પણ આજની તારીખે દાવા સાથે હું કહી શકું કે આ ૮ કલાક સળંગ વીજળી ગુજરાતના ખેડૂતોને મળતી નથી અથવા ગઇ કાલ સુધી મળી નથી. ૮ કલાકમાંથી અડધો કલાક ફોલ્ટમાં જાય, કલાક ફોલ્ટમાં જાય, બે કલાક ફોલ્ટમાં જાય અને ફોલ્ટ પછી રીપેર કરવા માટે કલાકોને કલાકો જાય અને અડધો દિવસ થાય અને કદાચ એ દિવસે ફોલ્ટમાં ગયેલી વીજળી રીપેર ન થાય તો ખેડૂતોને એ દિવસે સરેરાશ બે કલાક, ચાર કલાક વીજળી મળે અને ફોલ્ટને કારણે જે વીજળી ઓછી મળે છે ૮ કલાકને બદલે ત્રણ કલાક ઓછી મળે તો એ સરભર કરવા માટે પણ જન–પ્રતિનિધિઓ દ્વારા સરકારને અને ઊર્જા વિભાગને રજૂઆતો કરતા આવ્યા છીએ ત્યારે અત્યારે જ્યારે દિવસે વીજળી આપવાનો આ નિર્ણય કરવામાં આવ્યો અને શ્રી ભરતભાઇએ જે આંકડાકીય માહિતી આપી કે શુભારંભ કર્યો અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઊના આવીને એનો શુભારંભ કર્યો, ઊર્જા મંત્રીશ્રી પણ આવ્યા હતા અને ત્યારે પ્રવાસન મંત્રીશ્રી પણ હાજર હતા. ખેડૂતોની આવક બમણી કઇ રીતે થવાની છે એ માનનીય મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડાએ ઉલ્લેખ કર્યો છે પણ એ ઉલ્લેખ અહીંયા હું નહીં કરું. શ્રી જવાહરભાઇ ચાવડાએ એવો ઉલ્લેખ કર્યો કે ખેડૂતોને જે વીજ કનેકશન આપવામાં આવે છે એની પાછળ રાજય સરકાર રૂપિયા દોઢ લાખનો ખર્ચ કરે છે એ દોઢ લાખ રૂપિયા ખેડૂતોએ પોતાની બમણી આવકમાં ગણી લેવા. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આશ્ચર્ય થાય કે સરકાર જે ખર્ચ કરે છે એ ખેડૂતોએ પોતાની આવકમાં ગણી લેવાના! ૬૦૦૦ હજાર રૂપિયા પ્રધાનમંત્રી કિસાન નીધિ યોજનાની જાહેરાત કરી અને વરસમાં ૬૦૦૦ રૂપિયા ખેડૂતોના ખાતામાં જમા કર્યા એ પણ ખેડૂતની ડબલ આવકમાં ગણી લેવાના આવી સરકારના મંત્રીશ્રીઓ વાતો કરે છે. આમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો કે દિવસે વીજળી આપવાથી ખેડૂતોનું ઉત્પાદન ડબલ થશે. મને લાગે છે કે આપણે બધા ખેડૂતના દીકરા છીએ મોટાભાગના અહીંયા બેઠેલા તો બધાને ખ્યાલ છે કે, જે અનાજ તમે વાવો અને પિયત કરો એમાં રાત્રે વીજળી આવે પિયત કરો કે દિવસે વીજળી આપવાથી પિયત કરો તો એમાંથી આવક ડબલ કઇ રીતે થાય એ હું સમજી શકતો નથી, મને સમજાવશો તો ખ્યાલ આવશે. ચોક્કસપણે દિવસે વીજળી આપવાથી ખેડૂતોને રાત્રે જે તકલીફ પડતી હતી, જે મુશ્કેલી પડતી હતી, જંગલી જાનવરની જે હેરાનગતિ થતી હતી અને ત્રાસ થતો હતો એમાંથી સો ટકા મુકિત મળશે પણ રાજય સરકાર એવો દાવો કરે કે દિવસે વીજળી આપવાથી ખેડૂતોની આવક બમણી થશે અથવા એની આવકમાં વધારો થશે આ વાત સાથે કોઇ પણ સંજોગોમાં સંમત થઇ શકાય નહીં. કંઇક સાચી વાત કરો, સાચી વાત રેકર્ડ ઉપર મૂકો. આજે પણ જે દિવસે વીજળી આપવાની શરૂઆત કરી છે એમાં માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું કે, દાખલા તરીકે અમારા ઊનામાં શરૂઆત કરી છે સળંગ ૯થી સાંજના ૭ વાગ્યા સુધી ૮ કલાક મળશે હમણાં માનનીય ઋષિકેશભાઇએ કહ્યું તેમ. પણ હું દાવા સાથે કહું છું માનનીય મંત્રીશ્રી કે, હજુ શરૂઆત છે કદાચ ક્યાંક ખામી હોય, મુશ્કેલી હોય પણ આપણી પાસે ઇન્ફ્રાસ્ટ્રક્ચર જે તૈયાર છે એની અંદર આજે પણ દિવસે વીજળી આપવાનું શરૂ કર્યા પછી સળંગ ખેડૂતને જે વીજ પૂરવઠો મળવો જોઇએ એ પૂરો વીજ પૂરવઠો મળતો નથી એ વાસ્તવિકતા છે અને આ વાસ્તવિકતા છે ત્યારે ખરેખર ખેડૂતોને મદદરૂપ થવા માટેની આપણી લાગણી છે અને જે વિસ્તારમાં સમાવેશ કર્યો છે એમાં ખાસ કરીને જંગલ બોર્ડરના ગામોનો સમાવેશ કર્યો છે પણ હજુ બાકીના ગામોનો સમાવેશ થવાનો બાકી છે અને એની જે કામગીરી બાકી છે એ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે એની સાથે સાથે જે ખેડૂતોને વીજ કનેકશનો આપવાના હજુ બાકી છે, આપણે વાતો કરીએ છીએ કે ત્વરિત રીતે આપવામાં આવે છે પણ હકીકતમાં એવું નથી મંજૂર થઇ ગયા પછી ક્વોટેશન થઇ ગયા પછી લાંબા સમય સુધી એમની વીજ કામગીરી પૂર્ણ કરવામાં આવતી નથી એટલે બાકી કનેકશનો છે એ તાત્કાલીક આપવામાં આવે. જે વીજ પૂરવઠો આપણે આપીએ છીએ એ સળંગ પૂરેપૂરો ૮ કલાક સુધી આપવામાં આવે અને જો એ વીજ લાઇન ફોલ્ટમાં જાય તો તાત્કાલિક મરામત કરવામાં આવે અને કદાચ જો મરામતમાં સમય જાય એને કારણે ખેડૂતોને જેટલો સમય વીજ પૂરવઠો ન આપી શકાય તો એ બીજા દિવસે પણ એટલો સમય વધારે દિવસે વીજળી આપી અને એને સરભર કરવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

તા. ૯મી માર્ચ ૨૦૨૧

બિન–સરકારી સંકલ્પો

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા પ્રવચનની શરૂઆત કરું ત્યાર પહેલાં આપની અનુમતિથી સાહિત્યની મેધાવી પ્રતિભા અને રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની આજે પૂણ્યતિથિ છે તે નિમિત્તે હું ગૃહ વતી શ્રી ઝવેરચંદ મેઘાણીને કોટિ કોટિ વંદન કરું છું. એમની એક ઉક્તિ છે.

**દુનિયાના વીરોના લીલા બલિદાનોમાં,**
**ભભક્યો કસૂંબીનો રંગ,**
**સાગરને પાળે સ્વાધીનતાની કબરોમાં**
**મહેંક્યો કસૂંબીનો રંગ**

આજે ગૃહના માનવંતા સભ્યશ્રી ભરતભાઇ પટેલ ખેડૂતોને દિવસે વીજળી આપવા અંગેનો કિસાન સૂર્યોદય યોજનાનો જે બિન સરકારી સંકલ્પ લાવ્યા છે, તેમાં અમારા સિનિયર સભ્યશ્રીઓ ઋષિકેશભાઇ અને પુંજાભાઇ વંશે પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. હું પણ એમાં મારી લાગણી વ્યક્ત કરવા માગું છું. ધોળા દિવસે તારા દેખાડવા જેવું આ એક ભગીરથ કાર્ય ખેડૂતો માટે ગુજરાતની ભા.જ.પ.ની સરકારે કિસાન સૂર્યોદય યોજના મારફતે કર્યું છે. વાવણી થાય ત્યારે ખેડૂતો પુલકિત થાય, હર્ષ અનુભવે અને લાપસીના એંધાણ મૂકે, પણ કિસાન સૂર્યોદય યોજનાનો માનવંતા પ્રધાનમંત્રીશ્રીએ ગીરથી મંગલાચરણ કર્યા તે દિવસે ખેડૂતોએ લાપસીના આંધણ મૂક્યા હતા. આમ, આ કિસાન સૂર્યોદય યોજના એ રૂપિયા ૩,૫૦૦ કરોડના ખર્ચે થવાની છે અને જુદા જુદા જિલ્લાઓમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ આ બજેટમાં રૂપિયા ૧,૦૦૦ કરોડનું આ કિસાન સૂર્યોદય યોજના માટે પ્રાવધાન પણ કરેલ છે.

પરંપરાગત અને બિનપરંપરાગત ઊર્જા, પરંપરાગત ઊર્જાના સ્ત્રોત હવે ખૂટી રહ્યા છે, એટલે આપણે બિન પરંપરાગત ઊર્જા તરફ જવું ખૂબ અનિવાર્ય બની ગયું છે. સુરજ તો રોજ ઉગે છે પણ એ સુરજની શક્તિને ઊર્જામાં રૂપાંતર કરવાનું તો ભારતીય જનતા પાર્ટીની સરકારને જ સૂઝે. સૌર ઊર્જા હોય કે આવી અનેક યોજના હોય કે ઐતિહાસિક કદમ ઊર્જા ક્ષેત્રનું એ જ્યોતિગ્રામ યોજના, એ યોજના એટલે ગ્રામ્ય સમાજ માટે એ જીવનજ્યોત યોજના બની છે. જીવનમાં સૌથી વધારે મજા એ કામ કરવામાં આવે કે જેના માટે લોકોએ કહ્યું હોય કે આ કામ તમારાથી નહિ થાય, ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશા પડકારોને ઝીલીને આવા જ કામો લોકો માટે કરતી હોય છે. If you can dream it, you can do it. એટલે કે જો તમે સપના જૂઓ, સપનાનું વાવેતર કરો તો એ તમે સાર્થક પણ કરી શકો. ભારતીય જનતા પાર્ટીની એ એક જેને કહીએ કે ખાસિયત રહી છે કે સપના પણ એ જૂએ છે, સપના પણ વાવે છે, પરિશ્રમ પણ સીંચે છે અને સફળતાને પણ લણે છે.

જહોન કેનેડીના એક વિધાનથી શરૂઆત કરું. "Change is the law of life. And those who look only to the past or present are certain to miss the future." ભવિષ્યને વધુ ઓજસ્વી બનાવવા માટે અમારા ઊર્જાવાન ઊર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ અને રાજ્ય કક્ષાના અમારા એવા જ તેજસ્વી પ્રધાન શ્રી પ્રદીપસિંહજી જાડેજા આજે જ્યારે આ કિસાન સૂર્યોદય યોજના માટે જે કાર્યક્રમો આપતા હતા ત્યારે પણ ગીરથી ગરબાડા સુધી અને ઉંઝાથી ઉમરગામ સુધી આ લાભ મળવાનો છે એનાથી ખેડૂતોમાં એક ખુશીનો માહોલ જોવા મળતો હતો. આપણે જે અનેક યોજનાઓ ઊર્જા ક્ષેત્ર દ્વારા મૂકી છે એમાં આપણે જોઇએ છીએ કે, ગગન, અંબરમાં સુરજ અને એ સુરજનું ધરતી પર સૌર ઊર્જામાં રૂપાંતીત કર્યું. હે ગગનવાસી ધરા પર બે ઘડી નારી બની તો જો, ગઇકાલે મહિલા દિન હતો. હે ગગનવાસી ધરા પર બે ઘડી નારી બની તો જો, હે જીવનદાતા જીવન કેરો અનુભવ તું કરી તો જો. એમ હું મારા વિપક્ષી મિત્રોને કહેવા માગું છું કે સરકારના જે પ્રજાકીય નિર્ણયો છે તેને તમે વધાવી તો જુઓ.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા શકિતનું પરિયોજનામાં શીરમોર પીંછુ એટલે renewable energy capital તરફ ગુજરાતનું, દેશનું એક અગ્રેસર રાજ્ય બનાવવા તરફની દોટ. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૩૦ હજાર મેગાવોટ પુનઃપ્રાપ્ત ઊર્જા પાર્કનો કચ્છ જેવા એક અંતરીયાળ વિસ્તારમાં શિલાન્યાસ કરીને ઊર્જા ક્ષેત્રે ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે. Will has always its way. દરેક રસ્તો, દરેક ક્ષેત્રે ગુજરાતની ભાજપની સરકારે નવી ભાત ઉપસાવી છે તેમા ઊર્જા ક્ષેત્ર પણ પાછું ના પડે પ્રગતિનુ પ્રભાત આ ઊર્જા થકી વધુ ઓજસ્વી બનાવ્યું છે. આજે આપણે વાત કરીએ તો આપણાં ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે તેમા આપણે સૂર્ય ઊર્જા ઉપરાંત જે ક્ષમતા છે તે સોલાર એનર્જી અને ગુજરાત રાજ્યમાં પાવર સિસ્ટમની ટેકનિકલ સ્ટેબીલીટી જાળવવા માટે કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવાનું આ જે સુચારૂ આયોજન છે તે આવકારવાદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં કૃષિ વિસ્તારોને વીજ પુરવઠો સતત આઠ કલાક માટે વિપક્ષની સતત માગણી રહી છે કે, ખેડૂતોને આઠ કલાક વીજળી આપો તે આ સરકારે ચરિતાર્થ કરી છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય માનનીય ભરતભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ તેમ ભારત એ ખેતીપ્રધાન દેશ છે અને કુલ વસતિના લગભગ ૮૦ ટકા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. એ જ રીતે ગુજરાત રાજ્ય પણ એક ખેતીપ્રધાન રાજ્ય છે અને લગભગ ૭૦ થી ૭૫ ટકા લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. માનનીય ભરતભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે અને તેમાં જે વાત કરી છે કે, રાજ્યના ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખવા માટે સરકારની અનેક યોજનાઓ છે. સામાજિક અને આર્થિક પરિવર્તન લાવવા

માટે પણ ઘણી બધી યોજનાઓ છે પણ આ ગ્રામીણ અર્થતંત્રને ગતિશીલ અથવા તો ધબકતું રાખવા માટે જો અગત્યના અંગ હોય તો ખેતી અને ખેડૂત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ બાબતે ધ્યાન દોરવું છે કે, ખેડૂત અથવા તો રાજયનું અર્થતંત્ર ધબકતું કયારે થશે ? ખેડૂત કયારે આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરશે ? તો એને સમયસર પાણી, સારું બિયારણ મળવુ જોઇએ, બિયારણ પછી ખાતર પણ સસ્તુ અને સારું હોવુ જોઇએ આ વસ્તુ જયારે ખેડૂતને મળશે ત્યારે ખેડૂત પોતાના પગ ઉપર સદ્ધર થશે. ખેડૂત સદ્ધર થશે તો આ ગ્રામીણ અર્થતંત્ર છે તે પણ ધબકતું થશે. બીજી વાત કરું તો જે સંકલ્પમાં વાત કરી છે કે રાજયના ચાર હજાર ગામડાં આ કિસાન સર્વોદય યોજના સાથે સંકળાયેલા છે પણ મારે એ પણ વાત કરવી છે કે, આ રાજયના લગભગ ૧૮ હજાર ગામડાંઓ છે. આ ૧૮,૦૦૦ ગામડાઓને લાઇટ ક્યારે મળશે? એનો આ સંકલ્પમાં ક્યાંય ઉલ્લેખ થયો નથી. જો ભૂતકાળની વાત કરું તો જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૧૮થી ૨૦ કલાક વીજળી મળતી હતી. અત્યારે તો ખેડૂતોને જે બિલ આવે છે એ મીટર આધારિત છે. ખેડૂતોને ચક્કર આવી જાય એવા બિલ આવે છે. કોંગ્રેસે જે કર્યું છે એની તોલે તમારાથી નહિ અવાય. એ સમય જુદો હતો અને આજે સમય જુદો છે. તમારામાં સંકલ્પશક્તિ હોય, કંઇક કરવાની ભાવના હોય, ખેડૂતોને ઉપર લાવવાની ભાવના હોય તો આટલો બધો વિરોધ થવા છતાં આવા બિલ ના આવે. તમારે એ.પી.એમ.સી.ને બંધ કરવી છે, તમારે ટેકાના ભાવવાળી યોજના બંધ કરવી છે તો ખેડૂત ક્યાંથી સદ્ધર થવાનો છે? રાજ્યનું અર્થતંત્ર ક્યાંથી ધબકતું રાખશો? સંકલ્પનો હાર્દ સારો છે પણ રાત્રે વીજળી મળે અને પાક ડબલ થાય, દિવસે વીજળી મળે અને પાક ડબલ થાય, ઉત્પાદન ડબલ થાય એ ટેકનોલોજી તો મને સમજાઇ નહિ. તમે સંકલ્પ લાવ્યા છો તો એને ખેંચતા નહિ. ખરેખર સારા હેતુ માટે લાવ્યા હોય તો આ સંકલ્પ પાછો ખેંચતા નહિ. સરકારને સ્વીકારવા દો. મારી વાત એ છે કે જે કાંઇ આ સંકલ્પમાં કહ્યું છે એ મને તો બંધબેસતું નથી લાગતું પણ આ સંકલ્પમાં જે કાંઇ વાત છે એ મને સત્યથી વેગળી લાગે છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર–પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સાથી સદસ્ય ભરતભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પને હું બિરદાવું છું. શ્રી ભરતભાઇ સંકલ્પ પાછો ખેંચતા નહિ. આ સરકાર પ્રેરિત આ બિલ છે અને સરકાર પ્રેરિત બિલ હોય ત્યારે ચોક્કસ આ હાઉસમાં પસાર કરવું જોઇએ. ગામડાઓમાં પૂરતી વીજળી મળતી નથી, સળંગ વીજળી મળતી નથી. તૂટક–તૂટક વીજળી મળે છે અને એમાં પણ લંઘરીયા જાય તો બે કલાક બેસી રહેવું પડે. વીજળીનું કનેક્શન મેળવવામાં માત્ર છોટા ઉદેપુર જિલ્લાની વાત કરું તો આજે મને મારી બુકલેટમાં જવાબ મળ્યો છે. બોડેલીમાં ૪૨૨, છોટા ઉદેપુરમાં ૮૪૦ જેતપુર–પાવીમાં ૬૨૧, કવાંટમાં ૬૮૦, નસવાડીમાં ૩૨૭ અને સંખેડામાં ૨૨૦ એમ કુલ ૩૧૧૦ ખેડૂતો વીજળીનું કનેક્શન મેળવવા માટે લાઇનમાં છે. આપણે જ્યારે વાત કરતા હોય કે ખેડૂતને દિવસે લાઇટ આપશું, ૨૪ કલાક વીજળી પૂરી પાડશું પણ આ લાઇનમાં ઉભેલા મારા આદિવાસી વિસ્તારના ખેડૂતો પર ધ્યાન આપીને કનેક્શન વહેલાં રીલીઝ કરો તો લેખે લાગશે. ગામડામાં વારેઘડીએ ટી.સી. બળી જાય અને મંત્રીશ્રી એમ કહે કે આપણા ખેડૂતો લંગરીયા નાંખીને વીજળીનું જે કાંઇ કરતા હોય એ પણ ટી.સી. ઉડી જાય તો તાત્કાલિક લાવી આપવાની વાત પણ તે વખતે મંત્રીશ્રીએ સ્વીકારી હતી કે અમે ટી.સી. સ્પેરમાં રાખીએ છીએ. એમાં મને તો કડવો અનુભવ થયો છે. અમારે તો બોડેલી ઝોન લાગે. ટી.સી. ઉડી ગયા પછી અમારે ત્યાં ત્રીજે દિવસે ટી.સી. લાગે છે. લોડ વધારવાની જે વાત ચાલે છે એમાં હું ખેડૂત હોઉં અને મારે ત્યાં રેડ પડે પછી મને જે ૫ એચ.પી.નું કનેક્શન મળ્યું છે એનાથી ૩૦૦ ફૂટના બદલે ૩૫૦ ફૂટથી પાણી ખેંચવાનું થાય તો સ્વાભાવિક છે કે મોટર લોડ લેતી હોય. આ વધારાનો લોડ કન્ફર્મ કરવો પડશે એમ કહીને એનું ફોર્મ ભરાવીને એના પૈસા ઉઘરાવવામાં આવે છે. એ અંગે સરકારે ખેડૂતો માટે સહાનુભૂતિ રાખવી જોઇએ. દિવસે લાઇટ મળે. સરકારે યોજના ચાલુ કરી છે. આનંદ થાય પણ ખાસ કરીને જે જંગલ વિસ્તાર છે, જ્યાં વન્ય પ્રાણીઓ રહેતાં હોય, સાપ જેવાં ઝેરી જાનવરો રહેતાં હોય એવા વિસ્તારને ધ્યાનમાં રાખીને તમે ખેડૂતોને દિવસે લાઇટ આપો. આ આઠ કલાકના બદલે છ કલાક આપો તો ચાલશે. અમે ટૂંકી ખેતીવાળા માણસ છીએ. બે દિવસ પાણી મળે એટલે અમારે તો ભયો ભયો પણ બધાં જ ખેડૂતોને સાથે રાખો એવી અમારી માંગણી છે. આદિવાસી વિસ્તારમાં લાઇનો તૂટી જાય છે, ચાલતી નથી અને વાવાઝોડામાં પડી જાય છે. સૌર ઊર્જાથી ચાલતાં પમ્પો ડુંગરાળ વિસ્તારમાં ખેડૂતોને આપવામાં આવે તો ખેડૂતોને વધારે ફાયદો થાય. ખેડૂતોને હિલ સુધી પહોંચાડવા માટે ચઢાવવા માટે તકલીફ પડવાના કારણે સૌર ઊર્જાનો લાભ લેવા માટે અમારા આદિવાસીઓ તૈયાર થતા નથી. ડુંગરાળ વિસ્તારમાં એની જે કિંમત નક્કી કરી છે તેમાં જે ખેડૂત સૌર ઊર્જા લગાવવા માંગતો હોય તેને વધારાનું અનુદાન આપવામાં આવે અને વધારાની ગ્રાન્ટ ફાળવવામાં આવે એવી મારી માંગણી છે. ખાસ કરીને શ્રી સૌરભભાઇને વિનંતી છે કે મારા છોટા ઉદેપુર જિલ્લામાં ૩૧૧૦ ખેડૂતો બાકી છે. ટૂંક સમયમાં ચોમાસા પહેલાં આ કનેક્શન મળી જાય એવી વિનંતી કરું છું.

શ્રી સૌરભ પટેલ(ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઈ જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું આવકાર સાથે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

વર્ષ ૨૦૦૨થી ઊર્જા વિભાગનો પ્રેક્ટિકલી હવાલો સંભાળું છું. અનેક પ્રશ્નો આવ્યા અને અનેક પ્રશ્નોનો આપણે ઉકેલ લાવ્યા છીએ. મને યાદ છે એ વખતે આદરણીય નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ આપણે જ્યારે શરૂઆત કરી ત્યારે વીજળીની અછત હતી. વર્ષે ૨૨૦૦ કરોડ રૂપિયાનું નુકસાન હતું. ટ્રાન્સફોર્મર ખરીદવાના કે પગાર કરવાના પૈસા ન હતાં અને એવા સંજોગોમાં આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં જે રીફોર્મ્સ આપણે શરૂઆત કર્યા આપણે વિભાજન ચાલુ કર્યું અને ચાર

કંપનીઓ બનાવી અને ત્યારથી શરૂઆત થઈ. ઊર્જા વિભાગ અને ગામડાઓને અને શહેરના લોકોને ગુણવત્તાવાળી વીજળી આપવાનું કામ શરૂ કર્યું. સબ સ્ટેશનો આપવાનું ચાલુ કર્યું અને ખેડૂતોને વિજળીના કનેક્શન્સનો જે બેકલોગ હતો એ ધીમે ધીમે આખો બેકલોગ પૂર્ણ કરી અને આપણે સંપૂર્ણપણે રાજ્યની અંદર મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સફળતા મેળવી. જ્યોતિગ્રામ યોજના પણ આદરણીય નરેન્દ્રભાઈ વખતે ચાલુ કરી અને એક હજાર દિવસમાં અઢાર હજાર ગામડાઓમાં એક લાખ કિલોમીટરની નવી લાઈન નાંખી. વીસ લાખ થાંભલાઓ નાંખી આખા દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું અને જ્યોતિગ્રામ યોજના થકી આપણે ઘરે ઘરે વીજળી આપવાનો લાભ આપ્યો. આદરણીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં દિવસે વીજળી આપવાની શરૂઆત કિસાન સૂર્યોદન યોજના દ્વારા  કરવામાં આવી. મારે એટલે જ કહેવું છે કે This scheme is one of the most challenging. હમણાં સભ્યશ્રી કહેતાં હતાં કે લાગણી બધાંની હતી, રજૂઆત કરવામાં આવી હતી, પણ કરી કેમ નહિ? (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : અરે પણ તમારા શાસનમાં ૪૦ વર્ષ તમે રાજ કર્યું તો ૪૦ વર્ષમાં તમે કેમ પૂર્ણ ન કરી? હું આના કારણ આપું ? (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : પ્રશ્નકાળનો સમય ક્યારનો પૂરો થઈ ગયો છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે આ યોજનામાં શું શું થાય છે. હું સમય મળશે તો લાભની વાત કરીશ. આ યોજના કેમ અઘરી છે? હું ખાતરી આપું છું કે, દેશમાં ગુજરાત એકમાત્ર રાજ્ય બનશે જેણે આ યોજના પૂર્ણ કરી હશે અને ૧૫ વર્ષ પછી પણ તમે બીજા રાજ્યોને પૂછશો તો એ લોકોએ આ યોજના પૂર્ણ નહિ કરી હોય એટલો અઘરો વિષય છે. વિષય અઘરો એટલા માટે છે કે આજે જે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે એ પ્રેક્ટિકલી ૧૫૩ ગ્રુપ બનાવીને આપવામાં આવે છે. ગ્રુપ બનાવવવાનું કારણ એ છે કે વીજળી એક એવી વસ્તુ છે કે જે સ્ટોર થતી નથી. અનાજ, પાણી, પેટ્રોલ અને ડિઝલનો સંગ્રહ કરી શકીએ છીએ પણ વીજળીનો સંગ્રહ થતો નથી અને કયારેય કોઇએ વિચાર કર્યો છે કે તમે સ્વીચ ઓન કરો તો તમારે લાઇટ જોઇએ છે અને સ્વીચ બંધ  કરો તો લાઇટ કયાં જાય છે? એટલે સૌથી મોટો વિષય આ છે કે, એક બાજુ આપણા મથકો ચાલતા હોય, બીજી બાજુ આપણે વપરાશ હોય અને એ વપરાશના સંજોગોની અંદર તમે એમ કહો કે, મારે દિવસે બધી વીજળી ખેડૂતોને ટ્રાન્સફર કરવી છે, તો પ્રશ્ન  શું ઉભો થાય? પહેલી વસ્તુ કે વીજળી લાવવી કયાંથી, બીજી વસ્તુ કે એનું ઇન્ફ્રાસ્ટ્રકચર  કઇ રીતે કરવું, ત્રીજી વસ્તુ કે જે સીફટ કરે છે એ વીજળી કયાં મૂકવી? હું કહું કે આજની તારીખમાં ખેડૂતોને ૮.૪ કરોડ યુનિટ રોજના આપીએ છીએ. ૫૦૦૦ મેગાવોટમાં જે નાઇટમાં વીજળી આપીએ છીએ, એ આપણે ડે માં કન્વર્ટ કરવા જઇ રહયા છીએ. એટલે ૫૦૦૦ મેગાવોટનું ડે નું કન્વર્ઝન કરવું હોય, કન્વર્ઝન એટલે ઓછામાં ઓછા ૧૨થી ૧૪ હજાર નોન કન્વર્ઝન મેગાવોટનું ઉત્પાદન કરીએ તો કન્વર્ટ થાય. પ્રશ્ન રાતનો તો ઉભો રહેવાનો જ છે કે એ વીજળી કયાં વાપરવાની. પરંતુ એડીશનલ જનરેશન લાવવા માટે પહેલું ૧૨થી ૧૪ હજાર મેગાવોટનું આયોજન કરીએ તો વધારાની વીજળી આપણે લાવીએ છીએ. આ નકકી જ કર્યું હતું કે આપણે કરવું છે, એના માટે અનેક અનેક પગલા ભર્યા અને એના વિશે હું વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જનરેશનની વાત કરું, તો સૌથી પહેલું કામ કર્યું કે સોલરનું જનરેશન કરવા માટે આપણને વ્યાજબી ભાવ મળવાનું ચાલુ થયું, આપણે ટેન્ડરો બહાર પાડયા, છેલ્લા બે વર્ષની અંદર આપણે ૧૨ ટેન્ડર બહાર પાડયા છે અને ૫૦૦–૫૦૦ મેગાવોટના ૧૨ ટેન્ડર બહાર પાડયા છે, એની અંદર ઘણી વીજળી આપણે એકસેપ્ટ કરી છે, ઘણી નથી કરી. ૧૦ ટેન્ડરો આપણે સ્વીકાર્યા છે અને ૧૦ ટેન્ડરો સ્વીકાર્યા પછી ૩૯૫૨ મેગાવોટ, જે રૂપિયા ૧.૯૯ પૈસાની માંડી આશરે રૂપિયા ૨.૬૦ પૈસાની અંદર આ બે વર્ષની અંદર આપણે જે કર્યું છે, જેનું વીજળીનું ઉત્પાદન આવતા ૬ મહીના, આવતા ૧૨ મહિના, આવતા ૧૫ મહિનાની અંદર આ બધી વીજળીનું ઉત્પાદન આપણને આવી જવાનું છે. એટલે આ ટેન્ડર પ્રોસેસ હજી પણ ચાલુ છે, અત્યારે પણ ૫૦૦ મેગાવોટની ટેન્ડર પ્રોસેસ ચાલુ છે, એ તા.૦૯.૦૩ એટલે કાલે એની છેલ્લી તારીખ છે, એટલે છેલ્લી તારીખે ભાવ આવશે, એટલે એના પણ અમે એકસેપ્ટ કરાવીશું, એટલે એક પછી એક અમે કન્ટીન્યુઝ ટેન્ડર પ્રોસેસથી વીજળી ખરીદીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, જીસેગ કવોટાનું, અમે એક સોલર પોલિસી, આખી એક બ્લુ પ્રિન્ટ બનાવી છે કે આપણે રીન્યુએબલમાં કેવી રીતે જવું છે અને કોના આધાર ઉપર જવું છે. જીસેગના પ્લાન્ટો પણ કેમ આવે અને એ જીસેગના પ્લાન્ટો માટે અમે ૨૦૦૦ મેગાવોટનું આયોજન કર્યું છે. સબસ્ટેશનોમાં જમીનો ફાળવાઇ ગઇ છે, ઘણાના ટેન્ડર પ્રોસેસ ચાલુ થઇ ગયા છે અને આ વર્ષે મારા ખ્યાલ પ્રમાણે ૫૦૦–૬૦૦ મેગાવોટ એની વીજળી ઉત્પાદન થશે. એટલે આવતા બે વર્ષોમાં અમારા ખ્યાલ પ્રમાણમાં ૨૦૦૦ મેગાવોટ એનું વીજળી ઉત્પાદન થવાનું છે.

આ ઉપરાંત, સ્મોલ સ્કેલ સોલર જે સફળતાપૂર્વક અમારી નીતિ હતી કે, નાના ઉદ્યોગકારો ૫૦૦ કિલો વોટથી માંડીને ૪ મેગાવોટ સુધીનું સબ સ્ટેશનનું જે હાલનું ઇન્ફ્રાસ્ટ્રકચર છે, નવું કરવું ના પડે, એ સબસ્ટેશનના હાલના ઇન્ફ્રાસ્ટ્રકચરમાં કોઇ વીજળીનું ઉત્પાદન તેને સબસ્ટેશન પર આપે. આ પોલિસીમાં ૮૦૦૦ મેગાવોટ માટેની અમને અરજીઓ મળી. ટેકનિકલી સ્ક્રૂટીની કરીને ૪૪૦૦ મેગાવોટનું અમે સ્વીકાર્યું છે. મને સો ટકા વિશ્વાસ છે કે, ૩૦૦૦ મેગાવોટ આની અંદર ઓછામાં ઓછુ ૩ થી ૩.૫ હજાર મેગાવોટ આવતા ૧૨ થી ૧૫ મહિનાની અંદર આવશે. એટલે ૪૦૦૦ મેગાવોટ ઓલરેડી આવવાના,  ૨૦૦૦

જીસેગના આવવાના, ૩.૫ હજાર આ આવવાના, એટલે ૧૦,૦૦૦ મેગાવોટનું ઓલરેડી પ્લાન થઇ ગયું છે. સોલર રૂફ ટોપ જે આટલી સરસ મજાની સ્કીમ છે, એની અંદર પણ ૧૫૦૦ થી ૨૦૦૦ મેગાવોટ આવવાનું હન્ડ્રેડ પરસન્ટ પ્લાનિંગ છે. આ ઉપરાંત, આ વખતે જે સોલરની પોલિસી બનાવી છે, એમાં કેપ્ટીવની છૂટ આપી છે, એટલી કેપ્ટીવ પણ મોટા પ્રમાણમાં આવશે, એટલે અમને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે, કિસાન સૂર્યોદય યોજનામાં આવતા બે વર્ષમાં જે દિવસે વીજળી ઉત્પાદન કરવાની વ્યવસ્થા છે, એ ૧૫૦૦૦ મેગાવોટની વીજળી ઉત્પાદન બે વર્ષની અંદર પાર થયું હશે. એટલે જનરેશન મળતું થઇ જશે.

હવે બીજો વિષય એ ઇન્ફ્રાસ્ટ્રકચરનો રહ્યો. મને ઘણા બધા લોકો પૂછે છે કે, તમે બધું ચાલુ કેમ નથી કરતા? અઢાર હજાર ગામડા કેમ ચાલુ નથી કરતા? ગામડામાં જઉં છો તો મને એ પૂછે છે, હું ગામના સરપંચોને બધાની વચ્ચે એક જ સવાલ પૂછું છું કે, તમારા ગામમાં પાણીની ટાંકી આવે તો, તમે એક સાથે બધાને સવારમાં આઠ વાગે પાણી આપી શકો છો? તો બધા ના પાડે છે કે ના આપી શકાય. કારણ શું તો કહે છે કે ટાંકી નથી, ઓછી છે, ક્ષમતા ઓછી છે, પાઇપલાઇનો ઓછી છે, પાણીની આવકનું કેવી રીતે કરવું? પાણીનો સંગ્રહ જો કરી શકતા હોઇએ, એ જો એક સમયમાં પાણી આઠ વાગે ન આપી શકતા હોય તો જેનો સંગ્રહ ન કરી શકતા હોય, એને અમે એક સાથે વીજળી આપીએ છીએ. તો આપ કલ્પના કરો કે અમે કેટલું મોટું કામ હાથમાં લીધું છે?

માનનીય અધ્યક્ષશ્રી, જે સબસ્ટેશનો જે બૈઝીકલી હાર્દ છે, એ સબસ્ટેશનો નાખવા માટે આજની તારીખમાં અમે લોકો બે વર્ષની અંદર ૬૬ કે. વી.ના ૨૩૨ સબસ્ટેશનનું આના માટે આયોજન કર્યું છે અને ૩૪૦૩ કિલોમીટરની લાઇનો કરી છે. ૨૨૦ કે. વી.ના ૧૧૦૦ સબસ્ટેશન બનાવ્યા છે અને આ સબસ્ટેશન શાના માટે ? કે સબસ્ટેશનો કરીએ, ફીડર બાયફરગેશન કરીએ, નાના નાના ફીડર કરીએ, સબસ્ટેશનોમાં પેનલો વધારીએ, કારણ કે આજે બધા તમે જાણો છો કે એક પેનલ બંધ થાય તો પેનલમાં જેટલી કેપેસીટી હોય તે આઠ કલાક આપે, બીજી કેપેસીટી આવે, એટલે સબસ્ટેશનમાં જેટલી કેપેસીટીની વીજળી હોય એટલા જ વિસ્તારમાં એ વીજળીનું વિતરણ કરી શકો છો, ટ્રાન્સમિશન કરી શકો છો, વધારે કરી શકતા નથી. એટલે આજની તારીખમાં જે કિસાન સૂર્યોદય યોજનામાં અમે કામ લીધું છે તેમાં જે પ્રમાણે ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવીએ છીએ તે ઇન્ફ્રાસ્ટ્રકચરમાં નવી લાઇનો બનાવીએ છીએ તેના કારણે આ અઢાર હજાર ગામડાંને અમે આવતા દોઢ–બે વર્ષમાં આપવાનું આખું આયોજન છે અને જે આ ટ્રાન્સમીશન નેટવર્કને બધું છે, મારે આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યકત કરવો છે કે હજાર કરોડ રૂપિયા મને આ વખતે બજેટમાં આપ્યા છે, અને મને ચોખ્ખું કહ્યું છે કે શ્રી સૌરભભાઇ તમે ખર્ચ કરો, આપણે ખર્ચની કોઇ ચિંતા નથી, તમારે વધારે પૈસા આર. ઇ. માં જોઇતા હશે તો તમે મારી પાસેથી લઇ જજો, પણ આપણે આ કામ પૂર્ણ કરવાનું છે. અને અમારા એન્જિનિયર છે, અમે લક્ષ્યાંક કર્યો છે કે બને એટલું ઝડપથી કામ કરી અને આપણે આ કામ પૂર્ણ કરાવવું છે.

બીજું, મેં સૌથી અગત્યનું લોડ ડિસ્પેચ મેનેજમેન્ટ છે. આમાં અત્યારે તમે કહ્યું કે કોઇક કોઇક વાર બંધ થાય છે. તો શરૂઆતમાં તકલીફો આવશે, પણ તમે વિચાર કરો કે દાખલા તરીકે ખેડૂતોને લાઇટ ચાલુ હોય, એગ્રીકલ્ચર કનેકશન આવતા હોય અને સ્લાઇટ વાદળા આવ્યા, વીજળીનું ઉત્પાદન ઘટી ગયું તો શું કરવાનું? કોઇએ વિચાર કર્યો છે કે એ વખતે વીજળી કયાંથી લાવવાની? એની પણ અમે તૈયારી રાખીએ છીએ, કે એક સાથે ૧૫૦૦૦ મેગાવોટનો પીક ટાઇમ વીજળીનો હોય અને વાદળા આવ્યા અને પાણીની મોટરો ચાલતી હોય અને વીજળી ઉત્પાદન ઘટી જાય તો ફ્રીકવન્સી પડી જાય અને આખા દેશમાં ફેઇલ્યોર થાય. આપણી લાઇન છે તે માત્ર સ્ટેટ માટેની નથી, આપણે આખા ઇન્ડિયા સાથે કનેકટેડ છે અને જયારે આખા ઇન્ડિયાની સાથે કનેકટેડ હોય ત્યારે આપણી જવાબદારી છે કે ફ્રીકવન્સી મેચ કરવી પડે. એટલે આની અંદર પ્લાન્ટો, કોલસાનો પ્લાન્ટ હોય તો તાત્કાલિક ચાલુ નથી કરી શકતા અને કોલસાનો પ્લાન્ટ આપણે બંધ નથી કરી શકતા, ગેસનો પ્લાન્ટ હોય તો બંધ કરી શકાય, પણ ગેસ મોંઘો પડે, આ બધા સંજોગોનું ધ્યાન રાખીને આપણે જે કામો ચાલુ કર્યા છે તેમાં આજે ૪૦૦૦ ગામડાંમાં શરૂઆત કરી છે. મારી પાસે આજની તારીખે એવી કોઇ ફરિયાદો આવી નથી, કોઇ ધારાસભ્યશ્રીઓ પણ નથી લાવ્યા, આખો દાહોદ જિલ્લો આપણે ચાલુ કર્યો છે, મને કોઇ ધારાસભ્યશ્રીએ એમ કહ્યું નથી કે શ્રી સૌરભભાઇ આટલી તકલીફો પડી છે. હા, નાના નાના ટ્રીપીંગ થતા હોય, એ ફીડરની અંદર બંધ થયું હોય, કોઇક તકલીફ સબસ્ટેશનમાં થઇ હોય, પણ પ્રિન્સીપલી કિસાન સૂર્યોદય યોજનામાં આજની તારીખમાં અમને આ યોજનામાં કોઇ જગ્યાએ કોઇ તકલીફ એવી પડી નથી.

બીજું, પ્રાઇઝીંગ પણ જોવું પડતું હોય છે. આજે આપણે જયારે વીજળી ખરીદીએ ત્યારે વીજળીના પ્રાઇઝીંગના એવરી પંદર મિનિટના સ્લોટ હોય છે, હવે એ સ્લોટોના ભાવ પ્રમાણે અમે ઘણી વખત વીજળી ખરીદતા હોઇએ છીએ તો જ કોમર્શીયલની અંદર વાયેબીલીટી થાય. એટલે આમાં કયુ મેઇન્ટેન કરીને કઇ વીજળી સસ્તી પડે છે એ રીતે અમારે ખરીદવી પડતી હોય છે. એટલે આવા સંજોગોમાં માત્ર લાઇનો નાખવી, સબસ્ટેશનો નાખવા, ઉત્પાદન કરવું એ સિવાય લોડ ડિસ્પેચ સેન્ટર મેનેજ કરવું એ સૌથી મોટી ચેલેન્જ છે. અને એટલે હું આજે ગૌરવ સાથે કહું છું કે અમે આ કાર્યક્રમ કરીશું, મોસ્ટ ચેલેન્જીંગ કામ તો ચોકકસ છે જ. સ્ટોરેજ નથી થઇ શકતું, અને ફીડર બાયફરગેશન, સબસ્ટેશન, ટ્રાન્સમિશન લાઇન આ બધું જ અમે કરીશું. લાગણી બધાની હતી, રજૂઆત કરવામાં આવી હતી, પણ નિર્ણય ૨૫ વર્ષે થયો, કારણ કે અમે ૨૫ વર્ષથી જુના

પ્રશ્નો ઉકેલવામાંથી જ બહાર નથી નીકળ્યા, તમે જે મૂકીને ગયા હતા દસ લાખ, બાર લાખ કનેક્શનો, એ બાર લાખ કનેક્શનોનો ઉકેલ લાવવાનો, દસ દસ સબ સ્ટેશનની સામે અમે દોઢસો દોઢસો સબસ્ટેશનો આપ્યા, તમે જે અછતવાળી વીજળીનું સ્ટેટ મૂકીને ગયા હતા એને અમે સરપ્લસ કર્યું. અને હવે અમે રીન્યુએબલમાં ચેલેન્જ સાથે આગળ વધ્યા છીએ અને એ થયા પછી આ પ્રશ્ન અમે ઉકેલીશું અને ચોકકસપણે તમને ખાતરી આપું છું કે કિસાન સૂર્યોદય યોજના આવતા દિવસોમાં માનનીય સભ્યશ્રી વસાવાજીએ કહ્યું કે જલદી થાય પરંતુ કોંગ્રેસી રાજ્યોમાં કરાવે, ત્યાં ટ્રાય કરાવે એ જરૂરી છે. કિસાન સૂર્યોદય યોજનાનો સંપૂર્ણપણે અમલ થાય ત્યારે જેટલા પણ બેઠા છે એમાંથી અડધા આવવાના નથી. જયોતિગ્રામ યોજના થઇ ત્યારે પણ ઘરે બેસાડી દીધા હતા એવી રીતે આ કિસાન સૂર્યોદય યોજનામાં બેસવાના છે. છેલ્લે એટલું જ કહીશ કે માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે એને આવકારીએ છીએ, સ્વીકારીએ છીએ અને તેઓને અભિનંદન પાઠવું છું.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું કિસાન સૂર્યોદય યોજનાનો સંકલ્પ લઇને આવ્યો છું એ બાબતે માનનીય મંત્રીશ્રી સૌરભભાઇએ ખૂબ જ વિસ્તૃતપૂર્વક યોજનાને સમજાવી છે જેના લીધે સભ્યશ્રીઓની ગેરસમજ દૂર થશે તથા જે ખાતરી આપી છે એના ઉપરથી કહીશ કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ બજેટમાં ફાળવણી પણ કરી છે તે ધ્યાનમાં લઇને ખેડૂતોનું હિત થવાનું છે. આ સરકાર ખેડૂતોના હિતમાં કામ કરી રહી છે અને આ મારા સંકલ્પનો સ્વીકાર કર્યો એ બદલ માનનીય મંત્રીશ્રીનો હું આભાર વ્યકત કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**કોરોના રસીકરણ અભિયાનને સફળ બનાવવા તથા સમયસર પૂર્ણ કરવા અંગે**

**શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ''કોવિડ–૧૯'' મહામારી સામે નાગરિકોને સુરક્ષિત રાખવા રસી ઉપલબ્ધ થઇ ગયેલ છે. રસીકરણના કાર્યક્રમને ૪ નિષ્ણાત તબીબોની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ દ્વારા આખરી ઓપ અપાયા બાદ કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ રસીકરણની કામગીરીનો ગુજરાતમાં આરંભ થઇ ચૂકયો છે. કોવિશિલ્ડ અને કોવેક્સિનની રસી પર્યાપ્ત માત્રામાં ગુજરાતને ઉપલબ્ધ થઇ છે.

રસીકરણના કાર્યક્રમ માટે રાજ્યમાં ૧૬૦૦૦ વેક્સિનેટરને તાલીમબદ્ધ કરાયા છે. પ્રત્યેક સેન્ટર ઉપરથી એક દિવસમાં ૧૦૦ લોકોને રસી અપાતાં પ્રતિદિન ૧૬ લાખ લોકોને રસી આપી શકાય તેવું આયોજન કરાયું છે. વેક્સિનના સ્ટૉરેઝ માટે ઝોન કક્ષાના ૬ વેક્સિન સ્ટોર, જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ ૪૧ સ્ટોર તથા ૨૧૮૯ કોલ્ડ ચેઇન પોઇન્ટ પ્રથમ તબક્કે ઉપલબ્ધ છે. ૬.૩ લાખ ફ્રન્ટ લાઇન વર્કર્સ તેમજ ૫૦ વર્ષથી વધુ વયની ૧.૩ કરોડ વ્યક્તિઓ અને બિમારી ધરાવતી ૫૦ વર્ષથી ઓછી વયની ૨.૬૮ લાખ વ્યક્તિઓની માહિતી એકત્ર કરવામાં આવી છે.

ગુજરાતમાં રસીકરણના કાર્યક્રમના બીજા તબક્કાનો પ્રારંભ થઇ ચૂક્યો છે. તબીબો, હેલ્થ વર્કરો, આંગણવાડી વર્કર્સ, ૧૦૮નો સ્ટાફ, પોલીસ કર્મચારીઓ, સફાઇ કર્મીઓ, મહેસૂલી કર્મચારીઓ સહિત અનેક પ્રજાજનોએ કોઇપણ જાતના ગભરાટ વિના રસીકરણ કરાવેલ છે. બીજા તબક્કાના રસીકરણ કાર્યક્રમમાં વરિષ્ઠ નાગરિકો તથા ગંભીર પ્રકારની બિમારી ધરાવતા ૫૦ વર્ષથી વધુ વયના નાગરિકોને આવરી લેવાનું લક્ષ્યાંક છે. ઓછામાં ઓછા સમયગાળામાં વધુને વધુ વ્યક્તિઓ સુધી વેક્સિન પહોંચાડવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. ''કોરોના હારશે અને ગુજરાત જીતશે ''ના લક્ષને હાંસલ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. કોરોના વેક્સિનના દરેક વ્યક્તિને બે ડોઝ મળે તે પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

જન સમાજના સહયોગથી રાજ્ય સરકારનું કોરોના રસીકરણ અભિયાન સંપૂર્ણ સફળ થાય અને રસીકરણની આડઅસર અંગે પ્રજામાં કોઇ ડર કે ભ્રમ હોય તો સૌ તે અંગે જાગૃતિ લાવવામાં પોતાનું યોગદાન આપી રસીકરણના અભિયાનને સફળ બનાવવા અને અભિયાન સમયબદ્ધ પૂર્ણ થાય તે માટે જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા તા. ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૧ના દિવસે રસીકરણના કાર્યક્રમની શરૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતેથી કરવામાં આવેલ છે.

સમગ્ર દેશમાં ફ્રન્ટલાઇન વર્કરોનું રસીકરણ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. તા.૩૧મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજથી ફ્રન્ટલાઇન વર્કરોનું રસીકરણ સમગ્ર રાજ્યમાં શરુ કરવામાં આવેલ છે અને આ ઝૂંબેશની શરૂઆત પણ રાજ્યના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસશ્રી અને જિલ્લાના કલેક્ટરશ્રીઓને અને મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને રસી આપી કરવામાં આવેલ છે. જેથી બીજાં કર્મચારીઓ અને અધિકારીઓ રસી લેવા માટે પ્રોત્સાહિત થાય.

ભારત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સૂચના મુજબ તા.૧લી માર્ચ, ૨૦૨૧ના રોજથી ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા (તા. ૧–૧–૨૦૨૧ની સ્થિતિએ) તથા ૪૫થી ૫૯ વર્ષની ઉંમરના અન્ય રોગ ધરાવતા (તા.૧–૧–૨૦૨૧ની સ્થિતિએ અને બીમારી અંગેનું ડોક્ટરનું પ્રમાણપત્ર) નાગરિકોને રસી આપવાનું શરૂ કરવામાં આવેલ છે.

ફાલ્ગુન ૧૮, ૧૯૪૨ શાકે

બિન–સરકારી સંકલ્પો

તા. ૭–૩–૨૦૨૧ સુધી ૪.૨૦ લાખ હેલ્થ વર્કર તથા ૪.૧૯ લાખ ફ્રન્ટલાઇન વર્કર, ૫.૦૪ લાખ ૬૦ વર્ષથી વધુ ઉંમરના તથા ૦.૬૫ લાખ ૪૫–૫૯ વર્ષની ઉંમરના વ્યક્તિઓને પ્રથમ ડોઝ આપવામાં આવેલ છે. ૨.૪૨ લાખ હેલ્થ વર્કર અને ૦.૯૮ લાખ ફ્રન્ટલાઇન વર્કરને બીજો ડોઝ આપવામાં આવેલ છે. આમ, ૧૪.૦૮ લાખ પ્રથમ ડોઝ અને ૩.૪૦ લાખ બીજો ડોઝ મળી કુલ ૧૭.૪૮ લાખ રસીના ડોઝ આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ કોરોના મહામારીની ગંભીર બીમારી આખા વિશ્વમાં થઇ છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ ખડે પગે રહીને સેવા આપી છે એવી જ રીતે રસીકરણમાં તમામ સન્માનનીય સભ્યશ્રીઓને પોતપોતાના મતવિસ્તારની અંદર જ્યારે રસીકરણનો કાર્યક્રમ થાય ત્યારે ગામડાના ખૂણે–ખૂણા સુધી પહોંચાડીને આ રસીકરણ અભિયાનને સફળ બનાવે અને રસીકરણ થકી કોરોના મહામારીને દૂર કરવામાં સહભાગી બનીએ એવી આપની પાસેથી અપેક્ષા રાખું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સભ્યશ્રી રમેશભાઇ કટારા કોવિડ–૧૯ મહામારી રસી અંગેનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તે બાબતમાં મને જે પ્રશ્નો ઉપસ્થિત થયા છે તે સભાગૃહ સમક્ષ કહેવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ સ્વતંત્ર થયો પછી આ દેશની પ્રજા માટે અત્યાર સુધીની સરકારોએ ઘણી બધી ચિંતાઓ કરી છે. શીતળા જેવો ભયંકર રોગ આવતો, જેને લોકો માતાજી તરીકે માનતા અને ત્યારે પણ લોકો રસીથી ડરતા હતા. ભણતર ઓછું હતું, જેમાં હું પણ દ્રવિત થયો છું. શીતળા આવે એટલે માણસનો ફેઇસ પણ બગડી જતો. માણસનું આખું શરીર મુશ્કેલીમાં મૂકાઇ જતું. આસ્થા સાથે બંધાયેલું હતું ત્યારે પણ આવી રસી શોધાઇ છે. રસી શોધવા માટેની જે તે સરકારની જવાબદારી હોય છે. નૈતિક ફરજ બનતી હોય છે. કોરોના વાયરસના કારણે જે પરિસ્થિતિ થઇ છે ત્યારે કોંગ્રેસ પક્ષે કે બીજા કોઇપણ રાજકીય પક્ષોએ આ દેશને આ કોરોના વાયરસ જેવી મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે સતત તેમનો ફાળો આપ્યો છે. કોરોના વાયરસ આવ્યો ત્યારે લોકો ડરી રહ્યા હતા. બહારના રાજયોના મજૂરો અહીંયા કામ કરતા હતા એ ભાગી રહ્યા હતા, એમને આપણે સમજાવી શકતા નહોતા અને છતાં પણ એ પોતે પેદલ ચાલતા હતા, કોઇ સાયકલ ઉપર બાળકને બેસાડીને જતા હતા, કોઇ બેગ ઉપર એમના બાળકને બેસાડીને જતા હતા ત્યારે સરકાર પણ ચિંતામાં હતી પરંતુ રાજકીય રીતે આને કયારેય કોઇ પાર્ટીએ વર્ણવ્યો નથી અને એમાંય કોંગ્રેસ પક્ષે તો નહીં જ. જયારે આવી બિમારી આવતી હોય છે ત્યારે એના માટે પ્રજાના મનમાં કોઇ ભ્રમ ઉભા ના થાય તે માટે જાગૃતિ લાવવા માટે માનનીય રમેશભાઇ વાત લઇને આવ્યા છે એટલે મારા મનમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે કોઇ શંકા છે ખરી? શા માટે શ્રી રમેશભાઇ, આપને આવો સંકલ્પ લાવવો પડયો કે પ્રજા રસીથી ડરી રહી છે? રસીથી જો ડરી રહી હોય તો સરકાર તરીકે આ ગૃહના સન્માનનીય સભ્ય તરીકે હું પણ આમાં આવી જઉં. આપણી ફરજ બને છે કે લોકોને આ ડરથી દૂર કરવા જોઇએ. (અંતરાય) અમે નથી ડરાવતા. મને લાગે છે કે જે બોલનાર સભ્ય છે એ એની જાતને પૂછે કે કોણ ડરાવે છે. આ દેશમાં પહેલા ળક જન્મતું હતું એમાં કોઇક ખોડખાંપણવાળું જન્મતું હતું. પહેલાં પણ પોલીયોની રસી મૂકાતી હતી અને આજે પણ કેમ્પ થાય છે. કોઇપણ પક્ષના ધારાસભ્ય હોય પછી તે કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય હોય, ભારતીય જનતા પક્ષના ધારાસભ્ય હોય તે કેમ્પે જતા. પોલીયોના ડ્રોપ આપવા માટે લાયન્સ કલબ હોય, રોટરી કલબ હોય કે બીજી સેવાભાવી સંસ્થા હોય એના દ્વારા આજે પણ કેમ્પ થાય છે અને બિસ્કીટ આપીને બાળક રડતું હોય તો પણ એને રસી અપાવે છે ત્યારે પ્રજામાં ડર કે ભ્રમ હોય ત્યારે પ્રજામાં જાગૃતિ લાવવા માટે પોતાનું યોગદાન આપી એને સફળ બનાવી અને તે સમયબદ્ધ પૂરું થાય એ માટે સભાગૃહ અનુરોધ કરે છે એવું આપનો કહેવા માટેનો આશય છે ત્યારે હું ગૃહને પણ વિનંતી કરું છું કે જો પ્રજાજન ડરતા હોય તો ડર હવે નીકળી ગયો છે. માનનીય નીતિનભાઇ જયારે વિનંતી કરે કે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો રસી લે, પણ માનનીય નીતિનભાઇએ અને બધા માનનીય મંત્રીશ્રીઓએ રસી લઇ લીધી છે એટલે અમને પણ ડર નીકળી ગયો છે. અમે પણ લેવાનું શરૂ કરી રહ્યા છીએ. (અંતરાય) ડર તો લાગે જ. કોઇપણ વ્યકિતને ડર લાગે, ડર ના લાગે એવું નહીં, કારણ કે આ નવી રસી છે. પેપરમાં આકડા આપ્યા કે રસીના કારણે નોર્વેમાં ૫ લોકોના મરણ થયા, નોર્વે તો દુનિયાનો મહત્વનો દેશ છે. એ દેશમાં જયારે મરણ થયું ત્યારે માણસના મનમાં શંકા આવે એ સ્વાભાવિક છે અને એ શંકા દૂર કરવા માટેની જે જાગૃતિ લાવવા માટેનો કાર્યક્રમ જો કોઇએ કરવો હોય તો આ સન્માનનીય સભાગૃહે સર્વાનુમતે કરવો જોઇએ એટલે માનનીય સભ્યશ્રી રમેશભાઇ કટારા જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારો વિરોધ હોઇ શકે જ નહીં પરંતુ અત્યારે માત્ર વાહવાહી કરવા માટેનો તો આ સંકલ્પ નથીને શ્રી રમેશભાઇ? એ પણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. હમણાં ઊર્જામંત્રીશ્રી બોલતા હતા, કહેતા હતા કે કોંગ્રેસે આવું શું કામ ન કર્યું? કોંગ્રેસે આ દેશ માટે, આ રાજય માટે જે કર્યું છે, શ્રી નીતિનભાઇ, આ ગૃહમાં તમે બોલવા માટે સક્ષમ હોવ તો એ કોંગ્રેસના કારણે છે એ ભૂલવું ના જોઇએ. તે વખતે પોલીયાની રસી ન અપાણી હોત, તે વખતે જો શીતળાની રસી ના અપાણી હોત તો આમાંથી કેટલાય લોકો દ્રવિત થયા હોત. તે વખતે રાખેલી જાગૃતિ, તે વખતે કરેલા કાર્યો, માત્ર આપણે છટકવા માટે બીજા ઉપર ગેંદ ફેંકી દેવાથી પ્રશ્ન પૂરો થતો નથી. આ રાજયમાં જયારે આ કોરોના વાયરસ ફેલાયો એની પાછળના કારણોમાં પણ અનેક તર્કવિતર્ક થાય છે. તબલીગી જમાત ઉપર આક્ષેપ કરવામાં આવે છે. અમારી પાર્ટી એમ કહે છે કે ટ્રંપને તમે લાવ્યા અને આ ગેધરીંગ કર્યું એના લીધે થયું, રાજકીય કાર્યક્રમો થાય છે એના કારણે થાય છે, તમે લગ્નમાં હવે ૨૦૦ જણાને મંજૂરી આપી છે જે પહેલા ૧૦૦ જણાને મંજૂરી હતી, આપણે રાજકીય કાર્યક્રમો કરીએ છીએ ત્યારે માસ્ક પહેરાતું નથી, માસ્ક માટે જાગૃતિ લાવવા માટે વિધાનસભાગૃહમાં બોલવું પડે છે. આ બધી બાબતો છે

ત્યારે માત્ર શ્રી વિરજીભાઇ ઠુમ્મર બોલે છે, માત્ર કોંગ્રેસવાળા બોલે છે એટલે એને આપણે દૂર કરવા પડે તો મારે કહેવું છે માનનીય નીતિનભાઇ, કે આ ગૃહમાં બે દિવસ પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરવી પડી હતી કે તમારે તમારું માસ્ક પહેરવું ફરજિયાત છે એ શા માટે કરવી પડી? કારણ કે લોકોને અવેર કરવા પડે છે. લોકોને અવેર કરવા માટે માત્ર વાહવાહી ના ચાલે પરંતુ મને દુઃખ થાય છે કે આવો મહામારી રોગ અને એમાં આવી વાહવાહી? લોકોને બચાવવાની ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે નૈતિક ફરજ બને છે, સરપંચ તરીકે ફરજ બને છે, ધારાસભ્ય તરીકે તો અનેકગણી ફરજ બને છે અને સરકાર તરીકે જેટલી ફરજ બને છે એ નૈતિક ફરજ સરકારે નિભાવવી જોઇએ. એ નિભાવવાના બદલે આટલા ધ્યેયે પહોંચાડયા છે, આટલું કામ કરવા માગીએ છીએ, કોરોનાથી કોઇ માણસ દ્રવિત ના થાય, કોઇ માણસને મુશ્કેલી ન થાય એ જોવું જોઇએ. અનેક માણસો ગુજરી ગયા છે, રાજકોટના અમારા રાજ્યસભાના સાંસદ ચૂંટાયા પછી રાજ્યસભામાં બેસી શક્યા નથી. શ્રી અહેમદભાઇ પટેલ જેવા વ્યક્તિ બચી શક્યા નથી એનું દુઃખ છે. અમારા પૂર્વ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રીશ્રી ભરતભાઇ સંક્રમિત થયા હતા એ આજે પણ ઘણી તકલીફો ભોગવી રહ્યા છે એનું દુઃખ છે. આ દુઃખ દૂર કરવાના બદલે માત્ર વાહ–વાહી કરવા માટે શ્રી રમેશભાઇ કટારા સંકલ્પ નથી લાવ્યા ને? સાડા છ કરોડની જનતાને જાણવાનો એક અધિકાર છે. દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી પહેલા કહેતા હતા ૪ કરોડની જનતાનો હું પ્રતિનિધિ છું. અત્યારે સાડા છ કરોડની જનતા થઇ છે થઇ છે અને આપણે એના પ્રતિનિધિઓ છીએ ત્યારે કોરોના મહામારીના વાયરસથી લોકો ડરતા હોય તો હું પણ એમાં આવી જાઉ છું. એ ડરતા અટકાવીને કોરોના વાયરસની રસી તમામ લોકો સુધી પહોંચે એ માટે તો ૫૦ વર્ષ સુધીની વાત કરી છે. માનનીય મંત્રીશ્રીએ થોડા દિવસ પહેલાં કહ્યું કે, ૬૦ વર્ષથી વધુના ધારાસભ્યશ્રીઓએ એમના કુટુંબ સાથે રસી લઇ લેવી જોઇએ, એમાં હું પણ આવી જાઉં છું. સાચી વાત છે અને માનીએ છીએ. આ કરવું જોઇએ. પણ આ કરવાના બદલે અત્યારે એ પણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ટી.બી. પેશન્ટ હોય, વધારે પડતી સુગરનો પેશન્ટ હોય કે બી.પી.થી પિડાતો વ્યક્તિ હોય તો એના માટે સરકારનું માર્ગદર્શન શું છે? તેની પણ સંકલ્પમાં વાત ન થઇ હોય તો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને મારે કહેવું છે. મારા પ્રશ્નોના જવાબ આપે છે ત્યારે લાંબી ચર્ચાઓ સાથે જવાબ આપે છે. પરંતુ ગુજરાતની જનતા તમારી ટૂંકી વાત સમજી શકે અને આ વાયરસ (અંતરાય) હું તમારા વખાણ કરું છું. હું તો તમને શ્રી નીતિનભાઇ, પહેલી સીટ ઉપર બેસાડવા માગું છું. તમારે પહેલી સીટ ઉપર બેસવું જોઇએ અને એમાં અમારો ટેકો છે. તમે સક્ષમ છો, નાણાં ખાતું ચલાવો છો.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થવા આવ્યો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : એટલા માટે આપના મારફત કહેવા માગું છું કે, પ્રજાને આમાં જો ભય કે ડર હોય, નાનો વર્ગ, ભણેલો–ગણેલો વર્ગ બધા એમાં આવી જાય છે. આસ્થાને માનતા હોય છે, ગરીબ લોકો આનાથી દૂર ન ભાગે અને કોરોના વાયરસની રસી છેવાડાના માણસ સુધી પહોંચે એના માટેનો જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં અમારા સાથી સભ્યશ્રી રમેશભાઇ કટારા બિન સરકારી સંકલ્પ એટલે કે કોરોના વેક્સિનેશન ગુજરાત સુસજ્જ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોવિડ–૧૯માં જ્યારે દેશ અને દુનિયામાં આ એક વાયરસ, ભયાનક વાયરસ ફેલાયો ત્યારે એના સંક્રમણથી બચાવ માટે અને એને રોકવા માટે આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે, દેશના કેન્દ્રના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ અને રાજ્ય સરકાર એટલે કે અમારી સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રી અને જેમની પાસે આરોગ્ય વિભાગની જવાબદારી છે અને જે અતિશય મજબૂત નિર્ણયો કરે છે એવા શ્રી નીતિનભાઇ પટેલ અને એમની કોર કમિટિ જે કામ કરે છે એની બે–ચાર વાતો મારે આપના માધ્યમથી મૂકવી છે. રાજ્ય સરકારની અંદર જવાબદાર એવા સૌ અધિકારીશ્રીઓ, સચિવ કક્ષાના અધિકારીઓ, પોલીસ વિભાગ, મહેસૂલ વિભાગ, ડોકટરો, નર્સો તથા સફાઇ કર્મચારીઓ અને નામી અનામી જેમણે પણ આ કોરોના મહામારીમાં કામ કર્યું છે, સામાજિક સંસ્થાઓ અને સમાજની ચેરિટેબલ સંસ્થાઓએ પણ આ કોરોના મહામારીના કાળમાં પોતાની સેવાકીય પ્રવૃત્તિઓ કરી છે. તેમને હું આપના માધ્યમથી અને જેમણે પણ પોતાનો જીવ મુઠ્ઠીમાં રાખીને કામ કર્યું છે, સાથે સાથે જેમણે પોતાના જીવનું બલિદાન કર્યું છે એમને વંદન કરું છું અને અભિનંદન પણ આપું છું. આ કોરોના મહામારીની અંદર જે પ્રમાણે રમેશભાઇએ વાત કરી એમાં મારે ખૂબ ગૌરવ સાથે વાત કરવી છે કે જે પ્રમાણે આપણા દેશ અને ગુજરાત રાજ્ય આ બંનેએ જે કોરોના સંક્રમણની અંદર જે પદ્ધતિથી કેન્દ્ર સરકારના સમય પ્રમાણેના નિયમોને આધીન રહીને એના પ્રમાણેની જોગવાઇ પ્રમાણે કામ કર્યું છે એ ખૂબ અભિનંદનનીય છે. આપણા ગુજરાતની અંદર ઘણાં બધા મિત્રો વિદેશની અંદર પોતે વસવાટ કરે છે. એ વખતે કોરોના સંક્રમણની અંદર ક્યાંક ઘણાં લોકો અહીંયા પણ હતા. વિદેશમાં પણ હતા. એમના આવવા–જવા માટે એ વખતે દેશ અને વિદેશની અંદર તમામ જાતની ફ્લોઇટો સ્થગિત થઇ ગઇ હતી. કોઇ પરિવારના વડિલ અહીંયા હોય એના દીકરા–દીકરી ત્યાં હોય તો એમની ચિંતા કરતા હતા. ક્યાંક વડિલો ત્યાં હોય એના પરિવારના દીકરા–દીકરી અહીંયા હોય તો એની ખૂબ મોટી ચિંતા કરતા હતા. સૌ પ્રથમ તો કેન્દ્ર સરકારે વંદે ભારતની યોજના હતી એમાં સુરક્ષિત રીતે દેશમાં લાવવા માટે અને વિદેશમાં લઇ જવા માટે જે કામ કર્યું છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. સાથે સાથે જે પ્રમાણે એરપોર્ટની ઉપર જ્યારે આ કોરોના સંક્રમિતથી બચવા માટે રાજ્ય સરકારે જે આયોજનબદ્ધ કામ કર્યું હતું એમાં જે લોકો અહીંયા વિદેશથી આવતા હતા એમને હોમ કોરેન્ટાઇન થવું હોય અથવા તો જે તે સરકારની ગાઇડ લાઇન પ્રમાણે હોટલ અથવા તો સરકારે એ સ્થળ ઉપર વ્યવસ્થા નક્કી કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય કે ઘણો બધો સમાજ અમારો અમેરિકાની અંદર છે અને આજે પણ એ કહે છે કે રાજ્ય સરકારે જે સગવડ કરી હતી એ વિદેશની સરકારે સગવડ ના કરી એનાથી ખૂબ મહત્વની અને પ્રસંશનીય સગવડ આપણી રાજ્ય સરકારે કરી હતી.

# ફાલ્ગુન ૧૮, ૧૯૪૨ શાકે
## બિન–સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, આ આરોગ્ય વિભાગની વાત એટલા માટે કરવી છે કે રસીકરણની વાત એ પહેલા પણ ઘણા બધા સમય પહેલાથી, વર્ષ ૧૯૮૫થી ચાલતી આવી છે. આ રૂટિન રસીકરણના કાર્યક્રમમાં પણ બાળકો અને સગર્ભા બહેનોને વિવિધ રોગ વિરોધી રસીઓ આપવાનું કામ એ આપણી કેન્દ્ર અને રાજ્ય સરકાર કરતી આવી છે. સાથે સાથે રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ મુજબ સુવ્યવસ્થિત આયોજન મુજબ ચાલતો આપણો આ કાર્યક્રમ પણ છે અને આ કાર્યક્રમના કારણે આજે શિતળા અથવા તો પોલિયો જેવા રોગોને આપણા દેશે નાબૂદ કરવામાં આજે ખૂબ મોટી સફળતા પ્રાપ્ત કરી છે. આ રાષ્ટ્રીય રસીકરણના કાર્યક્રમમાં અનુભવનો ઉપયોગ કરી કોવિડ–૧૯ રસીકરણના કાર્યક્રમમાં કરવામાં આવે છે અને એની અમલવારી પણ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે ચાલુ કરી છે. આજે આ રસીકરણના કાર્યક્રમની અંદર સમસ્ત રાજ્યની સરકારી હોસ્પિટલ, ખાનગી હોસ્પિટલ, શહેરી વિસ્તારની અર્બન હોસ્પિટલ, જિલ્લા–તાલુકા કક્ષા અને ગ્રામ કક્ષાની અંદર પી.એચ.સી., સી.એચ.સી અને અનેક હોસ્પિટલોનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. આ રસીને સાચવવા માટે પણ રસી સિસ્ટમને વ્યવસ્થિત કરવામાં આવી છે જેવી કે– આ રસીને સાચવવા માટે કોલ્ડ ચેઇન સિસ્ટમ અને બીજી વ્યવસ્થાનો ઉપયોગ કરીને કોવિડ–૧૯ રસીકરણનો કાર્યક્રમ આજે અમલમાં મૂકવામાં આવ્યો છે. રાજ્યમાં કોવિડ રસીકરણ માટે રસીના સ્ટૉરેજને ૬ ઝોનમાં વહેંચવામાં અને સાથે સાથે ૪૧ જેટલા જિલ્લા અને શહેરોની અંદર, કોર્પોરેશનની અંદર આ કક્ષાના સ્ટૉરેજ અને ૨૧૯૫ જેટલા કોલ્ડ ચેઇન પોઇન્ટની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૨૦નું વર્ષ, કોરોનાનો આ કાળ, કોરોનાના કાળમાં જે પ્રકારે દેશ અને દુનિયાભરમાં જયારથી ભારતમાં લોકડાઉન લાગ્યું ઘર પરિવારમાં બાળકથી લઇને વડીલ તમામ લોકોના મનમાં અને તમામ લોકોની વાતોમાં એક જ ચર્ચાનો વિષય હતો કે કોરોનાની વેકસીન કયારે આવશે? આ જ આશાની કિરણો જોડે ભારત દેશના અનેક વૈજ્ઞાનિકો આ દેશને ગૌરવ અપાવવા માટે આ દેશના કરોડો ભારતીયોને મેઇડ ઇન ઇન્ડીયા વેકસીન પહોંચાડવા માટે પોતાનું ઘર, પરિવાર બધાની ચિંતા છોડીને વેકસીનના રિસર્ચની પાછળ લાગ્યા હતા. નાનપણથી આ ત્રણ શબ્દો સાંભળતો હતો કે ભારત ભાગ્ય વિધાતા. નાનપણથી એક વિચાર હતો મનમાં કે આ ત્રણ શબ્દો ખરા અર્થમાં કયારે ચરિતાર્થ થશે. આ દેશ માટે ગૌરવનો વિષય છે કે દુનિયાભરમાં અનેક વિકસિત દેશો કોરોનાની વેકસીનના રિસર્ચમાં લાગેલા હતા. અગર ભૂતકાળનો આંકડો આ દેશનો અગર ટ્રેક રેકર્ડ દેખશો તો આ પ્રકારની પરિસ્થિતિમાં આપણે હંમેશા એમ કહેતા હતા કે વિકસીત દેશોમાંથી મદદ લઇને કયાંક ને કયાંક આપણે આપણી આ તકલીફોમાંથી બહાર આવશું. ભારત ભાગ્ય વિધાતા ખરા અર્થમાં ભારતને આત્મનિર્ભર બનાવતું આદરણીય નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્નું કે આ દેશ આત્મનિર્ભર બને. આપણે વેકસીન બનાવી, આ દેશના વૈજ્ઞાનિકોએ વેકસીન બનાવી. સવાસો કરોડ ભારતીયો કયાંકને કયાંક આ વાતને લઇને ખુશીના સમાચાર લોકોમાં હતા, કયાંકને કયાંક તમામ ભારતીયોમાં ખુશીની લાગણી હતી. શરમની વાત છે હું કોઇ રાજનીતિક પાર્ટીનું નામ નથી લેવા માંગતો પરંતુ અમુક પાર્ટીના શીર્ષ નેતૃત્વ દ્વારા આ દેશના વૈજ્ઞાનિકો ઉપર સવાલ ઉભો કરવામાં આવ્યો. એક આખી લાઇન હિન્દીમાં સારી રીતે બોલી ન શકે એવા નેતાઓએ આ દેશના વૈજ્ઞાનિકો ઉપર સવાલ ઉભો કર્યો. હમણાં શ્રી વિરજીભાઇ વાત કરતા હતા કે અમારા લોકપ્રિય મંત્રી અમારા ઉપમુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વેકસીન લીધી પછી અમને પણ વિશ્વાસ આવ્યો. આ દુઃખનો વિષય છે. અમારી પાસે મદદ કરવાની બીજી કોઇ આની પાછળ રીત નથી કારણકે અમુક નેતાઓને નેતા પણ વિદેશી ગમે અને વેકસીન પણ વિદેશી ગમે. આમાં અમે કયાંથી લાવીએ? આ દેશના વૈજ્ઞાનિકોએ રસી બનાવી, આ દેશમાં ચારેય તરફ આવનારા દિવસોમાં હમણા વોટસએપમાં એક મેસેજ ફરે છે કોરોનાની રસીને લઇને વોટસએપમાં એક મેસેજ ફરે છે કે * (xxx)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપનું વાકય કાઢી નાખવામાં આવે છે. આવું ના વાંચશો આ વોટસએપ.

શ્રી હર્ષ ર. સંઘવી : પહેલા તો કહી જ દીધું છે પણ એક તન અને બીજું વતન માટે આ બેઉ ઘાતક છે. કેમ? શ્રી વિરજીભાઇએ હમણાં કહ્યું કે લોકોને વિશ્વાસ નથી આવતો. અમે ૧૮૨ લોકો આ ગુજરાતની જનતાનો વિશ્વાસ છે. અમારું એકે એક સ્ટેટમેન્ટ અહીં વિધાનસભામાં હોય કે ટી.વી.માં હોય આવી કપરી પરિસ્થિતિની અંદર કયારેય પણ એ લોકોમાં વિશ્વાસ પણ અપાવી શકે છે અને લોકોનો વિશ્વાસ પણ તોડી શકે છે. આપણને સૌને ખબર છે કે આ વિશ્વાસ તોડવાનું કાર્ય કોણે કર્યું છે? એટલે જ રસી જોડેજોડે કોરોના તો નાબૂદ થવા જઇ જ રહ્યો છે. પરંતુ સાથેસાથે કોરોનાની અંદર જે ગંદી રાજનીતિ કરી છે એથી કોંગ્રેસ પણ કયાંકને કયાંક ગુજરાતમાંથી નાબૂદ થવા જઇ રહી છે. કોરોનાના આ કપરા કાળમાં રાજ્ય સરકારે અનેકવિધ એવા કાર્યો કર્યા છે. અમારા લોકપ્રિય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે માત્ર રસીની આ ફાસ્ટ ટ્રેક ટીમ બનાવી છે, એટલું જ નહિ ગ્રાઉન્ડ લેવલે જઇને ૧૬,૦૦૦થી વધારે વેક્સિનેશનનાં સેન્ટર તૈયાર કરવામાં આવ્યાં છે. આ ખૂબ મોટો વિષય છે. વેક્સિન ખાલી શોધાઇ જાય એ ભારત જેવા દેશમાં સવા સો કરોડની વસતિ હોય અને ગુજરાતની અંદર ગામ હોય, શહેર હોય એમાં અલગ અલગ વિસ્તારમાં વેક્સિન પહોંચાડવાની હોય અને વેક્સિન માત્ર પહોંચાડીને ૧૦ દિવસ પડી રહે અને અપાઇ જાય આ પ્રકારની પરિસ્થિતિ વેક્સિનમાં નથી હોતી. વેક્સિનના અનેક રૂલ્સ અને રેગ્યુલેશન હોય છે, તેને ફોલો કરવા માટે આ રાજ્ય સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇનો હું આભાર માનું છું કે આ રાજ્યની જ સિનિયર ડોક્ટરોની ફાસ્ટ ટ્રેક ટીમ બનાવવામાં આવી. એના માધ્યમથી કયા પ્રકારે કામ લઇ જવાય અને સાથે સાથે આખા કાર્યક્રમ અંતર્ગત ૧૬,૦૦૦ વેક્સિનેશન સેન્ટર તૈયાર કરવામાં આવ્યાં. દરરોજ એક જગ્યાએથી ૧૦૦ લોકોને આપી શકાય એવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી. મહારાષ્ટ્રના ડેટા, રાજસ્થાનના ડેટા મેં વાંચ્યા તો આપણી જનસંખ્યાના આધારે જોવા જઇએ તો આ લોકો આપણાથી ૪૫ ટકાથી નીચે એમની તૈયારી છે એ પ્રકારની તૈયારી આપણી રાજ્ય સરકારે કરી છે, તે બદલ આભાર માનતા એટલું જ કહેવા માગું છું કે વેક્સિન આ કોઇ રાજનીતિ નથી. વેક્સિન ઉપર રાજનીતિ કરનાર કોઇપણ વ્યક્તિને ગુજરાતની જનતા માફ નહિ કરે. ઉપર જ્યારે ભગવાનને જવાબ આપવો હશે તો તે નહિ આપી શકે. બધાને હાથ જોડીને વિનંતી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરું છું કે વેક્સિન લેવાનો અમારો સમય આવ્યો નથી. વેક્સિન લેવાનો અમને ચાન્સ મળશે તો પહેલા જઇને વેક્સિન લઇશું. કારણ કે મને મારા દેશ ઉપર વિશ્વાસ છે. મારા દેશના વૈજ્ઞાનિકો ઉપર વિશ્વાસ છે. મને જે રીતે અમારી સરકાર કાર્ય કરી રહી છે, તે ગુજરાતના નાગરિક તરીકે તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. આભાર.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય રમેશભાઇ કટારા જે કોવિડ વેક્સિન માટેનો સંકલ્પ લઇને આવ્યા છે. હમણાં જે આ ગૃહના મારા સાથી ધારાસભ્યશ્રીએ કહ્યું એમ અમે પણ જ્યારે રાજ્યના સુખાકારીની વાત હોય, લોકોના આરોગ્યની વાત હોય એની અંદર રાજકારણ કરતા નથી. ભવિષ્યની અંદર પણ અમારી પાર્ટી આ બાબતે રાજકારણ કરવા માગતી નથી, પરંતુ જે રીતે અમારા સાથી સભ્યશ્રી વિરજીભાઇએ કહ્યું હતું કે આ સંકલ્પ લાવી અને માત્રને માત્ર સરકારની વાહવાહી થતી હોય તો એની સામે અમને વાંધો હોઇ શકે. બાકી ગુજરાતની ૬.૫ કરોડ લોકોને ૬૦ વર્ષથી ઉપરના જ નહિ, પરંતુ તમામ લોકોને વેક્સિન આપવામાં આવે એની સાથે અમારી સંમતિ હોઇ શકે, પરંતુ જે રીતે વેક્સિનના નામે રાજકારણ થઇ રહ્યું છે અને આજે સંકલ્પ લાવ્યા છીએ, એની અંદર કોરોનાની મહામારીની અંદર જે રીતે ૨૦ રૂપિયાનું માસ્ક હોય અને હજાર રૂપિયા દંડના ઉઘરાવવામાં આવે. લોકડાઉન હતું ત્યારે લાખો લોકોના ઉપર કેસ કરવામાં આવ્યા. શિક્ષણમંત્રીશ્રી બેઠા છે કે ૧૨ મહિના સુધી ગરીબ પરિવારના લોકો સ્કૂલમાં, કોલેજમાં ગયા નથી, છતાં પણ એમની પાસેથી ફી વસૂલ કરવામાં આવી. આ બધી બાબતો આની સાથે સમાવેશ કરવામાં આવી હોત તો સારું હતું. આટલો દંડ વસૂલ્યા પછી જે ખાનગી હોસ્પિટલોની અંદર જે રસીના ૨૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે તે ૨૫૦ રૂપિયા નક્કી ન કરવામાં આવ્યા હોત અને ફ્રી ઓફ કોસ્ટ એટલે મફતમાં આ રસી આપવાની વાત કરી હોત તો અમે ૧૦૦ ટકા સમર્થન કરત. જે રીતે ગુજરાતમાં રસી આપવાની વાત થઇ. અમારા સભ્યશ્રી વિરજીભાઇએ કહ્યું અગાઉ પણ આવી રસી કોંગ્રેસની સરકારે શોધેલી છે. ગંભીર પ્રકારના રોગની રસીકરણ કરવામાં આવ્યું છે. પરંતુ હંમેશાં નંબર વન રહેવાની વાત કરતા તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ના નેશનલ ફેમિલી હેલ્થ સરવે ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટયૂટ ફોર પોપ્યુલેશન સાયન્સ દ્વારા કોરોના સિવાયની જે જે રસીઓ આપવાની વાત થઇ છે તેની અંદર ગુજરાતનું ૨૫મું સ્થાન છે. અર્બન વિસ્તારની અંદર ૫૦.૪ ટકા અને ગ્રામ્ય વિસ્તારની અંદર ૫૦.૪ ટકા તે રીતે જો ગુજરાતનું સ્થાન ૨૫મું છે તે રીતે કોરોના વેક્સિનની અંદર ગુજરાતનું સ્થાન ૨૫મું ના રહે અને સારી રીતે પહેલા નંબરે વેક્સિન અપાય તેનું અમે સમર્થન કરીએ છીએ. ગૃહની અંદર કોરોના વોરિયર્સની વાત કરવામાં આવી. કેન્દ્ર સરકારના માનનીય આરોગ્ય મંત્રીએ દરેક કોરોના ફ્રન્ટ લાઇન વોરિયર્સ છે તેના માટે ૫૦ લાખના વીમાની વાત કરી હતી. તેની સાથે સાથે કોરોના વેક્સિનેશનની અંદર જે લોકો જોડાયેલા છે અને કોરોના વેક્સિન આપતાં આપતાં કોઇને નુકસાન થાય અથવા તો ફ્રન્ટ લાઇન વોરિયર્સને નુકસાન થાય તો તેને પણ આ ૫૦ લાખના વીમાનું કવચ પૂરું પાડવામાં આવે. એક બાજુ આપણે આ ફ્રન્ટ લાઇન વોરિયર્સ કર્મચારીઓની વાત કરીએ છીએ અને તેમનું સમર્થન અને સરાહના કરીએ છીએ. પરંતુ આ રાજ્યના આરોગ્ય કમિશનર દ્વારા જે કોરોના વોરિયર્સ માટે એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. રાજ્યના આરોગ્ય વિભાગના ૪૪૦૦ જેટલા ફીકસ વેતનના કર્મચારીઓની ભરતી કરવામાં આવી હતી તેમાંથી ૭૦૦ જેટલા લોકોએ આ કોરોના વોરિયર્સ તરીકે કામ કર્યું છે અને તેમને માત્ર ૧૩૫૦૦ રૂપિયાનો પગાર ચૂકવવામાં આવે છે. તેનું વોશિંગ એલાઉન્સ, યુનિફોર્મ આપવામાં આવતા હતા તે પણ બંધ કરી દેવામાં આવ્યું છે. એક બાજુ આપણે કરોડો રૂપિયાનો દંડ ઉઘરાવીએ છીએ અને આવા નાના ફીકસ વેતનના કર્મચારીઓ છે તેમના પગારમાંથી આ બધું કાપી લેવામાં આવે છે તે પણ યોગ્ય નથી. સાથે સાથે તેની પણ ચિંતા કરવી જોઇએ. આ જે કોરોના વોરિયર્સ છે તેમને પણ મદદરૂપ થઇએ. કોરોના દરમ્યાન આઇ.સી.એમ.આર (ઇન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ) તેના રિપોર્ટ મુજબ પી.સી.આર. ટેસ્ટની અંદર ગુજરાત ૨૨ ટકા સાથે પાછળ હતું. જો શરૂઆતથી આ ટેસ્ટ કરવામાં આવ્યા હોત તો જેટલા પ્રમાણમાં કોરોના વાયરસનો ફેલાવો થયો અને જે લોકોને સંક્રમણ થઇને નુકસાન થયું તે નુકસાન ના થયું હોત. આ સંકલ્પની સાથે સાથે મારી રાજ્ય સરકારને વિનંતી છે કે, કોરોનાના સમય દરમ્યાન જે નિર્દોષ લોકો સવારે ચાલવા જતા હોય તેમના પર જે કેસ કરવામાં આવ્યા છે તે કેસ પણ પરત ખેંચવાનું સંકલ્પમાં લાવ્યા હોત તો અમે તેને વધુ સારી રીતે સમર્થન કરી શક્યા હોત. મારી રાજ્ય સરકાર અને તમામ મંત્રીશ્રીઓને વિનંતી છે કે, આ જે કેસ કરવામાં આવ્યા છે તે કેસ પરત ખેંચવામાં આવે. જે ખાનગી હોસ્પિટલોની અંદર કોરોના રસીના ૨૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે તે ૨૫૦ રૂપિયાના બદલામાં આ રાજ્યનો કોઇપણ નાગરિક હોય અને જે કોરોનાની રસી લેવા માગતો હોય તેને ફ્રી ઓફ કોસ્ટ રસી આપવામાં આવે. તેના માટે અમારું સમર્થન હોઇ શકે. બહુ ગંભીરતાપૂર્વક અને દુઃખજનક વાત કહી શકાય કે, એક બાજુ આપણે નંબર વનની વાતો કરીએ છીએ ત્યારે નામદાર ગુજરાત હાઇકોર્ટે આ રાજ્યના આરોગ્ય વિભાગ માટે કોરોનાની અંદર જે બેકાળજી હતી તેના માટે સુઓમોટો પીટીશન દાખલ કરવી પડી હતી. નામદાર હાઇકોર્ટે આ બાબતે દખલગીરી કરી રાજ્ય સરકાર અને રાજ્ય સરકારની જે ભૂલો હતી તેમાં ખાનગી હોસ્પિટલની ભૂલો હોય કે સ્ટાફની ભરતીની ભૂલો હોય તેમાં નામદાર હાઇકોર્ટે નોંધ્યું છે કે રાજ્યની અંદર ૫૦ ટકાથી વધુ ડોકટરોની અને તબીબી સ્ટાફની ઘટ છે. એટલે આ તમામ ઘટ પૂરી કરી અને ખાનગી હોસ્પિટલોને બદલે માત્રને માત્ર સરકારી હોસ્પિટલોમાં જ આ રસીકરણ કરવામાં આવે અને ખાનગી હોસ્પિટલોના બદલે સરકારી હોસ્પિટલોમાં સ્ટાફની ભરતી કરી અને સારી સુવિધાઓ વધારી કોરોનાની રસી આપવામાં આવે એમાં અમારું સમર્થન જ હોય. એટલે ફરીથી કહું છું કે, માનનીય સભ્યશ્રી જે સંકલ્પ

લઇને આવ્યા છે એને અમે સમર્થન કરીએ છીએ અને કોઇ પણ પ્રકારની રાજકીય ટીકા–ટિપ્પણ કર્યા સિવાય આ રાજયના તમામ લોકોને સારી રીતે રસીકરણ થાય એના માટે સમર્થન કરીએ છીએ. જય હિન્દ– જય ભારત.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રમેશભાઇ કટારા આ જે સંકલ્પ લાવ્યા છે એ ખૂબ પ્રજા ઉપયોગી, સમય ઉચિત અને અત્યારની પરિસ્થિતિમાં વધુને વધુ લોકો સુધી, લાભાર્થીઓ સુધી માહિતી પહોંચાડવા માટેની જેની જરૂર છે એવો સુંદર સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ ઉપર ધારાસભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર, સાબરમતીના ધારાસભ્યશ્રી અરવિંદભાઇ, સુરતના ધારાસભ્યશ્રી હર્ષભાઇ સંઘવી અને પટણના ધારાસભ્યશ્રી કીરીટભાઇ પટેલ દ્વારા વિચારો વ્યક્ત કરવામાં આવ્યા છે. આમ તો આ વિષય ઉપર આ સન્માનનીય ગૃહમાં બેઠેલા કોઇ ના જાણતું હોય એવા કોઇ ધારાસભ્યશ્રી બાકી નથી કે આની શું જરૂરિયાત છે, આની શું ઉપયોગીતા છે અને આના દ્વારા રાજયને, સમાજને, વ્યક્તિગત જીવનને, પારિવારીક જીવનને કેટલો ફાયદો થવાનો છે એ આપાણે બધા જાણીએ છીએ અને સમજી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સુંદર ભાવનાથી લાવેલો કોરોના વોરિયર્સને અભિનંદન આપતો, ફ્રન્ટલાઇન કોરોના વોરિયર્સને અભિનંદન આપતો, નાગરિકોને અભિનંદન આપતો, જે સાજા થઇ ગયા એમને અભિનંદન આપતો અને કદાચ જે ગુજરી ગયા એમને શ્રદ્ધાંજલિ આપતો આ સંકલ્પ જે છે એને મારી દ્રષ્ટિએ કોઇ ટીકા કરવાનું કે કોઇ વક્ર દ્રષ્ટિથી જોવાનું કોઇ કારણ નથી. પરંતુ છતાં પણ કેટલાક લોકો પોતાની ટેવ પ્રમાણે, પોતાના સ્વભાવ પ્રમાણે જે અંદરથી ઉછાળા મારે છે રહી રહીને એ પ્રમાણે આજે થોડું રાજકીય અવલોકન કર્યું છે અને બે બાજુનું પણ બોલ્યા છે. આમ કર્યું હોત તો ટેકો, આમ કર્યું હોત તો આમ, પણ જે કર્યું છે એની કોઇ વાત કરતા નથી. આટલું બધું કર્યું એમાં અભિનંદન આપ્યા હોત તો મને આનંદ થાત. માનનીય શૈલેષભાઇ, માનનીય મોહનસિંહભાઇ જેવા સિનિયર નેતાઓ ઉપસ્થિત છે એટલે હું અભિનંદન આપું છું કે, મારા આરોગ્ય વિભાગની માગણીઓ પર તમે સમર્થન આપ્યું અને કોઇ કાપ દરખાસ્ત નથી કરી અને બીજી બધી રીતે પણ ટેકો કર્યો છે એ સામૂહિક કોંગ્રેસ પક્ષની પદ્ધતિ પ્રમાણે બરાબર છે. પણ શ્રી વિરજીભાઇ આજે જે બોલ્યા અને શ્રી કીરીટભાઇ જે બોલ્યા એને સારું ગણવું કે ટીકાત્મક ગણવું એનો કોઇ અર્થ નથી નિકળતો. (અંતરાય) શ્રી વિરજીભાઇનું તો પાકું ધ્યાન રાખું છું, બધાનું રાખું છું અને હું તમારા બધાનો મિત્ર છું, આપણે બધા ૧૮૨ સાથીઓ જ છીએ તો એક બીજાની ખબર રાખવી ક્યાં આવે છે, ક્યાં જાય છે, શું કરે છે? એ બધું હું ધ્યાન રાખું છું અને હું થોડું જયાં નહીં જોઇ શકું ત્યાં મારા મિત્ર મારાથી થોડા ઉંચા છે એવા શ્રી પ્રદિપસિંહની પણ મદદ લઉં છું કે શ્રી પ્રદિપસિંહ આમાં મદદ કરજો કે આ ક્યાં જાય છે અને શું કરે છે એની મને થોડી માહિતી આપજો. મારી જવાબદારી છે (અંતરાય) માનનીય પ્રદિપસિંહજીની વાત સાચી છે કે, અત્યારે કમનસીબે એવું થયું છે કે બે નેતાઓએ રાજીનામા આપી દીધા છે. બે જગ્યાઓ ખાલી થવાની નક્કી થઇ ગઇ છે, મામલો ઘરનો જ છે પણ તમે હાઉસમાં લાવો છો, ત્યાં રાજીવ ગાંધી ભવનમાં તમે આ બધું કરો તો અમને વાંધો નથી. પણ હું નથી બોલ્યો, શ્રી વિરજીભાઇ બોલ્યા કે શ્રી નીતિનભાઇ પણ લાંબુ લાંબુ બોલે છે અને શ્રી પરેશભાઇ પણ લાંબુ લાંબુ બોલે છે. મંત્રી તરીકે મારી ફરજ છે કે તમને પૂરેપુરો જવાબ આપવો પડે. તમારા બધાની સાથે હું બંધારણીય રીતે બંધાયેલો છું અને માનનીય અધ્યક્ષશ્રી, મારા ઉપર નજર રાખે છે કે આ શ્રી નીતિનભાઇ કોઇ જાતની કચાશ ના રાખે. પણ શ્રી પરેશભાઇને ત્યાં આવું ક્યાં કશું છે, ક્યાંથી ચાલુ થાય અને ક્યાં નીકળે એ જ ખબર નથી પડતી. એ મેં નથી કહ્યું કે આ શ્રી વિરજીભાઇએ કહ્યું છે. તમે શ્રી પ્રતાપભાઇ, બધા અમરેલી જિલ્લાવાળા છો એટલે અમરેલી જિલ્લાવાળાનું શી ખબર ક્યાંથી ક્યાં નીકળે એ અમને કંઇ ખબર નથી પડતી. હવે શુભ ભાવનાથી કહ્યું, કઇ ભાવનાથી કહ્યું, આ શ્રી શૈલેષભાઇ જેવા, શ્રી મોહનસિંહજી જેવા સિનિયર નેતાઓ અહીંયા બેઠા હોય ત્યારે તમારે ના બોલવાનું હોય, આ અમારા સભ્યશ્રીઓ અમને કેટલો સુંદર રીતે અમને સહકાર આપે છે. ખબર છે કે નેતૃત્વ જે નક્કી કરે, સરકાર જે નક્કી કરે, સંબંધિત મંત્રી નક્કી કરે એ ગુજરાતના હિતમાં જ હોય તમારે એને ટેકો આપવાનો હોય. તમે આમાં વાંધા વચકા કાઢો છો. એમ કહ્યું કે અમે ક્યાં કોઇએ વાંધો પાડ્યો છે. પણ આખા દેશની જનતાએ જોયું છે, કોંગ્રેસ નહિ તો કોંગ્રેસના સાથીદાર પક્ષ એવા *(xxx) આખી દુનિયા જૂએ એમ કહેલું કે, આ તો ભા.જ.પ.ની બનાવેલી રસી છે એટલે હું આ રસી નહિ લઉં. મેં ગઇકાલે કે પરમ દિવસે કહ્યું હતું કે આ ઇ.વી.એમ. મશીન અમે કંઇ કમલમ્ માં નથી બનાવતા તો આ વેક્સીન એ કંઇ અમે કમલમ્ માં બનાવી નથી, આ વેક્સીન આપણને સૌને આનંદ થવો જોઇએ, ગૌરવ થવું જોઇએ કે આપણા ભારતના મહાન રિસર્ચ વૈજ્ઞાનિકોએ, ડોકટરોએ આત્મનિર્ભર ભારત અંતર્ગત આપણી ભારતની લેબોરેટરીઓમાં વિકસીત કરી દસ દસ કરોડ ડોઝ આપણે ત્યાં સ્ટોક થઇ ગયો અને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇને આપણે જેટલા અભિનંદન આપીએ એટલા ઓછાં છે એટલા માટે જેનો કોઇએ ઉલ્લેખ નથી કર્યો, મફત આપોને, આમ કરોને તેમ કરો એવી કેટલાક લોકોએ સલાહ આપી, એ સલાહ આપનારને ખબર નથી, આ શ્રી કીરીટભાઇ બોલ્યા એટલે હું કહું છું કે વેક્સીન મફત આપવાનો, ગુજરાત સરકારનો, ભારત સરકારનો નિર્ણય છે અને તમામ સરકારી હોસ્પિટલો, ૨૫૫૦ કરતાં વધુ સરકારી હોસ્પિટલોમાં આજે પણ ગુજરાતના સિનિયર સીટીઝનો વટથી જાય છે, સ્વમાનપૂર્વક જાય છે, બાંકડા ઉપર બેસાડી, પંખા નીચે બેસાડી, આગતા સ્વાગતા કરી, પાણી પીવડાવી, લાઇનબદ્ધ રીતે એમને સન્માનપૂર્વક એમની જાળવણી કરી અમારા ડોકટરો અને અમારી નર્સ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બહેનો એમને વેક્સીન આપે છે અને અમારા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખશ્રી સી.આર. પાટીલજીએ તો નિર્ણય કર્યો છે કે પક્ષના કોર્પોરેટરો કે જેમણે હજી તો શપથ પણ નથી લીધા, હજી અમારા કોઇ લોકોએ પગ પણ નથી મૂક્યો મ્યુનિસિપાલિટીમાં, જિલ્લા પચાયત કે તાલુકા પંચાયતમાં પણ અમારા સેવાભાવી, રાષ્ટ્રભક્ત અમારા કાર્યકરોને અમારા પક્ષ તરફથી અમે કહ્યું છે કે, તમારે એક એક હોસ્પિટલમાં જવાનું અને કોરોના વોરિયર્સ તરીકે આ જે સિનિયર સીટીઝનો છે એમને આપણા મા બાપ હોય એ રીતે એમને મદદ કરવાની અને એમની સેવા કરવાની, એમને જોડે રહીને વેક્સીન અપાવવાની અને જરૂર પડે તો એમના ઘરે એમને સારી રીતે પહોંચાડવાના. એમની સ્વમાનપૂર્વક સેવા કરવાની અમારા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ ચાલુ કરી દીધી છે. કયા તમારા કોંગ્રેસના કાર્યકરોએ આ કાર્યક્રમ કર્યો એ તમે કહો. મારે અભિનંદન આપવા છે અમારા શ્રી હર્ષભાઇ સંઘવી, છે કે નહિ અહીંયા, એમને મારે અભિનંદન આપવા છે કે કોરોના કાળ ગંભીર હતો, હોસ્પિટલોમાં જગ્યા નહોતી સુરતમાં મુખ્યમંત્રીશ્રી અને અમે બધા ગયા એક કિડની હોસ્પિટલનું વિશાળ મકાન ગુજરાત સરકારનો અમારો આરોગ્ય વિભાગ અત્યારે બનાવી રહેલ છે, બધું કામ લગભગ પૂરું થઇ ગયું છે પણ તાત્કાલિક અમે નિર્ણય કર્યો કે કિડનીના બદલે અહીંયા કોરોનાના દર્દીઓને સારવાર આપવાની, સેંકડો, કરોડો રૂપિયા ભલે ખર્ચો થાય પણ વ્યવસ્થા કરો, રાતોરાત અમે લોકડાઉન દરમિયાન અમારા અધિકારીઓએ ઇજારદારોને હાથ જોડીને બોલાવીને કામ ચાલુ કરાવ્યું. કામ ચાલુ કરાવડાવ્યું અને તે કામ પૂરું થયું પણ તે વખતે અમે જોયું કે શ્રી હર્ષભાઇ સંઘવીએ એમના મિત્રો સાથે, એમના સાથીઓ સાથે મળી અને એક ટ્રસ્ટની પ્રાઇવેટ હોસ્પિટલ જેને સરકાર સાથે કોઇ લેવા દેવા નહીં જેને સેવાભાવી સંસ્થાઓ, દાતાઓ ચલાવે છે એ હોસ્પિટલમાં હર્ષભાઇએ લીડરશીપ લઇ અને કોરોનાના દર્દીઓને દાખલ કરવા, ઓકસીજનની વ્યવસ્થા, તમામ ફેસેલીટી દાતાઓના સહયોગથી શ્રી હર્ષભાઇએ ચાલુ કરી અને બધા ડોકટરો પી.પી.કીટ પહેર્યા સિવાય ત્યાં નહોતા જતાં. મને તો જયારે કહ્યું ત્યારે નવાઇ લાગી અને મેં હર્ષભાઇને મીઠો ઠપકો પણ આપ્યો એ કોરોનાના દર્દીઓની સારવાર કરવા વોર્ડમાં આપણી જેમ સાદો સિવિલ ડ્રેસ પહેરી અને દર્દીઓની વચ્ચે ફરતા હતા. મેં તેમને કહ્યું કે તમે આવું જોખમ ના લેશો તો એ કહે ભગવાનની ઇચ્છા હશે તેમ થશે તો મેં તેમને સમજાવ્યું. આવું સેવાભાવી કામ અમારા ભાજપના કેટલાય ધારાસભ્યોએ કર્યું છે અને આ વેકસીન તો પછી આવી તે પહેલાંનો તબક્કો, તે ગંભીર પ્રકારનો તબક્કો હતો. મને આનંદ થાત કિરીટભાઇ તમે એમ કહ્યું હોત કે મારા પાટણમાં અમે આવુ કર્યું, મેં આવું કર્યું, મારા પક્ષે આવું કર્યું તો અમને બધાને આનંદ થાત. તમે અમને કહો છો કે કર્યું હોત તો અમે તમને અભિનંદન આપત તો તમે એમ કહ્યું હોત કે અમે આમ કર્યું છે તો હું તમને આરોગ્ય મંત્રી તરીકે અભિનંદન આપત.

માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હવે વચ્ચે ના બોલશો, બોલવાનો સમય ગયો. (અંતરાય) તમારે બોલવું હતું કોણે ના પાડી. શ્રી વિરજીભાઇએ એવું નથી કહ્યું કે મારા અમરેલીમાં મેં આવુ કર્યું. એમણે કર્યું હોત તો સાહેબ હું અભિનંદન આપત. તમે અમને કહો છો કે આમ કર્યું હોત તો અભિનંદન આપત તો હું પણ તમે જો કર્યું હોત તો અભિનંદન આપત. (અંતરાય) જેણે કર્યું હોય તેને (અંતરાય) તમે શું કામ વગર કારણે હડફેટે ચડો છો. હું તમને અભિનંદન આપું છું કે જેમણે સારું કર્યું શ્રી હિંમતસિંહભાઇ, તમને પણ અભિનંદન આપું છું મારે તો સુરત, વડોદરાવાળાને તો ખાસ કહેવુ છે ૧૫ લાખ જેટલા બિન ગુજરાતી શ્રમિકોને અમારા સરકારના તંત્ર દ્વારા રેલ્વે વિભાગ દ્વારા, વડાપ્રધાનશ્રી, અમારા શ્રી અમિતભાઇ, અમારા શ્રી પિયુષ ગોયેલજી રેલ્વે મંત્રી, મુખ્યમંત્રી, અમારા શ્રી સી.આર.પાટીલ, અમારા ધારાસભ્યો, અમદાવાદના બધા કોર્પોરેશનની એએમટીએસની બસો, બીઆરટીએસની એરકન્ડીશન બસો અમે આ બિન ગુજરાતી શ્રમિકો માટે વિના મૂલ્યે તે બાવળા હોય, ચાંગોદર હોય ગમે ત્યાં કામ કરતા હોય રેલ્વે સ્ટેશન લઇ જવાના, પાણી આપવાનું, નાસ્તો આપવાનો, ટીફીન ભરી આપવાનું આવું જો તમે કર્યું હોત તો અમે તમને અભિનંદન આપત. તમે સારૂં કામ કરો તે બધાને અભિનંદન છે એટલે અમને કોઇ વાંધો નથી પણ આવું તમે કરો ખાલી ટીકા કરવામાંથી ઉંચા ના આવો તો અમે શું કરીએ ? (અંતરાય) અમે કયાં ના પાડીએ છીએ ભાઇ, જેમણે સારું કર્યું તે બધાને અભિનંદન. હું કયાં ના પાડું છું સારું કર્યું હોય તેને અભિનંદન, ટીકા કરે તેને અભિનંદન નહીં. ટીકા કરે તેને જવાબ મળશે હું શ્રી શૈલેષભાઇને અભિનંદન આપું છું તેમણે ઘણું કામ કર્યું છે બીજા શ્રી ગ્યાસુદ્દીનભાઇ, શ્રી ઇમરાનભાઇ અમને અને મુખ્યમંત્રીને કોરોના થઇ જાય એવી રીતે મળવા આવ્યા હતા તો પણ અમે તો ના નહોતી પાડી અમે જોખમમાં મૂકાઇ ગયેલા.

અધ્યક્ષશ્રી : તેમને ખબર નહોતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે આ બધું કહેવું પડે છે હું આપ બડાઇ નથી કરતો. ભગવાન મને ક્ષમા કરે, અમે અભિમાનથી નથી કહેતા પણ અમે જે કર્યું છે તે ખબર પડવી જોઇએ કે અમે ખાલી મોટરો લઇને ફર્યા, ફોટા પડાવ્યા, પ્રેસ કોન્ફરન્સ કરી, ટી.વી.મિડીયામાં બાઇટ આપી એટલું નથી. મારે તો આજના તબક્કે મિડીયાને પણ અભિનંદન આપવા છે કે મિડીયાના ભાઇઓ–બહેનો કોરોના સંક્રમણની સહેજ પણ ચિંતા કર્યા વગર હોસ્પિટલોમાં, ડોકટરો પાસે, ટ્રેનો પર, રેલ્વે સ્ટેશનો ઉપર, બસ સ્ટેશનો ઉપર, દીન દયાળ સ્ટોર ઉપર કે જયાં મફત અનાજ અમે આપતા હતા ત્યાં બધે પહોંચી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધાંને બધી જગ્યાએ રાજકારણ દેખાય છે. વેક્સિનમાં બોલ્યા કે રાજકારણ કરે છે. અમે સર્જીકલ સ્ટ્રાઇક કરી ત્યારે રાજકારણ દેખાય છે. દેશને બચાવ્યો ત્યારે રાજકારણ અને હવે દેશના માનવીઓની કિંમતી જિંદગી

બચાવી તો પણ તમને રાજકારણ દેખાય છે. તમને રાજકીય પીળીયો થઇ ગયો છે એમ કહું તો પણ ખોટું ના કહેવાય. આ પીળીયામાંથી બહાર નીકળો. હવે મારે ડોક્ટરોને અને વૈજ્ઞાનિકોને કહેવું છે કે એવાં ટીપાં શોધો કે આંખમાં નાખીએ એટલે પીળીયો દૂર થાય. બાકી જે સભ્યશ્રી આ પ્રસ્તાવ લાવ્યા છે એને હું આવકારું છું. એક જ વાત કરું કે દુનિયાભરમાં આ એક વેક્સિન ૮ થી ૧૦ હજાર રૂપિયામાં વેચાય છે. આપણા ગૃહે સર્વાનુમતે ઠરાવ કરીને વડાપ્રધાનશ્રીને અભિનંદન આપવા જોઇએ એવી મારી વિનંતી છે. ફક્ત ૧૫૦ રૂપિયામાં આખા દેશના કરોડો નાગરિકોને ભારતમાં બનેલ વેક્સિન આપી છે. આ સંકલ્પને હું આવકારું છું અને જેમણે પણ નાનું મોટું કામ કર્યું છે એ બધાંને ખૂબ–ખૂબ અભિનંદન આપું છું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિન સરકારી સંકલ્પ લઇને આવ્યો છું ત્યારે સન્માનનીય સભ્યશ્રીઓએ પોતપોતાના વિચારો રજૂ કર્યા છે. શ્રી વિરજીભાઇ, શ્રી અરવિંદભાઇ, શ્રી હર્ષ સંઘવી, શ્રી કીરીટભાઇએ જે વિચારો રજૂ કર્યા છે એમને હું આવકારું છું અને જ્યારે આ સંકલ્પ લઇને આવ્યો છું ત્યારે આપણા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી જે લડત લડી રહ્યા છે અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ બાહુબલીની જેમ આ લડત લડી રહ્યા છે ત્યારે સન્માનનીય સભ્યશ્રીઓ વિના વિરોધે આ સંકલ્પ સાથે સહમત થાય એવી હું આપના મારફત વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ, શ્રી મોહનસિંહભાઇ, શ્રી પુંજાભાઇ, ડો.જોષિયારાજી જેવા સિનિયર સભ્યો ઉપસ્થિત છે તથા કૉંગ્રેસના સભ્યશ્રીઓએ પણ આ સંકલ્પને સર્વાનુમતે અનુમોદન આપ્યું છે એ બદલ હું સર્વેનો આભાર માનું છું.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**ગૃહમાં હાજર ન હોય તેવા વ્યક્તિઓના નામ લેવા બાબત**

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં કહ્યું અને નિયમોમાં પણ લખ્યું છે જે સભ્ય હાઉસમાં હાજર ન હોય એમના નામ લઇ ન શકાય. માનનીય મંત્રીશ્રીએ *(xxx) નામ લીધું છે.

અધ્યક્ષશ્રી : એ કાઢી નાંખીએ છીએ.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ જે વાત કરી છે કે મારી ભારતીય જનતા પાર્ટીના બધાં સભ્યોએ કોરોનાકાળમાં બહુ સારી કામગીરી કરી છે. શ્રી નીતિનભાઇ, બધાએ કામગીરી કરી જ છે. આપ ત્યાં વેરાવળ સિવિલ હોસ્પિટલમાં તપાસ કરી લેજો કે કોરોના વોરીયર્સ માટે છ મહિના સુધી જમવાની વ્યવસ્થા કોણે કરી છે?

અધ્યક્ષશ્રી : જેણે પણ કામ કર્યું છે એને મંત્રીશ્રીએ અભિનંદન આપ્યા જ છે. બધાને અભિનંદન. બધાએ બધી વાત કરી પણ એક વાત રહી ગઇ હોય એવું મને લાગે છે. હું પણ આપની સાથે જ છું. વિશ્વની તમામ રસીઓ શોધાઇ એને ધ્યાનમાં લઇએ તો સૌથી સારી, સૌથી સસ્તી, સસ્તી એટલા માટે કહું છું કે આમ તો સરકાર તરફથી મફત છે પણ કિંમતની દ્રષ્ટિએ જોઇએ તો પણ સસ્તી છે. રસી આપવામાં પણ સૌથી સરળ છે. એ બદલ આપણે વૈજ્ઞાનિકોને અભિનંદન આપીએ છીએ અને આપણા દેશના આત્મનિર્ભર પ્રયાસને પણ અભિનંદન આપીએ છીએ. ધન્યવાદ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪:૫૫ વાગ્યે પૂરું થતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ, તા.૧૦મી માર્ચ, ૨૦૨૧, બુધવારના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧૦મી માર્ચ,૨૦૨૧**
**ફાલ્ગુન ૧૯, ૧૯૪૨ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે, અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર પર અથવા તો તેમાં સમાયેલા કોઇ સિદ્ધાન્તાના પ્રશ્ન પર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો સેવાની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાખવાની રીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય, પરંતુ ખાતાઓની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા વખતે નહીં પરંતુ અનુદાનોની માગણીઓ ઉપર ચર્ચા જ્યારે આવે તે વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુનરોક્તિ થશે નહીં અને ચર્ચા ઉપયોગી થઇ શકશે. માનનીય સુખરામભાઇ.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં અંદાજપત્ર ઉપર પ્રવચન કરવાનું મને આજે સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, અમારા નેતાશ્રી નથી આવી શકયા એની અવેજીમાં મને પ્રાપ્ત થયું છે ત્યારે (અંતરાય)...

અધ્યક્ષશ્રી : આમ સામાન્ય રીતે એલ.ઓ.પી. શરુઆત કરતા હોય છે પણ આજે એ તક તમને મળી છે તે બદલ આપને શુભેચ્છા. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : શુભેચ્છામાં સમજ્યા કે ન સમજ્યા? એ નથી સમજ્યા પણ તમે બધા સમજી ગયા.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, સમજેલા જ છીએ બાપુ, અમારા આ ૬૪ જણ છે એમાંથી જેને બનાવશે તેનો અમને આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ ૨૦૨૦-૨૧ના વર્ષમાં ગુજરાતની પ્રજાને આ વાયદો કર્યો હતો અને એ વાયદો એ હતો કે, અમારું ગુજરાત રાજ્ય રોજગારી સર્જક રાજ્ય બને અને એ માટે હર હાથ કો કામનો નિર્ધાર લઇને આવ્યા હતા. આપણું દુર્ભાગ્ય ગણીએ કે આખો દેશ કોરોનાની મહામારીમાં લપેટાયો અને એનો લક્ષ્યાંક આ રાજય સરકાર જે પૂરો કરવા માગતી હતી એ પૂરો થઇ શક્યો નથી, પણ ચાલુ વર્ષે આ યોજના સરકાર કાંઇક ભૂલી ગઇ હોય એવું મને લાગે છે. હર હાથ કો કામ આપવાની વાત હતી એ શા માટે તમે ભૂલી ગયા? આ ગુજરાતના આદિવાસી વિસ્તારના યુવાનો રોજગારી માટે ભટકે છે, દૂર-દરાજ મોટા મોટા શહેરોમાં મજૂરી માટે જાય છે, કારખાનાઓ ચાલુ નથી એને કારણે રોજગારી મળતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારને યાદ કરાવવું છે કે, તમે જે આપેલું વચન છે એ વચન પૂરું કરવા માટે આ વખતના બજેટમાં કોઇ જોગવાઇ કરી નથી એવું દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંબાજીથી ઉમરગામ સુધીના વિસ્તારના ૧૧ જિલ્લા અને ૩૧ તાલુકામાં પીવાના પાણીની વાત હતી અને પીવાના પાણીની વાતમાં માનનીય મંત્રીશ્રી અમારા છોટા ઉદેપુર જિલ્લાને તમે ભૂલી ગયા. અમારો શું વાંક છે? અમે મધ્યપ્રદેશની બોર્ડર ઉપર રહીએ છીએ, અમે મહારાષ્ટ્રની બોર્ડર પર રહીએ છીએ એટલે તમારી દ્રષ્ટિ એટલે સુધી લાંબી થતી નથી એવું દેખાય રહ્યું છે. અમારે ત્યાં પીવાના પાણી માટે નર્મદાના પાણી આધારીત હાફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજના અમલમાં છે એનું કામ ધીમી ગતિએ થઇ રહ્યું છે. સાથે સાથે આ યોજનામાં સમાવિષ્ટ ગામડાં સિવાયના ગામડાં જે નર્મદા કાંઠા વિસ્તારમાં આવેલા છે, ડુંગરપટ્ટી વિસ્તારમાં આવેલા છે જ્યાં ૩૫ જેટલા ગામોમાં પાણી જવાનું નથી અને એના માટે જોગવાઇ થશે એવું મારા મનમાં હતું પણ આ વખતે એના માટે કોઇ જોગવાઇ થયેલી નથી. સરકાર અને પાણી પુરવઠા વિભાગે એના માટે કોઇ આયોજન કર્યું હોય તો મને જણાવે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ક્વાંટ તાલુકાના ગામડામાં આ યોજના નલ સે જલ યોજનામાં બાકી રહી ગયેલા ગામો હોય એનો સમાવેશ કરે એવી માગણી કરું છું. ગયા વખતે ડાંગ, વલસાડ જિલ્લાને સો ટકા સેન્દ્રીય ખાતર આધારિત ખેતી કરવાની વાત કરી હતી. આ વખતે આપણે ભૂલી ગયા? એમાં કંઇ વધારો નથી કર્યો? માત્ર બે જ જિલ્લામાં? પણ આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓ પોતે પોતાના ઢોરઢાંખરનું છાણ ભેગું કરીને સેન્દ્રીય ખાતર બનાવે છે અને એ સેન્દ્રીય ખાતર બનાવતા હોય ત્યારે ખેડૂતો માટે, ખાસ કરીને આદિજાતિ ખેડૂતો માટે સેન્દ્રીય ખાતર બનાવવાની પ્રોત્સાહક યોજના દાખલ કરવાની જરૂર હતી એ દાખલ નથી કરી. અમે વારસાગત રીતે સેન્દ્રીય ખાતર બનાવીએ છીએ પણ એમાં આધુનિક પદ્ધતિ અપનાવીને જો સેન્દ્રીય ખાતર બનાવીએ તો ખેડૂતોને વધારે ફાયદો થાય. આ યોજના દાખલ કરેલ નથી, મારું સરકારને સૂચન છે કે, આ બાબતમાં થોડુંક ધ્યાન આપે. આદિજાતિ વિસ્તારમાં સિંચાઇની વ્યવસ્થા ખૂબ ઓછી છે અને સિંચાઇની સગવડતા

વધારવા માટે આ હાઉસમાં વખતોવખત રજૂઆત થઇ છે. અમારા નર્મદાનું પાણી કચ્છમાં જાય, રાજકોટ જાય, રાજસ્થાન જાય એમાં અમને વાંધો નથી પણ તળાવ કાંઠે ઉભા રહેવું અને તરસ્યા રહેવું એવી અમારી સ્થિતિ થાય છે. અમારા નસવાડી, ગરુડેશ્વર, બોડેલી, જેતપુર જે કેનાલની ઉપરવાસના ગામડાં છે એ ગામડામાં ઉદ્વહન સિંચાઇ યોજના દાખલ કરીને ખેડૂતોને પાણી આપવાની વાત હતી, એનું સરવે થયું કે કેમ એની મને ખબર નથી પણ એ સરવે કરાવીને જ્યાં જ્યાં પાણી લિફ્ટથી જાય ત્યાં સિંચાઇ માટેનું પાણી અમને મળવું જોઇએ અમારા આદિજાતિ મંત્રી તાપીમાંથી પાણી લાવે છે રૂપિયા ૪૦૦ કરોડના ખર્ચે, અમારા છોટાઉદેપુર જિલ્લાને રૂપિયા ૪૦૦ કરોડમાંથી ૨૫ કરોડ રૂપિયા તો આપો. અમારો શું વાંક છે? અમે પણ આદિવાસીઓ છીએ અમારા વિસ્તારમાં વસતા લોકો પણ આદિવાસીઓ છે અને ખાસ કરીને છોટાઉદેપુરનું ક્વાંટ એ ક્વાંટને તો લાભ જ નથી મળતો. આ બાબતે સરકાર વિચારણા કરે અને જે નર્મદાની મુખ્ય કેનાલ છે એના ઉપરવાસના ભાગમાં અમારા ખેડૂતોને પાણી મળે અને ખેડૂતોને પાણી મળે એની સાથે સાથે ઉપરવાસના ભાગમાં પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે સરકારે એનું લાંબાગાળાનું આયોજન કરવાના બદલે ઝડપથી આયોજન થાય એવી મારી માગણી છે.

માર્ગ મકાન મંત્રી જ્યારે પાંચ વરસ, સાત વરસ, દસ વરસ જે રસ્તાઓને સરફેસ બનાવવા માટે, સારા રસ્તાઓ બનાવવા માટે જે યોજનાઓ લઇને આવ્યા છે ધારાસભ્યશ્રીઓને કાગળ લખ્યા હતા અમે એની દરખાસ્ત કરી છે પણ આજદિન સુધી અમને એના જોબ નંબર નથી મળ્યા, જોબ નંબર તો આપો અને અમે સરહદી જિલ્લાના છીએ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની જોડે જોડાયેલા છીએ. ગઇકાલે પણ વાત થઇ હતી. ખાસ કરીને અમારો પાનવડ–કનલવા–રાયસા–ચીકલી રોડ અને એના ઉપર આવતી પોહવી કોતર ઉપર ત્રણ ગાળાનો સ્લેબ ડેમ વધારે નહિ અને એનો ખર્ચ હું માનું છું ત્યાં સુધી દોઢ બે કરોડ રૂપિયા થાય એનો પણ સમાવેશ નથી થયો. મંત્રીશ્રી ઇશારા કરે છે. (અંતરાય) હવે તો આચારસંહિતા નથી, હાઉસમાં જવાબ આપો ત્યારે કહેજોને એટલે આનંદ થાય. માનનીય અધ્યક્ષશ્રી, તબીબી અને આરોગ્ય સેવાઓની બાબતમાં વાત કરું તો મારા છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લામથકે સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે એને વિકસાવવા બાબતમાં એનો સ્ટાફ ભરવા બાબતમાં સરકારે દુર્લક્ષ રાખ્યું છે તેમ કહું તો ખોટું નહિ. આદિવાસી વિસ્તાર છે, અમારે ત્યાં ડોકટરો નથી આવતા, કોઇ ડોકટર આવવા માગતું હોય તો એમને મૂકતા નથી, છોટાઉદેપુર એ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને અડીને આવેલ છે. બિરસા મુંડા યુનિવર્સિટી માટે સરકારે ગયા વખતે જોગવાઇ કરેલી આ વખતે જોગવાઇ કરી છે પણ અપૂરતી જોગવાઇ છે. બિરસા મુંડા સાથે આદિવાસી વિસ્તારનો સ્નેહ અને વિશ્વાસ બંધાયેલો છે ત્યારે એને વહેલી તકે પૂર્ણ કરે એવી મારી વિનંતી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને એમને સમર્થન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સુખરામભાઇએ ખૂબ લાગણીથી કહ્યું, પણ એમણે જે કહ્યું કે અમારે ત્યાં ડોકટરો આવવા માગે છે, મૂકતા નથી એ બિલકુલ સત્ય નથી, જે ડોકટરો ત્યાં આવવા માગે છે તેમને ઉપરથી અમે તો ત્યાં વધારાનું મહેનતાણું આપીને મૂકીએ છીએ. બીજું, મારે ના કહેવું જોઇએ પણ બધા મને મોંમાં આંગળા નાંખીને બોલાવડાવે છે એટલે મારે દુઃખ સાથે કહેવું પડે છે. આદિવાસી ડોકટરો પણ આદિવાસી વિસ્તારમાં કામ કરવા તૈયાર થતા નથી. ગામડાંમાં જન્મેલા, ગામડાંની હાઇસ્કૂલમાં ભણેલા આખા ગુજરાતના ગમે તે જ્ઞાતિના ડોકટરો પણ ગ્રામ્ય વિસ્તારમાં સેવા આપવા તૈયાર થતા નથી. બધાને અમદાવાદ, વડોદરા, સુરત જેવા મોટા સીટી જોઇએ છે. ગામડાંમાં જવા માટે આદિવાસી સહિત કોઇ સમાજના ડોકટરો તૈયાર નથી એ આપે ધ્યાનમાં રાખવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સખુરામભાઇ, એવું કોઇ લિસ્ટ હોય તો એમને આપી દેજો નિમણૂક આપી દેશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક ઊર્જા સરપ્લસ સ્ટેટ છે અને એમ કહી શકું કે ગુજરાત ઊર્જાવાન છે અને આ ઊર્જાવાન ધરતીએ આપણને પૂજ્ય મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલ જેવી મહાન વિભૂતિઓ આ ધરતી ઉપર જનમ્યાં છે અને તેની સાથે સાથે આ ધરતી ઉપર મેન ઓફ ડેવલપીંગ ઇન્ડિયા શ્રી નરેન્દ્ર મોદી સાહેબનું પણ એક ઊર્જાવાન નેતૃત્વ આપણને પ્રાપ્ત થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજયના ઊર્જાવાન મુખ્યમંત્રી માનનીય વિજયભાઇ રૂપાણી, ઊર્જાવાન નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ એ સર્વવ્યાપી, સર્વ સ્પર્શી, સર્વ સમાવેશી અને સમર્પિત અંદાજપત્ર આપ્યું છે ત્યારે હું તેમને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. સમગ્ર દેશની અંદર જયારે ગુજરાતની તમામ પ્રકારની ઊર્જાની વાત થતી હોય ત્યારે આ મોડેલ સ્ટેટમાં ઊર્જાનો શું રોલ છે, ઊર્જા વિભાગે શું કાર્ય કર્યા છે તે બહુ મહત્ત્વનો ફાળો છે અને સરપ્લસ સ્ટેટ હોવું આ શબ્દ છે સરપ્લસ સ્ટેટ તે પાવર સરપ્લસ સ્ટેટ જે હોય તે અન્ય રાજયની સરખામણી આપણે કરીએ તો આપણને ખ્યાલ આવે. ૨૫–૨૫ વર્ષથી આપણે વીજકાપ નથી જોયો એટલે આપણને તેનો ખ્યાલ નથી આવતો પણ સરપ્લસ પાવર સ્ટેટ ઇટ મીન્સ એ લોટ. શ્રી નરેન્દ્ર મોદી સાહેબ જયારે આ રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે એમનું વિઝન હતું અને એમનું વિઝન એ હતું કે ઊર્જા ક્ષેત્રે આપણે સ્વાવલંબી બનીએ અને ત્યારથી લઇને અત્યાર સુધી આપણે જોઇએ તો આ રાજય આજે ઊર્જા ક્ષેત્રની અંદર સ્વાવલંબી છે. એમનું એક રેઇનબો વિઝન હતું જેમ રેઇનબો એટલે મેઘધનુષ્ય અને મેઘધનુષ્યના સાત રંગો હોય એમ પાવર પણ જનરેટ કરીએ એ ગેસથી થાય, થર્મલથી થાય, હાઇડ્રોથી થાય, સોલારથી થાય, વિન્ડથી થાય, બાયોમાસથી થાય, ન્યુકિલયરથી થાય આ એમનું સ્વપ્ન હતું અને એમાં નોંધપાત્ર સિદ્ધિઓ આપણે હાંસલ કરી

છે. કોઇ પણ રાજયની સામાજિક અને આર્થિક વ્યવસ્થા છે તેમાં વીજળી એક બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. મારે એક ઉદાહરણ આપવું છે કે આખા દેશની માથાદીઠ વીજળીનો આપણે યુનિટમાં વપરાશ ગણીએ તો આખા દેશની ૧૧૮૧ યુનિટ પર હેડ છે જયારે ગુજરાતની માથાદીઠ વીજળી વપરાશ તે ૨૨૨૫ યુનિટ જેવી થાય છે. આ પરથી આપણને ખ્યાલ આવે કે આપણે આ વિભાગની અંદર કેટલું કાર્ય કર્યું છે. વીજ કાપ આપણે ક્યારેય જોયો નથી બીજા અન્ય રાજયની અંદર ભલે એ ગમે એટલા પાવરફૂલ સ્ટેટ હશે પણ આપણાં સ્ટેટમાં જો વર્ષોથી જોઇએ તો વીજ કાપ આપણે જોયો નથી. વીજ ઉત્પાદન ક્ષેત્રે આપણું રાજય સ્વનિર્ભર છે. આપણે પોતાની જાતને હર હંમેશા સરકારે અનેક પગલાં સ્વનિર્ભર થવા માટેના લેતા આવ્યા છે અને હજુ પણ તેની અંદર ખૂબ પ્રગતિ કરી રહ્યું છે. વીજ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ આપણાં વિભાગને અનેક એવોર્ડ મળ્યાં છે. મારે ખાસ કરીને યાદ કરાવવું જોઇએ. જયારે વર્ષ ૨૦૧૪ પહેલાં આ જ રાજયની અંદર આપણાં ઊર્જા મંત્રી માનનીય સૌરભભાઇ પટેલ જયારે જવાબ આપતા હતા. આપણો પહેલાં કોલસો દૂરથી આવતો હતો. દૂરથી અને ગુણવત્તા વગરનો કોલસો આપતા હતા ત્યારે રેલના પ્રશ્નો હતા, કોલસો આપણને ગુણવત્તા વગરનો આવતો હતો તેમ છતાં પણ યુ.પી.એ. સરકારની અંદર પણ આ વિભાગને શ્રેષ્ઠ એવોર્ડ આપણને પ્રાપ્ત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૦ની સાલમાં રાજયની સ્થાપિત વીજ ક્ષમતાઓ ૮૩૬૬ હતી અને આજે ૨૦ વર્ષ બાદ ચાર ગણો વધારે આજે ૩૧,૫૮૬ આપણી સ્થાપિત વીજ ક્ષમતા છે. આ જ બતાવે છે કે આ વિભાગે કેવી કામગીરી કરી છે. સમગ્ર દેશની અંદર સોલાર એનર્જી પોલિસી બનાવનાર જો કોઇ રાજય હોય તો એ ગુજરાત છે અને એના ભાગરૂપે ગુજરાત રાજયના કિલન કલાઇમેટ ઇનીસીએટીવથી આજે એ સ્થિતિ છે કે આપણે લાખો ટન કાર્બન ડાયોક્સાઇડ હવામાં જતો અટકાવી રહ્યા છીએ. દુનિયામાં પહેલી વખત વડોદરામાં કેનાલ ઉપર સૉલાર પેનલ મૂકીને આપણે પૂરવાર કર્યું છે કે એ યોજના થકી પણ આપણે વીજળી પેદા કરી શકીએ છીએ. છેલ્લા ૨૦ વર્ષથી ખેતીવાડીમાં વીજ બિલમાં કોઇ વધારો નથી કર્યો. આપણે ૬૦ પૈસા/યુનિટ ચાર્જ કરીએ છીએ અને ૭૦૦૦ કરોડ રૂપિયા રાજય સરકાર ભોગવે છે. કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસે વીજળી આપવાનું સપનું પણ પૂરું કર્યું છે અને ગ્રાહકોને ઝડપી સેવા મળી રહે તે માટે ઓનલાઇન પ્રોસેસ, પારદર્શક વહીવટ, ટ્રાન્સમિશન લોસીસ, નવા સબસ્ટેશન સ્થાપવાના, નેટવર્ક ક્ષમતામાં વધારો કરવાનો, આદિજાતિ વિસ્તાર અને દરિયાઇ વિસ્તારમાં કામગીરી કરવાની વગેરે કામગીરી કરી છે. હું આ અંદાજપત્રને સમર્થન આપું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નવા મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ વર્ષ ૨૦૨૧-૨૨નું જે અંદાજપત્ર લઇને આવ્યા છે એ અંદાજપત્રના અનુસંધાનમાં ખરી વાસ્તવિકતા હું વિધાનસભાના ફ્લોર પર મૂકવા માગું છું. વર્ષ ૨૦૨૦-૨૧માં આ અંદાજપત્રનું કદ ૨,૧૭,૨૮૭ કરોડ રૂપિયા હતું અને આ વખતે એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨માં આ અંદાજપત્રનું કદ ૨,૨૭,૦૨૯ કરોડ રૂપિયા કર્યું છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ૯,૭૪૨ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ વિધાનસભા ગૃહમાં દર વખતે કૉંગ્રેસ પાર્ટીને એક યા બીજી રીતે યાદ કરવામાં આવે છે. આજે મને પણ થયું કે ૨૫-૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન હતું. વર્ષ ૧૯૯૫માં સ્વર્ગીય છબિલદાસ મહેતા આ રાજયના મુખ્યમંત્રી હતા એ વખતે આ રાજયનું દેવું ૧૨,૯૯૯ કરોડ રૂપિયા હતું. વર્ષ ૧૯૯૬માં સ્વર્ગીય કેશુભાઇ પટેલ આ રાજયના મુખ્યમંત્રી બન્યા અને એ વખતે દેવું ૧૪,૮૦૦ કરોડ રૂપિયા હતું. ત્યારબાદ વર્ષ ૨૦૦૧માં આ દેશના વડાપ્રધાન અને તે વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતનું શાસન સંભાળ્યું. વર્ષ ૨૦૦૧માં આ રાજયનું દેવું ૪૨,૭૦૦ કરોડ રૂપિયા હતું. જે વર્ષ ૨૦૧૪માં વધીને ૧,૬૩,૪૫૧ કરોડ રૂપિયા થયું. એનો મતલબ એવો થયો કે વર્ષ ૨૦૦૧થી ૨૦૧૪ સુધીના ૧૪ વર્ષના શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં ગુજરાતનું દેવું ૧,૨૦,૭૫૧ કરોડ રૂપિયા વધી ગયું. ત્યારબાદ વર્ષ ૨૦૧૭ની વાત કરું તો આ રાજયના મુખ્યમંત્રી તરીકે શ્રી વિજયભાઇ રૂપાણી બિરાજ્યા ત્યારે ૨,૪૩,૩૬૦ કરોડ રૂપિયાનું દેવું હતું. આજે વર્ષ ૨૦૨૧માં રાજ્યનું દેવું રૂપિયા ૩,૧૦,૦૦૦ કરોડ કરતાં પણ વધુ હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૫થી ૨૦૨૧ના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં શ્રીમતી આનંદી બહેન પટેલ પણ હતા, હાલના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી છે. આ સાત વર્ષના શાસનમાં આ રાજયનું દેવું ૧,૪૬,૪૫૧ કરોડ રૂપિયા વધ્યું છે. આમ, આ રાજયમાં ૧૯૯૫ થી ૨૦૨૧ સુધી ભારતીય જતના પાર્ટીના શાસનમાં અંદાજપત્રના અંદાજ કરતાં પણ ૨ લાખ ૯૭ હજાર કરોડ રૂપિયાનું દેવું વધ્યું છે. નીતિનભાઇ દરેક વખતે એમ કહે છે કે, આ EVM મશીન અને વેક્સીન કમલમમાં બન્યાં નથી. મારે કહેવું છે કે EVM મશીન અને વેક્સીન નથી બન્યા પણ *(xxx) એ માનનીય નીતિનભાઈ જરૂર ધ્યાન રાખે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠાં બેઠાં) : શ્રી શૈલેષભાઈ, સરકાર સચિવાલયમાં ચાલે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, દેવાને આધીન આપણે જોવા જઈએ તો આપણા ગુજરાત રાજયની વસ્તી ૬ કરોડ ૨૫ લાખ છે અને પ્રત્યેક ગુજરાતીને માથે ૪૯,૬૦૦ રૂપિયાનું દેવું થયેલું છે. ૧૦૦ ટકા પ્રજાએ પ્રતિનિધિ તરીકે મોકલ્યા છે અને આ સરકાર ભારતીય જનતા પાર્ટીની છે. વર્ષ ૨૦૧૫-૧૬થી ૨૦૧૯-૨૦ના છેલ્લાં પાંચ વર્ષના સમયગાળામાં આ રાજય સરકારે જે લોન લીધી હતી તેના પર ૮૬૧૨૦ કરોડ રૂપિયાનું ફક્ત વ્યાજ ચૂકવાયું છે અને ૬૧ હજાર ૫૫ કરોડ રૂપિયા મુદ્દલ તરીકે ચૂકવેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬થી ૨૦૧૯-૨૦ સુધીના છેલ્લાં પાંચ વર્ષમાં રાજય સરકારે ૧,૪૪,૯૫૧ કરોડ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રૂપિયાની લોન લીધેલી છે. આથી એમ કહેવાય કે આ અડીખમ ગુજરાતમાં શું ધરખમ થયું? શિક્ષણ માફિયાઓ, ખનીજ ચોરીના માફિયાઓ, હોસ્પિટલ માફિયાઓ, જમીન માફિયોઓ, તેલિયારાજાઓ, White Collar, માફિયાઓ મહિલાઓ પર અત્યાચાર કરતાં બાઘડા લોકો, દલિત ઉપર થતાં હુમલાઓ કરનારા, પક્ષપલટો કરનારા, ખરીદ વેચાણ સંઘ કરનારા લોકો આ રાજ્યમાં અડીખમ થયા. ભારતીય જનતા પક્ષે પોતાની સરકારને પ્રગતિશીલ સરકાર કહી છે અને તેના અનુસંધાનમાં રાજ્ય સરકાર એમ કહે છે કે સવા ૬ કરોડ ગુજરાતીઓ છે. વિધાનસભા ગૃહમાં જે આંકડા રજૂ થયા છે તે આંકડાઓ વિધાનસભાના ફ્લોર પર મૂકવા માગું છું. કોરોનાકાળ દરમિયાન રેશનકાર્ડ ધરાવતાં ૬૯ લાખ કુટુંબોને એટલે કે ૩ કરોડ ૩૬ લાખ લોકોને આ રાજ્ય સરકારે વિનામૂલ્યે અનાજ આપ્યું. જે લોકો પાસે એપીએલ કાર્ડ છે એવાં મધ્યમવર્ગના ૬૧ લાખ પરિવારોને બે કરોડ પચાસ લાખ લોકોને વિના મૂલ્યે અનાજ આપ્યું. એનો સરવાળો કરીએ તો આ રાજ્યમાં વિના મૂલ્યે અનાજ આપવાના પરિવારોની સંખ્યા ૧૩૦ લાખ કુટુંબ થાય છે અને એનો સરવાળો કરીએ તો ૫ કરોડ ૮૬ લાખ લોકોને વિનામૂલ્યે આ રાજ્ય સરકાર દ્વારા કોરોનાકાળમાં આપવામાં આવ્યું છે. આ રાજ્યમાં ૬ કરોડ ૨૫ લાખની વસ્તી સામે કોરોનાની મહામારીમાં સસ્તા અનાજની દુકાન ઉપરથી સરકારે જે વિના મૂલ્યે અનાજનું વિતરણ કર્યું છે તેવા લોકોની સંખ્યા ૫ કરોડ ૮૬ લાખ છે. એનો મતલબ એ થાય કે ૩૯ લાખ લોકોએ વિના મૂલ્યે અનાજ લીધું નથી અને રાજ્ય સરકારે આંકડાઓ ઉપરથી બતાવવું પડે કે પ્રગતિશીલ રાજ્ય છે કે ખાલીખમ રાજ્ય છે. આ આંકડા બતાવે છે કે, આ રાજયની અંદર ગરીબ વર્ગ હોય કે મધ્યમવર્ગ હોય, એ કોરાના જેવા કાળમાં ફકત છ મહીનાનો ગાળો જ છે, આ છ મહીનાના ગાળામાં પણ પોતાનું પેટ ભરવા માટે, અનાજ ખાવા માટે, સરકારે જે વિનામૂલ્યે અનાજ આપ્યું એ વિનામૂલ્યે અનાજ આ રાજયની અંદર ૫ કરોડ કરતાં પણ વધારે લોકોએ લીધેલ છે. ફકત ૩૯ લાખ લોકોએ અનાજ લીધું નથી. એનો મતલબ એવો થાય છે કે, આ રાજયની અંદર ફકત ૩૯ લાખ લોકો જ સુખી અને સંપન્ન છે. બાકીના બધા લોકો આ વિના મૂલ્યે અનાજ લેવા માટે મજબૂર થયેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા જે રીતના બજેટો ફાળવવામાં આવે છે. નાણાપ્રધાને એમના બજેટ સેશનના પ્રવચનમાં કીધું કે, કોઇ વેરો નાખવામાં આવેલો નથી. તો રાજયની વેરાની આવક પણ ૧,૧૧,૭૦૬ કરોડ રૂપિયાનો અંદાજ કરવામાં આવેલો છે અને આ વર્ષમાં એ કરવેરાની આવકમાં ૨૮,૨૮૨ કરોડ રૂપિયાની આવક થવાનો અંદાજ છે. કોરોના છતાં સરકારની આવક વધી છે, સરકારની આવક ઘટી નથી. કોરોનાના લીધે સરકારનું ખર્ચ વધ્યું છે, એ વાત જે સરકાર કરી રહી છે, સત્યથી વિહોણી વાત છે.

કેન્દ્ર સરકારની યોજનાઓમાં પણ કેન્દ્ર દ્વારા રાજયને અનેક વિવિધ યોજનાઓને આધિન જે ફંડ આપવામાં આવે છે, એ યોજનાઓમાં પણ લગભગ ૯૧૮૬ કરોડ રૂપિયાનો આ વખતે ઘટાડો કરવામાં આવેલો છે અને આ ઘટાડાના કારણોસર આ રાજ્ય સરકારની વિવિધ યોજનાના કામોમાં રૂકાવટ આવશે, એ ચોકકસપણે દેખાય છે. મહામારીમાં વેરાની આવકો રાજ્ય સરકારે ૮૯ હજાર કરોડ રૂપિયાની હતી, જે ૪૦ વર્ષની અંદર ૮૩,૪૨૪ કરોડ રૂપિયા થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. આમ, કોરોના મહામારી હોવા છતાં પણ રાજ્ય સરકારની પોતાની આવકમાં ૪૪૦૪ કરોડ રૂપિયાનો વધારો થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.જી.એસ.ટી.ની ગત વર્ષે આવક રૂપિયા ૩૪,૧૦૬ કરોડ હતી. ચાલુ વર્ષે અંદાજિત રૂપિયા ૪૧,૮૨૭ કરોડ થવાની છે. આમ, ચાલુ વર્ષે ૭,૭૨૧ કરોડ રૂપિયા એસ.જી.એસ.ટી.માં આવકમાં વધારો થવાનો છે અને આ વધારાના લીધે સરકાર દ્વારા ૨૦,૪૫૧ કરોડ રૂપિયા વધવાનો અંદાજ આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી.નો કાયદો આવ્યા પછી રાજયમાં આવકનો ઘટાડો થાય, પાયાના વર્ષ ૨૦૧૫-૧૬માં દર વર્ષે ૧૪ ટકા લેખે ગ્રોથ ઉમેરી રાજયને કાયદાની કલમ મુજબ કેન્દ્ર સરકાર જે વળતર ચૂકવે, એ વળતર પેટે પણ છેલ્લા વર્ષ ૨૦૨૦માં ૧૩,૬૩૧ કરોડ રૂપિયા જેટલી રકમ જી.એસ.ટી.ના અનુસંધાનમાં રાજ્ય સરકારની કેન્દ્ર સરકાર પાસેથી નીકળે છે. આ રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓના અનુસંધાનમાં બજેટની ફાળવણી કરવામાં આવી છે. એક બાજુ રાજ્ય સરકાર ખેડૂતોના હીતની વાત કરે છે, ખેડૂતોને વીજળી આપવાની વાત કરે છે, ખેડૂતોની જે પણ એમની મહત્ત્વની છે, રાસાયણિક ખાતરોથી માંડી અન્ય જે યોજનાઓ છે એ અનુસંધાનમાં રાજ્ય સરકાર જે પ્રયત્નો કરી રહી છે પણ માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એ બજેટના અનુસંધાનમાં વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રમાણમાં આ વખતે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં ૯૯૧ કરોડ રૂપિયાનો ઘટાડો થયેલો છે. જળસંપતિમાં પણ ગયા વર્ષની સરખામણીમાં આ વખતે ૧૭૨૬ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પાણી પુરવઠાની વાત કરીએ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કીધું કે, ૧૭ લાખ લોકોને જે કનેકશન આપવાનું, દર વખતે એક લાખ કનેકશનો આપવામાં આવે છે. આ પાણી પુરવઠાની વાત કરીએ તો, પાણી પુરવઠાની અંદર પણ ગત વર્ષના બજેટ કરતાં, આ વર્ષના બજેટમાં પણ ૩૪૩ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવેલ છે. આવી રીતે ગ્રામ્યની વાત કરીએ, પંચાયતની વાત કરીએ, એમાં પણ ગત વર્ષના પ્રમાણમાં આ વખતે ૨૯૫ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સૌર ઊર્જાની વાત થઇ, ઊર્જા વિભાગની વાત થઇ તો આ ઊર્જા વિભાગમાં પણ ગત વર્ષ કરતા આ વખતે ૮૮૩ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આમ રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓના અનુસંધાનમાં જે બજેટ લઇને સરકાર આવી છે એ બજેટની અંદર ઘટાડો થતો ગયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શિક્ષણ વિભાગની વાત કરવી છે, આ રાજયમાં શિક્ષણ, આરોગ્ય અને સામાજિક સેવાઓનો બહુ મહત્ત્વનો ફાળો છે. સરકાર દ્વારા આ વખતે શિક્ષણ માટે જે ફંડ ફાળવ્યું છે એ ફંડમાં ગત વર્ષ કરતા ફકત ૭૬૪

કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. અને એ વધારાના અનુસંધાનમાં કેન્દ્ર સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ જે બહાર પાડવામાં આવી તેમાં જી.ડી.પી.ના ૬ ટકા જેટલી રકમ શિક્ષણના ખર્ચ માટે ફાળવવાની હોય છે. બજેટની જોગવાઇના ૬ ટકા રકમની ફાળવણી શિક્ષણ માટે દરેક રાજયએ કરવી જોઇએ. ગુજરાત રાજયની આ સરકારે તેના અંદાજ મુજબ ફકત ૨.૨ ટકાનો જ ખર્ચ કરવાનું આમાં લખ્યું છે. અને એ બજેટ જે ઓછું ફાળવ્યું છે તેના અનુસંધાનમાં હું એવું ચોક્કસ માનું છું કે રાજયની ૩૭ સરકારી શાળાઓમાં જે નવી શિક્ષણ નીતિને આધિન એ વ્યાયામના શિક્ષકો હોય, ચિત્રકામના શિક્ષકો હોય કે સંગીતના શિક્ષકો હોય કે અન્ય શિક્ષકોની ભરતી અને એ શાળાને ડેવલપમેન્ટ કરવાની વાત હોય તે ડેવલપમેન્ટ કરવા માટે આ બજેટ ખૂબ ઓછું છે માટે નવી શિક્ષણ નીતિના અનુસંધાનમાં પણ આ બજેટ ખૂબ જ ઓછું ફાળવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે આરોગ્યલક્ષી સેવાઓ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આરોગ્ય વિભાગના મંત્રી પણ છે. કોરોનાના સમય દરમ્યાન માનનીય નીતિનભાઇ આપ આરોગ્ય મંત્રીશ્રી હતા અને આપના વિભાગે કોરોનાના અનુસંધાને જે પ્રસંશનીય કામગીરી કરી છે તેના માટે હું અભિનંદન પણ આપું છું કારણ કે એનો હું સાક્ષી છું. આરોગ્ય વિભાગની અંદર પણ કોરોનાનો કાળ ચાલી રહ્યો છે, મહામારી હજુ પણ ચાલુ છે, મને એમ હતું કે આ વખતે નાણામંત્રી પોતે જયારે આરોગ્ય પ્રધાન તરીકે બેઠા છે ત્યારે આ બજેટમાં કંઇક વધારો કરશે. એમણે વધારો જરૂર કર્યો, પણ એમણે માર્ગ અને મકાન વિભાગના બજેટમાં વધારો કર્યો, જયારે આરોગ્ય વિભાગમાં ફકત અને ફકત ૮૦ કરોડ રૂપિયાનો જ વધારો કર્યો છે. મને સમજાયું નહીં , આજે કોરોના જેવી મહામારી ચાલતી હોય તો માર્ગ અને મકાન વિભાગ કરતા આરોગ્ય વિભાગમાં બજેટ વધારે ફાળવવાની જરૂર હતી એ બજેટ ફળવાયું નથી. અને આ બજેટ ન ફળવાયું તેના કારણો શું? આજે કોરોનાની મહામારી ચાલી રહી છે અને રાજય સરકાર લોકોની હેલ્થની ચિંતા કરે છે અને એ ચિંતાના અનુસંધાનમાં આ ગૃહમાં ડોકટરોની વાત હોય, નર્સોની વાત હોય, સ્ટાફની વાત હોય, કોઇ સાધન સામગ્રીની વાત હોય આ તમામ માટે અને રેફરલ હોસ્પિટલ, આરોગ્ય સામૂહિક કેન્દ્રો એ બધી અનેક જગ્યાઓ માટે પૈસાની ખૂબ જરૂર પડે. મને યાદ છે કે બે વર્ષ પહેલા બજેટ સત્રમાં મેં આરોગ્ય મંત્રી પાસે મારા વિધાનસભા વિસ્તારમાં એક રેફરલ હોસ્પિટલ મેં માગી હતી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી એ મારા વિસ્તારમાં રેફરલ હોસ્પિટલ ફાળવી હતી. પણ એ વિસ્તારમાં ટી. પી. ન પડવાને કારણે રેફરલ હોસ્પિટલ બની શકે એવું નહોતું. તેથી મેં માનનીય પ્રદિપસિંહભાઇને વિનંતી કરી અને પોલીસ હાઉસિંગનો જે પ્લોટ હતો એ પ્લોટ એ લોકોએ કોર્પોરેશનને આપ્યો અને અત્યારે મારા વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા ફાળવવામાં આવેલી રેફરલ હોસ્પિટલ કાર્યરત થઇ ગઇ છે. માટે હું માનનીય નીતિનભાઇ અને માનનીય પ્રદિપસિંહભાઇનો આજના આ મારા પ્રવચનમાં આભાર પણ માનું છું. રાજય સરકાર દ્વારા દેવું વધતું જાય છે અને દેવું વધવાના કારણોસર જે વસૂલાતની વાત આવે છે એ વસૂલાતમાં આ રાજયમાં ઔદ્યોગિક એકમો છે એ એકમો પાસેથી આજે પણ પાણીના વેરાઓના સંદર્ભમાં જોવા જઇએ તો ૩,૩૭,૯૫૧ લાખ રૂપિયા આજે પણ ઔદ્યોગિક એકમો પાસેથી પાણીના વેરા પેટે લેવાના નીકળે છે એવી જ રીતે ખનીજ ચોરી કરતા ખનીજ માફીયાઓ પાસેથી રૂપિયા ૧ લાખ ૯૭ હજાર કરતા વધારે રકમ લેવાની નીકળે છે. રાજય સરકાર જે બજેટ લઇને આવી છે એમાં કોઇ વધારો કર્યો નથી. ખાસ કરીને શિક્ષણ, સામાજિક સેવાઓ, આરોગ્ય  અને સામાજિક ન્યાય  વિભાગ  જેમાં દલિતો અને ઓ.બી.સી. આવે છે એમાં ફકત ૩૨  કરોડ અને આદિજાતિ  વિકાસ વિભાગમાં તો ગયા વર્ષ કરતાં આ વખતે ૧૯ કરોડ રૂપિયા ઓછા ફાળવવામાં આવ્યા છે કયા કારણોસર ઓછા ફાળવવામાં આવ્યા છે એ માનનીય મંત્રીશ્રી જણાવે. આટલી વાત કરીને ભારતીય જનતા પાર્ટીના ૨૫ વર્ષના શાસન કાળ દરમિયાન જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગરપાલિકા કે નગરપાલિકાથી માંડીને છેક દિલ્હી સુધી  ભારતીય જનતા પક્ષનું શાસન છે અને પ્રજાએ ચૂકાદો આપ્યો છે. અડીખમ ગુજરાતની વ્યાખ્યા, પ્રગતિશીલ ગુજરાતની વ્યાખ્યા એમાં ગતિશીલ ગુજરાતની વ્યાખ્યા આપેલી છે એમાં ગતિશીલ ગુજરાતમાં દેવાની ગતિમાં વધારો થયો છે એના કારણે ગુજરાત ખાલીખમ થઇ ગયું છે. આ ગતિશીલ ગુજરાતનું ખાલીખમ ગુજરાત, શિક્ષકો વગરની શાળાઓ ખાલીખમ, ઓરડા વગરની શાળાઓ ખાલીખમ, ડોકટરો વગરની સરકારી હોસ્પિટલો ખાલીખમ, નર્સો વગરની હોસ્પિટલો ખાલીખમ, પોલીસ વગરના પોલીસ સ્ટેશન ખાલીખમ, પ્રોફેસરો વગરની કોલેજો ખાલીખમ, સરકારી કર્મચારીઓ વગરના તમામ સરકારી વિભાગો ખાલીખમ. ત્રણ લાખ કરતાં વધારે દેવું કરનારી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સરકારી તિજોરી પણ ખાલીખમ કરી છે. અડીખમ ગુજરાતના નમે ગુજરાતીઓને ફકતને ફકત ખાલીખમ કરી નાખ્યા છે એ આજના બજેટના દેવા ઉપરથી લાગે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોંગ્રેસ વિના આખું ગુજરાત ખાલીખમ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી મારા કરતા ખૂબ અભ્યાસુ છે. વર્ષ ૧૯૯૦માં જયારે માનનીય નીતિનભાઇ પહેલી વખત ચૂંટાઇને આવ્યા ત્યારે પોતે એક ધારાસભ્ય તરીકે અહીંયા બેસતા હતા એટલે છેટે બેસતા હતા ત્યાંથી અહીંયા આવ્યા છે. પરિસ્થિતિ ગમે ત્યારે બદલાય છે. રાવણ પાસે પણ સોનાની લંકા હતી, કંસ પાસે પણ રાજય હતું. આજે તમારી પાસે સત્તા છે, ૨૫ વર્ષથી અમે વિપક્ષમાં બેઠા છીએ. આજના બજેટમાં ખાસ કંઇ લાગ્યું  નથી ત્યારે મારા પ્રવચનમાં જે મુદ્દા  કહ્યાં છે તે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ધ્યાનમાં લે તેવી વિનંતી કરું છું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અત્યાર સુધીનું સૌથી મોટું  બજેટ લઇને આવ્યા છે એટલે હું  બંનેને અભિનંદન પાઠવું છું.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

આમ, તો વર્ષ ૧૯૯૫થી જોઇએ તો પહેલી વખત ભારતીય જનતા પક્ષની સરકાર આવી ત્યારે મુખ્યમંત્રી તરીકે માનનીય કેશુભાઇ પટેલ હતા ત્યારે આગળના બજેટ કરતાં તે વર્ષના બજેટમાં રૂપિયા ૧૫૦૦ કરોડનો વધારો કર્યો હતો. તે વખતે પત્રકારોએ પ્રશ્ન પૂછ્યો કે તમે ૧૫૦૦ કરોડ રૂપિયાની આવક કયાંથી ઉભી કરશો? કારણ કે તમે કોઇ પણ પ્રકારના કરવેરા તો નાખ્યા નથી. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે ગુજરાતની તિજોરીમાં જે કોઇ બાકોરા પડ્યા છે એ બંધ કરીશું એના લીધે ગુજરાતની આવક વધશે. એટલે એ વર્ષનું બજેટ જ નહિ પણ વર્ષ ૧૯૯૫થી લઇને અત્યાર સુધી જોઇશું તો દર વખતે બજેટમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે. અમારા મુખ્યમંત્રીશ્રી અમારા નાણામંત્રીશ્રી હોય એ દર વર્ષે આગળના વર્ષના બજેટનો એટલે કે આગળ પોતે બજેટ રજૂ કર્યું હોય એનો રેકોર્ડ તોડે છે એટલે આ રીતે ગુજરાત પ્રગતિના પંથે પહોંચ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજનો આધાર જો કોઇ હોય તો એ મહિલાઓ છે એના માટે આ બજેટમાં રૂપિયા ૫૩૧૧ કરોડનું આયોજન કર્યું છે તે બદલ હું માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. મહિલાઓ આ દેશનો આધાર છે. આપણે કોઇ દિવસ કલ્પના કરી છે કે ઘરમાં એક પણ મહિલા ન હોય તો સવારે ચા પીવાની શરૂઆત થાય છે ત્યારથી આપણી મુશ્કેલીઓ ઉભી થાય છે. આ મહિલાઓ છે તે સવારથી ઉઠીને શહેરી વિસ્તારમાં હોય તો ઘરની સફાઇ, રસોઇ, કપડાં, વાસણ, પતિ, બાળકો અને સાસરીયાની દેખભાળ, બાળકોને ભણાવવા, શાળાએ મૂકવા જવા, બજારમાં ખરીદી કરવી, કપડાંને ઇસ્ત્રી કરવી અને ગામડાંમાં જોઇશું તો ઘરકામ અને ખેતી સાચવવી, છાણ–વાસીંદા કરવા, ઢોર–ઢાંખર સાચવવા, પાણી ભરવું, ઘાસચારો અને બળતણ લેવા જવું, અંતે ઘરમાં જમાડવાના અને તેમાં જો મહેમાન આવી ગયા હોય અને જો જમવાનું ઓછું હોય તો નવું જમવાનું ન બનાવીને પોતે જે વધ્યું–ઘટ્યું હોય એ જમીને રહે છે. આવી નિયતિ મહિલાઓની છે. એક અંદાજ મુજબ સ્ત્રી જિંદગીમાં એકલી એક લાખથી ત્રણ લાખ જેટલી રોટલી બનાવે છે. મહિલાના અણમોલ ઘરકામથી કુટુંબ અને સમાજ સરળતાથી ચાલે છે. વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે દેશમાં ૧૬.૫૬ કરોડ લોકો કશું જ કામ ન કરતા હોય એવું વસતિમાં મૂકવામાં આવેલ છે. આની અંદર ૧૫.૯૦ કરોડ ઘરકામ કરતી મહિલાઓ છે. કામ વગરની વસતિના ૯૬.૫ ટકા જેટલો હિસ્સો એમાં બતાવેલો છે. વર્ષ ૨૦૧૯ના એક સરવેમાં મહિલાઓ છે તેની અવેતનિક કામકાજમાં ગણતરી કરેલી છે અને છતાં જે મહિલાઓ કામ કરે છે એ રોજ ઘરના સભ્યોની દેખભાળ માટે ૧૩૪ મિનિટ અને ઘરેલુ કામ માટે ૨૯૯ મિનિટ. કુલ મળીને ૪૩૩ મિનિટ એટલે ૭ કલાક અને ૧૩ મિનિટ જેટલું કામ મહિલાઓ ઘરમાં કરતી હોય છે. યુનિસેફના જણાવ્યા મુજબ ૫થી ૯ વર્ષની છોકરીઓ એની ઉંમરના છોકરા કરતા ૩૦ ટકા કરતા વધારે કામ કરે છે. ભારતીય પુરુષની ફુરસદનો સમય સરેરાશ રોજનો ૨૮૩ મિનિટનો મળે છે. સ્ત્રીઓને ૧૨૧ મિનિટનો મળે છે. ઘરકામ માટે મહિલાઓને દૈનિક જો ૨૮૩ રૂપિયાનું લઘુત્તમ વેતન ગણીએ તો ૧૬ કરોડ ગૃહિણીઓના ઘરકામનું મૂલ્ય ૧૬,૨૮૬ અબજ રૂપિયા જેટલું થાય છે. સમાજમાં મહિલાનું સ્થાન અનન્ય છે. કારણ કે તે ઉત્પાદક પણ છે અને પ્રજનનકર્તા પણ છે. આટલું કર્યા પછી પણ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ વર્ષ ૨૦૦૨ સુધી આરોગ્ય વિભાગ સાથે જોડાયેલો હતો. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય શ્રી મોદી સાહેબ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ સ્વતંત્ર કરીને મહિલાઓ અને બાળકો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ લાવ્યા છે અને તેમાં વહાલી દીકરી યોજના મારફત રાજ્યમાં દીકરીઓના જન્મનું પ્રમાણ વધારવા માટે, દીકરીઓમાં શિક્ષણનો વધારો કરવા અને શાળા છોડવાનો દર ઘટાડવા માટે, સમાજમાં સ્ત્રીઓનું સશક્તિકરણ કરવા, બાળ લગ્ન અટકાવવાના ઉદ્દેશથી વહાલી દીકરી યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ દીકરીને રૂ.૧,૧૦,૦૦૦ની આર્થિક સહાય કરવામાં આવે છે. તેમાં પ્રથમ હપ્તો દીકરી પ્રથમ ધોરણમાં પ્રવેશ કરે ત્યારે રૂ.૪,૦૦૦, બીજો હપ્તો દીકરી ૯મા ધોરણમાં પ્રવેશ કરે ત્યારે રૂ. ૬,૦૦૦ અને આખરી હપ્તો દીકરીની ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ અને લગ્ન વખતે રૂ.૧,૦૦,૦૦૦ રૂપિયા જેટલો આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો દ્વારા મહિલાઓને સામાજિક હેતુસર, રોજગારલક્ષી હેતુસર અને કાયદાકીય હેતુસર માર્ગદર્શન આપવામાં આવે છે. ઘરેલુ હિંસા અટકાવવા માટે ઘરેલુ હિંસા અધિનિયમ–૦૫ અમલી કરેલ છે. આ કાયદાના અસરકારક અમલીકરણ માટે તમામ જિલ્લા ખાતે દહેજ પ્રતિબંધક અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇન અંતર્ગત જરૂરિયાતમંદ કિશોરી, યુવતીઓ કે મહિલાઓને ફોન ઉપર માર્ગદર્શન આપવામાં આવે છે. હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવ, ટૂંકા ગાળાનું કાઉન્સેલીંગ તથા મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવે છે. નારી સંરક્ષણ ગૃહો દ્વારા આ કેન્દ્રો ખાતે ઘરેલુ હિંસા, અનાથ આશ્રમની જરૂરિયાત ધરાવતી સામાજિક બહિષ્કાર અથવા નૈતિક રીતે ભયમાં મૂકાયેલી ૧૮ વર્ષથી ઉપરની મહિલાઓને રક્ષણ આપવામાં આવે છે. આશ્રય, રહેઠાણ, ભોજન, આર્થિક સ્વાવલંબન માટે તાલીમ અને કાનૂની સહાય, શિક્ષણ વગેરેની સેવાઓ આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં બજેટમાં મહિલા સશક્તિકરણની ૮૩૩ જેટલી યોજનાઓ આવરી લીધેલી છે. આ યોજના અંતર્ગત મહિલાઓને અને કન્યાઓને શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૌશલ્યવર્ધન અને આર્થિક સશકિતકરણ જેવી જરૂરીયાતો ધ્યાનમાં રાખવામાં આવે છે. મહિલા સ્વાવલંબન યોજના હેઠળ આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવા માટે લોન મેળવવામાં મદદ કરવામાં આવે છે. પ્રદર્શન સહ વેચાણની યોજના નીચે ગુજરાતની મહિલા દ્વારા ઉત્પાદિત માલનું માર્કેટ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે. આ સિવાય બાળકોની પણ રાજ્ય સરકારે જે ચિંતા કરી છે, છ માસની ત્રણ વર્ષ સુધીના તમામ બાળકો અને ત્રણ વર્ષથી છ વર્ષ સુધીના અતિ ઓછા વજન

ધરાવતા બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને કિશોરી યોજનાના લાભાર્થીઓને પૂરક આહાર તરીકે બાળશકિત, માતૃશિકત અને પૂર્ણ ટેકઓવર હોમ રેશન આપવામાં આવે છે. રાજયમાં કુલ ૩૦૮ ઘટક દ્વારા અમુલ, સુમુલ અને બનાસ ડેરી દ્વારા એનું વિતરણ કરવામાં આવે છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧-૨૨નું જે બજેટ છે એ ગુજરાત અડીખમ છે, ભારતીય જનતા પાર્ટી અડીખમ છે એનું પૂરું ઉદાહરણ આપે છે. ઐતિહાસિક બજેટ, રૂપિયા ૨ લાખ ૨૭હજાર ૨૯કરોડનું જે બજેટ છે. હું ખાસ કરીને આપણા રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ સાહેબને ખૂબ અભિનંદન આપું છું. કોરોના મહામારી જેવી ભયાનક પરિસ્થિતિમાં આટલો લાંબો સમય લોકડાઉન હોવા છતાં અનેક રોજગારો બંધ થયેલા હોવા છતાં જયારે આવું ઐતિહાસિક બજેટ છે જેની કોઇએ કલ્પના પણ નહોતી કરી, કોઇએ વિચાર્યું પણ નહોતું, દરેક લોકો ચિંતા કરતા હતા કે આ વખતનું બજેટ કેવું હશે, પરંતુ આ ઐતિહાસિક બજેટ માટે હું ફરી વખત અભિનંદન આપું છું. હું આજે ગૃહ વિભાગની થોડીક ચર્ચા કરવા માગું છું. આ વખતે જે ગૃહ વિભાગનું બજેટ છે એ જોતા ગુજરાતની જે પ્રગતિ થઇ રહી છે એ પ્રગતિ સાથે જો કાયદો અને વ્યવસ્થા ઉપર જો આ સરકારે ધ્યાન ના આપ્યું હોત તો ગુજરાત કયારેય પ્રગતિ ના કરી શકે એટલા માટે હું રાજયના મુખ્યમંત્રી ગૃહ વિભાગ સંભાળતા અને રાજયના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજાને પણ ખૂબ અભિનંદન આપું છું. અમે આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ. મારે શ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબને અભિનંદન આપવા છે. અમારા નવસારી જિલ્લામાં પહેલાની એસ.પી. કચેરી જોઇ હતી અને પોલીસ સ્ટેશનો પણ મેં જોયા હતા. પરંતુ અત્યારે એસ.પી. કચેરી અને તમામ તાલુકાના કે શહેરના પોલીસ સ્ટેશનો અતિ આધુનિક બનાવ્યા છે. એક એક બિલ્ડીંગ જોઇએ તો એમાં એવી સરસ સગવડ કરી છે કે ત્યાં અધિકારીઓ બેસીને કામ કરી શકે એવી પૂરી સગવડતા આપવામાં આજે આપણો ગૃહ વિભાગ ખુબ આગળ રહ્યો છે અને એટલા માટે પણ હું ખુબ અભિનંદન આપું છું એટલું જ નહીં પણ ગૃહ વિભાગ ઉપર બોલવાનું હતું ત્યારે હું જોતો હતો કે ગૃહ વિભાગમાં જેટલા કાયદાઓ નવા બનાવ્યા છે એ કાયદાઓ અનેક ગુનેગારોને પકડવા માટે બનાવ્યા છે એના માટે અધિકારીઓની નવી જગ્યા ઉભી કરી અનેક પ્રકારની ભરતી કરી છે. ગઇ વખતે ૧૨હજારથી વધુ ગૃહ વિભાગમાં ભરતી થઇ છે. આ વખતે ગૃહ વિભાગમાં બજેટમાં જોગવાઇ કરી છે એમાં મને લાગે છે ત્યાં સુધી ૩૦૨૦ જેટલી જગ્યા નવી ઉભી કરીને એમાં ભરતી કરવામાં આવશે. ગયા વખતની ભરતીઓમાં પૂરી પારદર્શિતા રાખવામાં આવી છે. જે બાર હજાર લોકોની ભરતી કરી એ પૂરી પારદર્શકતા સાથે ગૃહ વિભાગે સફળતાપૂર્વક ભરતી કરી છે. કોઇ ભલે આક્ષેપ કરતું હોય પરંતુ જે વ્યકિત નોકરી મેળવે છે એના તરફથી એક પણ પ્રકારનો આક્ષેપ નથી. પૂરી પારદર્શકતા ગૃહ વિભાગની અને આ સરકારની રહી છે. હું આદિવાસી વિસ્તારમાંથી આવુ છું. વનબંધુ કલ્યાણ માટે હું બોલવાનો છું. આદિવાસી વિસ્તાર માટે રૂપિયા એક લાખ કરોડ ૫ વર્ષમાં વાપરવાના હોય તો ૫ વર્ષ માટે એક લાખ કરોડનું બજેટ ફાળવવા માટે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અડીખમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા ગુજરાતનો ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો આવેલો છે. એના ઉપર રક્ષણ આપવા માટે મરીન પોલીસ સ્ટેશનો આવેલા છે એ આધુનિક પ્રકારના બનાવ્યા છે એ બદલ આપણી સરકારને અભિનંદન આપવા છે. જ્યારે દરિયા કિનારામાં પેટ્રોલિંગ કરવા માટે બોટની સગવડ ન હતી પણ મારા મત વિસ્તારમાં દરિયાકિનારો આવેલ છે. એક દિવસ હું ધોલાઇ બંદર ખાતે જવાનું થયું ત્યારે ત્યાં બોટોની આધુનિકતા જોઇ અને પોલીસના ચહેરા હતા એ ખુશ હતા. પી.એસ.આઇ. સાથે વાત કરી તો ખરેખર માની જવું પડે કે આપણી સરકારે સુરક્ષા માટે કેટલી ચિંતા કરી છે તે એ દિવસે મેં જાતે જોયું. એ પ્રકારની સગવડો આપણી સરકાર આપવા જઇ રહી છે ત્યારે મહિલાઓ માટે વાત થઇ. શ્રી બાબુભાઇએ વાત કરી. મહિલાઓ સાથે અનેક પ્રકારની ઘટનાઓ બનતી હતી. જાતીય સતામણી, ચેન સ્નેચીંગની ઘટનાઓ એટલી ખરાબ રીતે થતી હતી પરંતુ આજે શ્રી પ્રદિપસિંહભાઇને ધન્યવાદ આપવા પડે કે આવા ગુનેવારોને પકડવામાં આપણી સરકારે જરાય વિલંબ કર્યો નથી. એટલા માટે અડીખમ છે. એકે એક જગ્યાએ જવાબ આપી શકાય, અડીખમ એમને એમ નથી. સરકારની સંવેદનશીલતા એટલી છે કે જેટલા વખાણ કરવા હોય એટલા કરી શકાય. એટલા માટે આ વખતના વિધાનસભાના રિઝલ્ટ પેટા ચૂંટણીના આવ્યા એમાં આઠે આઠ સીટ જીતી લેનાર ભારતીય જનતા પાર્ટી અડીખમ છે. આજે આખા ગુજરાતમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, મહાનગરો અને નગરપાલિકામાં તમામ જગ્યાએ પ્રજાએ ભારતીય જનતા પાર્ટી પર ભરોસો મૂક્યો છે અને જીતવામાં સફળ થઇ તે ભારતીય જનતા પાર્ટી અડીખમ છે. આમ અનેક રીતે બજેટ સુંદર છે ત્યારે એને હું સમર્થન આપું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી, આરોગ્યમંત્રીશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી સાથેસાથે નાયબ મુખ્યમંત્રીશ્રી તરીકે જેમની જવાબદારી છે એવા માનનીય નીતિનભાઇ સાહેબ સને ૨૦૨૧-૨૨નું પુરાંતવાળું બજેટ સન્માનનીય સભાગૃહમાં લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે અને તેને સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે આપણું સૂત્ર છે 'જન સેવા એ જ પ્રભુ સેવા'. એને સાર્થક કરવા માટે અમારી સરકાર એટલે કે અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ અને સરકારના સર્વે અધિકારીઓ, સર્વે કર્મચારીઓ કે જેમણે આ વર્ષે કોરોના મહામારીની ઝંઝાવાતમાં પણ જે

સેવાકીય કામો કર્યા છે અને પ્રજાને બચાવવાનું કામ કર્યું છે એ બદલ આપના માધ્યમથી એમને અભિનંદન આપું છું. આરોગ્ય વિભાગ એ રાજ્યની અંદર પ્રજા, અને પરિવારોને જીવતા રાખવા માટે અને કોઇપણ રોગની અંદર સારવાર કરવા માટે ખૂબ મહત્ત્વનો આ વિભાગ છે. ચાલુ વર્ષે માનનીય મંત્રીશ્રીએ આ વિભાગ માટે ૧૧,૩૨૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આ બજેટમાં જે પ્રમાણે કોરોના મહામારીમાં દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આત્મનિર્ભર યોજનાનો અમલ કર્યો અને એના આધારે અનેક પ્રકારની યોજનાઓનો લાભ લોકોને આપવામાં આવ્યો. સાથોસાથ ગુજરાતમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે આત્મનિર્ભર ગુજરાત માટે ૧૪ હજાર કરોડ રૂપિયા ફાળવી અને સીધેસીધા મહિલાઓ, મધ્યમવર્ગના ઉદ્યોગો, ધંધાકીય રીતે સંકળાયેલ પરિવારોને પગભર કરવા માટે ૧ લાખ રૂપિયાની લોન હોય, મહિલાઓ માટે ૧૦ જેટલી બહેનો ભેગી થાય અને એ પણ પોતે રોજગારી ઉભી કરે એના માટે વગર વ્યાજની લોન આપીને એમને સદ્ધર કરવાનું કામ રાજ્ય સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત આપના માધ્યમથી કરવા માગું છું કે જે રીતે રાજ્ય સરકારની અંદર સરકારી હોસ્પિટલો છે એવી અનેક ગામો અને તાલુકાની અંદર લોકો અને પ્રજાના દાનથી અનેક સંસ્થાઓ ઊભી કરી છે એની અંદર એક ફેડરેશન બનાવવામાં આવ્યું છે એ ફેડરેશનની જવાબદારી મને અલગ અલગ જગ્યાએ સોંપી છે. આ ફેડરેશનની અંદર રાજ્ય સરકારમાં ગ્રાન્ટેડ તરીકે લગભગ ૧૧૪ જેટલી સંસ્થાઓને માન્યતા આપવામાં આવી છે એમાં ૮૦ જેટલી સંસ્થાઓએ રાજ્ય સરકારની જોડે ગ્રાન્ટની અંદર માન્યતા આપી છે. એમાં સરકાર તરફથી દર વર્ષે છેવાડાના માનવી એટલે ગ્રામ્ય વિસ્તારની પ્રજા માટે ૬૦ થી ૬૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપી છે અને એ ગ્રાન્ટ પહેલા જે પ્રમાણે સંસ્થાઓને મેળવવાની થાય ત્યારે જિલ્લા સિવિલ અધિકારી એટલે કે જિલ્લા સિવિલની અંદર એની દરખાસ્ત મોકલવાની થાય. એ દરખાસ્ત રાજ્ય સરકારના આરોગ્ય વિભાગમાં જાય એમાં ગ્રાન્ટનો હપ્તો સરકાર એ નિયમિત ફાળવે પણ એ સમયસર પહોંચતો નહતો એમાં માનનીય આરોગ્ય મંત્રી સાહેબે વિશેષ રસ લઇ સીધેસીધો આર.ટી.જી.એસ.થી બીજા જ દિવસે એના ખાતામાં પૈસા મળે એવી યોજના અમલમાં મૂકી છે એ બદલ હું એમનો આભાર માનું છું. ચાલુ વર્ષે પણ માન્ય ફેડરેશનની રજૂઆતના આધારે અનેક સંસ્થાઓ દાનના પ્રવાહના આધારે બીજી ઘણી નવી સામાજિક સંસ્થાઓ ઊભી થઇ છે એમાં ૪-૫ સંસ્થાઓને આ વર્ષે પણ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સાહેબે તા.૧૮-૩-૨૦૧૯ના રાજ્ય સરકારના આરોગ્ય વિભાગનો ઠરાવ કર્યો છે કે ગુજરાતમાં આવી સારી એવી સેવાકીય સંસ્થાઓ પ્રજાની આરોગ્યલક્ષી સેવા કરતી હોય એમને એના ઇન્પેકશનના આધારે તેમને ઉચ્ચક ગ્રાન્ટ આપવાનો પરિપત્ર કર્યો છે. એ પરિપત્રની અંદર ચાલુ વર્ષે ચાર સંસ્થાઓને માન્યતા આપી છે એ બદલ પણ હું એમનો આભાર માનું છું. ચાલુ વર્ષે સૌથી લોકપ્રિય એવી ૧૦૮ એમ્બ્યુલન્સની યોજના છે એ ગમે ત્યારે આપણે ફોન કરીએ ત્યારે પાંચેક મિનિટની અંદર સ્થળ પર પહોંચે છે અને સ્થળ પર કોઇ નાનો-મોટો અકસ્માત કે બિમાર પડી ગયું હોય તો ઝડપથી એમને હોસ્પિટલમાં લઇ જઇને જાન બચાવવાનું કામ કરે છે. એ યોજનાની અંદર ૬૨૨ જેટલી એમ્બ્યુલન્સ સેવાકીય પ્રવૃત્તિ કરે છે એમાં વધારાની આ વર્ષે ૧૫૦ જેટલી એમ્બ્યુલન્સ માટે બજેટ ફાળવ્યું છે એ બદલ પણ હું રાજ્ય સરસકારનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારીની અંદર એક ધન્વન્તરી રથની રાજ્ય સરકારે અમલવારી કરી હતી. ઘરે ઘરે જઇ દરેક પ્રજાની સેવાકીય પ્રવૃત્તિ એટલે કે એમની તપાસ કરવી, આરોગ્યની ચિંતા કરવી એમને ઉધરસ, શરદી, તાવ એવી નાની-મોટી બિમારી હોય તેમને ત્યાં ને ત્યાં દવા આપીને એની સેવા કરવાનું કામ અને એ ધન્વન્તરી રથના આધારે સમસ્ત રાજ્યની અંદર પ્રજાને બચાવવાનું કામ કર્યું છે. કોરોના મહામારી એ આખા દેશની અંદર એક ઉત્તમ ઉદાહર પૂરું પાડવાનું કામ એ આપણી રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે કર્યું છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા**(**વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયત ખાતામાં રૂપિયા ૪૪૨ કરોડની જોગવાઇ લઇને આવ્યા છે એમાં એક નવું બાગાયત વિકાસ મિશન લઇને આવ્યા છે. આ મિશનમાં સરકારે એવો ઉલ્લેખ કર્યો છે કે સરકારી ખરાબાની પડતર જમીન આની અંદર કોઇ કોર્પોરેટ કંપની, કોઇ પ્રગતિશીલ ખેડૂતનો ઉલ્લેખ કર્યો છે એટલે એ સંસ્થાઓને ભાડાપટ્ટે આપવી. પહેલા તો આમાં અગાઉથી ભવિષ્યવાણી પણ કરી દીધી. કે બે લાખ મેટ્રિક ટન પાકનું ઉત્પાદન થશે. હજી જમીન તો ત્યાં પડતર પડી છે. ઝાડવા ઉછેરવાના છે અમે બગીચા કરીએ છીએ આંબાના. જેમ બાળકનો ઉછેર થાય એમ ઝાડવાનો ઉછેર કરીએ ત્યારે આંબામાં કેરી આવે. હજી ત્યાં જમીન પડી છે, પડતર પડી છે તો આ લોકોએ અગાઉ ભવિષ્યવાણી કરી દીધી કે બે લાખ મેટ્રિક ટન અમે એમાંથી ઉત્પાદન લઇશું ફળનું. આમાં ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે તો મારું એ કહેવાનું છે કે તમે અત્યારે પડતર જમીનમાં ઝાડ વાવશો કોર્પોરેટ કંપનીવાળા એ ઉછેરતા ૫ વર્ષ જાય એના કરતા અમારા ગીરની અંદર કેસર કેરી સમગ્ર એશિયામાં પ્રખ્યાત છે. હયાત બગીતા છે તો અમારા ખેડૂતોને જાળવણી માટે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવી દોને. એ તો બરાબર છે પણ મને તો એવું લાગે છે કે ખેડૂતોને નામે કંપનીઓને જમીન પધરાવવાની વાત છે માટે આમાં અમારા ખેડૂતોને પણ થોડી બાગાયતમાં સહાય થાય તો ઝાડવાની જાળવણી થશે અને એ જરૂરી છે. મત્સ્ય ઉદ્યોગમાં દરિયાઇ ખેડૂતો માટે ખેડૂત માછીમારો માટે રૂપિયા ૧૫૦ કરોડની ડિઝલમાં વેટની માફીની યોજના જે આવી છે એમાં ખરેખર રૂપિયા ૩૦૦ કરોડ હોવા જોઇએ પણ એમાં પણ ઓછી છે. જમીન ખેડીને ખેતી કરતો ખેડૂત છે એને ડિઝલ કેટલું જોઇએ છે એ કયારેય સરકારે વિચાર્યું છે

? એના માટે વેટમાં કેમ સરકારે ન વિચાર્યું ? સૌથી વધારે ડિઝલ ખેતીમાં જોઇએ છે કેટલીયે વાર એકને એક પાટલાની અંદર ૨૧ વાર ટ્રેક્ટર ચાલે ત્યારે બે સિઝનનો એક વર્ષનો પાક તૈયાર થાય. સરકારને ખબર ન હોય તો સમજાવું કેટલી વાર ખેડૂતને ડિઝલ જોઇએ. ખેડૂત પહેલા સાળ નાખે, પછી એમાં ખાતર ભરે પછી એમાં વાવણી વાવે, વાવણી વાવ્યા પછી મગફળી વાવી હોય એટલે વાવણી વાવે, વાવણી વાવ્યા પછી એમાં રપટો મારે, પછી માઢ મારે, ૩ વાર બેલી હાંકે. ૨ વાર બલુન મારે, બલુન માર્યા પછી કડબ મારે કડબ માર્યા પછી થ્રેસર મારે, થ્રેસર માર્યા પછી બે વાર ખોરણીયુ મારે, ખોરણીયુ માર્યા પછી એમાં રપટો મારે પછી ચણાની વાવણી કરે, ચણા વાવ્યા પછી બે વાર એમાં સાંતી ચલાવે પછી એમાં પણ થ્રેસર જોઇએ. થ્રેસર કાઢ્યા પછી માલ યાર્ડ સુધી પહોંચાડવાની વાત આવે. ચણા નીકળ્યા પછી એમાં દાંતી મારી રાબ કરે પછી જમીન તૈયાર કરીને રાખી મુકે ૨૧ વાર ખેડૂત એકના એક પાટલામાં ડિઝલ વાપરે છે. એના માટે સરકારે શું વિચાર્યું? આ પણ જરૂરી છે. તમે ડિઝલ માટે થોડું ખેડૂતો માટે વિચારો. બીજી ઘણી વાત છે. બજેટની અંદર આ વખતે પાક વીમાની કોઇ વાત ન આવી. દર વખતે પાક વીમાનો આંકડો આવતો હોય છે. પાક વીમો તો સાવ ભુલાઇ ગયો. યોજના જ ઉડાડી દીધી. ૨ વર્ષમાં ૩૫૭૦ કરોડ રૂપિયા કંપનીઓ * (xxx) તો સરકારે શું કર્યું ? કેમ લાલ આંખ ન કરી ? અમે કહીએ ક્રોપ કટીંગના આંકડા જાહેર કરો. દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે.

અધ્યક્ષશ્રી : * (xxx) એ શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : અમને ખબર છે કે અમારા ગામડાંઓમાં અમારી પાસે જે આંકડા આવ્યા હતા જયાં મળવાપાત્ર વીમો ૭૪–૭૫ ટકા છે સરકાર તરફથી કે કંપની તરફથી શું આવ્યું ? ઝીરો ટકા ફુટી કોડી પણ ન આપી. કરોડો રૂપિયા ખેડૂતોના હક્કના પૈસા છેલ્લા ચાર વર્ષથી વીમો બાકી છે. અમારો ખેડૂતનો દીકરો છે અને પાક વીમો અમારો અધિકાર છે. અમે ભીખ નથી માંગતા અમે હક્ક માંગીએ છીએ. હક્ક છીનવી લેવામાં આવ્યો છે એના માટેની આ રજૂઆત છે. કેમ લાલ આંખ સરકાર નથી કરતી અમારા ખેડૂતોને વીમો અપાવવા માટે ? ખેડૂતોના હમણાં રોજ ફોન આવે છે. ચણાની ટેકાના ભાવે ખરીદી ચાલુ થાય છે. ૫૦ મણ ચણા. સરકારે તો જાહેરાત ૯૧ મણની કરી હતી પણ આ વખતે ચણાનું ઉત્પાદન છે તો મારી એવી માગણી છે કે ૨૦૦ મણ ચણા ખેડૂતોના લેવાય તો દસેક વીઘાનો ખેડૂત એ ચણા નાખી શકે અને વેચી શકે. આવી સ્થિતિ આજે થઇ છે. પાક ધિરાણમાં પણ ખેડૂતોના ફોન આવે છે. પાક ધિરાણનું હમણાં ચાલુ થશે. રાજય સરકારના ૪ ટકા બાકી છે તો રાષ્ટ્રિયકૃત બેંકોમાં એની પણ વ્યવસ્થા કરે. આપણે ઝીરો ટકા વ્યાજ, ઝીરો ટકા વ્યાજ કરીએ છીએ ખેડૂતો ત્યાં અમને પૂછે છે કે સરકાર ઝીરો ટકાની વાત કરે છે પણ ૪ ટકા તો અમારા બાકી છે. રાષ્ટ્રીયકૃત બેન્કો માટે સરકારે ખરેખર લાલ આંખ કરવી પડે તેમ છે. પ્રોસેસિંગ ચાર્જ, ઇન્સ્પેકશન ચાર્જ શેના ચાર્જ? ઇન્સ્પેકશન ચાર્જ શેનો? તમે વાડીએ ઇન્સ્પેકશન કરવા જાવ તો ચાર્જ લાગે. આવા કરોડો રૂપિયા ખેડૂતોના ગયા છે. ખેડૂત બિચારો ભોળો છે એને ખબર નથી, પણ એના ખાતામાં પાસબુકમાં એન્ટ્રી પાડીને તો જુઓ ? આવી બેન્ક સામે લાલ આંખ કરો. ભોળા ખેડૂતોને *(xxx)

અધ્યક્ષશ્રી : * (xxx) એ શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : બેન્કો દ્વારા * (xxx) હું પ્રૂફ સાથે આપું. મારી પાસે પ્રૂફ છે.

અધ્યક્ષશ્રી : આપ બીજા શબ્દો વાપરી શકો છો. અસંસદીય નહીં.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : હમણાં ત્રણ *(xxx) આવ્યા છે.

અધ્યક્ષશ્રી : કાયદો કાળો હોતો નથી. * (xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે. અસંસદીય છે. પ્લીઝ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : જગતનો તાત, ખેડૂતનો દીકરો છેલ્લા ૧૦૦ દિવસ ઉપરથી આંદોલન ઉપર બેઠો છે. શું શોખથી બેઠા હશે? આપણે શું કરીએ છીએ? આ દેશને મોટી નુકસાની જવાની છે. આ કાયદા પસાર થઇ ગયા, પણ અમલવારી થઇ તો સમજી લેજો કે ખેડૂત જમીન વગરનો થઇ જશે. અને ગરીબ માણસને તો એટલી બધી મોંઘવારીનો માર સહન કરવાનો આવશે કે એની ચિંતા અત્યારે આપણે કોઇ નથી કરતા. આપણા સંસદમાં ખેતી સાથે જોડાયેલો વર્ગ બેસે છે. ધારાસભ્યો પણ ખેતી સાથે જોડાયેલા છે. આપણે શું કર્યું? આપણને ખબર જ છે. આ રાષ્ટ્રીયકૃત કંપનીઓ, આ કોર્પોરેટ કંપનીઓ, ચારેકોરથી આપણી ઉપર હામી થઇને બેસે છે, ત્યારે હું તો એ કહું છું કે આપણે બધા ધારાસભ્યો જો અવાજ નહિ ઉઠાવીએ, જો આ કંપની સામે લડાઇ નહિ કરીએ ને તો આવનારી પેઢી આપણને માફ નહિ કરે. એ મારા શબ્દો તમે યાદ રાખજો. અત્યારે જે ચાલી રહ્યું છે એ વ્યાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરું. અમે ગામડામાં જઇએ. આજે શિક્ષણ એટલું મોંઘુ થઇ ગયું છે. આજે માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતનો દીકરો નાનો ચણાનો ઢગલો વેચીને બેઠો હોય એને પૂછો કે કેટલા ચણા થયા ? તમારા બાળકની ફી થઇ કે નહી ? એમાં કઇ વધતું નથી. બાળકની ફી પણ થતી નથી. બેરોજગારી જુઓ. ગામડાની અંદર શિક્ષિત બેરોજગાર. ગ્રેજ્યુએટ દીકરાઓ પાવડો લઇને પાણી વાળવા જાય છે. આવી સ્થિતિ છે અને આપણે વાત કરીએ કે નોકરી આપી, નોકરી આપી. ક્યાં નોકરી આપી ? કોઇ ખેડૂતને, મધ્યમ વર્ગને, નાના ગરીબ માણસને, જ્યાં મજદૂર બેસતો હોય ત્યાં ચાની લારીએ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જઇએ બેસો અને તેના ખંભે હાથ મૂકીને જરાક પૂછો કે ભાઇ, તારે કેટલા બાળક છે અને કેટલો ખર્ચો થાય છે ? માણસ રડવા માંડશે. એ ફી પણ ભરી શકતો નથી. આવી સ્થિતિ થઇ છે ત્યારે મારી સરકારને વિનંતી છે કે તમે જાગૃત થાવ.

અધ્યક્ષશ્રી : આપનું વ્યક્તવ્ય પૂરું થાય છે. માનનીય સંગીતાબેન.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં, વહીવટનો બહોળો અનુભવ ધરાવતા લાગણીશીલ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે કોરોનાના કપરા કાળમાં ગુજરાતના વિકાસની વણથંભી યાત્રાને વધુ વેગવંતી બનાવવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ કહી શકાય તેવું રૂપિયા ર કરોડ ર૭ લાખ ર૯ હજાર કરોડનું રજૂ કર્યું છે, તેને હું આવકારું છું, સમર્થન પણ કરું છું અને મારું મંતવ્ય પણ રજૂ કરું છું.

હમણાં અહીંયાથી કહેવામાં આવ્યું કે ગુજરાત ખાલીખમ થયું છે. મારે જણાવવાનું કે ભારતીય જનતા પાર્ટી ઉપર ગુજરાતની જનતાએ જે લાગણી અને વિશ્વાસ મૂક્યો છે. જેના લીધે આજે ૬-૬ મહાનગરપાલિકામાં ભાજપ અડીખમ છે. જિલ્લા પંચાયતોમાં ભાજપ અડીખમ રહ્યો છે. તાલુકા પંચાયતોમાં ભાજપ અડીખમ રહ્યો છે. નગરપાલિકામાં ભાજપ અડીખમ રહ્યો છે, ત્યારે વધુમાં રાજ્યસભાની ર-ર બેઠકોમાં ભાજપ અડીખમ રહ્યો છે. અને ગુજરાતની જનતાએ ઇશારો કર્યો છે. કોંગ્રેસ મુક્ત બનાવવા માટે જનતા આગળ વધી રહી છે. એ પણ ખડીખમ રહેવાની છે. ભારતીય જનતા પાર્ટી પર જ્યારે ગુજરાતની જનતા આટલો બધો વિશ્વાસ કરતી હોય તો લોકોએ જરા સમજી લેવું જોઇએ કે ભાજપ ખાલીખમ છે કે અડીખમ છે. માનવ જીવનની મૂળભૂત જરૂરિયાતમાં પાણી એ મુખ્ય છે. જળ વગર જીવન જ શક્ય નથી તેથી સૃષ્ટિ પરના દરેક જીવજંતુને અને પ્રાણીઓને પાણી મળવું જોઇએ. માનવ શરીર પાંચ તત્વોમાંથી નિર્માણ પામ્યું છે, તેમાંનું એક તત્વ જળ છે. માનવ જીવનમાં સ્વચ્છ હવા બાદ શુદ્ધ પાણી સૌથી વધારે મહત્ત્વપૂર્ણ તત્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની વ્યવસ્થાની વાત કરીએ તો પહેલાંના જમાનામાં ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારમાં ગામના પાદરે ગ્રામ પંચાયત હોય ત્યાં પાણી મળતું હતું. ત્યારે સામૂહિક નળ દ્વારા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી અને તેમાં પણ મહિલાઓ માટલા ઉપર માટલું મૂકીને ત્યાંથી પાણી ભરીને લઇ જતી હતી. પીવાનું પાણી તે વખતે પૂરતું મળતું ન હતું. રાજ્ય સરકાર દ્વારા આજે નર્મદા યોજના અને ધરોઇ યોજના જેવા ડેમો તથા સૌની યોજના જેવી મહત્ત્વકાંક્ષી યોજના અંતર્ગત ગુજરાતની પ્રજાને પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ગુજરાતના શાસનકાળ દરમ્યાન રાજ્યના દરેક ગામડાંઓમાં શુદ્ધ પીવાના પાણીની સુવિધા કરવામાં આવી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું ધ્યેય છે કે, દેશના દરેક નાગરિકોને ઘરે ઘરે શુદ્ધ પીવાનું પાણી મળે તેના માટે તેમણે જળ જીવન મિશન અમલમાં મૂકેલ છે. રાજ્ય સરકાર દ્વારા દરેક નાગરિકોના ઘરે પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે નલ સે જલ યોજના વર્ષ ર૦ર૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આજે ૮ર ટકા ઘરો સુધી પીવાનું પાણી પહોંચાડવાનું કામ પણ અમારી રાજ્ય સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. નલ સે જલ યોજના અંતર્ગત રાજ્યના ૧૩૬૦૦ ગામો અને ર૦૦૯ શહેરોને પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવા માટે ૧ લાખ રપ હજાર કિલોમિટરની પાણી પુરવઠા ગ્રીડની નિર્માણની કામગીરી રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારના લોકોને પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા માટે જે અંદાજપત્ર લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેનાથી મને વિશ્વાસ છે કે ભવિષ્યમાં પીવાનું પૂરતું પાણી ગુજરાતની જનતાને મળી રહેશે. રાજ્યમાં આદિજાતિ વિસ્તારના ર૮૪૧ ગામોમાં પણ પાણી પુરવઠાના કામો માટે રૂપિયા ૧૦૦૦ કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વડપણ હેઠળની આ સરકારે ઐતિહાસિક કહી શકાય તેવી કોરોના મહામારીની કઠીન પરિસ્થિતિમાં ર૦ર૦નું વર્ષ પસાર કર્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે, આ કોરોનાના કપરા કાળ દરમ્યાન જે પરિસ્થિતિ ઉદ્ભવી હતી તેમાં લોકો ભયભીત થઇ ગયા હતા. લોકો એવું કહેતા હતા કે, આ વરસ ક્યારે જશે અને લોકો આ કોરોનાનું વરસ પૂરું થવાની રાહ જોતા હતા. આ વિકટ પરિસ્થિતિમાં અમારી સરકારે જે કામ કર્યું છે તે સરાહનીય છે. એકપણ વ્યક્તિ ભૂખ્યો સુએ નહીં તેના માટે અમારી સરકારે ઘણું બધું કામ કર્યું છે. અમારી સરકારે પ૯ લાખ કુટુંબોના ૩ કરોડ ૩૬ લાખ લોકોને છ વખત ઘઉં, ચોખા, ચણાદાળ, ખાંડ, મીઠું વગેરે ખાદ્ય સામગ્રી વિનામૂલ્યે પૂરી પાડી છે. કોરોના મહામારી દરમ્યાન લોકોને ઝડપી આરોગ્ય સેવાઓ મળે અને સંક્રમિત લોકોને તરત જ સારવાર આપવા રાજ્ય સરકારે હોસ્પિટલોમાં સાધનોનો વધારો કરી લોકોને સારવાર આપી છે. રાજ્ય સરકારે કોરોના મહામારીને અંકુશમાં લેવા જે પગલાં લીધા છે તેમાં વિશ્વ આરોગ્ય સંસ્થાથી માંડીને સમગ્ર દેશમાં તેની નોંધ લેવાઇ છે. તેના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને આ પ્રશંસનીય કામગીરી બદલ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની પહેલાં શું વ્યવસ્થા હતી તે આપણે સૌએ જોઇ છે. તે વખતે કંઇ જ વ્યવસ્થા ન હતી. આજે નર્મદાનું પાણી છેક કચ્છ સુધી પહોંચાડવામાં આવે છે. મારે દુઃખ સાથે કહેવું છે કે, મહારાષ્ટ્રમાં આજે આઠ-આઠ દિવસ, છ-છ દિવસે એકવાર પીવાનું પાણી આપવામાં આવે છે. ત્યારે આની કમ્પેરીઝન કરીએ તો ગુજરાતમાં રોજેરોજ પીવાનું સારું અને ચોખ્ખું પાણી આપવામાં આવે છે. સુરત શહેરમાં તાપી નદીનું સ્વચ્છ પાણી આપવામાં આવે છે. તેનાથી સુરતની

જનતા ખૂબ જ આનંદિત છે. આજે ગુજરાત સુખી અને સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. ગુજરાતની આ હરણફાળ ભરતી સરકાર છે તેને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મારું વક્તવ્ય પૂરું કરું છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે અને સૌથી મોટું અને એ પણ કરવેરા નાખ્યા વગરનું લઇને આવ્યા છે એ બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગ અંગેની કેટલીક વાતો કરવા માગું છું. ઊર્જા વગરનું રાજ્ય નકામું છે, ઊર્જા વગરનું ઘર નકામું છે અને ઊર્જા વગરના માણસની પણ કોઇ કિંમત નથી. વર્ષ ૧૯૬૦-૬૧ની અંદર ગુજરાત રાજ્ય અલગ બન્યું એ વખતે ૩૧૫ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થતું હતું અને ટોટલ ૩૩ કે.વી. અને ૬૬ કે.વી.ના કુલ મળીને ૪૨ સબસ્ટેશનો હતા એની સામે વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૮૨૨૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરતું આ રાજ્ય બન્યું છે અને એની સામે ૬૬ કે.વી.થી માંડીને ૨૨૦ કે.વી.ના ૨૦૯૧ સબસ્ટેશનો ગુજરાતની ધરતી ઉપર બન્યા છે. અગાઉ રાજ્યના ઊર્જા પ્રધાન તરીકે જેમણે કામગીરી કરી છે એમને પણ હું યાદ કરું છું. વર્ષ ૧૯૭૫-૮૦ની અંદર શ્રી મકરંદભાઇ દેસાઇ એ રાજ્યના ઊર્જામંત્રી હતા. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં રોજના ત્રણ ગામોને વીજળીના સંકલ્પ સાથે એ જનતા મોર્ચાની સરકાર કામ કરતી હતી અને એના કારણે એ વખતે હજારો ગામડાઓને વીજળી મળતી થઇ હતી. એ જ રીતે શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ જી.ઇ.બી.ના ચેરમેન હતા એમણે પણ ખૂબ યશસ્વી કામગીરી કરીને ગુજરાતની આ ઊર્જાની વિકાસની ગતિને તેજ ગતિથી રફતાર આપી હતી. વર્ષ ૨૦૦૨ની સાલમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને ગુજરાતના ૧૮ હજાર ગામડાને ૨૪ કલાક વીજળી આપવાનો નિર્ણય કર્યો તે વખતે વિપક્ષના મિત્રો પણ કહેતા હતા કે તમે ૮ કલાક પૂરી વીજળી આપી શકતા નથીને ૨૪ કલાક થ્રી ફેસની વીજળી ગામડાને કેવી રીતે આપી શકશો ? ત્રણ વર્ષના ટૂંકાગાળામાં ૧૮ હજાર ગામડાઓને નવા ફિડરો, નવી વીજ લાઇનો, નવા થાંભલાઓ નાંખીને ૨૪ કલાક થ્રી ફેસની વીજળી આપવાનું આખા દેશમાં શ્રેય કોઇ રાજ્યને જતું હોય તો એ ગુજરાતને જાય છે અને ગુજરાતે ત્રણ વર્ષમાં એ કામગીરી પૂર્ણ કરી છે. આ વીજળીનું ઉત્પાદન એ કુદરતી સંશાધનોની અંદરથી થાય છે એ પછી કોલસો હોય, ગેસ હોય કે પેટ્રો એનર્જી હોય એના દ્વારા આજ દિન સુધી થાય છે પણ આ સંપત્તિ ક્યાં સુધી આપણે ખતમ કરતા રહીશું ? કોલસો છે એ જમીનની અંદરથી અમૂક વર્ષોમાં ખલાસ થવાનો જ છે. જમીનની અંદર જે સંપત્તિ પડી છે એ શંસાધનો ક્યારેક તો પૂરાં થવાના જ છે અને એના કારણે જે કોલસામાંથી ધૂમાડો નીકળે છે અને જે કાર્બન ડાયોક્સાઇડ નીકળે છે અને એના કારણે જે પર્યાવરણની ખરાબી થાય છે એને કારણે આજે સમગ્ર વિશ્વ પર્યાવરણ ક્ષેત્રે એટલું બધું દુઃખી છે કે ગ્લોબલ વોર્મિંગના કારણે સમગ્ર વિશ્વ ચિંતામાં પડ્યું છે એવા સમયે ગુજરાતની અંદર સૌર ઊર્જા અને પવન ઊર્જા એ ક્ષેત્રમાં જે સૂર્ય વર્ષોથી ઉગે અને આથમે છે, ભૂતકાળમાં ઉગતો અને આથમતો હતો અને આપણે નહીં હોઇએ ત્યારે પણ સૂર્ય ઉગવાનો છે અને આથમવાનો છે. આ સૂર્યની ઊર્જામાંથી પણ વીજળી પેદા કરી શકાય એવો વિચાર કરીને ગુજરાતની અંદર સોલાર આધારીત એક જબરજસ્ત વીજ મથક ઉભું કરીને ૫૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતું એક વીજ મથક પાટણ પાસે ઉભું કરવાનું શ્રેય પણ ગુજરાતની સરકારને જાય છે. એજ રીતે આજે આપણે જોઇએ તો હમણા જ માનનીય પ્રધાન મંત્રીશ્રીએ કચ્છના ખાવડામાં જે બંજર જમીન પડી છે જેમાં ગાંડા બાવળ ઉગી નીકળ્યા છે અને જમીન બિન ઉપજાવ પડી છે એવી વેરાન જગ્યામાં ૬૬૫૦ હેકટર જમીનમાં ૩૩૫૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરતો વિશ્વનો સૌથી મોટો સોલાર આધારીત પ્લાન ઉભો કરવાની નીવ નંખાય ચૂકી છે. આવનારા દિવસોમાં ગુજરાતની અંદર આ વીજળીનું જ્યારે ઉત્પાદન થશે ત્યારે  ગ્રીન એનર્જી ઉત્પન્ન કરતું વિશ્વનું સૌથી મોટું રાજ્ય ગુજરાત બનશે. એ જ રીતે આજે પવન ઊર્જા અને સૌર ઊર્જા થકી ગુજરાતની અંદર ૮૧૮૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવાનો નિર્ધાર છે. એમાં ગુજરાત આગળ વધી રહ્યું છે. જેટકોના સબ સ્ટેશનની નજીક જે ખાનગી કંપનીઓ સોલાર આધારિત વીજળી ઉત્પન્ન કરતી હોય એમને પણ સગવડતા આપીને, એમાંથી પણ ૬૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનું જે આયોજન છે એ પણ દાદ માગી લે તેવું છે. જે હમણાં માનનીય સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયા વાત કરતા હતા કે ખેડૂતોની ચિંતા સરકાર કરતી નથી. એમાં હું એક જ દાખલો આપવા માગું છું કે, ઉત્તર ગુજરાતના ખેડૂતો જ્યારે પૂરતા દબાણની વીજળી માગી રહ્યા હતા ત્યારે રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા, રસ્તા ઉપર ખેડૂતોના ટોળા આવી ગયા હતા, એ વખતે જો કોંગ્રેસના મિત્રો વાત સમજી શક્યા હોત તો આજે કદાચ અહીંયા બેઠા હોત. પણ તે દિવસે લાઠી મારી, ગોળી મારી અને ખેડૂતોને શહીદ કર્યા એના કારણે આજે ૨૫ વરસથી સામેની પાટલી પર બેઠાં છે. તે યાદ કરતા નથી. એ યાદ પણ આવતું નથી એમને અને અત્યારે આજની ચિંતા કરે છે. એ દિવસો યાદ કરો તો તમને ખ્યાલ આવશે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે સોલાર રૂફ ટોપ યોજના નીચે ૯૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનું પ્લાનીંગ પણ રાજ્ય સરકારે કર્યું છે અને એમાં ૧,૧૭,૦૦૦ ઘરોને પરમીશન અપાઇ ચૂકી છે જેના કારણે ૬૦૦ મેગાવોટ વીજળી આજે ઉત્પન્ન થઇ રહી છે અને આવતા દિવસોમાં ૩ લાખ ઘરો સુધી વીજળી પહોંચાડવાનો પ્રયાસ છે.

શ્રી હર્ષ ૨. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બજેટની વાત હોય છે ત્યારે એમ કહેવાય છે કે, ઘર, પરિવારમાં સારો સમય હોય છે ત્યારે ઘરનું અને પરિવારનું બજેટ સંભાળવું એ બહુ ઇઝી વાત હોય છે પરંતુ કપરાં કાળમાં જે ઘર, પરિવારના લોકો એ પરિવારનું બજેટ સારી રીતે ચલાવી લે એ પરિવારને લોકો સમજુ અને હોંશિયાર માને છે તે જ રીતે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આ વરસે જે બજેટ રજૂ કર્યું છે. કપરા કાળામાં આ પ્રકારનું બજેટ હું માનું છું ત્યાં સુધી

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

ગુજરાત એ દેશભરના તમામ રાજ્યોની અગર સરખામણી કરીએ તો સૌથી સરસ, સૌથી અવ્વલ, તમામ ક્ષેત્રને સાચવીને આવા ખરાબ સમયમાં આવું સૌથી સારું બજેટ લાવનાર આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી ફાઇનાન્સ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો હું મારા વિસ્તારના લોકો વતી આભાર માનું છું.

આ બજેટની ચર્ચામાં જ્યારે પ્રવાસન વિભાગના અનેક વિષયોની વાત જ્યારે હું આપની સમક્ષ મૂકવા માગું છું ત્યારે વરસ ૨૦૦૫–૦૬માં પ્રવાસન વિભાગનું બજેટ એ માત્ર ૩૫ કરોડ રૂપિયા હતું અને આજે એ બજેટ વધીને ૪૭૯ કરોડ રૂપિયા થયું છે. ગુજરાતનો પ્રવાસન વિભાગ, એટલે ભૂતકાળમાં શું હતું પ્રવાસન એટલે શું ? તો ગુજરાતીઓ દેશભરમાં અને દુનિયાભરમાં ફરે પરંતુ ગુજરાતમાં કોઇ ફરવા આવે એવી કલ્પના કે એવું સપનું પણ આપણે ત્યાં કોઇએ જોયેલું નહિ. આદરણીય ત્યારના મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાતના ટુરિઝમ સેક્ટરને આખું બદલવામાં આવ્યું. એની અંદર જાન પૂરવામાં આવી. માત્ર વિસ્તાર જે હોય છે એ વિસ્તારના ફોટાથી કોઇ દિવસ ટુરિઝમ ડેવલપ નથી થતું એની અંદર ઇમોશન્સ પૂરવાના હોય છે અને ગુજરાતનું ટુરિઝમ સેક્ટર આજે દેશભરમાં ચર્ચાનો વિષય છે. આપણા સૌ ગૌરવશાળી ગુજરાતીઓનું આ ગુજરાત છે. આપણા ગૌરવશાળી ગુજરાતની અલૌકિક સંસ્કૃતિ, પ્રાચીન અને રમણીય નજારાએ વિશ્વભરના પ્રવાસીઓને અહીંયા મુલાકાત લેવા માટે આકર્ષ્યા છે એટલું જ નહિ પણ આપણા ગુજરાતીઓની આ મધુર ભાષા સૌને આવકારવાનો આપણો સ્વભાવ, વ્યવહાર અને માનવતા જ આપણા ગુજરાતની ઓળખ છે. ગુજરાતના દેવભૂમિ દ્વારકામાં આવેલુ શિવરાજપુર બીચ તે દુનિયાભરના જે બીચો છે તે બીચોને એક રેન્કીંગ અપાય છે તેને એક સીમ્બોલ અપાય છે. સીમ્બોલને Blue Flag tag beach કહેવાય છે. એટલે કે કાચ જેવુ ટ્રાન્સફરન્ટ એ બીચ કે જેની અંદર દરિયાની જીવ સૃષ્ટિ જે હોય છે તેને ખૂબ સારી રીતે જોઇ શકાય છે તેવા બીચને આ Blue Flag tag beach મળ્યો છે જેનાથી આવનારા દિવસોમાં દરિયાઇ પટ્ટાનું જે પ્રવાસન છે તે પણ ગુજરાતની અંદર ખૂબ મોટા પાયે વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યૂયોર્કમાં હતો અને ત્યાં એક ગુજરાતી પરિવારને ત્યાં મારે જમવા જવાનું થયું. એ દિવસ મારા માટે ખૂબ ગૌરવપૂર્ણ દિવસ હતો કારણ કે ન્યૂયોર્કની અંદર કોઇ ગુજરાતી પરિવારને ત્યાં એક ન્યૂઝ પેપરનું છાપું કટીંગ કરીને મઢાવીને ફ્રેમમાં મૂકવામાં આવેલુ હતું તે વોલસ્ટ્રીટ જનરલનું હેડ લાઇન હતું. તે હેડ લાઇન હું આપની સમક્ષ વાંચવા માગું છું કે, "Statue of Unity, Gujarat in India, is drawing attention of more people than the Statue of Liberty" તેના પછીની જે બે લાઇન હતી તે ખૂબ મોટી હતી કે "It is not just a statue but emotions of India" આ માત્ર મૂર્તિ નથી આ દેશના વિચારો છે આ દેશની કયાંક અને કયાંક ઇમોશન્સ છે આ ગુજરાતના ઇમોશન્સ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઉંચાઇ, સ્ટેચ્યુ ઓફ યુનિટીની મહાનતા એ તમામ લોકો અનેક વખત આ વિષયની ચર્ચા આ ગૃહમાં થઇ ચૂકેલી છે પરંતુ દુનિયાભરની અંદર જયારે આ પ્રકારના કોઇ સ્ટેચ્યુ કે આ પ્રકારનું કોઇ સ્થળ બનતું હોય છે ત્યારે આજુબાજુના ખૂબ મોટી સંખ્યામાં લોકોને તેનાથી રોજગારી ઉપલબ્ધ થતી હોય છે. આ રાજય સરકાર એ ટુરીઝમના માધ્યમથી ત્યાંના આદિવાસી લોકોને કઇ રીતે તેમની રોજગારી વધે તેનુ વિચાર્યુ. હોમ સ્ટે નામનો એક નવો કન્સેપ્ટ આપણે લોકોએ ગુજરાતમાં રજૂ કર્યો. એ કન્સેપ્ટથી ત્યાં ખૂબ મોટી સંખ્યામાં આદિવાસીઓના ઘરોમાં દેશ–દુનિયામાંથી જે લોકો ત્યાં ટુરીઝમ માટે આવે છે, જે લોકો ત્યાંનો નજારો લેવા માટે આવે છે તે આપણાં આદિવાસી ઘરોમાં રહે છે, તે લોકો સાથે રહીને ત્યાંની સંસ્કૃતિ જાણે છે, ત્યાંનું ભોજન માણે છે અને તેમને રોજગારી પણ આપીને જાય છે. આ કોઇ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીએ આ સ્ટેચ્યુ બનાવ્યું એટલે અમે કંઇ માત્ર એમ નથી કહેતા કે આ અમારું ગૌરવ છે. હું માનું છું કે ગુજરાતની ધરતીના એક પનોતા પુત્ર જેને દુનિયાભરની અંદર આ દેશની એક અલગ ઓળખ આપી છે. મારું એવુ માનવું છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટીની જયારે વાત આવે ત્યારે તે માત્ર ભારતીય જનતા પાર્ટીના જ નેતૃત્વ કે માત્ર ભારતીય જનતા પાર્ટીની જ શ્રદ્ધા નથી તે આપણી ગુજરાતની શ્રદ્ધા છે આપણે સૌએ સાથે મળીને આ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું હંમેશા કયાંક અને કયાંક માન અને સન્માન જાળવવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું સુરતથી આવું છું. સુરતના લોકોએ ભારતીય જનતા પાર્ટી પર હંમેશા વિશ્વાસ રાખ્યો છે. સુરત એ ગુજરાતનું એક ખૂબ મોટું ઇન્ડસ્ટ્રીયલ પ્લેસ છે જયાં ડાયમંડ અને ટેક્ષટાઇલ માટે ખૂબ મોટી સંખ્યામાં લોકો પ્રવાસ કરે છે. સુરત શહેરમાં અમારા ઉપ મુખ્યમંત્રીશ્રી પણ ઓપનીંગમાં આવેલા હતા સુરતનો એ કિલ્લો ખંડેર હાલતમાં હતો આપે જોયો હશે. એ ખંડેર હાલતનો કિલ્લો આજે ખૂબ મોટી સંખ્યામાં લોકો જે સુરતની અંદર ડાયમંડ અને ટેક્ષટાઇલની ટ્રેડીંગ માટે આવતા હોય છે તે કિલ્લો જોઇએ માનનીય અધ્યક્ષશ્રી, આ કિલ્લો જયારે આપ જોશો અને તેની પ્રાચિનતા, તેની હિસ્ટ્રી છે તે જાણવી ખૂબ જરૂરી છે. મારું એવુ માનવુ છે અને મારું એક સૂચન પણ છે કે રાજયના ટુરીઝમ સેકટરે સુરતની આજુબાજુનો જે ખૂબ મોટી સંખ્યામાં ઔદ્યોગિક કામ માટે લોકો જયારે આવતા હોય છે તો સુરતની બાજુમાં અમારા ઉપ મુખ્યમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ હમણાં એક બ્રિજ પાસ કરી આપ્યો છે ઉભરાટ બ્રિજ છે. સુરત પાસે એમ કહેવાય છે હરવા ફરવા માટે કોઇ જગ્યા નથી તો એ બ્રીજના માધ્યમથી જે પ્રકારે શિવરાજપુરનો બીચ છે એ જ પ્રકારે ઉભરાટનો બીચ પણ એક અદભૂત બીચ છે. જયાં ખૂબ મોટી એવી જગ્યા છે કે જયાં બીજું પણ આકર્ષણનું કેન્દ્ર બની શકે છે. મારું એવું માનવુ છે કે, સુરતની આજુબાજુની એક સર્કિટ બનવી જોઇએ. કયાંક સુરતને જે ટેક્ષટાઇલ અને ડાયમંડ હિસ્ટ્રી જોડે જે જોડાયેલું આ એક શહેર છે તેનું એક મ્યુઝિયમ બનવું જોઇએ કે જેના માધ્યમથી આપણે જે ઔદ્યોગિક કારણોસર જે માણસ શહેરમાં આવે છે તેને આપણે ટુરીઝમ સેકટરમાં પણ

ફેરવી શકીએ એ પ્રકારનો પણ પ્રયાસ થઇ શકે છે. સર્વ પ્રથમ અને લાસ્ટમાં હું આદરણીય ઉપ મુખ્યમંત્રીશ્રી, ટુરીઝમ મિનિસ્ટર, મુખ્યમંત્રીશ્રી સૌનો આભાર માનવા માગું છું. કારણ કે, સુરતને હરવા-ફરવાલાયક આ ઊભરાટ બીચ આપ્યો છે તેનાથી અગામી દિવસોમાં અમારે ત્યાં લાખો કારીગરો અને લાખો પરિવાર અઠવાડિયા-અઠવાડિયા સુધી કામ કરીને પોતાનું ગુજરાત ચલાવતા હોય એ લોકો રવિવારે પોતાના મનની શાંતિ માટે એ બીચ પર જઇ શકશે અને રાહત અનુભવી શકશે. આ જ પ્રકારે સુરતની બાજુમાં દાંડી આવેલું છે. દાંડીયાત્રા વિશે પણ સૌને ખબર છે. એની સાથે પણ ખૂબ મોટો ઇતિહાસ જોડાયેલો છે. હું આપના થકી સૌ વિધાનસભાના સભ્યોને વિનંતી કરવા માગું છું કે આ દાંડીની ભૂમિ ઉપર સરકારે જે મોન્યુમેન્ટ બનાવ્યા છે એની આપણે પરિવાર સાથે વિઝિટ કરવી જોઇએ. એ ધરતીનો પ્રતાપ છે. એ ધરતી પર શું થયું છે એ પણ જાણવું જોઇએ. આપને એવું નહિ લાગે કે આપ ઇન્ડિયામાં છો. વિદેશના સૌથી ટોચના મોન્યુમેન્ટ પર જાવ અને જે પ્રકારની ફીલિંગ આવે એ પ્રકારની ફીલિંગ એ મોન્યુમેન્ટ પર આપવામાં આવી છે. એ મોન્યુમેન્ટની વિઝિટ સૌએ કરવી જોઇએ. હું આ બજેટને આવકારું છું અને મારા વિસ્તારના સૌ લોકો વતી આભાર માનું છું.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૨૧-૨૨નું જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભી થઇ છું. ખેડૂતોની વાત કરું એ પહેલાં કહીશ કે 'મોર હંમેશા પીંછાથી રળિયામણો દેખાય છે.' એ જ રીતે ખેડૂત ખેતીથી રળિયામણો દેખાય છે. ખેડૂત કેટલો દયાળું છે. એના ખેતરમાં પક્ષીઓ ખાય છે, ઇયળ ખાય છે, ઢોર ખાય છે, ભૂંડ ખાય છે, રોઝડા ખાય છે, દાડિયા ખાય છે, વેપારી ખાય છે, * (xxx) છે અને પછી વધે તો ખેડૂત પોતે ખાય છે.

અધ્યક્ષશ્રી : * (xxx) એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : જો ખેડૂત પોતાનો હક્ક માંગવા રસ્તા પર ઉતરે તો દંડા પણ ખાવા પડે છે. હું આપના મારફત સરકારને કહેવા માગું છું કે, ઉમરગામથી અંબાજી સુધી આદિવાસી વિસ્તાર આવેલો છે. ત્યારે આ બજેટ ખાલી ડાંગ જિલ્લા પૂરતું રસાયણયુક્ત ખેતી કરવા, ડાંગ જિલ્લામાં પ્રકૃતિ ખેતી કરવા, ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે આપવામાં આવ્યું છે. તો આ જિલ્લામાં ખાલી ડાંગ જિલ્લો એક જ આદિવાસી જિલ્લો હોવાના નાતે ખેતી કરવા માટે ૩૨ કરોડ ફાળવ્યા છે ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, ''આ ગુજરાતમાં બીજા આદિવાસી જિલ્લાઓ નથી?''મને એમ લાગે છે કે ડાંગ જિલ્લામાં તમામ સીટો પર કેસરીયો લહેરાયો એ માટે આ બજેટ ફાળવવામાં આવ્યું છે. ભારત દેશ ખેતી પ્રધાન દેશ છે. ઘણા વર્ષોથી અનિયમિત વરસાદ વરસવાથી પિયતની વ્યવસ્થા થતી નથી. મારા આદિવાસી ભાઇ-બહેનો પેટિયું રળવા માટે સૌરાષ્ટ્ર સુધી મોટા શહેરો તરફ મીટ માંડીને જાય છે ત્યારે અમારા આદિવાસી વિસ્તારમાં કડાણાનું પાણી જલદીમાં જલદી આદિવાસીના ખેતર સુધી પહોંચે તો અમારા આદિવાસીઓને ઘરે બેઠા ખેતી કરવાનો મોકો મળે તો ઘર આંગણે એમના છોકરાંઓ શિક્ષણ લે અને એમનું ગુજરાત ચલાવે એવી માનનીય મંત્રીશ્રી પાસેથી આશા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસની એક વાત કરું છું. રાજ્ય સરકાર મહિલા અને બાળ વિકાસના નામે જાહેરાતો અને વાતો કરે છે ત્યારે રાજ્યના મહિલા અને બાળ વિકાસને લગતા મુદ્દાઓ અને પ્રશ્નો બાબતે અભ્યાસ કરીને સૂચન કે ભલામણો કરે. અન્ય રાજ્યોની વિધાનસભામાં જે મહિલા અને બાળ કલ્યાણ સમિતિઓ હોય છે કે જે આપણા રાજ્યમાં નથી. તો આપના મારફતથી માનનીય મંત્રીશ્રી સાહેબને કહેવા માગું છું કે વિધાનસભામાં પણ મહિલા અને બાળ કલ્યાણ સમિતિ બનાવવામાં આવે અને આ સમિતિના અધ્યક્ષ મહિલા સભ્યો હોવા જોઇએ. આ સમિતિના અધ્યક્ષ અને સભ્ય પણ મહિલાઓ જ હોય તેવી નીતિ નક્કી કરવા આ રાજ્યની બહેનો વતી મારી ખાસ વિનંતી છે. દાહોદ જિલ્લામાં આંગણવાડીની વાત કરવા માગું છું. અમારા વિસ્તારમાં ૯૯ ટકા આદિવાસી વસ્તી આવેલી છે. આદિવાસી બાળકોના કુપોષણની સમસ્યા ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળે છે ત્યારે આંગણવાડીનું મેનુ રંગીન કાગળનો ઉપયોગ કરીને દિવાલ ઉપર ચોંટાડવામાં આવે છે. હું આશા વર્કર બહેનોની વાત કરવા માગું છું. આ બહેનોને જ્યારે અનેક પ્રકારની જવાબદારી સોંપવામાં આવે છે ત્યારે કામ પ્રમાણે વેતન આપવામાં આવે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માંગુ છું કે આદિવાસી બહેનો ઉપરાંત આખા ગુજરાતની આશા વર્કર બહેનોએ કોવિડ-19ના સમયમાં ઘરે ઘરે જઇને જે કામગીરી કરી છે ત્યારે આ બહેનોને સમાન કામ સમાન વેતન આપવામાં આવે એવી મારી ખાસ લાગણી અને માંગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે શ્રમ અને રોજગાર વિશે વાત કરવા માગું છું. ગુજરાતમાં ઔદ્યૌગિક વિકાસની વાતો થાય છે. દાહોદ જિલ્લામાં સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તે માટે સરકારે કોઈ કાર્યવાહી કરી નથી. દાહોદ જિલ્લાના આઠ તાલુકાઓમાં કોઈ GIDC ઉપલબ્ધ નથી ત્યારે સરકારે આદિવાસીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખી તેઓને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તે માટે પૂરા પ્રયત્નો કરવા જોઈએ. એક બાજુ બેરોજગાર યુવાન-યુવતીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. યુવાનો રોજગારી માટે સરકારી ભરતીની રાહ જુએ છે. સરકારે આઉગસોર્સિંગ ભરતી કરવાના બદલે સીધી ભરતી કરવી જોઈએ. આજે રાજ્યના અનેક જિલ્લાઓ અને તાલુકાઓમાં ૪૫ થી ૫૦ ટકા જગ્યાઓ ખાલી છે. મારા દાહોદ જિલ્લાની વાત કરું તો વિવિધ પંચાયતોમાં ઘણી બધી મહેકમની જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવા મારી માંગણી છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આદિવાસીઓને સ્થાનિક કક્ષાએ રોજગારી માટે જુદી-જુદી યોજનાઓનો લાભ મળી રહે તે માટે અને અમારા સમાજના લોકો બહાર જતાં અટકે, આદિવાસી વિસ્તારને પોતાના જિલ્લાઓમાં સારી રીતે રોજગારી મળે એટલે અમારા આદિવાસીઓ માટે જે GIDC ની સ્થાપના કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, દાહોદની જિલ્લામાં લૂંટ, ખૂન, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા, ઘરફોડ ચોરી, અને રાયોટિંગમાં મૃત્યુના ૨૦૪૧ બનાવો બન્યા છે. તે પૈકી ૮૫૦ ઈસમોની ધરપકડ કરવાની બાકી છે. માનનીય ગૃહમંત્રીશ્રી અહીંયા બેઠા છે અને મારા દાહોદ જિલ્લાના પ્રભારી પણ તેઓ હતાં. તેઓ ત્રણ મહિના દાહોદ જિલ્લામાં હતાં ત્યારે એમને કહેવા માંગુ છું કે, આટલાં બધાં ઈસમોની ધરપકડ બાકી છે તે ક્યારે કરવાના છો? આપ દાહોદ જિલ્લા-તાલુકા પંચાયત ચૂંટણી વખતે પ્રભારી હતાં ત્યારે બે નંબરના ઈસમો તો આપની આજુબાજુ ફરતાં હતાં તો પણ તમે જોયા નહિ ? મર્ડરના કેસવાળાને આપ ટિકિટ આપો છો અને એને જીતાડવાની વાત પણ કરો છો. આપ *(xxx) વાત કરો છો.

શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ વર્ષ ૨૦૨૧-૨૨નું જે અંદાજપત્ર લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારો સૂર પૂરાવું છું. કોરાના મહામારીના સમયમાં ૨ લાખ ૨૯ હજાર ૯ કરોડ રૂપિયાનું ખૂબ મોટું બજેટ એક પણ રૂપિયાનો ટેક્સ વધારો કર્યા વગર આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આ સન્માનનીય ગૃહમાં જે બજેટ રજૂ કર્યું છે તે બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ખાસ કરીને, આદિજાતિ વિકાસ વિભાગમાં ૨૬૫૬ કરોડ રૂપિયા જેટલી બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. આદિજાતિની વાત થતી હોય અને એના વિકાસના જયારે બજેટની વાત થતી હોય ત્યારે મને કહેતાં આનંદ થાય કે, આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન અને તે સમયના મુખ્યમંત્રીશ્રી આપણા મોદી સાહેબે જે ૧૫ હજાર કરોડ રૂપિયાનું બજેટ તે સમયમાં રજૂ કર્યું હતું ત્યારે સામેના પક્ષના એમ કહેતા હતા કે, ૧૫ હજાર કરોડ રૂપિયા આવશે કયાંથી ? પરંતુ આજે મને કહેતા આનંદ થાય છે કે, રૂપિયા ૧૫ હજાર કરોડને બદલે આ આદિવાસી સમાજ માટે ૧ લાખ કરોડ રૂપિયા જેટલું બજેટ વાપરવામાં આવે છે ત્યારે અને ખાસ કરીને, આદિવાસી સમાજના શિક્ષણ માટે, શિક્ષણ માટે એને શિષ્યવૃતિ આપવી, રહેવા માટે સમરસ જેવી યોજના, હોસ્ટેલ અને અનેક યોજનાઓ મૂકીને શિક્ષણમાં ખૂબ પ્રાધાન્ય આપ્યું છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નીતિનભાઈ પટેલ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવા માગું છું. પ્રાથમિક શાળાના બાળકોને દૂધ સંજીવની યોજના અવિરત ચાલુ રાખવામાં આવી છે અને એમાં ૧૭૦ કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરવામાં આવી છે. અમારા બેન બોલતા હતા કે, બાળકોને પોષણ મળતું નથી તેના કારણે એ બાળકો હજુ પણ તંદુરસ્ત રહેતા નથી. પરંતુ જયારે દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવી, એ બાળકોને તંદુરસ્ત શિક્ષણ મળે અને પોતે પણ તંદુરસ્ત રહે, એવી ખૂબ સારી સુવિધા આ રાજય સરકારે પૂર્ણ કરી છે ત્યારે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને, હું સુરત જિલ્લાના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારમાંથી આવું છું. વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭ના સમય દરમિયાનમાં એ વિસ્તારમાં ખાસ કરીને આદિવાસી સમાજના તેમાં પણ આદિજાતી, આદિજૂથ અને હળપતિઓને રહેવા માટે જમીન પણ ન હતી, તેઓને જમીન આપવામાં આવતી હતી અને હૂડકો યોજના તે સમયમાં ચાલતા, હુડકો યોજનામાં એને ઘરો આપવામાં આવતા, આવાસો આપવામાં આવતા અને એ આવાસોમાં રહી પણ શકતા ન હતા, પરંતુ અત્યારે આપણી જે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, એમને એક છેવાડાના આદિમ જૂથ અને હળપતિઓ માટે, તેઓના જર્જરિત મકાનો માટે આવાસની સુવિધા અને એના માટે પણ બજેટની જોગવાઈ કરીને, નાનામાં નાના વ્યકિતની પણ આ સરકારે જયારે ચિંતા કરી છે ત્યારે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, સિંચાઈ ક્ષેત્રે અમારા અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારમાં ઉકાઈ ડેમ હોવા છતાં ઉકાઈના અંદરના સોનગઢ, ઉચ્છલ, નિઝર એ વિસ્તારોની અંદર સિંચાઈની સુવિધા મળતી ન હતી અને એ સિંચાઈની સુવિધા આપવા માટે અહીં ૧૩૪૯ કરોડ રૂપિયા જેટલી બજેટની પણ જોગવાઈ કરવામાં આવી છે. અને એ વિસ્તારની અંદર જે સિંચાઈની સુવિધા આપવા માટે ૯૦૦ કરોડ રૂપિયાની ઉદવહન સિંચાઈ યોજના મૂકવામાં આવી અને એ વિસ્તાર એટલે કે તાપી જિલ્લાની અંદર આદિવાસી સમાજને સિંચાઈની સુવિધા પ્રાપ્ત થવાના કારણે, આપણે અગાઉ જોયું હતું કે તાપી જિલ્લામાં કમળ ખીલતું નહોતું, પણ આ વખતે આટલી બધી સરસ જોગવાઈ સરકારે કરી અને સુવિધા આપવાના કારણે તાપી જિલ્લામાં આદિવાસી સમાજમાં અમે કમળનું ફૂલ ખીલાવી દીધું છે. સર્વાંગી વિકાસ, સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ સાથેનું આ બજેટ સૌના માટે વિકાસ વાળું છે તેને હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

શ્રી ધનજીભાઈ પટેલ(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી ગુજરાતમાં અડીખમ છે તો ઉદ્યોગમાં પણ છેલ્લા ઘણા વર્ષોથી અડીખમ છે. હું પચાસ વર્ષથી ઉદ્યોગ સાથે સંકળાયેલો છું તેથી છેલ્લા પચાસ વર્ષના કેટલાક અનુભવો ઉદ્યોગોને લગતા આપની સમક્ષ મૂકવા માગું છું. ગુજરાતમાં ઉદ્યોગો અડીખમ છે તે માત્ર વાતો જ નથી. પરંતુ છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી ગુજરાતમાં ઉદ્યોગ, ખેતી, વેપાર અને ધંધાની પ્રગતિ જેટની ગતીએ થાય છે. મોરબીમાં ઘડિયાળ ઉદ્યોગ તેમજ ટેકસટાઈલ, રાજકોટમાં ઓઈલ એન્જિન અને ખેતીના ઓજારો, જામનગરમાં બ્રાસ પાર્ટ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તેમજ ઓઇલ રીફાઇનરી, સુરતમાં હીરા ઉદ્યોગ તેમજ ટેકસ્ટાઇલ, સુરેન્દ્રગનરની વાત કરું તો ઓટોમોબાઇલ્સ તેમજ ટેકસટાઇલ પાર્ટસ, અને કન્ફેકશનરીમાં દેશ અને દુનિયામાં નામ રોશન કરેલ છે આ બધું શેના કારણે? ઉદ્યોગોને પ્રગતિ કરવા માટે મુખ્યત્વે પાવર, પાણી, રોડ-રસ્તા અને શાંતિ જોઇએ. ઉપરોકત બાબતમાં કોઇ પણ જગ્યાએ અડચણ હોય તો ઉદ્યોગો પ્રગતિ કરી શકતા નથી. જયારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ કે જેમણે ગુજરાતના ગરીબો માટે કામ કર્યું છે અને સાથે સાથે ગુજરાતને હડતાલ તેમજ કરફ્યુમાંથી મુક્તિ આપી છે. કોંગ્રેસના શાસનની વાત કરું તો સુરેન્દ્રનગરથી અમદાવાદ આવવું હોય તો અમદાવાદમાં રહેતા સગા વ્હાલાઓને પૂછવું પડતું કે કરફ્યુ તો નથી ને? જો કરફ્યુ હોય તો સમય અને દિવસ બરબાદ થતો. ઉદ્યોગ ચલાવવા માટે પાવર અને પાણી ખૂબ જ જરૂરી છે. જો પાવર ન હોય તો ઇન્ડ્સ્ટ્રી ૨૪ કલાક ચાલી ન શકે. કોંગ્રેસના સમયની વાત કરું તો ગુજરાત રાજયમાં ઉદ્યોગો માટે માંડ ૮ કલાક વીજળી મળતી અને તે પણ પુરા વોલ્ટેજથી નહીં. ઉદ્યોગમાં મોટરો બળી જતી આવી અનેક સમસ્યાઓથી ઉદ્યોગ પીડાતો હતો. ગુજરાતમાં ઉદ્યોગની પ્રગતિ હતી જ નહીં, ઉદ્યોગકારો વ્યાજના ચક્કરમાં પડી જતા કારણ કે રોકાણ કરે તેનું વ્યાજનું ચક્કર ૨૪ કલાક ચાલુ હોય અને ફેકટરી ૮ કલાક પણ ચાલતી નહીં. જયારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે ત્યારથી પાવર, પાણી, રોડ રસ્તા તેમજ ઉદ્યોગો માટે મુખ્ય જરૂરિયાત હોય તે તમામ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરી ઉદ્યોગકારોને ઉદ્યોગ ધંધા આગળ ધપાવવા ખૂબ જ મદદરૂપ બન્યું છે. ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી ઉદ્યોગો માટે પુરા વોલ્ટેજ સાથે ૨૪ કલાક વીજળી, ટ્રાન્સપોર્ટેશન માટે સારા રોડ-રસ્તા તેમજ સમગ્ર ગુજરાતમાં શાંતિ અને સલામતી. ઉદ્યોગોના વિકાસને કારણે સામાન્યમાં સામાન્ય નાગરિક પ્રગતિ કરી રહ્યો છે તે બાબત આપણને રોડ ઉપર દેખાય છે. ઘેર ઘેર ટી. વી. અને રસ્તાઓ ઉપર ગાડી અને સ્કૂટરો દેખાય છે. આ પ્રગતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની પારદર્શિતા બાબતે વાત કરું તો ગુજરાતમાં ઉદ્યોગ હેતુ માટે દસ હેકટર કરતાં વધુ જમીન મેળવવાની હોય ત્યારે પૂર્વ પરવાનગી માટેની પ્રક્રિયા સંપૂર્ણ ઓન લાઇન કરવામાં આવી છે. તેમજ તમામ યોજના હેઠળ આપવામાં આવતી મંજૂરીની કામગીરી ઓન લાઇન આઇએફપી પોર્ટલ મારફતે આપવામાં આવે છે એનાથી ઉદ્યોગકારોની અરજીઓનો નિકાલ ઝડપથી પારદર્શક અને સરળ બન્યા છે. રાજય સરકાર દ્વારા ડિફેન્સ સેકટરને પ્રોત્સાહન આપવા માટે ડિફેન્સ પોલિસી જાહેર કરી છે. રાજય સરકાર રાજય સ્તરે પ્રથમ વખત મહિલા ઉદ્યોગ માટે મહિલા પાર્કનું આયોજન કરેલ છે એના થકી મહિલાઓને ઔદ્યોગિક ક્ષેત્રે આગળ આવે અને મહિલાઓનું સશકિતકરણ આગવું સ્થાન ધરાવે છે એ રીતે ભાજપની સરકાર મહિલાઓ માટે ઔદ્યોગિક પાર્ક આપવાનું આયોજન કરેલ છે આ તેઓ માટે સુંદર પગલુ છે.

વધુમાં જણાવું તો ભારત સરકાર મેઇડ ઇન ઇન્ડિયા આયોજન અંતર્ગત નિયત કરેલા ૨૫ ક્ષેત્રોમાંથી ૧૫ ક્ષેત્રમાં ગુજરાત મોખરે છે. આ રીતે મેઇડ ઇન ઇન્ડિયા ૨૫ ક્ષેત્રમાંથી ૨૦ ક્ષેત્રમાં મજબુત પાયો પૂરો પાડ્યો છે. ભારતની પ્રતિષ્ઠા માટે મજબૂત નેતૃત્વ પ્રદાન કરેલ છે. આ તમામ બાબત માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબ પ્રગતિશીલ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ તથા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું એટલા ઓછા છે. કારણ કે પાવર ન હોય તો ઉદ્યોગો બરાબર ચાલે નહિ. પાવર, રોડ રસ્તા આ બધું છે એટલા માટે ઇન્ડસ્ટ્રીઝ બહું સારી ચાલે છે.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજના બજેટમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સૌથી મોટું એટલે કે ૨,૨૭,૦૨૯ કરોડ રૂપિયાનું બજેટ લઇને આવ્યા છે એને હૃદયપૂર્વક આવકારું છું.

આજે ઉમરગામથી અંબાજી સુધી આદિવાસી વિસ્તાર આવેલો છે. આદિવાસી વિસ્તારમાં આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં ૧૫ ટકા એટલે કે આશરે ૯૦ લાખની વસતિ આદિવાસીભાઇઓની છે. આદિવાસી સમાજના વિકાસ માટે હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમને વર્ષ ૨૦૦૭માં વનબંધુ યોજના હેઠળ અત્યારે સુધીમાં આદિવાસી વિસ્તાર માટે ૯૦ હજાર કરોડ રૂપિયા જેવી માતબર રકમનો ખર્ચ આ વિસ્તારના વિકાસ માટે કર્યો છે. એ વિકાસ કૂચને આગળ લઇ જવા માટે આપણા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને અમારા આદિવાસી વિસ્તારના કેબીનેટ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબના નેતૃત્વમાં પાંચ વર્ષના બજેટમાં રૂપિયા એક લાખ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે એ બદલ આ સરકારને મારા લાખ લાખ અભિનંદન પાઠવું છું.

આદિવાસી વિસ્તાર માટે અત્યારે એક આશાનું કિરણ ઉભું થયું છે એણે જે વિકાસ કર્યો છે એ અત્યારે જે આઠ પેટા ચૂંટણી થઇ એના ઉપરથી ખ્યાલ આવી જાય છે. આ આઠમાંથી બે પેટા ચૂંટણી અમારા આદિવાસી વિસ્તાર એટલે કે ડાંગ અને કપરાડા વિસ્તારની હતી એમાં ડાંગમાં અમને ૬૦ હજાર વોટ નહોતા મળતા એના બદલે આ પેટા ચૂંટણીમાં અમારા વિજયભાઇ ૬૦ હજારની લીડથી ચૂંટાયા હતા. એ જ રીતે વલસાડ જિલ્લાના કપરાડા વિસ્તારમાં શ્રી જીતુભાઇ કોંગ્રેસમાં હતા ત્યારે માંડ ૧૭૦ વોટથી જીત્યા હતા. અત્યારે ૪૭,૦૦૦ કરતા પણ વધારે વોટથી જીતીને આવ્યા છે. આ વિસ્તારમાં અત્યારે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પણ આદિવાસી વિસ્તારના આદિવાસી લોકોએ ભારતીય જનતના પાર્ટીના

વિકાસના મંત્રને સ્વીકાર્યો છે અને અમારા વલસાડ જિલ્લામાં કોંગ્રેસ મુક્ત વિસ્તાર કર્યો છે અને ડાંગ જેવો વિસ્તાર પણ કોંગ્રેસ મુક્ત કર્યો છે. અમારા ધરમપુર જેવા વિસ્તારમાં ૨૫ વર્ષથી તાલુકા પંચાયત કોંગ્રેસના કબજામાં હતી. અત્યારે ૮૦ ટકા બેઠક સાથે ધરમપુર તાલુકા પંચાયત પણ આજે ભારતીય જનતા પાર્ટીને આવી છે. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આદિવાસી વિસ્તારમાં જે વિકાસ થયો છે એ ચારે દિશામાં વિકાસના કામો દેખાય છે. ચારે દિશામાં રસ્તાના કામો દેખાય, પુલો દેખાય, ચેકડેમો દેખાય, ઉદવહન સિંચાઇની સુવિધા દેખાય. શિક્ષણમાં જોઇએ તો કોન્વેન્ટ સ્કૂલો જેવા ખૂબ સરસ ઓરડાઓ બની રહ્યા છે. આરોગ્યની સુવિધામાં પી.એચ.સી., સી.એચ.સી.ના પણ નવા મકાનો બન્યા છે. સબસેન્ટરો પણ નવા બને છે. આદિવાસી વિસ્તારમાં પંચાયત વિભાગમાં પણ નવા પંચાયત ઘરોમાં મીની સચિવાલય ટાઇપ સુવિધાઓ પણ ઉપબ્ધ થઇ રહી છે. આદિવાસી વિસ્તારમાં અનેક રીતે વિકાસ થયો છે. અત્યારે ગૃહના સભ્યશ્રી *(xxx) બોલી રહ્યા હતા, બાળ વિકાસમાં આંગણવાડીમાં માત્ર બોર્ડ દેખાય પણ આદિવાસી વિસ્તારના આંગણવાડીના બાળકો માટે જે સુવિધાઓ ઉપલબ્ધ થઇ છે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી *(xxx) હાજર નથી એટલે તેમનું નામ વક્તવ્યમાંથી કાઢી નાખીએ છીએ. એક આપણાં માનનીય ધારાસભ્ય બેન બોલીને ગયા એમ કહી શકાય. એ હાજર નથી એટલે તરત એમની વાતનો જવાબ ન આપી શકે એટલા માટે. (અંતરાય) આ નિયમ છે, હું શું કરું ? પ્લીઝ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**ગૃહમાં અનઉપસ્થિત સભ્યશ્રીના નામના ઉલ્લેખ બાબત**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સોરી, મારે થોડું સમજવું છે. સ્પષ્ટતા પણ કરવા માગું છું કે આ ગૃહમાં સભ્ય હોય એ અહીંયા છે જ એમ માની લેવામાં આવે. કારણ કે કોઇ ૫-૧૦ મિનિટ બહાર જાય, આવે. એ બોલીને ગયા. દા.ત. હું મંત્રી છું. સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન કંઇ બોલ્યા, શ્રી પ્રદિપસિંહજીને એમના માટે કંઇ જવાબ આપવો છે, તો શ્રીમતી ચંદ્રિકાબેન હાજર હોય તો જ શ્રી પ્રદિપસિંહજી ખુલાસો કરે એવું જરૂરી નથી સાહેબ.

અધ્યક્ષશ્રી : નામ સાથેનો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અને થર્ડ પાર્ટી વ્યક્તિઓ છે, જે ગૃહના સભ્ય નથી એમના વિષે ઉલ્લેખ ન કરી શકાય એવું મારું અર્થઘટન છે. આપ જરા જોઇ લેજો.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર મેં ધ્યાનમાં લીધો, હું નિર્ણય આપીશ.

શ્રી અરવિંદ છો. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીના બાળકો માટે ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ રાજ્ય સરકાર દ્વારા કુપોષિત બાળકો માટે સતત અભિયાન ચલાવીને અમારા જેવા ધારાસભ્ય અને નાના પદાધિકારીઓ પણ આંગણવાડીમાં જઇને એવા બાળકોને દત્તક લઇને સારી કામગીરી પણ કરી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગામડાંમાં કોરોના મહામારીમાં ઓન લાઇન શિક્ષણ બાબતે મોબાઇલના નેટવર્ક અંગે ફરિયાદ મળતી. આ વખતના બજેટમાં મોબાઇલના ટાવર માટે ૧૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આદિવાસી વિસ્તાર માટે ફાળવવામાં આવી છે. આદિવાસી વિસ્તારમાં ગાંધીજીના વિચારોને આગળ લઇને જે આશ્રમશાળા ચલાવતા તેના જૂના જર્જરિત મકાનો હતા તેના માટે આ બજેટમાં ૩૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે. વિદ્યા સહાય સાધના યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને સાઇકલો આપવામાં આવે છે તેના માટે રૂપિયા ૧૯ કરોડ જેવી રકમ આ બજેટમાં ફાળવવામાં આવી છે. આદિવાસીના બાળકોની ચિંતા કરીને બાળકોને સ્માર્ટ ક્લાસ માટે ૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૧૬થી ૨૦૨૧ સુધીમાં આદિજાતિના વિકાસ માટે ૬૪,૭૭૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરૂં થાય છે. વિરામનો સમય થયો છે.

**(વિરામ બપોરના ૧૨-૦૦થી ૧૨-૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**બજેટ અંગેનું સાહિત્ય પૂરું પાડવા અંગે**

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે સરકાર તરફથી જયારે બજેટ રજૂ કરવામાં આવે એ પહેલાં આપણી એક પ્રણાલિકા રહી છે કે દર વર્ષે ધારાસભ્યોને બજેટ રજૂ કરે એ પહેલાં જુદા જુદા પ્રકારની બુકો પહોંચતી કરવામાં આવે છે. આ વખતે અમે પીજીયનમાં અને ટેબલ ઉપર જોયું છે એમાં સામાજિક આર્થિક સરવે, દર વર્ષે આપવામાં આવતો હતો અને એના આધારે એના ઉપરથી અભ્યાસ કરીને ધારાસભ્યો બજેટ ઉપર પોતાની વાત રજૂ પણ કરી શકતા. એવી જ રીતે વિકાસ કાર્યક્રમો એટલે પ્રવૃત્તિની રૂપરેખાની જાડી પુસ્તિકા પણ દર વર્ષે પ્રસિદ્ધ કરીને આપવામાં આવતી હતી. પ્રકાશન નં. ૨૯- ૨ એટલે શહેરી સત્તા મંડળ અને પંચાયતી રાજ સંસ્થાઓને જે બુક આપવામાં આવતી હતી એમાંથી અભ્યાસ કરીને ધારાસભ્યો બજેટ ઉપર પોતાની વાત મૂકી શકતા હતા એટલે આ વખતે આ બાબતો અમને મળી નથી. પેન ડ્રાઇવ જે આપી છે એમાં પણ આ બાબતે વિગતો જોતા આ બાબત એમાં સામેલ નથી.

અધ્યક્ષશ્રી : પેન ડ્રાઇવમાં આ વિગત સામેલ નથી એ આપ ખાતરી કરીને બોલો છો ?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી. અમારે જયારે અભ્યાસ કરીને કોઇ વાત મૂકવી હોય તો આ વસ્તુ ન મળવાને કારણે સરકારની વિગતો ...

અધ્યક્ષશ્રી : બીજી પેનડ્રાઇવ આપવાના છે અને હું આદેશ કરીશ કે બીજી પેન ડ્રાઇવ તમને આપે. એ માહિતી તમને મળવી જોઇએ. તમારી વાતને સ્વીકારીએ છીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ વાતને ઉપસ્થિત કરી છે કે સ્વાભાવિક રીતે અગાઉ આ બધી વસ્તુ મળતી હતી એટલે અમે એનો અભ્યાસ કરી શકતા હતા અને અભ્યાસ કરીને સરકારની બજેટલક્ષી અગાઉના વર્ષમાં કરેલ કામગીરી અને અત્યારની જે સ્થિતિ છે એની આકડાકીય માહિતી અમે સચોટ રીતે વિધાનસભામાં રજૂ કરી શકતા હતા એ આ વખતે નથી મળી એટલે અમે નથી કરી શકતા.

અધ્યક્ષશ્રી : આપની વાત અમે સ્વીકારી લીધી. આ કોરોનાકાળમાં આવું બધું ઘણું થવાનું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે સરકારને અમારે કોઇપણ ધ્યાન દોરવાની વાત આવે તો અમે અભ્યાસ કરી શકયા નથી. પહેલી વખત આ પ્રકારનું બન્યું છે અને આપણી કાયમી પ્રણાલિકા રહી છે કે અગાઉ આપણે ધારાસભ્યોને પૂરું પાડવું જોઇએ જે આ વખતે પૂરું પાડવામાં આવ્યું નથી.

અધ્યક્ષશ્રી : તમારી વાત સ્વીકારી છે. એ આવે એટલે વાત કરીએ. સામેથી કંઇક પ્રત્યુત્તર આવશે, એ લોકો તપાસ કરી લેશે. (અંતરાય) માનનીય પુંજાભાઇ, આપ સાંભળો તો ખરા, આ વાત એક તરફી નથી, મારી વાત સાંભળો તો ખરા. આપની જાણકારી માટે આપણા સિનિયર મંત્રીશ્રી માનનીય ભૂપેન્દ્રસિંહજીના માતાશ્રી હમણાં દેહાંત પામ્યા છે. એમાં ઘણા બધા મંત્રીશ્રીઓ સ્વાભાવિક રીતે સંબંધોને લીધે પણ અને લાગણીને લીધે ગયા છે એટલે તમારો એ જવાબ મળશે..પ્લીઝ..

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાંતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. સૌથી પહેલા તો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને મારે અભિનંદન આપવા છે કે મારા વિસ્તારની અંદર તાલુકામાંથી બે વિસ્તાર જુદા પડતા હતા એવો રસ્તો મંજૂર કરીને આપ્યો. સાથે સાથે મારા વિસ્તારની જો વાતો કરું તો મારો વિસ્તાર ટ્રાયબલ અને છૂટોછવાયો છે. ૭૦ ટકા જેટલો આદિવાસી વિસ્તાર ધરાવતો વિસ્તાર છે. આ વિધાનસભાના ફ્લોર ઉપરજથી હું ઘણી વખત મારા વિસ્તાર માટે માગણી કરતો હોય, સૂચન કરતો હોય ત્યારે હું માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી પાસે અપેક્ષા પણ રાખું છું અને સૂચન પણ કરું છું. સાથોસાથ વિનંતી પણ કરું છું કે આ સભાગૃહમાં એવા વચનો પણ આપવામાં આવ્યા કે મારા વિસ્તારની અંદર ૫૦૦ની વસતિ ધરાવતા મહોલ્લાઓ હોય ત્યાં સુધી અમે રસ્તાઓ બનાવી આપશે. પણ હું જાણું છું ત્યાં સુધી આ ઉડીને આંખે વળગે તેવી ચર્ચાઓ થતી હોય ત્યારે મારા વિસ્તારના એવા ઘણા રસ્તાઓ છે કે એક ગામથી બીજા ગામ જવા માટે મુશ્કેલી પડતી હોય અને એક ગામથી બીજા ગામને જોડતો રસ્તો પણ નથી એવા ઘણા રસ્તાઓ બાકી છે. ધારાસભ્ય તરીકે મારા ઉપર વિશ્વાસ હોવો જોઇએ પણ મારા પ્રત્યે વિશ્વાસ ન હોય તો નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે, એમના વિભાગ ઉપર વિશ્વાસ મૂકીને ગામડે ગામડે જઇને ફરીથી ચકાસણી કરીને હું જે આગ્રહ કરું છુ એ પ્રમાણે રસ્તા કરવા જોગ હોય તો મારા કરતા એમના વિભાગમાં વિશ્વાસ મૂકીને મારી માગણીને અનુમોદન આપે એવી અપેક્ષા રાખું છું. મારા વિસ્તારમાં બહુ ઓછા રસ્તા છે પણ નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું અને ટ્રાયબલ ધારાસભ્ય તરીકે આદિજાતિ મંત્રીશ્રીને વિનંતી કરું છું. પોતે વન વિભાગના મંત્રી છે ત્યારે બન્ને વિભાગનો હવાલો લઇને બેઠા છે ત્યારે એ અપેક્ષા રાખું છું કે અંબાજીથી ઉમરગામ સુધી જ્યાં જ્યાં આદિવાસીઓ છે ત્યાં આ સરકારે સેન્સિટિવ એરિયા જાહેર કર્યો છે ત્યારે એકાદ અઠવાડિયા પહેલા મારા અંબાજી વિસ્તારમાંથી હજારોની સંખ્યામાં લગભગ ૨થી ૩ કિલોમિટર સુધી નેશનલ હાઇવે બંધ થાય એટલી સંખ્યા સાથે મારા વિસ્તારના અમીરગઢ અને દાંતા તાલુકાના લોકોએ સાથે મળીને કલેકટરશ્રીને આવેદનપત્ર આપ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો શરમજનક બાબત એ છે કે ગામડાં વસ્યા હતા એના પહેલા કદાચ કાયદો નથી ઘડાયો. એટલા માટે કહેવા માગું છું કે, વર્ષોથી ગામડાં વસાવીને બેઠેલા ટ્રાયબલ વિસ્તારના આદિવાસીઓ આ સેન્સિટિવ એરિયા જાહેર કર્યા પછી એટલા બધા મુશ્કેલીમાં મૂકાયા છે કે એક બાજુ વન વિભાગની મુશ્કેલી અને બીજી બાજું ટ્રાયબલ વિસ્તારમાં લાઇટનો થાંભલો રોપવો હોય તો વન વિભાગ દોડી આવીને ઉભો થઇ જતો હોય એવા સંજોગોમાં આદિવાસીઓને સનદ આપવામાં આવી છે એ સનદ ગામો વસ્યા ત્યારથી લોકો એ જમીન ખેડતા આવે છે, કબજો ભોગવતા આવે છે. સરકારે કાયદો ઘડ્યો ત્યારથી નક્કી હતું કે ખેડે તેની જમીન એ રીતે હું અપેક્ષા રાખું છું કે જે લોકો કબજો કરીને બેઠા છે અને સરકારના નિયમ અનુસાર સરકારશ્રી એ લોકોને જમીન આપવા માગે છે કે કેમ ? આ મારું સૂચન છે અને સાથે સાથે અપેક્ષા રાખું છું કે, આ રાજ્યના આદિવાસીઓ પ્રત્યે આ સરકારે પૂરેપૂરો અન્યાય કરીને મજાક કરી છે. એટલા માટે કહું છું કે જે જમીન ખેડતા હતા એના બદલે એમને માત્ર ઘર બનાવવા માટે પ્લોટ આપ્યા છે. બાકીની જમીન સરકાર હવાલે રાખી છે. અને સેન્સિટીવ એરિયા જાહેર કર્યા પછી એ લોકોને ઘરેથી બહાર કાઢવાનો એક કદાચ ને કદાચ આપી હોય એવું તો નથી કરવા માગતાને? આ

આદિવાસી વસ્તીને કદાચ *(xxx) તો કરવા નથી માગતાને ? સાથે સાથે કાયમી *(xxx) હેરાન કરવામાં આવે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાખું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : મારા વિસ્તારની અંદર જંગલ વિભાગ મારફતે એટલી બધી હેરાનગતિ છે કે બહેન–દીકરીને જાહેરમાં મારવામાં આવે છે. એ એટલી હદે મારવામાં આવે છે કે એ બાઇને પાડીને ઉપર ચઢીને જો વન વિભાગના અધિકારીઓ કુદતા હોય તો આ *(xxx)એ દીકરી મારા વિસ્તારની નહીં પણ એમને *(xxx) હોય ત્યારે એમની પોતાની પણ દીકરી કહેવાયને સાથે સાથે આ ગુજરાતની એક નારી કહેવાય એવી દીકરી ગણાય. હું એમ કહેવા માગું છું કે આટલા બધા આદિવાસીઓ પ્રત્યે કયોને કયો *(xxx) થાય છે. કદાચ *(xxx) આ એટલા માટે કહું છું કે આ વિસ્તારની અંદર મોટાભાગની વન વિભાગની વસ્તીને મોટાભાગે *(xxx) થાય છે. સાથે સાથે હું એક સિંચાઇનો મુદ્દો ધ્યાન પર દોરવા માગું છું કે મારા પહેલા ઘણાં ધારાસભ્યો એમ કહેતા હતા કે સિંચાઇની અંદર આટલું આટલું આમ કર્યું, તેમ કર્યું પણ હું સિંચાઇ વિભાગના મંત્રીશ્રીનું આપના મારફત ધ્યાન દોરવા માગું છું કે કદાચ ૨૨ વર્ષથી આ ભાજપની સરકાર બેઠી હોય ત્યારે કદાચ એ ફાઇલો કાઢીને ધ્યાન પર લે કે આ સિંચાઇના તળાવો બનાવ્યા છેને એ કોંગ્રેસ સરકારે કર્યા છે એના પર હું છાતી ઠોકીને કહેવા માગું છું. તમે સિંચાઇની અંદર જો તમે ગાંડા બાવળની સાફ–સફાઇ કરી હોતને તો આ વિસ્તારના સભાગૃહના સભ્યોનું ધ્યાન દોરવા માગું છું કે તમે એક પણ તળાવની સાફ–સફાઇ કરી નથી. સાથે સાથે એ વિનંતી કરું છું કે કોંગ્રેસની સરકાર વખતે સિંચાઇના (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે અને *(xxx) બાબતમાં હું પછીથી નિર્ણય આપીશ. માનનીય સુમનબેન ચૌહાણ.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, સંવેદનશીલ અને ગતિશીલ સરકારના માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે વર્ષ ૨૦૨૧–૨૨ના પ્રવાસન બજેટમાં ૪૮૮ કરોડ રૂપિયા ફાળવ્યા છે તેને ગુજરાતની પ્રજાએ આવકાર્યું છે તે બદલ સન્માનનીય સભાગૃહ સમક્ષ મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે ખૂબ જ હરણફાળ ભરેલ છે. દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ ગૂંજતું થયેલ છે. મહાનાયકશ્રી અભિતાભ બચ્ચન દ્વારા એટલું બોલે છે કે – ''કુછ દિન ગુજારો ગુજરાત મેં'' ત્યારે દરેક ગુજરાતીની છાતી ગજગજ ફૂલે છે. વર્ષ ૨૦૦૫–૦૬માં પ્રવાસનનું બજેટ રૂ. ૩૫ કરોડ હતું જે હાલ વર્ષ ૨૦૨૧–૨૨માં વધીને રૂપિયા ૪૮૮ કરોડ થવા પામેલ છે. રાજ્ય સરકારશ્રીના વર્ષોના ભગીરથ પ્રયત્નોને કારણે દેશનું દુનિયાના પર્યટનના નકશા પર ગૂંજતું ગુજરાતનું અનેરું સ્થાન છે. સ્વર્ગસ્થ મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલથી લઇને વિશ્વ મહામાનવ સન્માન ગુજરાતના પનોતા પુત્ર આદરણીય વડાપ્રધાન મોદી સાહેબ અને હાલના સંવેદનશીલ અને પ્રગતિશીલ સરકારના યશસ્વી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની આગવી સૂઝબૂઝના કારણે પ્રવાસન ક્ષેત્રે આપણી વિરાસત અને સંસ્કૃત્તિનું જતન થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ''ખુશ્બુ ગુજરાત કી''ના કેવળ ત્રણ શબ્દોમાં રાજ્યની ભાતીગળ સંસ્કૃત્તિ અને ભવ્ય વારસાના દર્શન થાય છે. મારા પંચમહાલ જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ કે જ્યાં દર વર્ષે લાખો શ્રધ્ધાળુઓ મહાકાળી માતાજીના ચરણોમાં માથું ટેકવે છે તે પાવાગઢનો વિકાસ આંખે દેખાય છે. આજે પાવાગઢ યાત્રાધામના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા પાવાગઢના વિકાસ માટે અંદાજિત ૧૨૧ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવેલ છે તે બદલ હું મારા વિસ્તાર પંચમહાલ જિલ્લાવતી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને હું લાખ લાખ વંદન અને અભિનંદન પાઠવું છું. યાત્રાધામ પાવાગઢને વૈશ્વિક વિરાસતમાં સ્થાન મળ્યું છે તેનાથી દેશ અને દુનિયાના શ્રદ્ધાળુઓ દર્શન માટે આવશે. પ્રવાસન ક્ષેત્રે આજે ગુજરાતે ઘણી હરણફાળ ભરી છે. ગુજરાતના દરેક ધાર્મિક સ્થળે ગુજરાતની ભવ્ય સંસ્કૃતિના દર્શન થાય છે ત્યારે હું ખૂબ જ ગૌરવ અનુભવું છું. આપણા દેવસ્થાન અંબાજી, ડાકોર, ગીર સોમનાથ, દ્વારકા જેવા પ્રસિદ્ધ સ્થળો ઉપરાંત સ્ટેચ્યૂ ઓફ યુનિટીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે સરકારે ભાર મૂકયો છે. તેને પણ હું અભિનંદન આપું છું. પ્રવાસન સ્થળોના વિકાસના કારણે સ્થાનિક ગરીબ લોકોને રોજગારી પણ મળી રહે તે ગૌરવની વાત છે. ગુજરાતની ખમીરવંતી પ્રજાની સુઝબુઝ પણ પ્રશંસાને પાત્ર છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મારા પંચમહાલ જિલ્લામાં ૩૮ જિલ્લા પંચાયતની કુલ સીટો છે. જે ૩૮ માંથી ૩૮ સીટો જીતવાનો શ્રેય ભા.જ.પા.ના પાયાના કાર્યકર્તાઓને જાય છે. એ માટે હું સન્માનનીય સભાગૃહમાંથી સૌને અભિનંદન પાઠવું છું. કોંગ્રેસવાળાનું ખાતું પણ ખૂલ્યું નથી. ગુજરાતના માનનીય નાણામંત્રી નીતિનભાઇ પટેલ સાહેબના ગુજરાત સમક્ષ રજૂ કરેલ પ્રવાસન વિભાગની માગણીઓને આવકારી મારું સમર્થન આપું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને વંદન કરી અભિનંદન પાઠવું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૧
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું. ગુજરાત રાજયમાં ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોનો સર્વાંગી વિકાસ થાય, ગામડાંઓની સમૃદ્ધિ અને સુખાકારી સાથે જ રાજય અને રાષ્ટ્રનો વિકાસ થાય તેવા શુભ આશયથી ગ્રામ વિકાસની કચેરી દ્વારા અનેક યોજનાઓનું અમલીકરણ અને દેખરેખ રાખવામાં આવે છે. આ યોજનાઓ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના, રાષ્ટ્રીય ગ્રામિણ આજિવિકા મિશન, દીનદયાળ ઉપાધ્યાય ગ્રામિણ કૌશલ્ય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના, શ્યામાપ્રસાદ મુખરજી રૂરબન મિશન અને સાંસદ આદર્શ ગ્રામ યોજના આ બધી જ યોજનાઓમાં ગ્રામિણ વિસ્તારોમાં વસવાટ કરતા લોકોની સમૃદ્ધિ અને જીવન ધોરણની ગુણવત્તા સુધારણા માટે આજિવિકા અને કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના કાર્યક્રમો સાથે આત્મનિર્ભરના અભિગમ સાથે ગ્રામિણ વિકાસ મંત્રાલય તથા અન્ય સંલગ્ન વિભાગો સાથે મળીને કાર્યક્રમનું અમલીકરણ કરે છે. તેમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજનાની વાત કરીએ તો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજના તા.૧–૨–૨૦૦૮થી પુરા રાજયમાં અમલમાં છે. જે અન્વયે રાજયના ગ્રામિણ વિસ્તારમાં પ્રત્યેક કુટુંબના પુખ્તવયના સભ્યો જે બિનકુશળ શારીરિક શ્રમ કરવા ઇચ્છુક હોય છે તેવા કુટુંબોને જીવન નિર્વાહની તકો વધારવા માટે નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસ સવેતન રોજગારીની બાંહેધરી આપવામાં આવેલ છે. રાજયમાં જે વિસ્તારમાં અછતગ્રસ્ત અને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યો હોય છે તેવા વિસ્તારમાં વધુ ૫૦ દિવસ સવેતન રોજગારી આપવાની પણ જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંમાં વસતા વંચિત કુટુંબો હોય, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સિમાંત ખેડૂતોને તેમને વ્યક્તિગત જમીન અસ્કયામતો ઉભી થાય અને એમના જીવન નિર્વાહમાં ઉપયોગી થાય તેવા કામો જેવા કે ખેત તલાવડી હોય, જમીન સમતલ કરવી હોય, કેટલ શેડ બનાવવો હોય, વર્મી કમ્પોસ્ટની કામગીરી કરવામાં આવી હોય, ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આ યોજનાઓ હેઠળ તા. ૨૬–૨–૨૦૨૧ સુધીમાં રાજયમાં ૪૪.૧૭ લાખ ગ્રામિણ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે. આ યોજના હેઠળ પ્રતિદિન લાભાર્થીને રૂ.૨૨૪ના દરે ડી.બી.ટી. દ્વારા ઓનલાઇન ચૂકવણી કરવામાં આવે છે. આવી જ રીતે દીનદયાળ અંત્યોદય યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારની બહેનોનું જીવન ઉંચું આવે તેમજ ગ્રામ્ય વિસ્તારની બહેનો આર્થિક રીતે પગભર થાય તે માટેની કામગીરી કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨.૪૪ લાખ મહિલા સ્વ સહાય જૂથોની રચના કરી રૂપિયા ૧.૭૬ લાખની સ્વસહાય જૂથોને રિવોલ્યુશન ફંડની ફાળવણી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક યોજના નેશનલ રૂરલ ઇકોનોમિક ટ્રાન્સ્ફોર્મેશન પ્રોજેક્ટ યોજના. દેશના ૧૩ રાજ્યો પૈકી ગુજરાત રાજયનો નેશનલ રૂરલ ઇકોનોમિક ટ્રાન્સ્ફોર્મેશન પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતના ગામડાઓમાં આર્થિક પરિવર્તન થઇ શકે તે માટે રાજયના ૩ જિલ્લાઓમાં અને ૯ તાલુકાઓમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલીકરણ શરૂ કરવામાં આવ્યું છે. બીજી એક સરસ યોજના તે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને ઘર મળે તે હેતુથી પ્રધાનમંત્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ વર્ષ ૨૦૧૬થી અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ રાજયના તમામ ઘરવિહોણા અને કાચા આવાસો ધરાવતા કુટુંબોને વર્ષ ૨૦૨૨ સુધીમાં આવરી લેવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિર્ધાર છે. વર્ષ ૨૦૧૧માં થયેલ સામાજિક અને આર્થિક જાતિ આધારિત સર્વેક્ષણ મુજબ નોંધવામાં આવેલ ઘરવિહોણા અથવા કાચા ઘર ધરાવતા કુટુંબોને પાકું ઘર આપવા માટેની આ યોજના અંતર્ગત રૂપિયા ૧.૨૦ લાખની સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત લાભાર્થીને પોતાના મકાનના બાંધકામ સાથે મનરેગા યોજના સાથે જોડવામાં આવે તો ૯૦ દિવસની રોજગારી રૂપિયા ૨૦,૧૬૦ની સહાય અને શૌચાલયના બાંધકામ માટે રૂપિયા ૧૨૦૦૦ની બીજી એક સહાય એમ મળીને કુલ ૧,૫૨,૧૬૦ની સહાય મળવાપાત્ર છે. સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાં ૨જી ઓક્ટોબર ૨૦૧૪થી ગ્રામીણ વિસ્તારમાં રહેતા પરિવારો માટે વ્યક્તિગત શૌચાલયના નિર્માણ અને ઘન અને પ્રવાહી કચરાનો સુવ્યવસ્થિત નિકાલ કરવાના હેતુથી અમલમાં મુકવામાં આવી છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના છે. વોટરશેડ કોમ્પોઝીટ. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના મુખ્ય હેતુઓ જળ, જમીન, વનસ્પતિ વગેરે સૃષ્ટિના કુદરતી સ્ત્રોતોનું સંરક્ષણ કરવું, ભુગર્ભ જળ સ્તર ઊંચું લાવવાની સાથે કૃષિ ઉત્પાદનમાં તથા આજીવિકામાં વધારો કરવા માટે છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત છેલ્લા ૪ વર્ષમાં ૨૦૧૭ અને ૨૦૧૮ અને ૨૦૨૦ અને ૨૦૨૧ જાન્યુઆરી ૨૦૨૦ અંતિત સુધીમાં જળસંગ્રહ માટે ચેકડેમ હોય, તળાવ હોય, ખેત તલાવડી, પર્કોટેલ ચેક વોલ વગેરેના કુલ ૧૬૩૪૦ કામો તેમજ ભૂમિ ભેજ સંરક્ષણના કુલ ૨૬૪૧૯ કામ કરવામાં આવેલ છે. લાઇવલી હુડ માઇક્રો મેનન હેઠળ કૃષિ ઉત્પાદન વધારવા માટે સુક્ષ્મ પિયત પદ્ધતિ પિયત સાધનો દ્વારા નર્સરી હોય, ખેતીના સાધનો, પશુપાલન પદ્ધતિ સાથે ગરીબ પરિવારોને આજીવિકાની વૃદ્ધિ માટે કડિયા કામનાં સાધનો હોય, મંડપ સર્વિસ જેવા ૪૬,૬૨૦ કામો કરવામાં આવેલ છે. એવી જ રીતે શ્યામા પ્રસાદ મુખરજી રૂર્બન મિશન હેઠળ શ્યામાપ્રસાદ મુખરજીની રૂર્બન યોજનાઓનો માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ શુભારંભ કરવામાં આવ્યો. આ યોજના હેતુ ગામના સમૂહને માળખાકીય આર્થિક અને સામાજિક સવલતો પૂરી પાડવાનો જેથી ગામના તેમજ તેમની આસપાસના વિસ્તારોમાં સુખાકારીમાં વધારો થાય. રાજ્ય સરકાર દ્વારા ક્લસ્ટર અને ગ્રામ પંચાયતની પસંદગી અને

જનસંખ્યાના આધારે કરવામાં આવે છે. આદિવાસી વિસ્તારની વાત કરીએ તો આદિવાસી વિસ્તારના ક્લસ્ટરમાં ૫૦૦૦થી ૧૫૦૦૦ બહેનો અને બિન આદિવાસી વિસ્તાર ક્લસ્ટરમાં ૨૫,૦૦૦થી ૫૦,૦૦૦ની જનસંખ્યા ધરાવતા હોય તેવી ગ્રામ પંચાયતોને પસંદ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય કનુભાઇ બારૈયા.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ સાહેબ વર્ષ ૨૦૨૧-૨૨ ના બજેટ ઉપર મારી ચર્ચા, લાગણી અને મારા વિસ્તાર માટેની વિનંતી રજૂ કરું છું. વિધાનસભાના પહેલા સત્રમાં પહેલા બજેટની અંદર મેં મારા મત વિસ્તારમાં ખૂબ મોટા પ્રમાણમાં મજૂર વર્ગ આવેલ છે. વર્ષની અંદર ૬ મહિના આ લોકોને બહારગામ બીજા જિલ્લામાં રોજગારી માટે જવું પડે છે, માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે મારા વિસ્તારમાં મેં જી.આઇ.ડી.સી.ની માનનીય નીતિનભાઇ સાહેબ પાસે માગણી કરી હતી અને તેમણે મને ખાતરી અને આશ્વાસન પણ આપેલું હતું. આશા રાખું કે, તેમની આપેલી ખાતરી અને વચન વહેલી તકે પૂરું કરશે. મારા વિસ્તારના જીવાદોરી સમાન શેત્રુંજી લીન્ક ચેકડેમ અને મેથરા બંધારા યોજના જેના કારણે દરિયાનું ખારું પાણી બંને નદીઓની અંદર આગળ આવે છે અને હજારો એકર જમીન રોજેરોજ બગડતી જાય છે. આની રજૂઆત પણ હું વિધાનસભાના પહેલા સત્રથી કરતો આવું છું એટલે આપણે દરિયા કિનારા માટે ખૂબ જોગવાઇ કરી છે તો તેમાં તાત્કાલિક ધોરણે અમલ કરવામાં આવે તેવી વિનંતી કરું છું. મારા મત વિસ્તારમાં ૫૦ કિલોમિટર કરતાં વધારે દરિયા કિનારો આવેલો છે. ભૂતકાળમાં સરતાનપર બંદર એ ધમધમતું બંદર હતું. આજે જેટી તૂટી જવાના કારણે તે બંદર મૃતપ્રાયઃ થયું છે ત્યારે તેનું જેટીનું કામ તાત્કાલિક ધોરણે કરવામાં આવે એવી આપના માધ્યમથી વિનંતી કરું છું. મારા વિસ્તાર માટે સૌરભભાઇને મેં વારંવાર જી.ઇ.બી.ના જે ત્રણ સબ-ડીવીઝનો આવેલા છે તેમાં વારંવાર વીજ વાયરો તૂટવાના કારણે અને વીજ ફોલ્ટ થવાના કારણે ખેડૂતો હેરાન થઇ રહ્યા છે. આજે મારો સમગ્ર વિસ્તાર સાવજ, દીપડા અને સિંહનો વિસ્તાર બની ગયો છે ત્યારે ૧૧૯ ગામમાંથી માત્ર ૧૧ ગામોને દિવસે વીજળી આપવાની જાહેરાત કરી છે. ત્યારે આપના માધ્યમથી સમગ્ર તાલુકાને આ વન્યપ્રાણીઓના ત્રાસમાંથી મુક્તિ આપવા માટે વહેલી તકે વીજળી મળે તેવી વિનંતી કરું છું. મારા વિસ્તારમાં સિદ્ધેશ્વર નામની સુગર ફેકટરી ભૂતકાળમાં ખેડૂતોના સહકારથી સહકારી ધોરણે બનાવવામાં આવી હતી. હજારો ખેડૂતોના પૈસાનું તેમાં રોકાણ થયેલ છે. કોઇના કોઇ કારણોસર આ સિદ્ધેશ્વર સુગર ફેકટરી ચાલુ ન થઇ શકી. ત્યારે મારા વિસ્તારમાં આ ખાંડ ફેકટરીની ખૂબ જરૂર છે તો સરકાર અંગત રસ લઇને આ સિદ્ધેશ્વર ખાંડ ફેકટરી ચાલુ કરે તેવી માગણી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય ક્ષેત્રે ૧૧૩૨૩ કરોડ રૂપિયાના બજેટની આપણે જોગવાઇ કરી છે. મારા તળાજા શહેરમાં એટલે કે મારા વિસ્તારમાં સી.એચ.સી. સેન્ટરમાં અવાર નવાર મુલાકાત લઇને મેં રજૂઆતો કરી છે તેનું એક નાનું એવું એક્ઝામ્પલ આપું છું. તા.૧૮-૧૨-૨૦૨૦ના રોજ મેં મુલાકાત લીધી હતી. આ ૩૦ બેડનું સી.એચ.સી. સેન્ટર છે. હાલ માત્ર ૧૫ જ બેડ વાપરવાલાયક છે. આટલું મોટું બજેટ છે ત્યારે તેમાં પ્રસુતા કીટ હોય, લેબર ટેબલ હોય, ડોમેસ્ટીક ફ્રીજ હોય તેમાં આ પંદર પ્રકારની જે વસ્તુઓ છે તે ચાલી શકે તેમ નથી. તેમાં માત્ર ૨ લાખ ૧૬ હજાર ૯૦૦ રૂપિયાનો ઓર્ડર ઉપરની કચેરીને સી.એચ.સી. દ્વારા મોકલવામાં આવ્યો છે. મારી પાસે અઠવાડિયા પહેલાંનો વીડિયો છે. ચાર માતા-બહેનોને લાદી ઉપર સુવડાવીને સારવાર કરવામાં આવે છે. ત્યારે આ સંવેદનશીલ સરકાર તાત્કાલિક ધોરણે આવી જરૂરિયાત હોય તો અને અત્યારે તો મેઇલથી પણ ઓર્ડર લઇ શકાય છે અને વસ્તુ પ્રોવાઇડ કરી શકાય છે. મારા સી.એચ.સી. સેન્ટરમાં એમ.ડી. ડોકટરની વારંવાર રજૂઆત કરવા છતાં ત્યાં ડોકટર ન હોવાને કારણે એક સોનોગ્રાફી મશીન આપવામાં આવેલું તે પણ બીજે મોકલી દેવામાં આવ્યું છે. મારા સી.એચ.સી. સેન્ટરમાં બર્ન્સ વોર્ડની પણ જરૂરિયાત છે. મારા વિસ્તારમાં અને સમગ્ર ભાવનગર જિલ્લામાં એક પણ કૃષિ કોલેજ કે કૃષિ યુનિવર્સિટી નથી. ૩૫૨ વીઘા ચીકડી ફાર્મની જગ્યા છે. ત્યાં અત્યારે ડુંગળી સંશોધન કેન્દ્ર ચાલે છે. છેલ્લા ચાર-પાંચ વર્ષમાં એકપણ ડુંગળીની જાત શોધી શક્યા નથી. મારી વિનંતી છે કે, ત્યાં કૃષિ ડિપ્લોમા, કૃષિ ડિગ્રી, વેટરનરી, બાગાયત, હોમ સાયન્સ જેવા કોર્ષ ચાલુ કરવા જોઇએ, તેના માટે સમગ્ર ભાવનગર જિલ્લાને આજે જૂનાગઢ જવું પડે છે. કોઇને એગ્રો સેન્ટર ખોલવું હોય તો તેના માટે કૃષિ ઇમ્પોર્ટ ડિલક્ષ નામનો કોર્સ કરવા માટે પણ જૂનાગઢ સુધી જવું પડે છે. તો આ કોર્સ સરકારશ્રી દ્વારા તાત્કાલીક ચાલુ કરવામાં આવે એવી મારી વિનંતી છે. સાગરખેડૂ યોજના અંતર્ગત ૫૦ હજાર કરોડની જાહેરાત કરવામાં આવી છે ત્યારે મારા વિસ્તારમાં અલંગ એ એશિયાનું જૂનામાં જૂનું અને મોટામાં મોટું શીપયાર્ડ આવેલું છે આ શીપયાર્ડ માટે જે સગવડ જોઇએ એ સગવડ ક્યાંકને ક્યાંક ઓછી થવાના કારણે આપણે ત્યાં યુરોપિયન યુનિયનની વારંવાર વિઝિટ કરવામાં આવે છે અને યુરોપિયન યુનિયન દ્વારા સર્વેક્ષણ કરીને એમણે સૂચન કરેલું છે કે અલંગ શીપયાર્ડમાં ટ્રોમા સેન્ટરની ફેસેલિટી ધરાવતી એક હોસ્પિટલ અનિવાર્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વધુમાં અલંગ હોસ્પિટલમાં એસ.ઇ.એલ.એલ. અને એ.ટી.એલ.એસ.ની તાલિમ મેળવેલ સ્ટાફ નથી તેમજ પૂરતા બેડની પણ સવલત નથી. આથી સરકારશ્રી દ્વારા તાત્કાલીક ધોરણે એવી એક હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવે તો અલંગ શીપયાર્ડને યુરોપિયન યુનિયનના શીપ ભાંગવા માટે મળી શકે. યુરોપિયન યુનિયને ઓડિટ દરમ્યાન જી.પી.સી.બી. અને જી.એમ.બી.ને પણ ઓડિટની કોમેન્ટમાં જેવી કે ડાઉન સ્ટ્રીમ વેસ્ટ મેનેજમેન્ટ, ઇ-વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ વગેરે બાબતે સૂચનાઓ આપવામાં આવેલ પરંતુ આજ સુધીમાં એનો કોઇ પણ યોગ્ય પ્રત્યુતર આ વિભાગો દ્વારા તેમને આપવામાં આવેલ નથી. અલંગમાં આવેલ નાના પ્લોટમાં સર્જાતી સલામતિ અને પર્યાવરણ જાળવણીની સમસ્યાને ધ્યાને

લઇને એમાલ્ગનેશન અને શિફ્ટિંગની પ્રક્રીયા દ્વારા નાના પ્લોટોને મોટા બનાવી તાત્કાલીક અમલમાં મૂકવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, એક છેલ્લે મારી વાત કરવા માગું છું. રોડ રસ્તાઓની પરિસ્થિતિ મારા વિસ્તારમાં ખૂબ ખરાબ છે ત્યારે માનનીય નીતિનભાઇ સાહેબ અંગત રસ લઇને તાત્કાલિક ધોરણે એમાં યોગ્ય કરે એવી મારી વિનંતી છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતનું બજેટ માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ લઇને આવ્યા છે એને કચ્છીમાં લાખ લાખ બધાઇ આપું છું અને મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માતાનો મઢ, નારણ સરોવર, કોટેશ્વર અને આપણી જે બોર્ડર છે હરામીનાળા ૧૭૫ સુધી નર્મદાનું પીવાનું પાણી છેક સુધી પહોંચે છે. બાકી મારી વાત કરું તો જે ગામના આપણા તળાવો છે એમાં જે જૂના કૂવા છે એ રીપેરીંગ થાય અને જે તળાવમાં કૂવા ન હોય એ તળાવમાં કૂવા થાય તો એ તળાવમાં ઉનાળામાં પાણી સૂકાઇ જાય છે ત્યારે એ તળાવના કૂવાનું પાણી પીવા માટે, ન્હાવા માટે અને પશુઓને પીવા માટે ખૂબ ઉપયોગમાં લઇ શકીએ છીએ તેમજ આપણે ડંકી પમ્પ મૂકવો હોય તો પણ મૂકી શકીએ છીએ તેમજ જે આપણી વાડી, ખેતરમાં જે જૂના કૂવા છે એ ૧૦૦ કે ૫૦ ફૂટના કૂવા હોય છે એ કૂવામાં વાડીનું પાણી વાળી ઉતારવામાં આવે તો એ પાણી પાતાળમાં જાય તો રીચાર્જીંગમાં ખૂબ ઉપયોગી થઇ શકે. તેમજ આપણા વોટર સપ્લાઇના બોર તેમજ ખેડૂતોના બોર છે, પાણી પુરવઠાના બોર છે કે જે જૂના ફેલ પડ્યા છે તો એમાં ડક–કૂવો કરી એમાં પથ્થર ભરી નદીનું પાણી એની અંદર ઉતારવામાં આવે તો સીધે સીધું ૩૦૦થી ૪૦૦ ફૂટ સુધી પાતાળમાં એ પાણી ઉતરે તો રીચાર્જીંગ થઇ શકે અને આપણું પાતાળ ઉંચું આવી શકે. અમારી કચ્છની જમીન છે એ કાચબા ટાઇપની છે એ જમીન લેવલ નથી તો અમારે ત્યાં જે સિમેન્ટના ચેકડેમ બનાવવામાં આવે છે એમાં ૧૦૦ મીટર કે ૧૫૦ મીટર પાણી ભરાઇ અને બે વર્ષમાં એ રેતીથી પૂરાઇ જાય છે તો અમારે ત્યાં સિમેન્ટના ચેકડેમ નહીં પણ માટીના ચેકડેમ બનાવવામાં આવે તો એમાં ખૂબ વધારે પાણી ભરાય અને એ ડેમોનું પાણી ખેડૂતોને કામ આવે, પશુઓને પાણી પીવાના કામમાં આવે અને જ્યારે એ માટીના ડેમ બનાવવામાં આવે ત્યારે એ જમીન ચેક કરવામાં આવે કે એ જમીન ખારી નથીને? એ જમીન માટીવાળી નથીને? કેમ કે એ બની ગયા પછી જો એવી જમીન હોય તો પાણી ખારું થઇ જાય છે તો ચેકડેમ બનાવતા પહેલા એ ખાસ ચેક કરવામાં આવે અને એ જયારે માટીનો પાળો બનાવવામાં આવે ત્યારે એમાં બેન્ટોનાઇટ પાઉડર નાંખવામાં આવે, એમાં પ્લાસ્ટીક મૂકવામાં આવે, એમાં પેચીંગ કરવામાં આવે છે તો આ જે લિકેજનો પ્રોબ્લેમ રહે છે એ લિકેજ ન થાય અને કોઇ દિવસ એ તૂટે નહીં તો આ મારું ખાસ સૂચન છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે નર્મદાની કેનાલો આપણી તૂટી જવાનો પ્રશ્ન રહે છે એ કેનાલનું કામ થાય ત્યારે એમાં રોલરથી રોલિંગ કરવામાં આવે તો એ પ્રેસ થઇ જાય જેનાથી આ ઉંદરનો ડર કે તૂટવાનો પ્રશ્ન આવે છે એ પણ ઓછો થાય, એના માટે રોલીંગ થાય, એના ઉપર બેન્ટોનાઇટ પાવડર નાંખવામાં આવે, એના ઉપર પ્લાસ્ટિક નાંખવામાં આવે તો ઝાડ અને આ ઘાસ વિગેરે ઉગે છે તે ના ઉગે અને કોઇ દિવસ આ કેનાલ તૂટે નહિ, તેમજ ખનિજનું પ્રમાણ કચ્છમાં ખૂબ મોટું છે, એ જી.એમ.ડી.સી. હોય, અલ્ટ્રાટેક, સાંઘી કે મોટી મોટી કંપની હોય એ લોકોએ ખોદકામ કરીને જે ખનિજ નીકાળ્યું છે એનાથી મોટા મોટા ડેમ જેટલા ઉંડા ખાડા થઇ ગયા છે, એ રીતે એ મોટા મોટા ખાડા જે ડેમ જેવા તૈયાર થઇ ગયા છે તેમાં નદીનું પાણી વાળી દેવામાં આવે, સરકારનો નિયમ એ છે કે, ખનિજ ઉપાડીને એને દાટવાનું હોય તો દાટે નહિ અને એનામાં પાણી વાળી દે તો મોટા મોટા ડેમ બને એમ છે અને અમને કચ્છમાં ખૂબ ઉપયોગી થશે. મોટા મોટા દુષ્કાળ કચ્છમાં વરસે બે વરસે આવે છે, તો આ ખનિજ ખાણ દાટવામાં આવે નહિ અને એમાં નદીનું પાણી વાળવામાં આવે અને ત્યાં ડેમ બનાવવામાં આવે તે જરૂરી છે.

એવી જ રીતે આપણે જંગલ ખાતામાં ખૂબ જ મોટા મોટા પોઇન્ટ હોય છે, મોટા મોટા ચેકડેમ બની શકે તેવા તો ત્યાં પણ માટીના ડેમ બનાવવામાં આવે, જાનવરોને કામ આવે, પશુપાલનને કામ આવે અને ખેડૂતો જે બાજુમાં હોય એમને પણ રીચાર્જીંગથી સારી રીતે કામ આવે.

આપણી નર્મદાની લાઇન જે કચ્છમાં જઇ રહી છે. સુરજબારી પાસેથી એ લાઇનની બાજુમાં જે મીઠાના ક્યાડા છે એ એકદમ લાઇન પર છે એના ઉપર મીઠાનો ઢગલો કરે છે એના ઉપર માટી મૂકે છે એ લાઇન લીક હોય ત્યારે અમારે ત્યાં આઠ આઠ દિવસ પાણી નથી આવતું તો એ લાઇનની આજુબાજુ બીજું કંઇ ન હોવું જોઇએ અને એમાં સમારકામ થવું જોઇએ તેમજ કલરકામ કરવું જોઇએ અને એ સારી રીતે થાય તો કોઇ દિવસ પાણીનો પ્રોબ્લેમ ના રહે તો આ મારી એક પાણી વિશેની વાત છે. દુષ્કાળના વરસમાં કચ્છમાં લોકોને ખૂબજ તકલીફ થાય છે તો પાણી વિશે મેં જે જે જાણકારી આપી છે એના વિશે ખાસ ધ્યાન રાખવામાં આવે.

બીજી મારી નમ્ર વિનંતી છે કે, અમારે ત્યાં ગામડામાં નખત્રાણામાં લીઝ છે પણ ત્યાંથી ૬૦ કિલોમીટર દૂર લખપતમાં લીઝ નથી તો ગરીબ માણસ કોઇ મકાન બનાવતું હોય તો એને એક ટ્રોલી રેતી જોઇતી હોય ત્યારે એ રેતી માટે એને છૂટછાટ આપવામાં આવે તે જરૂરી છે એક ટ્રોલી માટે એ ત્યાં નખત્રાણા લેવા ક્યાં જાય તો એના માટે ખાસ ગરીબ માણસો અને ખેડૂતોને બે ત્રણ ટ્રોલી રેતી જોઇતી હોય એ લોકો હેરાન ન થાય એવી પણ મારી રજૂઆત છે, ખૂબ ખૂબ ધન્યવાદ.

શ્રી કિર્તીસિંહ પ્ર. વાઘેલા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧–૨૨ના વરસ માટે અંદાજપત્ર આ સન્માનનીય સભાગૃહમાં માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે રજૂ કર્યું છે તેને હું સમર્થન કરું છું અને મારો સુર પૂરાવું છું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ ૨,૨૭,૦૨૯ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું છે તેમાં એક પણ રૂપિયાનો ટેક્સમાં વધારો કર્યા

વગર ગુજરાત રાજ્યનો સર્વાંગી વિકાસ થઇ શકે એવું સર્વાંગી વિકાસને વેગ આપતું બજેટ રજૂ કરવા બદલ માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને હું હ્રદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

આપણું ગુજરાત એ દેશનું રોલ મૉડેલ છે. ગુજરાત એ દેશના વિકાસનું ગ્રોથ એન્જિન છે. ગુજરાતના વિકાસમાં કૃષિક્ષેત્રનું મહત્ત્વનું યોગદાન છે. ગુજરાતમાં હરિયાળી ક્રાંતિ અને શ્વેતક્રાંતિ કૃષિ અને પશુપાલનમાં થઇ છે જેના પાયામાં ગુજરાતની ભા.જ.પ.ની સરકારે સિંચાઇ અને જળ વ્યવસ્થાપનની કરેલી અદ્ભૂત કામગીરી છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ગુજરાતની સૂકી ધરતીને હરિયાળી બનાવવા માટે તે વખતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વર્તમાન લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા અનેક અડચણો, વિરોધ અને વંટોળો વચ્ચે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના, સુજલામ્ સુફલામ્ યોજના અને અનેક નાની મોટી સિંચાઇ યોજનાઓ થકી ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્યગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની ધરતીને સિંચાઇનું પાણી આપી ગુજરાતની ધરતીને લીલૂડી ધરતી બનાવી હરિયાળી બનાવીને ગુજરાતમાં હરિયાળી અને શ્વેતક્રાંતિ સર્જવા બદલ રાજ્ય સરકારને હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે આપણું રાજય પાણીની અછત ધરાવતા રાજય તરીકે ઓળખાતું હતું. ગુજરાત સરકાર દ્વારા જળ સંશાધન માટેના છેલ્લાં ૨૫ વર્ષના ફૂનેહભર્યા પ્રયત્નોથી આજે ગુજરાત વોટર મેનેજમેન્ટ માટે સમગ્ર દેશમાં રોલ મૉડેલ બન્યું છે. હું આનંદ સાથે ગૌરવ અનુભવું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાત સરકારને ભારત સરકારના નીતિ આયોગ દ્વારા ગુજરાતને કોમ્પોઝીટ વોટર મેનેજમેન્ટ ઇન્ડેક્સમાં છેલ્લાં ત્રણ વર્ષથી સતત પ્રથમ સ્થાન પ્રાપ્ત થયુ છે તે બદલ રાજય સરકારને હું અભિનંદન પાઠવુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર દ્વારા અમારા બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજના અને સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા સિંચાઇનું પાણી આપ્યુ છે જેના લીધે બનાસકાંઠાના ખેડૂતોની સુખાકારી વધી છે, ખેડૂતો સુખી અને સમૃદ્ધ થયા છે જે બદલ સરકારશ્રીને હું અભિનંદન આપું છું. ઉત્તર ગુજરાત અને એમાંય ખાસ કરીને અમારો બનાસકાંઠા જિલ્લો એ વારેવારે, તહેવારે તહેવારે એવું કહી શકાય કે દુષ્કાળો અમારા જિલ્લામાં પડતા, અમારા વિસ્તારમાં પડતા અને અમારા વિસ્તારના અનેક લોકો પોતાના પરિવારનું ભરણ પોષણ કરવા માટે ગુજરાત જેને કહીએ છીએ એવો સાબરમતી નદીનો કિનારો હોય કે પછી ચરોતરનો લીલો પ્રદેશ હોય ત્યાં ભરણ પોષણ માટે જતાં હતા. અમારો બનાસકાંઠા, અમારૂં કાંકરેજ વિધાનસભા ક્ષેત્ર તે લગભગ ખાલી થઇ રહ્યું છે અને એવા સમયે નર્મદાનું પાણી અમારા વિસ્તારને આપ્યું તે બદલ હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ બજેટમાં બનાસકાંઠા માટે થરાદથી સીપુ પાઇપ લાઇનની પ્રગતિ માટે ૨૨૬ કરોડ રૂપિયાની જે માતબર રકમ આપી છે તે બદલ પણ હું અભિનંદન આપું છું. મારા કાંકરેજ વિધાનસભા મત વિસ્તારની અંદર અમારે ત્યાં ચાંગાથી દાંતીવાડા પાઇપ લાઇન દ્વારા ખેડૂતોને તળાવ ભરવા માટે પાણી આપવામાં આવે છે તે બદલ પણ હું સરકારનો આભાર માનું છું. સાથે સાથે સરકારશ્રીને હું વિનંતી સહ મારી રજૂઆત કરું છું કે જે રીતે સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત ગુજરાતમાં જે ૧૪ પાઇપ લાઇનો મંજૂર કરવામાં આવેલી છે તેમાંની એક અમારી કથરાથી દાંતીવાડા પાઇપ લાઇન એ મંજૂર થયેલી છે તો આ યોજનાને સત્વરે શરૂ કરવામાં આવે તો બધાને ફાયદો થઇ શકે તેમ છે તે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧–૨૨ના વર્ષ માટેનું અંદાજપત્ર નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે લઇને આવ્યા છે તેમાં હું આરોગ્ય વિભાગ માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી સૌનું આરોગ્ય સારું રહે તેવા ઉદેશ્ય સાથે માનનીય આરોગ્ય મંત્રી જે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે જે વ્યવસ્થાઓ કરવાની છે તેના માટે રૂપિયા ૧૧,૩૨૩ કરોડનું બજેટ લઇને આવ્યા છે તેના માટે હું નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જયારે કોરોનાનો પહેલો કેસ આવ્યો ત્યારથી લઇ અને આપણાં સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ અગાઉની પરિસ્થિતિ કેવી હોઇ શકે તેના માટેના પગલાંઓ લેવા માંડયા. દરેક મહાનગરોમાં ૨૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલો અને તમામ જિલ્લાઓમાં ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલો તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવી. રાજયના આરોગ્યની સવલતો છેવાડાના માનવી સુધી પહોંચે તેના માટે ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર. ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૩૨૧ શહેરી આરોગ્ય કેન્દ્રો, ૩૪૮ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, નિષ્ણાત ડોક્ટરો, તમામ દવાઓ અને બેડ સાથે તૈયાર કરવામાં આવી. કોરોના જેવી મહામારી તમામના જીવનને હચમચાવી દે એવો સમય હતો. માં દીકરાને સ્પર્શી ન શકે અને બાળક માતાના હેત માટે તરસે તેવી પરિસ્થિતિ હતી. આ સમયમાં તમામ લોકો માટે નવા પ્રશ્નો આવીને ઊભા રહ્યા. આપણે જ્યારે જનપ્રતિનિધિ તરીકે જવાબદારી નિભાવતા હોઇએ ત્યારે અમારા વિસ્તારના અમુક પ્રશ્નો આવે એ તમામ પ્રશ્નો આપણા જીવનમાં પહેલીવાર આવ્યા હતા. એક પિતાનું મૃત્યુ પોતાના ગામમાં થાય છે અને ત્રણેય દીકરાઓ સુરત શહેરમાં હોય ત્યારે અગ્નિદાહ દેવાવાળું કોઇ ન હોય એવી પરિસ્થિતિ હતી. પોતાની માતાનું

મૃત્યુ થાય છે અને બાળકો માતાના અંતિમ દર્શન કરી ન શકે એવી પરિસ્થિતિ હતી. પોતાની બહેનની ડિલીવરીનો સમય આવે છે અને એ જે રાજ્યમાં રહે છે ત્યાં કોરોનાની ગંભીર પરિસ્થિતિ હતી. બહેનને અહીંયા લાવીને સારી રીતે એની ડિલીવરી ન કરાવી શકે એવી પરિસ્થિતિ હતી. કોઈની પાસે પૈસા ન હતા તો કોઈની પાસે અનાજ ન હતું. આવી પરિસ્થિતિમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ તમામ મધ્યમવર્ગના લોકોને અનાજ આપવાનો નિર્ણય લીધો. એક–બે વાર નહિ પણ છ–છ વખત મફત અનાજ આપવાનું જે કાર્ય કર્યું છે તેના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. મારા મત વિસ્તારની વાત કરું તો મારો મતવિસ્તાર એટલે ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટ, હજીરા બેલ્ટ, સચિન બેલ્ટ અને પાંડેસરા બેલ્ટમાં સ્વાભાવિક રીતે શ્રમિકો ખૂબ મોટી સંખ્યામાં હોય છે. કારણ કે, નોકરીના ધારાધોરણના લીધે બધાં લોકો આવેલા હોય અને જ્યારે આવી કપરી પરિસ્થિતિમાં જમવાની તકલીફ પડે એ વિષય પણ આપણા માટે નવો હતો. જ્યારે મેં એવું વિચાર્યું કે મારા વિસ્તારના કોઇ લોકો ભૂખ્યા ન સૂઇ જાય ત્યારે અમે ૭૦૦ લોકોનું જમવાનું શરૂ કર્યું અને મને કહેતાં આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના કાર્યકરોએ આવા કપરા સમયમાં પરિવારથી લડીને આપણી સાથે જોડાઇ લોકો સુધી સમયસર જમવાનું પહોંચાડતા હતા. કારણ કે, એ સમય ખૂબ જ ગરમીનો હતો. જો જમવાનું સમયસર ન પહોંચે તો બગડી જાય અને એના કારણે બીજી બીમારીનો ભોગ બને એ માટે આપણા કાર્યકર્તાઓએ ખૂબ જ મહેનત કરી છે. મને કહેતાં આનંદ થાય છે કે અમે લોકોએ ૭૦૦ લોકોનું જમવાનું શરૂ કર્યું હતું અને ૪૦,૦૦૦ લોકો સુધી અમે પહોંચ્યા હતા અને તમામ વિસ્તારના લોકોને સાચવી શક્યા એનો મને ગર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જુલાઇ મહિનામાં સુરત શહેરની કોવિડની પરિસ્થિતિ ખૂબ કપરી હતી. ત્યારે સ્ટેમસેલ હોસ્પિટલમાં ૩ માળમાં ૨૦૦ બેડની સુવિધા હતી અને ઉપરના સાત માળ માત્ર એક ઢાંચો હતો અને એને યુદ્ધના ધોરણે ૧૫ દિવસમાં જે કામ કરવામાં આવ્યું છે એમાં રૂપિયા ૪૨.૧૦ કરોડના ખર્ચે ૮૦૦ બેડથી સજ્જ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી. હવે પછીનો સમય પણ કેવો આવે એ કોઇને ખબર ન હતી. ત્યારે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલની બાજુમાં ૩૫ દિવસના સમયગાળામાં બીજા ૮૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી. મને કહેતાં આનંદ થાય છે કે એ બેડની જરૂર પડી નહિ. છેલ્લે એક પંક્તિ ગાઇને મારું વક્તવ્ય પૂરું કરીશ.

''પૂછો છો એટલે નથી કહેતી મજામાં છું, પૂછો છો એટલે નથી કહેતી મજામાં છું.
સાચે જ કહું છું, સાચે હું મજામાં છું. માસ્ક પહેરીએ છીએ, ટોળામાં ભળતા નથી,
અમે સ્વાસ્થ્યના સંપૂર્ણ કહ્યામાં છીએ.
ગઇકાલે સપનાંઓએ આપ્યો વેક્સિનનો પહેલો ડોઝ,
હવે અમને સપનાંઓ પણ તાજા–માજા આવે છે.
તમે સહવાસ લઇને આવ્યા તો અમે શ્વાસ લઇને આવ્યા,
વેક્સિન મૂકવાનું થયું શરુ અને અમે વિશ્વાસ લઇને આવ્યા.''

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ખૂબ મોટું બજેટ રૂપિયા ૨ લાખ ૨૭ હજાર ૨૯ કરોડ લઇને આવ્યા છે એ બદલ હું ખૂબ–ખૂબ અભિનંદન પાઠવું છું. ગયા વર્ષે તેઓ રૂપિયા ૨ લાખ ૧૭ હજાર કરોડનું બજેટ લઇને આવ્યા હતાં ત્યારે કૃષિ ક્ષેત્રે રૂપિયા ૭૪૨૩ કરોડની ફાળવણી કરી હતી. ગયા વર્ષનું બજેટ નાનું હતું પરંતુ કૃષિ ક્ષેત્રે વધારે રકમ ફાળવવામાં આવી હતી. આ વર્ષે બજેટમાં રૂપિયા ૯૭૪૨ કરોડનો વધારો થયો હોવા છતાં ૧૯૧ કરોડ રૂપિયા ખેડૂતોને ઓછા ફાળવવામાં આવયા છે. મને એમ લાગે છે કે આ વર્ષે કદાચ ખેડૂતો દિલ્હીની આજુબાજુ અથવા ભારતમાં આંદોલન કરે છે તેની સજા તો આપી નથી? સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગની રૂપિયા ૪૩૨૧ કરોડની જોગવાઈ લઈને આવ્યા છે પણ ખાસ કરીને ગરીબ બાળકો ભણવા માટે પ્રીસિપ્ટ કાર્ડનો ઉપયોગ કરે છે. ગાંધીનગર નીટની પરીક્ષા આપ્યા પછી એમના મેરિટ મુજબ MBBS કે BAMS માં એડમિશન મળ્યા પછી ત્યાંના અધિકારીઓ એમ કહે કે ડાયરેક્ટ ફી ભરો તો તમને એડમિશન મળે. જે ગરીબો પાસે પૈસા ન હોય તે પ્રીસિપ્ટ વાત કરે છે. આ પ્રીસિપ્ટ કાર્ડ સમાજ કલ્યાણ અધિકારી પાસેથી મેળવવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે. તેઓ કહે છે કે પહેલાં મેડિકલ કોલેજમાં એડમિશન મેળવો તો તમને પ્રીસિપ્ટ કાર્ડ આપીએ. મેડિકલ કોલેજ વાળા એમ કહે કે પ્રીસિપ્ટ કાર્ડ રજૂ કરો તો તમને એડમિશન આપીએ. આ બંને વચ્ચે ગરીબ વિદ્યાર્થીઓ પીસાય છે. આ જ વર્ષે મારા ધ્યાનમાં આવ્યા મુજબ અઅનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અનેક વિદ્યાર્થીઓ પ્રીસિપ્ટ કાર્ડના અભાવે MBBS અને BAMSના એડમિશન વગર રહ્યાં છે. (અંતરાય) બતાવીશ, ખોટી વાતો ના કરો અમે સાબિતી વગર ન બોલીએ. ખોટું બોલીએ તો જીભ કાપી નાંખીએ અમે જેવા–તેવા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય કરશનભાઈ પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ વિરોધપક્ષને...

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : વિદ્યાર્થીઓની રજૂઆતના આધારે વાત કરું છું.

અધ્યક્ષશ્રી : વિપક્ષની વાત શાંતિથી સાંભળવી જોઈએ. પ્લીઝ,

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગમાં માનનીય નાણામંત્રીશ્રી રૂપિયા ૪૫૦૬ કરોડની જોગવાઈ લઈને આવ્યા છે. વર્ષ ૨૦૧૮–૨૦૧૯માં મારા વિસ્તારામાં જે નોન પ્લાન રસ્તાઓ મંજૂર થયા તેમાં ૨૦૧૮–૧૯નો નિકાવાથી રાજડા સુધીનો નોન પ્લાન રસ્તો મંજૂર થયો છે તે આજ સુધી બન્યો નથી. રીકાર્પેટ કરવા માટેના

જેટલાં જેટલાં રસ્તાઓ તમે મંજૂર કર્યા છે એના કામ સ્થળ ઉપર થતાં નથી. અધિકારીઓ એમ કહે છે કે, ટેન્ડર કર્યું છે, આ કર્યું છે, તે કર્યું છે પણ સ્થળ ઉપર વાસ્તવિકતા જુદી છે. મારો રાજસ્થાલી, ચાપરા રાજકોટ–કાલાવડ એપ્રોચ રોડ છેલ્લાં ૧૨ વર્ષથી રીકાર્પેટ થયો નથી. સિંચાઈ વિભાગના રસ્તાઓમાં તો ગ્રાન્ટ જ નથી. આ વિભાગમાં પુષ્કળ ભ્રષ્ટાચાર થાય છે તે મારે ન કહેવું જોઈએ છતાં પણ દુઃખ સાથે કહેવું પડે છે. તા.૧૦/૧૨/૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલની પાઈપલાઈનો નાંખ્યા વગર બિલ બની ગયા અને તેમાં રૂપિયા ૮૩ કરોડનો ભ્રષ્ટાચાર થયો અને એમાં તપાસના આદેશો આપ્યા તો એજન્સીવાળા કોર્ટમાં જતા રહ્યાં. આપ નામદાર સારી રીતે જાણો છો કે કોર્ટમાં ગયા પછી કેટલો વિલંબ થાય છે. યેનકેન પ્રકારે ઈનડાયરેક્ટ રીતે ભ્રષ્ટાચારીઓને બચાવવાની જે *(xxx) એ ગુજરાત અને ગુજરાતની પ્રજા માટે હાનિકારક છે. આના ભવિષ્યમાં બહુ ખરાબ પરિણામો આપણને મળવાના છે. (અંતરાય)

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો અહેવાલમાંથી દૂર કરવા બાબત**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. કોઈપણ વ્યક્તિને કોર્ટમાં જવાનો અધિકાર છે. એટલે અધિકારની રૂએ કોર્ટમાં જાય અને કોર્ટ કોઈ પ્રકરણમાં સ્ટેનો ઓર્ડર કરે તો સરકાર એ પાળવા બંધાયેલી છે. એટલે આ સભ્યશ્રીએ જે શબ્દો વાપર્યા કે આવી *(xxx) કરી છે તે યોગ્ય નથી. શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઈએ.

અધ્યક્ષશ્રી : નિર્ણય આપીશું, પ્લીઝ, ગો ઈટ, બધા એક સાથે નિર્ણય આપીશ, એક બે મિનિટ, એક બે મિનિટ...

શ્રી પુંજાભાઇ ભી. વંશ : કંઇ કરાવી શકે છે ને, કેમ નહીં કરાવી શકે, પ્રયત્નો કંઇ બે બે, છ છ મહિને, બે બે વર્ષ સુધી ચાલે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, માનનીય પુંજાભાઇ...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શ્રી પુંજાભાઇ, લાંબા વિવાદને કોઇ શકયતા નથી. સેંકડો સ્ટે ચાલુ છે, દાયકાઓથી છે અને વર્ષોથી પણ છે અને રામજન્મ ભૂમિનો કેસ તમારી કોંગ્રેસ સરકાર વખતે ૫૦, ૬૦, ૭૦ વર્ષ ચાલ્યો, તમારે સ્ટે ઉપડાવી લેવડાવો હતો ને, નર્મદાનો સ્ટે તમારી કોગ્રેસ સરકાર વખતે વર્ષો સુધી ચાલ્યો, તમારે ઉપડાવી લેવો હતો ને, તમને કોણ ના પાડતું હતું? તમે અમને શું કરવા સલાહ આપો છો ? તમે કશું કર્યું નથી, તમે નર્મદાના સ્ટે સામે નથી લડયા, તમે રામ મંદિરના સ્ટે સામે નથી લડયા, તમે ગુજરાતના વિકાસના કેટલાયે કામોના સ્ટે સામે નથી લડયા, ઉપરથી તમારા વકીલોએ, તમારા પક્ષે એમને સમર્થન આપ્યું છે. શેની વાત કરો છો તમે ?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, માનનીય મુસડીયાજી...

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યહવાર ક્ષેત્રે ૧૦૦૦ નવી બસો ખરીદવાની વાત છે, ગયા વર્ષે પણ ૧૦૦૦ બસો નવી ખરીદવાની વાત હતી, પણ રોડમાં કયાંય નવી બસો જોવા નથી મળતી. રૂપિયા ૧૦૦ કરોડમાં નવા બસ સ્ટેશન ઉભા કરવાની વાત છે, સારા બસ સ્ટેશનો બનાવ્યા છે, હું રાજકોટમાં ગયો હતો ખૂબ સરસ, પણ મે કીધું હજી શાસ્ત્રી મેદાનમાં કેમ બસો ઉભી છે, રાજકોટમાં બસ સ્ટેશન તો નવું બની ગયું, તો રાજકોટના બસ સ્ટેશનમાં જૂનાગઢ જવાનું પ્લેટફોર્મ ભૂલાઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : સાંભળો, સાંભળો.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે કોરોનાની મહામારીમાં વિદ્યાર્થીઓને બસો મળતી નથી. ઉપરથી રાજકોટથી જે બસો ઉપડે એ રસ્તામાં કંઇ પાટિયા પાસે ગામડાના વિદ્યાર્થીઓ માટે ઉભી નથી રહેતી. એક ગરીબ મા–બાપની દીકરી સાંજ છ વાગી જાય, અંધારૂ થઇ જાય, મા બાપ એના ઉચાટમાં હોય અને આ સરકાર વાહન વ્યવહાર ક્ષેત્રે ગરીબના વિદ્યાર્થીઓને પૂરી બસની પણ સુવિધા આપી શકતું નથી. મોટી મોટી વાતો કરે છે, મારે ન કહેવું જોઇએ પણ દુઃખ સાથે કહેવું પડે છે.

એક વાત સામાન્ય વિભાગમાં કહી દઉં, મહિલા દિને મારી બહેન મહિલાઓને વિશેષ ગ્રાન્ટ આપીને એમને સન્માનિત કરી, અભિવાદન કરીશ માનનીય મંત્રીશ્રીનું, પણ શું આ મહિલાઓના ભઇલાઓની કંઇ ચિંતા નહી ? ગયા વર્ષે એમના વિસ્તારમાં ગ્રાન્ટ નથી મળી, પ્રજાના વિકાસ માટેની ગ્રાન્ટ છે અને મહિલાઓને પાછા એના ઉપર હાથ રાખે, એ મહિલાઓ તો એના પ્રજાના વિકાસ માટે વાપરવાની એ ગ્રાન્ટ છે, બાકી ખરેખર જો મહિલા સદસ્યોની ચિંતા કરી હોત તો એમને રહેવા માટે મેટ્રોપોલિટીન સિટીમાં કે એને જયાં જોઇએ ત્યાં પ્લોટીંગની વ્યવસ્થા કરી હોત તો હું તમારી સરાહના કરત.

એક વાત કહીને હું મારી વાત નહી કરું, ભગવાન બુદ્ધે એના વિચારો રજૂ કરતા એના પ્રિચીંગમાં કહ્યું છે, ભગવાન બુદ્ધે કહ્યું છે કે શ્રેષ્ઠ મનુષ્ય કોને કહેવો? તો એમણે કીધું કે જે પોતાનું સારું કરે અને બીજાનું સારું ન કરે એ શ્રેષ્ઠ મનુષ્ય નથી, એ ખરાબ છે. બીજી વાત એમણે કરી કે, પોતાનું સારું કરે અને બીજાનું સારું ન કરે એ પણ ખરાબ મનુષ્ય છે અને ત્રીજા પ્રકારનો એવો મનુષ્ય છે કે પોતાનું પણ સારું ન કરે અને બીજાનું પણ ન કરે, એ સૌથી ખરાબ મનુષ્ય છે. શ્રેષ્ઠ મનુષ્ય એને કહેવાય, બુદ્ધે એમની પ્રિચીંગમાં કીધું છે કે, જે પોતાનું પણ કલ્યાણ કરે, બીજાનું પણ કલ્યાણ કરે એને શ્રેષ્ઠ મનુષ્ય કહેવાય.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ ભાગ્ય વિધાતાનું મંદિર છે, અહીંયા સદસ્યોનું જ જો કલ્યાણ થતું ન હોય, માનનીય સદસ્ય જો કૂદકો મારીને નીચે પડવાની વાત કરતા હોય, સદસ્યના સુખાકારીની જો ખેવના કરવામાં આવતી ન હોય તો આ બાબતનું હું નિકંદન, એનું ખંડન કરું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, કંઇ છે, કશું બાકી રહી ગયું છે ?

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : સાહેબ, બાકી ? ઘણું બાકી છે.

અધ્યક્ષશ્રી : એમણે નહીં, એમણે ન હતી કરી,

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મહિલાઓની ચિંતા, હમણાં હમણાં જે ઔદ્યોગિકરણના કારણે ગામડાંઓ તો ખેતી ભાંગવાના કારણે ભાગી ગયા, અને ગામડાની પ્રજાએ ઉદ્યોગો ઉપર આધાર રાખવો પડે છે, ગામડાંઓમાંથી ૫૦–૫૦ કિ.મી. દૂર ગામની દીકરીઓ મજૂરી કરવા જાય છે અને એની ઉંમર અઢાર વર્ષની હોય, આપ પણ જાણો છો, અઢાર વર્ષની ઉંમર આપણને પણ અક્કલ અડી ન હતી. આપણે કેવા કેવા નિર્ણયો લીધા, એટલે અઢાર વર્ષની ઉંમરે એ દીકરીઓને કોઇપણ પુરુષો એને ફોસલાવી, પટાવી નવા નવા સ્વપ્નાઓ દેખાડી ભગાડી જાય છે. અને પછી એ દીકરીઓ પછતાય છે એટલે આ જે એની લગ્ન કરવાની ઉંમર ૧૮ વર્ષ છે એ ૨૩ વર્ષ કરવામાં આવે તો કદાચ એમને નિર્ણયો લેવામાં સરળતા રહે અને લવ જેહાદનો કાયદો પણ આપણે લાવવો ન પડે.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી આવાસના સંદર્ભમાં સરકારશ્રી દ્વારા જે નક્કર અને પરિણામલક્ષી કામગીરી થઇ રહી છે તેના અનુસંધાનમાં મારા વિચારો રજૂ કરું છું. છેવાડાના માનવી સુધી સરકારી યોજનાનો લાભ પહોંચાડવો તથા જરૂરિયાતમંદોને જુદી જુદી સવલતો આપવા માટે આ સરકાર કટ્ટીબદ્ધ છે. જે કહ્યું તે કર્યું. આ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને ઉપ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આ સરકાર પોલીટીકલ વીલ સાથે ચલાવી રહ્યા છે. પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે કહ્યું હતું કે ભારતની દરેક વ્યક્તિ એક ડગ ચાલે તો ૧૩૦ કરોડ ડગ દેશના વિકાસ પથ ઉપર આગળ વધે છે. આ બધું ત્યારે જ શક્ય બને કે દરેક વ્યક્તિ શાંતિથી પોતાના ઘરમાં રહી શકે. અહીં આવાસ મુખ્ય શબ્દ છે. ગુજરાતી શબ્દકોશમાં આવાસ શબ્દની વ્યાખ્યા કરતા લખ્યું છે કે આવાસ એટલે નિવાસસ્થાન, નિવાસસ્થાન એટલે નીજનો વાસ, નીજ એટલે મનુષ્યનો આત્મા, જે વસવાટના સ્થાનમાં વસતો હોય છે. નિવાસસ્થાનમાં પરિવાર વસવાટ કરતો હોય છે. ચાર અથવા પાંચ વ્યક્તિનો બનેલા પરિવારનું નિવાસ સ્થાન સુખમય હશે, આરામદાયક હશે, સ્વચ્છ હશે, સુરક્ષિત હશે તો પરિવાર માટે આ નિવાસસ્થાન વિકાસના અનેક સોપાન સર કરવાનું મજબૂત સ્થાન રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસ યોજનાના આયોજન અને અમલીકરણ પાછળ ભારતીય જનતા પાર્ટીનો એક જ શુભ ઉદેશ રહેલો છે કે પ્રત્યેક પરિવાર સુખી થાય, પ્રત્યેક પરિવાર સુખી થશે તો પ્રત્યેક સમાજ સુખી થશે, પ્રત્યેક સમાજ સુખી જીવન જીવતો હોય તો ગુજરાત આપો આપ પ્રગતિના નીત નવા સોપાન સર કરશે. આપણું ગુજરાત વિકાસની સર્વોચ્છ ટોચ અવસ્થા પ્રાપ્ત કરશે. ઘરનું ઘર હોવું એ દરેક નાગરિકનું સૌથી મોટું સ્વપ્ન હોય છે. હવે આ સ્વપ્ન સાકાર થઇ રહ્યું છે. કારણ કે રાજ્ય સરકારની મુખ્યમંત્રી આવાસ યોજનાથી લોકોને મળી રહી છે છત, વિકાસની હરણફાળ ભરી રહેલું રાજ્ય અનેકવિધ યોજનાઓ થકી લોકોના સર્વાંગી વિકાસ માટે પણ પ્રયત્નશીલ છે. જરૂરિયાતમંદ અને ગરીબોને પાયાની સુવિધાઓ પૂરી કરવા રાજ્ય સરકાર અનેક યોજનાઓ લાવી રહી છે. લોકો પોતાના ઘર માટે જીવનભર મહેનત કરે છે છતાં પણ ઘરના ઘરની છત નસીબ નથી થતી. પરંતુ કેટલાક સમયથી રાજ્ય સરકારે મુખ્યમંત્રી આવાસ યોજના અમલમાં મૂકી છે. ગરીબ અને મધ્યમ વર્ગના ભાડે રહેતા લોકો માટે આ યોજના આશીર્વાદ સમાન સાબિત થઇ છે. આ યોજનાથી અનેક લોકો ઘરના માલિક બન્યા છે. પોતાનું ઘર મળવું તે કોઇ સ્વપ્નથી ઓછું નથી. હવા ઉજાશથી ભરપુર ઘર, ૨૪ કલાક પાણીની સુવિધા, આધુનિક લિફ્ટની સુવિધા, ગે લાઇથી કનેકટ ઘર, બાળકોને રમવા માટે ગાર્ડનની સુવિધા આપવામાં આવે છે. આ સાથે નવા મકાનોની પ્રાઇવેટ સ્કીમ હોય એનાથી પણ સારા મકાનો સરકાર બનાવી રહી છે. સુવિધાભર મુખ્યમંત્રીશ્રી આવાસ યોજનાથી અનેક લોકો આકર્ષાઇ રહ્યા છે. સરકારનો નિર્ધાર છે કે દરેકના માથા ઉપર છત હોવી જોઇએ એના લીધે સરકાર વધારેમાં વધારે મકાનો બનાવી રહી છે. પ્રધાનમંત્રીશ્રી આવાસ યોજના અને મુખ્યમંત્રીશ્રી આવાસ યોજના દ્વારા દરેકને પોતાનું ઘર મળે એના માટે અથાગ પ્રયત્નો સરકારશ્રી દ્વારા કરાય રહ્યા છે. આ બજેટમાં આ વર્ષે ૫૫ હજાર નવા આવાસો માટે ૯૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આ બજેટને હું અનુમોદન આપું છું.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદનશીલ સરકારના પીઢ અને અનુભવી નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો પશુપાલન વિશે રજૂ કરવા માટે ઉભો થયો છું.

આ બજેટમાં ખેડૂતોનું હિત અને સૌના કલ્યાણ માટેનો વિચાર કરવામાં આવ્યો છે. આપણી કહેવત છે કે ગાય, ગંગા અને ગીતાથી વિશેષ મહત્ત્વની આ સંસ્કૃતિની પ્રગતિ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે એ પશુપાલન અને ડેરી ઉદ્યોગના વિકાસ માટે પ્રતિબધ્ધ છે. આ બજેટમાં કૃષિ અને સહકાર વિભાગ માટે કુલ રૂપિયા ૭૨૩૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આપણા દેશમાં પશુપાલન એક સમયે ખેતીનો પૂરક વ્યવસાય ગણાતો હતો પરંતુ હવે વર્તમાન સમયમાં પશુપાલન ખેતીને સમતોલ વ્યવસાય બની ગયો છે. પશુપાલન ગ્રામ્ય સંસ્કૃતિના ભાગની સાથે ગ્રામીણ લોકોની આર્થિક જરૂરિયાત પૂરી કરતો વ્યવસાય છે. ગામડાંની સાથે નાના મોટા શહેરોમાં પણ ઘણા લોકો પશુપાલનને વ્યવસાય તરીકે સ્વીકાર્યો છે અને એના થકી આવક પણ મેળવે છે અને દેશમાં આવેલી શ્વેતક્રાંતિનો ભાગ પણ બને છે. આવા પશુપાલકના

હિતોને ધ્યાનમાં રાખીને વર્તમાન ભારત સરકારે અને રાજ્ય સરકારે ઘણા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. સાથે કોરાના સંકટથી ઉભા થયેલા આર્થિક સંકટને નાથવા લીધેલા પગલાં માટે આર્થિક પેકેજની ઘોષણા કરી છે તેમાં પશુપાલકો અને તેમના પશુપાલનના વ્યવસાય માટે ઘણી મહત્ત્વપૂર્ણ જોગવાઇઓ કરી છે. ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે દૂધાળા પશુઓની ડેરી ફાર્મની સ્થાપના બકરા એકમની સ્થાપના એના માટે આ બજેટમાં ૮૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર માટે રૂપિયા ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. કરૂણા એમ્બ્યુલન્સ ૧૯૬૨ હેલ્પલાઇન સેવા માટે રૂપિયા ૭ કરોડની પણ જોગવાઇ કરવામાં આવી છે. દૂધાળા ગીર, કાંકરેજ ગાયોના પશુ ફાર્મની સ્થાપના માટે દૂધ તથા દૂધની બનાવટોના વેચાણ દ્વારા સ્વરોજગારી ઉભી કરવા માટે રૂપિયા ત્રણ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની પારદર્શક સંવેદનશીલ અને નિર્ણાયક અને પ્રગતિશીલ સરકારે સૌનો સાથ, સૌનો વિકાસ એ મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા સરકારે અનેક પ્રજાલક્ષી અને પ્રજા કલ્યાણકારી નિર્ણયોનો અસરકારક અમલીકરણ કરેલ છે. ગરીબ અને મધ્યમ વર્ગના ખેડૂતો-પશુપાલકોને ગુણવત્તાયુક્ત બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, કોલ્ડ સ્ટોરેજની સુવિધા, પાક મૂલ્ય સંવર્ધન યોજના, નાણામંત્રી ફસલ વીમા યોજના, અનુસૂચિત જાતિ-જનજાતિ તથા નાના સિમાન્ત ખેડૂતોને ખેતઉપયોગી ઓજારની કીટ્સ તેમજ ખેડૂતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટ્રેક્ટરની ખરીદી માટે નાણાકીય સહાયની અનેકવિધ યોજનાઓ ખેડૂતો અને પશુપાલકોના હિત માટે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબના ૦.૫ ટ્રિલિયન ડોલર ઇકોનોમીના સ્વપ્નને સાકાર કરવા કૃષિ, પશુપાલન અને ડેરી ઉદ્યોગક્ષેત્ર અગત્યનો ફાળો આપે છે. ગુજરાત રાજ્ય દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં દેશમાં અગ્રીમ હરોળમાં છે. હાલમાં રાજ્યના ૨૨ દૂધ ઉત્પાદક સંઘ કાર્યરત છે. ડેરી સંઘોની દૈનિક ઉત્પાદન ક્ષમતા ૨૬૨.૬૩ લાખ લીટર છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન રાજ્યના દૂધ ઉત્પાદક સંઘો દ્વારા દૈનિક ૨૦૩.૪૩ લાખ લીટર દૂધ એકત્રિત કરવામાં આવતું હતું. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન રાજ્યમાં ૧૫૨.૯૨ લાખ મેટ્રીકટન દૂધ ઉત્પાદન નોંધાયેલ છે. ગરીબ કલ્યાણલક્ષી યોજનાઓ થકી દરિદ્રનારાયણના સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર સંકલ્પબદ્ધ છે. ૪૭.૬૪ લાખ બીમાર પશુઓની સારવાર કરવામાં આવી છે અને ૨૦૬.૨૯ લાખ પશુઓને રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યના પુશધન અંગે ચિંતા કરતી અમારી સરકાર દ્વારા બિમાર પશુઓની સારવાર માટે હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. રાજ્યના પશુપલકોને તેઓના પશુઓને ઘરઆંગણે સારવાર મળી રહે તે માટે સરકાર દ્વારા ૪૧૦ ફરતા પશુદવાખાના પણ શરૂ કરવામાં આવ્યા છે. આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે ખેતી સાથે પશુપાલન કરતા ખેડૂતોની આવક વધારવી ખૂબ જ જરૂરી છે અને અમારી સરકાર ખેડૂતોની આવક બમણી કરવા માટે પ્રતિબદ્ધ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના ઉપમુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર લઇને આવ્યા છે એ બાબતે થોડી વાત કહેવા માટે ઉપસ્થિત થયો છું ત્યારે એક કહેવત દ્વારા મારે મારી વાત શરૂ કરવી છે. જે કહેવત સંદર્ભે કદાચ સત્તા પક્ષને વિચાર કરતા કરી મૂકશે અને અમારા પક્ષે એક આશાનું નવું કિરણ ઉભરીને આગળ આવશે. એ વાક્ય છે 'આ દિવસો પણ ચાલ્યા જશે.' સત્તા કાયમ રહેતી નથી. વિપક્ષ પણ કાયમ રહેતો નથી એટલે જેને કુદરતે સત્તાસ્થાને બેસાડ્યા છે એ જો કદાચ બહુ અભિમાનની ભાષામાં વાત ન કરે તો હું એવું માનું છું કે આ રાજ્યની જનતા જનાર્દન માટે વ્યાજબી રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પોતાના વિભાગ માટે અંદાજે રૂપિયા ૧૧,૧૮૫ કરોડનું બજેટ લઇને આવ્યા છે. એ સંદર્ભે મારે એક પોલિસી માટે સરકારશ્રીનું ધ્યાન દોરવું છે. દર વર્ષે આ રાજ્યની અંદર અને આમ તો દેશની અંદર ચોમાસુ જૂન, જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર આ ચાર મહિના માટે હોય છે ત્યારે માર્ગની મરામત માટે અથવા તો નવા રસ્તાઓ બનાવવા માટેનું આયોજન જો આ ચાર મહિનામાં થઇ શકે તો ચાર મહિના પછી જેવું ચોમાસુ પૂરૂં થાય એવા સીધા રસ્તાઓના રિપેરીંગ કામ શરૂ થાય અથવા તો નવા રસ્તાઓના કામ જો શરૂ થાય તો આ રાજ્યની જનતાને હાલાકી ઓછી ભોગવવી પડે. આ વખતની વાત કરીએ તો ચોમાસુ વિતી ગયું એને ચાર-પાંચ મહિના જેટલો સમય પસાર થયો હોવા છતાં મોટા ભાગના વિધાનસભા વિસ્તારોમાં રસ્તાઓ રિપેર થયા નથી અથવા તો નવા રસ્તાઓના કામ શરૂ થયા નથી. તો એક બજેટ આવી પોલિસી માટે જો ફાળવવામાં આવે કે જેથી કરીને ચાર મહિનાની અંદર બધા જ પડતર પ્રશ્નોની કામગીરી થાય અને જેવું ચોમાસુ પૂરૂં થાય એવા રસ્તાઓના કામ શરૂ થાય. તો હું એવું માનું છું કે આ રાજ્યની, આ દેશની જનતા માટે એક સુખદ નિર્ણય હશે.

માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગના કોન્ટ્રાક્ટરો જ્યાં સત્તા પક્ષના ધારાસભ્યો ચૂંટાય છે ત્યાં તો ઠીક છે. પણ આ રાજ્યની અંદર એટલી બધી વિધાનસભાની સીટો છે કે જ્યાં વિરોધપક્ષના ધારાસભ્યશ્રીઓ જ્યાં ચૂંટાયા છે એની હાલત જો એક વખત ચકાસવામાં આવે ને તો હું એવું માનું છું કે સરકારશ્રીને ખ્યાલ આવશે, એક તો માંડ માંડ કામ કરવા છે, માંડ માંડ કામ કરાવવા છે અને એમાં પણ અમુક ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા અધિકારીઓને દબાવવામાં આવે છે કે જો તમે આ કામ કરશોને તો તમારી ઉપર અમે તપાસ ઉભી કરીશું, તમારી ઉપર અમે બીજી ત્રીજી રીતે કંઇક કરીશું, આ અમને વ્યાજબી નથી લાગતું એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છું છું કે જે કોન્ટ્રાકટરને આપણે કામ આપીએ છીએ એમાં ટર્મ્સ એન્ડ કન્ડીશન નાંખીએ કે ત્રણ વર્ષ કે પાંચ વર્ષ કે સાત વર્ષ સુધી મરામતની જવાબદારી તમારી તો કદાચ

કોન્ટ્રાકટરને કે અધિકારીને જો દબાવવાની વાત કરે તો એ એના તાબે ન થાય અને જો એ તાબે ન થાયને તો જ આ રાજયની અંદર અને આ દેશની અંદર રસ્તાઓના કામો સુધરશે એવું હું સ્પષ્ટપણે માનું છું. મધ્ય ગુજરાત હોય, ઉત્તર ગુજરાત હોય કે દક્ષિણ ગુજરાત હોય, આ બધા જ વિસ્તારોમાં ડી.બી.એમ. અને બી.સી. પ્રમાણેના રસ્તાઓની સંખ્યા વધુ છે. સૌરાષ્ટની અંદર ડી.બી.એમ. અને બી.સી.ના રસ્તાઓનું પ્રમાણ ખૂબ ઓછું છે એટલે એવું સ્પષ્ટપણે કહી શકાય કે સૌરાષ્ટ્રના રસ્તાઓ કહેવાતી વાત મુજબ યોગ્ય રીતે બનતા નથી તો આ યોજના પણ જો એમાં લાગુ કરવામાં આવે. જેથી કરીને આખા ગુજરાતમાં બધી જગ્યાએ રસ્તાઓ સારી રીતે થઇ શકે એવું કહી શકાય. મોટા ભાગે એસ.ટી. બસો બંધ થઇ છે, આ એસ.ટી. બસો બંધ થવાનું જો કોઇ કારણ હોય તો આ રસ્તાઓ જુના જે ઓછી પહોળાઇવાળા હતા એ આજે એજ સ્થિતિમાં છે તો આવા રસ્તાઓ જો સમયાંતરે પહોળા કરવામાં આવે તો ઘણું બધું સારું થઇ શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય ઉપમુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને રાજય સરકાર, કેન્દ્ર સરકારમાં ભલામણ કરે એવી એક વાત પણ હું ધ્યાને મૂકવા ઇચ્છું છું. વર્ષ ૨૦૧૪માં જયારે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રમાં સરકાર બની, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી આપણા વડાપ્રધાન બન્યા ત્યારે વર્ષ ૨૦૧૪માં ભાવનગરથી લઇ સોમનાથ સુધીનો નેશનલ હાઇવેનો રસ્તો નવો બને એના માટેનો શીલાન્યાસ થયો. આજે આટલા વર્ષો થયા હોવા છતાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર ટનાટન ચાલે છે પણ ભાવનગરથી સોમનાથ જવા માટેનો રસ્તો એક પણ જગ્યાએ યોગ્ય નથી. કયારેક તો ધારાસભ્યના બોર્ડવાળી ગાડી લઇને નીકળીએ અને સામે કોઇક મળેને તો શરમ આવે કે આ પાટીયા ઉતારી લેવા જોઇએ એટલા માટે વિનંતી કરું છું કે આ બાબતે પણ કંઇક રાજય સરકાર ગંભીરતાથી કેન્દ્ર સરકાર સાથે જો ચર્ચા કરે તો આ રાજયના લોકો માટે અને ખાસ કરીને આપણું પ્રથમ જયોતિર્લીંગ છે એ રસ્તે જવા માટેની સુખાકારી વધી શકે. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ બાબતમાં એટલું કહેવું છે કે કયાંય મારા ધ્યાન ઉપર એવું વાંચવામાં આવ્યું નથી કે જુના અને જર્જરિત વાયરોને બદલાવવા માટે અથવા તો જે સેકશન ઉપર ખુબ વધુ લોડ છે એ લોડને ડીસ્ટ્રીબ્યુટ કરવા માટેની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી હોય તો માનનીય મંત્રીશ્રીનું ધ્યાન એ બાબતમાં દોરવા ઇચ્છું છું કે આગામી સમયની અંદર જે જૂના જર્જરિત વાયરો છે, રાજુલા, જાફરાબાદ, ખાંભા સહિતના આખાએ ગુજરાતની અંદર જેમ બને એમ ઝડપથી આ વાયરો બદલે અને સેકશન સુવિધા ઉપલબ્ધ થાય. એક છેલ્લે મુદ્દે આપના માધ્યમથી ફરી વખત રાજય સરકારશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છું છું કે રાજય સરકારશ્રી દ્વારા કેન્દ્ર સરકારશ્રીનું જો ધ્યાન દોરવામાં આવે તો મારા અને તમારા ભોજનમાં જમતી વખતે જે મીઠાથી હું અને તમે રોજીંદો ખોરાક સ્વાદ સાથે લઇ શકીએ છીએ એવા અગરીયાઓની જિંદગી આજે બેસ્વાદ જયારે થઇ રહી છે ત્યારે આગામી સમયમાં આવા લોકો માટે પણ કંઇક પોલિસી બને જેથી કરીને અગરીયા સમાજ માટે પણ અને નાના, મજૂર વર્ગ માટે મેં અને તમે કંઇ કર્યું ગણાય. કચ્છના નાના રણની અંદર વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી જાહેર થયા પછી પરંપરાગત મીઠું પકવતા અગરીયા પરિવારોના જે અધિકારો છીનવાયા છે એના માટે ચોક્કસ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર કંઇક કરે તો એના માટે પણ સારું થશે અને અગરિયાઓને જે ભાવો આપવામાં આવે છે એ ટેકાના ભાવે જેમ ખેડૂતોનો ટેકાના ભાવે માલ ખરીદીએ છીએ એમ આ લોકોનું પણ જો ટેકાના ભાવે મીઠું ખરીદવામાં આવે તો એના માટે પણ સારું થાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વિનંતી કરું છું કે અત્યારે જુદા જુદા તાલુકામાં મીઠાના ભાવો જુદા જુદા છે. એક જ પ્રકારનો ખર્ચ છે, એક જ પ્રકારનું ઉત્પાદન છે પણ જિલ્લાની અંદર મીઠાના ભાવો જુદા જુદા છે ત્યારે સરકારશ્રી આખા ગુજરાતની અંદર મીઠાના ભાવો એક જ પ્રમાણે જો કરે તો સારું થશે. છેલ્લી એક વાત કે એક માહિતી પ્રમાણે ભાવનગર સહિતના વિસ્તારોમાં મોટા ઉદ્યોગપતિઓને એક જ દિવસમાં જુદી જુદી મંજૂરીઓ રાતોરાત મળી જાય છે ત્યારે બે એકરથી વીસ એકર ધરાવતા નાના અગરીયાઓને લીઝની રીન્યુ અથવા તો પરમિશન ૧૫-૨૦ વર્ષ સુધી નથી મળતી. એટલે આપના માધ્યમથી વિનંતી કરું છું કે સરવે સમાજને, સરવે વિસ્તારને સાથે લઇને બજેટની અંદર થોડી ઘણી જોગવાઇઓ કરવામાં આવે તો સરવે સુખીના સન્તુ સાથે હું એવું માનું છું કે આ રાજયના તમામ વર્ગનું સારું થશે. આપનો ખુબ ખુબ આભાર.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા**(**કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા પર ભાગ લેતા માર્ગ અને મકાન ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ તથા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપીશ કે તેઓએ આ વર્ષે ઐતિહાસિક બજેટ આપ્યું. હું જ્યારે પણ ગાંધીનગર આવું અને માનનીય મુખ્યમંત્રીશ્રીને મળું ત્યારે અમારા નાના નાના રસ્તા અંગે માગણીઓ હોય છે એ એમણે સંતોષી છે અને આ ગૃહમાં આપ સર્વે વચ્ચે મારે સ્વીકારવું પડે કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ હંમેશા મારા રસ્તાની માગણી સ્વીકારી છે અને એ બદલ એમને અભિનંદન આપું છું. હું જ્યારથી ધારાસભ્ય બન્યો ત્યારથી આજ સુધીમાં આર.એન્ડ બી.(પંચાયત) દ્વારા રૂપિયા ૧૭૧.૨૬ કરોડના ખર્ચે ૯૦ રસ્તા અને આર.એન્ડ બી (સ્ટેટ)ના ૪૮ કિલોમિટરના રૂપિયા ૪૧.૧૮ કરોડના ૮ રસ્તા રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે અને એમાંથી ૭૦ ટકા કામો પૂર્ણ થઇ ગયા છે. એટલે આ તકે મારા વિસ્તારવતી રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : આટલું બધું બોલો છો તો બીજાને ઈર્ષા થશે.

ફાલ્ગુન ૧૯, ૧૯૪૨ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં સુડા વિભાગમાંથી પણ ૭૫ કરોડ રૂપિયાના રસ્તા બન્યા છે એટલે મારા વિસ્તારમાં કુલ રૂપિયા ૩૦૦ કરોડ કરતા પણ વધારેના રોડ રસ્તાના કામો થયા છે. એવી જ રીતે આ સરકારે આ બજેટમાં માર્ગ અને મકાન વિભાગ માટે રૂપિયા ૧૧,૧૮૫ કરોડ જેવી માતબર રકમ ફાળવી છે ત્યારે એ સાબિત કરી દીધું છે કે આ સરકાર દીર્ઘદ્રષ્ટા છે. સરકાર સારી રીતે જાણે છે કે રાજ્યના સર્વાંગી વિકાસ માટે ઇન્ફ્રાસ્ટ્રકચર મહત્ત્વનો ભાગ છે. રાજ્યના લાંબાગાળાના વિકાસને વેગ આપવા માટે કનેક્ટિવિટી અતિ આવશ્યક છે. ગામથી તાલુકા મથક અને તાલુકા મથકથી જિલ્લા મથક અને ત્યાંથી રાજ્ય ધોરીમાર્ગ સુધી સુદ્રઢ કનેક્ટિવિટી સ્થાપી છે. હું ગૌરવ સાથે કહું છું કે અમદાવાદથી મહારાષ્ટ્ર સુધી આપણો નેશનલ હાઇ-વે અને એમાં કામરેજ ચાર રસ્તા ખાતે ડબલ સર્વિસ રોડ આપવામાં આવ્યો છે એ બદલ હું શ્રી નીતિનભાઇને ખુબ ખુબ અભિનંદન આપું છું. રોડ-રસ્તા, પુલોના કામો અનેક રીતે થયા છે. આ ૫ વર્ષમાં ૨૯ રેલવે બ્રિજ પૂર્ણ થયા છે અને ૭૫ પ્રગતિ હેઠળ છે. ૬૮ ઓવર બ્રિજ મંજૂર કર્યા છે. હવે કોઇ રેલવે ક્રોસીંગ પર થોભવાની જરૂર નહીં રહે. વણથંભ્યુ ગુજરાત અડચણ વિહોણું ગુજરાત. મને ખ્યાલ છે કે આગળના સમયમાં રેલવે ઓવર બ્રિજો, એપ્રોચ તૈયાર થઇ ગયા હોય પણ એમની મંજૂરીના હિસાબે રેલવેના ઓવર બ્રિજો પૂર્ણ થતા ન હતા. અહીંયા સૌ સભ્યો પણ જાણે છે કે પહેલા આપણે સુરતથી કે સૌરાષ્ટ્રથી ગાંધીનગર આવવા માટે ૮થી ૧૦ કલાક થતા હતા અથવા રસ્તામાં ગાડી રિપેર કરવા મૂકવી પડતી હતી. પંકચર પડ્યું હોય. આજે ગર્વ સાથે કહું છું કે, આજે આપણે ફોર વ્હીલર લઇને આવીએ છીએ ૯૦-૯૫ હજાર કિલોમિટર સુધી ટાયર બદલવા પડતા નથી. એના મૂળમાં રોડ-રસ્તા સારા બન્યા છે એ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી ઝાલાવાડિયા, આપ ચર્ચા ન કરશો. મારી સામે જોઇને બોલો.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : શ્રી પ્રતાપભાઇ બોલ્યા છે. એમના પપ્પા મારા મિત્ર છે. તેઓ લાલ બુલેટ રાખતા હતા અને આમાંથી કંઇક પડી જાય તો એ લેવા માટે પાછળ એક માણસને બેસાડતા હતા. આ પરિસ્થિતિ રોડની હતી (અંતરાય)

અધ્યક્ષશ્રી : આંતરિક ચર્ચા ઘણી થઇ ગઇ. ઘરની ચર્ચા ઘેર કરજો.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે અમદાવાદ-મુંબઇ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હાથ પર લઇને પૂણ્ય મેળવ્યું છે તો એમાં રાજ્ય સરકાર પણ શું કામ પાછળ રહે પૂરેપૂરો ગોવર્ધન પર્વત ના ઉંચકે પણ હાથથી ટેકો આપી શકાય તેવી રીતે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં રાજ્ય સરકારે પણ રૂપિયા ૧૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. એવી રીતે વિશેષ આનંદ એ છે કે ગ્રામ સડક યોજનામાં રૂ.૨૦૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત નોન-પ્લાન રસ્તાઓના બાંધકામ અને સુધારણા માટે અલાયદું આયોજન કરેલ છે. આ યોજનાનો લાભ સમગ્ર ગુજરાતના ગામડાઓને પ્રાપ્ત થયેલ છે તેનો સાક્ષી હું છું કારણ કે મારા વિસ્તારના ગામોમાં મુખ્યમંત્રી ગ્રામીણ સડક યોજનાનો લાભ મળ્યો છે. રાજ્ય સરકાર હસ્તકના કાર્યાલયો ઇમારતોનું નવીનીકરણ થઇ રહ્યું છે નવા બિલ્ડિંગો બની રહ્યાં છે. સરકારનો ઉત્સાહ દેખાઇ રહ્યો છે. મારા વિસ્તારની અંદર જોવા આવો ૧૨ પંચાયત ઘરો નવા બનાવ્યા છે. નાયબ મુખ્યમંત્રીશ્રી સાહેબે સૂચના આપી હતી કે ધારાસભ્યોએ એમની ગ્રાન્ટ અને તાલુકા એ.ટી.વી.ટી. ગ્રાન્ટમાંથી બનાવવા જોઇએ પણ અમે એ ઉદાહરણ પૂરું પાડયું છે ૧૨ પંચાયતો અમે બનાવી છે એ આવીને જુઓ તો આંખે ઊડીને વળગે એવી બનાવી છે. પાંચ લાખ રૂપિયા ધારાસભ્યની ગ્રાન્ટ, એ.ટી.વી.ટી. અને લોકોના સહયોગથી અમે રૂપિયા ૨૫-૨૫, ૩૦-૩૦ લાખના ખર્ચે પંચાયત ભવનો બનાવ્યા છે. એટલે આ સરકારને જેટલા પણ અભિનંદન આપું એટલા ઓછા છે. સામેવાળાઓને હારના કારણો દેખાતા નથી. પરંતુ અમારા માટે જીતનો એક જ મંત્ર છે ગુજરાતની પ્રજાની સેવા આ લોકો હજુ ગુજરાતની પ્રજાની નાડ પારખી શક્યા નથી પણ અમે સૌએ પ્રજાના હૃદયમાં સ્થાન મેળવ્યું છે. તેઓ માટે ચૂંટણી મહત્ત્વની હોય છે. જ્યારે ભારતીય જનતા પાર્ટી માટે સારું શાસન કરવા માટે મહત્ત્વની હોય છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય જશુભાઇ પટેલ.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ સાહેબ જ્યારે ૨૦૨૧-૨૨ માટે અંદાજપત્ર લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા માટે મોકો આપ્યો છે એના માટે હું આપનો ખૂબ આભારી છું. એક ખેડૂત પૂત્ર છું, પશુપાલક છું ત્યારે મારી પહેલી લાગણી એ છે કે માનનીય નીતિનભાઇ સાહેબ પણ એક ખેડૂત છે ત્યારે પશુપાલકોની જે હાલત છે, એમના પશુઓ માટે એમ્બ્યુલન્સ અને દવાની વ્યવસ્થા કરવા માટે હું સાબર ડેરીના ડિરેક્ટર તરીકે ૨૫ વર્ષથી સેવા આપું છું ત્યારે નાના બાળકો માટે દૂધ આપે છે અને આઇસક્રીમ બનાવવા માટે દૂધ પેદા કરે છે એ લોકોને એમના ઢોરની દવાની જરૂરિયાત પડે ત્યારે ૧૦૦-૨૦૦ રૂપિયા વિઝિટ ચાર્જ અમારી સાબર ડેરી અને અમૂલ ડેરી લે છે ત્યારે માનનીય નીતિનભાઇ સાહેબને હું વિનંતી કરું છું કે ગરીબ પશુપાલકો જે છાણ-મૂત્ર ભરે છે એમના ૨૦૦ રૂપિયા કપાય એના બદલે જો ગ્રાન્ટ ઇડ એડ કરીને આ ડેરીઓને એના પશુપાલનની દવા માટે જો આપવામાં આવે તો હું માનું છું કે ગરીબમાં ગરીબ છાણ-મૂત્ર ભરવાવાળા ગરીબ ખેડૂતો અને પશુપાલકો છે એમને સીધા મદદરૂપ થવા મારી નમ્ર વિનંતી છે. નં.૨, ખેડૂતો માટે સિંચાઇની સગવડની વાત કરું છું ત્યારે મારો વિસ્તાર પથરાળ વિસ્તાર છે. આગલા વર્ષે પણ મેં બજેટ વખતે આપ સાહેબને ખૂબ વ્યથાથી વિનંતી કરી હતી કે અમારા વિસ્તારમાં માત્ર બે ફૂટ માટી છે, નીચે કાળો ડીબાંગ પથ્થર છે, જ્યાં આગળ કોરીઓ છે. કોરીઓવાળા પાણી ખેંચીને બહાર ફેંકી દે છે જેથી ખેડૂતોની હાલત ખરાબ થઇ જાય છે ત્યારે એમને ખાસ કિસ્સામાં અમારા ખેડૂતો માટે લિફ્ટ ઇરિગેશન અગર તળાવો ભરવાની યોજના નહીં થાય ત્યાં સુધી અમારા ખેડૂતો ફાટેલા કપડામાંથી સારા

કપડામાં આવી શકે તેમ નથી. માટે માનનીય નીતિનભાઇ સાહેબને ખેડૂત તરીકે આ રાજ્યના નાયબ મુખ્યમંત્રી સંવેદનશીલ છે અને એમને ખૂબ યાદ શક્તિ છે અને મને યાદ છે કે હું મહેસાણામાં એક વખતે વિઝિટે ગયો હતો ત્યારે પહેલી મુલાકાતમાં મને નામ દઇને ચા–પાણી–નાસ્તાનું પણ પૂછ્યું હતું ત્યારે આ ખેડૂતોને કેવી રીતે ભૂલી ગયા? અમારા ખેડૂતો ખૂબ ખરાબ હાલતમાં જીવે છે ત્યારે તેમના પાણીની વ્યવસ્થા, ખેતીના પાણીની વ્યવસ્થા કરે એવી મારી નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓ માટેની જ્યારે વાત કરું છું ત્યારે મારા વિસ્તારની અંદર વાત્રક યોજના આવેલી છે. વાત્રક યોજનાથી બાયડ સુધી આવવાનો રસ્તો જે તે સમયે વાત્રક યોજનાએ કરેલો. અને પંચમહાલમાંથી આવતી સીધી ગાડીઓ અમદાવાદ સાથે જોડવા માટે વચ્ચે ૫ કિલોમિટરનો રસ્તો વાત્રક યોજના પાસે છે એને માર્ગ અને મકાનમાં ટેકઓફ કરવા માટે અમે વારંવાર રજૂઆત કરી છે. માનનીય નીતિનભાઇ સાહેબને હું વિનંતી કરું કે ત્રણ મીટર પહોળો રસ્તો છે બાકીનો રસ્તો સાત મીટર છે પણ એ જો કરી દેવામાં આવે તો પંચમહાલથી ગાંધીનગર અને અમદાવાદ આવતા લોકોને, મજૂરોને ૫૦ કિલોમિટરનું અંતર ઘટી જાય. એમનો ડીઝલ ખર્ચ ઓછો થાય, એમનું ભાડુ ઓછું થાય તો ગરીબો પણ સુખી થાય. મજૂર વર્ગને ફાયદો થાય તો આ મારી લાગણી છે એને ખૂબ ધ્યાનથી લે એવી મારી નમ્ર વિનંતી છે. હું આ મારી માગણીને ધ્યાને લેવા ખાસ ખાસ અપીલ કરું છું. હવે શિક્ષણની વાત કરું તો ક્ષમા માગું કે માનનીય શિક્ષણ મંત્રીશ્રી નથી, મેં ગયા વખતે બજેટ વખતે પણ મેં રજૂઆત કરેલી કે મારો અંતરિયાળ વિસ્તાર છે. રાજસ્થાનની નજીક આવેલો છે. ઓ.બી.સી. વિસ્તાર ગરીબ વિસ્તાર છે, પથરાળ વિસ્તાર છે અને ખૂબ આર્થિક રીતે પછાત વિસ્તાર છે. મારી ગરીબ દીકરીઓ ૬૦–૭૦ કિલોમીટર દૂર મોડાસા સુધી જઇ અને શિક્ષણ મેળવે છે. સૈદ્ધાંતિક રીતે આ ગૃહે સ્વીકારેલું છે, સરકારે સ્વીકારેલું છે કે તમામ તાલુકા મથકે આર્ટસ, કોમર્સ સાયન્સ કોલેજ આપવી પણ મારા વિસ્તારમાં એક પણ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ નથી તો માનનીય નીતિનભાઇ સાહેબ અહીંયા બેઠા છે, માનનીય શિક્ષણમંત્રીશ્રી નથી પણ મારી લાગણી આપના માધ્યમથી એમના સુધી પહોંચાડું કે મારા તાલુકાની દીકરીઓ આજે પણ પરિસ્થિતિ એવી છે કે અમારી દીકરીઓને રાજસ્થાનમાં જવું પડે છે ત્યાં પરણાવવી પડે છે. કારણ કે શિક્ષણ ઓછું છે એટલે અમારો વ્યવહાર રાજસ્થાન સાથે થાય છે. અમારી દીકરીઓને ભણવા માટેની કોઇ સગવડ નથી. દીકરાઓને તો મોકલી શકીએ પણ દીકરીના બાપ તરીકે મારી એક વ્યથા છે કે અમારી દીકરીઓને ૭૦ કિલોમીટર દૂર મોકલીએ એના બદલે માલપુર તાલુકામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ આપો. ગયા વખતે પણ મેં આ રજૂઆત કરી હતી અને એનો જવાબ પણ મને મળ્યો છે. મેં કાગળ વારંવાર લખ્યા છે ત્યારે એમણે જવાબ આપ્યો છે હાલ કોઇ યોજના નથી ત્યારે મારી નમ્ર વિનંતી છે કે આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજ આપો અને હું તો કહું છું માનનીય નીતિનભાઇને કે આપ આવો, અમારી સંસ્થાઓમાંથી જેટલો થાય એટલો ફાળો આપવા તૈયાર છીએ. અમારું ગામ ભાંગી ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માલપુરમાંથી ૪૦ ટકા વસ્તી માઇગ્રેન થઇને મોડાસા આવી ગઇ છે કારણ માત્ર શિક્ષણનું છે ત્યારે આપને નમ્ર વિનંતી છે કે અમારા તાલુકાને આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજ આપો અને એ વિસ્તારની પ્રજાને ન્યાય આપો. ખાસ કરીને શિક્ષણની વાત કરું છું ત્યારે બીજો એક મુદ્દો છે માનનીય શિક્ષણ મંત્રીશ્રી અહીંયા નથી અમેરિકાની સરકારે વર્ષ ૨૦૦૨ની અંદર નો ચાઇલ્ડ બિહાઇન્ડ એકટ નામનો કાયદો બનાવ્યો. હું જિલ્લા શિક્ષણ સમિતિનો ચેરમેન હતો. રાજયના શિક્ષણ અને નાણામંત્રીને મેં વારંવાર કાગળ લખ્યા. મારા ૫૦૦ જેટલા ઓરડા નોનયૂસ કરીને આજે બાળકો બહાર બેસે છે મારા વિસ્તારમાં. આદરણીય અધ્યક્ષસાહેબ, મારી આ વ્યથા છે કે પ્રાથમિક શિક્ષણ માટે પણ બાળકોને બહાર બેસવું પડે છે. મેં એક વાત પણ કરી હતી કે બાયડ તાલુકાના નદીના કિનારે આવેલું એક ગામ છે. નદીમાંથી મગરના બચ્ચા શાળામાં આવી જાય છે. આ પ્રકારની પણ રજૂઆત કરી હતી તેમ છતાં એનો ઉકેલ આજ દિન સુધી આવ્યો નથી. જો શિક્ષણ માટે આટલી બધી ચિંતા કરવાની હોય તો એક શિક્ષણના જીવ તરીકે મારે ન કહેવું જોઇએ તો પણ હું કહું છું હું મારી લાઇબ્રેરીમાં ૨૫૦૦ પુસ્તકો રાખું છું. ૨૪ કલાકમાંથી ૪ કલાક હું શિક્ષણ અને એના વાંચનમાં કાઢું છું ત્યારે મારા બાળકો માટે ચિંતા છે એટલા માટે માનનીય નીતિનભાઇસાહેબને વિનંતી કરું છું કે મારી પ્રાથમિક શાળાઓની જે હાલત છે એ જોઇને મારા ઓરડાઓની જે જરૂર છે એ મને કરી આપજો. આપની જવાબદારી છે. નાયબ મુખ્યમંત્રી નહીં પણ હું તો સારા દિવસો જોવા માટે એક નંબર જોવા ઇચ્છું છું. આપ યાદશક્તિવાળા અને સંવેદનશીલ છો તો મારી આ વ્યથા સાંભળો. કાયદો અને વ્યવસ્થા માટે આદરણીય જાડેજા સાહેબ અત્યારે હાજર નથી પણ મારી એક વિનંતી છે કે એમણે ફાળવેલા બજેટની અંદર માનનીય નીતિનભાઇ વધારે ફાળવણી કરજો કેમકે આ રાજયની અંદર પોલીસ સ્ટેશને જઇએ અને વાંચીએ છીએ હું આપને શું મદદ કરી શકું ? એના બદલે ત્યાં હેરાનગતિ થાય છે. આ રાજયના મંત્રી કાનાણી સાહેબના દીકરા સાથે પણ જે વ્યવહાર થયો હતો એ આ ગૃહના બધા જ સભ્યોએ જોયું છે અને અમારી સાથેના વ્યવહારની પણ જયારે વાત કરું ત્યારે હું એમ કહું છું કે તમામ પોલીસ સ્ટાફને સ્પાઇકેમેરા આપવા જોઇએ કે એમના વર્તનની ખબર રાજયની જે ધૂરા સંભાળવાવાળા છે એમના સુધી પહોંચી શકે કે પોલીસ જે રીતે વર્તન કરે છે અને આમ પ્રજા ઉપર કયારેક ડંડો મારવાની વાત, કોઇને અંદર મૂકી દેવાની વાત, કોઇને ધમકાવવાની વાત આવે ત્યારે માનનીય નીતિનભાઇને વિનંતી કરું છું કે માનનીય જાડેજા સાહેબને થોડું બજેટ વધારે ફાળવજો. તમામે તમામ જગ્યાએ સ્પાઇ કેમેરા હોય તો ન્યાય મળશે. આટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા(વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચાનો આજે પહેલો દિવસ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના વડપણ હેઠળ અમારા લોકલાડીલા

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન આપવા છે કે સતત ૯મી વખત તેઓએ રાજ્યનું બજેટ રજૂ કર્યું છે અને વિશેષ અભિનંદન એટલા માટે આપવા પડે કે કોરાનાના કપરાકાળમાં પણ અમારી સરકારે જાળવી રાખેલ ગુજરાતના વિકાસની આ વણથંભી યાત્રાને વધુ વેગવાન બનાવવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ આગામી વર્ષ માટેનું રૂપિયા ૨ લાખ ૨૭ હજાર ૨૯ કરોડનું રજૂ કર્યું છે. તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજે અંદાજપત્રનો પહેલો દિવસ છે. બંને પક્ષના મિત્રોએ પોતાની વાતો, પોતાના વિચારો રજૂ કર્યા છે અને આપ સાહેબે પણ મને અંદાજપત્રમાં ભાગ લેવાની જે તક આપી છે, તે બદલ આપ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું.

આપ સૌ જાણીએ છીએ કે વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ જ્યારે કોરોના મહામારી સામે ઝઝુમી રહ્યું છે, ત્યારે આનંદની વાત એ છે કે આપણા ગુજરાતના પનોતા પુત્ર એવા પ્રજા વાત્સલ્ય રાષ્ટ્રનાયક શ્રી નરેન્દ્ર મોદી સાહેબના નેતૃત્વમાં ભારતે સમગ્ર દુનિયાને કોરોના સામેની લડાઇમાં દિશાસૂચક રાહ ચીંધી છે. સારવાર અને વેક્સિન બાબતમાં આજે ભારત વિશ્વની ફલક ઉપર મજબૂત રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આપણે એક નિર્ણાયક નેતાની મજબૂત સરકારમાં આપણને બધાને સહભાગી બનવાની તક મળી છે. કોરોના મહામારીના કઠીન સમયમાં પણ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતની પ્રજાની સેવામાં ખડેપગે ઉભા રહીને આ સરકારે જેટલું શક્ય બને એટલું કામ કરવાનો પ્રયત્ન કર્યો છે. અભૂતપૂર્વ કામગીરી કરી છે, એટલા માટે જ ભારતની નહિ વિશ્વની આરોગ્ય સંસ્થા કહી શકાય એવી ડબલ્યુ.એચ.ઓ. એ આ કામગીરીને વિશ્વ સ્તરે બિરદાવી છે. દેશની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા આઇ.આઇ.એમ. દ્વારા ગુજરાતમાં સરવે થયો અને નાગરિકોને મુશ્કેલીમાંથી બચાવવા માટે રાજ્ય સરકારે જે કામગીરી કરી છે. રાજ્ય સરકારે જે વ્યવસ્થા ઉભી કરી છે. એમાં ૮૦ ટકાથી વધુ ગુજરાતના નાગરિકોએ સંતોષ વ્યક્ત કર્યો હોવાનો આયામ દ્વારા બહાર આવ્યું છે. એ જ પ્રકારે ગુજરાતની નામદાર હાઇકોર્ટે તેમજ દેશની સુપ્રીમ કોર્ટે પણ ગુજરાત સરકારની કામગીરીને બિરદાવી છે. જે મહામારી છે એને નિયંત્રણમાં લાવી અને ગુજરાતની પ્રજાએ પણ સરકારના દરેક નિર્ણયનો પોતાનો અમૂલ્ય સહકાર આપ્યો છે. એ બદલ હું ગુજરાતની સાડા છ કરોડની જનતાનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના કરોડો કરોડો હિન્દુસ્તાનના આસ્થાનું કેન્દ્ર એવા ભગવાન શ્રી રામની જન્મભૂમિનો વિવાદ છેલ્લા ૫૦૦ વર્ષથી ચાલતો આવેલ હતો, પરંતુ હાલમાં જ સુપ્રીમ કોર્ટના માધ્યમથી આ વિવાદનો ઉકેલ આવેલ છે. ભગવાનશ્રી રામ સાથે ગુજરાતના આદિવાસી સમાજનો પણ ઇતિહાસ જોડાયેલ છે. માતા સીતાની શોધમાં ભગવાનશ્રી રામ ચાલતા ચાલતા અમારા નવસારી જિલ્લામાં અને ડાંગ જિલ્લામાંથી પસાર થયા, ત્યારે ભગવાન ડાંગમાં પધાર્યા અને આદિવાસી માતા શબરીના એંઠા બોર ખાધાનો ઇતિહાસ આપણે સૌ જાણીએ છીએ. ત્યારે આજે પણ માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે ભગવાન પણ ત્યાં ડાંગમાં પધાર્યા હતા અને આદિવાસી માતા શબરીના એંઠા બોર ખાધાનો પણ ઇતિહાસ આપણે સૌ જાણીએ છીએ. આજે પણ નવસારી જિલ્લામાં ઉનાઇ માતાનું મંદિર છે, ડાંગમાં શબરી માતાનું મંદિર છે, અંજનીકુંડ છે, પમ્પા સરોવર પણ આવેલ છે ત્યારે અમે સૌ આદિવાસી સમાજ માતા શબરીના વંશજો છીએ. ભગવાન શ્રી રામનું જયારે ભવ્ય મંદિર બનતું હોય ત્યારે આદિવાસી સમાજ પણ જે તે વખતે ભગવાન રામને મદદ કરવા માટે ખિસકોલીએ જે રીતે યથાશક્તિ મદદ કરી હતી તેમ અત્યારે ગુજરાતના તમામ આદિવાસી ગામડાંઓમાં મારો આદિવાસી સમાજ પણ ભગવાન શ્રી રામનું ભવ્ય મંદિર બને તેના માટે ૧૦ રૂપિયા, ૨૦ રૂપિયા, ૫૦ રૂપિયા, ૧૦૦ રૂપિયા યથાશક્તિ સહભાગી થવાનો પ્રયત્ન કર્યો છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારના સતત ૨૬ વર્ષના શાસનમાં શહેરથી લઇને છેવાડાના ગામડાંઓ સુધી સતત જે વિકાસ થયો છે તેના પરિણામે જ તાજેતરમાં પૂર્ણ થયેલ સ્થાજિક સ્વરાજની ચૂંટણીઓમાં ગુજરાતના ઇતિહાસમાં ભારતીય જનતા પાર્ટીને પ્રથમવાર મળેલ અભૂતપૂર્વ ભવ્યાતિભવ્ય કહી શકાય તેવો વિજય મળ્યો છે. તે ગુજરાતની પ્રજાનો સંવેદનશીલ અને ગતિશીલ સરકાર તથા નિર્ણાયક સરકારનું નેતૃત્વ કરતા અમારા બંને મહાનુભાવો શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબની ભારતીય જનતા પાર્ટીની સરકાર પ્રત્યે પ્રજાએ અતૂટ વિશ્વાસને વધુ સુદ્રઢ કરવાનું કામ આ ચૂંટણીમાં કર્યું છે. હાલમાં જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ થઇ તેમાં આ ગૃહના તમામ સભ્યો આ જે ઇતિહાસ બન્યો છે તેના સાક્ષી બન્યા છીએ. ૩૧ એ ૩૧ જિલ્લા પંચાયતો, ૮૧ નગરપાલિકાઓમાંથી ૭૫ નગરપાલિકાઓ, ૨૩૧ તાલુકા પંચાયતોમાંથી ૨૦૨ તાલુકા પંચાયતો અને છ મહાનગરપાલિકામાંથી છ એ છ મહાનગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીએ વિજય પ્રાપ્ત કર્યો અને કોંગ્રેસ પાર્ટીના સૂપડાં સાફ થઇ ગયા છે ત્યારે ભારતીય જનતા પાર્ટીને આટલું પ્રચંડ જન સમર્થન પ્રાપ્ત થયું છે તેમાં આ વિકાસનો વિજય છે. ગુજરાતને ઉત્તમથી સર્વોતમનો તરફ લઇ જવાનો જે વિકાસ થયો છે તેનો આ વિજય છે. અમારા શ્રી શૈલેષભાઇનું પ્રવચન મેં સાંભળ્યું. ગુજરાત આટલું સમૃદ્ધ હોવા છતાં અને ગુજરાત આટલું ઉત્તમથી સર્વોત્તમ હોવા છતાં શ્રી શૈલેષભાઇએ એક નાનકડી કવિતા કહી અને તેમાં ગુજરાતને ખાલીખમ કહ્યું ત્યારે મંત્રી તરીકે હું શ્રી શૈલેષભાઇને આપના માધ્યમથી ખૂબ સુંદર એક કવિતા કહીશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે સુંદર પુસ્તક અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ગઇકાલે અમને બધાને આપ્યું છે તેના પાન નં.૧૧૫ ઉપર આપે જ સૂચના આપેલી છે કે, ચર્ચામાં ભાગ લેનાર સભ્ય એ ચર્ચાનો જવાબ સાંભળવા ગૃહમાં હાજર રહેવું જોઇએ. માનનીય ગણપતભાઇએ માનનીય શૈલેષભાઇ અને બીજા સભ્યોનો જે ઉલ્લેખ કર્યો છે તે અહીંયાં ઉપસ્થિત જ નથી. આની નોંધ લેવાય અને તેઓશ્રીને સૂચના અપાય.

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : તેમાં નામ રદ કરવાનું નહીં, બરાબર છે. ચર્ચાનો જવાબ જ્યારે મંત્રી આપતા હોય ત્યારે...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે તે બોલ્યા હતા તો અમારા મંત્રી જવાબ આપે છે ને સાહેબ!

અધ્યક્ષશ્રી : બરાબર છે, આપની વાત સાચી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મંત્રીશ્રી જવાબ જ આપે છે.

અધ્યક્ષશ્રી : એ જ કહું છું, એ બોલ્યા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે હાજર રહેવું જોઇએ સાહેબ. આ અમારી લાગણી છે. બોલીને જતા રહેવાનું, દાવ લઇને ભાગી જવાનું એવું ના કરશો. દાવ લો ખરા અને દાવ આપો પણ ખરા.

અધ્યક્ષશ્રી : તે ચર્ચાનો જવાબ છે એવું કહેવું છે ને! ચાલો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય પ્રણાલિકા રહી છે. આપ સાહેબ અને પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણાયક નિર્ણયો રહ્યા છે કે, જ્યારે કોઇ માનનીય સભ્યશ્રીએ પોતાનું વક્તવ્ય આપ્યું અને તેનો જવાબ કોઇ મંત્રી આપતા હોય તો તેણે સ્વાભાવિકપણે હાજર રહેવું જોઇએ તેવા અનેક નિર્ણયો ભૂતકાળમાં આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇએ અમને કવિતા તો સંભળાવી ત્યારે હું આપના માધ્યમથી એક નાનકડી કવિતા કોંગ્રેસના મિત્રોને આ ગૃહમાં સંભળાવવા માગું છું,

"ચૂંટણીમાં પરાજયનો પર્યાય છે કોંગ્રેસ, જનતાની નજરમાંથી ઉતરી જવાનો પર્યાય છે કોંગ્રેસ
અને ચૂંટણી ભલે હોય વિધાનસભાની કે સ્થાનિક સ્વરાજ્યની પરાજયનો પર્યાય છે કોંગ્રેસ.
નથી નેતૃત્વ કે નથી નક્કર મુદ્દાઓ પોકળ વાતોનો પર્યાય છે કોંગ્રેસ,
માથા વિનાના ધડ જેવી સેનાપતિ વિનાની સેનાનો પર્યાય છે કોંગ્રેસ,
હારનું ઠીકરું કોના ઉપર ફોડવું એ માથું નથી મળતું એવી દયનીય દશાનો પર્યાય છે કોંગ્રેસ
અને વિકાસની વાતને વખોડનારા વિપક્ષો, *(xxx)
વિનાશને કિનારે લંગારેલ વહાણનો પર્યાય છે કોંગ્રેસ.''

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)એ શબ્દો બરાબર નથી રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, માનનીય ગણપતભાઇનો કહેવાનો ભાવાર્થ એ છે કે, લાયક એટલે નિયમમાં છે કે આટલા સભ્યોમાંથી આટલા ચૂંટાય તો જ વિપક્ષના નેતાનું પદ મળે.

અધ્યક્ષશ્રી : એમણે નેતાના પદની વાત કરી નથી, વિપક્ષને લાયક રહ્યા નથી એવું બોલ્યા છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ આવી ગયા છે, શ્રી શૈલેષભાઇનો આભાર માનું છું. ગુજરાતની પ્રજાએ ફરી એક વાર અમને સ્થાનિક કક્ષાએ સેવા કરવાની તક આપી છે એ બદલ ગુજરાતની જનતાનો ખૂબ ખૂબ આભાર માનું છું અને કોંગ્રેસની ગુજરાત વિરોધી માનસિકતા તથા નકારાત્મક રાજનીતિને ગુજરાતની પ્રજાએ પાયાથી નકારી કાઢી છે અને તેમને ફરી અરીસો બતાવવાનું કામ ગુજરાતની પ્રજાએ કર્યું છે અને છેલ્લા પચ્ચીસ વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતની પ્રજાએ કોંગ્રેસને વધુ એક વખત આત્મચિંતન કરવાની તક આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાઓમાં ગરીબો, વંચિતો અને આદિવાસી જનતામાં નકારાત્મક રાજનીતિને બદલે વિકાસની રાજનીતિ ગુજરાતની આ જનતાએ પસંદ કરી છે. હું ગુજરાતની જનતા માટે એટલું ચોક્કસ કહીશ કે આ સરકાર ગરીબો માટે કામ કરનારી સરકાર છે, વંચિતો માટે કામ કરનારી સરકાર છે, શોષિતો માટે કામ કરનારી સરકાર છે, યુવાનો માટે કામ કરનારી સરકાર છે, મહિલાઓ માટે કામ કરનારી સરકાર છે અને અમારા આદિવાસીઓ માટે કામ કરનારી સરકાર છે. અમારા શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન એટલા માટે આપવા પડે કે આ ભારતીય જનતા પાર્ટીનું, આ રાજ્ય સરકારનું ૪૦ ટકા કરતા વધારે બજેટ ગરીબો માટે સેવાકીય પ્રવૃત્તિઓમાં આ સરકાર વાપરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારીના સમયમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દૂરંદેશીથી લીધેલા લોકડાઉનના પગલાંને દુનિયાભરના લોકોએ બિરદાવ્યા છે. લોકડાઉન બાદ તેમણે રાષ્ટ્રને પૂર્ણ વિકાસની પટ્ટરી ઉપર ચડાવવા માટે રૂપિયા ૨૦ લાખ કરોડનું આત્મનિર્ભર ભારત પેકેજ જાહેર કરી દેશવાસીઓમાં પુનઃ ઉત્સાહ અને ઉમંગ ભરી દીધો છે. આપણી ગુજરાતની સરકારે પણ ૧૪ હજાર કરોડ રૂપિયાનું માતબર રકમનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ અમલમાં મૂકીને સમાજના દરેક સ્તરના ધંધા-રોજગાર કરનાર લોકોને આર્થિક સક્ષમતા જાળવી રાખવામાં આ રાજ્ય સરકારે ખૂબ મોટી મદદ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના વક્તાઓએ જણાવ્યું તેમ અમારી રાજ્ય સરકારે તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારે કોરોના કાળ દરમિયાન ગુજરાતનો એક પણ પરિવાર ભૂખ્યો ન રહે તેના માટે છ-છ મહિના, આઠ-આઠ મહિનાઓ સુધી અંદાજિત ૨,૫૦૦ કરોડ રૂપિયાનું અનાજ ગરીબોમાં વિતરણ કરવાનું કામ કર્યું છે એનું અમને ગૌરવ છે અને ગુજરાતની ગરીબ અને મધ્યમ વર્ગની જનતાએ આ મહામારીના સમયે રાજ્ય સરકારે કરેલી મદદ, સેવા ભૂલી નથી,

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ગરીબો, ખેડૂતો, વૃદ્ધો, વિધવા અને બહેનો એ ભારતીય જનતા પાર્ટીની સાથે અડીખમ ઉભા રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રકારે આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે અમારા શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, અમારા શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ કશું બાકી રાખવા માગતા નથી અને મને ગૃહમાં ગૌરવ સાથે કહેતા આનંદ થાય છે કે, પાંચ વરસ માટે અધધ કહી શકાય એવી ૧,૦૦,૦૦૦ કરોડ રૂપિયાની નાણાકીય જોગવાઇ સાથે વનબંધુ કલ્યાણ યોજના–૨(ટુ) ની બજેટમાં જાહેરાત કરી છે તો સમગ્ર ગુજરાતના આદિવાસી સમાજવતી બન્ને મહાનુભાવોનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

એ જ પ્રકારે દરિયા કિનારે રહેતા લગભગ ૭૦ લાખ જેટલા મારા સાગરખેડૂ સમાજના ભાઇ બહેનોનો સર્વાંગી વિકાસ થાય એના માટે પણ રાજ્ય સરકારે નવો અધ્યાય ઉમેરવા માટે બજેટમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. સાગરખેડૂ સર્વાંગી વિકાસ કલ્યાણ યોજના, ત્યારે ભૂતકાળમાં આવા ગરીબ સમાજને કોંગ્રેસની સરકારોના બજેટમાં ઉલ્લેખ પણ કરવામાં નહોતા આવતા. અમારા વડીલ શ્રી સુખરામભાઇ બેઠાં છે અહીંયા એમણે ચિંતા વ્યક્ત કરી. આદિવાસી વિસ્તારોમાં બેકારી છે રોજગારી નથી. શ્રી સુખરામભાઇ સાહેબને જણાવવા માગું છું કે આ કોરોના કાળ દરમિયાન સમગ્ર ગુજરાતમાં દસ લાખ કરતાં વધારે લોકોને નરેગા યોજના હેઠળ ગામડામાં રોજગારી પૂરી પાડવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય વરસોથી રોજગારી આપવામાં અગ્રેસર રહ્યું છે અને છેલ્લાં ચાર વરસમાં બે લાખ યુવાનોને પારદર્શક પ્રક્રિયાથી સરકારી નોકરી આપવામાં આવી છે. ૨૦૦૦થી વધુ રોજગાર ભરતી મેળાઓ કરીને ૧૧ લાખથી વધુ યુવાનોને રોજગારી, સ્વરોજગારી આપવાનું અમારી સરકારે કર્યું અને આ વખતે અમે એનાથી પણ આગળ વધીને આગામી પાંચ વરસમાં સરકારી કચેરીઓ હોય, બોર્ડ કોર્પોરેશનો હોય, અનુદાનિત સંસ્થાઓ હોય, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ હોય એમાં લાયકાત ધરાવતા ગુજરાતના ૨,૦૦,૦૦૦ યુવાનોની ભરતી અમારી સરકાર કરશે અને દરેક યુવાનને નોકરી આપવાનું કામ અને એમને રોજગારી આપવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરવાની છે.

બીજું, અમારા શ્રી સુખરામભાઇએ આદિવાસી વિસ્તારમાં સિંચાઇની ચિંતા કરી. અમારા શ્રી કાંતિભાઇએ પણ સિંચાઇની ચિંતા કરી અને જંગલની જમીનોની પણ ચિંતા કરી. શ્રી કાંતિભાઇને જણાવવા માગું છું કે, એમણે કહ્યું કે, આદિવાસી સમાજને જંગલની જમીનના પટ્ટાઓ મળ્યા નથી. વ્યક્તિગત દાવા હોય, સામૂહિક દાવા હોય, માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે ગુજરાતના ઇતિહાસમાં ક્યારેય પણ આદિવાસી સમાજને જંગલની જમીનો નથી મળી એટલી ૧૩ લાખ એકર જંગલની જમીનોના અધિકાર આપવાનું કામ કર્યું હોય તો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. હું શ્રી સુખરામદાદાની વાતને સમર્થન આપું છું કે આદિવાસી વિસ્તારમાં ડેમો બન્યા, સિંચાઇનું પાણી કચ્છ સુધી ગયું, રાજસ્થાન સુધી ગયું, અહીંયા એ વાતનો એટલા માટે સ્વીકાર કરું છું કે, કોંગ્રેસની સરકારમાં આદિવાસી વિસ્તારમાં ડેમો બન્યા હતા પણ તમે લોકોએ આદિવાસી સમાજને સિંચાઇનું પાણી આપવાની વાત તો દૂર પણ આદિવાસી સમાજને તમે પીવાનું પાણી પણ કોંગ્રેસની સરકારોમાં નહોતું આપ્યું. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર, શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારે આ આદિવાસીઓની પીડા ઉકેલવા માટે જે બીડું ઝડપ્યું છે અને આજે ગૃહમાં મને જણાવતાં આનંદ થાય છે કે, આ વખતે ૧૩૪૯ હજાર કરોડ રૂપિયા આદિવાસી વિસ્તારને સિંચાઇ માટે આ રાજય સરકારે ફાળવ્યા છે. મને આજે ભૂતકાળ યાદ કરાવતા, સભ્યશ્રીઓને જણાવતાં આનંદ થાય છે કે, જયારે જયારે મારો આદિવાસી સમાજ સિંચાઇની માગણી કરતો, જયારે મારો આદિવાસી સમાજ આવેદનપત્ર આપતો, આંદોલન કરતો ત્યારે કોંગ્રેસની સરકારોમાં એક જ જવાબ રહેતો કે આદિવાસી વિસ્તાર ઉકાઇ ડેમ, કડાણા ડેમ, ફલાણા ડેમ આનાથી ૩૦૦ ફૂટ ઉપર છે, ૫૦૦ ફૂટ ઉપર છે એટલે તમને પાણી નહીં મળે પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સોનગઢ, ઉચ્છલ, નિઝર, તાપી જિલ્લામાં સિંચાઇ આપવા માટે ૯૬૨ કરોડ રૂપિયા મંજૂર કર્યા. સુરત જિલ્લામાં કાંકરાપાર ગોરદાવર સિંચાઇ યોજના માટે ૫૯૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા અને અમારા પંચમહાલ જિલ્લામાં ગોધરા, હાલોલ, કાલોલ, ઘોઘંબા એમાં ૧૮૫ કરોડ મંજૂર કર્યા અને નર્મદા જિલ્લા ડેડીયાપાડામાં સિંચાઇનું પાણી લાવવા માટે ૭૧૧ કરોડ રૂપિયાની યોજના મંજૂર થઇ અને દાહોદમાં તો વર્ષો પછી અમે ૧૨૦૦ કરોડ રૂપિયાની યોજના બનાવી અને આ વખતે બધા તળાવો અમે ભરી દીધા. આ પ્રકારની સિંચાઇ તે કોંગ્રેસે નથી આપી તે સિંચાઇ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અમે આપી છે ત્યારે અમારી સરકાર (અંતરાય) ભલે શ્રીમતી ચંદ્રિકાબહેન કહેતા હોય, પરંતુ અમારી જિલ્લા પંચાયતમાં ૪૫ કરતાં વધારે સીટો આજે ત્યાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વિધવાઓ, નિરાધાર, ગરીબો, વૃદ્ધ પેન્શન આ બધાની ચિંતા કરનારી સરકાર છે. આ બજેટમાં અમે આવા ૧૦ લાખ કરતા વધારે ગરીબો માટે ૧૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. છેલ્લે એક જ વાત હું કરીશ ચૂંટણીના સમયમાં મારે અનેક જિલ્લાઓમાં જવાનું થયું. ડાંગ જિલ્લાનો પણ ચૂંટણીના સમયે પ્રવાસ

કર્યો ત્યારે ૭૦ વર્ષની એક અમારી આદિવાસી વિધવા બહેનને મારે આહવા તાલુકામાં મળવાનું થયું. મેં આદિવાસી બહેનને પૂછયું કે તમે કેમ ભાજપને મત આપવા માગો છો ? સાહેબ એ બહેને લાગણીશીલ અને આંખમાં આંસુ સાથે મને વાત કરી કે મારા ૪ દિકરાઓ છે પણ આ ૪ દિકરાઓમાંથી કયારેક કોઇ દિકરાઓ પૈસા આપે, ના આપે પરંતુ મારો પાંચમો દિકરો શ્રી વિજયભાઇ રૂપાણી છે તે દર મહિને મારા ખાતામાં ૧૨૫૦ રૂપિયા મોકલી આપે છે એટલા માટે હું ભારતીય જનતા પાર્ટીને મત આપીશ. આ આદિવાસી સમાજ માટે ભારતીય જનતા પાર્ટીની કામગીરીથી આજે આપણી સાથે જોડાયેલો છે. મારી તમામ સભ્યશ્રીઓને વિનંતી છે આમ તો સમયના અભાવે મારે ઘણી બધી વાત તો કરવાની હતી પરંતુ તમામ સભ્યશ્રીઓ આ જે બજેટ છે તે બજેટ તે શ્રી નીતિનભાઇ સાહેબ ગુજરાતના વિકાસ માટે, ગરીબો માટે, મહિલાઓ માટે અને યુવાનો માટે લઇને આવ્યા છે ત્યારે આ બજેટને આપણે બધા સૌ સર્વ સંમતિથી મંજૂરી આપીએ એવી મારી વિનંતી છે.

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન - સાહિત્યની સોફ્ટ કોપી આપવા બાબત**

**સાહિત્યની સોફ્ટ કોપી આપવા બાબત**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧–૨૨ના વર્ષનું અંદાજપત્ર દર વર્ષની જેમ જ જે વહેંચવામાં આવતુ હતું તેમાં ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના ત્રીજા અહેવાલ નાણાં વિભાગના અહેવાલ મુજબ નાણાં વિભાગના તારીખઃ૧૨–૦૧–૨૦૨૧ના પત્ર મુજબ ભાગ–૧માં દર્શાવેલ પ્રકાશનોની વિગતો પેન ડ્રાઇવમાં અંદાજપત્ર રજૂ થાય તે દિવસે અને ભાગ–૨માં દર્શાવેલ એ દિવસે અને ભાગ – ૨માં દર્શાવેલ અંદાજપત્ર પ્રકાશનો વિગતવાર માગણી મુજબની ચર્ચા શરૂ થાય એના ૩ દિવસ બાદ તેમજ કામગીરી અંદાજપત્ર માગણી પરની ચર્ચાના પહેલાં આપવા નક્કી કરેલ છે. પરંતુ ભાગ–૨ના તમામ પ્રકાશનો એક જ પેન ડ્રાઇવમાં આપવાના હોવાથી સરકારી પ્રેસના પાંચ ડેટા અમદાવાદ મધ્યસ્થ પ્રેસમાં સંકલન કરી તેની પી.ડી.એફ. ફાઇલ બનાવી તેનો એક જ પેનડ્રાઇવમાં સમાવેશ કરવાનો હતો જે આજ રોજ તૈયાર થઇ ગયેલ હોઇ માનનીય ધારાસભ્યશ્રીઓને આજની બીજી બેઠકમાં પેન ડ્રાઇવ વિતરણ કરી દેવામાં આવશે. વિશેષમાં સામાજિક અને આર્થિક સમીક્ષાનું પ્રકાશન અંદાજપત્રનું પ્રકાશન નહિ પણ પૂરક માહિતીનું પ્રકાશન હોવાથી તેને ભાગ–૧ના પ્રકાશનમાં સમાવેશ કરેલ નથી. પરંતુ ભાગ–૨ના પ્રકાશનના પેનડ્રાઇવના ડેટામાં તેનો સમાવેશ કરેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે અને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના કાર્યાલયમાં હાર્ડ કોપીની નકલો પણ આજે પહોંચાડી દેવામાં આવી છે. શ્રી પુંજાભાઇએ સવારે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો એ અત્યારે બીજી બેઠકમાં બધાને પેન ડ્રાઇવ પ્રાપ્ત થઇ જશે અને બધા જ પ્રકાશનો એમાં આવી જાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા): માનનીય અધ્યક્ષશ્રી, ગયા બજેટ સત્રમાં પણ અમે કૉંગ્રેસ પક્ષ તરીકે કહ્યું હતું કે અમને વિધાનસભાના અંદાજપત્રને લગતી જે બુક્સ છે એ છપાયેલ સ્વરૂપમાં જ આપવી જોઇએ. અમારી આજે પણ એ જ માગણી છે. એ એટલા માટે છે કે આજે માનનીય મંત્રીશ્રી કહી રહ્યા છે કે અમને પેન ડ્રાઇવમાં આપવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, પેન ડ્રાઇવનો ઉપયોગ ક્યાં કરવો અને કેવી રીતે કરવો? અમારા ટેબલ પર લેપટોપ નથી કે કમ્પ્યુટર પણ નથી. On the spot કોઇ વસ્તુ જોવી હોય તો બુકલેટની જ જરૂર પડે અથવા કોમ્પ્યુટરની જરૂર પડે. કોમ્પ્યુટર મોંઘુ પડશે એટલે અમારી ફરી વિનંતી છે કે અમને અમારા ધારાસભ્યો પૂરતી છાપેલી સામગ્રી આપીને તમામ માહિતી આપવામાં આવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારનો નિર્ણય સર્વપક્ષીય વિધાનસભાની અંદાજ સમિતિ છે એમાં આપના પક્ષના સભ્યો પણ સભ્યશ્રી છે એ સમિતિમાં સર્વાનુમતે જે ઠરાવ કર્યો અને માનનીય અધ્યક્ષશ્રીને મોકલ્યો એ નાણા વિભાગે સ્વીકાર્યો છે એટલે આ સર્વપક્ષીય વિધાનસભાની સમિતિનો નિર્ણય છે અને પહેલાં પણ આપણે જાહેર કર્યું છે કે આ પ્રમાણે કરીશું તો કાગળ બચશે, ૯૦ લાખ જેટલા રૂપિયા બચશે. આપે બધાએ આવકાર્યું છે અને માનનીય અધ્યક્ષશ્રી, એના છાપેલા પ્રકાશન વિરોધપક્ષના કાર્યાલયમાં, આપશ્રીના કાર્યાલયમાં, વિધાનસભાની લાઇબ્રેરીમાં મૂકવાની વ્યવસ્થા છે એ તો મૂકાશે. એ બધી જ વ્યવસ્થા ચાલુ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીની ઓફિસમાં ગયા સત્ર દરમિયાન જ આ અંગે મિટિંગ થઇ હતી. આપનું માર્ગદર્શન પણ અમને મળ્યું હતું. એ વખતે પણ અમે આ વાતનો વિરોધ જ કર્યો હતો કે અમારે પેન ડ્રાઇવમાં કોઇ પણ હિસાબે માહિતી જોઇતી નથી. અમને અંદાજપત્રને લગતી માહિતી કાગળમાં જ જોઇએ છે. આથી અમારી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે અમારા તમામ ધારાસભ્યોને આ અંગેની માહિતી કાગળ ઉપર જ આપવામાં આવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટતા કરું કે આ અંદાજ સમિતિનો ત્રીજો અહેવાલ જે આપણે સ્વીકાર્યો છે એમાં બહુ સ્પષ્ટ ઠરાવ કર્યો છે કે ‘‘આથી સમિતિ ભલામણ કરે છે કે ગુજરાત વિધાનસભાના માનનીય ધારાસભ્યશ્રીઓને આપવામાં આવતા અંદાજપત્રના પ્રકાશનોના આ સાથેના પત્રક ભાગ–૧ અને ૨માં દર્શાવ્યા મુજબની સેટની હાર્ડ કોપીના બદલે ડિજીટલ સ્વરૂપે સોફ્ટ કોપી આપવામાં આવે. વધુમાં જે સોફ્ટ કોપી આપવામાં આવે એ સર્ચેબલ પી.ડી.એફ. ફોર્મેટ તેમજ યુનિવર્સલ ફોન્ટ રાખી, પેન ડ્રાઇવમાં તેમજ ડાયરેક્ટ લિંક દ્વારા સભ્યશ્રીના ઈ–મેઇલમાં ઉપલબ્ધ કરાવવામાં આવે. આ ભલામણનો અમલ વર્ષ ૨૦૨૧–૨૨ના અંદાજપત્રથી કરવામાં આવે.’’ માનનીય બાબુભાઈ બોખરીયા આ સમિતિના ચેરમેનશ્રી છે એ આ સમિતિના સભ્યોમાં શ્રી કિરીટભાઈ, ડો. સી. જે. ચાવડા, શ્રી નૌશાદભાઈ સોલંકી, શ્રી નિરંજન પટેલ, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી પ્રેમસિંહ વસાવા કૉંગ્રેસના ધારાસભ્યો છે. આ બધા એ સર્વાનુમતે કરેલો નિર્ણય છે.

પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન–સાહિત્યની સોફ્ટ કોપી આપવા બાબત

આ અંદાજ સમિતિનો ઠરાવ છે અને આ ઠરાવ વિધાનસભાએ સ્વીકારેલો છે. એટલે આમાં હવે બીજું કાંઈ બદલવાનો પ્રશ્ન જ રહેતો નથી. આ બધું લેખિત જ છે. તમે જોઈ લ્યો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો (વચ્ચેથી અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : પોઈન્ટ ઓફ ઓર્ડર નથી, પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે.

શ્રી પરેશ ધાનાણી : પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન ઉપસ્થિત કર્યો, શ્રી શૈલેષભાઈએ જે માંગણી કરી છે એને દોહરાવું છું. કારણ કે ચૂંટાયેલો જનપ્રતિનિધિ આ વિધાનસભામાં જવાબદારીપૂર્વક બોલી શકે. આ ગૃહની પરંપરા રહી છે કે આ ગૃહની અંદર ટાંકવામાં આવતી કોઈપણ બાબતો/આંકડાઓ સરકારી સંદર્ભની સાથે હોય છે. એટલે જ ગૃહની ચર્ચાઓ તંદુરસ્ત રહી છે. આજે પણ હું જે આંકડાઓ લઈને આવ્યો છું તેમાં વર્ષ ૨૦૦૨થી ૨૦૧૯–૨૦ સુધીના અહેવાલોનો અભ્યાસ કરતો હતો. પેન ડ્રાઈવમાં આ માહિતી આપવામાં આવે તો વિધાનસભા ગૃહમાં પણ એ સંદર્ભોને ટાંકવા આકરા થઈ જાય. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : એમને ૧૦ હાર્ડકોપી તો મોકલાવવાના જ છો ને? (અંતરાય) પહોંચી ગઈ છે.

શ્રી પરેશ ધાનાણી : આ લખેલી બુકો ધારાસભ્યો હરતાં ફરતાં પ્રવાસમાં પણ એને વાંચી શકે, અભ્યાસ કરી શકે અને વિધાનસભાની ચર્ચાનું સ્તર સુધરે એટલે મારી એટલી જ વિનંતી છે કે વિરોધ પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓ અથવા ગૃહના જે ધારાસભ્યશ્રીઓ હાર્ડકોપી માંગે એને વિધાનસભા બજેટ અને એના સંદર્ભની તમામ બુકોની હાર્ડકોપી મળવી જોઈએ.

અધ્યક્ષશ્રી : ભવિષ્યમાં ચોક્કસપણે આ અંગે વિચાર કરવામાં આવશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨.૩૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**બુધવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૨૧**

**ફાલ્ગુન ૧૯, ૧૯૪૨ શાકે**

**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**તાપી અને ડાંગ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના**

* ૩૩૭૧૪ શ્રી **સુનિલભાઇ ગામીત** (નિઝર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કુદરતી આપત્તિથી ખરીફ ઋતુમાં ખેડૂતોને થતા પાક નુકસાન પેટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના તા.૧૦-૮-૨૦૨૦ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર ઉક્ત યોજના અન્વયે કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, | (૨) ઠરાવની જોગવાઇઓ પરિપૂર્ણ થતી ન હોઈ, સહાય ચૂકવવાપાત્ર થતી નથી. |
| (૩) ઉક્ત ચૂકવવામાં આવેલ સહાય બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ, ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું મંત્રીશ્રીને પૂછવા માગું છું. પ્રશ્ન ક્રમાંકઃ-૧, તા. ૧૦-૦૮-૨૦૨૦ના ઠરાવથી કૃષિ વિભાગે કુદરતી આપત્તિથી ખરીફ ઋતુમાં ખેડૂતોને થતાં પાક નુકસાન માટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના જાહેર કરી, એમાં ખેતીના વાવેતર કરેલા ઉભા પાકને કેટલું નુકસાન થયેલ હોય તો તેને અતિવૃષ્ટિનું જોખમ ગણવાનું છે. પ્રશ્ન ક્રમાંક-૨ અતિવૃષ્ટિ જાહેર કરવાની પ્રક્રિયા શું છે, પ્રશ્ન -૩ આ ઠરાવ અન્વયે ગત સિઝનમાં અતિવૃષ્ટિના કારણે નુકસાન અંગેની પ્રક્રિયા કે સર્વેની કામગીરી કોના દ્વારા કરવામાં આવી છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપણી રાજય સરકાર આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્વ હેઠળ અને કૃષિમંત્રીશ્રી આર.સી.ફળદુ સાહેબના માર્ગદર્શનથી આખા દેશની અંદર આ યોજના સૌથી પહેલી આપણા રાજયએ અમલમાં મૂકી છે. એમાં જોવા જોઇએ તો રાજય સરકાર ખેડૂત કલ્યાણના અનેક પગલાં ઉઠાવી રહી છે. રાજયના વિકાસમાં ખેતી અને ખેડૂતોનો બહુમૂલ્ય ફાળો રહેલો છે, ખેતીની સિઝન અને તેમાં ખરીફ સિઝનમાં ખેતી પાકોમાં અનાવૃષ્ટિ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાદળ ફાટવું, કમોસમી વરસાદ, માવઠું જેવા આકસ્મિક કુદરતી જોખમોનો સામનો કરવો પડે છે. આથી કુદરતી આપતિના પ્રસંગોએ ખેડૂતોને થતા પાક નુકસાન માટે પારદર્શક અને સરળ પદ્ધતિ કે જેમાં રાજયના બધા જ ખેડૂતોનો સમાવેશ થાય અને નુકસાન થયેલ ખેડૂત રહી ન જાય તે ધ્યેય સાથે કુદરતી આપત્તિથી થયેલ પાક નુકસાન સામે ખેડૂતોને સરળતાથી લાભ આપવા અને તમામ પાક અને સમગ્ર રાજયના વિસ્તારોને આવરી લે તેવી આ યોજના અમલમાં મુકવાનો રાજય સરકારે નિર્ણય લીધેલ હતો. આ યોજના જે તા.૧૦.૦૮.૨૦૨૦થી મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં અમલમાં મુકવામાં આવી, જેમાં મુખ્ય ત્રણ જોખમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં અનાવૃષ્ટિ, દુષ્કાળ, તાલુકાના મહેસૂલી રેઈન ગેજ મુજબ જે તાલુકામાં ચાલુ સિઝનનો ૧૦ ઇંચથી ઓછો વરસાદ પડેલ હોય અથવા રાજયમાં ચોમાસું શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડિયા, અઠ્ઠાવીસ દિવસ વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ હોય અને ખેતીના વાવેતર થયેલ પાકને નુકસાન થયેલ હોય તેને અનાવૃષ્ટિ દુષ્કાળનું જોખમ ગણવામાં આવે છે. અનાવૃષ્ટિ દુષ્કાળ જોખમ હેઠળ ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડિયા, અઠ્ઠાવીસ દિવસ વરસાદ પડેલ ન હોય, એટલે કે સતત શૂન્ય વરસાદ થાય તેવી તાપી અને ડાંગ જિલ્લામાં ઘટના બનેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અતિવૃષ્ટિ, એમાં તાલુકાને યુનિટ ગણી અતિવૃષ્ટિના પ્રસંગો જેવા કે વાદળ ફાટવું, સતત ભારે વરસાદ કે જેમાં, દક્ષિણ ગુજરાત રીજીયનના જિલ્લાઓમાં ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ ત્યાં ૪૮ કલાકમાં ૩૫ ઇંચ કે તેથી વધુ અને તે સિવાયના રાજયમાં તમામ જિલ્લાઓમાં ૪૮ કલાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ મહેસૂલી તાલુકાના રેઈન ગેજ મુજબ નોંધાયેલ હોય અને ખેતીના વાવેતર કરેલ ઉભા પાકમાં થયેલ નુકસાનને અતિવૃષ્ટિનું જોખમ ગણવામાં આવે છે. તાપી અને ડાંગ જિલ્લામાં સળંગ ૪૮ કલાકમાં ૩૫ ઇંચ કે તેથી વધુ વરસાદ થયેલ હોય તેવી ઘટના બંને જિલ્લાઓના એકપણ તાલુકામાં બનેલ નથી. ત્રીજું, કમોસમી વરસાદ માવઠુ ૧૫ ઓકટોબરથી ૧૫ નવેમ્બર સુધીમાં

મહેસૂલી તાલુકાના રેઇન ગેજમાં સળંગ ૪૮ કલાકમાં ૫૦ મી.મી.થી વધુ વરસાદ પડે અને ખેતીના પાકને ખેતરમાં જે નુકસાન થાય તો તે કમોસમી વરસાદ માવઠાનું જોખમ ગણવામાં આવે છે. રાજયમાં ૧૫મી ઓકટોબરથી ૧૫મી નવેમ્બર દરમ્યાન ૪૮ કલાકમાં ૫૦ મી.મી. કરતાં વધારે વરસાદ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ૫૧ મી.મી. અને ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં ૫૩ મી.મી. થયેલ હતો. પરંતુ મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ ઉકત વરસાદ થાય અને ધોરણસરનું એને ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન થાય તો જ આ યોજનાનો લાભ મળે, એટલે આ બન્ને જિલ્લાઓમાં ધોરણસરનું પાક નુકસન થયેલ નથી તેથી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના લાગુ પડતી નથી.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત અસરગ્રસ્ત વિસ્તાર જાહેર કરવાની પ્રક્રિયા શું છે? તેમજ અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેની કામગીરીની પ્રક્રિયા શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અનાવૃષ્ટિ, દુષ્કાળ, અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદ, માવઠાના કારણે પાકને નુકસાન થાય તેવા સંજોગોમાં અસરગ્રસ્ત ગામો–તાલુકા વિસ્તારની યાદી જિલ્લા કલેકટર દ્વારા તૈયાર કરવામાં આવે છે. જિલ્લા કલેકટર દ્વારા આ ઘટના બન્યાના સાત દિવસની અંદર રાજય સરકારમાં મહેસૂલ વિભાગની મંજૂરી અર્થે યાદી મોકલી આપવાની રહેશે. કલેકટરની દરખાસ્તના આધારે રાજય સરકારનો મહેસૂલ વિભાગ દરખાસ્ત મળ્યાના દિન ૭માં આ યોજનાના લાભ માટે અસરગ્રસ્ત વિસ્તારના ગામ–તાલુકાની યાદી મંજૂરીના હુકમો કરશે. જે સર્વેની વાત છે રાજય સરકાર દ્વારા અસરગ્રસ્ત ગામો-તાલુકા વિસ્તારની યાદી જાહેર થયેથી જે તે જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સર્વે ટીમો બનાવી અસરગ્રસ્ત ગામો–તાલુકા વિસ્તારના અસરગ્રસ્ત ખેતરોના પંચનામાં સહિતનો સર્વે દિન પંદરમાં કરાવી લેવાનો રહેશે. આ સર્વે પૂર્ણ થયા બાદ યોજના હેઠળ સહાય મેળવવા પાત્રતા ધરાવતા ખેડૂતોની યાદી જિલ્લા વિકાસ અધિકારીની સહીવાળા હુકમથી જાહેર કરવાની રહેશે. આ યાદીમાં ૩૩ ટકાથી ૬૦ ટકા અને ૬૦ ટકાથી વધુ નુકસાન, એમ બે યાદી જાહેર કરવાની રહેશે. જેમાં લાભાર્થીનું નામ, ખાતા નંબર, અસરગ્રસ્ત સર્વે નંબર, અસરગ્રસ્ત સર્વે નંબરનું ક્ષેત્રફળ, પાક નુકસાન વિસ્તારનું ક્ષેત્રફળ, અને પાકના નામ વગેરેનો સમાવેશ કરવાનો રહેશે. ૩૩ ટકાથી ૬૦ ટકામાં રૂ. ૨૦૦૦૦ પ્રતિ હેકટર ૪ હેકટરની મર્યાદામાં, અને ૬૦ ટકાથી વધુ હોય તો ૨૫૦૦૦ પ્રતિ હેકટર મહત્તમ ૪ હેકટરની મર્યાદામાં આ રીતે આ યોજનાની અંદર સમાવેશ કરવામાં આવે છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આમાં જે નુકસાની થઇ તે વખતે મારું પોતાનું પણ ખેતર હતું, મારી બાજુના ખેતરનો માલિક તો ઉભા ઉભા રડે છે. મારું દસ વીઘાનું ખેતર હતું મારે ડાંગર કાપવાની પણ ન રહી એવી હાલત હતી. કલેકટરને અમે રજૂઆત કરી હતી, માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ લેખિતમાં અમે રજૂઆત કરી હતી માનનીય ધારાસભ્યશ્રી સુનીલભાઇની સાથે, માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબે ત્યારે ખાતરી આપી હતી કે હું તપાસ કરાવીશ અને તમને સંતોષ થાય, તમારા તાલુકાને સંતોષ થાય તેમ કરીશું. આવો અમને જવાબ આપ્યો હતો. તેમ છતાં પણ અમારા જિલ્લા ડાંગ અને તાપી જિલ્લાને વંચિત રાખવામાં આવ્યા છે એ હકીકત સાચી છે. તો કયા ઇરાદાથી આ ઠરાવ કરવામાં આવ્યો? જાણી બૂઝીને કલેકટર મારફતે સર્વે કરવામાં નહીં આવ્યો અને હકીકતમાં સરકારના ધ્યાન ઉપર મુકવામાં નથી આવ્યું તેવું મારા ધ્યાન ઉપર આવ્યું છે. આ રડતા ખેડૂતોને તમે જોયા નથી એવું મને લાગે છે.

અધ્યક્ષશ્રી : એમની લાગણી ધ્યાનમાં લો એટલું જ કહે છે. અને એમને ન્યાય (અંતરાય) પ્રશ્ન પૂછો ને પણ હું કયાં ના પાડું છું. (અંતરાય) એટલું જ કીધું. પ્રશ્ન હવે તમે કહ્યો, એમણે તો પ્રશ્ન કહ્યો નહોતો. પણ એ પ્રશ્ન હવે મંત્રીશ્રીને સમજાઇ ગયો.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની જે ગાઇડ લાઇન છે એ ગાઇડ લાઇનના પેરા એક, બે અને ત્રણ, એ ત્રણમાંથી એકેયના ક્રાઇટેરીયામાં નથી આવ્યા એટલે જ એમને સહાયતા નથી ચૂકવવામાં આવી. બાકી જે એરિયામાં સહાયતા ચૂકવવા પાત્ર હોય તો ચૂકવવી જ પડે.

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો હેતુ શું છે અને આ યોજનાના લાભ માટેના જે લાભાર્થી છે તેની પાત્રતા શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત કુદરતી આપત્તિના પ્રસંગોએ ખેડૂતોને થતા પાક નુકસાન માટે પારદર્શક અને સરળ પદ્ધતિ જેમાં રાજયના બધા ખેડૂતોનો સમાવેશ થાય અને નુકસાન થયેલ ખેડૂત રહી ન જાય તે ધ્યેય સાથે કુદરતી આપતિથી થયેલ પાક નુકસાન સામે ખેડૂતોને સરળતાથી લાભ આપવા અને તમામ પાક અને સમગ્ર રાજયના વિસ્તારોને આવરી લેવા મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના અંતર્ગત ખરીફ સીઝનના પાકોમાં અનાવૃષ્ટિ દુષ્કાળ અને અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદ માવઠું અને કુદરતી જોખમોનો સમાવેશ કરવામાં આવેલ છે. એમાં જે પાત્રતાની વાત થઇ એમાં સમગ્ર રાજયમાં રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલ આઠ(અ) ધારક ખેડૂત ખાતેદાર તથા ફોરેસ્ટ રાઇટ એકટ હેઠળના સનદ ધારક ખેડૂત લાભાર્થી ગણાશે. આ યોજનાના લાભ માટે જે તે ખરીફ ઋતુમાં ખેડૂતોએ વાવેતર કરેલું હોવું જોઇએ. અનાવૃષ્ટિ દુષ્કાળ અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદ માવઠું જોખમના કારણે ઉભા ખરીફ પાકના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાનના પ્રસંગોએ જ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. ૮(અ) ખાતા દીઠ એકજ સહાય

મહત્તમ ચાર હેક્ટરની મર્યાદામાં  મળવાપાત્ર થશે. ખરીફ સીઝનમાં આ યોજના હેઠળ કોઇપણ એક જોખમનો જ લાભ મળશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ મંજૂર કરેલ યાદી જાહેર કર્યાના દિન સાતમાં યાદીમાં સમાવિષ્ટ ખેડૂતોએ ઓન લાઇન અરજી માટે જરૂરી સાધનિક કાગળો સહિત ઇ–ગ્રામ સેન્ટર ઉપર જવાનું રહેશે. લાભાર્થી ખેડૂતનું પોતાનું બેંક એકાઉન્ટ હોવું જોઇએ.

ડો. અનિલ જોષિયારા : માનનીય મંત્રીશ્રીએ એવું  જણાવ્યું કે ૪૮ કલાકમાં ૩૫ ઇંચથી વધુ વરસાદ પડે તો આ યોજનાનો લાભ મળે. તાપી અને ડાંગ જિલ્લો છે એમાં ત્યાંના લોકલ ધારાસભ્યોએ રજૂઆત કરી, કલેક્ટરને રજૂઆત કરી, માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી છતાં પણ કયા સંજોગોમાં એનો સરવે ન કરવામાં આવ્યો અને આ લોકોને સહાય કયા સંજોગોમાં ન આપવામાં આવી. કારણ કે આ વિસ્તારમાં નથી ઉદ્યોગો, કોઇ જી.આઇ.ડી.સી. નથી આવા સંજોગોમાં આ લોકોને ખૂબ મુશ્કેલી પડે છે બીજી બાજુ ખેતી ન બચે એમાં પણ સહાય ન આપવામાં આવે અને એના માપદંડમાં એ લોકો ન આવી શકે એટલા માટે તમે પ્રયત્ન કરો છો એ યોગ્ય નથી. મને એમ લાગે છે કે આ ખેડૂતોને જે નુકસાન થયું છે એ નુકસાન ભલે તે વખતે જે રજૂઆત કરી તે રજૂઆતને આધારે એમને સહાય ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની ગાઇડલાઇનની વાત કરી.  પહેલુ જોખમ ગણ્યું છે અનાવૃષ્ટિનું  છે, દુષ્કાળ. વાવણી થાય અને ૨૮ દિવસ સુધી સતત વરસાદ ન પડવો એટલે કે શૂન્ય વરસાદ થાય તો પહેલું જોખમ એને ગણ્યું છે. આખી સીઝનનો દસ ઇંચથી ઓછો વરસાદ થાય તો પણ એને જોખમ ગણ્યું છે. અતિવૃષ્ટિની વ્યાખ્યા પણ સ્પષ્ટ છે કે જેની અંદર ચાલુ સીઝન દરમિયાન ૪૮ કલાકમાં દક્ષિણ ગુજરાતના છ જિલ્લાઓ છે એમાં ૩૫ ઇંચ કે તેથી વધારે વરસાદ થઇ જાય તો એને અતિવૃષ્ટિનું જોખમ ગણ્યું છે. દક્ષિણ ગુજરાત સિવાયના શેષ ગુજરાતના જિલ્લાઓમાં ૨૫ ઇંચ કે તેથી વધારે વરસાદ થાય તો એને પણ આ બીજું જોખમ ગણ્યું છે. એવી રીતે ત્રીજા જોખમની અંદર કમોસમી વરસાદ કે જેને માવઠું કહીએ છીએ. સીઝનના હાર્વેસ્ટીંગ પિરિયડ જેને કહેવામાં આવે છે એ સમય દરમિયાન એટલે કે ૧૫ ઓકટોબરથી ૧૫ નવેમ્બરનો પિરિયડ છે એ સમય ગાળા દરમિયાન ૪૮ કલાકની અંદર ૫૦ એમ.એમ. કે તેથી વધારે વરસાદ પડી જાય તો પણ નુકસાન થવાની સંભાવના ઉભી થાય છે એવા સંજોગોમાં આ ઠરાવમાં બિલકુલ સ્પષ્ટ જોગવાઇ છે. ૫૦ એમ.એમ. કે તેથી વધારે વરસાદ થયો હોય અને ૩૩ ટકા કે તેથી વધારે નુકસાન થયું હોય અને સ્થાનિક વહીવટી તંત્રના ધ્યાનમાં આવે કે વાસ્તવમાં ૩૩ ટકાથી વધારે નુકસાન થયું છે તો એનો અહેવાલ છે એ રાજય સરકારના મહેસૂલ વિભાગને મોકલવામાં આવે છે અને મહેસૂલ વિભાગ છે એ એની યાદીને મંજૂરી આપીને વહીવટી તંત્રને જે તે જિલ્લાને મોકલે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૨. તમારા બધા વતી છેલ્લો પ્રશ્ન. બેસી જાવ. બધાને ન પૂછવા દેવાનું હોય. આગળ કેવી રીતે વધાય મારે? એક જ પ્રશ્નમાં પૂરું કરવાનું છે? પ્લીઝ. શ્રી લલીતભાઇ, બેસી જાવ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની લાગણી ખૂબ સ્પષ્ટ હતી. સરકારે કુદરતી આપત્તિથી ખરીફ ઋતુમાં ઉભા પાકને થતાં નુકસાન અંગે તા. ૧૦–૮–૨૦ના રોજ પહેલો ઠરાવ બહાર પાડ્યો અને તા. ૨૫–૯–૨૦ એટલે કે દોઢ મહિનાના ટૂંકા ગાળામાં બીજો ઠરાવ બહાર પાડ્યો છે. મારો પ્રશ્ન ખૂબ સ્પષ્ટ છે. માનનીય મંત્રીશ્રીએ તા. ૧૦–૮–૨૦ના ઠરાવ મુજબ અનાવૃષ્ટિ અને અતિવૃષ્ટિના અહીં ધોરણો આપ્યા છે. સતત ચાર અઠવાડિયા વરસાદ ન થાય તો દુકાળ. ડાંગ જિલ્લાનો પ્રશ્ન છે. ૪૮ કલાકમાં દક્ષિણના ગુજરાતના ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ. ૪૮ કલાકમાં ૩૫ ઇંચ  કે તેથી વધુ વરસાદ થાય અને બીજા જિલ્લામાં ૪૮ કલાકની અંદર ૨૫ ઇંચ કરતા વધારે વરસાદ થાય ત્યારે અતિવૃષ્ટિ ગણી છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે પહેલો ઠરાવ તા. ૧૦–૮–૨૦ના રોજ કર્યો તેમાં જે સરવે કરવાનો હતો, જિલ્લા કલેક્ટર સરવે કરે, અહેવાલ આપે અને તેમાં ૩૩થી ૬૦ ટકા નુકસાન થયું હોય તો તેના માટે પ્રતિ હેક્ટર ૨૦,૦૦૦ રૂપિયા ચાર હેક્ટરની મર્યાદામાં ચૂકવવાના અને ૬૦ ટકાથી વધુ હોય તો ચાર હેક્ટરની મર્યાદામાં હેક્ટરદીઠ ૨૫,૦૦૦ રૂપિયા ફાળવવાના. તા. ૨૫–૯–૨૦ના રોજ સરકારે જે ઠરાવ કર્યો તેમાં સરકારે કહ્યું કે પાકને ૩૩ ટકા અને તેનાથી વધુ નુકસાન ગયું હોય તો ખાતેદાર ખેડૂતોને રૂપિયા ૧૦,૦૦૦ પ્રતિ હેક્ટર..

અધ્યક્ષશ્રી : સ્પષ્ટ પ્રશ્ન તો પૂછો.

શ્રી પરેશ ધાનાણી : આ ઠરાવ જ વાંચું છું. રૂપિયા ૧૦,૦૦૦ પ્રતિ હેક્ટર અને માત્ર ૨ હેક્ટર માટે જ સુવિધા આપવાની વાત થઇ. મારે માનનીય મંત્રીશ્રીને જે પ્રશ્ન પૂછવો છે, ગઇ ખરીફમાં સરકારે ખેડૂતોને પાક નુકસાનીનું વળતર ચૂકવ્યું એ તા. ૧૦–૮–૨૦ના ઠરાવ મુજબ ચૂકવ્યું છે કે તા. ૨૫–૯–૨૦ના ઠરાવ મુજબ ચૂકવ્યું છે? માનનીય મુખ્યમંત્રી સાહેબ, મારો બીજો પ્રશ્ન એટલો છે કે પહેલાં ઠરાવમાં ૪ હેક્ટર અને રૂપિયા ૨૦ હજાર પ્રતિ હેક્ટરની સહાય હતી. બીજાં ઠરાવમાં માત્ર ૨ હેક્ટર અને રૂપિયા ૧૦,૦૦૦ની જ સહાય. આ સહાય શા માટે ઘટાડવામાં આવી?

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો અગાઉ પાક વીમાની જે પદ્ધતિ હતી તેને કારણે ખેડૂતો અને આપણાં ધારાસભ્યોમાં એક રોષની લાગણી હતી કે આ પ્રાઇવેટ કંપનીઓ પ્રિમિયમ લઇ જાય છે અને નુકસાનના ચૂકવણા વખતે ઠાગા–ઠૈયા કરે છે. કેટલી જાતના નિયમો બનાવ્યા છે. ટૂંકા સમયમાં જ એ પ્રમાણેનો અહેવાલ આવે તો જ ઇલ્ડ કેટલી આવી અને તેની કાપણી પછીનું જે કોષ્ટક બને અને પછી ચૂકવવામાં આવે એટલે રાજ્ય સરકારે એક ધડાકે ખેડૂતના હિતમાં નિર્ણય કર્યો કે ખાનગી કંપનીને આ પ્રિમિયમ આપણે ભરવું નથી. આપણે એવી સિમ્પલ પોલિસી બનાવી દઇએ કે આ પ્રકારે

નુકસાન હશે તો રાજ્ય સરકાર જે પ્રિમિયમમાં પૈસા ભરતી હતી એ પૈસા તરત અમે ખેડૂતને આપી દઇએ. એટલા માટે અગાઉ મંત્રીશ્રીઓએ ત્રણે વાત કરી. દુષ્કાળ માટે આ નોર્મ્સ, અતિવૃષ્ટિ માટે આ નોર્મ્સ અને માવઠા માટે આ નોર્મ્સ. ડાંગનો અને તાપીનો સવાલ છે તેમાં જવાબમાં સ્પષ્ટ કહ્યું છે કે ૩૩ ટકાથી વધુ નુકસાન હોય તો આપવામાં આવશે તેમાં રિપોર્ટ મુજબ ૩૩ ટકાથી ઓછું નુકસાન છે માટે આપવામાં આવ્યું નથી. શ્રી પરેશભાઇએ જે બન્ને પરિપત્રના સવાલ કર્યા તેમાં બહુ સ્પષ્ટ છે. જે ૨ હેક્ટરવાળો એક પરિપત્ર છે એ એસ.ડી.આર.એફ. મુજબ અછતની કામગીરીનો પરિપત્ર છે અને આ પરિપત્ર છે એ મુખ્યમંત્રી સહાય યોજના પાક વીમાના ઓલ્ટરનેટ તરીકેનો છે. એટલે બન્ને જુદા છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

* ૩૪૫૭૮ **શ્રી જે.વી.કાકડિયા** (ધારી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૨૮૬૩૨.૩૯ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ–૨૦૨૦ થી ડિસેમ્બર–૨૦૨૦ | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH(વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દેવભૂમી દ્વારકામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩ હેઠળ કુલ કેટલા રેશનીંગ કાર્ડ ચાલે છે? એમાં કેટેગરીવાઇઝ રેશનીંગ કાર્ડની શું વિગતો છે?

શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, દેવભૂમી દ્વારકામાં જિલ્લા રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો –૨૦૧૩ હેઠળ કુલ કેટલા રેશનકાર્ડ અને કેટેગરીવાઇઝ રેશનકાર્ડની વિગત માગી છે. દેવભૂમી દ્વારકા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩ હેઠળ કુલ રેશનકાર્ડ તથા કેટેગરીવાઇઝની વિગત આપું તો ૧,૧૮,૮૫૩ NFSA કાર્ડ ધારકો છે અને તેમાં ૪,૯૫,૬૦૩ લાભાર્થીઓની જનસંખ્યા છે. તેવી જ રીતે દેવભૂમી દ્વારકા જિલ્લામાં નોન NFSA કાર્ડધારકો વિશે જણાવું તો APL-1 જેમાં ૮૩,૪૭૧ કાર્ડધારકો છે અને ૨,૯૬, ૦૬૦ લાભાર્થીઓ લાભ મેળવે છે. APL–૨માં ૧,૬૦૩ કાર્ડધારકો છે અને ૫,૧૩૫ લાભાર્થીઓની જનસંખ્યા છે. આમ, દેવભૂમી દ્વારકામાં કુલ ૨, ૦૩,૯૨૭ કાર્ડધારકો છે અને ૭,૯૬,૭૯૮ લાભાર્થીઓની જનસંખ્યા છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે જ્યાં સસ્તા અનાજની દુકાનોથી જે સસ્તા અનાજનું વિતરણ કાર્ડગ્રાહકોને થાય છે એની અંદર ઓછા કાર્ડગ્રાહકો ધરાવનારું ગામ હોય તો એને બાજુના ગામમાં લેવા જવું પડતું હોય છે અને મોટાભાગે એમાં મજૂરી કરનાર વર્ગ વધારે હોય છે તો ઘણી વખત એના ફીંગર પણ ત્યાં મળતા નથી અને એના કારણે એમને ત્યાં ધક્કો ખાવો પડે છે, તો પોતે જે તે ગામમાં હોય ત્યાં વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવે તો એવું ગોઠવવા માગો છો કે કેમ?

શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ક્રાઇટ એરીયા મુજબ, જનસંખ્યા મુજબ દુકાનો એ રાજ્ય સરકાર એના ધારાધોરણ મુજબ કરતી હોય છે એટલા માટે જનસંખ્યા પ્રમાણે અમે દુકાન ફાળવતા હોઇએ છીએ.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠા વિભાગના વસ્તીના ધોરણના નિયમ છે. વસ્તીના ધોરણ મુજબ અમે ગ્રામ્ય વિસ્તારમાં દુકાનો ફાળવીએ છીએ. માનનીય ભગાભાઇનો જે પ્રશ્ન છે કે ગામ મોટું હોય અને પરા વિસ્તારમાં આવતું હોય તો ત્યાં લેવા જવાની તકલીફ પડે એવો માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે તો એમાં અમે બ્રાંચ એ.પી.એસ. તરીકે એટલે કે દુકાનદાર એ પરું કે બાજુમાં નાનું ગામ આવતું હોય તો ત્યાં જઇને વિતરણ કરી શકે એવી વ્યવસ્થા ઉભી કરેલી છે.

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વન નેશન, વન રેશનકાર્ડ યોજના શું છે અને બીજું, દેવભૂમી દ્વારકા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩ હેઠળ તાલુકાવાર, કેટેગરીવાર રેશનકાર્ડની શું વિગતો છે?

શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વન નેશન, વન રાશન કાર્ડ યોજનાની વાત કરું તો રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩માં સમાવિષ્ટ લાભાર્થીને સમગ્ર દેશમાં કોઇપણ ગામ કે શહેરમાં વ્યાજબી ભાવની કોઇપણ દુકાનેથી પોતાની આધાર ઓળખ પ્રસ્થાપિત કરી પોતાને મળવાપાત્ર રાશનનો જથ્થો જે તે રાજયમાં ઠરાવેલ પ્રમાણ અને ભાવ મુજબ મળી શકે છે. રાજયમાં ૧લી એપ્રિલ–૨૦૧૬થી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩ લાગુ કરવામાં આવેલ છે જે અંતર્ગત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વ્યાજબી ભાવની દુકાનો મારફત ગુજરાત રાજયના NFSA હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓ, અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબોને મળવાપાત્ર અનાજના જથ્થાનું જુલાઇ ૨૦૧૮થી આંતર જિલ્લામાં અને ત્યારબાદ ઓગસ્ટ–૨૦૧૯માં મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે આંતરરાજયની પોર્ટેબીલીટી લાગુ કરવામાં આવેલ છે. ત્યારબાદ તબક્કાવાર અન્ય રાજયોમાં પણ પોર્ટેબીલીટી આધાર આધારીત લાગુ કરવામાં આવેલ છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દેવભૂમી દ્વારકામાં તા. ૨૦–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કેટેગરીવાઇઝ કેટલી વ્યાજબી ભાવની દુકાનો છે?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, દેવભૂમિ દ્વારકામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કેટેગરીવાઇઝ વાજબી ભાવની દુકાનો જોઇએ તો જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા ૧૬ દુકાનો, સ્વસહાય જૂથો દ્વારા ૧ દુકાન, અનુસૂચિત કેટેગરીમાં ૨૪ દુકાનો અને અનુસૂચિત જનજાતિમાં ૧ દુકાન અને બક્ષીપંચ કેટેગરી હેઠળ ૯૧ દુકાનો, દિવ્યાંગ કેટેગરીમાં ૧૧, શૈક્ષણિક બેરોજગાર અને વિધવા મહિલા કેટેગરીમાં ૧૧૩ દુકાનો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા, જામ–કલ્યાણપુર, દ્વારકા અને ભાણવડ એમ ચાર તાલુકા આવેલા છે અને ૨૫૭ વાજબી ભાવની દુકાનો છે. ૧૭૭ કાયમી દુકાનો, ૪૦ બ્રાન્ચ એફ.પી.એસ. અને ૪૦ વાજબી ભાવની દુકાનો ચાર્જથી ચલાવવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કોઇ ગામ રેવન્યુ વિલેજ હોય, મારા વિસ્તારના કેટલાય ગામો રેવન્યુ વિલેજ છે જ્યાં સસ્તા અનાજની દુકાન નથી. પંચાયત હોય, રેવન્યુ વિલેજ હોય પણ વસતિ પૂરી થતી ન હોય એટલે મળતી નથી. પરિપત્રમાં ફેરફાર કરીને ત્યાં સસ્તા અનાજની દુકાન આપવા માગો છો કે કેમ?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : સભ્યશ્રીનું સૂચન છે.

**ખેડા અને નડિયાદ જિલ્લામાં ડાંગર–બાજરીની ટેકાના ભાવે ખરીદી અંગેની ફરિયાદો**

* ૩૧૭૧૪ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને નડિયાદ જિલ્લાની એ.પી.એમ.સી. દ્વારા ડાંગર–બાજરી ટેકાના ભાવે ખરીદવામાં આવતી ન હોવાની કેટલી ફરિયાદો મળી, અને | (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને નડિયાદ જિલ્લાની એ.પી.એમ.સી. દ્વારા ડાંગર–બાજરીનીટેકાના ભાવોથી ખરીદી કરવામાં આવતી ન હોવાની ફરિયાદ મામુર (નીલ) છે. |
| (૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) ખંડ–૧ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ટેકાના ભાવે ખેડૂતોનો પાક લે છે. દરેક તાલુકા મથકે સરકારશ્રી કેન્દ્ર ખોલવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન છે કે જે ખેડૂત નથી એવા કેટલા વેપારીઓના પાક આ સરકારે ખરીદ્યા છે અને એમના પાછળ કેટલો ખર્ચ કર્યો છે? ત્રીજો પ્રશ્ન છે કે જ્યાં કેન્દ્ર ઉપર કર્મચારીઓ દ્વારા કમિશન લેવામાં આવે છે એ ૨૦ થી ૨૫ ટકા લેવામાં આવે છે. ખેડૂતોનો પ્રશ્ન છે. ગરીબ ખેડૂત પાસેથી ૨૦–૨૫ ટકા કમિશન લે તો આ સરકાર માટે *(xxx) છે.

અધ્યક્ષશ્રી : * (xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : મારો બીજો પ્રશ્ન છે કે ખેડૂત પાસેથી જ્યારે માલ લે છે ત્યારે પાકમાં કચરો છે, કાંકરા છે એવું કહીને પાક પાછો કાઢે છે તો આવા ગરીબ ખેડૂતોને પાછા ન કાઢવામાં આવે એના માટે સરકાર શું વ્યવસ્થા કરવા માગે છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ટેકાના ભાવે ડાંગર અને બાજરી ખરીદવાનો પ્રશ્ન છે. સભ્યશ્રીએ સેન્ટર માટે તાલુકાવાર વાત કરી. જે વિસ્તારમાં ડાંગર અને બાજરીનું વાવેતર કરેલ હોય, કૃષિ વિભાગમાં એની નોંધણી થયેલ હોય અને એના ઉત્પાદનના આધારે સેન્ટર ફાઇનલ કરતા હોઇએ છીએ. જ્યાં જરૂરી હોય ત્યાં ડાંગર માટે ૯૩ સેન્ટરો અને બાજરી માટે ૬૨ સેન્ટરો અત્યારે રાજ્યમાં કાર્યરત છે. બીજો પ્રશ્ન છે કે વેપારીઓ માલ નાખવા જાય છે. જ્યારે ખેડૂતોનું

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રજિસ્ટ્રેશન થતું હોય ત્યારે ખેડૂતોના ૭/૧૨ના ઉતારા અમારા વી.સી. નોંધણી કરતા હોય ત્યારે તમામ આધાર–પુરાવા માગતા હોય છે અને રજિસ્ટ્રેશન થતું હોય છે. આખા રાજ્યમાં ડાંગર, બાજરી હોય કે અન્ય કોઇપણ જણસી હોય એનું રજિસ્ટ્રેશન માત્ર ખેડૂતનું થાય છે. વેપારીનું થતું નથી. ટેકાના ભાવે ખરીદી કરવા માટે બોલાવતા હોય ત્યારે એમને એસ.એમ.એસ. કરીને જાણ કરીએ છીએ એટલે આમાં વેપારીનો પ્રશ્ન આવતો નથી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચાલુ વર્ષે ચણાની ખરીદી હમણાં શરૂ કરવાના છો. માનનીય મંત્રીશ્રી જાણે છે અને કૃષિ મંત્રીશ્રી પણ જાણે છે કે વીઘે ૨૦ મણ ચણાનું ઉત્પાદન થાય છે તો એક ખેડૂત દીઠ ૫૦ મણ ચણા ટેકાના ભાવે ખરીદવાનો તમે નિર્ણય કર્યો છે એમાં ફેરફાર કરીને વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ડાંગર અને બાજરી ખરીદી માટેનો છે. શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઇન્દ્રજીતસિંહ પરમારનો પ્રશ્ન સ્વયં સ્પષ્ટ હતો. ટેકાના ભાવે જે જણશી ખરીદવામાં આવે છે એ ગુણવત્તાના નામે પાછી પરત કરવામાં આવે છે, પરિણામે ખેડૂતોને મોટું નુકસાન થાય છે. એક ખરીદી કરતા નથી અને બીજી બાજુ એમને અનુકૂળતા હોય અને જે રીતે ખરીદી કરવાની પદ્ધતિ છે એમાં કર્મચારીઓ, બાકીના લોકો અને વેપારીઓ ભેગા થઇને કોઇ પણ ગુણવત્તા વીનાનો હલકો માલ હોય તો પણ એ લોકો ખરીદી લેતા હોય છે અને ખેડૂતનો માલ વ્યવસ્થિત રીતે હોય તો પણ આમાં કચરો અથવા નાની–મોટી બાબત છે એમ કરીને ખરીદ કરવામાં આવતો ન હોવાથી ખેડૂતોને નુકસાન થાય છે. આ બાબતે ચકાસણી કરાવડાવીને ખેડૂત તરફથી જે માલ એ.પી.એમ.સી.માં આવે એ સંપૂર્ણ માલ આપણે ખરીદવા માગીએ છીએ કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો શ્રી પુંજાભાઇએ કીધું કે ખેડૂતોનો માલ લ્યો છો એમાં આખી સિસ્ટમ છે. મગફળી હોય કે અન્ય કોઇ પણ જણશીમાં આખી ગ્રેડિંગની સિસ્સમની વ્યવસ્થા કરેલી છે. એટલે જે કાંઇ સેન્ટર નક્કી કરેલું હોય ત્યાં ખેડૂતો માલ લઇને આવતા હોય છે અને ત્યાં એ માલનું ગ્રેડિંગ થતું હોય છે. ગ્રેડિંગ ફાઇનલ થઇ ગયા પછી એની ટેકાના ભાવે ખરીદી થતી હોય છે. બીજી વાત કરી કે ખેડૂતોને પાછું જાવું પડે છે. આ પ્રશ્ન ડાંગરનો છે. ગયું વર્ષ ૨૦૨૦–૨૧માં રાજ્યના ૩૩૪૪૦ ખેડૂતોની ઓન લાઇન નોંધણી ડાંગરના ટેકાના ભાવે ખરીદી કરવા માટે થઇ હતી. સામે અમે ૧૦૦ ટકા ૩૩૪૪૦ ખેડૂતોને એસ.એમ.એસ. કરીને જાણ કરી હતી. એ પૈકી જે ખેડૂતો ડાંગર ટેકાના ભાવે વેચવા આવ્યા છે એ ૨૩૮૦૪ ખેડૂતો અલગ અલગ સેન્ટર ઉપર આવેલા હતા. આ ૨૩૮૦૪ ખેડૂતો હતા એમાં માનનીય પૂંજાભાઇ માત્ર બે ખેડૂતોની ડાંગર રિજેકટ કરેલ હતી. એટલે તમે જોઇ શકો કે એ ૨૩૮૦૪ ખેડૂતમાંથી ૨૩૮૦૨ ખેડૂતોની રાજ્ય સરકારે ટેકાના ભાવે ડાંગર ખરીદી કરી લીધેલ છે. સામે શ્રી પુંજાભાઇએ ખેડૂતોની મુશ્કેલીની વાત કરી કે ખેડૂતોને ધકો ખાવો પડે છે, પાછા જાવું પડે છે. આ જ લોકો ધૂળ આવે કાંકરા આવે એવી વાત કરે છે અને બાજુથી અહીંયા બીજી વાત કરે છે. રાજ્ય સરકાર ટેકાના ભાવે જે જણશી ખરીદવા કટીબદ્ધ છે. તમામ નોંધાયેલા ખેડૂતોને અમે એસ.એમ.એસ.થી જાણ કરીએ છીએ. આવેલા ખેડૂતોની અમે ટેકાના ભાવે ખરીદી કરી લઇએ છીએ અને ડાંગરમાં વર્ષ ૨૦૧૯–૨૦માં ૩૫,૦૦૦ ટનનો લક્ષ્યાંક હતો. ડાંગરનું જ્યારે મોટા પાયે વાવેતર થયું હતું ત્યારે અમારા કૃષિ વિભાગ મારફત ભારત સરકારને દરખાસ્ત કરી અને પ્રથમ વખત ૧,૧૫,૦૦૦ મેટ્રિક ટનની મંજૂરી ભારત સરકારે આપી હતી એ ૧,૧૫,૦૦૦ મેટ્રિક ટનની ટેકાના ભાવે ખરીદી કરી હતી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે બધા ખેડૂતો ભણેલા નથી હોતા એટલે ઓન લાઇન ના કરી શકે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે પહેલા એ.પી.એમ.સી.માં આવીને કેન્દ્ર શરૂ કરીને ખરીદી કરતા હતા. એક બાજુ માલનો તોલ થાય અને બીજી બાજુ કેશ પેમેન્ટ થતું હતું એ રીતે ખરીદી કરવા માગો છો કે કેમ? બીજું, આણંદ જિલ્લાની અંદર કેટલા ખરીદ કેન્દ્રો ચાલુ કરવામાં આવ્યા? કઇ તારીખે કરવામાં આવ્યા? અને આ કેન્દ્રોમાં ટેકાના ભાવે કયો કયો માલ ખરીદવામાં આવ્યો?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખરીદી માટે ઓન લાઇન રજિસ્ટ્રેશનમાં માર્કેટિંગ યાર્ડના પ્લેટફોર્મ પર નોંધણી થતી હોય છે. અમે ડાંગર માર્કેટિંગ યાર્ડના સ્થળે નથી લેતા. અમે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ગોડાઉન પર ખરીદી કરીએ છીએ. એટલે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ગોડાઉન પર પણ નોંધણી થતી હોય છે. ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને તાલુકા પ્લેસ ઉપર ના આવવું પડે એ માટે રાજ્ય સરકારે વી.સી. મારફત વ્યવસ્થા ઊભી કરી છે. પોતાના ગામમાં ગ્રામ પંચાયતની વી.સી. મારફત રજિસ્ટ્રેશન કરાવી શકે અને આજે મગફળીમાં પાંચ લાખ ખેડૂતોએ વી.સી. મારફત ઓન લાઇન રજિસ્ટ્રેશન કરાવ્યું છે. એ રીતે ચણામાં ૩ લાખ ૮૦ હજારથી વધુ ગ્રામ્ય વિસ્તારમાંથી રજિસ્ટ્રેશન થયું એટલે ત્યાં પંચાયતની અંદર ગ્રામ પંચાયતના મંત્રી હોય કે બોડી ત્યાં વી.સી.માં મદદ કરતા હોય છે. એટલે એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ખેડા જિલ્લાની જયારે ડાંગર ખરીદીની વાત છે ત્યારે ૪૨૯૦ ખેડૂતોની નોંધણી થઇ હતી. તમામ ૪૨૯૦ ખેડૂતોને અમે એની જાણ કરી હતી અને એમાંથી ૩૭૭૦ ખેડૂતોના ૧૩૭૮૨ મેટ્રિક ટન ડાંગરના જથ્થાની આણંદ જિલ્લાની અંદર ટેકાના ભાવે ખરીદી કરેલી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા માનનીય સભ્યશ્રીની લાગણી બહુ સ્પષ્ટ હતી ખેડા અને નડિયાદમાં ડાંગર અને બાજરીની ટેકાના ભાવે ખરીદીની જે પ્રક્રિયા શરૂ થઇ છે એમાં સરકાર પહેલા ખેડૂતોની નોંધણી કરાવડાવે છે. પછી

એની ખરીદમર્યાદા પણ બાંધી દીધેલી છે. પછી એસ.એમ.એસ. કરવામાં આવે. ખેડૂત પોતાના ઘરેથી માલ ભરીને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો કરીને વેચવા જાય. વેચવા જાય ત્યારે ઇરાદાપૂર્વક ૧૦ ખેડૂતોને બોલાવ્યા હોય ૮ ખેડૂતોને એની ગુણવત્તાના પ્રશ્નો ઉભા કરી અને એને હડસેલવામાં આવે એટલે ખેડૂતને તો ખર્ચો પણ માથે પડે એ જ માલ યાર્ડના દરવાજે અમુક મળતીયાઓ બેઠા હોય એ પાણીના ભાવે પડાવી લે અને પાછલા દરવાજે ટેકાના ભાવે એનો એ માલ સરકારની ખરીદીમાં ભરે છે. આ અમારો સવાલ છે. માનનીય મંત્રીશ્રીએ કીધું કપાસની ખરીદી કરી, મગફળીની ખરીદી કરી, હમણા ચણાની ખરીદી કરવા જઇ રહ્યા છીએ. ડાંગરની ખરીદી કરીએ, બાજરીની ખરીદી કરીએ, કયાંક કઠોળની ખરીદી કરીએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવોને.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે એક તો ટેકાના ભાવે ખરીદીની અંદર સરકારે ગુણવત્તાના ધોરણો પાળવા જોઇએ પણ ગુણવત્તાની ચકાસણી માટે સમગ્ર ગુજરાતમાં કયાંય કવોલીટી એનાલીસીસ લેબ નથી. માલની ગુણવત્તા નકકી થઇ જાય, એની પેરીટી નકકી થઇ જાય તો આંતરરાષ્ટ્રીય બજારમાં પણ એના ઓનલાઇન ભાવ પ્રાપ્ત કરી શકાય. એટલે મારી આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીને, માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ખેડૂતોની જે જણસીઓ છે દરેક તાલુકાની અંદર એ ખેત જણસની પેરીટી ગુણવત્તા માપવા માટેની લેબ શરૂ કરવા માંગો છો કે કેમ? બીજું, પારદર્શી સરકાર છે, મુખ્યમંત્રી બેઠા છે. અમારું વ્યક્તિગત દોષારોષણ નહોતું પણ મગફળીકાંડમાં રૂપિયા ૪૦૦૦ કરોડ ખર્ચ્યા પછી પણ માટી, પથ્થર અને કાંકરા નીકળ્યા. અમારું દોષારોપણ નથી સાહેબ. સરકાર રૂપિયો ખર્ચે પછી પણ ખેડૂતોને લાભ ન મળે, સરકારને નુકસાન જાય તો મગફળીની અંદર જે અનિયમિતતા થઇ હતી એનું એક શ્વેતપત્ર ગૃહ સમક્ષ મૂકશે તો આવતા દિવસમાં આપણી વ્યવસ્થા સુધરશે અને એનો ખેડૂતોને ફાયદો મળશે એટલે ભૂતકાળની ખરીદીમાં અનિયમિતતાને લઇ અને જે કાંઇ તપાસ અહેવાલ છે એ ગૃહ સમક્ષ મૂકવા માગે છે કે કેમ?

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રીએ અંતે પાછી રાજકીય વાત કરી છે. પહેલા તો એમનો પ્રશ્ન હતો કે ખેડૂતો પાછા જાય છે તમે પાછા મોકલો છો. જયેશભાઇએ જવાબમાં સ્પષ્ટ કીધું, ફીગર આપ્યો અને બે જ ખેડૂતોને પાછા જવાનું થયું છે. છેલ્લા ચાર વર્ષમાં લાખો ખેડૂતો આ માલ વેચી ગયા છે અલગ અલગ જણસીનો. લાખો ખેડૂતોને સીધા બેંક એકાઉન્ટમાં પૈસા મળ્યા છે. કયાંક કોઇ જગ્યાએ ફરિયાદ નથી ખેડૂતની કે બીજી કોઇ જગ્યાએ ફરિયાદ આવી નથી. તમે જ એક તરફથી એમ કહો કે પથરા અને કાંકરા અને ધૂળવાળો મગફળીમાં માલ આવ્યો હતો. તમે આ કરો છો મોટા મોટા આંદોલન. શ્રી પરેશભાઇ, ચારે તરફ ઉપવાસ ઉપર બેસવા ગયા હતા (અંતરાય) મારી વાત પૂરી થવા દો. (અંતરાય) શ્રી પરેશભાઇ, મારી વાત તો સાંભળો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : જવાબ નથી સાંભળવો?

શ્રી વિજયકુમાર રૂપાણી : જવાબ તો સાંભળો? કેમ તકલીફ પડી? (અંતરાય) સાહેબ, હજી મારે એમાં કહેવું છે.

અધ્યક્ષશ્રી :પ્લીઝ, બેસી જાવ. ગૃહના નેતાનો જવાબ તો સાંભળો.(અંતરાય) આવી રીતે કરશો તો ફરી પ્રશ્ન પૂછવા નહીં દેવાય. આવું કરશો તો તમને પ્રશ્ન પૂછવા ન દેવાય. બેસી જાવ. વાત તો સાંભળવી પડશે. (અંતરાય) વાત તો સાંભળવી પડશે કે નહીં? શ્રી પુંજાભાઇ, હજુ જવાબ ચાલુ છે. ગૃહના નેતા ઉભા છે. માનનીય જોષિયારાજી, આપ શા માટે ઉભા છો? શ્રી લલીતભાઇ, બેસી જાવ પ્લીઝ.

શ્રી વિજયકુમાર રૂપાણી : તમારી વાત અમે સાંભળી. હવે અમારી વાત તમે સાંભળો.

અધ્યક્ષશ્રી : જવાબ સાંભળવાનો કે નહીં?

શ્રી વિજયકુમાર રૂપાણી : પછી તમારે જે કહેવું હોય તે કહેજો ને? તમારી વાત અમે સાંભળી. હવે અમારી વાત તો સાંભળો. પછી તમે કહેજો ને જે કહેવું હોય તે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બધા બેસી જાઓ. પહેલાં ગૃહને શાંત થવા દો. પ્લીઝ, પ્લીઝ.

શ્રી વિજયકુમાર રૂપાણી : એક તરફથી આક્ષેપો કરવા. ધૂળ, પથ્થરવાળો માલ લો છો અને બીજી તરફથી અમે ગ્રેડિંગ કરીએ, અમે માલની ચકાસણી કરીએ પછી માલ લઇએ એમાંય તકલીફ. સવાલ એટલો છે કે આ આખી ખરીદી નાફેડ દ્વારા કરવામાં આવે છે. નાફેડના નોર્મ્સ છે કે કયા પ્રકારની કેટલી ગુણવત્તા એના આંક નક્કી થયા છે તે મુજબ ગ્રેડિંગ કરવામાં આવે છે. પછી ખરીદી કરવામાં આવે છે. દાવા સાથે કહીશ એકપણ ખરીદીમાં કયાંય ગડબડ થઇ નથી. મગફળીની વાત કરે છે. મેં ન્યાયિક તપાસ પંચ આપ્યું. એમની લાગણી હતી. એટલે જ્યુડીશિયરી કમિશન મૂક્યું. રિપોર્ટ બધા આવ્યા છે. અમે તે વખતે જેટલાને પકડ્યા એમાં કોંગ્રેસના આગેવાનો પકડાયા હતા. કે જે આ ગડબડ કરવાવાળા હતા. એની સામે પગલાં લીધાં છે. હવે બેસો, બેસો. વાતો કરો છો. (અંતરાય)કોંગ્રેસના આગેવાનો પકડાયા. મગન, મગન જે પકડાયા, તે તમારા પકડ્યા છે. એની સામે ફોજદારી રાહે કાર્યવાહી કરી છે. ફોજદારી બધી કાર્યવાહી કરી છે. અમે બધા પૂરતાં પગલાં લીધાં છે. અમે કોઇ ચમરબંધીને છોડ્યા નથી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે ખોટા ઉભા થઇ જાવ છો. પ્લીઝ, બેસી જાઓ.

શ્રી વિજયકુમાર રૂપાણી : એ પછી તમને કહું. અમે આટલી ખરીદી કરી છે. એ પછી ૪ વખત મગફળીની ખરીદી થઇ છે.(અંતરાય)

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આ યોગ્ય નથી. માનનીય પરેશભાઇ, આ યોગ્ય નથી. ગૃહમાં આપનું વર્તન મને યોગ્ય લાગતું નથી. હું આપને આદેશ કરું છું કે આપ બેસી જાઓ. પ્લીઝ. શેના માટે? શ્વેતપત્રની પછી વાત આવે. ગૃહના નેતાશ્રી જ્યારે જવાબ આપતા હોય ત્યારે સાંભળવાની આપણી વિપક્ષની તૈયારી જોઇએ જ. પછી વચ્ચે ઉભા ન થઇ જવાય. આપ ૪–૪ વાર વચ્ચે ઉભા થઇ ગયા. એવું ના ચાલે. પ્લીઝ, ના ચાલે. (અંતરાય) પાછા ઉભા થઇ ગયા. આપ બેસી જાઓ ને. (અંતરાય) આપ બેસી જાઓ. આપ બેસી જાઓ. આ શું બોલબોલ કરો છો? આપ અધિકાર વિનાનું બોલબોલ કરો છો. એક તો અધિકાર વગર ઉભા થયા છો. હું એકવાર આપને આદેશ આપી ચૂક્યો છું. આપ બેસી જાઓ. પછી વારંવાર ઉભા થવાનું? આપણે કોઇ શાળાના નાના બાળકો છીએ? શ્રી પુંજાભાઇ, બેસી જાઓ. હમણા કશું નહિ. વચ્ચે બોલબોલ કરો છો? સમજ પડે છે તમને? (અંતરાય)માનનીય તમામ સભ્યોના ધ્યાનમાં આવે છે આવી રીતે બોલબોલ કરાય? ગૃહ આવી રીતે ચાલશે? આવી રીતે ગૃહ ન ચાલી શકે?પ્લીઝ આપ બેસો. નથી બોલવા દેવા. પહેલા હાથ નીચે કરી દો. દસ વાર વચ્ચે ઉભા થઇ જવાનું, આવું હોય કંઇ?

### ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

* ૩૩૬૪૮ શ્રી **વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કુદરતી આપત્તિથી ખરીફ ઋતુમાં ખેડૂતોને થતા પાક નુકસાન પેટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના તા.૧૦–૮–૨૦૨૦ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ઉક્ત યોજના અન્વયે કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, | (૨) ઠરાવની જોગવાઇઓ પરિપૂર્ણ થતી ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ચૂકવવામાં આવેલ સહાય બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ, ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી કૃષિ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં ખેડૂતોને ખેતી પાકને થયેલ નુકસાનીનું વળતર નહિ આપવાનાં કારણ શાં? બીજો પ્રશ્ન આ ઠરાવ અંતર્ગત સિઝનમાં અતિવૃષ્ટિના કારણે નુકસાનીની પ્રક્રિયા કે સરવેની કામગીરી કોના દ્વારા કરવામાં આવેલ? ત્રીજો પ્રશ્ન ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન સમયે આ યોજનાનો લાભ મળવાપાત્ર છે? હા તો ઠરાવ મુજબ પ્રતિ હેક્ટર ૨૦,૦૦૦ લેખે મહત્તમ ૪ હેક્ટરમાં સહાય મળવાપાત્ર છે તે હકીકત સાચી છે? પ્રશ્ન ક્રમાંક–૪ માં..

અધ્યક્ષશ્રી : ૩ પ્રશ્ન રાખો. પ્લીઝ.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ મારા વિસ્તારનો અગત્યનો પ્રશ્ન છે. એની પહેલાં મેં પૂછેલ હતો એ મંત્રી પાસે એ વિભાગ હોવાના કારણે મારા ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નારીયેળીમાં સફેદ માખી દ્વારા નુકસાન કરવામાં આવેલ છે, ત્યારે આ નારીયેળી ૫ થી ૧૦ વર્ષે વાવેતર થયા પછી એનો પાક મળતો હોય છે. જે તમામ જગ્યાએ નાબૂદ કરવામાં આવે છે, કારણ કે સફેદ માખી દ્વારા આ પાકને નુકસાન કરવામાં આવે છે. આની પહેલા આપના માધ્યમથી કૃષિ મંત્રીશ્રીને કહેલ કે ઓરિસ્સામાં સફેદ માખી દ્વારા નારીયેળીના પાકને નુકસાન કરવામાં આવેલ હતું. અને તેના સાયન્ટીસ્ટો દ્વારા તેનું સંશોધન પણ કરવામાં આવેલ હતું. તેમાં ત્યાં દવા આપીને આ માખીનો નાશ કરવામાં આવેલો છે. આપના માધ્યમથી માનનીય કૃષિમંત્રીશ્રીને મારી નમ્ર વિનંતી છે કે, ઓરિસ્સામાંથી દવાઓ મેળવી ગુજરાતમાં લાવી ગીર સોમનાથ અને જૂનાગઢના ખેડૂતોને ફ્રીમાં આપે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો ગીર સોમનાથ અને ભાવનગર એમ બે જિલ્લાનો પ્રશ્ન છે. તેમાં આ સન્માનનીય સભાગૃહમાં આની બધી વિગતો ચર્ચાઇ છે. આ બે જિલ્લા પૂરતી જે વાત છે તેમાં જે અનાવૃષ્ટિ–દુષ્કાળની વ્યાખ્યા છે તેમાં ઋતુ દરમ્યાન ૧૦ ઇંચથી ઓછો વરસાદ થયેલ હોય તેવી ઘટના ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લાના એકપણ તાલુકામાં બનેલ નથી. અનાવૃષ્ટિની અંદર આ જિલ્લા આવતા નથી. અતિવૃષ્ટિની અંદર જોઇએ તો ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં ૪૮ કલાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ થયેલ હોય તેવી ઘટના બંને જિલ્લાના એકપણ તાલુકામાં બનેલ નથી. માવઠામાં એટલે કે કમોસમી વરસાદમાં ૩૩ ટકા કરતાં વધારે નુકસાનની વાત છે તો તેમાં આ બંને જિલ્લાઓમાં આ ધોરણ મુજબ પાક નુકસાન થયેલ નથી તેથી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના લાગુ પડતી નથી. એટલે આવી કોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી.

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પહેલા પ્રશ્નના જવાબમાં હા, જી જવાબ આપ્યો છે જયારે બીજા ખંડના જવાબમાં ઠરાવની જોગવાઇ પરિપૂર્ણ થતી ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવો જવાબ આપ્યો છે. મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે, આ ઠરાવની જોગવાઇ મુજબ ૩૩ ટકાથી વધુ વરસાદ થાય તો અતિવૃષ્ટિ ગણીને સહાય ચૂકવવાની થતી હતી કે કેમ? બીજો સવાલ એ છે કે, ૩૩ ટકાથી વધુ વરસાદ થયો હોય તો ઠરાવની જોગવાઇ પૂર્ણ ગણાય છતાં આ ઠરાવને બદલે અન્ય ઠરાવ મુજબ જોગવાઇ કરી છે. મુખ્યમંત્રીશ્રી હું રેકર્ડ આધારિત વાત કરું છું. તમે જે ઠરાવ કર્યો છે તે ઠરાવની જોગવાઇ મુજબ ગીર સોમનાથ જિલ્લાના મારા વિધાનસભા મત વિસ્તારના ગીર ગઢડા તાલુકાને લાગુ પડે છે છતાં પણ ચૂકવણું કરવામાં આવ્યું નથી. આ રેકર્ડ આધારિત હકીકત છે. તેની રજૂઆત પણ કરી છે. કલેકટરશ્રીએ પણ ધ્યાન દોર્યું છે. એક બાજુ સરકાર ઠરાવ કરે છે અને તે ઠરાવનો આપણે અમલ નથી કરતા. બીજી બાજુ આપણે એમ કહીએ છીએ કે, તે ઠરાવની જોગવાઇ પ્રમાણે અમલ કરીએ છીએ. આ બંને બાબતોમાં રેકર્ડ આધારિત વિસંગતતા છે તેની ચકાસણી કરવામાં આવે અને આપના ઠરાવની જોગવાઇ મુજબ....

અધ્યક્ષશ્રી : ચકાસણી કરવા માગો છો કે કેમ? બેસી જાઓ. આપનો પ્રશ્ન આવી ગયો. બહુ લાંબો થયો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આપના ઠરાવ મુજબ જો લાગું પડતું હોય તો તમે ચૂકવવા માગો છો કે નથી માગતા?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ચુડાસમાજીની જે સફેદ માખીની વાત છે તેમાં કહું તો અમારા કિસાન પોર્ટલ મારફતે દવા બાબતનું સતત માર્ગદર્શન ખેડૂતોને ઓનલાઇન આપતા હોઇએ છીએ. આમાં આ કોઇ જોખમમાં ગણવામાં આવેલ નથી એટલે આપણે તેને રાહત આપી શક્યા નથી. શ્રી પુંજાભાઇએ જે વાત કરી છે તેમાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના ત્રણેય જોખમમાંથી એકપણ જોખમમાં તે નથી આવતા એટલે તેને સહાયતા મળી નથી. એમણે ગીર ગઢડા જિલ્લાની વાત કરી છે. ગીર ગઢડાને અને આને કયાં સંબંધ છે? કેવી રીતે તમે કહો છો?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલના આંકડા જે વરસાદ પડયો છે તેના રેકર્ડના આંકડા મામલતદાર કચેરીમાંથી મગાવી લ્યો. તે આંકડાને આધારે જો લાગુ પડતું હોય તો તમે આપો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી એક મિનિટ કશું બોલશો નહીં. આપને બોલવાનું કોણે કહ્યું? આપ કેમ ઉભા થઇ ગયા? અરે પણ એવું હોય, આ કંઇ ચર્ચાનુ... સભાગૃહનું... યુ કેન રીકવેસ્ટ મી. તમે પ્લીઝ બેસી જાઓ.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ગીર ગઢડા તાલુકામાં એમણે વાત કરી તેમાં ઓકટોબર માસના છેલ્લા પખવાડિયા દરમ્યાન મોટાભાગના ખેતરોમાં ખરીફ પાકોની કાપણી પૂર્ણ થઇ હતી. પુંજાભાઇ સાંભળો, આમ છતાં કાપણી બાકી રહેતા ખેતરોમાં પ્રાથમિક તબક્કે સ્થાનિક પરિસ્થિતિ મુજબ ૩૩ ટકા કે તેથી વધારે નુકસાન જણાયું નથી એટલે વહીવટી તંત્રએ બિલકુલ સ્પષ્ટ નિર્ણય લીધો છે. આ ક્રાઇટેરીયામાં ગીર ગઢડા તાલુકો પણ ન્હોતો આવતો.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ હવે કહો.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇ બીજી જે વાત કરે છે તે આ યોજનાને લાગુ પડતી નથી. ગુજરાત રાજયમાં અલગ અલગ ૨૦ જેટલા જિલ્લાઓમાં થોડું ઘણું નુકસાન તો થયું હતું. મને ખેડૂતપુત્ર તરીકે કહેતાં ગૌરવ થાય છે કે, આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ મોટું મન કરી રાજ્ય ફંડમાંથી ૩૭૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું. તેની અંદર પ્રતિ બે હેકટરની મર્યાદામાં મદદ કરવાની હતી તે પેકેજ જુદું છે. આને અને પેલા પેકેજને કોઇ સંબંધ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ, આપ પ્રશ્ન પૂછો એ પહેલા મારી વિનંતી છે. માનનીય વિમલભાઇ આપણે અહીંયા માનનીય ધારાસભ્ય તરીકે આવીએ છીએ. ગુજરાતમાંથી માત્ર ૧૮૨ પ્રતિનિધિ ચૂંટાઇ છે એટલે આ ગૃહમાં શોભે તેવા વસ્ત્રો પહેરીને આવવું જોઇએ એટલે મારી વિનંતી છે કે ફરીવાર આવું ન થાય, કાળજી રાખજો, આપના માધ્યમથી હું બધાને કહું છું. માનનીય હર્ષદભાઇ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિની અહીંથી ખૂબ વાત થઇ. ટીકા–ટીપ્પણ ભૂલીને આપણે બધાએ ખેડૂતો માટે કાંઇક વિચારવું જોઇએ અને એના માટે હું આજે બધું ભૂલીને વાત કરું છું.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી કે, પાક વીમા યોજના જે હતી એમાં આ કંપનીઓ વીમાનું પ્રિમિયમનું બૂચ મારીને જતી રહેતી હતી એટલે કે ખાઇ જતી હતી એટલે આપણે પાક વીમાનો પર્યાય મુખ્યમંત્રી કિસાન સહાય યોજના લાવ્યા. મુખ્યમંત્રી કિસાન સહાય યોજના આપણે લાવ્યા એમાં પણ આપણે ખેડૂતોને ન્યાય નથી આપી શકતા.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આપણી પાસે છેલ્લા ચાર વર્ષના ક્રોપ કટીંગના આંકડા છે તો એ આંકડા લઇને જે કંપનીઓ પ્રિમિયમ લઇ ગઇ છે એનો ચાર ગણો વીમો રૂપિયા ૧૫૦૦૦ કરોડ જેવો વીમો આપણને મળવાપાત્ર હતો તો સરકારે એવું કાંઇક વિચારીને આ કંપનીઓને કોર્ટમાં ઢસડી જવી જોઇએ કેમ કે ક્રોપ કટીંગના આંકડા આપણી પાસે છે તો આ કંપનીઓને કોર્ટમાં ઢસડી જઇને ખેડૂતોને ન્યાય આપવા માગો છો કે કેમ?

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક–૪ છે એ બિલકૂલ સ્પષ્ટ છે ભાવનગર જિલ્લાને ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાને લાગુ પડે છે એટલે આની સાથે કોઇ સંબંધ નથી.

### ખેડા અને આણંદ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

* ૩૩૬૭૬ શ્રી **કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુદરતી આપત્તિથી ખરીફ ઋતુમાં ખેડૂતોને થતા પાક નુકસાન પેટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના તા.૧૦–૮–૨૦૨૦ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર ઉક્ત યોજના અન્વયે કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, | (૨) ઠરાવની જોગવાઇઓ પરિપૂર્ણ થતી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ચૂકવવામાં આવેલ સહાય બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ, ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુદરતી આપત્તિમાં ખરીફ ઋતુમાં ખેડૂતને થયેલા પાક નુકસાન માટે ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી રજૂઆતો મળી? અને ભુંડ અને નીલગાયથી થતાં નુકસાનને સરકારશ્રી કુદરતી આપત્તિ ગણવા માગે છે કે કેમ? ખેડા જિલ્લા અને આણંદ જિલ્લામાં ખેડૂતોને ખેતીના પાકમાં થયેલ નુકસાનનું વળતર નહીં આપવાના કારણો શું? શેઢી નદીમાં બહુ પાણી આવે છે ત્યારે બે બાજુના ખેતરો હોય છે એ બધા ખેતરોમાં પાકને નુકસાન થાય છે તો એના માટે શું કરવા માગો છો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં ખૂબ વિગતવાર ચર્ચા થઇ છે, પણ એમના જે બે ત્રણ વિષય છે એમાં એમના જે બન્ને જિલ્લાઓ છે એ ખેડા અને આણંદમાં અનાવૃષ્ટિની વ્યાખ્યામાં ઋતુ દરમિયાન દસ ઇંચથી ઓછો વરસાદ થયેલ હોય તેવી ઘટના ખેડા અને આણંદ જિલ્લાના એકપણ તાલુકામાં બનેલ નથી. અતિવૃષ્ટિમાં ૪૮ કલાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ થયેલ હોય તેવી ઘટના પણ ખેડા અને આણંદ જિલ્લાના એક પણ તાલુકામાં બનેલ નથી. કમોસમી વરસાદ- માવઠું પણ ખેડા અને આણંદ બન્ને જિલ્લામાં બનેલ નથી. આમાં રાજ્યમાં ૧૫ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર દરમિયાન ૪૮ કલાકમાં ૫૦ મીલીમીટર કરતાં વધારે વરસાદ થયેલ હોય તેવી ઘટના ખેડા અને આણંદ જિલ્લામાં બનેલ નથી તેથી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના આમાં લાગુ પડતી નથી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : નર્મદા કેનાલના કમાન્ડ એરિયામાં જે વિસ્તાર આવતો હોય અને વારંવાર કેનાલો તૂટવાથી જે ખેડૂતોનો પાક નિષ્ફળ જાય છે તો આવા ખેડૂતોને રાજ્ય સરકાર વળતર આપવા માગે છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક–૬ માનનીય હિતુભાઇ, આમાં પુછવું છે? માનનીય હિતુભાઇ, એક મિનિટ, તમે પ્રશ્ન તો મૂવ કર્યો છે. બોલો શ્રી કનુભાઇ,

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પુછવા માગું છું કે, અતિવૃષ્ટિ અને કુદરતી આપત્તિમાં હમણાં ધારાસભ્યશ્રીએ પણ પુછ્યું પણ એમને પૂરતો જવાબ ના આપ્યો કે નીલ ગાય, ભૂંડ અને આખલાઓ થકી ખેડૂતોને ૩૩ ટકા નહિ પણ ક્યાંક ૫૦ ટકા કે ૬૦ ટકા જેટલું નુકસાન થાય છે તો એને પણ કુદરતી આપત્તિમાં ગણાય કે કેમ?

અધ્યક્ષશ્રી : ગણવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : ના, ના, સૂચન ક્યાં છે. મારો સીધો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : એમનું સૂચન નથી પણ પ્રશ્ન છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર એ આવતું નથી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અધ્યક્ષશ્રી : હા, એમ કહોને, આ સૂચન નથી.

### સાબરકાંઠા જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ સહાય

* ૩૪૬૦૯ શ્રી **હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય સહકાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ૨૫% કેપિટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂ.૫,૭૫,૫૦૦/– |
| (૨)તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો? | (૨) ૮૪૯.૪૭ મે.ટન |

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નો

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પુછવા માગું છું કે, અનાજ ખેતપેદાશોની સંગ્રહશક્તિમાં વધારો કરવા માટે નવા ગોડાઉન બનાવવા માટેની કેપિટલ સબસિડી યોજના હેઠળ ખેડૂત દ્વારા સહાય મેળવવા કઇ કઇ શરતોનું પાલન કરવાનું રહે છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : આ જે ગોડાઉન સહાયની વાત છે. અગાઉના વરસોની અંદર કૃષિનું ઉત્પાદન ઓછું થવાના કારણે જરૂરિયાત રહેતી નહોતી. પરંતુ વર્ષ ૨૦૦૫માં આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ મહોત્સવની શરૂઆત કરી એ ભૂતકાળમાં માંડ માંડ રૂપિયા ૫૦,૦૦૦ કરોડનું કૃષિનું ઉત્પાદન થતું હતું આજે રૂપિયા ૧,૫૦,૦૦૦ કરોડ કરતાં પણ વધારે કૃષિ ઉત્પાદન થવાના કારણે ગોડાઉનની જરૂરિયાત પડી છે અને વર્ષ ૨૦૧૫-૧૬થી આપણા રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે એની શરૂઆત કરી છે ત્યારે આ યોજના અન્વયે નાણાકીય સંસ્થા દ્વારા લોન લીધેલી હોવી જોઇએ. રાજ્યનો ખેડૂત પોતાની માલિકીની જમીન ધારણ કરતો હોવો જોઇએ. ગોડાઉન બાંધકામ માટે ગોડાઉનના નકશા અને અંદાજો સરકાર માન્ય એજન્સી દ્વારા તૈયાર કરાયેલા હોવા જોઇએ, તેમજ તેમાં દર્શાવેલ દર જાહેર બાંધકામ ખાતાના માન્ય એસ.ઓ.આર. મુજબ રજૂ કરવાના રહેશે. ગોડાઉન બાંધવા માટે થયેલ ખર્ચનું  વેરીફીકેશન સર્ટિફિકેટ સરકાર માન્ય એન્જિનિયરનું હોવું જોઇએ. ગોડાઉનનો ખેત પેદાશ તેમજ એગ્રીકલ્ચરલ હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે એવા મતલબનું ખેડૂતનું બાંહેધરીપત્રક રજૂ કરવાનું રહેશે. ગોડાઉન ઓછામાં ઓછું ૫૦ મે. ટનથી ૧,૦૦૦ મે.ટન સુધીની કેપેસીટી સુધીનું હોવું જોઇએ. ગોડાઉન જે સ્થળે બનાવવાનું હોય એ જગ્યા ખેડૂતના નામ પર હોવી જોઇએ. આ યોજનાનો લાભ લાભાર્થીને માત્ર એકજ વાર મળે છે.

ડો. અનિલ જોષિયારા : મારે મંત્રીશ્રીને પુછવું છે કે, આ ગોડાઉન બાંધવા માટેની કેપિટલ સહાયની યોજના છે એમાં જે ટ્રાયેબલ તાલુકાઓ છે એ વિજયનગર, ખેડબ્રહ્મા અને પોશીનામાંથી કેટલા ખેડૂતોને ગોડાઉનો બાંધવા માટેની કેટલી સહાય આપવામાં આવી? એટલે કે કેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ મળ્યો અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : આ ૨૫ ટકા કેપિટલ ગોડાઉન સહાય માટેની જે યોજના છે એમાં સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાંથી પટેલ બળવંતભાઇ બેચરભાઇ..

ડો. અનિલ જોષિયારા : મારે ફક્ત વિજયનગર, ખેડબ્રહ્મા અને પોશીનાની જ માહિતી જોઇએ છે.

અધ્યક્ષશ્રી : આખા સાબરકાંઠામાં જવાબમાં એક જ છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : સાબરકાંઠા જિલ્લામાંથી માત્ર તલોદ અને વડાલી તાલુકામાંથી જ દરખાસ્ત આવી હતી અને એ દરખાસ્ત મંજૂર કરી છે બીજા અન્ય ખેડૂતોની સભ્યશ્રી જોષીયારા વાત કરે છે એ ખેડબ્રહ્મા, વિજયનગર કે પોશીના તાલુકામાંથી કોઇ અરજી આવી જ નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું કે અગાઉના વરસોમાં ઉત્પાદન બહુ થતું નહોતું અને..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રૈયોલી ખાતેના ડાયનોસોર મ્યુઝિયમની કામગીરી

૩૪૬૬૬ શ્રી **પ્રદિપભાઇ પરમાર** (અસારવા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા બાલાસિનોર રૈયોલી ખાતેનું ડાયનોસોરની માહિતીને લગતું મ્યુઝિયમ બનાવવામાં આવેલ છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ મ્યુઝિયમની કામગીરી ક્યારે પૂર્ણ થઇ, અને | (૨) આ મ્યુઝિયમના ફેઝ-૧ની કામગીરી તા.૦૮-૦૬-૨૦૧૯ના રોજ પૂર્ણ થયેલ છે તથા ફેઝ-૨ની કામગીરી હાલ પ્રગતિમાં છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ થવા પામેલ છે? | (૩) રૂ. ૮૩૬.૪૯ લાખ |

---------

### સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના માછીમારો માટે સહાય યોજના

૩૪૭૦૦ શ્રી**મતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અનુસૂચિત | (૧) હા, જી |

જનજાતિના માછીમારો માટે સહાયની યોજના અમલમાં છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

(૨) રૂ. ૩૨,૫૯,૩૭૨/- (અંકે રૂપિયા બત્રીસ લાખ ઓગણસાઇઠ હજાર ત્રણસો બોત્તેર પુરા)

---------

**અમરેલી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૬૦ શ્રી **વિનોદભાઇ મોરડીયા** (કતારગામ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અમરેલી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાંકુલ ૪૯૪૫૮.૨૦ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| **જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦** | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**આદિજાતિ વિસ્તારમાં રમત-ગમતના મેદાનોનો વિકાસ**

૩૪૬૪૮ **ડો. અનિલ જોષિયારા** (ભિલોડા) : **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ આદિજાતિ વિસ્તારોમાં રમત-ગમતના મેદાનો વિકસાવાની કોઇ યોજના છે, કે કેમ,

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં ઉક્ત સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના કયા આદિજાતિ તાલુકાઓમાં રમત-ગમતના મેદાનો વિકસાવવામાં આવ્યા, અને

(૩) જો ના, તો એના કારણો શાં છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) શૂન્ય

(૩) જમીન ફાળવણી થયેલ ન હોવાથી રમત સંકુલ વિકસાવવામાં આવેલ નથી.

---------

**વલસાડ જિલ્લામાં હયાત મત્સ્ય કેન્દ્રોના નિભાવ માટે આયોજન**

૩૪૬૭૭ શ્રી **વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં નાના મત્સ્ય કેન્દ્રો વિકસાવવા માટે તેમજ હયાત મત્સ્ય કેન્દ્રોના નિભાવ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા મત્સ્યકેન્દ્રો કેટલા ખર્ચે વિકસાવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) વલસાડ જિલ્લાના ઉમરસાડી ખાતે મત્સ્ય કેન્દ્ર વિકસાવવાનું આયોજન છે. હાલ પ્રાથમિક ઈજનેરી

અભ્યાસની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે અંગે રિપોર્ટ તૈયાર થયા બાદ ખર્ચના અંદાજો તૈયાર થઈ શકશે.

---------

**સાંસદ આદર્શ ગ્રામ યોજના માટે રાજ્ય કક્ષાની સમિતિની બેઠકો**

૩૩૬૫૩ શ્રી **પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાંસદ આદર્શ ગ્રામ યોજના માટે રાજ્યકક્ષાની સમિતિ (એમપાવર્ડ કમિટી)ની રચના તા.૧૨–૧૨–૨૦૧૪ના ઠરાવથી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત રાજ્યકક્ષાની સમિતિની બેઠકો ક્યારે મળી, અને | (૨)<br>• તા.૧૯–૦૨–૨૦૧૯<br>• તા.૧૬–૦૭–૨૦૧૯<br>• તા.૦૪–૧૨–૨૦૧૯<br>• તા.૦૧–૧૨–૨૦૨૦ |
| (૩) એમપાવર્ડ કમિટિની બેઠક ત્રણ મહિનામાં ઓછામાં ઓછી એકવાર મળશે તેવી જોગવાઈ થયેલ છે તેમ છતાં બેઠકો ન મળી હોય તો તેના કારણો શાં છે? | (૩) વૈશ્વિક મહામારીના કારણસર |

---------

**આણંદ અને ગાંધીનગર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના**

૩૩૬૬૭ શ્રી **કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુદરતી આપત્તિથી ખરીફ ઋતુમાં ખેડૂતોને થતા પાક નુકસાન પેટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના તા.૧૦–૦૮–૨૦૨૦ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આણંદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ઉક્ત યોજના અન્વયે કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, | (૨) ઠરાવની જોગવાઈઓ પરિપૂર્ણ થતી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ચૂકવવામાં આવેલ સહાય બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ, ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપોની તપાસ**

૩૩૬૧૨ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા પેટ્રોલ–ડીઝલ પંપોની ચકાસણી કરવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં તોલમાપ તંત્ર દ્વારા નીચેની વિગતે પેટ્રોલ–ડીઝલ પંપોની ચકાસણી કરવામાં આવી. |

| વર્ષ | પેટ્રોલ–ડીઝલ પંપની ચકાસણી |
|---|---|
| ૨૦૧૯ | ૬૯૬ |
| ૨૦૨૦ | ૯૩૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે કેટલા પેટ્રોલ–ડીઝલ પંપોમાં ગેરરીતિ પકડાઈ, અને | (૨) |

| વર્ષ | પેટ્રોલ–ડીઝલ પંપમાં ગેરરીતિની |
|---|---|

| | સંખ્યા |
|---|---|
| ૨૦૧૯ | ૨ |
| ૨૦૨૦ | ૨ |

(૩) તે અન્વયે કસૂરવારો સામે શું કાર્યવાહી કરી?

(૩) તે અન્વયે કસૂરવારો સામે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ ૨૦૦૯ની કલમ ૩૩ અંતર્ગત રૂપિયા ૬,૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર) તથા ગુજરાત લીગલ મેટ્રોલોજી (અમલીકરણ) નિયમો- ૨૦૧૧ના નિયમ ૨૪ અંતર્ગત રૂપિયા ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) મળી કુલ રૂપિયા ૧૬,૦૦૦/- (અંકે રૂપિયા સોળ હજાર) ગુન્હા માંડવાળ ફી વસુલ કરવામાં આવી.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં હયાત મત્સ્ય કેન્દ્રોના નિભાવ માટે આયોજન**

૩૪૬૮૪ શ્રી**મતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં નાના મત્સ્ય કેન્દ્રો વિકસાવવા માટે તેમજ હયાત મત્સ્ય કેન્દ્રોના નિભાવ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા મત્સ્યકેન્દ્રો કેટલા ખર્ચે વિકસાવવાનું આયોજન છે? | (૨) ગીર સોમનાથ જિલ્લાના હીરાકોટ, ધામળેજ અને સૈયદ રાજપરા ખાતે મત્સ્ય કેન્દ્ર વિકસાવવાનું આયોજન છે. હાલ પ્રાથમિક ઈજનેરી અભ્યાસની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે અંગે રિપોર્ટ તૈયાર થયા બાદ ખર્ચના અંદાજો તૈયાર થઈ શકશે. |

---------

**પાટણ તાલુકામાં વીમા કંપની દ્વારા રકમની ચૂકવણી**

૩૪૭૨૪ શ્રી **કીરીટકુમાર પટેલ** (પાટણ) : ૧૪ મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૩-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૨૭૯૯૨ (અગ્રતા-૨૦૩) ના અનુસંધાને **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૬-૧૦-૨૦૧૯થી તા.૧૫-૧૧-૨૦૧૯ દરમ્યાન કમોસમી વરસાદથી પાટણ જિલ્લાના પાટણ તાલુકામાં ખેતીના પાકોને થયેલું નુકસાન ખાનગી વીમા કંપની દ્વારા વહીવટી કારણથી કોઈ દાવા તા.૩૧-૦૧-૨૦૨૦થી ચૂકવ્યા નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો વહીવટી કારણોનો ઝડપી ઉકેલ લાવી દાવાની ઝડપી ચૂકવણી કરવા રાજ્ય સરકારે શાં સ્પષ્ટ આદેશો આપ્યા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વહીવટી કારણોનો ઉકેલ લાવીને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી રહેલ તમામ દાવાઓ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અન્વયે મહેસાણા જિલ્લામાં જળસંગ્રહ માટે હાથ ધરેલ કામો**

૩૪૭૧૭ શ્રી **રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ | (૧) |

કમ્પોનન્ટ) અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામો હાથ ધરવામાં આવેલ છે,

| હાથ ધરવામાં આવેલ કામના પ્રકાર | |
|---|---|
| **વર્ષ ૨૦૧૮-૧૯** | **વર્ષ ૨૦૧૯-૨૦** |
| ચેકડેમ, તળાવ અને આડબંધ | ચેકડેમ, તળાવ આડબંધ અને ચેકવોલ |

(૨) ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામો કરવામાં આવેલ છે, અને

(૨) ૭૯ કામો

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

(૩) રૂ. ૧૪૮.૨૮ લાખ

---------

**ભરૂચમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાની કામગીરી**

૩૩૭૦૫ શ્રી **સંજયભાઈ સોલંકી** (જંબુસર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રની તા.૨૨-૦૭-૨૦૧૯ના રોજ સભા ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૧૨૨ (અગ્રતા-૪૭)ના અનુસંધાને **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્પોર્ટસ કોમ્પલેક્ષ માટે ભરૂચ જિલ્લામાં વર્ષ-૨૦૧૭માં જમીન ફાળવવામાં આવેલ હતી જે સ્પોર્ટસ કોમ્પલેક્ષ માટે અનુકૂળ અને પર્યાપ્ત ન હોઈ અન્ય જગ્યાએ જમીન મેળવવાની કામગીરી પ્રગતિમાં હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કાર્યવાહી પૂર્ણ ન થઈ હોઈ તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ભરૂચમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ કાર્યરત કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સ્પોર્ટસ કોમ્પલેક્ષ માટે ભરૂચ જિલ્લામાં વર્ષ-૨૦૧૭માં જમીન ફાળવવામાં આવેલ હતી. જે સ્પોર્ટસ કોમ્પલેક્ષ માટે અનુકૂળ અને પર્યાપ્ત ન હોઈ મોજે. કોસમડી ખાતે જી.આઈ.ડી.સી., અંકલેશ્વરની જમીનમેળવવાની કામગીરી નિર્ણાયક તબક્કે છે.

(૨) ઉક્ત કાર્યવાહી વહીવટીય પ્રક્રિયા હેઠળ છે.

(૩) જમીન ફાળવણી થયેથી બાકીની પ્રક્રિયા હાથ ધરીને સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનતી ત્વરાએ કાર્યરત કરવામાં આવશે.

---------

**પાલનપુર તાલુકામાં વીમા કંપની દ્વારા રકમની ચૂકવણી**

૩૪૭૨૮ શ્રી **મહેશકુમાર પટેલ** (પાલનપુર) : ૧૪ મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૩-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૨૭૯૯૯ (અગ્રતા-૬૪) ના અનુસંધાને **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) તા.૧૬-૧૦-૨૦૧૯ થી તા.૧૫-૧૧-૨૦૧૯ દરમ્યાન કમોસમી વરસાદથી બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં ખેતીના પાકોને થયેલું નુકસાન ખાનગી વીમા કંપની દ્વારા વહીવટી કારણથી કોઈ દાવા તા.૩૧-૦૧-૨૦૨૦થી ચૂકવ્યા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વહીવટી કારણોનો ઝડપી ઉકેલ લાવી દાવાની ઝડપી ચૂકવણી કરવા રાજ્ય સરકારે શાં સ્પષ્ટ આદેશો આપ્યા છે,

(૩) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વહીવટી કારણોનો ઉકેલ લાવીને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી, અને

(૪) બાકી રહેલ તમામ દવાઓ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકારએ ઉપસ્થિત થયેલ ચૂકવવાપાત્ર દાવાઓની ચૂકવણી પૂર્ણ કરવા જણાવેલ છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સદરહું બાબતે ઉકેલ આવેલ ન હોઈ, સબંધિત વીમા કંપની દ્વારા ચૂકવણી થયેલ નથી.

(૩) શક્ય તેટલા વહેલા દાવાઓ ચૂકવવામાં આવશે.

---------

### સ્પોર્ટસ ઓથોરોટી ઓફ ગુજરાત દ્વારા રમતગમતોના સંકુલોનું બાંધકામ

૩૩૫૮૫ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રમતગમતના સંકુલોનું બાંધકામ કરવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કઈ કઈ જગ્યાએ આ રમતગમત સંકુલ કેટલા ખર્ચે બાંધવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી

(૨) નીચે મુજબની વિગતે રમતગમત સંકુલ બાંધવાનું આયોજન કરેલ છે.

| ક્રમ | જિલ્લો | રમત સંકુલ સ્થળ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ભરૂચ | ૬૦૦.૦૦ |
| ૨ | બોટાદ | બોટાદ | ૬૦૦.૦૦ |
| ૩ | છોટાઉદેપુર | નસવાડી | ૧૨૫.૦૦ |
| | | છોટા ઉદેપુર | ૮૫૦.૦૦ |
| ૪ | તાપી | વ્યારા | ૫૦૦.૦૦ |
| ૫ | ગાંધીનગર | ગાંધીનગર | ૧૦૦૦.૦૦ |
| ૬ | અમદાવાદ | મફલીપુર(ધોળકા) | ૩૦૦.૦૦ |
| ૭ | મહેસાણા | વડનગર | ૨૧૦.૦૦ |
| ૮ | પાટણ | સમી | ૨૦૦.૦૦ |
| ૯ | નવસારી | અબ્રામા | ૨૦૦.૦૦ |

---------

### ખેડા જિલ્લામાં ૨૫ % કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ સહાય

૩૪૬૧૬ શ્રી **રાકેશભાઈ શાહ** (એલિસબ્રિજ) : **માનનીય સહકાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ૨૫ % કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને

(૨) તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો?

**જવાબ**

(૧) રૂ. ૪,૬૯,૫૪૩/-

(૨) ૬૫૩ મે. ટન

---------

### અમરેલી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

૩૪૫૬૧ શ્રી **પ્રવિણભાઇ ઘોઘારી** (કરંજ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અમરેલી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૯૪૫૮.૨૦ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ | ચોખા (કિ. | ભાવ પ્રતિ | કુલ અનાજ |
|---|---|---|---|---|---|---|

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | કિલો (રૂ.) | ગ્રા.) | કિલો (રૂ.) | (કિ.ગ્રા.) |
| જાન્યુ–૨૦૨૦ થી | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| ડિસેમ્બર–૨૦૨૦ | PHH(વ્યકિત દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં રોટાવેટરની સહાય મેળવવાની અરજીઓ

૩૩૬૯૬ શ્રી **સુખરામભાઇ રાઠવા** (જેતપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર રોટાવેટરની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી રકમની નાણાકીય સહાય ચૂકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ મંજૂર કરવાની બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં મંજૂર કરી નાણાકીય સહાય ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર રોટાવેટરની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૯–૨૦ | ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ સુધી) |
|---|---|---|---|
| ૧ | ક્વાંટ | ૬૦ | ૫૨ |
| ૨ | છોટાઉદેપુર | ૫૩ | ૬૮ |
| ૩ | જેતપુર પાવી | ૧૬૪ | ૧૫૧ |
| ૪ | નસવાડી | ૧૩૮ | ૧૬૮ |
| ૫ | બોડેલી | ૩૪૨ | ૨૯૭ |
| ૬ | સંખેડા | ૨૮૨ | ૨૭૭ |
| | **કુલ** | **૧૦૩૯** | **૧૦૧૩** |

(૨) ૩૬૬ અરજીઓ મંજૂર કરી રૂ. ૧,૨૨,૧૯,૮૫૨/– સહાય ચૂકવવામાં આવી.

(૩) વર્ષ ૨૦૨૦–૨૧માં તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ૩૧ અરજીઓ મંજૂર કરવાની બાકી

(૪) હાલની સ્થિતિએ ૩૧ માંથી ૪ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, જ્યારે ૨૭ અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી છે.

---------

## અમદાવાદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

૩૪૫૫૪ શ્રી **કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૫૦૫૪૭.૭૨ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ–૨૦૨૦ થી | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| ડિસેમ્બર–૨૦૨૦ | PHH(વ્યકિત દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**બોટાદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૭૪ શ્રી **ભીખાભાઇ બારૈયા** (પાલીતાણા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ બોટાદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) બોટાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૨૮૪૮૨.૯૦ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| ડિસેમ્બર-૨૦૨૦ | PHH(વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**દાહોદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૬૩ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ દાહોદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૯૦૫૦૧.૫૪ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| ડિસેમ્બર-૨૦૨૦ | PHH(વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના**

૩૩૬૯૯ શ્રી **જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) કુદરતી આપત્તિથી ખરીફ ઋતુમાં ખેડૂતોને થતા પાક નુકસાન પેટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના તા.૧૦-૦૮-૨૦૨૦ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ઉક્ત યોજના અન્વયે કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઠરાવની જોગવાઈઓ પરિપૂર્ણ થતી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| | |
|---|---|
| (૩) ઉક્ત ચૂકવવામાં આવેલ સહાય બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ, ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના**

૩૩૬૩૦ શ્રી **લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુદરતી આપત્તિથી ખરીફ ઋતુમાં ખેડૂતોને થતા પાક નુકસાન પેટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના તા.૧૦–૦૮–૨૦૨૦ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર ઉક્ત યોજના અન્વયે કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, | (૨) ઠરાવની જોગવાઈઓ પરિપૂર્ણ થતી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ચૂકવવામાં આવેલ સહાય બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ, ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવાની બાકી છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યમાં ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો ન મળવા બાબત**

૩૩૬૩૩ શ્રી **પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળતા નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) ખેડૂતો ખેતી કાર્યો જેવા કે ખેડ, બિયારણ, ખાતર, દવા, પિયત, કાપણી, લણણી, વગેરે માટે ખર્ચ કરે છે. આ ખર્ચ દરેક ખેડૂતને સ્થાનિક પરિસ્થિતિ તથા પાક મુજબ જુદો જુદો થાય છે તેમજ ઉત્પાદન પણ જુદું જુદું મળે છે. આ સંજોગોમાં ખેતી પાછળ થતો ખર્ચ તથા નફો એકસમાન થતો નથી. જેથી પોષણક્ષમ ભાવ ખેડૂતે કરેલ ખર્ચ, ઉત્પાદક્તા, વેચાણ વ્યવસ્થા અને બજાર પરીબળો પર મહદઅંશે આધારિત છે, અને પ્રત્યેક ખેડૂત દીઠ અલગ અલગ છે. |
| (૨) જો હા, તો ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા? | (૨) ખેતીમાં નફાકારક્તા વધે તે માટે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય, ઉત્પાદન વધે તથા વધુ આવક મેળવવા માટે ખેડૂતોને માર્ગદર્શન તથા પ્રોત્સાહન માટે વિવિધ યોજનાઓ અમલમાં છે. |

---------

**મહેસાણા જિલ્લામાં ઊંઝા એપીએમસીમાં સેસ કૌભાંડ**

૩૩૫૯૧ શ્રી **ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય સહકાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ઊંઝા એપીએમસીમાં થયેલ સેસ કૌભાંડની તપાસ ક્યા તબક્કે છે, | (૧) હાલમાં તપાસ ચાલુ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કૌભાંડ અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની | (૨) તપાસ ચાલુ છે પ્રશ્ન નથી. |

બાકી છે, અને

(૩) બાકી ઇસમોની ધરપકડ કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) તપાસ ચાલુ છે પ્રશ્ન નથી.

---------

**કૃષિલક્ષી સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધેલ ખેડૂતોની સંખ્યા**

૩૪૭૧૯ શ્રી **ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને

(૨) તે પૈકી કેટલી સંખ્યામાં મહિલા અને પુરુષ તાલીમાર્થીઓએ ભાગ લીધો ?

**જવાબ**

(૧) ૬૨૬ ખેડૂતો.

(૨) ૩૨૪ મહિલા અને ૩૦૨ પૂરુંષ તાલીમાર્થીઓ.

---------

**અમદાવાદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૫૫ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાંકુલ ૫૦૫૪૭.૭૨ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ–૨૦૨૦ થી ડિસેમ્બર–૨૦૨૦ | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**ખેડા અને નર્મદા જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો**

૩૩૬૮૧ શ્રી **કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ખેડા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલો વધારો કે ઘટાડો થયો?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| ખેડા | ૬૦૯૯૮ | ૮૫૮૫૯ |
| નર્મદા | ૫૨૫૩૭ | ૩૦૩૩૪ |

(૨)

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા.૧-૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | તા.૧-૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ | તા.૧-૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | તા.૧-૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ |
| ખેડા | ૧૯ | ૫ | ૦ | ૦ |
| નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ |

---------

## અરવલ્લી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

૩૪૫૫૭ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અરવલ્લી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૫૧૫૨.૫૧ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

## ડેસર બજાર સમિતિને વેરહાઉસ ગોડાઉન બનાવવાની યોજના હેઠળ મંજૂર રકમ

૩૪૬૪૦ શ્રી **અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાની ડેસર બજાર સમિતિને જમીન હોવા છતાં સ્ટોરેજના અભાવે વેરહાઉસ ગોડાઉન બનાવવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) રૂ.૨૪.૩૦/- લાખ.

(૨) રૂ.૨૪.૩૦/- લાખ.

---------

## નવસારી જિલ્લામાં હયાત મત્સ્ય કેન્દ્રોના નિભાવ માટે આયોજન

૩૪૬૭૪ શ્રી **પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નવસારી જિલ્લામાં નાના મત્સ્ય કેન્દ્રો વિકસાવવા માટે તેમજ હયાત મત્સ્ય કેન્દ્રોના નિભાવ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા મત્સ્યકેન્દ્રો કેટલા ખર્ચે વિકસાવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નવસારી જિલ્લાના ધોલાઈ ખાતે મત્સ્ય કેન્દ્ર વિકસાવવાનું આયોજન છે. અંદાજિત રૂ.૧૦.૧૭ કરોડ

(અંકે રૂપિયા દસ કરોડ સત્તર લાખ પૂરા)ના ખર્ચે આ મત્સ્યબંદરનું આધુનિકરણ તેમજ માળખાકીય પાયાગત સુવિધા પૂરી પાડવાનું આયોજન છે.

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૭૧ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) છોટા ઉદેપુર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાંકુલ ૪૫૧૩૫.૬૬૨ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યકિત દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**તાપી જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૪૬૦૬ શ્રી **હર્ષ સંઘવી** (મજૂરા) : **માનનીય સહકાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લાની વાલોડ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) રૂ.૨૯.૯૫ લાખ.

(૨) રૂ.૨૯.૯૫ લાખ.

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નાળીયેરીના પાકમાં સફેદ માખીનું સંક્રમણ**

૩૩૬૫૧ શ્રી **ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નાળીયેરીના પાકમાં સફેદ માખીના સંક્રમણના કારણે ભારે નુકસાન થઈ રહ્યું છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સફેદ માખીથી નાળીયેરીના પાકને બચાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સફેદ માખીનો છુટ્ટા છવાયા વિસ્તારોમાં સફેદ માખીથી નાળીયેરીના પાકમાં નુકસાન જોવા મળેલ છે.

(૨) ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સફેદ માખીથી નાળીયેરી પાકને બચાવવા છેલ્લા બે વર્ષમાં સરકારે નીચે મુજબના પગલા લીધેલ છે.

૧. નાળીયેરી પાકમાં સફેદ માખીનાં નિયંત્રણ અંગેની ખેડૂત

તાલીમ–ઓનલાઈન વેબીનાર યોજાયેલ.
૨. ખેડૂતોને માર્ગદર્શન મળે તે હેતુથી ગુજરાતી સમાચારપત્રોમાં સફેદ માખીના નિયંત્રણ માટેના પગલાં માટેની વિગતો આપવામાં આવેલ.
૩. આત્મા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં ખેડુત ગ્રુપોને વ્હોટ્સ એપ મારફત બહોળો પ્રચાર–પ્રસાર કરવામાં આવેલ.
૪. લીફલેટ/પેમ્ફલેટનાં માધ્યમથી સફેદ માખીનાં નિયંત્રણ માટે ખેડૂતોને અવગત કરેલ છે.
૫. ખેડૂત શિબિર દ્વારા તાંત્રિક માર્ગદર્શન પૂરું પાડેલ.
૬. ખેડૂતોના ખેતરે ઓન–ફાર્મ તાલીમ અને જીવાત નિયંત્રણ માટે નિદર્શન પણ આપેલ.
૭. ક્ષેત્રિય અધિકારીશ્રીઓ દ્વારા પોતાની ક્ષેત્રીય ફેરણી દરમિયાન સંપર્કમાં આવેલ ખેડૂતો તેમજ ટેલીફોન/મોબાઈલ દ્વારા માર્ગદર્શન આપેલ.

**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા લીધેલ પગલાં:**

૧. આ ઉપરાંત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનાં વિસ્તારોમાં ઉગાડવામાં આવતી નાળીયેરીમાં વર્ષઃ૨૦૧૯ બાદ સર્વેની કામગીરી કરવામાં આવેલ હતી.
૨. નાળીયેરીનાં પાકમાં આવેલ સફેદમાખીનાં નિયંત્રણ કરવા માટે સૌરાષ્ટ્રનાં માંગરોળ, ચોરવાડ તથા કોડીનાર ગામમાં અલગ–અલગ જગ્યાઓએ જૈવિક નિયંત્રણ, રાસાયણિક નિયંત્રણ તથા મૂળ દ્વારા નિયંત્રણનાં અખતરાઓ ગોઠવીને તેની પ્રાથમિક ભલામણો પ્રેસનોટ, યુ–ટ્યુબ માધ્યમ તથા અલગ–અલગ ખેડૂતોનાં ખેતરોએ મીટીંગનું આયોજન કરીને પ્રાથમિક ભલામણો ખેડૂતોને આપવામાં આવેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ

૩૪૫૯૪ શ્રી **અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય સહકાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લાની વંથલી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૪૩.૦૫ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ.૧૪૩.૦૫ લાખ. |

---------

## આણંદ અને પંચમહાલ જિલ્લામાં પાક રક્ષણ માટે તારની વાડ બનાવવાની સહાય

૩૩૬૭૦ શ્રી **નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જંગલી જાનવરો, રોઝ – ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકના રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે ખેડૂતોએ કેટલા હેક્ટર ના બ્લોક બનાવી સહાય માટે અરજી કરવાની હોય છે, | (૧) ખેડૂત/ખેડૂત ગૃપ દ્વારા ઓછામાં ઓછા ૫ હેક્ટરનો બ્લોક બનાવી સહાય માટે અરજી કરી શકે છે. |
| (૨) ઉક્ત હેક્ટરની મર્યાદામાં છેલ્લે ક્યારે કેટલો | (૨) અગાઉ જે ૧૦ હેક્ટરનો બ્લોક હતો તેની જગ્યાએ |

વધારો કે ઘટાડો કરાયો,

તા. ૦૮-૧૨-૨૦૨૦થી ૫ હેક્ટરનો ઘટાડો કરી હવેથી ૫ હેક્ટરનો બ્લોક બનાવી શકાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) શૂન્ય

(૪) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

૩૪૫૯૮ શ્રી **લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ-ગ્રામ્ય) : **માનનીય સહકાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૧૬

---------

**આણંદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૫૦ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ આણંદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૮૦૩૯૩.૬૬ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**ખેડા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

૩૪૫૮૬ શ્રી **અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય સહકાર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૧૫

---------

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૬૭ **શ્રી મુકેશભાઇ પટેલ** (ઓલપાડ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ ભરૂચ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૫૦૪૩૧.૪૫ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ–૨૦૨૦ થી ડિસેમ્બર–૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**સુરત અને વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ**

૩૩૭૦૮ શ્રી **આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વર્ષવાર કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોમાં ભલામણ કરવામાં આવી, અને

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં બેન્કેબલ યોજના હેઠળ કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| સુરત | ૫૧૬૮ |
| વલસાડ | ૩૦૭૩ |
| **કુલ** | **૮૨૪૧** |

(૨),(૩) અને (૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર નીચે મુજબની અરજીઓ મંજૂર કરી લોન પૂરી પાડવા માટે બેન્કોને ભલામણ કરવામાં આવી તથા બેંકો દ્વારા લોન આપેલ અરજીઓ અને ચૂકવવામાં આવેલ સહાયની રકમની વિગતો નીચે મુજબ છે.

(૧) સુરત

| ક્રમ | વિગત | ૧–૧–૧૯ થી ૩૧–૧૨–૧૯ | ૧–૧–૨૦ થી ૩૧–૧૨–૨૦ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મંજૂર કરેલ અને બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૩૮૬૭ | ૮૦૧ | ૪૬૬૮ |
| ૨ | બેંકો દ્વારા મંજુર કરેલ અરજીઓ | ૨૩૨૮ | ૧૦૦૫ | ૩૩૩૩ |
| ૩ | ચૂકવવામાં આવેલ સહાય (રૂ. લાખમાં) | ૧૩૮૧.૪૦ | ૧૨૪૧.૧૩ | ૨૬૨૨.૫૩ |

(૨) વલસાડ

| ક્રમ | વિગત | ૧–૧–૧૯ થી ૩૧–૧૨–૧૯ | ૧–૧–૨૦ થી ૩૧–૧૨–૨૦ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મંજૂર કરેલ અને બેંકોને ભલામણ | ૧૮૦૮ | ૭૫૬ | ૨૫૬૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | કરેલ અરજીઓ | | | |
| ૨ | બેંકો દ્વારા મંજુર કરેલ અરજીઓ | ૧૫૯૪ | ૪૯૩ | ૨૦૮૭ |
| ૩ | ચૂકવવામાં આવેલ સહાય (રૂ. લાખમાં) | ૧૭૦૪.૫૬ | ૯૭૨.૨૬ | ૨૬૭૬.૮૨ |

---------

## બોટાદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

૩૪૫૭૨ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ બોટાદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) બોટાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૨૮૪૮૨.૯૦ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ–૨૦૨૦ થી ડિસેમ્બર–૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

## આણંદ જિલ્લાના કનેવાલ તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી

૩૩૬૭૩ શ્રી **પુનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આણંદ જિલ્લાના તારાપુર તાલુકામાં કનેવાલ તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા ક્યારે મંજૂરી આપવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આણંદ જિલ્લાના તારાપુર તાલુકામાં કનેવાલ તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમરેલી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

૩૪૫૬૨ **શ્રી પુર્ણેશ મોદી** (સુરત પશ્ચિમ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અમરેલી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૯૪૫૮.૨૦ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો | કુલ અનાજ |
|---|---|---|---|---|---|---|

| | | | (રૂ.) | | (રૂ.) | (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૫૯ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ બનાસકાંઠા જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૧૩૬૭૬૦.૨૭ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**પ્રવાસન પ્રભાગ હસ્તકના બોર્ડ/કોર્પોરેશનમાં સંવર્ગવાર મહેકમ**

૩૩૬૦૯ શ્રી **હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પ્રવાસન પ્રભાગ હસ્તકના બોર્ડ, કોર્પોરેશનમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત, આઉટ સોર્સીંગ અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પ્રવાસન પ્રભાગ હસ્તકના બોર્ડ, કોર્પોરેશનમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ, ખાલી જગ્યાઓ, કરાર આધારિત, આઉટ સોર્સીંગ અને ફિક્સ પગારથી ભરાયેલ જગ્યાઓની ગુજરાત પ્રવાસન નિગમ લિ. તથા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની માહિતી અનુક્રમે +પત્રક-૧ અને +પત્રક-૨ મુજબ સામેલ છે.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે.

(+પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**અમદાવાદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૫૩ શ્રી **જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની

વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૫૦૫૪૭.૭૨ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

## બોટાદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

૩૪૫૭૫ શ્રી **કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ બોટાદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) બોટાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાંકુલ ૨૮૪૮૨.૯૦ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

## અરવલ્લી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

૩૪૫૮૧ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અરવલ્લી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૫૧૫૨.૫૧ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ– ૨૦૨૦ થી ડિસેમ્બર– ૨૦૨૦ | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

## આણંદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

૩૪૫૭૩ શ્રી **ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ આણંદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાંકુલ ૮૦૩૯૩.૬૬ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ– ૨૦૨૦ થી ડિસેમ્બર– ૨૦૨૦ | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

## રણ ઉત્સવમાં રાજ્યને મળેલ રોયલ્ટીની આવક

૩૩૫૭૦ શ્રી**મતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને રણ ઉત્સવના માધ્યમથી રોયલ્ટી પેટે કેટલી આવક થઈ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સફેદ રણમાં એન્ટ્રી ફી થી કેટલી આવક થઈ, અને

(૩) રણ ઉત્સવના માધ્યમથી સ્થાનિક રોજગારીમાં ઉક્ત વર્ષવાર કેટલો વધારો થયો?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને રણ ઉત્સવના માધ્યમથી રોયલ્ટી પેટે નીચે મુજબ આવક થઈઃ

| વર્ષ | આવક |
|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | રૂ.૪૬૨.૪૪ લાખ |
| તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ | રૂ.૪૮૧.૮૫ લાખ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સફેદ રણમાં એન્ટ્રી ફી થી નીચે મુજબની આવક થઈ છેઃ

| વર્ષ | આવક |
|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | રૂ.૨૧૦.૬૩ લાખ |
| તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ | રૂ.૧૪૫.૦૫ લાખ |

(૩)

| વર્ષ | કુલ રોજગારીમાં થયેલ વધારો |
|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૯ થી | આ સમયગાળાનું મૂલ્યાંકન |

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૯ | કરવામાં આવેલ નથી. |
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૪૫૭૦ શ્રી **શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૫૧૩૫.૬૬૨ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણ નો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY(કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અન્વયે વીમા કંપનીઓને ચૂકવેલ રકમ**

૩૩૫૭૯ શ્રી **કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અન્વયે કઈ વીમા કંપનીને કેટલી રકમ ચૂકવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કઈ વીમા કંપની દ્વારા બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓના કેટલા ખેડૂતોને કેટલી રકમ વીમા પેટે ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

**પત્રક-૧**

**તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કંપનીવાર રાજ્ય સરકાર તરફથી ચૂકવવાપાત્ર પ્રિમિયમની વિગત**

| વીમા કંપની | રાજ્ય સરકાર દ્વારા ચૂકવવાપાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) |
|---|---|
| એગ્રીકલ્ચર ઈન્સ્યુરન્સ કંપની ઓફ ઈન્ડિયા | ૩૫૬,૬૨,૫૭,૮૦૮ |
| બજાજ એલાયંજ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી. | ૧૯,૧૯,૯૫,૪૪૪ |
| ભારતી અક્ષા જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી. | ૨૦૮,૯૭,૨૨,૨૧૮ |
| યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લી. | ૫,૪૩,૯૧,૮૮૪ |
| યુનિવર્સલ સોમ્પો જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી. | ૩૯૬,૯૩,૩૧,૪૩૮ |
| રિલાયન્સ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી. | ૬૨૦,૪૫,૭૮,૬૬૩ |

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**પત્રક–૨**

**તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વર્ષવાર કંપનીવાર બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ અને દાંતા તાલુકામાં ચૂકવાયેલ ખેડૂતોની અને દાવાઓની વિગત**

| તાલુકાનું નામ | દાવા ચૂકવાયેલ ખેડૂતોની સંખ્યા | દાવા ચૂકવાયેલ રકમ (રૂ.) |
|---|---|---|
| **રવિ–ઉનાળુ–૨૦૧૮–૧૯ વિમા કંપનીઃ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લી.** | | |
| અમીરગઢ | ૦ | ૦.૦૦ |
| દાંતા | ૪૧ | ૩૨,૦૭૯ |
| **ખરીફ – ૧૯ વિમા કંપનીઃ યુનિવર્સલ સોમ્પો જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.** | | |
| અમીરગઢ | ૦ | ૦.૦૦ |
| દાંતા | ૦ | ૦.૦૦ |
| **રવિ–ઉનાળુ–૨૦૧૯–૨૦ વિમા કંપનીઃ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લી.** | | |
| અમીરગઢ | ૦ | ૦.૦૦ |
| દાંતા | ૦ | ૦.૦૦ |
| **ખરીફ – ૨૦૨૦** | | |
| **યોજના અમલી નથી** | | |

---------

**સુરેન્દ્રનગર અને ગીરસોમનાથ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો**

૩૩૬૨૪ શ્રી **ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન** — **જવાબ**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૭૮૭૨ (૧૦-૧૧-૨૦૨૦) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત યાદી

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સીનીયર સીટીઝન પર હત્યાના પ્રયાસ અને અપરાધ મનુષ્યવધના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૩) બાકી આરોપીઓને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૯-૦૧-૨૦૨૧)

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

(૩) બાકી ગુનેગારોને પકડવા માટે આરોપીના સગાસબંધી તેમજ મિત્ર વર્તુળ જેવી આરોપી મળી આવે તેવી જગ્યાએ ખાનગી રાહે તપાસ કરવામાં આવે છે તેમજ તપાસ દરમ્યાન આરોપીના નજીકના સગા મિત્રના મોબાઈલ નંબરો મેળવી તે નંબરોની કોલ ડીટેઈલ મેળવી શંકાસ્પદ નંબરો ટ્રેસ કરી તે દિશામાં તપાસ કરવામાં આવે છે તેમ છતાં આરોપી નહી મળી આવતા સી.આર.પી.સી. કલમ-૭૦, ૮૨, ૮૩ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક-૧**

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૦૧-૧૦-૨૦૧૭ થી તા.૩૦-૦૯-૨૦૧૮ | | તા.૦૧-૧૦-૨૦૧૮ થી તા.૩૦-૦૯-૨૦૧૯ | | તા.૦૧-૧૦-૨૦૧૯ થી તા.૩૦-૦૯-૨૦૨૦ | |
|---|---|---|---|---|---|---|---|
| | | હત્યાના પ્રયાસ | અપરાધ મનુષ્યવધ | હત્યાના પ્રયાસ | અપરાધ મનુષ્યવધ | હત્યાના પ્રયાસ | અપરાધ મનુષ્યવધ |
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૦ | ૧ | ૧ | ૩ | ૦ |
| ૨ | રાજકોટ શહેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | સુરત શહેર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૪ | વડોદરા શહેર | ૦ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૨ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ |
| ૬ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૭ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૮ | ગાંધીનગર | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૩ | ૦ | ૩ | ૦ | ૧ | ૦ |
| ૧૦ | અરવલ્લી | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | મહેસાણા | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | જામનગર | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | દેવભૂમી દ્વારકા | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૮ | ૦ | ૩ | ૦ | ૧ | ૦ |
| ૧૫ | મોરબી | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | કચ્છ પૂર્વ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | કચ્છ પશ્ચિમ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૨૦ | પાટણ | ૩ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ |
| ૨૧ | અમરેલી | ૨ | ૨ | ૩ | ૨ | ૨ | ૧ |
| ૨૨ | ભાવનગર | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૨૩ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૨૪ | જૂનાગઢ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | ગીર સોમનાથ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૧ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૦ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૨૮ | છોટા ઉદેપુર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨૯ | ભરૂચ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ |

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૦૧-૧૦-૨૦૧૭ થી તા.૩૦-૦૯-૨૦૧૮ | | તા.૦૧-૧૦-૨૦૧૮ થી તા.૩૦-૦૯-૨૦૧૯ | | તા.૦૧-૧૦-૨૦૧૯ થી તા.૩૦-૦૯-૨૦૨૦ | |
|---|---|---|---|---|---|---|---|
| | | હત્યાના પ્રયાસ | અપરાધ મનુષ્યવધ | હત્યાના પ્રયાસ | અપરાધ મનુષ્યવધ | હત્યાના પ્રયાસ | અપરાધ મનુષ્યવધ |
| ૩૦ | નર્મદા | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૩૧ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૫ | તાપી | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૩૬ | વલસાડ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩૭ | નવસારી | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૩૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૯ | પ.રે.વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૦ | પ.રે.અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પત્રક-૨**

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૦૧-૧૦-૨૦૧૭ થી તા.૩૦-૦૯-૨૦૧૮ | | તા.૦૧-૧૦-૨૦૧૮ થી તા.૩૦-૦૯-૨૦૧૯ | | તા.૦૧-૧૦-૨૦૧૯ થી તા.૩૦-૦૯-૨૦૨૦ | |
|---|---|---|---|---|---|---|---|
| | | પકડાયેલ | બાકી | પકડાયેલ | બાકી | પકડાયેલ | બાકી |
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૦ | ૬ | ૦ | ૪ | ૦ |
| ૨ | રાજકોટ શહેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | સુરત શહેર | ૪ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૪ | વડોદરા શહેર | ૦ | ૧ | ૪ | ૦ | ૦ | ૦ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૬ | ૪ | ૧૮ | ૦ | ૧૨ | ૦ |
| ૬ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ |
| ૭ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| ૮ | ગાંધીનગર | ૧ | ૦ | ૧૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૧૮ | ૧ | ૧૪ | ૦ | ૧ | ૦ |
| ૧૦ | અરવલ્લી | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | મહેસાણા | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | જામનગર | ૧૧ | ૦ | ૬ | ૦ | ૧ | ૦ |
| ૧૩ | દેવભૂમી દ્વારકા | ૧ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૮ | ૦ | ૧૪ | ૦ | ૩ | ૦ |
| ૧૫ | મોરબી | ૯ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | કચ્છ પૂર્વ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | કચ્છ પશ્ચિમ | ૬ | ૦ | ૦ | ૦ | ૬ | ૦ |
| ૨૦ | પાટણ | ૧૩ | ૧ | ૨ | ૦ | ૫ | ૧ |
| ૨૧ | અમરેલી | ૬ | ૦ | ૨૩ | ૦ | ૧૦ | ૦ |
| ૨૨ | ભાવનગર | ૭ | ૦ | ૪ | ૦ | ૧૧ | ૦ |
| ૨૩ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૨૪ | જૂનાગઢ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | ગીર સોમનાથ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૧ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૧૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત યાદી

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૦૧-૧૦-૨૦૧૭ થી તા.૩૦-૦૯-૨૦૧૮ | | તા.૦૧-૧૦-૨૦૧૮ થી તા.૩૦-૦૯-૨૦૧૯ | | તા.૦૧-૧૦-૨૦૧૯ થી તા.૩૦-૦૯-૨૦૨૦ | |
|---|---|---|---|---|---|---|---|
| | | પકડાયેલ | બાકી | પકડાયેલ | બાકી | પકડાયેલ | બાકી |
| ૨૮ | છોટા ઉદેપુર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૨૯ | ભરૂચ | ૦ | ૦ | ૭ | ૦ | ૧ | ૦ |
| ૩૦ | નર્મદા | ૩ | ૦ | ૧ | ૦ | ૪ | ૦ |
| ૩૧ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૫ | તાપી | ૦ | ૦ | ૪ | ૦ | ૧ | ૦ |
| ૩૬ | વલસાડ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩૭ | નવસારી | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૩૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૯ | પ.રે.વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૦ | પ.રે.અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

--------

**જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ અમદાવાદ સેન્ટ્રલ જેલની લીધેલ મુલાકાત**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૮૫૭૦ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ વારાફરતી જેલોની મુલાકાત લેવાની હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જેલ મુલાકાતી બોર્ડના સભ્યો અને સેશન્સ જજોએ અમદાવાદ સેન્ટ્રલ જેલની સન ૨૦૧૮ અને ૨૦૧૯માં કેટલી મુલાકાત લીધી,

(૩) આ મુલાકાતોમાં કેટલી ફરિયાદો મળી, અને

(૪) તા.૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ થયો?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૨-૦૨-૨૦૨૧)

(૧) હા, જી

(૨)

| વર્ષ | જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ લીધેલ મુલાકાત | સેશન્સ જજોએ લીધેલ મુલાકાત |
|---|---|---|
| ૨૦૧૮ | ૦૮ | ૪૬ |
| ૨૦૧૯ | ૦૨ | ૪૪ |

(૩) ૦૯

(૪) ૦૯

--------

**જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ વડોદરા સેન્ટ્રલ જેલની લીધેલ મુલાકાત**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૮૫૭૩ (૦૨-૦૧-૨૦૨૧) **ડો. સી.જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ વારાફરતી જેલોની મુલાકાત લેવાની હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જેલ મુલાકાતી બોર્ડના સભ્યો અને સેશન્સ જજોએ વડોદરા સેન્ટ્રલ જેલની સન ૨૦૧૮ અને ૨૦૧૯માં કેટલી મુલાકાત લીધી,

(૩) આ મુલાકાતોમાં કેટલી ફરિયાદો મળી, અને

(૪) તા.૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ થયો?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૨-૦૨-૨૦૨૧)

(૧) હા, જી

(૨)

| વર્ષ | જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ લીધેલ મુલાકાત | સેશન્સ જજોએ લીધેલ મુલાકાત |
|---|---|---|
| ૨૦૧૮ | ૦ | ૦૧ |

| | | |
|---|---|---|
| ૨૦૧૯ | ૦૧ | ૦ |

(૩) એકપણ નહીં

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ સુરત સેન્ટ્રલ જેલની લીધેલ મુલાકાત**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૮૫૭૯ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ વારાફરતી જેલોની મુલાકાત લેવાની હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જેલ મુલાકાતી બોર્ડના સભ્યો અને સેશન્સ જજોએ સુરત સેન્ટ્રલ જેલની સન ૨૦૧૮ અને ૨૦૧૯માં કેટલી મુલાકાત લીધી,

(૩) આ મુલાકાતોમાં કેટલી ફરિયાદો મળી, અને

(૪) તા.૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ થયો?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૨-૦૨-૨૦૨૧)

(૧) હા, જી

(૨)

| વર્ષ | જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ લીધેલ મુલાકાત | સેશન્સ જજોએ લીધેલ મુલાકાત |
|---|---|---|
| ૨૦૧૮ | ૦ | ૦૬ |
| ૨૦૧૯ | ૦૧ | ૦૯ |

(૩) ૦૨

(૪) ૦૨

--------

**જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ રાજકોટ સેન્ટ્રલ જેલની લીધેલ મુલાકાત**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૮૫૮૧ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ વારાફરતી જેલોની મુલાકાત લેવાની હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જેલ મુલાકાતી બોર્ડના સભ્યો અને સેશન્સ જજોએ રાજકોટ સેન્ટ્રલ જેલની સન ૨૦૧૮ અને ૨૦૧૯માં કેટલી મુલાકાત લીધી,

(૩) આ મુલાકાતોમાં કેટલી ફરિયાદો મળી, અને

(૪) તા.૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ થયો?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૨-૦૨-૨૦૨૧)

(૧) હા, જી

(૨)

| વર્ષ | જેલ મુલાકાતી બોર્ડના સભ્યોએ લીધેલ મુલાકાત | સેશન્સ જજોએ લીધેલ મુલાકાત |
|---|---|---|
| ૨૦૧૮ | ૦૧ | ૧૫ |
| ૨૦૧૯ | ૦ | ૧૩ |

(૩) એકપણ નહીં

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ખેતમજૂર વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૮૧૧૦ (૦૭-૧૨-૨૦૨૦) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં ૩ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ખેતમજૂર વીમા યોજના હેઠળ કેટલી અરજી મળી,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા ખેતમજૂરોને માર્ચ-૨૦૨૦ સુધીમાં વીમાની રકમ ચૂકવવામાં આવી,

(૩) જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૦૩-૦૨-૨૦૨૧)

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત યાદી

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં ૩ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ખેતમજૂર વીમા યોજના હેઠળ નીચે મુજબની અરજી મળી,

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૦-૦૯-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૯ | ૨૦ | ૧૩ | ૬૨ |
| ૨ | ગાંધીનગર | ૨૯ | ૨૫ | ૦૯ | ૬૩ |
| ૩ | સાબરકાંઠા | ૪૦ | ૩૭ | ૦૮ | ૮૫ |
| ૪ | મહેસાણા | ૩૨ | ૨૨ | ૧૪ | ૬૮ |
| ૫ | બનાસકાંઠા | ૧૮ | ૨૨ | ૨૮ | ૬૮ |
| ૬ | અરવલ્લી | ૧૬ | ૧૧ | ૦૭ | ૩૪ |
| ૭ | પાટણ | ૪૬ | ૪૨ | ૧૪ | ૧૦૨ |
| ૮ | વડોદરા | ૨૯ | ૨૩ | ૧૨ | ૬૪ |
| ૯ | આણંદ | ૫૨ | ૧૯ | ૦૭ | ૭૮ |
| ૧૦ | ભરૂચ | ૨૧ | ૦૮ | ૦૩ | ૩૨ |
| ૧૧ | ખેડા | ૩૩ | ૧૭ | ૦૬ | ૫૬ |
| ૧૨ | પંચમહાલ | ૪૩ | ૦૪ | ૦૩ | ૫૦ |
| ૧૩ | છોટાઉદેપુર | ૦૩ | ૦૩ | ૦૩ | ૯ |
| ૧૪ | નર્મદા | ૧૫ | ૦૫ | ૦૧ | ૨૧ |
| ૧૫ | દાહોદ | ૧૮ | ૦૩ | ૦૦ | ૨૧ |
| ૧૬ | મહિસાગર | ૦૭ | ૦૫ | ૦૨ | ૧૪ |
| ૧૭ | સુરત | ૬૯ | ૧૬ | ૦૧ | ૮૬ |
| ૧૮ | વલસાડ | ૫૪ | ૧૫ | ૦૪ | ૭૩ |
| ૧૯ | નવસારી | ૫૩ | ૩૭ | ૦૯ | ૯૯ |
| ૨૦ | તાપી | ૦૪ | ૦૫ | ૦૧ | ૧૦ |
| ૨૧ | ડાંગ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૭ |
| ૨૨ | રાજકોટ | ૨૭ | ૧૩ | ૦૮ | ૪૮ |
| ૨૩ | ભાવનગર | ૧૨૧ | ૬૨ | ૪૨ | ૨૨૫ |
| ૨૪ | જામનગર | ૧૫ | ૧૮ | ૧૦ | ૪૩ |
| ૨૫ | પોરબંદર | ૦૭ | ૦૫ | ૦૬ | ૧૮ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૪૯ | ૩૮ | ૧૮ | ૧૦૫ |
| ૨૭ | અમરેલી | ૩૫ | ૩૫ | ૧૪ | ૮૪ |
| ૨૮ | બોટાદ | ૧૮ | ૨૩ | ૧૪ | ૫૫ |
| ૨૯ | જૂનાગઢ | ૩૯ | ૨૩ | ૧૨ | ૭૪ |
| ૩૦ | મોરબી | ૦૫ | ૦૭ | ૦૭ | ૧૯ |
| ૩૧ | ગીર સોમનાથ | ૨૭ | ૦૯ | ૦૪ | ૪૦ |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૫ | ૦૧ | ૦૯ |
| ૩૩ | કચ્છ-ભૂજ | ૪૩ | ૫૪ | ૩૦ | ૧૨૭ |
| | **કુલ** | **૧૦૦૭** | **૬૩૧** | **૩૧૧** | **૧૯૪૯** |

(૨) તે પૈકી જિલ્લાવાર નીચે મુજબ ખેતમજૂરોને માર્ચ-૨૦૨૦ સુધીમાં વીમાની રકમ ચૂકવવામાં આવી,

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૧-૦૩-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૬ | ૧૪ | ૦૪ | ૩૪ |
| ૨ | ગાંધીનગર | ૨૦ | ૦૭ | ૦૦ | ૨૭ |
| ૩ | સાબરકાંઠા | ૨૨ | ૦૫ | ૦૨ | ૨૯ |

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૧-૦૩-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૪ | મહેસાણા | ૨૧ | ૪ | ૦૨ | ૨૭ |
| ૫ | બનાસકાંઠા | ૧૨ | ૧૫ | ૧૪ | ૪૧ |
| ૬ | અરવલ્લી | ૦૮ | ૦૧ | ૦૦ | ૦૯ |
| ૭ | પાટણ | ૩૨ | ૨૬ | ૦૬ | ૬૪ |
| ૮ | વડોદરા | ૧૮ | ૧૪ | ૦૦ | ૩૨ |
| ૯ | આણંદ | ૧૨ | ૦૭ | ૦૦ | ૧૯ |
| ૧૦ | ભરૂચ | ૧૬ | ૦૪ | ૦૦ | ૨૦ |
| ૧૧ | ખેડા | ૧૩ | ૦૪ | ૦૦ | ૧૭ |
| ૧૨ | પંચમહાલ | ૨૮ | ૦૦ | ૦૦ | ૨૮ |
| ૧૩ | છોટાઉદેપુર | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ |
| ૧૪ | નર્મદા | ૦૬ | ૦૩ | ૦૦ | ૦૯ |
| ૧૫ | દાહોદ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૬ | મહિસાગર | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ |
| ૧૭ | સુરત | ૨૧ | ૦૫ | ૦૦ | ૨૬ |
| ૧૮ | વલસાડ | ૧૩ | ૦૪ | ૦૦ | ૧૭ |
| ૧૯ | નવસારી | ૦૯ | ૦૩ | ૦૦ | ૧૨ |
| ૨૦ | તાપી | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ |
| ૨૧ | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨ | રાજકોટ | ૧૫ | ૧૦ | ૦૩ | ૨૮ |
| ૨૩ | ભાવનગર | ૧૦૧ | ૨૬ | ૦૦ | ૧૨૭ |
| ૨૪ | જામનગર | ૧૧ | ૦૬ | ૦૮ | ૨૫ |
| ૨૫ | પોરબંદર | ૦૬ | ૦૪ | ૦૨ | ૧૨ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૩૦ | ૨૨ | ૦૭ | ૫૯ |
| ૨૭ | અમરેલી | ૧૩ | ૧૦ | ૦૪ | ૨૭ |
| ૨૮ | બોટાદ | ૧૦ | ૧૬ | ૦૩ | ૨૯ |
| ૨૯ | જૂનાગઢ | ૨૨ | ૦૯ | ૦૦ | ૩૧ |
| ૩૦ | મોરબી | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૩ |
| ૩૧ | ગીર સોમનાથ | ૧૩ | ૦૨ | ૦૦ | ૧૫ |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૫ |
| ૩૩ | કચ્છ-ભૂજ | ૨૪ | ૨૭ | ૦૦ | ૫૧ |
| | **કુલ** | **૫૨૧** | **૨૫૬** | **૫૬** | **૮૩૩** |

(૩) જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ નામંજૂર કરવામાં આવી,

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૦-૦૯-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩ | ૦૫ | ૦૦ | ૧૮ |
| ૨ | ગાંધીનગર | ૦૯ | ૦૬ | ૦૧ | ૧૬ |
| ૩ | સાબરકાંઠા | ૧૫ | ૦૫ | ૦૦ | ૨૦ |
| ૪ | મહેસાણા | ૧૦ | ૦૫ | ૦૨ | ૧૭ |
| ૫ | બનાસકાંઠા | ૦૫ | ૦૪ | ૦૫ | ૧૪ |
| ૬ | અરવલ્લી | ૦૮ | ૦૫ | ૦૦ | ૧૩ |
| ૭ | પાટણ | ૧૩ | ૦૮ | ૦૧ | ૨૨ |
| ૮ | વડોદરા | ૧૧ | ૦૩ | ૦૦ | ૧૪ |
| ૯ | આણંદ | ૩૦ | ૦૩ | ૦૦ | ૩૩ |

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૦-૦૯-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૦ | ભરૂચ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૪ |
| ૧૧ | ખેડા | ૨૦ | ૦૯ | ૦૧ | ૩૦ |
| ૧૨ | પંચમહાલ | ૧૪ | ૦૩ | ૦૦ | ૧૭ |
| ૧૩ | છોટાઉદેપુર | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૧૪ | નર્મદા | ૦૯ | ૦૨ | ૦૦ | ૧૧ |
| ૧૫ | દાહોદ | ૧૦ | ૦૧ | ૦૦ | ૧૧ |
| ૧૬ | મહિસાગર | ૦૬ | ૦૩ | ૦૧ | ૧૦ |
| ૧૭ | સુરત | ૪૮ | ૦૬ | ૦૦ | ૫૪ |
| ૧૮ | વલસાડ | ૩૭ | ૦૨ | ૦૦ | ૩૯ |
| ૧૯ | નવસારી | ૪૧ | ૦૫ | ૦૦ | ૪૬ |
| ૨૦ | તાપી | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૨૧ | ડાંગ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૭ |
| ૨૨ | રાજકોટ | ૧૨ | ૦૩ | ૦૦ | ૧૫ |
| ૨૩ | ભાવનગર | ૨૦ | ૧૭ | ૦૫ | ૪૨ |
| ૨૪ | જામનગર | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૭ |
| ૨૫ | પોરબંદર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૧૯ | ૧૩ | ૦૩ | ૩૫ |
| ૨૭ | અમરેલી | ૨૨ | ૧૨ | ૦૫ | ૩૯ |
| ૨૮ | બોટાદ | ૦૮ | ૦૬ | ૦૫ | ૧૯ |
| ૨૯ | જૂનાગઢ | ૧૭ | ૧૩ | ૦૧ | ૩૧ |
| ૩૦ | મોરબી | ૩ | ૦૩ | ૦૦ | ૦૬ |
| ૩૧ | ગીર સોમનાથ | ૧૪ | ૦૧ | ૦૦ | ૧૫ |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૩ | કચ્છ-ભૂજ | ૧૮ | ૧૫ | ૦૪ | ૩૭ |
| | **કુલ** | **૪૫૩** | **૧૬૧** | **૩૪** | **૬૪૮** |

(૪) રાજ્યમાં ખેતમજૂર વીમાયોજના હેઠળ મળેલ કુલ ૧૯૪૯ અરજીઓ પૈકી ૬૪૮ અરજીઓ પાત્રતા ધરાવતા ન હોય વીમા નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે. કુલ ૮૩૩ ખેતમજૂરોને માર્ચ-૨૦૨૦ સુધીમાં સહાય ચૂકવેલ છે. તેમજ કુલ ૧૧૩ અરજીઓ એપ્રિલ-૨૦ થી સપ્ટેમ્બર-૨૦ ના સમયગાળામાં મંજૂર કરેલ છે. બાકી રહેલી ૩૫૫ અરજીઓ અરજદાર દ્વારા ક્ષતિપૂર્તતા થયેથી વિમા નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા ચકાસણી કરી નિકાલ કરવામાં આવશે.

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૦-૦૯-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૦ | ૦૧ | ૦૯ | ૧૦ |
| ૨ | ગાંધીનગર | ૦૦ | ૦૭ | ૦૮ | ૧૫ |
| ૩ | સાબરકાંઠા | ૦૩ | ૨૭ | ૦૬ | ૩૬ |
| ૪ | મહેસાણા | ૦૧ | ૧૩ | ૧૦ | ૨૪ |
| ૫ | બનાસકાંઠા | ૦૧ | ૦૦ | ૦૯ | ૧૦ |
| ૬ | અરવલ્લી | ૦૦ | ૦૫ | ૦૭ | ૧૨ |
| ૭ | પાટણ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૮ | વડોદરા | ૦૦ | ૦૩ | ૦૪ | ૦૭ |
| ૯ | આણંદ | ૧૦ | ૦૯ | ૦૭ | ૨૬ |
| ૧૦ | ભરૂચ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૬ |
| ૧૧ | ખેડા | ૦૦ | ૦૪ | ૦૫ | ૦૯ |
| ૧૨ | પંચમહાલ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૪ |

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૦-૦૯-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૩ | છોટાઉદેપુર | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૪ |
| ૧૪ | નર્મદા | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૫ | દાહોદ | ૦૭ | ૦૨ | ૦૦ | ૦૯ |
| ૧૬ | મહિસાગર | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૭ | સુરત | ૦૦ | ૦૫ | ૦૧ | ૦૬ |
| ૧૮ | વલસાડ | ૦૪ | ૦૮ | ૦૪ | ૧૬ |
| ૧૯ | નવસારી | ૦૦ | ૧૭ | ૦૫ | ૨૨ |
| ૨૦ | તાપી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૧ | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨ | રાજકોટ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૫ |
| ૨૩ | ભાવનગર | ૦૦ | ૦૭ | ૧૬ | ૨૩ |
| ૨૪ | જામનગર | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૫ |
| ૨૫ | પોરબંદર | ૦૦ | ૦૧ | ૦૪ | ૦૫ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૨ | ૦૭ | ૦૯ |
| ૨૭ | અમરેલી | ૦૦ | ૧૩ | ૦૫ | ૧૮ |
| ૨૮ | બોટાદ | ૦૦ | ૦૧ | ૦૬ | ૦૭ |
| ૨૯ | જૂનાગઢ | ૦૦ | ૦૧ | ૦૫ | ૦૬ |
| ૩૦ | મોરબી | ૦૦ | ૦૪ | ૦૬ | ૧૦ |
| ૩૧ | ગીર સોમનાથ | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૮ |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૪ |
| ૩૩ | કચ્છ-ભૂજ | ૦૦ | ૧૧ | ૨૦ | ૩૧ |
| | **કુલ** | **૨૭** | **૧૫૯** | **૧૬૯** | **૩૫૫** |

--------

**ખેતમજૂરોના મૃત્યુ અને તેઓના વારસદારોને સહાય**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૮૫૫૦ (૦૫-૦૧-૨૦૨૧) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કેટલા ખેતમજૂરો નોંધાયેલ છે,

(૨)તે પૈકી જિલ્લાવાર, વર્ષવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખેતમજૂરો અકસ્માતથી મૃત્યુ પામેલ છે,

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરોના વારસદારો/કુટુંબીજનોને સહાય ચૂકવવામાં આવી, અને

(૪) બાકીના કિસ્સામાં ક્યારે સહાય ચૂકવવામાં આવનાર છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૩૦-૦૧-૨૦૨૧)

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નીચે મુજબ ખેતમજૂરો નોંધાયેલ છે.

| ક્રમ | જિલ્લા | ખેત મજુરોની કુલ સંખ્યા (૩૦-૦૯-૨૦ની સ્થિતિએ) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૨૬૧૦૫ |
| ૨ | ગાંધીનગર | ૬૯૬૯૨ |
| ૩ | સાબરકાંઠા | ૭૮૮૧૯ |
| ૪ | મહેસાણા | ૧૨૧૩૬૩ |
| ૫ | બનાસકાંઠા | ૧૫૮૯૦૪ |
| ૬ | અરવલ્લી | ૬૮૧૨૨ |
| ૭ | પાટણ | ૧૧૫૮૪૦ |
| ૮ | વડોદરા | ૧૭૭૫૫૬ |
| ૯ | આણંદ | ૨૧૮૮૭૨ |

| | | |
|---|---|---|
| ૧૦ | ભરૂચ | ૧૦૪૩૧૪ |
| ૧૧ | ખેડા | ૧૪૩૩૫૭ |
| ૧૨ | પંચમહાલ | ૬૯૬૨૯ |
| ૧૩ | છોટાઉદેપુર | ૧૦૯૩૮૮ |
| ૧૪ | નર્મદા | ૪૯૦૮૪ |
| ૧૫ | દાહોદ | ૫૭૩૪૬ |
| ૧૬ | મહિસાગર | ૫૦૬૧૩ |
| ૧૭ | સુરત | ૧૫૦૨૭૭ |
| ૧૮ | વલસાડ | ૬૧૯૧૨ |
| ૧૯ | નવસારી | ૭૧૦૬૮ |
| ૨૦ | તાપી | ૮૮૧૮૭ |
| ૨૧ | ડાંગ | ૩૩૯૭૫ |
| ૨૨ | રાજકોટ | ૭૫૦૮૩ |
| ૨૩ | ભાવનગર | ૫૪૧૪૦ |
| ૨૪ | જામનગર | ૪૮૮૨૦ |
| ૨૫ | પોરબંદર | ૩૧૯૦૭ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૧૧૧૧૯૦ |
| ૨૭ | અમરેલી | ૯૭૩૨૩ |
| ૨૮ | બોટાદ | ૧૩૯૯૦ |
| ૨૯ | જૂનાગઢ | ૧૦૭૧૪૪ |
| ૩૦ | મોરબી | ૮૦૦૦ |
| ૩૧ | ગીર સોમનાથ | ૮૦૩૪૫ |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | ૩૨૯૮૫ |
| ૩૩ | કચ્છ–ભૂજ | ૮૦૧૨૪ |
| | **કુલ** | **૨૮૬૫૪૭૪** |

(૨) તે પૈકી જિલ્લાવાર, વર્ષવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના ખેતમજૂરો અકસ્માતથી મૃત્યુ પામેલ છે,

| **ક્રમ** | **જિલ્લા** | **તા.૦૧–૧૦–૧૭ થી તા.૩૦–૦૯–૧૮** | **તા.૦૧–૧૦–૧૮ થી તા.૩૦–૦૯–૧૯** | **તા.૦૧–૧૦–૧૯ થી તા.૩૦–૦૯–૨૦** | **કુલ** |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૯ | ૨૦ | ૧૩ | ૬૨ |
| ૨ | ગાંધીનગર | ૨૯ | ૨૫ | ૦૯ | ૬૩ |
| ૩ | સાબરકાંઠા | ૪૦ | ૩૭ | ૮ | ૮૫ |
| ૪ | મહેસાણા | ૩૨ | ૨૨ | ૧૪ | ૬૮ |
| ૫ | બનાસકાંઠા | ૧૮ | ૨૨ | ૨૮ | ૬૮ |
| ૬ | અરવલ્લી | ૧૬ | ૧૧ | ૦૭ | ૩૪ |
| ૭ | પાટણ | ૪૬ | ૪૨ | ૧૪ | ૧૦૨ |
| ૮ | વડોદરા | ૨૯ | ૨૩ | ૧૨ | ૬૪ |
| ૯ | આણંદ | ૫૨ | ૧૯ | ૦૭ | ૭૮ |
| ૧૦ | ભરૂચ | ૨૧ | ૦૮ | ૦૩ | ૩૨ |
| ૧૧ | ખેડા | ૩૩ | ૧૭ | ૦૬ | ૫૬ |
| ૧૨ | પંચમહાલ | ૪૩ | ૦૪ | ૦૩ | ૫૦ |
| ૧૩ | છોટાઉદેપુર | ૦૩ | ૦૩ | ૦૩ | ૦૯ |
| ૧૪ | નર્મદા | ૧૫ | ૦૫ | ૦૧ | ૨૧ |
| ૧૫ | દાહોદ | ૧૮ | ૦૩ | ૦૦ | ૨૧ |
| ૧૬ | મહિસાગર | ૦૭ | ૦૫ | ૦૨ | ૧૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭ | સુરત | ૬૯ | ૧૬ | ૦૧ | ૮૬ |
| ૧૮ | વલસાડ | ૫૪ | ૧૫ | ૦૪ | ૭૩ |
| ૧૯ | નવસારી | ૫૩ | ૩૭ | ૦૯ | ૯૯ |
| ૨૦ | તાપી | ૦૪ | ૦૫ | ૦૧ | ૧૦ |
| ૨૧ | ડાંગ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૭ |
| ૨૨ | રાજકોટ | ૨૭ | ૧૩ | ૦૮ | ૪૮ |
| ૨૩ | ભાવનગર | ૧૨૧ | ૬૨ | ૪૨ | ૨૨૫ |
| ૨૪ | જામનગર | ૧૫ | ૧૮ | ૧૦ | ૪૩ |
| ૨૫ | પોરબંદર | ૦૭ | ૦૫ | ૦૬ | ૧૮ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૪૯ | ૩૮ | ૧૮ | ૧૦૫ |
| ૨૭ | અમરેલી | ૩૫ | ૩૫ | ૧૪ | ૮૪ |
| ૨૮ | બોટાદ | ૧૮ | ૨૩ | ૧૪ | ૫૫ |
| ૨૯ | જૂનાગઢ | ૩૯ | ૨૩ | ૧૨ | ૭૪ |
| ૩૦ | મોરબી | ૦૫ | ૦૭ | ૦૭ | ૧૯ |
| ૩૧ | ગીર સોમનાથ | ૨૭ | ૦૯ | ૦૪ | ૪૦ |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૫ | ૦૧ | ૦૯ |
| ૩૩ | કચ્છ–ભૂજ | ૪૩ | ૫૪ | ૩૦ | ૧૨૭ |
| | **કુલ** | **૧૦૦૭** | **૬૩૧** | **૩૧૧** | **૧૯૪૯** |

(૩) તે પૈકી નીચે મુજબના ખેતમજૂરોના વારસદારો/કુટુંબીજનોને સહાય ચૂકવવામાં આવી.

| ક્રમ | જિલ્લા | તા.૦૧–૧૦–૧૭ થી તા.૩૦–૦૯–૧૮ | તા.૦૧–૧૦–૧૮ થી તા.૩૦–૦૯–૧૯ | તા.૦૧–૧૦–૧૯ થી તા.૩૦–૦૯–૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૬ | ૧૪ | ૦૪ | ૩૪ |
| ૨ | ગાંધીનગર | ૨૦ | ૧૨ | ૦૦ | ૩૨ |
| ૩ | સાબરકાંઠા | ૨૨ | ૦૫ | ૦૨ | ૨૯ |
| ૪ | મહેસાણા | ૨૧ | ૦૪ | ૦૨ | ૨૭ |
| ૫ | બનાસકાંઠા | ૧૨ | ૧૮ | ૧૪ | ૪૪ |
| ૬ | અરવલ્લી | ૦૮ | ૦૧ | ૦૦ | ૦૯ |
| ૭ | પાટણ | ૩૩ | ૩૨ | ૧૦ | ૭૫ |
| ૮ | વડોદરા | ૧૮ | ૧૭ | ૦૮ | ૪૩ |
| ૯ | આણંદ | ૧૨ | ૦૭ | ૦૦ | ૧૯ |
| ૧૦ | ભરૂચ | ૧૬ | ૦૫ | ૦૧ | ૨૨ |
| ૧૧ | ખેડા | ૧૩ | ૦૪ | ૦૦ | ૧૭ |
| ૧૨ | પંચમહાલ | ૨૯ | ૦૦ | ૦૦ | ૨૯ |
| ૧૩ | છોટાઉદેપુર | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ |
| ૧૪ | નર્મદા | ૦૬ | ૦૩ | ૦૦ | ૦૯ |
| ૧૫ | દાહોદ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૬ | મહિસાગર | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ |
| ૧૭ | સુરત | ૨૧ | ૦૫ | ૦૦ | ૨૬ |
| ૧૮ | વલસાડ | ૧૩ | ૦૫ | ૦૦ | ૧૮ |
| ૧૯ | નવસારી | ૧૨ | ૧૫ | ૦૪ | ૩૧ |
| ૨૦ | તાપી | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૬ |
| ૨૧ | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨ | રાજકોટ | ૧૫ | ૧૦ | ૦૩ | ૨૮ |
| ૨૩ | ભાવનગર | ૧૦૧ | ૩૮ | ૨૧ | ૧૬૦ |
| ૨૪ | જામનગર | ૧૧ | ૧૨ | ૦૮ | ૩૧ |
| ૨૫ | પોરબંદર | ૦૬ | ૦૪ | ૦૨ | ૧૨ |

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૦-૦૯-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૬ | સુરેન્દ્રનગર | ૩૦ | ૨૩ | ૦૮ | ૬૧ |
| ૨૭ | અમરેલી | ૧૩ | ૧૦ | ૦૪ | ૨૭ |
| ૨૮ | બોટાદ | ૧૦ | ૧૬ | ૦૩ | ૨૯ |
| ૨૯ | જૂનાગઢ | ૨૨ | ૦૯ | ૦૬ | ૩૭ |
| ૩૦ | મોરબી | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૩ |
| ૩૧ | ગીર સોમનાથ | ૧૩ | ૦૪ | ૦૦ | ૧૭ |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૫ |
| ૩૩ | કચ્છ-ભૂજ | ૨૫ | ૨૮ | ૦૬ | ૫૯ |
| | કુલ | **૫૨૭** | **૩૧૧** | **૧૦૮** | **૯૪૬** |

(૪) અકસ્માતથી મૃત્યુ પામેલા કુલ ૧૯૪૯ ખેતમજૂરો પૈકી ૯૪૬ ખેતમજૂરો સહાય ચૂકવેલ છે. તે પૈકી ૬૪૮ અરજીઓ પાત્રતા ધરાવતા ન હોય વિમા નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે. બાકી રહેલી ૩૫૫ અરજીઓ અરજદાર દ્વારા ક્ષતિપૂર્તતા થયેથી વિમા નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા ચકાસણી કરી નિકાલ કરવામાં આવશે.

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૦-૦૯-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૦ | ૦૧ | ૦૯ | ૧૦ |
| ૨ | ગાંધીનગર | ૦૦ | ૦૭ | ૦૮ | ૧૫ |
| ૩ | સાબરકાંઠા | ૦૩ | ૨૭ | ૦૬ | ૩૬ |
| ૪ | મહેસાણા | ૦૧ | ૧૩ | ૧૦ | ૨૪ |
| ૫ | બનાસકાંઠા | ૦૧ | ૦૦ | ૦૯ | ૧૦ |
| ૬ | અરવલ્લી | ૦૦ | ૦૫ | ૦૭ | ૧૨ |
| ૭ | પાટણ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૮ | વડોદરા | ૦ | ૦૩ | ૦૪ | ૦૭ |
| ૯ | આણંદ | ૧૦ | ૦૯ | ૦૭ | ૨૬ |
| ૧૦ | ભરૂચ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૬ |
| ૧૧ | ખેડા | ૦૦ | ૦૪ | ૦૫ | ૦૯ |
| ૧૨ | પંચમહાલ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૪ |
| ૧૩ | છોટાઉદેપુર | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૪ |
| ૧૪ | નર્મદા | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૫ | દાહોદ | ૦૭ | ૦૨ | ૦૦ | ૦૯ |
| ૧૬ | મહિસાગર | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૭ | સુરત | ૦૦ | ૦૫ | ૦૧ | ૦૬ |
| ૧૮ | વલસાડ | ૦૪ | ૦૮ | ૦૪ | ૧૬ |
| ૧૯ | નવસારી | ૦૦ | ૧૭ | ૦૫ | ૨૨ |
| ૨૦ | તાપી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૧ | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨ | રાજકોટ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૫ |
| ૨૩ | ભાવનગર | ૦૦ | ૦૭ | ૧૬ | ૨૩ |
| ૨૪ | જામનગર | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૫ |
| ૨૫ | પોરબંદર | ૦૦ | ૦૧ | ૦૪ | ૦૫ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૨ | ૦૭ | ૦૯ |
| ૨૭ | અમરેલી | ૦૦ | ૧૩ | ૦૫ | ૧૮ |
| ૨૮ | બોટાદ | ૦૦ | ૦૧ | ૦૬ | ૦૭ |
| ૨૯ | જૂનાગઢ | ૦૦ | ૦૧ | ૦૫ | ૦૬ |
| ૩૦ | મોરબી | ૦૦ | ૦૪ | ૦૬ | ૧૦ |

અતારાંકિત યાદી

| ક્રમ | જિલ્લા | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૦-૦૯-૨૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૩૧ | ગીર સોમનાથ | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૮ |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૪ |
| ૩૩ | કચ્છ-ભૂજ | ૦૦ | ૧૧ | ૨૦ | ૩૧ |
| | **કુલ** | **૨૭** | **૧૫૯** | **૧૬૯** | **૩૫૫** |

--------

**રાજ્યમાં ઔદ્યોગિક કામદારોમાં વ્યવસાયિક રોગ**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૮૫૮૪ (૦૫-૦૧-૨૦૨૧) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા): **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ઔદ્યોગિક કામદારોમાં સીલીકોસીસ, બીસીનોસીસ, નોઈઝ ઈન્ડ્યુસડ હીયરીંગ લોસ, ડર્મેટાઇઝ, એસ્બસ્ટોસીસ અને નેઝલ સેપ્ટલ પરફોરેશન નામના વ્યવસાયિક રોગોને ‘‘ઈન્ડસ્ટ્રીયલ હેઝાર્ડસ’’ આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યમાં કેટલા ઔદ્યોગિક કામદારો ઉપરોક્ત વ્યવસાયિક રોગોથી પીડાઈ રહ્યા છે, અને

(૩) આવા ઔદ્યોગિક કામદારોને તબીબી સારવાર અને સુવિધા પૂરી પાડવા શી વ્યવસ્થા કરવામાં આવી છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૩૦-૦૧-૨૦૨૧)

(૧) હા

(૨) કુલ-૨૧૫

(૩) આવા ઔદ્યોગિક કામદારોને તબીબી સારવાર અને સુવિધા માટે કામદાર રાજ્ય વિમા યોજનાના દવાખાના/હોસ્પિટલ તેમજ સરકારી દવાખાના/હોસ્પિટલમાં મફત સારવાર પૂરી પાડવામાં આવે છે.

--------

**કચ્છ જિલ્લાનાં ડેમોમાં જમા થયેલ કાંપ**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૭૫૧૮ (૦૩-૧૧-૨૦૨૦) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ કયા ડેમમાંથી કેટલો કાંપ જમા થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, ડેમવાર કેટલો કાંપ કાઢવામાં આવ્યો,

(૩) કાંપ કાઢવા શું આયોજન કરવામાં આવેલ છે, અને

(૪) કાંપ કેટલા સમયમાં કાઢવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) **:** (૦૨-૦૨-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ ૨૦ મધ્યમ ડેમો તેમજ ૧૭૦ નાના ડેમોમાં બાંધકામ થયાના વર્ષોથી કાંપ ભરાયા હોવાની શક્યતા છે. પણ આ ડેમોમાં સીલ્ટ સર્વે થયેલ ન હોવાથી કેટલી ઉંડાઈમાં કાંપ ભરાયેલ છે. તેની વિગતો ઉપલબ્ધ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, ડેમવાર કાઢવામાં આવેલ કાંપની વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

(૩) હાલના તબક્કે જરૂરીયાત જણાતી ન હોઈ કોઈ આયોજન કરવામાં આવેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | ડેમનું નામ (મોટા/મધ્યમ/નાના) | દૂર કરવામાં આવેલ કાંપનો જથ્થો (ઘ.મી.) | | | |
|---|---|---|---|---|---|---|
| | | | તા.૦૧-૧૦-૧૭ થી તા.૩૦-૦૯-૧૮ | તા.૦૧-૧૦-૧૮ થી તા.૩૦-૦૯-૧૯ | તા.૦૧-૧૦-૧૯ થી તા.૩૦-૦૯-૨૦ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| **(અ) મધ્યમ સિંચાઈ યોજના** | | | | | | |
| ૧ | કચ્છ | મિટ્ટી મધ્યમ સિંચાઈ યોજના | ૩૭૫૦ | ૦ | ૮૦૩૦ | ૧૧૭૮૦ |
| ૨ | કચ્છ | ગોધાતડ મધ્યમ સિંચાઈ યોજના | ૦ | ૦ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | **કુલઃ મધ્યમ સિંચાઈ યોજના** | **૩૭૫૦** | **૦** | **૨૩૦૩૦** | **૨૬૭૮૦** |
| | | **(બ) નાની સિંચાઈ યોજના** | | | | |
| ૩ | કચ્છ | ગોયલા નાની સિંચાઈ યોજના | ૪૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૦૦૦.૦૦ |
| ૪ | કચ્છ | રતનાલ નાની સિંચાઈ | ૪૦૯૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૦૯૫.૦૦ |
| ૫ | કચ્છ | નારાણપર નાની સિંચાઈ યોજના | ૨૨૫૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૨૫૦.૦૦ |
| ૬ | કચ્છ | ઝુરા કેમ્પ તળાવ | ૪૩૩૪.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૩૩૪.૦૦ |
| ૭ | કચ્છ | કલ્યાણપર નાની સિંચાઈ યોજના | ૪૫૫૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૫૫૦.૦૦ |
| ૮ | કચ્છ | ભારાપર નાની સિંચાઈ યોજના | ૦.૦૦ | ૬૩૦૦.૦૦ | ૦.૦૦ | ૬૩૦૦.૦૦ |
| ૯ | કચ્છ | માધાપર નાની સિંચાઈ યોજના | ૦.૦૦ | ૬૩૦૦.૦૦ | ૦.૦૦ | ૬૩૦૦.૦૦ |
| ૧૦ | કચ્છ | રાખડી નાની સિંચાઈ | ૦.૦૦ | ૬૦૦૦.૦૦ | ૦.૦૦ | ૬૦૦૦.૦૦ |
| ૧૧ | કચ્છ | એડમંડ નાની સિંચાઈ યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૪૨૦૦૦૦.૦૦ | ૪૨૦૦૦૦.૦૦ |
| ૧૨ | કચ્છ | નારાણપર નાની સિંચાઈ યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫૩૭૨૭.૦૦ | ૧૫૩૭૨૭.૦૦ |
| | | **કુલઃનાની સિંચાઈ યોજના** | **૧૯૨૨૯** | **૧૮૬૦૦** | **૫૭૩૭૨૭** | **૬૧૧૫૫૬** |
| | | **એકંદરે કુલ** | **૨૨૯૭૯** | **૧૮૬૦૦** | **૫૯૬૭૫૭** | **૬૩૮૩૩૬** |

--------

**અમદાવાદ જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૭૧૮૯ (૧૦-૦૯-૨૦૨૦) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં તા.૧૦-૧૨-૨૦૧૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૬૬૯ (અગ્રતા-૨૯૧) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ૮ તાલુકાનાં ૩૬ ગામોમાં ગેરકાયદે ગૌચર દબાણ ઉભા કરવામાં આવ્યાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તાલુકાવાર ક્યાં ગામોમાં કેટલાં ક્ષેત્રફળમાં ગૌચર જમીનમાં દબાણ થયા છે, અને

(૩) ઉકત સ્થિતએ ઉક્ત દબાણો કેટલા સમયથી ચાલુ છે?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૩૦-૦૧-૨૦૨૧)

(૧) અને (૨) પત્રક મુજબ

(૩) એક વર્ષથી વધુ સમયથી ચાલુ છે.

**પત્રક**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** |
|---|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | વાંચ | ૦-૬૦-૦૦ |
| | | નાંદેજ | ૨-૩૨-૩૯ |
| | | કુહા | ૦-૨૮-૨૦ |
| ૨ | સાણંદ | ચાંગોદર | ૦-૨૦-૦૦ |
| | | તેલાવ | ૨-૫૬-૦૦ |
| | | શેલા | ૦-૨૦-૦૦ |
| | | કાણેટી | ૭-૫૩-૧૮ |
| | | કુવાર | ૧-૩૦-૦૦ |
| | | ગોરજ | ૧-૫૦-૦૦ |
| | | સનાથલ | ૭-૨૮-૧૮ |
| | | વા. ચાચરાવાડી | ૦-૬૦-૦૦ |
| | | નાની દેવતી | ૦-૪૦-૦૦ |
| | | શિયાવાડા | ૧-૨૦-૦૦ |
| | | મટોડા | ૧-૩૫-૦૦ |
| | | રૂપાવટી | ૧૭-૭૦-૧૦ |

અતારાંકિત યાદી

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|
| ૩ | બાવળા | ઢેઢાળ | ૦-૮૧-૧૦ |
| | | દેવડથલ | ૨-૦૦-૦૦ |
| | | દેવધોલેરા | ૩-૯૬-૪૬ |
| | | ડુમાલી | ૧૦-૯૫-૫૬ |
| | | સરલા | ૩-૦૩-૭૫ |
| | | મેમર | ૦-૦૬-૭૭ |
| | | ગાંગડ | ૦-૧૩-૯૬ |
| | | શિયાળ | ૦-૦૪-૦૦ |
| | | કાણોતર | ૦-૦૫-૦૦ |
| | | જુ. રૂપાવટી | ૦-૪૮-૦૦ |
| | | સાકોડ | ૦-૩૦-૩૫ |
| | | કાળીવેજી | ૦-૩૭-૭૪ |
| | | ચિયાડા | ૦-૨૭-૭૮ |
| ૪ | ધોળકા | સરોડા | ૩-૮૦-૧૦ |
| ૫ | ધંધુકા | હરીપુરા | ૦-૫૦-૦૦ |
| ૬ | વિરમગામ | સચાણા | ૯-૦૦-૦૦ |
| | | કાયલા | ૪-૮૨-૮૪ |
| | | અસલગામ | ૧૦-૧૧-૦૦ |
| | | જખવાડા | ૨-૯૦-૦૦ |
| ૭ | દેત્રોજ | દેકાવાડા | ૦-૩૦-૦૦ |
| ૮ | માંડલ | વિઠ્ઠલાપુર | ૪-૭૭-૮૫ |

--------

**વડોદરા જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણો**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૭૯૪૭ (૧૭-૧૧-૨૦૨૦) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૯/૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોની કેટલી ગૌચરની જમીન પર દબાણો થયેલા છે,

(૨) ઉકત પૈકી કેટલા દબાણો ૫ વર્ષ અને ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી છે,

(૩) ઉકત સ્થિતિએ ઉકત દબાણોને લાંબો સમય થયો હોવા છતાં પણ દબાણો દૂર ન કરનાર પંચાયતના જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉકત દબાણો કયાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૯-૧-૨૦૨૧)

(૧), (૨) અને (૩)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ થયેલ ગામની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | ૫ વર્ષ છે ૧૦ વર્ષ કરતા વધારે સમય | દબાણો દુર ન કરનાર જવાબદાર વિરુધ્ધ પગલાં |
|---|---|---|---|---|---|
| ૧ | ડેસર | ૧ | ૦.૦૧.૭૩ | વાઘોડીયા તાલુકાનું ૦૧ (૦.૦૦.૯૮) | નામ. સીવીલ કોર્ટ અને ત્યારબાદ નામ.ગુજરાત હાઈકોર્ટમાં કેસ પડતર હોવાના કારણે દબાણ દુર થયેલ નથી. |
| ૨ | પાદરા | ૨ | ૦.૨૩.૦૩ | | |
| ૩ | વાઘોડીયા | ૧ | ૬.૫૧.૨૦ | | |

(૪) નામ. કોર્ટમાં ચુકાદો આવ્યેથી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**બનાસકાંઠા જિલ્લામાં સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવા બાબત**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૭૩૩૮ (૧૯-૧૦-૨૦૨૦) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત યાદી

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૦/૦૬/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં મહેસૂલ વિભાગના તા.૧૭/૫/૨૦૦૫ ના ઠરાવ અનુસાર આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવાની નીતિના સંદર્ભમાં કેટલી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ જમીન ખેતીલાયક બનાવવામાં ન આવી હોય તો તેના શા કારણો છે?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૮-૧-૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) વિભાગની તા.૧૭-૦૫-૨૦૦૫ની નીતિ સાથે સુસંગત કોઈ માંગણી મળેલ ન હોવાથી.

---------

**અમરેલી જિલ્લામાં સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવા બાબત**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૭૩૪૫ (૧૯-૧૦-૨૦૨૦) **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૦/૦૬/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં મહેસૂલ વિભાગના તા.૧૭/૫/૨૦૦૫ ના ઠરાવ અનુસાર આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવાની નીતિના સંદર્ભમાં કેટલી સરકારી પડતર જમીનને ખેતીલાયક બનાવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ જમીન ખેતીલાયક બનાવવામાં ન આવી હોય તો તેના શા કારણો છે?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૮-૧-૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) વિભાગની તા.૧૭-૦૫-૨૦૦૫ની નીતિ સાથે સુસંગત કોઈ માંગણી મળેલ ન હોવાથી.

---------

**કોસ્ટલ ગુજરાત પાવર લિ(ટાટા પાવર) સાથે થયેલ એગ્રીમેન્ટ**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૭૪૮૩ (૨૩-૧૦-૨૦૨૦) **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા): **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) કોસ્ટલ ગુજરાત પાવર લી. (ટાટા પાવર) સાથે તા. ૨૨/૦૪/૨૦૦૭ ના રોજ ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો તા. ૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વિજળી ખરીદવામાં આવી,

(૩) તે અન્વયે ઉક્ત માસવાર યુનિટના ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૪) વીજ ખરીદ્યા સિવાય ફિક્સ કોસ્ટ પેટે ઉક્ત માસવાર કેટલી રકમ ચૂકવવામાં આવી?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૨-૦૧-૨૦૨૧)

(૧) હા જી,

(૨)તા. 30/0૯/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માસવાર ખરીદેલ વિજળીની વિગત નીચે મુજબ છે: -

(મિલિયન યુનિટ)

| **માસ** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૭-૧૮** | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦** | **૨૦૨૦-૨૧ (સપ્ટેમ્બર ૨૦ સુધી)** |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૧૦૦૧ | ૮૨૬ | ૮૯૬ | ૯૬૦ | ૧૦૨૯ | ૮૩૫ |
| મે | ૯૧૭ | ૯૧૧ | ૭૯૨ | ૯૦૪ | ૧૧૮૦ | ૯૯૮ |
| જૂન | ૯૭૧ | ૭૩૧ | ૬૮૩ | ૮૦૮ | ૭૫૭ | ૧૦૯૮ |
| જુલાઈ | ૮૧૧ | ૭૯૦ | ૮૩૧ | ૮૬૧ | ૬૮૩ | ૧૨૧૫ |
| ઓગસ્ટ | ૭૭૧ | ૧૨૮૭ | ૧૧૪૦ | ૯૫૨ | ૮૪૮ | ૮૨૫ |
| સપ્ટેમ્બર | ૧૦૨૬ | ૧૨૩૯ | ૯૬૬ | ૯૩૬ | ૧૦૩૭ | ૧૧૮૭ |
| ઓક્ટોબર | ૧૧૦૭ | ૧૧૧૦ | ૧૦૧૪ | ૧૦૨૮ | ૧૧૫૫ | |
| નવેમ્બર | ૮૫૪ | ૮૬૦ | ૯૫૩ | ૯૯૮ | ૧૦૨૦ | |
| ડિસેમ્બર | ૮૮૫ | ૧૦૫૫ | ૯૩૫ | ૧૧૮૨ | ૧૦૪૬ | |
| જાન્યુઆરી | ૧૧૦૯ | ૧૧૧૪ | ૧૨૨૯ | ૧૨૧૩ | ૧૧૨૦ | |
| ફેબ્રુઆરી | ૧૦૩૩ | ૧૦૮૦ | ૧૧૭૦ | ૧૦૪૧ | ૧૦૭૨ | |
| માર્ચ | ૧૦૧૨ | ૧૨૭૯ | ૧૦૭૯ | ૧૨૦૯ | ૭૫૬ | |
| **કુલ** | **૧૧૪૯૬** | **૧૨૨૮૧** | **૧૧૬૮૯** | **૧૨૦૯૧** | **૧૧૭૦૫** | **૭૧૬૧** |

(૩) આ સંદર્ભે જણાવવાનું કે, એસ્સાર પાવર ગુજરાત સાથે ના લાંબાગાળાના વીજ ખરીદ કરારની શરતો પ્રમાણે વીજ ખરીદી પૈકી ચૂકવણી કરવામાં આવે છે જેમાં ઘણી ચૂકવણી/વસૂલાત વીજ મથક ની વાર્ષિક ઉપલબ્ધતા ને આધારે વર્ષના અંતે આખરી કરવામાં આવે છે.

વધુમાં કરારમાં "ચેન્જ ઈન લો" ની પણ જોગવાઈ કરવામાં આવેલ છે જે અંતર્ગત જે તે સમયે લાગુ પડતા નવા પરિબળો અથવા તો પરીબળો માં આવતા ફેરફાર જેવા કે ટેક્સ, ક્લીન એનર્જી સેસ, કસ્ટમ ડ્યુટી, જીએસટી વિગેરે ની ચૂકવણી માટે માનનીય વીજ નિયમન આયોગ ની મંજૂરી લેવામાં આવે છે. ત્યાર બાદ સપ્લીમેન્ટરી બિલ થકી તેની ચૂકવણી કરવામાં આવે છે. આ કારણે સપ્લીમેન્ટરી બિલની ચૂકવણીમાં વિલંબ થતો હોય છે અને તે પૈકી પાછલા સમયગાળા માટેની ચૂકવણી પણ જે તે સમયે મંજૂરી બાદ કરવામાં આવતી હોય છે.

આમ, વીજ મથક માંથી ખરીદવામાં આવતી વીજળી નો ખર્ચ વર્ષના અંતે, નાણાંકીય હિસાબ કરતી વખતે આખરી કરવામાં આવે છે અને તે અનુસંધાને વીજ ખરીદી નો પ્રતિ યુનિટ દર આખરી થવા પામે છે.

ઉપરોક્ત જણાવ્યા અનુસાર, તા. ૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષના અંતે આખર થયેલ વાર્ષિક ખર્ચ અને તેનો સરેરાશ વાર્ષિક વીજ ખરીદ દરની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ** | **કોસ્ટલ ગુજરાત પાવર લી.** | |
|---|---|---|
| | **ખર્ચ (રૂ.-કરોડમાં)** | **સરેરાશ દર (રૂ / યુનિટ)** |
| ૨૦૧૫-૧૬ | ૨૯૯૪ | ૨.૬૦ |
| ૨૦૧૬-૧૭ | ૨૭૧૨ | ૨.૨૧ |
| ૨૦૧૭-૧૮ | ૩૦૭૨ | ૨.૬૨ |
| ૨૦૧૮-૧૯ | ૩૩૫૬ | ૨.૭૭ |
| ૨૦૧૯-૨૦ | ૩૩૯૦ | ૨.૯૦ |
| ૨૦૨૦-૨૧ (૩૦-૦૯-૨૦૨૦ સુધી.) | ૧૭૭૨ | ૨.૮૮ |

(૪) વીજ ખરીદ્યા સિવાય ફિક્સ કોસ્ટ પેટે કોઈ રકમ ચૂકવવામાં આવી નથી.

--------

**અદાણી પાવર લી. સાથે થયેલ એગ્રીમેન્ટ બાબત**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૭૪૯૧ (૨૩-૧૦-૨૦૨૦) **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના): **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) અદાણી પાવર લી. સાથે તા.૦૬/૦૨/૨૦૦૭ તથા તા.૦૨-૦૨-૨૦૦૭ના રોજ બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વિજળી ખરીદવામાં આવી,

(૩) તે અન્વયે ઉક્ત માસવાર યુનિટના ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૪) વીજ ખરીદ્યા સિવાય ફિક્સ કોસ્ટ પેટે ઉક્ત માસવાર કેટલી રકમ ચૂકવવામાં આવી?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૨-૦૨-૨૦૨૧)

(૧) હાજી,

(૨)તા.૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માસવાર ખરીદેલ વિજળીની વિગત નીચે મુજબ છે: -

**(મિલિયન યુનિટ)**

| **માસ** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૭-૧૮** | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦** | **૨૦૨૦-૨૧ (૩૦-૦૯-૨૦૨૦ સુધી પ્રોવિઝનલ)** |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૧૩૩૧ | ૯૦૬ | ૧૨૦૦ | ૯૭ | ૧૪૪૮ | ૫૩ |
| મે | ૧૨૫૦ | ૧૦૩૦ | ૫૭૧ | ૭૯ | ૧૬૦૩ | ૩૨૪ |
| જૂન | ૧૧૮૬ | ૧૩૨૮ | ૫૯૧ | ૨૩૦ | ૧૫૧૮ | ૩૬૬ |
| જુલાઈ | ૧૧૭૯ | ૧૧૯૫ | ૮૫૮ | ૭૮૩ | ૯૯૨ | ૬૯૨ |
| ઓગસ્ટ | ૧૧૧૪ | ૯૩૨ | ૧૦૮૩ | ૧૨૩૩ | ૬૨૧ | ૪૮૦ |
| સપ્ટેમ્બર | ૧૨૨૨ | ૧૨૫૮ | ૧૨૫૮ | ૯૩૮ | ૬૭૪ | ૭૪૫ |
| ઓક્ટોબર | ૧૩૯૫ | ૧૧૮૫ | ૯૧૫ | ૭૬૨ | ૭૮૦ | - |
| નવેમ્બર | ૧૨૨૫ | ૧૧૪૬ | ૬૮૯ | ૭૧૨ | ૭૫૬ | - |
| ડિસેમ્બર | ૧૦૬૧ | ૯૩૧ | ૫૨૨ | ૧૩૩૩ | ૭૫૯ | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૧૧૮૮ | ૧૨૯૯ | ૨૬૬ | ૧૩૨૨ | ૬૨૫ | – |
| ફેબ્રુઆરી | ૧૦૬૬ | ૧૨૨૬ | ૦ | ૧૧૯૭ | ૭૩૮ | – |
| માર્ચ | ૧૧૯૬ | ૭૦૪ | ૭૦ | ૧૩૮૨ | ૫૩૮ | – |
| **કુલ** | **૧૪૪૧૩** | **૧૩૧૪૦** | **૮૦૨૩** | **૧૦૦૬૮** | **૧૧૦૫૨** | **૨૬૬૦** |

અત્રેના ઉલ્લેખનીય છે કે, માનનીય સુપ્રિમ કોર્ટના તા.૦૨–૦૭–૨૦૧૯ના ચુકાદા મુજબ, અદાણી પાવર મુન્દ્રા લી. (બીડ–૨) સાથે થયેલ વીજ ખરીદ કરાર રદ થયેલ છે અને ત્યારબાદ આ કરાર અંતર્ગત વીજળી મેળવવાનું બંધ થયેલ છે.

(૩) આ સંદર્ભે જણાવવાનું કે, અદાણી પાવર મુન્દ્રા લી. સાથેના લાંબાગાળાના વીજ ખરીદ કરારની શરતો પ્રમાણે વીજ ખરીદી પૈકી ચૂકવણી કરવામાં આવે છે જેમાં ઘણી ચૂકવણી/વસૂલાત વીજ મથકની વાર્ષિક ઉપલબ્ધતા ને આધારે વર્ષના અંતે આખર કરવામાં આવે છે. વધુમાં કરારમાં "ચેન્જ ઈન લો" ની પણ જોગવાઈ કરવામાં આવેલ છે જે અંતર્ગત જે તે સમયે લાગુ પડતો નવા પરિબળો અથવા તો પરીબળો માં આવતા ફેરફાર જેવા કે ટેક્સ, ક્લીન એનર્જી સેસ, કસ્ટમ ડ્યુટી, જીએસટી વિગેરેની ચૂકવણી માટે માનનીય વીજ નિયમન આયોગની મંજૂરી લેવામાં આવે છે. ત્યાર બાદ સપ્લીમેન્ટરી બિલ થકી તેની ચૂકવણી કરવામાં આવે છે. આ કારણે સપ્લીમેન્ટરી બિલની ચૂકવણીમાં વિલંબ થતો હોય છે અને તે પૈકી પાછલા સમયગાળા માટેની ચૂકવણી પણ જે તે સમયે મંજૂરી બાદ કરવામાં આવતી હોય છે. આમ, વીજ મથક માંથી ખરીદવામાં આવતી વીજળીનો ખર્ચ વર્ષના અંતે, નાણાંકીય હિસાબ કરતી વખતે આખરી કરવામાં આવે છે અને તે અનુસંધાને વીજ ખરીદી નો પ્રતિ યુનિટ દર આખરી થવા પામે છે.

ઉપરોક્ત જણાવ્યા અનુસાર, તા. ૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષ ના અંતે આખરી થયેલ વાર્ષિક ખર્ચ અને તેનો સરેરાશ વાર્ષિક વીજ ખરીદ દર ની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ** | **અદાણી પાવર મુન્દ્રા લી.** | |
|---|---|---|
| | **ખર્ચ (રૂ. – કરોડમાં)** | **સરેરાશ દર (રૂ. / યુનિટ)** |
| ૨૦૧૫–૧૬ | ૩૮૪૨ | ૨.૬૭ |
| ૨૦૧૬–૧૭ | ૩૭૯૨ | ૨.૮૯ |
| ૨૦૧૭–૧૮ | ૨૪૨૫ | ૩.૦૨ |
| ૨૦૧૮–૧૯ | ૩૮૪૦** | ૩.૮૧ |
| ૨૦૧૯–૨૦ | ૪૨૨૬ | ૩.૮૨ |
| ૨૦૨૦–૨૧ (પ્રોવિઝનલ) (૩૦–૦૯–૨૦૨૦ સુધી.) | ૯૪૨ | ૩.૫૪ |

**ઉપરોક્ત જણાવેલ ખર્ચ ઉપરાંત જી.યુ.વી.એન.એલ. એ વર્ષ ૨૦૧૮–૧૯માં માનનીય CERC તથા માનનીય APTEL ના આદેશ અનુસાર માર્ચ–૨૦૧૨ પહેલા પૂરી પાડેલ વીજળી (૯૯૨ મી.યુ.) પેટે રૂ. ૨૭૫ કરોડ ચૂકવેલ છે.

વધુમાં, જણાવવાનું કે રાજ્ય સરકારના નિર્દેશ અનુસાર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી દ્વારા તા.૫–૧૨–૨૦૧૮ના રોજ અદાણી પાવર મુન્દ્રા લી સાથે સપ્લીમેન્ટરી કરાર સહી કરવામાં આવેલ છે જે માનનીય કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને તે મુજબ આ પ્રોજેક્ટને વીજ કરાર હેઠળ તા.૧૫–૧૦–૨૦૧૮ થી ૩૧–૦૩–૨૦૨૦ સુધી હકીકતમાં થયેલ બળતણ ખર્ચ પ્રમાણે ચૂકવણી કરવામાં આવેલ છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા આ સપ્લીમેન્ટરી કરાર રદ કરવા માટે કેન્દ્રિય વીજ નિયમન આયોગ સમક્ષ પીટીશન કરેલ છે જે હાલમાં પેન્ડીંગ છે. રાજ્ય સરકારે દ્વારા તા.૧૨–૦૬–૨૦૨૦ના પત્ર થકી આદેશ કરવામાં આવેલ છે જે મુજબ, પીટીશનનો ચુકાદો આવે ત્યાં સુધી વીજદરની ચૂકવણી પ્રોવિઝનલ ધોરણે કરવાનો નિર્ણય કરવામાં આવેલ. તે અંતર્ગત ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી દ્વારા એપ્રિલ ૨૦૨૦ થી સપ્ટેમ્બર ૨૦૨૦ દરમ્યાન વીજદરની ચૂકવણી પ્રોવિઝનલ ધોરણે કરવામાં આવેલ છે.

(૪) વીજ ખરીધ્યા સિવાય ફિક્સ કોસ્ટ પેટે કોઈ રકમ ચૂકવવામાં આવી નથી.

--------

**રાજ્યમાં આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ**

અતારાંકિતઃ અતારાંકિતઃ ૬૭૧૬ (૦૬–૦૧–૨૦૨૦) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વિજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે પાછળ ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલો ખર્ચ થયો?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી:** (૩૦–૦૧–૨૦૨૧)

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કરવામાં આવેલ કુવાઓના વિજળીકરણની માહિતી **પત્રક–૧** મુજબ છે.

(૨) તે પાછળ ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કરવામાં આવેલ ખર્ચની માહિતી **પત્રક–૨** મુજબ છે.

**પત્રક-૧**

| જિલ્લાનું નામ | વર્ષ | | | | | | | કુવાઓના વીજળીકરણની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | |
| ડાંગ | - | - | - | - | - | - | - | - |
| તાપી | - | - | - | - | - | - | - | - |
| ભરૂચ | - | - | ૫૨૬ | ૫૪૬ | ૬૩૩ | ૭૧૮ | ૬૬૬ | ૩૦૮૯ |
| છોટાઉદેપુર | ૩૫૦૭ | ૨૬૪૧ | ૨૬૯૬ | ૨૮૨૦ | ૩૮૫૯ | ૧૯૦૭ | ૧૮૦૪ | ૧૯૨૩૪ |
| પંચમહાલ | - | - | - | - | - | - | - | - |
| દાહોદ | - | - | - | - | - | - | - | - |
| મહિસાગર | - | - | - | - | - | - | - | - |
| સાબરકાંઠા | - | - | - | - | - | - | - | - |
| અરવલ્લી | - | - | - | - | - | - | - | - |
| બનાસકાંઠા | - | - | - | - | - | - | - | - |
| નર્મદા | - | - | - | - | - | - | - | - |
| સુરત | - | - | - | - | - | - | - | - |
| નવસારી | - | - | - | - | - | - | - | - |
| વલસાડ | - | - | - | - | - | - | - | - |
| **કુલ** | **૩૫૦૭** | **૨૬૪૧** | **૩૨૨૨** | **૩૩૬૬** | **૪૪૯૨** | **૨૬૨૫** | **૨૪૭૦** | **૨૨૩૨૩** |

**પત્રક-૨**

| જિલ્લાનું નામ | વર્ષ | | | | | | | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | |
| ડાંગ | - | - | - | - | - | - | - | - |
| તાપી | - | - | - | - | - | - | - | - |
| ભરૂચ | - | - | ૧૪૧૭.૦૦ | ૧૫૨૩.૦૦ | ૧૬૮૦.૦૦ | ૨૦૬૦.૦૦ | ૧૨૮૦.૦૦ | ૭૯૬૦.૦૦ |
| છોટાઉદેપુર | ૫૯૪૮.૫૦ | ૩૮૩૬.૩૯ | ૩૬૭૭.૦૨ | ૩૭૫૩.૨૦ | ૪૭૭૬.૩૦ | ૨૧૯૮.૭૧ | ૨૧૯૮.૧૨ | ૨૬૩૮૮.૨૪ |
| પંચમહાલ | - | - | - | - | - | - | - | - |
| દાહોદ | - | - | - | - | - | - | - | - |
| મહિસાગર | - | - | - | - | - | - | - | - |
| સાબરકાંઠા | - | - | - | - | - | - | - | - |
| અરવલ્લી | - | - | - | - | - | - | - | - |
| બનાસકાંઠા | - | - | - | - | - | - | - | - |
| નર્મદા | - | - | - | - | - | - | - | - |
| સુરત | - | - | - | - | - | - | - | - |
| નવસારી | - | - | - | - | - | - | - | - |
| વલસાડ | - | - | - | - | - | - | - | - |
| **કુલ** | **૫૯૪૮.૫૦** | **૩૮૩૬.૩૯** | **૫૦૯૪.૦૨** | **૫૨૭૬.૨૦** | **૬૪૫૬.૩૦** | **૪૨૫૮.૭૧** | **૩૪૭૮.૧૨** | **૩૪૩૪૮.૨૪** |

--------

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૬૧૭૪, ૮૧૮૬, ૮૨૨૮ | ૦૩ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૫૯૩૬, ૬૭૧૭, ૬૯૪૩ | ૦૩ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૫૧૩, ૭૬૬૬, ૭૭૭૫, ૭૮૫૫ | ૦૪ |
| ૪ | ગૃહ વિભાગ | ૭૨૩૬, ૭૫૦૧, ૭૬૭૫, ૭૬૭૭, ૭૬૭૯, ૭૬૯૩, ૭૭૦૧, ૭૭૦૫, ૭૭૦૯, ૭૭૧૨, ૭૭૧૭, ૭૭૩૨, ૭૭૩૮, ૭૭૪૦, ૭૭૪૩, ૭૭૫૦, ૭૭૬૨, ૭૭૬૬, ૭૭૭૦, ૭૭૭૮, ૭૭૮૩, ૭૭૮૬, ૭૮૨૭, ૭૮૪૫, ૭૮૭૨, ૮૫૭૦, ૮૫૭૩, ૮૫૭૯, ૮૫૮૧ | ૨૯ |
| ૫ | શ્રમ અને રોજગાર વિભાગ | ૮૧૧૦, ૮૫૫૦, ૮૫૮૪ | ૦૩ |
| ૬ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૫૧૮ | ૦૧ |
| ૭ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૧૮૯, ૭૯૪૭ | ૦૨ |
| ૮ | મહેસૂલ વિભાગ | ૭૩૩૮, ૭૩૪૫ | ૦૨ |
| ૯ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૭૪૮૩, ૭૪૯૧ | ૦૨ |
| ૧૦ | આદિજાતિ વિકાસ વિભાગ | ૬૭૧૬ | ૦૧ |
| | **કુલ** | **૫૦** | |

--------

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય બજેટની ચર્ચાના અનુસંધાનમાં મારી વાત મૂકવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠા નિગમનું ડિપાર્ટમેન્ટ જયારે બન્યુ ત્યારે ૧૯૬૫ની સાલમાં અલગ વહીવટી વિભાગ તરીકે પુરવઠા વિભાગને માન્યતા આપી અને શરૂઆત કરવામાં આવેલી. પુરવઠા વિભાગની અંદર ગામડાંની અંદર વસતા ગરીબ પરિવારોને સસ્તા દરે અનાજ મળી રહે તેના માટે સરકારે આ વ્યવસ્થા કરેલી છે. મારે ખાસ એટલુ જ કહેવાનુ છે કે, ગરીબ પરિવારો માટે જે સસ્તા અનાજની દુકાનો ચાલુ કરવામાં આવે છે તે સસ્તા અનાજની દુકાનો ચાલુ કર્યા પછી. એને સસ્તા દરે એટલે કે ૨-૩ રૂપિયાના ભાવે ઘઉં અને ચોખા આપવામાં આવે છે. આ સસ્તા અનાજની દુકાનો ગેરરીતિમાં પકડાય પછી ૩ મહિના માટે કે ૯૦ દિવસ માટે એનો પરવાનો રદ કરવામાં આવે છે. મારી વિનંતી એટલી છે કે વારંવાર આ સસ્તા અનાજની દુકાનોવાળા ગેરરીતિ કરતાં હોવાના કારણે સરકારમાંથી જ પગલાં લઇ એક વખત, બે વખત કે ત્રણ વખત ગેરરીતિ કરતાં પકડાય તો કાયમી પરવાનો રદ કરવામાં આવે તો ગરીબ માણસને અનાજ આપવા માટે સરકાર જે ખર્ચો કરી રહી છે અને સરકાર જે પારદર્શિતા બતાવવાની તૈયારી બતાવી રહી છે એનો અમલ આ રીતે થાય તો ગરીબના ઘર સુધી અનાજ જશે. હમણાં જ થોડા દિવસ પહેલાં મારા બનાસકાંઠા જિલ્લામાં અને મારા શહેરા તાલુકામાં ગોડાઉનમાંથી ૩.૫ કરોડ રૂપિયા અને ૨ કરોડ રૂપિયાની માતબર રકમનું અનાજ ઉપડી ગયું. એમાં પોલીસ અને ગુજરાતના મુખ્યમંત્રી અને અન્ન, નાગરિક અને પુરવઠા મંત્રીશ્રીએ તાત્કાલિક અસરથી પગલાં લીધા અને પારદર્શિતા બતાવવાનું કામ આ ગુજરાત સરકાર અને મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે હું તેમને અભિનંદન આપું છું. આવો બનાવ પહેલાં કાલોલ મત વિસ્તારમાં બન્યો હતો. એમાં ૨.૫ હજાર કટ્ટાની ગેરરીતિ થઇ હતી. ગેરરીતિ થયા પછી તોહમતદારોને પકડી લીધા અને પોલીસે કાર્યવાહી કરી લીધી પણ મુદ્દામાલ રીકવર થયો નહોતો. તો આ કેસમાં મુદ્દામાલની રીકવરી થાય અને ગરીબોના ઘર સુધી અનાજ મળતું રહે એવી વિનંતી કરું છું. આમાં પોલીસે જે કલમો લગાવી છે એમાં ભ્રષ્ટાચારની કલમનો ઉમેરો કરવામાં આવે તો વધુ સારી રીતે આ કેસની તપાસ થઇ શકે એવું હું માનું છું. ગરીબોના ઘર સુધી અનાજ પહોંચાડવા માટે આ સરકાર તત્પર છે અને ખૂબ સારી રીતે અંત્યોદય યોજના હેઠળ ગરીબ માણસને લગભગ ૮,૧૨,૭૧૨ કુટુંબોને ૩૬,૬૦,૩૧૦ જેટલી જનસંખ્યાને અંત્યોદય યોજના હેઠળ આવરી લઇને એમને ૨૫ કિલો ઘઉં અને ૧૦ કિલો ચોખા, ઘઉંની કિંમત બે રૂપિયા અને ચોખાની કિંમત ૩ રૂપિયા એમ ૩૫ કિલો અનાજ ૫ રૂપિયાના ભાવે ગરીબ પરિવારને આપવા માટે રાજ્ય સરકારે જે યોજના બનાવી છે એને હું અભિનંદન આપું છું અને ગરીબોના ઘર સુધી આ અનાજ મળી રહે એ માટે માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું. આ કાયદા હેઠળ સમિતિ બનાવી જે લાભાર્થી વંચિત રહી ગયા હોય એવા કુટુંબોને સમાવવા માટે પણ સરકારે જાહેરાત કરી. કોરોના કાળમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંવેદનશીલતા બતાવવાની સાથે કોઇ કુટુંબ બાકી ન રહે એ માટે બે - ત્રણ મહિના સુધી એ.પી.એલ. હોય કે બી.પી.એલ. કોઇ પણ લાભાર્થીને મફત અનાજ આપવા માટેની વ્યવસ્થા કરી. એ ખરેખર અભિનંદનને પાત્ર છે. હું કહું છું કે આવી વ્યવસ્થા ગુજરાત સિવાય કોઇ રાજ્યમાં થઇ નથી. સરકાર જે સબસિડી આપે છે એ સબસિડીની વાત કરું તો વર્ષ ૨૦૧૩ના એફ.એસ.એ.ના કાયદામાં નેશનલ સિક્યુરીટી એક્ટ મુજબ જે કાયદો બનાવ્યો એમાં અનાજના જથ્થાનો ખર્ચ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ૫૦-૫૦ ટકા ભોગવશે એવું નક્કી થયેલ છે. અનાજનો ટ્રાન્સપોર્ટ ખર્ચ ૬૫ રૂપિયા/પ્રતિ ક્વિન્ટલ થાય છે. એમાં કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના ૩૨-૫૦ના સહયોગથી ચાલી રહી છે. વાજબી ભાવની દુકાનના કમિશનના ખર્ચમાં ૭૦ રૂપિયા/પ્રતિ ક્વિન્ટલમાં ભારત સરકાર અને ગુજરાત સરકાર ૩૫-૩૫ રૂપિયા ભોગવી રહી છે. કોમ્પ્યુટરાઇઝેશન વેચાણ અને કમિશન ખર્ચ ૧૭ રૂપિયા/પ્રતિ ક્વિન્ટલ થાય છે. એમાં ૮.૫ - ૮.૫ રૂપિયા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ભોગવી રહી છે. ત્યારે મારે એટલું જ કહેવું છે કે ગરીબ પરિવારોને ચોખા મળે છે. એ ઉપરાંત અમુક તહેવાર આવે ત્યારે ૩૫૦ ગ્રામ જેટલી મોરસ અને તેલ પણ અન્નપૂર્ણા યોજના હેઠળ ગરીબ પરિવારોને મળતું હોય છે. ભૂખમરાથી કુપોષિત લોકોના મૃત્યુ રોકવા માટે રાજ્ય સરકારે અન્ન બ્રહ્મ યોજના શરૂ કરી છે. ઘરવિહોણાં લોકો માટે પણ અન્ન બ્રહ્મ યોજના હેઠળ રાજ્ય સરકારે અનાજ આપવાની વ્યવસ્થા કરી છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. સમગ્ર દેશમાં એક સમાન કર કાયદાનો અમલ એટલે કે વસ્તુ અને સેવા કર (GST), સૌથી ઓછો કોર્પોરેટ ટેક્સ, કર સુધારા અને વેપાર માટે એક જ જગ્યાએ મજૂરી જેવાં મહત્ત્વપૂર્ણ નિર્ણયોના કારણે ભારતમાં ગુજરાતના અર્થતંત્ર પર ખૂબ જ મોટો પ્રભાવ જોવા મળ્યો છે. આજે સમગ્ર દેશમાં Ease of Doing Businessમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. જ્યારે કોરોના મહામારીએ દેશમાં પ્રવેશ કર્યો ત્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક સૂત્ર આપ્યું કે, **जान है तो जहॉन है** નું આહ્વાન કર્યું અને આ મહામારીને નાથવા માટે લોકડાઉનના અમલ જેવો મહત્ત્વપૂર્ણ નિર્ણય લઇને દેશની જનતાને બચાવવાનું કામ કર્યું. સાથે સાથે એકવાર આ વાઇરસના સંક્રમણને નિયંત્રણમાં લીધા પછી તેમણે ફરીથી સૂત્ર આપ્યું **जान भी, जहॉन भी**. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ તબક્કવાર અનલોકના કારણે દેશનું અર્થતંત્ર ફરી પાટે ચઢાવ્યું. કોરોના મહામારી સંદર્ભે તા.૨૫/૦૩/૨૦૨૦થી તા.૧૭/૦૫/૨૦૨૦ સુધીમાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉન દરમિયાન શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કુલ ૧૦૦૬ ટ્રેનો દ્વારા ૨૦ રાજ્યના ૧૪,૬૪,૪૦૩ શ્રમિકોને

આંતરરાજ્ય સ્થળાંતરણ કરાવ્યું. સરકારે શ્રમિકોને ગુજરાતમાંથી પોતાના વતનમાં સ્વમાનભેર સહી સલામત પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. હું એટલું કહી શકું કે છેલ્લાં ૨૦ વર્ષમાં આપણું ગુજરાત દેશભરમાં રોજગારી આપવામાં પ્રથમ નંબરે છે. લોકડાઉનમાં આપણને એ જાણવા નથી મળ્યું કે અન્ય રાજ્યોમાંથી કોઇએ આપણા ગુજરાતમાં મજૂરો પાછા મોકલવાની કામગીરી કરી હોય. ગુજરાત એ દેશમાં રોજગારી આપતું પ્રથમ રાજ્ય છે. ગુજરાતના જુદા-જુદા જિલ્લાઓમાં ઊભા કરવામાં આવેલ કુલ ૨૩૬ શેલ્ટર હોમ્સમાં રાજ્યમાં અટવાયેલા ૯૭૨૮ મજૂરોને ભોજન, આશ્રય અને આરોગ્ય જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી. રાજ્ય સરકારની અતિ મહત્ત્વની યોજના મુખ્યમંત્રી ઔદ્યોગિક શ્રમયોગી હાઉસિંગ યોજના ચાલુ વર્ષે શરૂ કરવામાં આવી છે. જેમાં ધી ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ અંતર્ગત આપણા ગુજરાતમાં અંદાજે ૩૫ હજાર જેટલી નાની મોટી ફેક્ટરીઓનું રજિસ્ટ્રેશન થયેલું છે. જેમાં ફેક્ટરીમાં કામ કરતાં આપણા જે મજૂરો છે, શ્રમયોગીઓ છે તેમને રાહતદરે જમવા માટેની સુવિધા પૂરી પાડવા માટેનું આયોજન આપણી ગુજરાત સરકારે કર્યું છે. જેના ભાગરૂપે સાણંદ, મહેસાણા, અંકલેશ્વર, રાપર, વેરાવળ, બેચરાજી તથા મોરબીમાં જે GIDC અથવા ઇન્ડસ્ટ્રીઝ તરફથી આવેલ માંગણીઓ અનુસાર GIDC ખાતે ૫૦૦ થી ૧૫૦૦ ઔદ્યોગિક શ્રમિકો રહી શકે તેવી લેબર હોસ્ટેલ બનાવવાનું આયોજન પણ આપણી ગુજરાત સરકારે કર્યું છે જે ધન્યવાદને પાત્ર છે. ત્યાં મજૂરો અને શ્રમયોગીઓ જશે તો એમના રહેવાની સુવિધા પણ ગુજરાત સરકારે કરી છે. આ ભગીરથ કાર્ય કરવા બદલ આપણા સન્માનનીય અને સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલનો હું આભાર માનું છું. માસિક ૧૫૦૦ સુધીના ભાડામાં રહેવાની સુવિધા આ હોસ્ટેલમાં આપવામાં આવશે. આનાથી આગળ વધીને આપણી શ્રમ અને રોજગાર કચેરીના માધ્યમથી પૂરા ગુજરાતમાં વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૩,૫૧,૦૭૯ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં રોજગાર કચેરી દ્વારા કુલ ૧,૬૭,૦૨૫ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલી છે. ઔદ્યોગિક ભરતી મેળાઓ (Job Fairs) એક નવો અભિગમ આપણી રાજ્ય સરકારે અપનાવ્યો. અને વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ૯૭૮ ઔદ્યોગિક ભરતી મેળાઓનું આયોજન કરીને ૨,૧૦,૯૯૬ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવાનું ભગીરથ કાર્ય આપણી સરકારે કર્યું છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૨૦૩ ઔદ્યોગિક ભરતી મેળાઓના આયોજનથી ૫૮,૫૨૨ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નવતર પ્રયોગ લર્નિંગ વીથ અર્નિંગનો અભિગમ અપનાવી, મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજનાની મદદથી રોજગારીની તકો પૂરી પાડવાનું કામ હાથ ધરવામાં આવેલ છે. જેમાં એપ્રેન્ટિસ વિદ્યાર્થીઓને પ્રતિ માસે રૂપિયા ૩૦૦૦થી ૪૫૦૦ સુધીના સ્ટાઇપેન્ડની જોગવાઇ અભ્યાસની સાથે સાથે કરવામાં આવી છે. જેના થકી રાજ્યના યુવાધનને વૈશ્વિક સિમાડાઓ સર કરવા માટેના અવસરો પ્રાપ્ત થઇ રહ્યા છે. આપણા કોંગ્રેસના *(xxx) જે ન્યાય યોજના એક જાહેર કરી, જે રૂપિયા ૭૨૦૦૦ દરેક પરિવારોને આપવાની વાત કરી. આપણી ગુજરાત સરકાર,

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. પૂરું કરો, વાકય પૂરું કરો.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : આપણી ગુજરાત સરકારે આ જે યુવાનો છે એમને સહાય કરીને એમને પગભર બનાવવાનું આયોજન કર્યું છે અને માનનીય નીતિનભાઇ જે બજેટ લઇને આવ્યા છે એનું હું સમર્થન કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પી.ડી.વસાવા.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રી માનનીય શ્રી નીતિભાઇ પટેલ પોતાનું જે બજેટ લઇને આવ્યા છે, એના ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની વાત કરું તો આ જે શિક્ષણ, પ્રાથમિક શિક્ષણની વાત કરૂ તો પ્રાથમિક શિક્ષણ ખૂબ કથળ્યું છે. શાળામાં પૂરતા શિક્ષકો ન હોવાના કારણે, શાળામાં યોગ્ય સુવિધા ન હોવાના કારણે, સમયસર વિદ્યાર્થીઓને જે પોતાની જરૂરિયાત જોઇએ એના શિક્ષકો ન મળવાના કારણે, આજે આ શિક્ષણ વિભાગમાં પ્રાથમિક શિક્ષણ ખૂબ કથળ્યું છે. આપણે જાણીએ છીએ તેમ, શિક્ષણ એ વ્યકિતના વિકાસમાં, ઘડતરમાં મોટો ફાળો ભજવતો હોય છે અને આ પ્રાથમિક શિક્ષણ, ગુણવત્તાવાળું શિક્ષણ, ફરજિયાત શિક્ષણ આપવાની જવાબદારી એ રાજય સરકારની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, માધ્યમિક અને કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ જે, જે તે હેડકવાર્ટરે અભ્યાસ માટે જતા હોય છે, ત્યાં બસોની સગવડ ન હોવાના કારણે, કલાકોના કલાકો તે પોતાની સ્કૂલ કે કોલેજમાં સમયસર જતા નથી. પરિણામે તેમનું શિક્ષણ કથળે છે. એના માટે મારે માનનીય વાહનવ્યહવાર મંત્રીને વિનંતી કરવી છે કે, ખાસ કરીને નર્મદાના ઉંડાણવાળા વિસ્તારના જે ગામો આવેલા છે અને ત્યાંથી જે વિદ્યાર્થીઓ શહેરમાં પોતાના અભ્યાસ માટે આવે છે ત્યાં બસોની ફાળવણી કરવી જોઇએ. આ વખતના બજેટમાં લગભગ ૧૧ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓ ને ફ્રી પાસ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે અને એના માટે લગભગ હજાર બસો ખરીદવાની પણ જોગવાઇ કરવામાં આવી છે. આ એક હજાર બસમાંથી ઓછામાં ઓછી ૨૫ થી ૩૦ બસો પણ જો નર્મદા જિલ્લાને ફાળવવામાં આવશે તો અત્યારે જે પરિસ્થિતિ છે કે બાળકોને કલાકોના કલાકો સુધી રાહ જોવી પડે છે, એમાં ચોકકસ રાહત થશે અને ખાસ કરીને મારે જે દીકરીઓ ભણવા આવે છે એને મેં જોયા છે, હું જયારે પ્રવાસમાં હોઉ ત્યારે પણ જોયા છે કે જયારે સ્કૂલમાંથી છૂટે તો ગામડામાં ૨૦, ૨૫ કિ.મી. બસ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જતી હોય, દૂર દૂરના ઉંડાણમાં ૪, ૫ કિ.મી. ચાલવું પડતુ હોય તો એ દીકરીઓને લેવા માટે પોતાના વાલીઓને ઘરેથી આવવું પડે છે તો આ જે અગવડ છે, આ જે મુશ્કેલી છે એને નિવારવા માટે વાહન વ્યહવાર મંત્રી ધ્યાન લે, એટલી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે, પ્રાથમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકો નથી, ચિત્રકળાના પણ શિક્ષકો નથી, જેના પરિણામે જે વિદ્યાર્થીઓમાં ટેલેન્ટ છે, બાળકોમાં જે રમતગમતનું ટેલેન્ટ છે એને વિકસાવવાની, એને વિકસવાની ત્યાં કોઇ તક મળતી નથી. એટલે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને મારી એ પણ વિનંતી છે કે આ દિશામાં પણ વિચારે અને બાળકો સારી રીતે વ્યાયામનું શિક્ષણ લે તે જાતની સગવડો ઉભી કરવા માટેનું મારું સૂચન છે અને વિનંતી છે. બીજી વાત મારે ટેકનીકલ શિક્ષણની કરવી છે. નર્મદા જિલ્લો એ પછાત જિલ્લો છે અને ત્યા આર્ટ્સ સાયન્સ કોલેજોની સગવડ છે, પરંતુ પોલીટેકનીક કોલેજ નથી, અને હતી તો છેલ્લા દસ વર્ષથી એ ભરૂચમાં ચાલે છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીને અવાર નવાર ગૃહમાં મેં ટકોર કરી છે અને માગણી કરી છે કે આ જે પોલીટેકનીક કોલેજ છે તેને ભરૂચથી રાજપીપળા કયારે લાવશો તેનો પણ એમના પ્રવચમાં મને ચોકકસ જવાબ આપે.

આ સાથે મારે માર્ગ અને મકાન વિભાગની પણ થોડી વાત કરવી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો રસ્તો, રાજપીપળા–અંકલેશ્વર, છેલ્લા ત્રણ વર્ષથી રાજપીપળાથી તવડી સુધી થોડો રસ્તો થયો છે. પરંતુ તવડીથી અંકલેશ્વર સુધીનો રસ્તો બાકી છે એ આજે પણ ખાડા–ટેકરાવાળો રસ્તો છે, સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો રસ્તો છે અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે જે લોકો આવે છે, પર્યટકો આવે છે તેને ખૂબ મુશ્કેલી પડે છે. અંકલેશ્વરથી રાજપીપળા આવતા લોકો વાયા વાલીયા થઇને જાય છે. કારણ કે આ રસ્તો વારંવાર રજૂઆત કરવા છતાં પણ થતો નથી. શું કારણ છે એ તો માર્ગ અને મકાન વિભાગના મંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબને જ ખબર હશે.

બીજી વાત ચાણોદ–પોઇચા પુલ, કે જે મહારાષ્ટ્ર અને ગુજરાતને વાહન વ્યવહાર માટે જોડતો ચાણોદ–પોઇચા પુલ છે. વર્ષમાં બે કે ત્રણ વાર રીપેરીંગ થાય છે. આજ સુધી એ રીપેરીંગ પાછળ એક નવો પુલ થઇ જાય એટલો ખર્ચ થઇ ગયો છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ વિનંતી કરવી છે કે એની બાજુમાં જ એક નવો પુલ બાંધવામાં આવે તો લોકોને પણ સગવડ થશે અને સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં જે પર્યટકો આવે છે તેને અંતર ટૂંકું થશે અને એમને સમય વેડફવો નહીં પડે.

મારે બીજી વાત એ કરવી છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી છે તેની આજુબાજુ લગભગ ૭૦ ગામો આવેલા છે. એ ૭૦ ગામોમાં આજે પણ ખેતી માટે સિંચાઇની કોઇ સગવડ નથી. જેને આપણે ગુજરાતની જીવાદોરી સમાન કહીએ છીએ એ નર્મદા યોજના ત્યાંના સ્થાનીકો માટે એક આફત લાવનારી યોજના છે એમ કહું તો વધારે પડતું નથી. રાજયમાં બીજા ઘણા ઠેકાણે આપણે ઉદવહન સિંચાઇ યોજનાઓ આપીને ખેતી માટે સિંચાઇની સગવડ પૂરી પાડી છે. તો અહીં પણ આ બજેટમાં ઉદવહન સિંચાઇ યોજના મારફત જો આ ૭૦ ગામોને પાણી આપવામાં આવ્યું હોત તો એ લોકોની આર્થિક સદ્ધરતા, એ લોકોની બીજી મુશ્કેલીઓ, પીવાના પાણીની મુશ્કેલી પણ દૂર થઇ શકી હોત. એ બાબતમાં મારે ખાસ કરીને નર્મદા વિકાસ મંત્રીશ્રીને વિનંતી કરવાની છે. બીજી વાત કરજણ સિંચાઇ યોજનાની કરું તો કરજણ સિંચાઇ મારા વિસ્તારમાં આવેલી યોજના છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય જીતુભાઇ ચૌધરી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૧–૨૨ના વર્ષ માટેનું અંદાજપત્ર માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ પટેલે રજૂ કર્યું છે તેને હું સમર્થન કરું છું અને મારો સૂર પૂરાવું છું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ૨,૨૭,૦૨૯ કરોડ રૂપિયાનું જે બજેટ રજૂ કર્યું છે તેમાં એક પણ રૂપિયાનો કરમાં વધારો કર્યા વગર ગુજરાત રાજયનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે તે સર્વાંગી વિકાસને વેગ આપતું બજેટ છે. જે બદલ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને દિલથી અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આદી અનાદી કાળથી જે કહેવત છે કે માણસ જન્મે ત્યારે પણ લાકડાની જરૂર હોય છે અને મૃત્યુ પામે ત્યારે પણ લાકડાની જરૂર હોય છે. પરંતુ હાલના સંજોગોમાં ગ્લોબલ વોર્મિંગ પર્યાવરણ સમતોલ રાખવા વનોની એટલી જ જરૂરિયાત છે. વન વિસ્તાર સિવાયના સામાજિક વનીકરણ માટે સરકારે ૨૧૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. રાજયમાં આવેલ વનોનો વિકાસ અને સંવર્ધન માટે ૨૮૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. વન વિસ્તારમાં યુઝર્સ એજન્સી પાસેથી મળેલ રકમમાંથી વળતર વનીકરણ અને વન વિકાસની કામગીરી માટે રૂપિયા ૧૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વન્ય પ્રાણી વિકાસ માટે રૂપિયા ૧૭૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. પૂર્વપટ્ટી વૈજ્ઞાનિક ઢબે વાંસ ઉગાડી ઉત્પાદન કરીને આદિવાસી વિસ્તારમાં કૌશલ્ય કેન્દ્ર સ્થાપવા માટે રૂપિયા ૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં પર્યટક સ્થળ ઉભા કરવા કપરાડા જેવા બિલકુલ આદિવાસી વિસ્તારમાં આમ્રવન બનાવેલ છે જેને કારણે હજારો પ્રવાસીઓ ત્યાં આવે છે તે જ પ્રમાણે ઉનાઇ વાંસદાની અંદર જાનકી વન હોય, ધરમપુરની અંદર વિલ્સન વન હોય ઢોલવણમાં પદમ ડુંગર જેવા સરકારે વન વિસ્તારની અંદર જંગલ સાથે પર્યાવરણ સ્થળ ઉભા કરેલ છે અને આવતા દિવસોમાં આદિવાસી વિસ્તારની અંદર ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૧૯ના અહેવાલ મુજબ રાજયના વનોમાં વૃક્ષાદિત વિસ્તાર છેલ્લા બે વર્ષમાં દસ હજાર હેકટરનો વધારો થયો છે. વન બહાર વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં ૩ લાખ ૯૬ હજાર હેકટરનો વધારો થયો છે. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા દ્વારા ઉપગ્રહ દ્વારા લેવાયેલ તસ્વીરોના આધારે રાજયોના વૃક્ષાદિત વિસ્તાર વર્ષ ૧૯૯૧માં ૧૧,૯૦૭ ચોરસ કિલોમીટર હતો એ સન ૨૦૧૯માં વધીને ૧૪,૮૫૭ ચોરસ કિલોમીટર થયેલ છે જે દર્શાવે છે કે ૨૫ ટકાનો વધારો પણ થયેલ છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દિર્ઘદ્રષ્ટિને કારણે

ગુજરાતની અંદર ગુજરાતના લોકોને ભાવાત્મક રીતે જોડવા વન ઉત્સવો સાથે સાંકળીને વન ઉછેર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત વિસ્તારની અંદર વરસોથી પ્રજા અને નાગરિકને અપેક્ષા પૂર્ણ થયેલ અહેસાસ થાય છે કારણ કે વિકાસની ગાથામાં સૌથી પહેલા રસ્તા, વીજળી, પાણી અને આરોગ્ય છે. એ વિસ્તારની અંદર ઘણા વરસોથી જે અપેક્ષા હતી કે કાચાથી પાકા રસ્તા મળવા જોઇએ, ગામડાં વિસ્તારોને વીજળીની સુવિધા મળવી જોઇએ એ વર્ષ ૨૦૦૬માં જયોતિગ્રામ યોજના આવ્યા બાદ જે તે વિસ્તારની અંદર ઓછામાં ઓછા સાત થી દસ ગામ વચ્ચે ૬૬ કે.વી. સબસ્ટેશન આપવાના કારણે એ વિસ્તારની અંદર વધારેમાં વધારે પ્રજા હિતનું કામ કરેલ છે. સૌથી પહેલા અગત્યની બાબત રસ્તા અને વીજળી છે. આજે ક્યાંય પણ ફરવા જઇએ આપણે ભારત દેશ હોય કે વિદેશમાં ગયા હોય સૌથી પહેલા મોબાઇલ ચાર્જ કરવો પડે એટલે હોટલમાં જઇએ તો પહેલા મોબાઇલ ચાર્જ કરવા મૂકીએ એટલે લાઇટ હોય તો તે થઇ શકે. ગામડાંનો છેલ્લા માણસ છે એને કદાચ પાવર જાય તો એકાદ બે કલાક કે ત્રણ કલાક રાહ જોવે પણ જેવો કનેકટિવિટીમાં આવે કે તરત જ આગેવાનોને ફોન કરે કે અમારે ત્યાં બે કે ત્રણ કલાકથી વીજળી નથી. એટલે જયોતિગ્રામ યોજના નીચે અમારા વિસ્તારમાં ૧૮થી ૨૦ જેટલા ૬૬ કે.વી. સબસ્ટેશનો ચાલુ થયા છે એના કારણે વીજળીની સુવિધા મળી છે.

કાચા અને પાકા રસ્તા છે પ્લાન અને નોન પ્લાન ઓ.ડી.આર. એમ.ડી.આર. સ્ટેટના રસ્તા છે એના માટે સરકારે જે ફાળવણી કરી છે ગામડાં વિસ્તાર અને ખાસ કરીને આદિવાસી વિસ્તારની પ્રજા ખુશ છે.

તે જ પ્રમાણે પાણી પુરવઠાની વાત કરું તો છેલ્લા લગભગ કપરાડા વલસાડ જિલ્લાની અંદર પાણી પુરવઠા યોજના અસ્ટ્રોલ યોજના દાખલ થવાને કારણે કપરાડા તાલુકાના સમગ્ર ૧૨૯ ગામ અને ધરમપુર તાલુકાના ગામોમાં પાણીની સુવિધા આદરણીય દેશના વડાપ્રધાન અને અહીંના મુખ્યમંત્રી હતા તે વખતે મેં એમને રજૂઆત કરી હતી એને ધ્યાને રાખીને યોજના મંજૂર કરી આપી હતી. કપરાડા સાથે પારડી તાલુકાની પાણી પુરવઠા યોજના અને વાપી તાલુકાની તથા વલસાડ તાલુકાની પાણી પુરવઠા યોજનાઓ કરી આપવામાં આવી છે.

અધ્યક્ષશ્રી: આપનું વક્તવ્ય પૂરું થાય છે. આ તબક્કે હું એક નોંધ લઉં છું. માનનીય અનંતભાઇ (૧૭૭–વિધાનસભા) ખૂબ લાંબા સમયથી અને રોજ હાજર હોય છે. હમણાં અડધો કલાક પહેલાં તો એ ગેલેરીમાં એમના સિવાય કોઇ જ નહોતું છતાં એ અડીખમ બેઠાં છે. તમને ખરેખર અભિનંદન. અન્ય ધારાસભ્યશ્રીઓએ ધડો લેવો જોઇએ. માનનીય રમણભાઇ.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે અમારા મહેસાણા જિલ્લામાં ગઇ કાલ સુધી સિનિયર સિટીઝન અને ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના રોગયુક્ત ૩૩,૮૪૪ લોકોએ કોવિડ વેક્સીન લીધી છે તેમજ ૨૭,૦૦૦ કોરોના વોરિયર કર્મચારીઓ એટલે કે કુલ ૬૦,૦૦૦ લોકોએ જિલ્લામાં પ્રથમ ડોઝ લીધો છે. જ્યારે ૧૫,૫૦૦ લોકોએ બીજો ડોઝ લીધો છે. મેં પણ બીજી તારીખે કોરોના વેક્સીન લીધેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી આદરણીય શ્રી નીતિનભાઇએ રૂપિયા ૨,૨૭,૦૨૯ કરોડનું અંદાજપત્ર સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કર્યું છે તેને હું આવકારું છું અને આ કોરોનાની મહામારીમાં પણ પુરાંતવાળું બજેટ રજૂ કરવા બદલ રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ સંત, શૂરા અને મહાવીરોની ભૂમિ છે. ગુજરાત એ કૃષિ અને કૃષિકારોની પણ માતૃભૂમિ છે. આ એ જ ભૂમિ છે જ્યાં સરદાર વલ્લભભાઇ પટેલ જેવા લોખંડી પુરુષે જન્મ લઇને આઝાદી સમયે રજવાડાઓને એક કરાવ્યા હતા. આ એ ભૂમિ છે જેણે આ દેશને નરેન્દ્ર મોદી જેવા વિકાસ પુરુષને જન્મ આપ્યો. જે આજે રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. ખેડૂતોને કેમ ભૂલાય? જેમને કૃષિ ઋષિ તરીકે ઓળખીએ છીએ. તેમનો પુરુષાર્થ, ખાનદાન અને તેમનો વિશ્વાસ ગુજરાતની ધરોહર છે. ગુજરાતના ખમીરવંતા ખેડૂતો ખેતીને એ ઉંચાઇએ લઇ ગયા છે કે એક સમય હતો કે આઝાદી સમયે અનાજની અછત હતી પરંતુ ૨૫ વર્ષના સંવેદનશીલ સરકારશ્રીના પ્રોત્સાહનના કારણે આજે ખેત ઉત્પાદન નિકાસ થઇ રહ્યું છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ કોરોનાની મહામારીમાંથી ઉદભવેલી પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં અર્થતંત્રને પુનઃ વેગવંતુ બનાવવા માટે આત્મનિર્ભર પેકેજ રજૂ કર્યું છે. આ પેકેજ ખેડૂતો માટેનું આત્મનિર્ભર પેકેજ એટલે કે સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજનાના. ખેડૂત કલ્યાણના સાત પગલાંમાં જે પહેલું પગલું છે, મુખ્યમંત્રી કેપીટલ ગોડાઉન યોજના એટલે કે ખેડૂતનો પાક ખેતરમાં પાકે અને પાક્યા પછી તેને તાત્કાલિક વેચવો ન પડે, સંગ્રહ કરી શકે, માલ સાચવી શકે એ માટે નાના ગોડાઉન પ્રત્યેક ખેડૂતને, જેને પણ બનાવવા હોય તેને ૩૦,૦૦૦ રૂપિયાની સબસિડી આપી એક ઉમદા કામ અમારી સરકારે કર્યું છે. બીજું પગલું કિસાન પરિવહન યોજના. આમાં પણ ખેડૂતનો માલ ખેતરમાંથી ઘરે લઇ જઇ શકે. માર્કેટમાં વેચવા લઇ જઇ શકે, તેને કોઇ વાહનની રાહ ન જોવી પડે. તેને વેહિકલ લેવું હોય તો તેના માટે ૪૫ થી ૬૦ હજાર રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આ રીતે ખેડૂતના માટે એક મોટું કામ થયું છે. ખેડૂતના ખેતરના ફરતે વાડ બનાવવાની યોજના. પહેલાં ચાર હેક્ટર હતી. આજે ઘટાડીને નાના ખેડૂતો પણ ભેગા થઇને બનાવી શકે એટલે બે હેક્ટર માટેનું આયોજન કર્યું છે. દસ હેકટરની જગ્યાએ પાંચ હેકટર કર્યું છે. પગલું નંબર–૩, સિમાંત ખેડૂતોને ખેતમજૂરો માટે સ્માર્ટ હેન્ડ ટુલ્સ કીટ એટલે કે ખેડૂતોને ઓજારો લાવવા માટે, ટ્રેક્ટર જેવા સાધનો લાવવા માટે એમાં સબસિડી અને સ્માર્ટ હેન્ડ ટુલ્સ લાવવા માટે પણ ૯૦ ટકા સુધીની સબસિડી ગુજરાત

સરકાર આપી રહી છે. ખેડૂત પોતાનો પાક પકવે, ફળફળાદિ, શાકભાજીના છુટક વિક્રેતાઓ પોતાનો માલ બજારમાં વેચે, રોડ ઉપર બેસીને પાથરાણામાં બેસીને લારીગલ્લામાં વેચે પણ એમને છાંયડા માટેની છત્રીનું વિનામૂલ્યે વિતરણ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સંપૂર્ણ રીતે પ્રાકૃતિક ખેતીની આવશ્યકતા ઉભી થઇ છે, જે પ્રકારે ખેતરમાં રાસાયણિક ખાતરના કારણે જે રોગો થવા લાગ્યા છે એ માટે અમારી ગુજરાતની સરકારે પ્રાકૃતિક ખેતી માટે જે દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરે એ ખેડૂત કુટુંબને એ ગાય જો પાળે તો દર મહિને ૯૦૦ રૂપિયા એટલે કે વર્ષના રૂ.૧૦,૮૦૦ રૂપિયાની સહાય આપવાની યોજના કરી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારું લાભાર્થીને કૃષિ કીટમાં ૭૫ ટકાની સબસિડી આપવાની યોજના કરી છે. આ રીતે સમગ્ર ગુજરાતમાં ખેડૂતને કેવી રીતે પ્રોત્સાહિત કરવા, ખેડૂતની આવક કઇ રીતે વધારવી એના માટે ખેડૂત કલ્યાણ પગલાનું આયોજન કર્યું છે. અમારી સરકાર હંમેશા ખેડૂતની વહારે રહી છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : આપનો સમય ફાળવેલો છે અને આપને મળે એમાં મારો કોઇ આભાર નહીં. તમારો આ અધિકાર છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ફરી વખત આભાર. બજેટની ઉપરની ચર્ચાની શરૂઆત કરતા મને લાગે છે કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જયાંથી શરૂઆત કરી હતી ત્યાંથી જ હું મારી શરૂઆત કરું. ''સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા'' અને અમે બૌદ્ધ ભાષામાં પાલી ભાષામાં અમે ભવતુ સબ મંગલમ એમ કહેતા હોઇએ છીએ, આનો અર્થ એ થાય કે જયારે સર્વનું કલ્યાણ કરવાની આપણે જયારે ભાવના વિચારતા હોઇએ એ ભાવનાની અંદર દેશનો કે રાજયનો છેવાડામાંથી છેવાડાનો વ્યકિત, ગરીબમાં ગરીબ વ્યકિત કમસેકમ એક ટંક ભોજન પ્રાપ્ત કરી શકી એટલી વ્યવસ્થા આપણે કરીએ ત્યારે આપણે ચોક્કસ કહી શકીએ કે ભવતુ સબ મંગલમ. મને કહેતા ગર્વ થાય કે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષા આદરણીય સોનીયાજીની પ્રેરણાથી વર્ષ ૨૦૧૩માં દેશની સંસદે અન્ન સુરક્ષા કાયદો બનાવ્યો અને વિશ્વનું એવું પહેલું રાષ્ટ્ર બન્યું કે જે દેશમાં રાષ્ટ્રે પોતે પોતાના દરેક નાગરિકને ભોજન પ્રાપ્ત કરવાનો કાયદાકીય રીતે અધિકાર આપ્યો છે. આ કાયદા પ્રમાણે ૫૦ ટકા શહેરી જનસંખ્યા અને ૭૫ ટકા ગ્રામ્ય વિસ્તારને આ અન્ન સુરક્ષા આપવાની વાત હતી એટલે ૬૭ ટકા ટોટલ રાજયની જનસંખ્યા અને જયારે આપણે ૬૭ ટકા જનસંખ્યા કહીએ ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી હોય, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હોય એમના ભાષણમાં કાયમ સાડા છ કરોડની જનતાની વાત કરતા હોય છે કે સાડા છ કરોડની જનતા માટેનું આ કામ છે અને સાડા છ કરોડની જનતાની જો આપણે વાત કરતા હોઇએ તો ૬૭ ટકા પ્રમાણે ૪ કરોડ ૩૫ લાખ લોકોને આ અન્ન સુરક્ષા મળવી જોઇએ પરંતુ આપણે આપીએ છીએ માત્ર ૩ કરોડ ૨૭ લાખ લોકોને. આપણે વાત કરીએ છીએ સાડા છ કરોડની પરંતુ એક કરોડ ગરીબ ભૂખ્યા લોકોને આપણે અન્ન આપી શકતા નથી. હું ત્રણ વર્ષથી ધારાસભ્ય થયો છું. આ સભાગૃહની અંદર દર વખતે એક વાત સાંભળીએ છીએ કે ઉપરથી રૂપિયો આવતો હતો અને ૧૫ પૈસા પહોંચતા હતા. આ સરકારમાં એવું થયું છે કે ઉપરથી ૪.૫ કરોડ લોકો આવતા હતા, અહીં આવતા આવતા એક કરોડ લોકો ગુમ થઇ ગયા અને એક કરોડ લોકોને આજે અન્ન પ્રાપ્ત થતું નથી. નોંધાયેલા ૩ કરોડ અને ૪૮ લાખ છે જેને આપણે અન્ન સુરક્ષા આપવી જોઇએ પરંતુ આધાર લીંક ન હોવાને કારણે એમના રેશનકાર્ડમાં ૫ વ્યકિત છે, ૫ વ્યકિતમાંથી ૪ વ્યકિત નોંધાયેલા છે, એક વ્યકિતની પાસે આધાર નથી. આવા આધાર લીંક ન થયેલા ૨૦ લાખ લોકોને આ સરકારે અન્ન પૂરું પાડયું નથી. સવાલ એ થાય કે શું આધાર ન હોય તો ભૂખ ન લાગે? આધાર ન હોય તો ગરીબને ભોજન કરવાનો અધિકાર ખરો કે નહીં? આપણે ડિઝિટલ ગુજરાત અને ડિઝિટલ ભારતની વાત કરીએ છીએ. ગુજરાતના ૭૧.૮૫ લાખ કાર્ડધારકો છે એમાંથી ૫૧.૨૧ લાખ કાર્ડધારકોનું મોબાઇલ લીંકિંજ નથી. આપણે એક તરફ ડિઝિટલ ગુજરાતની વાતો કરીએ છીએ ત્યારે ૫૧ લાખ લોકો મોબાઇલથી જોડાયેલા નથી. ખૂબ વાતો થઇ કે આ વખતે બજેટ ખૂબ વધાર્યું છે. ખરેખર ૪.૬ ટકાનો વધારો થયો છે. પરંતુ મારે કહેવું છે કે શિક્ષણ વિભાગનું કુલ બજેટના ગયા વર્ષે ૧૪.૩૦ ટકા હતું એ આ વખતે બજેટમાં વધારો હોવા છતાં કુલ બજેટના ૧૪.૧૦ ટકા ફાળવેલ છે. શિક્ષણનું બજેટ ઘટાડવામાં આવ્યું છે. સામાજિક ન્યાય અને અધિકારિતાની વાત કરું તો નીતિ આયોગની ગાઇડ લાઇન પ્રમાણે ૭ ટકા પ્રમાણે બજેટ ફાળવવું જોઇતું હતું. ગયા વર્ષે કુલ બજેટના ૨ ટકા ફાળવેલ હતું એ ઘટાડીને આ વખતે ૧.૯ ટકા ફાળવવામાં આવ્યું છે. આનાથી દલિતો અને વંચિતોની વાત છે એ વાતનો છેદ ઉડી જાય છે. આજે હું પરમ પૂજ્ય બાબા સાહેબના પ્રતાપે ધારાસભામાં પ્રવેશ કરી શક્યો છું. પણ દુઃખ થાય છે કે સામે પક્ષે એવું સમજે છે કે ભારતીય જનતા પાર્ટીના પ્રતાપે આ વિધાનસભામાં આવ્યા છીએ. એટલા માટે દલિત સમાજનું બજેટ ઘટાડવામાં આવ્યું હોય, એના ઉપર અન્યાય થતો હોય, ભાવનગરના ઘોઘાના સણોસરામાં હમણાં જ ઘરમાં ઘુસીને હત્યા કરવામાં આવી, રાજકોટમાં પણ આવું થયું, લગ્ન કરવા હોય તો ૮૦ પોલીસનો કાફલો જોઇએ તો વરઘોડો કાઢવા મળે. પણ દલિતના કૂખે જન્મ લીધો છે અને પોતે સત્તા પક્ષે હોવા છતાં રાજ્ય સરકારને કશું કહેતા નથી એનું દુઃખ થાય છે.

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રકારનો ઉલ્લેખ કર્યો કે સત્તા પક્ષના ધારાસભ્ય અનુસૂચિત જાતિના કે જનજાતિના કોઇ પણ, ગુજરાતમાં બનતી ઘટના માટે એક પણ શબ્દ બોલતા નથી એ વાત સત્યથી વેગળી છે. તમામ ધારાસભ્યો, જ્યારે વડાલીની ઘટના બની કે અન્ય કોઇ ઘટના બને, રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ આ વિશે મારું ધ્યાન દોર્યું અને અમારા ધારાસભ્યને મૂકવાના કારણે ત્યાં કોઇપણ પ્રકારનો બનાવ ન

બને એની સાવચેતીના સ્વરૂપે ત્યાં શાંતિ અને સલામતિ જળવાઇ રહી. કોઇપણ અટકચાળો કરીને વાતાવરણ ન બગાડે, સમાજ સમાજ વચ્ચે વૈમનસ્ય ભાવ પેદા ન થાય એ રાજ્ય સરકારની કટિબદ્ધતા છે. એટલા માટે એમની વાત સત્યથી વેગળી છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : હું સભાગૃહમાંથી માનનીય પ્રદિપસિંહભાઇનો આભાર વ્યક્ત કરું છું. એમણે વ્યવસ્થા ગોઠવી એનાથી વાતાવરણ બગડ્યું નથી. મારો કહેવાનો ભાવાર્થ એ હતો કે સભાગૃહમાં એ આ પ્રકારે વાત કરતા નથી. ખેતી અને પશુપાલનમાં વાત કરીએ તો ગયા વર્ષે ૪.૨૮ ટકા ફાળવણી થઇ હતી જે આ વર્ષે ૩.૨૬ ટકા ફાળવણી થઇ છે. બજેટ ઘટ્યું છે. ગુજરાતના પશુપાલકો અને માલધારીઓ સાથે અને ખેડૂતો સાથે અન્યાય નથી થયો? નાયબ મુખ્યમંત્રીશ્રી પોતે આરોગ્ય મંત્રી છે. ગયા વર્ષના બજેટમાં ૫.૮૦ ટકા ફાળવણી હતી જે આ વર્ષના બજેટમાં ૪.૯૮ ટકા થઇ છે. કોરોનાની મહામારીમાંથી આપણે જ્યારે પસાર થઇ રહ્યા છીએ, અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ ત્યારે મને લાગે છે કે જો આ બજેટની ફાળવણી વધારે થઇ હોત, ડોકટરોને વધારે પગાર આપીને સી.એચ.સી. ઉપર સ્પેશિયાલિસ્ટોની નિમણૂક થઇ હોત તો વધુ સારું થઇ શક્યું હોત. (સમયસૂચક ઘંટડી) મારા વિસ્તારમાં નર્મદાનું હાઇએસ્ટ નેટવર્ક છે. એમાં દસાડા તાલુકામાં ૧૮૫ જેટલી મિસિંગ લિન્ક છે. લખતરમાં ૮૮, લીંબડીમાં ૫૮ જેટલી મિસિંગ લિન્ક છે. મિસિંગ લિન્ક એટલે બે બાજુથી કેનાલ બની ગઇ છે પણ વચમાંથી બની નથી એટલે પાણી વહી શકતું નથી. વર્ષ ૨૦૧૪થી આ પરિસ્થિતિ છે. મને જવાબમાં કહેવામાં આવ્યું છે કે સત્વરે કરીશું. વર્ષ ૨૦૧૪થી આ નહીં થવાના કારણે ખેડૂતોને પાણી પહોંચતું નથી. અમુક કેનાલો એવી છે કે બન્યાં ત્યારથી આજે અમારી ઓડુની કેનાલ છે એક પણ ટીપું પાણી નથી આવ્યું છતાં કેનાલ તૂટી ગઇ છે. ઘણી બધી કેનાલોમાં રિવર્સ સ્લોપ છે એટલે કેનાલથી જાય છે ત્યાં નીચી અને ખેડૂતો સુધી પહોંચતા ઉપર, એટલે જ્યારે પાણીનું વહન થાય ત્યારે કેનાલ ઊભરાવાથી ખેડૂતોને નુકસાન થાય અને છેવાડાના ખેડૂત સુધી પાણી પહોંચે નહીં. જે કેનાલો બનાવવામાં આવી છે એની બંને બાજુ પાણી ઝમે છે, લીકેજ થવાના કારણે નાના ખેડૂતનું ૧૦ વિઘાનું ખેતર હોય અને બે–ત્રણ વિઘા ખેતી એની બરબાદ થઇ જાય એના કારણે એને લાખો રૂપિયાનું નુકસાન થાય છે, ક્ષાર વધતો જાય છે એટલે મારી નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે આ તમામ કેનાલોનું તાત્કાલિક ધોરણે નવીનીકરણ કરવું જોઇએ, પાણી ન ઝમે એની વ્યવસ્થા કરવી જોઇએ અને મિસિંગ લીંક છે. અમુક ખેતર એવા છે કે ૬ વર્ષથી પાળા કરી રાખ્યા છે પણ ત્યાં કેનાલ બનતી નથી. હવે ખેડૂતો એમ કહે છે કે ના કરવી હોય તો પાળા તો હટાવી દો. (સમય સૂચક ઘંટડી ) જેથી અમે ખેતી તો કરી શકીએ. એટલે મારી નાયબ મુખ્યમંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી છે. માનનીય સ્વર્ગીય સનત મહેતાજીના આશીર્વાદથી અમને નર્મદા કેનાલો મળી છે પણ એનો પૂરો ઉપયોગ થાય એ માટે વિનંતી કરું છું. આપનો ખૂબ આભાર.

શ્રી અજમલજી વ. ઠાકોર(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની રસીની સન્માનનીય ગૃહમાં ચર્ચા થયા મુજબ ધારાસભ્યોએ કોરોનાની વેકસીન લેવાની છે તે મુજબ મેં પણ તા.૮–૩–૨૦૨૧ના રોજ સોમવારે સરકારી સંસ્થામાં કોરોનાની રસી લીધેલ છે.

અધ્યક્ષશ્રી : અભિનંદન.

શ્રી અજમલજી વ. ઠાકોર : વેકસીનની કોઇ આડઅસર નથી જેથી પ્રજાને ડરવાની કે ગભરાવાની જરૂર નથી. અફવાઓથી દૂર રહેવું. હું પણ કોરોનાની રસીથી સુરક્ષિત છું અને રસી પણ સુરક્ષિત છે. ''કોરોના હારશે અને ગુજરાત જીતશે''

માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ વર્ષ ૨૦૨૧–૨૨નું રૂપિયા ૨,૨૭,૦૨૯ કરોડનું અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં રૂપિયા ૧૨૨૪ કરોડની જોગવાઇ કરેલ છે. હું ખેરાલું તાલુકામાંથી આવું છું. આપણા લોકલાડિલા અને મારા ખેરાલુ તાલુકાના પનોતા પુત્ર એવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે કોરોનાના કપરા કાળમાં ગરીબો, શ્રમિકો અને જરૂરિયાતમંદ લોકો માટે જીવન જીવવા માટે જુદી જુદી યોજનાઓ દ્વારા અનાજના ભંડારો ખૂલ્લાં મૂકી દેવામાં આવ્યા હતા તે બદલ ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકારને હું અભિનંદન આપું છું. કોરોનાના કપરા કાળમાં અન્ન વિતરણ યોજના દ્વારા રાજ્યમાં કેટેગરીવાઇઝ ૨૦૨૧માં એન.એફ.એસ.એ. રેશનકાર્ડ અને નોન–એન.એફ.એસ.એ. રેશનકાર્ડની કુલ સંખ્યા ૧,૩૦,૩૯,૧૯૨ જેના લાભાર્થીની સંખ્યા ૬,૦૭,૩૨,૯૯૮. આમ, રાજ્યના નિયત કરેલ લક્ષ્યાંક સામે ૯૦ ટકા જેટલી જનસંખ્યાને એન.એફ.એસ.એ. કાર્ડ ધારકોને લાભ મળતો થયો છે. અન્ન અને પુરવઠાની વિતરણ વ્યવસ્થામાં ફેબ્રુઆરી ૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૭૨૪ વાજબી ભાવની દુકાનો–પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર કાર્યરત છે જેની વિતરણ વ્યવસ્થા કોમ્પ્યુટરાઇઝ સિસ્ટમથી કરેલ છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે કોરોનાની મહામારીના કપરા કાળમાં યશસ્વી, અદભૂત અને સંવેદનશીલતાના આધાર ઉપર રાજ્યના અંત્યોદય પરિવારોને વિના મૂલ્યે અનાજ આપવાના અભૂતપૂર્વ પગલાને કારણે અંત્યોદય પરિવારની પડખે રાજ્ય સરકાર અડીખમ ઊભી રહી.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે લોકડાઉનમાં લોકો ભૂખે ના મરે અને દરેકને ખાવા માટે અનાજ મળે તે માટે તેની ચિંતા કરી ૮૦ ટકા લોકોને વીના મૂલ્યે અનાજ આપવાનો ઐતિહાસિક નિર્ણય આ રાજ્ય સરકારે કર્યો હતો. લોકોને વીના મૂલ્યે ઘઉં, ચોખા, ચણા, ચણાદાળ, ખાંડ

અને મીઠાનું વિતરણ આ સંવેદનશીલ ભાજપ સરકાર કર્યું છે. ગતિશીલ રાજ્ય સરકારે ૬૮.૮૦ લાખ એન.એફ.એસ.એ. રેશન કાર્ડધારકોને અને ૬૧ લાખ એ.પી.એલ–૧ કાર્ડધારકોને એપ્રિલ અને મે–૨૦૨૦માં રૂ.૨૦૦૦ કરોડની બજાર કિંમતનું અનાજ વિના મૂલ્યે જરૂરિયાતમંદ લાભાર્થીઓને અપાયું. કોરોનાના કપરા કાળ અને મહામારીમાં ગરીબો અને જરૂરિયાતમંદ લોકો માટે સંવેદનશીલ ભા.જ.પા. સરકારે સેવા કરવામાં પાછું વળીને જોયું જ નથી. ૧૦ લાખથી વધુ ગરીબ કુટુંબોને એન.એફ.એસ.એ. પરિવારોને વિના મૂલ્યે અનાજ આપવાની ઝુંબેશ હાથ ધરી. માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇની આ નિર્ણાયક રાજ્ય સરકારે વિતરણના પ્રથમ દિવસે જ દોઢ લાખથી વધુ કાર્ડધારકોને અનાજ વિતરણનો લાભ આ સંવેદનશીલ ભા.જ.પા. સરકારે આપ્યો. માનનીય વિજયભાઇ રૂપાણી અને માનનીય નીતિનભાઇ સાહેબે કોરોનાના કપરા કાળમાં જરૂરિયાતમંદ લોકોને જીવન જીવવા માટે અન્ન મળે તે માટે ૫૦ લાખથી વધારે લાભાર્થીઓને સરકારી છેવાડાના માનવીની ચિંતા કરી લાભાર્થીઓનો ઉમેરો કરેલ છે જે બદલ વી.આર. અને એન.આર.ની જોડીને હું અભિનંદન આપું છું. અન્નપૂર્ણા યોજનામાં ૬૫ વર્ષથી વધુ વયના નિરાધાર પેન્શન યોજના હેઠળ પેન્શન મળવાપાત્ર હોય પરંતુ પેન્શન મળતું ન હોય તેવા નાગરિકોને ૧૦ કિલોગ્રામ અનાજ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૦–૨૧માં ફેબ્રુઆરી સુધીમાં આ યોજનામાં ૭૫ મેટ્રિક ટન ઘઉંના જથ્થાનું વિતરણ થયું છે. કોરોનાના કપરા કાળમાં ભુખમરો અને કુપોષણથી થતા મૃત્યુને રોકવા તેમજ ઘરવિહોણા વ્યક્તિ, કુટુંબ તથા બાળકોને સલામતિ આપવા માટે અન્ન બ્રહ્મ યોજના અમલમાં છે. જેમાં રેશન કાર્ડ ન ધરાવતા વ્યક્તિ, હોસ્પિટલના બિછાને પડેલા વ્યક્તિ તેમજ જરૂરીયાતમંદ વ્યક્તિ, કુટુંબનો સમાવેશ કરી છ માસ સુધી ૧૦થી ૧૫ કિલોગ્રામ અનાજ વિના મૂલ્યે આપવામાં આવેલ છે. ભા.જ.પા. સરકારે કોરોનાના કપરા કાળમાં અન્ન અને પુરવઠા વિભાગે એપ્રિલ તથા મે મહિના દરમિયાન રાજયના રેશન કાર્ડ વિનાના નિરાધાર ઘરવિહોણા.

અધ્યક્ષશ્રી : માનનીય અજમલજી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સીમાબેન મોહિલે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, સંવેદનશીલ, ગતિશીલ અને નિર્ણાયક સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે કોરોના મહામારીનો કપરો કાળ હોવા છતાં ગુજરાતના વિકાસની વણથંભી યાત્રાને વધુ વેગવંતી બનાવવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ રૂ. ૨,૨૭,૦૨૯ કરોડનું આગામી વર્ષ ૨૦૨૧નું બજેટ લઇને આવ્યા છે ત્યારે આપણે સૌ ગુજરાતવાસીઓ તરફથી અભિનંદન પાઠવું છું. વર્ષ ૨૦૨૦–૨૧ના આ બજેટમાં શિક્ષણ વિભાગ માટે રૂપિયા ૩૨,૭૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એના માટે પણ હું ગુજરાતના સૌ વિદ્યાર્થીઓ થકી માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલને અભિનંદન આપું છું. માનવીના જીવનમાં, વિકાસમાં શિક્ષણનું અત્યંત મહત્ત્વ છે. માણસની આર્થિક, સામાજિક, માનસિક પરિસ્થિતિ તેના શિક્ષણ ઉપર આધાર રાખે છે. શિક્ષણ એ સતત વિકાસની પ્રક્રિયા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ પદ્ધતિમાં આગામી સમયની જરૂરિયાત ધ્યાનમાં લઇ ક્રાંતિકારી ફેરફાર સૂચવવામાં આવ્યા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા માતૃભાષામાં શિક્ષણ મેળવવું એ દરેક વિદ્યાર્થીનો અધિકાર છે એના માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં એનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. કોરીયા, ચાઇના, રશિયા આવા દેશોમાં એન્જિનિયરીંગ હોય કે મેડિકલનું શિક્ષણ હોય એ પોતાની માતૃભાષામાં જ આપવામાં આવે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આધુનિક યુગને અનુરૂપ ખૂબ પરિવર્તનશીલ બનાવવામાં આવેલ છે. મિશન સ્કૂલ ઓફ એકસલન્સ ગુજરાતના વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ પ્રદાન કરવાની દિશામાં મહત્ત્વનું પગલું છે. રાજયના વિદ્યાર્થીઓ આઇ.સી.ટી. એમ્પાવર્ડ થઇ રાજયના અને દેશોના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી શકે તેવા હેતુથી ગત વર્ષથી ધોરણ–૧૦ અને ૧૨ની માન્ય બોર્ડની પરીક્ષા ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજયના માન્ય યુનિવર્સિટી સ્નાતક તેમજ ડિપ્લોમાં કક્ષાના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂપિયા એક હજાર ટોકનના આધારે નમો ઇ–ટેબ ધેટ ઇઝ ન્યુ એવન્યુ ઓફ મોર્ડન ઇવેલ્યુએશન થ્રૂ ટેબ્લેટ પૂરા પાડવાની યોજના વર્ષ ૨૦૧૭–૧૮થી અમલમાં મુકવામાં આવી હતી. એના થકી ૮ લાખ જેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ હતું. આ વર્ષે ૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને માટે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. એના માટે એમને હું બિરદાવું છું. ડિપ્લોમાં તેમજ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ માટે વિસ્તૃત લર્નિંગ મોડેલ ઇમ્પેક્ટ નામની યોજના પૂરી પાડવામાં આવી છે. વિદ્યાર્થીઓને વ્યવસાય લક્ષી જ્ઞાન, ઔદ્યોગિક મુદાઓ ઉપરનો નવો પરિપ્રેક્ષ્ય અને ભવિષ્યમાં પ્લેસમેન્ટની શક્યતાઓ શોધવાની તક આ યોજના પૂરી પાડે છે. આજકાલ આઇ.ટી.આઇ., એન્જિનિયરિંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા આપવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવી પડતી હોય છે. એના માટે રાજ્ય સરકારે અને અનુદાનિત શાળાઓમાં ધોરણ–૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નિવાસી શિક્ષણની વ્યવસ્થા અને ઓનલાઇન ડિસ્ટન્સ લર્નિંગ સુવિધા પૂરી પાડવા માટે આ યોજના માટે રૂપિયા ૨૦ કરોડની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે, તેને હું બિરદાવું છું. સ્કીમ ઓફ ડેવલપિંગ હાઇ ક્વોલિટિ રિસર્ચ એનું શોર્ટમાં એને 'શોધ' કહેવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલા પી.એચ.ડી. વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા માટે આ યોજના શિક્ષણ વિભાગ તરફથી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત સ્ટાઇપેન્ડ પેટે પ્રતિ વિદ્યાર્થી દીઠ માસિક રૂપિયા ૧૫,૦૦૦ અને અન્ય આનુષંગિક ખર્ચ પેટે રૂપિયા ૨૦,૦૦૦ બે વર્ષ માટે સંશોધન માટે મળવાપાત્ર છે એ આપવામાં આવે છે. અત્યાર સુધી કુલ ૭૫૪ મંજૂર મેળવેલ વિદ્યાર્થીઓને કુલ રકમ રૂપિયા ૧૩ કરોડની ફાળવણી

કરવામાં આવેલ છે. આ વર્ષે રાજ્યની વિવિધ યુનિવર્સિટી ખાતે પી.એચ.ડી ડિગ્રી માટે સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે શોધ યોજના અંતર્ગત રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આવા પી.એચ.ડી. કરતા વિદ્યાર્થીઓને આના માટે ખૂબ જ રાહત થઇ છે. ગુજરાત રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય પૂરી પાડવાના આશયથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૫માં અમલમાં મૂકવામાં આવેલ હતી. આ યોજના હેઠળ યોગ્યતા પાત્ર ધરાવતા વિદ્યાર્થીઓને ટ્યૂશન ફી સહાય અને રહેવા માટેની જગ્યા અને સાધન સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૩૯,૨૭૨ વિદ્યાર્થીઓને કુલ રૂપિયા ૧૦૬૮ કરોડની ફાળવણી કરવામાં આવેલ હતી. આ વર્ષે રૂપિયા ૨૭૮ કરોડની જોગવાઇ આમાં કરવામાં આવેલ છે. મેડિકલ અભ્યાસક્રમમાં વધતી જતી તેજસ્વીની અને જરૂરિયાતમંદ વિદ્યાર્થિની..

અધ્યક્ષશ્રી : આપનું વ્યક્તવ્ય પૂરું થાય છે. માનનીય ભગાભાઇ બારડ

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

મારો વિસ્તાર એ મોટા ભાગે ગીર ફૉરેસ્ટની સાથે સંકળાયેલ છે. અને ઘણા બધા સમયથી અમે એક કાયદાનો સામનો કરી રહ્યા છીએ. હજુ એ કાયદો બહાર પડ્યો નથી. કાયદાનું ફાઇનલ નોટિફિકેશન બહાર નથી પડ્યું. સૂચિત કાયદાની દરખાસ્તો થયેલ છે. હાઉસની અંદર વાત કરીએ, રજૂઆત કરીએ ત્યારે સરકાર તરફથી પ્રત્યુત્તર મળે કે કોર્ટ મેટર છે, પણ મારી જાણ મુજબ કોર્ટની અંદર રિટ પિટિશન દાખલ થઇ છે એ બરાબર છે, પણ કોર્ટે એની અંદર નિર્ણય નથી આપ્યો. સરકારે જે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત મોકલી છે. કેન્દ્ર સરકારે ફરી પાછી રાજ્ય સરકારને કહ્યું છે કે દરખાસ્ત તૈયાર થઇ છે તે તમે કોર્ટમાં રજૂ કરો. આ કાયદાના કારણે ગીર ફૉરેસ્ટ વિસ્તારના લોકો ઘણી બધી મુશ્કેલી ભોગવી રહ્યા છે, કારણ કે અમારું જી.ઇ.બી. નું કનેક્શન પાસ થાય, એના માટેની લાઇનો ખેંચવાની હોય તો એની પરમિશન ન મળે..

અધ્યક્ષશ્રી : ગૃહનો વિરામનો સમય થયો છે. વિરામ બાદ ગૃહ સાંજે ૬-૦૦ વાગ્યે ફરી મળશે. સભ્યશ્રીનું પ્રવચન ચાલુ રહેશે.

**( વિરામ સાંજના ૫-૩૦થી ૬-૦૦ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ બારડ

શ્રી ભગાભાઇ ધા. બારડ (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા વિસ્તારની ઇકો સેન્સીટીવ ઝોનનો જે કાયદો છે તેની વાત કરતો હતો. તે કાયદાના કારણે અમારા ગીર ફૉરેસ્ટ વિસ્તારમાં જે મુશ્કેલીઓ ઉભી થાય છે. મારી સરકારને વિનંતી છે કે, કયાંક તે કાયદાની રૂપરેખા નક્કી કરીને એક કિલોમિટર, બે કિલોમિટર, પાંચ કિલોમિટર કે દસ કિલોમિટર નક્કી કરીને તેનું ફાઇલન નોટિફીકેશન બહાર પાડી નાખો. એટલે લોકોને કહી તો શકીએ કે આ કાયદો આવી ગયો છે એટલે દસ કિલોમિટર સુધી તમને કોઇ પરમિશન નહીં મળે. અત્યારે મુશ્કેલીઓ એવી થાય છે કે, અત્યારે અમારે જી.ઇ.બી.નો પાવર લેવો હોય અને લાઇન નાખવી હોય તો પણ પરમિશન લેવાની, ખેતરની અંદર જવા માટે રસ્તો રિપેર કરવો હોય તો પણ પરમિશન લેવાની, એક ગામથી બીજે ગામ જવા માટે પિયતની સો મિટર જેટલી જગ્યા આપવાની હોય અને તેમાંથી રસ્તો કાઢવો હોય તો પણ પરમિશન લેવાની, અમારા ખેતરની અંદર અમારે પોતાને કોમર્શિયલ બાંધકામ કરવું હોય તો પણ ફૉરેસ્ટની પરમિશન લેવાની. પરમિશન માગ્યા પછી પણ બે-બે, ત્રણ-ત્રણ વરસ સુધી તે પરમિશન ના મળે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, અમારા પોતાના માલિકીના ખેતરની અંદર કોમર્શિયલ બેઇઝ ઉપર તેને બિનખેતી કરાવીએ અને તેમાં જયારે બાંધકામ કરવાના હોઇએ ત્યારે બે કિલોમિટરથી ઉપરની પરમિશન મળી હોય તો અમને ૧૫ ટકાનું જ માર્જિન મળે છે. અમે ૧૫ ટકા જ બાંધકામ કરી શકીએ છીએ. બાકીની જમીનની અંદર અમે બાંધકામ કરી શકતા નથી. અમારી માલિકીની જમીન છે તો પણ બાંધકામ કરી શકતા નથી. મોટા શહેરોની અંદર ૪૦ ટકાનો રેશિયો છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં અમારી માલિકીની જમીનમાં બિનખેતી કરાવીએ તો તેમાં ૧૫ ટકાનું માર્જિન? તેની અંદર સરકારશ્રીને અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તેમાં સુધારો કરે. આ ઇકો સેન્સીટીવ ઝોનનો કાયદો છે અને તેના લીધે અમારા વિસ્તારને જે પરેશાની થાય છે તેમાંથી મુક્તિ અપાવવા માટે કંઇ કરવામાં આવે. હાઇકોર્ટમાં જે રીટ પીટીશન દાખલ થઇ છે તેમાં સરકાર વહેલી તકે નિર્ણય કરાવે તેવી માનનીય મંત્રીશ્રીને અને સરકારશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા દરિયા કાંઠાના વિસ્તારમાં ખારા પાણીનો વ્યાપ બહુ વધે છે. સરકારશ્રીએ મિયાંણી થી આદરી સુધીના કોસ્ટલ બેલ્ટ ઉપર અમારા તેને ધક્કા કેનાલ કહીએ છીએ. આમ તો તે રિવર્સ કેનાલ છે. આ કેનાલમાં મીઠું પાણી ભરેલું રહે છે તે ખારા પાણીને આવતા અટકાવે છે. તેના લીધે ખેડૂતો પોતાની ખેતી કરવા પમ્પ દ્વારા પાણી ખેંચી ખેતી કરે છે. તે આદરી સુધીની કેનાલ થયેલી છે તેમાં કટકે કટકે કયાંક બાકી છે. તે કેનાલને આદરીથી લઇ હું તો કહું છું કે, આ કેનાલને ભાવનગર સુધી જોડવી જોઇએ. જેથી દરિયાકાંઠાના ખેડૂતોને મહત્તમ લાભ મળી શકે અને આવનારા સમયમાં ખારા પાણીનો વ્યાપ જે આગળ વધી રહ્યો છે તે અટકી શકે. એટલા માટે માનનીય નાણામંત્રીશ્રીને મારી વિનંતી છે કે, કટકે કટકે આ યોજના ખાલી ભાવનગર સુધી થાય તેવી તે વિસ્તારના ખેડૂતોની અને એક ધારાસભ્ય તરીકે મારી લાગણી છે. તેમાં પોઝીટીવ

વિચારી આવનારા બજેટમાં યોગ્ય રકમની ફાળવણી કરી આ યોજના પૂર્ણ થાય તેવી વિનંતી કરું છું. મારા વિસ્તારની અંદર નાના નાના બંદરો આવેલા છે. તેમાં આમ તો બજેટની અંદર પણ જોગવાઇ કરી છે અને પ્રશ્નોત્તરીમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે તે કામગીરી ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે. મારા વિસ્તારનું સૂત્રાપાડા છે તેની જેટી બનાવવાનું કામ છે તેનું વહેલી તકે ખાતમૂર્હુત થઇને કામગીરી શરૂ કરવામાં આવે તેવી વિનંતી કરું છું. જંગલમાં અમારા જે સેટલમેન્ટના ગામડા છે તેમાં ખેતી કરનાર ખેડૂત છે તેના ૭/૧૨માં ફોરેસ્ટના હવાલે તે જમીન હોય છે. ત્યારે એને રેવન્યુની અંદર સમાવેશ કરવા માટેની દરખાસ્ત જિલ્લા મથકેથી રાજય સરકારમાં જો આવી ગઇ હોય તો એ પોઝિટિવ કેન્દ્ર સરકાર સુધી પહોંચાડે. ફળઝાડની જે જમીનો સમગ્ર ગુજરાતમાં ખાસકરીને અમારા દરિયા કાંઠે ખેડૂતોને આપવામાં આવી છે એ જમીનોનો પણ સરકાર એની પોલીસીમાં બદલાવ લાવી અને માલિકી હક ખેડૂતોને મળે એવી જોગવાઇ કરે એવી મારી વિનંતી છે. બાગાયતી પાકને વીમામાં સમાવેશ કરવા માટે હું ઘણા સમયથી માગણી કરું છું. માનનીય મંત્રીશ્રીને મળ્યો છું અને માનનીય મંત્રીશ્રીએ પોઝિટિવ એમાં જવાબ આપ્યો છે. કારણ કે રાજય સરકારની દરખાસ્ત કેન્દ્રમાં મોકલવાની હોય છે તો અહીંથી દરખાસ્ત મોકલ્યા પછી કેન્દ્ર સરકારમાં કદાચ પેન્ડીંગ હોય તો માનનીય મંત્રીશ્રી વહેલીતકે એનો નિર્ણય આવે એના માટે યોગ્ય કાર્યવાહી કરે એવી વિનંતી છે. બાગાયતી પાક ધરાવનાર ખેડૂતો, સમગ્ર દેશની વાત છે ગુજરાતની જ નહીં પણ સમગ્ર દેશમાં કે જ્યાં મોટા પાયે ફળના બગીચાઓ છે નાળિયેરી, ચીકું, જામફળ, ખારેક વગેરેના બગીચાઓ છે એમાં ક્યારેક કોઇ રોગ આવે અથવા ક્યારેક વાવાઝોડું આવે ત્યારે દસ પંદર વર્ષથી જે મહેનત કરીને ઝાડ ઉછેરેલા હોય એ વાવાઝોડાને કારણે નાશ પામે અથવા કોઇ રોગને કારણે નાશ પામે ત્યારે ખેડૂત પાયમાલ થઇ જાય છે અને એમની મુશ્કેલીઓ વધી જાય છે તો એ ફળઝાડની ખેતીનો પણ વીમામાં સમાવેશ વહેલીતકે કરવામાં આવે એવી મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં નાળિયેરીનું મોટાપાયે વાવેતર થાય છે. હમણા અમારે સફેદ માખીનો ઉપદ્રવ ખૂબ વધ્યો છે અને સફેદ માખીને કારણે નાળિયેરીને પારાવાર નુકસાન થઇ રહ્યું છે. મારો પોતાનો નાળિયેરીનો મોટો બગીચો છે દર મહિને ૨૦ હજાર નાળિયેર એમાંથી ઉતરતા હતા પણ આ સફેદ માખી આવવાના કારણે અત્યારે મહિનામાં માત્ર ૨૦૦૦ નાળિયેર એમાંથી ઉતારી શકીએ છીએ. આટલું મોટું નુકસાન છે એટલા માટે કોકોનોટ બોર્ડની માગણી ઘણાં સમયથી અમે કરતા આવ્યા છીએ ત્યારે માનનીય મંત્રીશ્રીને અને સરકારશ્રીને મારી વિનંતી છે કે કોકોનેટ બોર્ડની જમીન પણ ક્યાંક અમારા વિસ્તારમાં લેવાય ગયેલ છે તો એ વહેલીતકે કાર્યરત થાય અને વહેલીતકે એનો ખેડૂતોને લાભ મળે એવી વિનંતી છે. બીજી મારી એક વિનંતી છે કે, મારા વિસ્તારમાં વેરાવળથી સાસણ, સોમનાથ અને સાસણ ટૂરિસ્ટ પોઇન્ટ છે અને લાખો યાત્રાળુઓ અને લાખો ટૂરિસ્ટો ત્યાં આવે છે તો વેરાવળથી સાસણનો રસ્તો છે એ ફોરલેન કરવામાં આવે તો એનાથી ઘણી બધી ટ્રાફિકની મુશ્કેલી દૂર થશે. બીજો મારા વિસ્તારનો એક ઘામળેજથી સુત્રાપાડા નેશનલ હાઇવેને જોડતો રસ્તો છે એના માટે મારી ક્યારની માગણી છે તો વહેલીતકે એને જોબ નંબર આપી માનનીય નીતિનભાઇ પોઝિટિવ એ વાતનો જવાબ આપશે અને મારી વાત સ્વીકારે એવી વિનંતી છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ બજેટ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે કાયદો અને વ્યવસ્થા છે એ અગત્યનું પરિબળ છે. સુરાજ્ય અને સુશાસન પ્રકલ્પને પૂર્ણ કરવા માટે કાયદાનો આધારસ્થંભ હોવો જરૂરી છે. લોકોના બૌદ્ધિક અને ભૌતિક વિકાસથી રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થયેલો ગણાય નહીં પરંતુ સર્વે ભવન્તુ સુખીના સિદ્ધાન્ત મુજબ ભારતીય પરંપરાના મૂલ્યો પરિપૂર્ણ કરવા પડે. વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતી આ ભારતીય ભૂમિના પાયામાં માનવતાના નૈતિક અને બંધારણીય મૂલ્યોનો સમાવેશ થયો છે. આપણા બંધારણના ઘડવૈયાઓએ બંધારણ અને ન્યાયતંત્રને આગવું સ્થાન આપીને પબ્લિક વેલફર સ્ટેટની એટલે કે રામરાજયની પરિકલ્પના પૂર્ણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર ગુજરાત હાઇકોર્ટની ડાયમંડ જ્યુબિલી પ્રસંગે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંબોધન કરતાં જણાવ્યું છે કે, કાયદાનું શાસન જ સુશાસન અને સુરાજયનો આધાર છે. તે પ્રસંગે ન્યાયતંત્રમાં સંતોષ વ્યકત કરતાં કહ્યું હતું કે, ન્યાયાલયો એ બંધારણીય મૂલ્યોનું જતન કરતા સાચા મંદિરો છે. રાજ્યના છેવાડાના નાગિરકને ઘરઆંગણે સુલભ અને ઝડપી ન્યાય પ્રાપ્ત થાય અને છેવાડાના નાગરિકો ન્યાયથી વંચિત ન રહે તે આ રાજ્ય સરકારનો ઉદ્દેશ છે. રાજ્યમાં લોકોની સુખાકારી તેમજ બંધારણીય હક્ક માટે નવા કાયદાઓ ઘડવા અને છેવાડાના માનવીને ઘરઆંગણે સુલભ અને ઝડપી ન્યાય મળી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લા અને તાલુકા મથકે ન્યાયાયલો બનાવવામાં આવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વનો સાથ, સર્વનો વિકાસ અને સર્વને ન્યાયના મૂળભૂત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને આ સંવેદનશીલ રાજ્ય સરકારે ન્યાયતંત્રમાં મૂળભૂત માળખાકીય સુવિધાઓ તેમજ ન્યાયાધીશોની નિમણૂકો માટે ઉત્તરોત્તર પૂરતા બજેટની ફાળવણી કરી છે. વર્ષ ૨૦૨૦ના સમયગાળામાં કોરોના જેવી જીવલેણ મહામારીના કપરા કાળમાં ગુજરાતની વડી અદાલતે રાજ્યના નાગરિકોનો કાયદામાં સંપૂર્ણપણે વિશ્વાસ ટકાવી રાખવા તેમજ રાજ્ય સરકારને યોગ્ય માર્ગદર્શન આપવાનું જે કાર્ય કર્યું છે તે ખૂબ પ્રસંશનીય છે. તેમાં રાજ્યના કાયદા વિભાગે સેતુબંધની ભૂમિકા ભજવવાનું કાર્ય કર્યું છે. આમ, રાજ્ય સરકારના કાયદા વિભાગે વર્ષ દરમ્યાન જે કામગીરી કરેલ છે અને સિદ્ધિઓના સોપાન સર કરેલ છે તેના વિશે જાણવું જરૂરી છે. કાયદા વિભાગની મહત્ત્વની કામગીરી વિશે જાણકારી ઉપલબ્ધ કરાવવામાં આવે છે તે આ પ્રમાણેની છે. સરકારશ્રીના વિવિધ

વિભાગો દ્વારા કાયદાકીય મુદ્દા સંદર્ભેના અભિપ્રાયો આપવા બાબત, સરકારશ્રી દ્વારા કે સરકારશ્રીની વિરુદ્ધમાં દાખલ થયેલ લિટીગેશનોમાં સરકારી વકીલશ્રીઓની નિમણૂક આપવા અંગે, નામદાર કોર્ટ તરફથી આપવામાં આવતા ચુકાદાઓ/નિર્ણયોને પડકારવા સંબંધે જરૂરી કાર્યવાહી કરવા બાબત, નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા નામદાર સુપ્રીમ કોર્ટમાં સરકારશ્રીના કેસો ચલાવવા બાબતે વકીલશ્રીઓની નિમણૂકને લગતી કાર્યવાહી કરવા, ન્યાયતંત્રમાં જરૂરી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા માટે, ન્યાયિક કાર્યવાહી ઝડપથી ચાલી શકે તે માટે નામદાર હાઇકોર્ટના પરામર્શમાં રહી જરૂરી મેનપાવરની વ્યવસ્થા ઉભી કરવા બાબત, નામદાર હાઇકોર્ટના પરામર્શમાં રહી જુદા જુદા કાયદાઓ હેઠળ સ્પેશિયલ કોર્ટની સ્થાપના કરવા માટેની કાર્યવાહી કરવા બાબત, કાયદા વિભાગ અને ગૃહ વિભાગના સંકલનમાં ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનનું માળખું કાર્યરત કરવામાં આવેલ છે અને તેના દ્વારા ફોજદારી કેસોનો ઝડપથી નિકાલ કરવા માટે અને કન્વીકશન રેટ વધે તે માટે કામગીરી કરવામાં આવે છે. આ વિભાગ હેઠળ ચેરીટી તંત્રને સંબંધિત કાર્યવાહી કરવામાં આવે છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની સંબંધિત કાર્યવાહી પણ કરવામાં આવે છે. કોર્ટ ફી ઈન્સ્પેકટરને લગતી બાબતોમાં પણ આ વિભાગના નિયંત્રણ હેઠળ ચલાવવામાં આવે છે. નોટરી સંબંધિત નિમણૂકો અને દેખરેખની કાર્યવાહી કરવામાં આવે છે. એપીપી, ડીજીપી, એજીપીને સમયાંતરે કૌશલ્યવર્ધક તાલીમનું આયોજન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એ સમૃદ્ધ રાજ્ય છે. રાજ્યના વિકાસમાં ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓ આધુનિક રીતે સુસજ્જ હોય તે પણ જરૂરી છે અને તે આ રાજયના વિકાસની પારાશીશી છે. રાજ્યના છેવાડાના નાગરિકને સુલભ ઘરઆંગણે ન્યાય પ્રાપ્ત થાય અને છેવાડાનો નાગરિક ન્યાયથી વંચિત ન રહે તે માટે સરકારનો ઉદ્દેશ રહેલો છે. ઉદ્દેશની પૂર્તિ માટે રાજ્ય સરકાર દ્વારા નામદાર હાઇકોર્ટના પરામર્શમાં રહી રાજ્યના તમામ જયુડિશિયલ તાલુકામાં કોર્ટ કાર્યરત થાય તે માટે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય બલરાજસિંહ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અનંતભાઇ પટેલ.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમા હું મારા વિચારો રજૂ કરું છું.

અમારો વિસ્તાર જંગલ વિસ્તાર છે, ડુંગરાળ વિસ્તાર છે અને ભૌગોલિક પરિસ્થિતિ ખરાબ છે. અમારે ત્યાં પુષ્કળ પ્રમાણમાં વરસાદ થાય છે ત્યારે અમારા વિસ્તારના રસ્તાઓ અવાર-નવાર તૂટી જાય છે અને ડુંગર વિસ્તારના રસ્તા હોવાથી ઘણી બધી વખત તે વરસાદમાં ધોવાઇ જાય છે. સાથે સાથે અમારા વિસ્તારમાં જે ડૂબાઉ નાળા આવેલા છે, જે પુલો આવેલા છે અને જે પીચીંગો આવેલા છે તેમા ઉપરથી પુષ્કળ પ્રમાણમાં પાણી વહી જવાના કારણે ઘણી બધી વખત ખેડૂતો, આદિવાસી સમાજના મજૂરો એ પસાર કરતી વખતે પાણીનો પ્રવાહ વધી જતાં એ ઘણી બધી વખત તણાઇ જતાં હોય છે અને અકસ્માતે જાનહાનિ પણ થાય છે. અમારા વિસ્તારમાં આવેલો ડાંગ જિલ્લો, તેની બાજુમાં તાપી જિલ્લો નવસારી જિલ્લાના વાંસદામાં એક ગામ એવુ છે જે ત્રિવેણીના સંગમ પર વાટી ગામ છે. તે ગામ અંબિકા નદીના કિનારે વસેલું છે અને વરસાદની સીઝનમાં ચાર મહિનામાં તે ગામના લોકો વઘઇ ડાંગ જિલ્લામાં જઇને વાંસદા તાલુકામાં પોતાનું કામ કરવા માટે આવે છે. નાના બાળકો ભણે છે, કોલેજ જાય છે તેમને આખું ફરીને આવવું પડે છે. વાટી ગામમાં મોટા પુલનું નિર્માણ થવું જોઇએ અને જો મોટો પુલ નિર્માણ નહીં કરી શકતા હોય તો નાનું પીચીંગ પણ બનાવવું જોઇએ. જેના કારણે બજાર માટે, પશુપાલકો દૂધ માટે અને ખેડૂતો પોતાનો માલ વેચવા જવા માટે જઇ શકે, નહીંતર તે ન બનવાના કારણે આખો વિસ્તાર તાપી જિલ્લામાંથી ફરીને આવવું પડે અથવા વઘઇ તાલુકામાંથી ફરીને આવવું પડે એવું ગામ છે તે ગામની જે વ્યથા છે તે પણ આ બજેટમાં સમાવી લેવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરીએ તો આરોગ્યમાં અમારો આખો વાંસદા તાલુકો હોય, ચીખલી હોય તે જે એક્સરે મશીનો કહેવાય, સોનોગ્રાફીના મશીનો કહેવાય એમાંથી જે આરોગ્યના દવાખાનામાં, કોટેજમાં તે મશીનો ઉપલબ્ધ હોતા નથી જેના કારણે અવાર-નવાર સગર્ભા બહેનોએ પોતાની સોનોગ્રાફી કરાવવા માટે પ્રાઇવેટ હોસ્પિટલમાં અથવા પ્રાઇવેટ દવાખાનામાં જવાનું હોય છે. ગઇકાલનો અમારે ત્યાંનો એક કિસ્સો એવો છે એક સગર્ભા બહેન જયારે સોનોગ્રાફી કરાવવા માટે જઇ રહ્યાં હતા. પીએચસીમાંથી તેને લખી આપવામાં આવ્યુ કે તેમને કોઇ પણ જાતની રકમ વગર નિઃશુલ્ક દવાખાનામાંથી લેવાનું છે, સોનોગ્રાફી કરાવવાની છે પણ અત્યંત દુઃખ સાથે કહેવુ પડે છે તે બહેન જયારે ત્યાં ગયા ત્યારે તેમની પાસે ૭૦૦ રૂપિયા માગવામાં આવ્યા તે બહેન પાસે ૭૦૦ રૂપિયા ના હતા અને ૪૦૦ રૂપિયા આપવા છતાં પણ તેમનો રીપોર્ટ કાઢી આપવામાં ના આવ્યો તો મારે આ તબક્કે મંત્રીશ્રીને પણ કહેવુ છે કે અમારો વિસ્તાર આદિવાસી વિસ્તાર છે, ગ્રામ્ય વિસ્તાર છે અને બહુ નાના લોકો રહે છે ત્યારે આ સોનોગ્રાફી માટેની સુવિધા, એક્સરે માટેની સુવિધા અમારા વિસ્તારમાં કરવામાં આવે. અમારા વિસ્તારમાં ઘણી બધી વખત બહેનો સગર્ભા હોય છે ત્યારે ડિલેવરી વખતે તેમને લોહીની જરૂર હોય છે અને બ્લડ લેવા માટે અમારે વલસાડ કે સુરત જવું પડે તો અમારા વાંસદામાં ડાંગ જિલ્લાના લોકો પણ આવે છે ત્યારે તાપી જિલ્લાના, ડાંગ જિલ્લાના અને નવસારીના વાંસદાના, કપરાડાના વિસ્તારના લોકો માટે પણ ત્યાં બ્લડની સુવિધા કોટેજ હોસ્પિટલમાં જો કરવામાં આવે તો સૌથી સારી વાત છે. આ બજેટમાં અમારું એ પણ સૂચન છે કે બ્લડ હોસ્પિટલ અથવા બ્લડ બેન્ક ત્યાં બનાવવામાં આવે.

તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં આરોગ્ય કર્મચારીઓ જેને આપણે કોરોના વોરિયર્સ તરીકે બિરદાવ્યા છે એવા મલ્ટીપર્પસ હેલ્થ વર્કર હોય, ફિમેલ હેલ્થ વર્કર હોય, નર્સ હોય, પટાવાળા હોય, ડ્રાયવર હોય તેમને સમયસર પગાર મળતો નથી. હર હંમેશા બે મહિના, ચાર મહિના, પાંચ મહિના, છ મહિના પછી જ પગાર મળે છે. જો એમને પગાર સમયસર કરવામાં આવે તો તેઓ આપણાં લોકોની સુખાકારી માટે જો કામ કરતા હોય તો તેમનો વ્યવસ્થિત કરવામા આવે અને જે પણ એજન્સીઓ હોય તેને જાણ કરીને તેમને સમયસર પગાર મળે, તેમને સમયસર કામનું બોનસ મળે તે કરી આપવામાં આવશે તો સૌથી વધારે સારું રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની શિક્ષણની વાત કરીએ પ્રાથમિક શાળાઓ ઘણી બધી છે પરંતુ પ્રાથમિક શાળાઓના ઓરડાઓ ઘણા જર્જરિત છે. અમે ગયા વખતે પણ બજેટમાં આ જ વાત કરી હતી કે પ્રાથમિક શાળાના ઓરડા ઘણા જર્જરિત છે અને એ ઓરડાઓ પસાર થઇને મંજૂર પણ થાય છે પણ તે આખા વાંસદા તાલુકા, ચીખલી તાલુકામાં આઠથી દસ ઓરડા પાસ થાય છે જેના થકી એ આપણે શિક્ષણ માટેના નાના બાળકો ખાનગી શાળા તરફ હવે આંખ કરી રહ્યાં છે. બહુ સરસ વાત છે આશ્રમશાળામાં ૩૦ કરોડ રૂપિયા જે બજેટમાં ફાળવ્યાં છે પરંતુ આશ્રમશાળામાં વર્ષોથી ઓરડાઓ જર્જરિત છે તેના પર ધ્યાન ન આપવાના કારણે આશ્રમશાળામાં જે આદિવાસી સમાજના બાળકો ભણવા જાય છે, માતા-પિતાનું ઘર છોડીને ભણવા જાય છે તો એ બાળકો માટે સારામાં સારા ઓરડાઓ બનાવવામાં આવે, ભૌતિક સુવિધાઓ વધારવામાં આવે. ઘણી બધી વખત અમે જઇને જોતા હોઇએ છીએ તો બાળકો સવારે પાણી ગરમ કરવા માટે ચૂલો સળગાવતાં હોય છે જયારે કેરોસીન આખા વિસ્તારમાંથી બંધ કર્યું છે ત્યારે તેઓ ચૂલો સળગાવવા માટે ઓઇલનો ઉપયોગ કરતા હોય છે તો આશ્રમશાળામાં પણ જે ૩૦ કરોડ રૂપિયા આપ્યા છે તે વધારીને જો ૧૩૦ કરોડ રૂપિયા જેટલા કરવામાં આવે તો અમારા વિસ્તારની, આદિવાસી વિસ્તારની તમામે તમામ આશ્રમશાળાઓ સારી અને સુદ્રઢ થાય. એવી જ રીતે આખા જ આદિવાસી વિસ્તારમાં જે સ્માર્ટ વર્ગો, સ્માર્ટ કલાસીસ જે આપવામાં આવ્યા છે તે સ્માર્ટ કલાસીસ માટે રૂપિયા ૯ કરોડ જે ફાળવવામાં આવ્યા છે પરંતુ સ્માર્ટ કલાસીસો આદિવાસી વિસ્તારની અને બધા વિસ્તારની દરેક પ્રાથમિક શાળામાં જો ફાળવવામાં આવે તો આપણે જે ખાનગી શાળાઓમાં જવા માટેની દોડ લગાવી છે તે અટકે અને આપણું બાળક ગામની પોતાની પ્રાથમિક શાળામાં સારામાં સારું શિક્ષણ મેળવે અને એ શિક્ષણની સાથે - સાથે સ્માર્ટ ક્લાસ શું છે એ પણ ખબર પડે. અમારા વિસ્તારમાં કૉલેજ છે. આર્ટસ કૉલેજ છે, કોમર્સ કૉલેજ છે પરંતુ સાયન્સ કૉલેજ નથી. તો અમારા વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહની કૉલેજ પણ મંજૂર કરી અને ચાલુ કરવામાં આવે એવી મારી વિનંતી છે. બીજું, હું ઘણી બધી વખત રજૂઆત કરી ચૂક્યો છું કે અમારા વિસ્તારમાં પ્રાથમિક શાળાઓમાં અપાતું મધ્યાહ્ન ભોજન અત્યંત ખરાબ કક્ષાનું, હલકી ગુણવત્તાવાળું આપવામાં આવે છે. મારી ફરી એકવાર નાયબ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓને નમ્ર વિનંતી છે કે મધ્યાહ્ન ભોજનની ચકાસણી કરવામાં આવે. મેનુ મુજબનું મધ્યાહન ભોજન બનતું નથી. રાત્રિના સમયે બનેલ મધ્યાહ્ન ભોજન બીજા દિવસે બપોરે પીરસવામાં આવે છે ત્યારે એની ગુણવત્તા ચકાસવામાં આવે અને એ જે પણ એજન્સી હોય એને તપાસ કરીને કહો કે સારામાં સારું ગુણવત્તાયુક્ત ભોજન ગામડાંના આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને મળે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં મોબાઇલ નેટવર્કની ખૂબ જ જરૂરિયાત હોય છે. એમાં ડાંગ વિસ્તાર આવી જાય છે, તાપી જિલ્લો આવી જાય છે. વલસાડનો કપરાડા વિસ્તાર આવી જાય છે. આ બાજુ વાંસદા, ચિખલી, ખેરગામ તાલુકો આવી જાય છે. ત્યાં પણ નેટવર્કની અત્યંત જરૂર છે. તો એના માટે જે ૧૦ કરોડની જોગવાઇ કરી છે એના કરતાં રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરીને અમારા ગામડાના વિસ્તારને પણ આધુનિક ગુજરાત, ડિજીટલ ગુજરાત સાથે જોડો એવી અભ્યર્થના છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે અવારનવાર કહીએ છીએ કે અમારા બોર્ડર વિલેજમાં અને ડુંગરાળ વિસ્તારમાં પીવાના પાણીની બહુ અછત છે. અમને પીવાનું પાણી મળી રહે એના માટે અમારા વિસ્તારમાં જૂજ ડેમ આવેલ છે. જૂજ ડેમમાંથી પીવાના પાણીની યોજના કરવામાં આવે જેના કારણે ૨૭ જેટલા ગામડાઓને પીવાનું પાણી મળી રહે. સાથે-સાથે અમારા વિસ્તારના લોકો પશુપાલન તરફ વળ્યા છે ત્યારે હોળી પછીના સમયમાં ગાયને પાણી પીવડાવવા માટે બીજા ગામમાંથી વેચાતું પાણી લાવવું પડે છે. અમારી એવી ઇચ્છા છે કે જૂજમાંથી એવી યોજના બનાવવામાં આવે જેથી પીવાનું પાણી મળી રહે. સાથે-સાથે અમારા વિસ્તારની બીજી એક વિટંબણા છે તેની વાત કરું તો અમારો વિસ્તાર જંગલ વિસ્તાર છે, આદિવાસી વિસ્તાર છે. કેરોસીન એ અમારા ગરીબોની કસ્તુરી કહેવાય છે. એ લોકો મોંઘવારીના કારણે સિલિન્ડર ભરાવી શકતા નથી એવા સમયે અમારા વિસ્તારને ૧-૨ લિટર કેરોસીન આપવામાં આવે. એવી મારી વિનંતી છે. અમારી વેદનાને આ સંવેદનશીલ સરકાર સમજીને અમારી માગણીઓ પૂરી કરે એટલી જ અભ્યર્થના છે. આભાર.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ વર્ષ ૨૦૨૧-૨૨નું અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં મારા સમર્થન સાથે મારો સૂર પુરાવું છું. '' કોણે કહ્યું હતું કે બેટા, કોણે કહ્યું હતું કે બેટા બાવળે ચડજે, મૂર્ખ છોકરો બાવળે ચડે, કાંટા વાગે એટલે બાપા-બાપા બૂમો પાડે.'' ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્ત્વવાળી સરકારે કોરોનાની વૈશ્વિક મહામારીમાં ગુજરાતના છેવાડાના માનવીની ચિંતા કરીને સાડા છ કરોડ ગુજરાતવાસીઓની સુરક્ષા માટે જે અભૂતપૂર્વ કામગીરી

કરી છે તે માટે રાજ્યની સંવેદનશીલ સરકારને લાખ-લાખ અભિનંદન પાઠવું છું. કોરોનાનું સંક્રમણ અટકાવવાની વાત હોય કે રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય માટે ત્વરિત નિર્ણય લેવા માટેની વાત હોય ત્યારે ભારતીય જનતા પાર્ટીની દ્રઢ નિર્ણયશકિતવાળી આ સરકારે આરોગ્ય ક્ષેત્રે ઐતિહાસિક નિર્ણય લઇ ગુજરાતને કોરોના સામે જંગ જીતવાની નજીક પહોંચાડ્યું છે.

**સભાપતિશ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાનો પહેલો કેસ નોંધાયો એના ગણતરીના દિવસોમાં જ ગુજરાત સરકાર દ્વારા ૨૨૦૦ બેડની ક્ષમતા સાથે રાજ્યના ૪ મહાનગરોમાં ડેડિકેટ કોવિડ – ૧૯ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી. કોરોનાની સારવાર માટે પબ્લિક પાર્ટનરશીપ મોડેલ અપનાવીને રાજ્યની ખાનગી હોસ્પિટલોનું કોવિડ – ૧૯માં રૂપાંતર કરીને આ સરકાર દ્વારા જે કાર્ય કરવામાં આવ્યું એની ગુજરાત હાઇકોર્ટે અને સુપ્રિમ કોર્ટે પણ પ્રસંશા કરી છે. કોરોના વોરિયર્સની જેમ સતત લોકોની સેવા કરી તેવા વર્ગ-જના કર્મચારીઓ જેઓ અમદાવાદ સિવિલમાં નોકરી કરે છે તેઓ મારા મત વિસ્તારના છે તેનો મને ગર્વ છે. કોરોના કાળમાં પોતાના જીવનની પણ ચિંતા કર્યા વગર રાત દિવસ ખડેપગે રહેનારા કોરોનાના વોરિયર્સ જ્યારે શહીદ થયા છે ત્યારે ગુજરાતની આ સંવેદનશીલ સરકાર દ્વારા તેમના પરિવારોની ચિંતા કરીને તેમના આશ્રિતો માટે મોટી આર્થિક સહાયનો નિર્ણય લીધો છે. રેમડેસિવીર કે ટોસીલિઝુમેબ જેવાં મોંઘા ઈન્જેક્શન માત્ર સરકારી હોસ્પિટલોમાં જ ફ્રી આપ્યા છે એવું નથી. જ્યારે કોઈ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ થયો હોય તેવા દર્દીઓને પણ અમારી સરકારે આ મોંઘા ઈન્જેક્શન ફ્રી આપ્યા છે. ધન્વંતરી રથની વાત કરીએ તો કોરોનાના સમયગાળામાં જ્યારે પ્રાઈવેટ પ્રેક્ટિસવાળા લોકો પોતાનું મોટું ક્લિનિક બંધ કર્યા ત્યારે અમારી સરકારે ધન્વંતરી રથ દ્વારા ગુજરાતના ૩૩૦૦થી વધુ સ્થળો ઉપર ૧૭૦૦૦ કરતાં વધારે ધન્વંતરી રથ મૂકીને લોકોને કોરોના સામે લડવા માટેની દવા આપીને આવી સગવડો પૂરી પાડી છે. ભારત સરકારના આરોગ્ય વિભાગ, WHO એ પણ ધન્વંતરી રથની કામગીરીને બિરદાવી છે. મુખ્યમંત્રી અમૃત્તમ યોજના હોય કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હોય રાજ્યની સરકારની મુખ્યમંત્રી વાત્સલ્ય યોજના હોય ગરીબ મધ્યમ વર્ગના પરિવારો માટે આશીર્વાદરૂપ પૂરવાર થઈ છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને વાર્ષિક પાંચ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. દિનદયાળ જનઔષધિ કેન્દ્ર શરૂ કરવાથી ગરીબ દર્દીઓને મોંઘા ભાવની દવાઓ સસ્તા ભાવે મળી રહે છે. આપણે ઈચ્છીએ છીએ કે કોઈને પણ આ હોસ્પિટલોમાં જવું ન પડે પરંતુ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે ગુજરાતની સરકારે સીમાચિહ્ન રૂપે કામગીરી કરી છે. ગુજરાતની સંવેદનશીલ સરકારે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કિસ્સામાં ૨૫ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. ગુજરાત રાજ્ય એ ભારતના ૧૦ રાજ્યો પૈકી એક એવું રાજ્ય બન્યું છે જ્યાં SOTHO દ્વારા અંગદાન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખાસ કરીને સૌરાષ્ટ્રની વાત કરું તો ત્યાંના દર્દીઓને ગંભીર પ્રકારની બિમારી કે જીવલેણ અકસ્માતમાં રાજકોટથી અમદાવાદ લાવવા પડતાં હતાં. માનનીય મુખ્યમંત્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રી દ્વારા સૌરાષ્ટ્રને જ્યારે AIMS આપવામાં આવી છે ત્યારે મને વિશ્વાસ છે કે AIMS દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રના નાગરિકોની સારામાં સારી સારવાર મળી રહેવાની સાથે નાણાં, સમય અને દર્દીનો જીવ પણ બચી શકશે. ગુજરાતના યુવાનોના ઘર આંગણે તબીબી શિક્ષણ મળી રહે તે માટે રાજ્યમાં નવી મેડિકલ કૉલેજો શરૂ કરવાનું આજે ગુજરાતમાં ૩૧ મેડિકલ કૉલેજ, ૧૩ ડેન્ટલ કૉલેજ, ૭૩ ફીઝિયોથેરપીની કૉલેજ છે. હું જે મત વિસ્તારમાંથી આવું છું તે અસારવા-શાહીબાગ મતવિસ્તારમાં એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ આવેલી છે. ૧૨૦૦ બેડની હોસ્પિટલનો શુભારંભ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલ એ એશિયાની સૌથી મોટી હોસ્પિટલ છે. ત્યાં કેન્સર હોસ્પિટલ છે, કિડની હોસ્પિટલ છે. ગુજરાતની સૌથી મોટી આયુર્વેદિક હોસ્પિટલ છે. હાલમાં ૩૬ જેટલી આયુર્વેદિક હોસ્પિટલ કાર્યરત છે. ગુજરાતમાં સૌથી મોટી માનસિક રોગોની હોસ્પિટલ મારા વિસ્તારમાં આવેલી છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ ગુજરાતનું રૂપિયા ૨ લાખ ૨૭ હજાર કરોડનું જે બજેટ લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

જ્યારથી આ સત્ર ચાલે છે ત્યારથી અને એક વર્ષથી આપણે કોરોના-કોરોના-કોરોના. એક ગંભીર પરિસ્થિતિમાંથી આપણો દેશ અને આપણે બધાં પસાર થઈ રહ્યાં છીએ. નોટબંધી પછી પણ આપણી આર્થિક સંકડામણ હતી કે દેશની જે પરિસ્થિતિ હતી તેની સાથે કોરોના દેશમાં આવે છે અને એક વર્ષ સુધી આપણે ઘરમાંથી બહાર નથી નીકળી શકતાં. અમારા શ્રીમતી ઝંખનાબેન કહેતા હતા કે, માતા પોતાના બાળકને છાતીએ લગાડી ન શકે એવી ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ હતી. આપણે કોઈના ઘરે જવું હોય તો ન જઈ શકીએ. આવી પરિસ્થિતિમાં અને મોંઘવારી પેટ્રોલ-ડીઝલના ભાવો, શાકભાજી, એના ભાવો માટે દરેક માણસ ઝઝૂમતો હોય, જિજીવિષા કરતો હોય અને પૂકારતો હોય કે, યહાં ગરીબ કો મરને કી ઈસ લીયે જલદી હે, યહાં ગરીબ કો મરને કી ઈસ લીયે જલદી હે, નીતિનભાઇ, કહી જિંદગી કી કસ્ન કસ્નમે કફ્ન મહેંગા ન હો જાય. આવી પરિસ્થિતિમાંથી આપણે બધા પસાર થઇ રહયા છીએ ત્યારે ગુજરાત સરકારનું ચાલુ વર્ષનું બજેટ રૂપિયા ૨.૧૫ લાખ કરોડનું હતું સાથે આ નવામાં રૂપિયા ૨.૨૭ કરોડનું ચાલુ થયું છે. આમ ચાલુ વર્ષ કરતાં આગામી વર્ષે રૂપિયા ૧૨ હજાર કરોડ વધુ ખર્ચાશે. આમ, બજેટમાં માત્ર ૫.૫૮ ટકાનો વધારો થયો છે. જો ફુગાવાનો દર ૫ કે ૬ ટકાનો ગણીએ જે હાલ છે તો બજેટમાં કોઇ વાસ્તવિક વધારો થયો નથી, એમ હું સમજુ છું. એટલે એમ કહી શકાય છે કે, બજેટમાં દરેક બાબતમાં ઓછો વત્તો વધારો,

ઘટાડો અથવા કયાંક વધારો અને કયાંક ઘટાડો થયો છે. ગુજરાત સરકારે કોરોના લોકડાઉન દરમિયાન રૂપિયા ૧૪ હજાર કરોડની આત્મનિર્ભર પેકેજની જાહેરાત કરી. વાસ્તવમાં, સરકારનો મહેસૂલી ખર્ચ ચાલુ વર્ષ માટે રૂપિયા ૧.૬૨ લાખ કરોડ અંદાજવામાં આવ્યું હતું. પરંતુ ખર્ચ હવે માત્ર રૂપિયા ૧.૫૨ કરોડ થશે. મહેસૂલી ખાધમાં પણ રૂપિયા ૭૮૯ કરોડની પુરાંત અંદાજવામાં આવી હતી. પરંતુ હવે સુધારેલા અંદાજ પ્રમાણે તેમાં રૂપિયા ૨૧,૯૫૨ કરોડની ખાધ અંદાજવામાં આવી છે. ઘણા વર્ષો પછી ગુજરાત સરકારનું બજેટ મહેસૂલ ખાતામાં પુરાંત વાળુ જ રહેતું હતું પરંતુ તે બે દાયકાની જૂની પરંપરા પણ આ કોરોનાકાળમાં તૂટી છે. ખાસ કરીને, ચાલુ વર્ષે સરકારે પોતાના દેવામાં જોરદાર વધારો કર્યો છે, તેનો અંદાજ રૂપિયા ૪૬,૭૬૬ કરોડનો હતો અને સુધારેલો અંદાજ રૂપિયા ૬૧,૨૬૮ કરોડનો છે. આગામી વર્ષ માટે પણ ૫૦,૭૫૧ કરોડનું દેવુ લેવામાં આવશે એવો અંદાજ મુકવામાં આવ્યો છે. આમ, સરકારનું દેવું ભયંકર હદે વધતું જાય છે. સરકારનું દેવું ચાલુ વર્ષે ૨.૯૬ લાખ કરોડનું રહેશે, એવો અંદાજ મૂકવામાં આવ્યો હતો. હવે ચાલુ વર્ષે દેવાના અંદાજ કરતા આશરે ૧૫ હજાર કરોડનો વધારો થયો છે એટલે કુલ દેવામાં વધારો થશે, નવું દેવું લેવામાં આવશે એટલે આવતા વર્ષે તો ૩.૫ લાખ કરોડ રૂપિયાથી પણ વધશે. ગુજરાત સરકારના બજેટ કરતાં પણ સરકારનું દેવું રૂપિયા ૧.૩૪ લાખ કરોડ વધુ હશે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ક્ષેત્રમાં ખાસ કરીને શ્રી અનંતભાઇ અને આદિવાસી વિસ્તારમાં જે લોકોએ વાત કરી છે, ચાલુ વર્ષે રૂપિયા ૨૭,૯૩૨ કરોડનો ખર્ચ અંદાજ હતો. આંકડો સંક્ષિપ્ત અંદાજપત્રમાં જણાવ્યા મુજબ બજેટ પ્રવચનમાં નાણાપ્રધાને રૂપિયા ૩૧,૯૫૫ કરોડનો આંકડો જણાવ્યો હતો. એટલે સાચો આંકડો કયો છે એની સાહેબ સ્પષ્ટતા કરે અને રૂપિયા ૩૨,૭૧૯ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે એટલે શિક્ષણ માટેના ખર્ચમાં માત્ર રૂ.૭૬૪ કરોડનો જ વધારો થયો છે. ગયા બજેટ પ્રવચનમાં પણ માનનીય નાણાપ્રધાનશ્રીએ ૫૦૦ શાળાઓને સ્કૂલ ઓફ એકસેલન્સ તરીકે વિકસાવવામાં આવશે એવું કહેલું. તેનો પણ એમના પ્રવચનમાં જવાબ આપે તો ગમશે અને નવી શિક્ષણ નીતિમાં જી.ટી.પી.ને ૬ ટકા જેટલી રકમ શિક્ષણ માટે ખર્ચવાનું નકકી થયું છે પણ ગુજરાત સરકાર આગામી વર્ષે આ અંદાજ મુજબ માત્ર ૨.૨ ટકા રકમ જ ખર્ચવાની છે, શું નવી શિક્ષણ નીતિ મુજબ સરકાર ૩૬ હજાર શાળાઓમાં વ્યાયામ, ચિત્રકામ અને સંગીત શિક્ષકોની ભરતી કરવા માટેનો ઈરાદો ધરાવે છે ખરી? સાથે સાથે માનનીય શિક્ષણ મંત્રી નથી, પરંતુ ગુજરાતમાં ૬ હજાર જેટલી પ્રાથમિક શાળાઓ મર્જના બહાને બંધ કરવામાં આવી છે. અમારી પ્રાથમિક શાળામાં ખાસ કરીને ગામડાંમાં એના મા બાપ સવારથી મજૂરી માટે નીકળી જાય, સ્કૂલે મૂકતા એને મધ્યાહ્ન ભોજન ખાવાનું મળે અને બે જોડ કપડાં મળે એના માટે સ્કૂલે એના મા-બાપ મૂકતા હોય છે. પરંતુ એને ઊંચી ફી ભરવી પડશે, પાંચ હજાર, દસ હજાર, પચાસ હજાર તો આદિવાસીનો છોકરો એ ભણી શકવાનો નથી, એટલે ખૂબ ગંભીર પરિસ્થિતિમાંથી અમે બધા આખું ગુજરાત અને આદિવાસી વિસ્તાર પસાર થઇ રહયું છે, તો સરકાર એમાં ચિંતિત થાય અને કોરોના પણ જે રીતે આપણે બધાએ જોયું છે, સરકાર તોડવાની હોય, ચૂંટણીઓ આવે, રેલીઓ કાઢવાની હોય તો એની માત્રા ઘટી જાય અને કયારેક લોકોના વિરુધ્ધમાં કાયદા હોય, ખેડૂતના વિરુધ્ધમાં કાયદા હોય અને વટહૂકમ બહાર પાડવાના  હોય તો ફરી પાછો કોરોના વધી જાય, લોકો ઘરમાંથી બહાર નીકળી શકે નહી, એવી પરિસ્થિતિમાં આ કોરોનાએ આપણી વ્યવસ્થા તોડી છે. એના માટે પણ સરકાર ચિંતા કરે, અને ખાસ કરીને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને મારા મત વિસ્તાર ખેરવાડા-ભટવાડાની વચ્ચે છેક ઉકાઇથી તાપી નદી જે છે તે બે ભાગની વચ્ચે આખો મત વિસ્તાર છે એટલે ઘંટોલીથી ઉકાઇ ૩૦-૩૫ કિલોમીટર છે તેની વચ્ચે કોઇ નાળુ નથી કે બ્રિજ નથી. અને બીજી બાજુ કણઝા થી ઉકાઇ સુધી એવી કોઇ વ્યવસ્થા નથી. એટલે કોઇએ ઉકાઇથી જવું હોય તો એને ૩૫-૪૦ કિલોમીટર આવવું પડે અને આ બાજુથી કોઇએ આવવું હોય અને ભલે સામે પાંચ જ કિલોમીટર જવું હોય તો પણ એને એટલું જ જવું પડે. તો એમાં પણ એક બ્રિજની વ્યવસ્થા થાય, કયારેક લોકો હોડીમાં વહન કરે છે, જાન પણ હોડીમાં લઇ જાય છે અને કયારેક અકસ્માતો પણ થાય છે. એ બાબતે પણ સરકાર ચિંતા કરે એવી અપેક્ષા રાખું છું. આભાર.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સન ૨૦૨૧-૨૨ના વર્ષનું બજેટ લઇને આવ્યા છે એને હું આવકારું છું અને આ બજેટ ગુજરાત રાજયના સર્વાંગી વિકાસને વેગે લઇ જશે. ભારતીય જનતા પાર્ટીના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકાર તેમજ છેલ્લા ૨૨ વર્ષથી રાજયની શાસન ધૂરા સંભાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર જે પ્રજાને વિશ્વાસ કાયમ રહે તે માટે રાજયના વિકાસ માટે લોક સુખાકારીના કાર્યો પારદર્શક વહીવટ સાથે અવિરતપણે કરીને પ્રગતિની કેડી કંડારી છે. રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ રાજયના સર્વાંગી વિકાસ માટે કાર્યશીલ છે, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આરોગ્ય વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગની જવાબદારી સંભાળી રહ્યા છે ત્યારે રાજયના લોકોની આરોગ્યની ચિંતા તો કરે જ છે, સાથે સાથે તેમણે ગામડાથી લઇને શહેરો સુધી સાંકળતા માર્ગોની પણ ચિંતા કરી છે. રાજયના વિકાસ માટે સારી પરિવહન વ્યવસ્થા હોવી અગત્યની આવશ્યકતા છે. આ માટે રસ્તાનું માળખુ સુદ્રઢ હોવું જોઇએ. રાજયના નાગરિકોને માર્ગ વ્યવહાર માટે સલામત અને સુવિધાયુકત આંતરમાળખાકીય સવલતો આપવા રાજયે કોર નેટવર્ક સમાન રાજય ધોરી માર્ગો પહોળા કરવા અને મજબૂત કરવા તેમજ નવીનીકરણ પ્રોજેકટ મંજૂર કર્યા છે. માર્ગોનું સુદ્રઢ અને સુવ્યવસ્થિત નેટવર્ક ગુજરાત રાજય ધરાવે છે. જે દેશમાં સર્વોત્તમ છે. આનાથી નાનામાં નાના ગામો તથા લોકો માટે ઝડપી અને સલામત વાહન વ્યવહારની સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સાથે સાથે માર્ગોનું નેટવર્ક વિકસાવવા માટે રાજય સરકાર દ્વારા

અનેકવિધ યોજનાઓ તૈયાર કરવામાં આવી છે. તેમાં પ્રગતિશીલ ચાર માર્ગીયકરણ, તાલુકા મથક વિકાસ પથ, પ્રવાસીપથ, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, સુવિધાપથ, કિસાન પથ, તાલુકાથી તાલુકાને જોડતા રસ્તાઓ, જિલ્લા મથક નજીક જિલ્લા મથક સાથે જોડાતા ચાર રસ્તાઓ, બંદરોથી જોડાતા અને ઔદ્યોગિક સ્થળોને જોડતા ચાર રસ્તા વિગેરે વિવિધ પ્રકારની રસ્તાઓની યોજનાના કામો રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. સાથે સાથે ચોમાસા દરમ્યાન વિખૂટા પડતા ગામો માટે ઓછામાં ઓછા બાર માસી રસ્તા આપવામાં માટેની યોજના અમલમાં મૂકી છે અને આ માટે આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સતત ચિંતન અને મનન કરી જરૂરિયાતના પ્રમાણમાં નાણાકીય ઉપલબ્ધતા ધ્યાનમાં લઇ તબક્કાવાઇઝ કામો મંજૂર કરી રાજયના રસ્તાઓનું સમગ્ર માળખું ઉભું કરવામાં કાર્યરત છે. ભારતની આઝાદી બાદ ૬૦૦ જેટલા રજવાડાઓને કુનેહપૂર્વક વિલિનીકરણ કરનાર ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઇ પટેલનું ૧૮૨ મીટરનું વિશ્વનું સૌથી ઉંચું સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા કોલોની નર્મદા ડેમ ખાતે મૂકવામાં આવેલ છે. આ સ્થળે દેશ-વિદેશથી લાખો પ્રવાસીઓ મુલાકાત લઇ રહ્યા છે. ત્યારે વડોદરા અને અંકલેશ્વરથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા રસ્તાઓનું ચાર માર્ગીય કામ યુદ્ધના ધોરણે હાથ ધરવાનું આયોજન કરેલ છે. ગુજરાતના મહત્ત્વના યાત્રાધામ અંબાજી, ડાકોર, પાવાગઢ અને પાલીતાણાને જોડતા રસ્તાઓનું ચાર માર્ગીકરણનું સમયબદ્ધ કાર્યનું આયોજન કરવામાં આવેલ છે. મર્યાદિત નાણાકીય ઉપલબ્ધતાના કારણે વિકાસ અટકે નહિ તે માટે પાબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે અમલમાં મૂકેલ છે. આ યોજના અંતર્ગત જરૂરિયાત પહોળા અને મજબુત રસ્તાઓ આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ સલામત અને સારી વાહન ક્ષમતાવાળા રસ્તાનું નિર્માણ થાય છે. માટે છ માર્ગીય, ચાર માર્ગીય અને દસ મીટર પહોળા રસ્તાનું નિર્માણ કરવાનું કામ માનનીય નીતિનભાઇ પટેલના માર્ગદર્શા હેઠળ ચાલે છે

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇનવેસ્ટમેન્ટ સમિટના આયોજનના કારણે ગુજરાતમાં મોટા પાયે ઉદ્યોગીકરણ થયેલ છે. એના કારણે રસ્તાઓ અને પુલનું માળખું ઝડપથી તૈયાર કરવાની જરૂરિયાત ઉભી થઇ રહી છે. આ કામગીરી ઝડપથી થઇ રહી છે એના માટે ગુજરાત સ્ટેટ ડેવલપમેન્ટ કોરપોરેશનની રચના કરવામાં આવી છે. આ જી.એસ.આર.ડી.સી. દ્વારા પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ માર્ગ વિકાસની કામગીરી કરવામાં આવી રહી છે. આપણે આપણા ફેઇઝ-૧ બગોદરા તારાપુર ફેઇઝ -૨ તારાપુર વાસદ એમ બે ફેઇઝમાં કુલ ૧૯૦ કિલોમીટરના રસ્તાનું રૂપિયા ૧૬૫૪.૨૧ કરોડના ખર્ચે છ માર્ગીય રસ્તો બનાવવાની કામગીરી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબના વરદ હસ્તે ખાતમૂહર્તનું આયોજન કરેલ હતું. આ છ માર્ગીય રસ્તા એમાં ત્રણ મોટા પુલ અને અંધેરી નદી વચ્ચે બનશે તેમજ કુલ ચાર રેલવે ઓવરબ્રિજ સાથે સાથે બીજા અનેક કામોનો સમાવેશ થાય છે. આ ભગીરથ કાર્ય મંજૂર કરવા બદલ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

શ્રી લાખાભાઇ સાગઠિયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સન ૨૦૨૧ના વર્ષ માટેનું રૂપિયા ૨,૨૭૦૨૯ કરોડનું બજેટ લઇને આવ્યા છે તેમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને અમારા વિભાગના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

આ બજેટ ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જનાર છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. ડો. બાબાસાહેબ આંબેડકરના વિદેશ અભ્યાસની વાત કરવામાં આવી. ડો. બાબાસાહેબ આંબેડકરે વિદેશમાં અભ્યાસ કર્યો હતો એના માટે વડોદરાના મહારાજ સયાજીરાવે લોન અને શિષ્યવૃતિ આપીને વિદેશ અભ્યાસ માટે મોકલ્યા હતા આ બાબતને લક્ષમાં રાખીને અમારી સરકારે વિદેશ અભ્યાસ માટે લોનની યોજના દાખલ કરી હતી. અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ વિદેશમાં જઇને ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરી શકે પરંતુ તેઓ આર્થિક મુંઝવણ અનુભવતા હતા. કારણ કે વિદેશમાં અભ્યાસનો ખર્ચ સાથે સાથે રહેવા જમવાનો ખર્ચ ઉપાડવો મુશ્કેલ હતો ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પાંચ લાખ રૂપિયાની લોન માત્ર ચાર ટકાના દરે આપવાનું નક્કી કરેલ હતું એમાં બમણો વધારો કરીને દસ લાખ કર્યા હતા. એમાં સન ૨૦૧૪-૧૫માં વધારો કરીને એ ૧૫ લાખ રૂપિયા કરવામાં આવ્યા છે. આમ, છેલ્લા દસ વર્ષમાં ૧૭૫.૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને ૧૨૭૫ જેટલા વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવામાં આવેલ છે. કોમર્શીયલ પાઇલોટની તાલીમ મેળવવા માટે આર્થિક મદદ કરવા માટે ૨૫ લાખની લોન ચાર ટકાના વ્યાજ દરે આપવામાં આવે છે. તેમાં આવક મર્યાદા નથી. છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦.૭૫ કરોડનો ખર્ચ કરીને ૪૭ તાલીમાર્થીઓને લોન આપવામાં આવી છે. સરસ્વતી સાધના સહાય યોજનાની વાત કરું તો ધોરણ-૯માં અભ્યાસ કરતી કન્યાઓને કન્યા કેળવણીને ઉત્તેજન આપવાના હેતુથી કન્યાઓના અભ્યાસમાં સમયની બચત થાય, પ્રોત્સાહન મળે તે ઉદ્દેશથી અંતરના બાદ સિવાય શાળાએ આવ-જા કરતી કન્યાઓને સરકારશ્રીના ખર્ચે ગ્રીમકો મારફત સાઇકલ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સ્વામી વિવેકાનંદ સમરસ છાત્રાલયની વાત કરું તો વિદ્યાર્થીઓને રહેવા-જમવા માટે અતિ આધુનિક સુવિધાઓ ધરાવતા છાત્રાલયો બાંધવાનો સંકલ્પ તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યો છે. આ સંકલ્પને સિદ્ધ કરવા માટે પ્રાથમિક તબક્કે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, આણંદ, ભૂજ, જામનગર, હિંમતનગર અને પાટણ ખાતે સમરસ છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા છે. અમારા રાજકોટમાં સમરસ છાત્રાલય ખૂબ સરસ બન્યું છે. લગભગ ફાઇવસ્ટાર હોટલ જેવું. અમે પણ ત્યાં મુલાકાત લીધી હતી. માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નીતિનભાઇ પટેલ સાહેબનો પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું

છું. રાજ્યમાં લગભગ ૨૦ સમરસ છાત્રાલયો ચલાવવામાં આવે છે જેમાં ૧૩,૦૦૦ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. કુંવરબાઇના મામેરા યોજનાની વાત કરું તો અનુસૂચિત જાતિના ગરીબ પરિવારોમાં દીકરી મોટી થઇને પરણવા લાયક થાય ત્યારે ગરીબ મા–બાપની ચિંતા વધી જતી હોય છે. દેવું કરીને પણ દીકરીના પ્રસંગો કાઢવા પડે. આવા ગરીબ પરિવારોને તેમની દીકરીના લગ્ન પ્રસંગે સરકાર કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ સહાય કરે છે. અગાઉ કુંવરબાઇના મામેરા યોજના હેઠળ ૫,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવતી હતી. આ યોજનામાં વર્ષ ૨૦૧૩થી બમણો વધારો કરી અને ૧૦,૦૦૦ રૂપિયા અને ત્યાર પછી ૨,૦૦૦ રૂપિયાનો વધારો કરી અને ૧૨,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. ત્યાર પછી ૨૦૧૪–૧૫થી એક દીકરીના બદલે બે દીકરીને આ સહાય આપવામાં આવે છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૨૧–૨૨ના વર્ષનું અંદાજપત્ર માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કર્યું છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. ૨,૨૭,૦૦૦ કરોડની રકમનું અંદાજપત્ર માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કર્યું છે ત્યારે ચાણક્ય નીતિનું એક ઉદાહરણ આપના માધ્યમથી યાદ અપાવું છું કે મોટા માણસોથી કર વસૂલાય અને નાના માણસોને તેનાથી સુવિધા આપવામાં આવે અને માણસો ઉપર સરકાર કૃપા દૃષ્ટિ રાખે એ સરકારની નીતિ હોવી જોઇએ. એ નીતિ ઉપર બજેટમાં મોટા મોટા આંકડા હોય, મોટી મોટી રકમો હોય, અંદાજપત્રમાં અનેક યોજનાઓ હોય પણ તેની અંદર આમ માણસ, ગરીબ વ્યક્તિઓ સેવા–સુવિધાઓથી વંચિત ન રહી જાય એ જોવાની જવાબદારી આપણાં સૌની છે. માનનીય અધ્યક્ષશ્રી, થોડીક જે યોજનાઓ વર્ષોથી રાજ્ય સરકારના હસ્તક ચાલે છે એ યોજનાઓની અહીંયા પણ અનેક ધારાસભ્યોએ રજૂઆત પણ કરી છે. આજે હું આપના માધ્યમથી નાણામંત્રીશ્રીનું પણ ધ્યાન દોરું છું કે ગરીબ અને મધ્યમવર્ગ અને જે આર્થિક સામાજિક રીતે જે નબળા લોકો હોય એવા લોકો માટેની જે યોજનાઓ છે એ યોજનાઓની અંદર અત્યારે વધારો કરવાની ખૂબ જરૂરિયાત છે. એક તરફ બેકારી, બેરોજગારી, મોંઘવારી, તમામ જીવન જરૂરિયાત પેટ્રોલ ડીઝલ, રાંધણગેસના સીલીન્ડર, ખાદ્યપદાર્થ અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, સીંગતેલ હોય, કપાસીયા તેલ હોય આ તમામમાં મોંઘવારીનો માર પ્રજાજનો ઉપર પડે છે અને એમાં જે સહાય આપવાની છે, આજે આપણે વિધવા નિરાધાર પેન્શન આપીએ છીએ, ખૂબ સારી વાત છે પણ હું આપના માધ્યમથી નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે આવા જે આર્થિક અને સામાજિક રીતે જે નિઃસહાય છે એમને સરકાર મા–બાપ છે, સરકાર પાસે ઘણી આશા અને ઉમ્મીદો રાખતા હોય ત્યારે એમને માત્ર ૧૨૫૦ રૂપિયા એ આજના સમયમાં આજની પરિસ્થિતિમાં એ હું માનું છું કે બહુ વ્યાજબી નથી. આ સરકાર જે ૧૨૫૦ રૂપિયા આપે છે એમાં જો રોજની રાહત ગણીએ તો ૪૧ રૂપિયા અને ૬૬ પૈસા થાય છે. આ ખૂબ ઓછી રકમ કહેવાય. આપણા નાણામંત્રીશ્રી ખૂબ ઉદાર છે, વિદ્વાન છે અને આમાં હું વાત કરું છું એ રાજકીય વાત નથી કરતો. સમાજ માટે લાગણીથી, સમાજનો એક છેવાડાનો નાગરિક સરકારની સહાયથી વંચિત ના રહી જાય એ દિશામાં માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આવી યોજનાઓની અંદર આપણે ચોક્કસ રીતે વધારો કરવો જોઇએ. અત્યારે આપણે મહિને ત્રણેક હજાર રૂપિયા પણ જો એને આપીએ તો રોજના માત્ર સો રૂપિયા જ એમને મળે છે. સો રૂપિયાએ સરકાર માટે મોટી વાત નથી અને સરકારે આની અંદર બહુ ગંભીરતાથી વિચારવું જોઇએ. એવી જ રીતે આપણે વૃદ્ધ અને નિરાધાર પેન્શન યોજના પણ કરી છે. એક તો વૃદ્ધ હોય અને નિરાધાર હોય અને એના કુટુંબની પરિસ્થિતિ નબળી હોય તો એવા સમયે એને માત્ર ૭૫૦ રૂપિયા એને મળતા હોય અને એની અંદર પણ એને દિકરી હોય તોજ મળે, દિકરો હોય તો ના મળે, ચોક્કસ રીતે આની અંદર સરકારે વિચારવું જોઇએ કે દિકરો હોય પણ કમાતો ના હોય, બેકાર હોય, બેરોજગાર હોય ત્યારે આવા કિસ્સાની અંદર આપણે માનવીય અભિગમ રાખીને આવા લોકોને જોવાની ખૂબ જરૂરિયાત છે કેમ કે યોજનાઓ અનેક છે પણ એના લાભો મળે એ આપણે જોવું જોઇએ. એની સાથે સાથે મારે ખાસ ધ્યાન દોરવાનું કે જે વિકલાંગ લોકો છે, ગુજરાત સરકારનું દિવ્યાંગને મળતું પેન્શન છે એ હાલમાં ૬૦૦ રૂપિયા છે. ગુજરાત સરકારે બૌદ્ધિક અસમર્થ લોકો છે એના માટે એક હજાર રૂપિયા કર્યું છે પણ ૮૦ ટકાથી ૭૫ ટકા જે વિકલાંગ હોય એના માટે ૬૦૦ રૂપિયા આપીએ છીએ. વિકલાંગો છે એમાંથી મોટા ભાગનાની આર્થિક પરિસ્થિતિ પણ નબળી હોય છે, એવા સમયે એ લોકોની અનેક વખત માગણીઓ આપની પાસે આવેલી છે. એમની અનેક માગણીઓ સરકાર સમક્ષ છે કે આર્થિક રીતે નબળા હોય એમને સરકાર દ્વારા જે મકાનો વડાપ્રધાન હાઉસિંગ પ્રોજેકટો છે કે બીજા સરકારના હાઉસિંગ પ્રોજેકટો છે એમાં વિકલાંગોને પહેલા પ્રાધાન્ય આપવામાં આવે. એમની બીજી યોજનાઓ છે અને એમની માગણીઓ છે એમાં એમને આર્થિક રીતે લાભ આપવામાં આવે, એમાં અત્યારે જે ૭૫ ટકા વિકલાંગનું પ્રમાણ રાખ્યું છે એમાં હું માનું છું કે ૭૫ ટકા એ વધારે છે એના બદલે ૬૦ ટકા જેટલા વિકલાંગ હોય અને જેમની પાસે રાજ્ય સરકારના મેડિકલ સર્ટિફિકેટ હોય એમને રાહત આપવામાં આવે. હું નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે, બી.પી.એલ. કાર્ડમાં એનું નામ હોય તો જ એને યોજનાનો લાભ મળે છે. અત્યારે બી.પી.એલ. સરવે બંધ છે. વર્ષોથી ઘણા લોકો આ યોજનાથી વંચિત છે. હું એટલું જ કહું છું કે અનેક યોજનાઓ સરકારે કરી છે એમાં સરકાર ઉદારતા રાખે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સને ૨૦૨૧–૨૨ના વર્ષનું બજેટ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

## ફાલ્ગુન ૧૯, ૧૯૪૨ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ અંદાજપત્રથી ગુજરાતમાં સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે તેને વેગ આપતું આ બજેટ છે. ગુજરાતમાં વણથંભી યાત્રાનો વિકાસ કરતું આ બજેટ છે ત્યારે આપણા નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે આજે ૯મી વખત બજેટ રજૂ કર્યું છે ત્યારે દિલથી અભિનંદન પાઠવું છું. આજથી ૨૫ વર્ષ પહેલાં ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ ન હતી. તે વખતે ગામડામાં વસતા તમામ નાગરિકોને અનેક મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. સારા રસ્તા ન હતા, વીજળી ન હતી, પાણીની કોઇ પ્રકારની યોજનાઓ ન હતી. ગામની બહેનોને દૂર દૂર સુધી બેડા લઇને પાણી ભરવા જવું પડતું હતું. કેટલીક વખત તો સરકારે પાણીના ટેન્કરો પણ શરૂ કરવા પડતા હતા. ટેન્કરમાંથી પાણી ભરવા માટે બહેનોમાં બેડા યુદ્ધ પણ થતા હતા. આવી ગામડાની પરિસ્થિતિ હતી. જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યું ત્યાર પછી ગામડામાં જીવન જરૂરિયાતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થવા માંડી અને ગામડાની બહેનોની મોટાભાગની સમસ્યાઓ હલ થવા માંડી. આ બહેનોના આશીર્વાદથી જ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની આપણી છઠ્ઠી વખત સરકાર બની. જીવસૃષ્ટિ માટે પાણી મહત્ત્વનું પરિબળ છે. જળ એ જ જીવન એ આપણે કહીએ છીએ ત્યારે જીવન ટકાવી રાખવા પીવાનું અને જરૂરિયાતનું પાણી રાજ્યના તમામ લોકોને પહોંચાડવું જોઇએ તે પ્રાથમિક શરત છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ નલ સે જલ યોજના સાથે દરેક ઘરને પાણી પહોંચાડવા સમયબદ્ધ આયોજન કર્યું છે. મારા મત વિસ્તારમાં આવી ત્રણ જૂથ યોજનાઓ બનાવી છે. પાંઢરિયા, ભીલવાસ અને ચોરવડિયા જૂથ યોજના મારફત મારા તાલુકાના લગભગ ઘણા ખરા ગામોને પાણી પહોંચાડવામાં આવે છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારના લોકોને શુદ્ધ પાણી પહોંચાડવાના આયોજન માટે આ બજેટમાં જે નાણાકીય જોગવાઇ કરી છે તેનાથી મને શ્રદ્ધા છે કે પીવાના પાણીની કોઇ સમસ્યા આ સરકારના નેતૃત્વમાં પડવાની નથી. ૧૩,૬૦૦ ગામો અને ૨૦૯ શહેરોને આવરી લેતી ૧ લાખ ૨૬ હજાર કિલોમિટરની પાણી પુરવઠાની ગ્રીડ અદ્ભૂત કહી શકાય, નેવાના પાણી મોભે ચડાવવા જેવી બનાવી છે. એનાથી ગામડાને અને શહેરોને શુદ્ધ પાણી મળી રહેશે. નર્મદા કેનાલ તેમજ મોટા ડેમોમાં જે પાણીના સોર્સ છે તેના આધારે કોઇ તાલુકો પાણીથી વંચિત ન રહે એવી આ યોજનામાં જોગવાઇ કરેલ છે. સૌરાષ્ટ્ર વિસ્તારની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા નાવડાથી સાવણ અને બુધેલથી બોચડા ૧૪૩ કિલોમિટરની બલ્ક પાઇપલાઇન નાખવા માટે ૬૭૫ કરોડની જોગવાઇ કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ એનું ખાતમુહૂર્ત કરેલ છે. કામ અત્યારે ચાલુ છે. એવી જ રીતે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના ગામો માટે ૨૭ કરોડ લિટરની ક્ષમતાની ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવા પણ રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઇ કરી છે. હર ઘર જલ યોજનાનો નિર્ધાર આ રાજ્ય સરકારે કર્યો છે. આમ ગુજરાત સરકારે કોરોનાની મહામારી વચ્ચે ચિવટથી અંદાજપત્ર બનાવ્યું છે તેનાથી આ રાજ્યની પ્રગતિને વેગ મળશે. રાજ્ય સરકારે જે જનલક્ષી નીતિઓ અપનાવી એના કારણે આજે લોકો ખુશ–ખુશાલ છે તેનો પડઘો તાજેતરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જોયો છે. જે કોંગ્રેસના સૂપડા સાફ થઇ ગયા અને કેસરિયો લેહેરાયો છે. આ બધું આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપીએ એટલા ઓછા છે. ગુજરાતની જનતાના આશીર્વાદથી ભારતીય જનતા પાર્ટી વર્ષો સુધી શાસનમાં ટકી રહે એવો વિશ્વાસ છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી ગોવિંદભાઇ પરમાર.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર(ઉમરેઠ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે જે કપરા સમયમાં વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર વિવિધ વિભાગો અને વિવિધ વિસ્તારો માટે જે પ્રકારની જોગવાઇ કરવામાં આવી છે એના કારણે સમગ્ર ગુજરાતના છેવાડાના માનવીઓ સુધી આ લાભ મળવાનો છે. પ્રજાજનો ખુશ છે અને પરિણામ પણ આપ્યું છે તેના હું સર્વેને અભિનંદન પાઠવું છું. આ વખતના બજેટમાં ખેડૂતોની સમૃદ્ધિ માટે સરકારશ્રીએ જે યોજનાઓ માટે નાણાંની જોગવાઇઓ કરેલ છે તેનાથી ખેડૂત સમૃદ્ધ થવાનો છે. પશુપાલન એ ખેડૂતોનો પૂરક વ્યસાય છે અને પૂરક આવકનું સાધન છે. ગાય તથા ભેંસના દૂધના વેચાણ કરવાના ઉદ્યોગને ડેરી કહેવામાં આવે છે. ભારતમાં સૌથી ડેરી ઉદ્યોગમાં પ્રથમ હરોળમાં ગુજરાત છે. આપણા રાજ્યમાં સહકારી ધોરણે ચાલતો ડેરી ઉદ્યોગ અને ખાનગી ડેરી ઉદ્યોગ સમગ્ર વિશ્વમાં છવાયેલો છે. સમગ્ર ગુજરાતમાં ડેરી ઉદ્યોગ માટે મારા વિસ્તારની અમુલ ડેરી વિશ્વ વિખ્યાત છે. તે સહકારી ધોરણે ચાલે છે તેમાંથી ઘી, દૂધ, દહીં, છાસ, બટર, ચીઝ, ચોકલેટ, શીખંડ, આઇસક્રીમ, દૂધનો પાવડર વગેરે પ્રોડક્ટો તૈયાર કરી સમગ્ર ભારત દેશમાં તથા વિદેશોમાં માંગ છે. અમુલ દ્વારા પશુ સારવારની અને પશુ આહાર માટેની વ્યવસ્થા ડેરી દ્વારા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૪૫માં મુંબઇ શહેરમાં દૂધની જરૂરિયાતને પહોંચી વળવા મુંબઇ સરકાર દ્વારા દૂધ યોજનાનું કામ હાથ ધરાયું. યોજના અંતર્ગત ખેડા/આણંદ જિલ્લાના વિસ્તારમાંથી દૂધનો પુરવઠો ઉપલબ્ધ થઇ રહે તે માટે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ હુકમ અંગ્રેજ સરકાર તરફથી કરવામાં આવ્યો. આણંદ તાલુકાના ગામોને બહાર દૂધ મોકલવા પર પ્રતિબંધ ફરમાવ્યો અને ખાનગી પોલ્સન ડેરી મારફત મોકલાવવાનો એકહથ્થું ઇજારો આપવાનું ફરમાન કરવામાં આવ્યું. આ પદ્ધતિનો જિલ્લાના દૂધ ઉત્પાદકોએ વિરોધ કર્યો અને લડત શરૂ કરી. દૂધ ઉત્પાદકોએ ભેગા થઇ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલનું માર્ગદર્શન માગ્યું. સરદાર સાહેબે દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી સ્થાપી મુંબઇ યોજનામાં દૂધ મોકલવાની સલાહ

આપી. આ પરિસ્થિતિની ચર્ચા-વિચારણા માટે સ્થાનિક આગેવાનોએ મિટિંગ કરી અને રાજયના આગેવાન માનનીય શ્રી મોરારજીભાઇ દેસાઇએ આ મિટિંગમાં હાજરી આપી અને મિટિંગમાં ખેડા જિલ્લામાં દરેક ગામમાં દૂધ મંડળીની સ્થાપ્ના કરી. દૂધ ઉત્પાદકો પોતાની માલિકીનો સહકારી સંઘ બનાવવા ઠરાવ કરવામાં આવ્યો. ચર્ચા-વિચારણા બાદ ત્રિભોવનદાસ પટેલને આ સહકારી સંઘની જવાબદારી આપી. પ્રથમ ગ્રામ્ય ડેરીની સ્થાપના આણંદ જિલ્લાના હાડગુડ ગામમાં કરવામાં આવી. બીજી દૂધ મંડળી ગોપાલપુરા ગામખાતે શરૂ કરવામાં આવી અને આ રીતે દૂધ મંડળીઓની સ્થાપના કરી ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની સ્થાપના કરવામાં આવી. આમ સમગ્ર વિસ્તારમાં લોકોના સહકારથી ડેરી ઉદ્યોગની શરૂઆત થઇ. અમુલ ડેરી બાદ સાબર ડેરી, પંચમહાલ ડેરી, બરોડા ડેરી, સુમૂલ ડેરી જેવી અનેક સહકારી ડેરીઓની સ્થાપના થઇ. સમયાંતરે ડોક્ટર કુરિયને નવી તકનીકી અને વ્યવસાયિક વ્યવસ્થા કરી દૂધની નવી નવી પ્રોડક્ટો બનાવી સમગ્ર દેશ તથા વિદેશોમાં વેચાણ કરી અમુલનું નામ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત કર્યું. આપણી સરકારે પશુપાલકો તથા ડેરી ઉદ્યોગ માટે ઘણી સવલતો પૂરી પાડી છે. પશુપાલન થકી ખેડૂત કુટુંબ નિર્વાહ કરી શકે અને ઘરે બેઠા સ્વરોજગારી મળે તે માટે પશુ ખરીદી માટે સહાય, પશુ આહાર માટે સહાય, પશુના તબેલા માટે સહાય, પશુ સારવાર દવાખાનામાં સહાય, મંડળીનું દૂધ ઘર બનાવવા માટે સહાય, ગોડાઉન બનાવવા માટે સહાય આવી અનેક સહાય આપણી સરકારે પશુપાલકો અને દૂધ ઉત્પાદકોને પૂરી પાડી છે. ડેરી ઉદ્યોગ ખૂબ જ વિકસ્યો છે. મારું સરકારશ્રીને એક જ સૂચન છે ગુજરાતમાં ડેરી ઉદ્યોગ સહકારી સંઘો દ્વારા ચાલે છે પણ તેમાં સરકારની પકકડ જરૂરી છે. રાજય સરકારના પ્રતિનિધિ પણ હોવા જોઇએ. આ માટે જરૂરી કાયદો વિધાનસભાએ ઘડવો જોઇએ. કારણ કે અત્યારે અવારનવાર છાપામાં વાંચવામાં આવે છે કે અમુલ ડેરીમાં ઘણા કૌભાંડ થયા છે. જેવા કે કર્મચારી ભરતી કૌભાંડ, પશુદાણ કૌભાંડ, ચીજ કૌભાંડ થયા છે તો તેની સરકાર દ્વાર પૂરેપૂરી તપાસ થાય અને કૌભાંડ કરનારાઓને કાયદાકીય રીતે સજા થવી જોઇએ એવી મારી સરકારશ્રી સમક્ષ માગણી છે. પશુપાલકો અને ખેડૂતોના પરસેવાની કમાણી વેડફાવા ના દેવી જોઇએ. હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને કૃષિ અને સહકાર મંત્રીશ્રીનો આભાર માની મારું સમર્થન પૂરું કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર**(**સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચામાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

અંદાજપત્રમાં આગામી નાણાકીય વર્ષ દરમિયાન રાજયની અંદાજીત આવક અને કરવાના કે કરવા ધારેલા ખર્ચના અંદાજો રજૂ થાય છે. દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ તો થયો પરંતુ દેશ આર્થિક રીતે કંગાળ અને બેહાલ હતો. દુનિયાના વિકાસશીલ દેશોની હરોળમાં લઇ જવા માટે દેશનો વિકાસ નકશો તૈયાર કરવાની કપરી કામગીરી કોંગ્રેસ પક્ષે ઉપાડી લીધી અને વિકાસ માટે પંચવર્ષિય યોજના તૈયાર કરી અને દરેક વર્ષે આ યોજનાના વિકાસના કામો માટે અંદાજપત્રમાં નાણાકીય ફાળવણી કરી વિકાસની કેડીએ દેશને આગળ વધારવાનું આયોજન કર્યું. આ રીતે દેશના બધા રાજયોના વિકાસ માટે અંદાજપત્ર બનાવી વિકાસનો માર્ગ અપનાવ્યો. અંદાજપત્રથી વિકાસની ગતિ અને પ્રગતિ જાણી શકાય છે. રાજયની પ્રજા પાસેથી ટેક્સ, કરવેરા દ્વારા ઉઘરાવેલ નાણા વિકાસમાં કેવી રીતે વપરાશે એ નકકી કરવામાં આવે છે. વિકાસની પ્રાથમિકતાઓ નકકી કરવામાં આવે છે અને જરૂરિયાત મુજબ પ્રાથમિકતાના આધારે વિકાસનો નકશો તૈયાર થાય છે. વિકાસ માટે જરૂરી નાણાં પ્રજા પાસેથી ટેક્સ, કરવેરા, ઉપકર વગેરે દ્વારા મેળવાય છે. સરકારે પ્રજાની આર્થિક સ્થિતિ, માથાદીઠ આવક, પ્રવર્તમાન મોંઘવારીમાં લઘુત્તમ જરૂરિયાતો માટે નાણા ખર્ચવાની પ્રજાની શકિત વગેરેને જોઇને કરબોજ નાખવા જોઇએ. દિવસે દિવસે રૂપિયો ઘસાતો જાય છે, કિંમત ઘસાતી જાય છે અને વધતી મોંઘવારીને પહોંચી વળવા સરકાર કરવેરા વધારતી જાય છે. કોંગ્રેસ પક્ષની સરકારમાં જે કામો હજારો રૂપિયામાં થતા તે કામો માટે હવે લાખો અને કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. વિકાસ ભા.જ.પા. સરકાર કરી રહી છે એવો પ્રચાર થાય છે ખરેખર વિકાસનો પાયો તો કોંગ્રેસે નાખ્યો હતો. રોડ, રસ્તા, બંધો, સ્કૂલો, દવાખાના કોંગ્રેસે બનાવ્યા છે. વિકાસની દિશાઓ કોંગ્રેસે કરી આપી છે. ભા.જ.પા. સરકારે પ્રાથમિક શાળા બંધ કરવાનું કામ કર્યું છે. શિક્ષણ અને આરોગ્ય સેવાઓનું ખાનગીકરણ કરી પોતાની જવાબદારીમાંથી *****(xxx) અને પ્રચાર પ્રજાના વિકાસનો થાય છે. વિકાસ માટેની પ્રાથમિકતા શિક્ષણ છે જેનું ભા.જ.પા. * (xxx) કરવા બેઠી છે એવું લાગી રહ્યું છે.

સભાપતિશ્રી : ***** (xxx) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : પ્રજાને ખાનગી સંચાલકોના હવાલે કરી રહી છે. મારી નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને વિનંતી છે તેઓ આરોગ્ય વિભાગ પણ સંભાળે છે ત્યારે મારા મત વિસ્તારની અંદર ૬૦-૭૦ કિલોમીટરના ઘેરાવાવાળો વિસ્તાર છે. મારા વિસ્તારની અંદર ત્રણ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલા છે તારાપુર, સોજીત્રા અને ધર્મજ આ ૭૦ કિલોમીટરના અંતરની અંદર ત્રણે ત્રણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં એક પણ ફીઝીશીયન ડોકટરની વ્યવસ્થા નથી તો ફીઝીશીયન ડોકટરની વ્યવસ્થા થાય એવી મારી નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે. કારણકે કોઇને જો મારા વિસ્તારમાં એટેક આવે તો ફીઝીશીયન સુધી પહોંચાતા સુધીમાં એ પેશન્ટના રામ રમી જાય છે. રામ બોલોભાઇ રામ થઇ જાય છે એટલા માટે નીતિનભાઇ પટેલસાહેબને વિનંતી સાથે કહું છું કે એક ફીઝીશીયન ડોકટરની વ્યવસ્થા કરી આપો. ૧૦૮ના કોઇક મિત્રએ વખાણ કર્યા હતા. ૧૦૮ ની સુવિધા ખૂબ સારી છે. વખાણ કરીએ છીએ. પોતાના જીવના જોખમે ૧૦૮ ના ડ્રાઇવરો ઘાયલ થયેલ દર્દીઓને

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સમયસર હોસ્પિટલ પહોંચાડે છે. અને દર્દીઓનો જીવ બચાવે છે. મારી સરકારને વિનંતી છે કે ૧૦૮ ડ્રાઇવરને કાયમી કરે. એમને કોન્ટ્રાક્ટમાંથી બહાર કાઢે અને એમને કાયમી પગાર ધોરણ આપે. એમની ભરતી પરમેનન્ટ થાય તેવી મારી લાગણી છે. મારો મત વિસ્તાર તારાપુર ગામની અંદર વર્ષોથી આ વિધાનસભા ગૃહમાં આ અડીખમ સરકારને બૂમો પાડું છું કે સરકારને કહેવા માગું છું કે ભૂગર્ભ ગટર યોજના મારા ગામમાં વર્ષ ૨૦૧૨માં પૂર્ણ કરવાની હતી. આજે ૨૦૨૧ થયા. ૧૦ વર્ષ થયાં અને આજે અગિયારમું બેસવા આવ્યું. હજુ સુધી મારા વિસ્તાર તારાપુરમાં ભૂગર્ભ ગટર યોજના પૂરી થઇ નથી તે પૂર્ણ કરો તેવી વિનંતી છે. બીજી વાત તારાપુર, સોજિત્રા, આણંદ રોડ ટ્રાફિકવાળો થઇ ગયો છે. તે રોડ ચાર માર્ગીય થાય તેવી વ્યવસ્થા કરો એવી મારી વિનંતી છે. પ્રજાએ તમને બધુ જ આપ્યું છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, આપી. નગરપાલિકા આપી, મહાનગરપાલિકા આપી. રાજ્યસભા આપી. લોકસભા આપી. તો હવે રાહ ન જોશો અને પ્રજાકીય કામો કરો. પ્રજાના કામમાંથી છટકી ન શકો. શ્રી નીતિનભાઇ કહેતા હતા કે ડોક્ટર, ફિઝિશ્યનો મળતા નથી. ડોક્ટરો ગામડે રહેવા માગતા નથી. તે વિષય પ્રજાનો નથી. આરોગ્ય, શિક્ષણ, ખેડૂતોને પોષણક્ષમ ભાવ આ બધી જ જવાબદારી નામદાર સરકારની છે. સરકાર ગમેત્યાંથી પરદેશથી ડોક્ટર લાવે. ગમે ત્યાંથી લાવો. જે સુવિધાઓ છે તે સુવિધાઓ પૂર્ણ કરવી જોઇએ. એવી મારી માગણી અને લાગણી છે. કોરોના મહામારીની આજની વર્તમાન પરિસ્થિતિમાં લોકો ધંધા વગરના થઇ ગયા છે. પગારમાં કાપ મૂકાયો છે. લોકો છેલ્લા ૧ વર્ષથી વિકટ આર્થિક પરિસ્થિતિમાં જીવી રહ્યા છે, ત્યારે મેં મારા જીવનમાં અથવા મારાથી વધારે ઉંમરના કોઇ કાકાએ પણ આવી સરકાર નહિ જોઇ હોય કે માસ્ક ન પહેર્યુ હોય તો દંડો પછાડી તેવા લોકોના ખિસ્સામાંથી હજાર રૂપિયા લઇ લે છે. *(xxx) શરમાવે તેવું કામ આ સરકારે કર્યું છે. એક બાજુ રોજગાર નહિ, બેકારી છે. *(xxx) રોજ ૬૦થી ૭૦ જેટલા ફોન આવતા હતા..

સભાપતિશ્રી : આ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : મોંઘવારીમાં મધ્યમ વર્ગની કેડ ભાંગી ગઇ છે. રોજ ૭૦ જેટલા ફોન આવતા હતા કે અમારી જોડે હજાર રૂપિયા માગે છે. કેમ કે માસ્ક નથી પહેર્યું. સરકારે માસ્ક આપ્યા હોત અને હજાર રૂપિયા ન લીધા હોત તો સેવાનું કામ કર્યું ગણાત. કોરોનાની અંદર જ્યારે નફો કર્યો છે. મોંઘવારીએ માઝા મૂકી છે.

**પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : મેં વારંવાર આ ગૃહમાં સ્પષ્ટતા કરી છે. પાછલા ૩-૪ દિવસોમાં હજાર રૂપિયા દંડ માનનીય ગુજરાત હાઇકોર્ટના આદેશથી કરવામાં આવ્યો છે. માસ્ક પહેરવું એ જરૂરી છે. માસ્ક નહિ પહેરનારવતી દલીલ કરો છો, પણ સારા આગેવાન તરીકે ધારાસભ્ય, નેતા તરીકે તમે લોકોને માસ્ક પહેરવાનું કેમ નથી કહેતા? માસ્ક પહેરવામાં સાદો રૂમાલ, એક રૂપિયાનું સાદુ કપડું બાંધે તો પણ ચાલે. કોઇ મોંઘુ માસ્ક પહેરવું જરૂરી નથી. આ સમજ આપી આપીને થાક્યા. શ્રી પુનમભાઇ જેવા બીજા ટર્મના ધારાસભ્ય આની આ જ વાત કરે એ દુઃખદ છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : મારી મુખ્યમંત્રીશ્રીને એક વાત કરવાની છે કે કોઇ માસ્ક પહેર્યા વગરનો મધ્યમ વર્ગનો, ગરીબ વ્યક્તિ ઝડપાયો તો હજાર રૂપિયા લે તો કોરોના જતો રહે? મુખ્યમંત્રીશ્રી મને સમજાવે. એને માસ્ક આપ્યું હોય એ માસ્ક પહેરીને જાય તો બીજાને ચેપ ન લાગે, પણ *(xxx) સરકારે માસ્કની વ્યવસ્થા કરી આપવી જોઇતી હતી.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે નફો કર્યો છે, સાહેબ, ખરેખર તો ધારાસભ્ય છે નહીંતર આ ગૃહ બહાર બોલે તો નામદાર હાઇકોર્ટમાં કન્ટેમ્પ્ટ થાય. બહાર બોલો તમને હું તમને બતાવી દઉં કે કેવી રીતે બોલાય છે? ગૃહમાં બોલો છો એટલે કન્ટેમ્પ્ટ લાગુ નથી પડતી. આ શબ્દો ગૃહ બહાર બોલો તો તમારી ઉપર હાઇકોર્ટની કન્ટેમ્પ્ટ થાય. નફો કર્યો છે, નફાખોરી કરી છે. લોકોને લૂંટ્યા છે, વકરો કર્યો છે. આ ખોટા શબ્દો શ્રી પુનમભાઇ તમે બોલો છો. લોકોને સાચી માહિતી આપવાની નેતા તરીકે તમારી જવાબદારી છે. પાણીની ચકલી ચાલુ રાખી હોય તો બંધ કરવાની સલાહ આપવાની આપની નૈતિકતા હોવી જોઇએ. તું પાણી ઢોળ, તારા મહોલ્લામાં ગંદકી થાય, રોડ ઉપર ગંદકી થાય તેવું ન ચાલે. નેતા બન્યા છો તો સાચું બોલતા શીખો.

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે, સવા કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો તેટલા રૂપિયાનો ખર્ચ કર્યો હોત તો સાડા છ કરોડ ગુજરાતીઓને મફત માસ્ક આપી શકાયા હોત. લોકોના સ્વાસ્થ્યની ચિંતા હોય તો શ્રી નીતિનભાઇ વીતેલા વર્ષમાં કેટલા લોકોને માસ્ક આપ્યા તે રેકર્ડ આપો.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં આદિજાતિ વિભાગ માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વજન સુખાય, સર્વજન હિતાય, સૌનો સાથ, સૌના વિકાસના મંત્ર સાથે શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ સાહેબની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારને લોકોના કામ કર્યા છે તે માટે લોકોનો વિશ્વાસ મળ્યો છે. તમે ઘણી બધી ચૂંટણીઓમાં વાતો કરેલી કે માસ્ક પહેરતા નથી, દંડ લે છે તેવી ખોટી રજૂઆતો કરીને

લોકોને *(xxx), પણ આ પ્રજાએ આખા ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીને વિજય અપાવ્યો છે. નામદાર હાઇકોર્ટે જે સૂચનો કર્યા હતા તેને લોકોએ વધાવ્યા છે. એટલે તમે જે અમારી વિરુદ્ધમાં ગામડાંના લોકોને, આદિવાસી પ્રજાને ભડકાવવાનું કામ કર્યું છે અને અમે લોકો પ્રજામાં જતા હતા ત્યારે તે લોકો અમને કહેતા હતા કે કોંગ્રેસના લોકો આવું કહી ગયા છે કે, અનાજ બરાબર મળ્યું નથી, માસ્ક નથી પહેરતા તો પોલીસ દંડા મારે છે આવી વાત કરતા હતા. વચ્ચે વિક્ષેપ પણ કરતા હતા. જયારે ચૂંટણીનું પરિણામ આવ્યું ત્યારે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રજા સમક્ષ જે વિષય મૂક્યો, લોકોને રસ્તા મળ્યા, પાણી મળ્યું આટલું બધું કામ થયું હોય ત્યારે ગુજરાતની આદિવાસી પ્રજા અને બીજી તમામ પ્રજાએ તમારી વિરુદ્ધમાં ચુકાદો આપી દીધો છે. હવે વધેલું ઘટેલું હશે તે પણ રહેવાનું નથી. પ્રજાએ જોઇ લીધું છે કે તેની જોડે કોણ છે. દુ:ખના સમયમાં તેની જોડે કોણ ગયું છે. ભાજપનો કાર્યકર્તા તેના ઘેર ગયો છે. તેને અનાજ આપવા ગયો છે, તેને પાણી આપવા ગયો છે. મજૂરો હતા તેને ભોજન આપવાનું કામ અમે કર્યું છે. અમે જાતે કર્યું છે. મને પણ કોરોના થયો હતો ત્યારે હું પણ આ સરકારનો આભાર માનું છું. આદરણીય નીતિનભાઇ, શ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબ અને અમારા દંડકે કહ્યું કે તમે હાજર થઇ જાઓ ત્યારે હું પણ હાજર થઇ ગયો. હું તે દિવસે પ્રવાસમાં હતો. આ રીતે સરકારે આટલું બધું કામ કર્યું છે. બીજા ધારાસભ્યો પણ દાખલ થયા હતા. કહેવાનો મારો મતલબ એ છે કે, આ સરકારની અંદર ખૂબ સારા કામો થયા છે. મારે બીજું કહેવું છે કે, રસ્તા, પાણી, વીજળી આપેલ છે. છેલ્લા ૧૨ વર્ષની અંદર આદિજાતિ વિભાગ માટે ૯૬ હજાર કરોડ રૂપિયા આ સરકારે આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે આપ્યા છે. તમારા વખતના પહેલા ૫૦ વર્ષમાં રૂપિયા ૬૫૦૦ કરોડ અમારા આદિજાતિ વિકાસની યોજના માટે આપેલ છે. અમારી સરકાર આવ્યા પછી ૯૬ હજાર કરોડ રૂપિયા આપ્યા છે. માનનીય મોદી સાહેબનું ભલું થજો કે એમણે આદિવાસી સમાજની ચિંતા કરીને નિયમ ૪૪ હેઠળ અહીંયા દરખાસ્ત લાવ્યા અને આદિવાસી લોકો જ્યાં વસે છે એ ઉમરગામથી અંબાજી સુધી ૧૫ જિલ્લા અને ૯૦ લાખની વસતિ આવેલ છે અને ૫૮૦૦ ગામડા આવેલા છે ત્યાં ફળિયે જવું હોય તો સામે જઇ શકાતું ન હતું અને પગ ધોવા માટે ડોલ લઇને જવું પડતું હતું પણ અમારી સરકાર આવી અને રસ્તો બનાવ્યો, પાણી આપ્યું, સ્કૂલો બનાવી, સારી બાલવાડીઓ બની છે અને હમણા જે બાલવાડીઓ અને આંગણવાડીઓ બની છે એ તમે જુઓ તો એમાં સરસ મજાના બાળકો બેસે એટલી બધી વ્યવસ્થા અમારી સરકારે કરી છે. અમારા શ્રી ગણપતભાઇ ખૂબ સારું સુપરવિઝન કરે છે અને અમારા આદિવાસી સમાજની દરેક રીતે ચિંતા કરે છે. રસ્તાઓ, પાણી, વીજળી, સ્કૂલો, આવાસ આ બધું જ અમારી સરકારમાં થયું છે. સાહેબ, પહેલા લગ્નો થતા તો કોઇને ખબર પણ પડતી ન હતી પણ અત્યારે કોઇ લગ્ન હોય તો બે બે હજાર બાઇકો ભેગી થઇ જાય છે આને કહેવાય વિકાસ. આ એમનમ નથી થતું સાહેબ? અમારા શ્રી નીતિનભાઇ સાહેબને અમારે અભિનંદન આપવા પડે કે આદિવાસી સમાજ માટે રસ્તા, પાણી વગેરે બધું કામ કર્યું છે. અમારા વિસ્તારમાં રૂપિયા ૫૦ કરોડના બોડેલીના રેલ્વે ઓવર બ્રિજની મંજૂરી આપી દીધી છે ત્યારે એમનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો અંતઃકરણપૂર્વક હું આભાર માનું છું. આદિવાસી વિસ્તારમાં રેલવે ફાટકો જે નડતા હતા એ બધા ફાટકો હવે કાયમ માટે દૂર થઇ ગયા છે અને એટલે હવે તમારો શાસન કરવાનો વારો પણ આવવાનો નથી.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણામંત્રીશ્રી ૨૦૨૧-૨૨નું જે બજેટ લઇને આવ્યા છે એ બજેટની ચર્ચાના પ્રથમ દિવસે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨ લાખ ૨૭ હજાર કરોડ રૂપિયાનું બજેટ લઇને આવ્યા છે અને આરોગ્ય વિભાગ માટે ૧૧૩૨૩ કરોડ રૂપિયા જેવી જોગવાઇ કરી છે. સરકારે ખૂબ સારી કામગીરી કોવિડ-૧૯માં કરી છે એ વાતની હું પ્રસંશા કરું છું. કોંગ્રેસ પાર્ટીએ પણ એમાં સમર્થન આપીને જ્યાં જ્યાં પોતાની યોગ્ય સેવાઓ થતી હતી એ લોકોની સેવાઓ કરી છે. સરકારે વિવિધ કક્ષાએ કામગીરી કરવાથી કોવિડમાં આપણને ઘણી બધી સફળતાઓ મળી છે અને હવે રસી શોધાઇ ગઇ છે ત્યારે હવે ટૂંક સમયમાં થોડા દિવસોમાં આપણે એ રોગમાંથી મુક્ત થઇએ એવી પ્રભુને પ્રાર્થના કરીએ અને સૌ લોકોએ જે કામગીરી કરી છે એને બિરદાવીએ. સાથે સાથે મારે નાણામંત્રીને વિનંતી કરવી છે આરોગ્ય મંત્રીને નાતે કે, મારા ગીર સોમનાથ જિલ્લામાં મારા કોડીનાર મત-વિસ્તારમાં કોવિડ-૧૯ એ જેમ ભરડો લીધો છે અને જે હાલાકી ભોગવવી પડી છે એવી જ રીતે કેન્સર જેવા રોગની મેં ગયે વખતે પણ વાત કરી હતી કે કેન્સરનો રોગ લોકોમાં એટલી હદે વધ્યો છે કે અત્યારે મારા વિસ્તારમાં જે મૃત્યુ થાય છે એમાના ૭૦ થી ૮૦ ટકા કેન્સરથી મૃત્યુ થાય છે. કોડીનારથી એક અમદાવાદની બસ ઉપડે છે એમાં આપ જુઓ તો લગભગ ૧૫થી ૨૦ લોકો તો કાયમ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા માટે આવે છે. સાથે સાથે રાજકોટની જી.ટી.શેઠ અને રાજકોટની અન્ય હોસ્પિટલો જેને પરવડે છે એવા લોકો પણ ત્યાં સારવાર લેવા આવે છે. હમણાં જ જૂનાગઢમાં પણ એક નવી હિમાલયા હોસ્પિટલ ચાલુ થઇ છે ત્યાં પણ અમારા વિસ્તારના ઘણાં બધા લોકો સારવાર લેવા આવે છે. એટલે હું વિનંતી કરું છું કે સરકાર જ્યારે કોવિડમાંથી પૂરેપૂરી મુક્ત થઇ જાય અને શાળા આરોગ્ય કાર્યક્રમ જેમ કરે છે એમ આ માટેનો એક કાર્યક્રમ કરવામાં આવે અને અમારા વિસ્તારના લોકોના આરોગ્યની તપાસણી થાય અને એની અંદર કેન્સર કયા સ્ટેજે છે એ જાણી શકાય તો ઘણા કેન્સરના રોગ એવા હોય છે કે એની સારવાર થવાથી લોકોની સુખાકારી વધી શકે અને લોકોનું જીવન બચાવી શકાય એમ છે. ખાસ કરીને એક કેન્સર નિષ્ણાત ઓન્કોલોજીસ્ટ સાથે મારે ચર્ચા થઇ, મેં વાત કરી, મેં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કહ્યું સાહેબ અમારા વિસ્તારમાં આ બધું થવાનું કારણ શું? તો એમણે કહ્યું કે દરિયાઇ પટ્ટીની અંદર એચ.બી. એસ.ઇ.૧ દાકતરી ભાષામાં કહ્યું કે કાળો કમળો એ રોગ વધુ પ્રમાણમાં છે અને એના કારણે લિવર, કિડની, ફેફસા અને સ્વરપેટીના કેન્સર મોટાભાગે થાય છે અને આ પ્રકારના કેન્સર જે થાય છે એ છેલ્લાં સ્ટેજમાં હોય છે ત્યારે જ આપણને ખબર પડે છે અને એ ૪૫ થી ૫૫ વર્ષના લોકોને આ થાય છે ત્યારે એમના બાળકો પણ નાના હોય છે અને ઘરની તમામ જવાબદારી એમના ઉપર હોય છે એટલે મારી આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી છે કે, મારા વિસ્તાર માટે મેં ગયા વખતે પણ રજૂઆત કરી હતી એમ આ વરસે જ્યારે કોવિડમાંથી મુક્તિ મળે ત્યારે કેન્સર થવાના કારણોનું સંશોધન કરવામાં આવે અને કેન્સર જેમને પ્રથમ સ્ટેજમાં કે સેકન્ડ સ્ટેજમાં હોય એને તાત્કાલિક પ્રાથમિક સુવિધા મળે તો એમનું આયુષ્ય–જિંદગી બચાવી શકાય.

બીજું, મેં ગયા વખતે પણ મેં એક રજૂઆત કરી હતી, અમારા વિસ્તારનો પ્રશ્ન છે ખેડૂતોનો પ્રશ્ન છે. આ સરકાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે, એમાં અમારા સુગર ઉદ્યોગના પ્રોત્સાહનની વાત કરું કે સુગર ઉદ્યોગ હાલ  અમારે ત્યાં બંધ છે. એમાં ૧૪૦૦૦ જેટલા સભાસદો છે અને ૧૨૦૦ જેટલા કર્મચારીઓ છે. બહુ સરસ રીતે સુગર ફેક્ટરી ચાલે તેમ છે કોઇપણ કારણોસર એ છેલ્લાં પાંચ વરસથી જે બંધ થઇ ગઇ છે એમને કોઇ આર્થિક સહાય આપવામાં આવે અને ઉદ્યોગ જો ધમધમતો થાય તો ડાયરેક્ટ કે ઇનડાયરેક્ટ રીતે ૧૦૦૦૦ જેટલી વસતિને એ સીધી અસર કરે તેમ છે. એ બધાને રોજગારી મળે તેમ છે.

બીજું, ટાઇમ છે એટલે એક જ મિનિટ વાત કરું છું કે સરકારે હમણાં એક નવી યોજના કરી છે. બિનઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી અને ઔષધિ પાકોની ખેતી માટે. સાહેબ, મારે કહેવું છે કે, ૫૦ હજાર એકર જમીનો સરકાર ઉદ્યોગ માટે ફાળવવાની છે અગાઉની સરકારો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને આવી જમીનો ફાળવતી હતી. ઘણા લાંબા સમયથી આવા લોકોને જમીનોની ફાળવણી સરકારે બંધ કરી છે તો મારી વિનંતી છે કે, ૫૦,૦૦૦ એકર જમીનો છે એ પૈકી પાંચ પાંચ એકર જમીન આવા ગરીબ પરિવારોને કે જેની પાસે ખેતી નથી, જેની પાસે કોઇ આજીવિકા નથી એમને જો પાંચ પાંચ એકર જમીન આપવામાં આવે અને સરકાર એની પાછળ ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની છે તો એમને ૧૦ લાખ રૂપિયા જેટલી લોન આપવામાં આવે તો એ લોકો ખેતી સુધારણા કરીને તેમની આજીવિકા માટે રોજીરોટી રળી શકે તેમ છે એ ૫૦ હજાર એકર જમીન જો આ રીતે આપવામાં આવે તો દસ હજાર પરિવારોને ખેતી મળી શકે તેમ છે અને એક પરિવારની અંદર સરેરાશ પાંચ માણસો આપણે ગણીએ તો ૫૦,૦૦૦ લોકોને રોજગારી મળે એમ છે. એટલે મારી વિનંતી છે કે સરકાર જે આ ઉદ્યોગોને આપવા જઇ રહી છે એને બદલે રાજ્યના ગરીબ અને જે જમીન વિહોણાં લોકો છે એને આ જમીન આપવામાં આવે અને એમને આર્થિક સહાય આપવામાં આવે તો ઉચિત ગણાશે અને લોકોને રોજગારી મળી શકશે અને સાથે સાથે પગભર થઇ શકશે તેથી એ માટે જરૂરી કરવા આ તકે મારી સરકારશ્રીને વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની સામાન્ય ચર્ચાના બીજા દિવસે માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના અભિપ્રાયો વ્યકત કર્યા. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ રાજયના નાયબ મુખ્યમંત્રી માટે એવું કહી શકાય કે આ જ વિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે નાણામંત્રી તરીકે નવમી વખત આપણાં બધાની સમક્ષ ઉત્તમ પ્રકારનું બજેટ રજૂ કર્યું છે. ગૌરવની વાત એટલા માટે છે કે અત્યાર સુધીમાં સૌથી મોટું એટલે કે ૨ લાખ ૩૯ હજાર કરોડ રૂપિયાનું બજેટ એ માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ દ્વારા રજૂ કરવામાં આવ્યુ છે અને આ બજેટ જેમ કહેવાય છે કે Gujarat is the growth engine of India એમ જે ગુજરાતનો વિકાસ છે તે વિકાસની અંદર આ બજેટ એ ઉદ્દિપક તરીકે કામ કરીને ગુજરાતના વિકાસની પ્રક્રિયા સતત આગળ લઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચનમાં દર વખતે અને આપણે સૌ ગુજરાતના નાતે, ગુજરાતી હોવાના નાતે વિશ્વ વંદનીય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી જેને આખી દુનિયા યાદ કરે છે. અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલ જેને વિશ્વની આઠમી અજાયબી અને અખંડ ભારતના નિર્માણના કારણે આજે સૌ યાદ કરે છે અને વિશ્વની અંદર ભારતનું માન, ભારતનું સન્માન અને ભારતનું ગૌરવ વધારનાર તે ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીને પણ આપણે બધા યાદ કરીએ છીએ. આ દેશના એ વડાપ્રધાન છે કે જેણે ભારત માતા માટે આખું જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું છે અને એ દેશના પ્રધાનમંત્રી બન્યાં પછી આ દેશની અંદર રાષ્ટ્રવાદ હોય, આ દેશની અંદર દેશની આઝાદી માટે જેમણે બલિદાન આપ્યું છે તેની વાત હોય કે મા ભારતીને ગુલામીની ઝંઝીરોમાંથી મુકત કરવા માટે અનેક નામી, અનેક અનામી શહિદોએ પોતાની શહાદત આપી છે. આ શહિદોની શહાદતને યાદ કરવી તે આપણાં સૌનું કર્તવ્ય છે અને તેના માટે જયારે હમણાં આઝાદીનું ૭૫મું વર્ષ શરૂ થાય છે ત્યારે આઝાદી કા અમૃત મહોત્સવ દેશની આઝાદીના ૭૫મા વર્ષ ૮૧ પદયાત્રીઓ સાથે ૧૨મી માર્ચે ગાંધી આશ્રમથી રાષ્ટ્રીય ચેતના, રાષ્ટ્ર ભાવના અને સ્વતંત્રતાના ઇતિહાસ સાથે એક સમય હતો કે die for mission અને આજનો સમય છે કે live for mission એને ચરિતાર્થ કરવા માટે આપણને સૌને ગૌરવ એટલા માટે છે કે દેશના પ્રધાનમંત્રી ૧૨મી તારીખે દાંડી માર્ચ ગાંધી આશ્રમથી શરૂ કરવાના છે અને આ આખે આખી યાત્રા ગુજરાતમાં ૭૫ સ્થાનો ઉપર થવાની છે અને આ યાત્રામાં આઝાદીની એ ચળવળમાં બનેલાં પ્રસંગો, આઝાદીની ચળવળમાં લોકોએ આપેલા બલિદાનો અને આજે આપણે, આ દેશે, આ રાજયે કરેલો વિકાસ આઝાદીની ગાથા અને વિકાસની ગાથા તે ગુજરાતની પ્રજાની વચ્ચે મૂકવાના છીએ.

## તા. ૧૦મી માર્ચ ૨૦૨૧

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જે સમાજ પોતાનો ઇતિહાસ ભૂલી જાય છે તે રાષ્ટ્રની ભૂગોળ બદલાય જાય છે આપણે એ યાદ કરાવવું જોઇએ આપણને આ મહામુલી આઝાદી અનેક લોકોના બલિદાનોના કારણે મળી છે. ભારતને વિશ્વમાં ગુરૂનું સ્થાન મળે અને આપણું આ જે બજેટ છે તે બજેટ આપણું ગુજરાત એ દિવ્ય ગુજરાત બને, આપણું ગુજરાત તે ભવ્ય ગુજરાત બને અને દિવ્ય ભવ્ય ગુજરાતના નિર્માણને કેન્દ્રમાં રાખીને આદરણીય નીતિનભાઇ પટેલે આખા બજેટને સર્વાંગી રીતે આપણી સમક્ષ મૂકયું છે. એક ગુજરાતી તરીકે આપણને ગૌરવ છે અનેક વસ્તુઓનો ગૌરવ છે પરંતુ પ્રવર્તમાન સંજોગોમાં જયારે કહેવામાં આવે છે. કે લીવ ફોર નેશન ત્યારે આપણને મળેલ આ મહામૂલી આઝાદી વખતે સૌની કલ્પના રામરાજ્યની હતી અને સત્તા ઉપર બેઠા પછી એ રામરાજ્યનું સ્વપ્ન સાકાર કરવા માટે છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અનેકવિધ કામો કરી રહી છે. એમાં પ્રવર્તમાન બજેટમાં જે ઉલ્લેખો કર્યા છે એ હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કહેવા માગું છું. દેશના જી.ડી.પી.માં આપણું ૮ ટકાનું યોગદાન છે અને કોરોનાના કપરા કાળમાં પણ એપ્રિલ – ૨૦૨૦થી સપ્ટેમ્બર – ૨૦૨૦માં રૂપિયા ૧,૧૯,૦૦૦ કરોડનું વિદેશી મૂડી રોકાણ એટલે દેશના કુલ રોકાણમાં ૫૩ ટકા રોકાણ થયું હોય તો એ ગુજરાતમાં થયું છે. દેશની કુલ નિકાસમાં દેશની વસતીના કદાચ આપણે ૮ ટકા હોઇશું પણ કુલ નિકાસમાં ગુજરાતનો ફાળો ૨૩ ટકા જેટલો છે અને હમણાં નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ એક્ષપર્ટ કોમ્પિટીટીવનેસ ઇન્ડેક્ષમાં ૨૦૨૦માં ગુજરાત પ્રથમ, સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત પ્રથમ, લોજિસ્ટીક રેન્કિંગમાં ગુજરાત પ્રથમ. આમ, ગુજરાતે અનેક રીતે પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. ગુજરાત જુદા–જુદા ક્ષેત્રોમાં પ્રથમ આવે છે અને ગુજરાતી તો ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા છે એની પાછળ રાજયનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર આગવી અને દૂરંદેશી દ્રષ્ટિથી જે કરવામાં આવ્યું છે એના કારણે થયું છે.

આજે ગુજરાતના ૫૦ ટકા લોકો શહેરોમાં વસે છે અને શહેરોમાં વસે એટલે સ્વાભાવિક છે કે શહેરોની સુવિધાઓ વધારવી જોઇએ. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેની વસતી ૫૦ લાખ, ૬૦ લાખ, ૭૦ લાખ હોય એમાં એનો સર્વાંગી વિકાસ કરવો અને એને ઉત્તમથી સર્વોત્તમ બનાવવું એ રાજ્ય સરકારે કેન્દ્ર સ્થાને રાખ્યું છે. ગુજરાતની આ સરકાર આ નગરોના વિકાસ માટે કેટલું યોગદાન આપ્યું છે એનો હમણાં જ ચૂંટણીના પરિણામો આવ્યા એમાં સામાન્ય પ્રજાને સુખ–સુવિધાઓનો ઉત્તમ પ્રકારનો અનુભવ થયો. એ નગરપાલિકા હોય કે મહાનગરપાલિકા હોય જ્યારે પબ્લિક પર્સેપ્શન બને કે ના આ ભાજપવાળા યોગ્ય કામ કરી રહ્યા છે ત્યારે જ મતદાર મતદાન કરતો હોય છે. આજે મહાનગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીનો જય જયકાર થયો છે. હું આંકડાઓમાં પડવા નથી માગતો. એમાં ઉમેરો કરવા માટે શ્રી નીતિનભાઇ પટેલ જાણે છે કે આગામી દિવસોમાં મારે સરકારની તિજોરીમાં આવતું ફંડ ક્યાં–ક્યાં વાપરવું છે અને એના માટે એમણે શહેરી વિકાસ માટે ૧૩,૪૯૩ કરોડ રૂપિયા શહેરી વિકાસ વિભાગને આપવામાં આવ્યા છે. ૧૧૧ જેટલા શહેરોમાં એના લિવિંગ ઇન્ડેક્ષ ઉપરથી એ શહેરોમાં લોકોને કેવી સુવિધાઓ મળે છે એ જાણવા મળે છે. મને જણાવતાં આનંદ અને ગૌરવ થાય છે કે એમાં ૧૦ લાખ કરતાં વધુ વસતી ધરાવતા શહેરોમાં આપણું અમદાવાદ ત્રીજા ક્રમે, સુરત પાંચમા ક્રમે અને આપણા રાજકોટનો પણ અગ્રતાક્રમ આવ્યો છે. આપણા ગાંધીનગરને બેસ્ટ સીટી ઇન ઇનોવેશન એન્ડ બેસ્ટ પ્રેકટીસ માટે એવોર્ડ મળ્યો છે. સ્વચ્છતામાં પણ આ મહાનગરોએ અગ્રિમ પંક્તિમાં સ્થાન મળ્યું છે. એ નગરપાલિકા, મહાનગરપાલિકા અને સત્તામંડળો છે એનો વિકાસ એમ જ નથી થતો. આપણે જાણીએ છીએ કે નગરપાલિકામાં લાંબી કરની આવક નથી હોતી. રાજયની આ સરકારે વિકાસ સત્તામંડળ સહિત એના વિકાસ માટે રૂપિયા ૪૫૬૩ કરોડની જોગવાઇ કરી છે. આ ઉપરાંત આપણે સૌ ઇચ્છીએ છીએ કે સૌને શહેરમાં પોતાનું મકાન મળે. આ વખતના બજેટમાં અગાઉની એ પ્રક્રિયાને આગળ વધારવા માટે સૌને આવાસ મળી રહે એ માટે ૫૫ હજાર આવાસો માટે ૯૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરીને જરૂરિયાતમંદ લોકોને માત્ર પાકા ઘર નહિ તેઓને માન અને સન્માન અપાવવાનું કામ આ ગુજરાતની ભાજપ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા, દેશના પ્રધાનમંત્રી બન્યા અને પ્રધાનમંત્રી બનવાની સાથે દેશના નગરોમાં સ્પર્ધા કરાવી અને એ સ્પર્ધામાં સ્માર્ટ સિટીના માપદંડ નક્કી કર્યાં. એ સ્માર્ટ સિટીના માપદંડમાં આપણું અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર તેમજ દાહોદને સ્માર્ટ સિટીના અપગ્રેડેશન માટે ૭૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યાં. આજ કાલ આ મહાનગરોમાં આગના બનાવો બને છે. આ આગના બનાવો ન બને એટલા માટે આ સભાગૃહમાં કાયદો લાવ્યા. માત્ર કાયદાથી કામ પૂરૂં થવાનું નથી. આ માટે ભરતી કરવાની છે, વાહનની સુવિધા ઊભી કરવાની છે. આખે આખા પ્રશ્નનો અભ્યાસ કરીને કાયદો, વાહનો અને સ્કિલ મેન પાવરથી ગુજરાતમાં આવી કોઈપણ પ્રકારની આગની ઘટના ન બને અને જો આગની ઘટના બને તો સમયસર તંત્ર દ્વારા આના ઊપર કાબુ મેળવી શકાય એના માટે રૂપિયા ૩૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આપણા સૌના શ્રદ્ધા કેન્દ્રો અને આસ્થા કેન્દ્રો અને આપણું વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ એટલે મા અંબાનું ધામ. જ્યાં વર્ષભરમાં કરોડો લોકો આવતા હોય છે એવા અંબાજી ધામમાં અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી બનાવી અને એનો વિકાસ થાય એવું આયોજન કર્યું છે. આપણું ગિફ્ટ સિટી આવનારા દિવસોમાં સમગ્ર ભારતની એક અલગ ઓળખ ઊભી થવાની છે. પ્રધાનમંત્રીના દ્રષ્ટિકોણના કારણે જે તે વખતે શરૂ કરેલું ગિફ્ટસિટી આજે ગુજરાતમાં રોજગારી આપવા માટેનું સૌથી મોટું હબ બનવાનું છે. અત્યારે ત્યાં ૨૨૦ જેટલી કંપનીઓ કાર્યરત છે. ૧૨,૦૦૦ જેટલાં યુવાનોને રોજગારી મળે છે અને ચાલુ વર્ષે પણ માનનીય નાણામંત્રીએ ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ આ ગિફ્ટ સિટીના માધ્યમથી ગુજરાતના યુવાનોને રોજગારી મળે એટલા માટે કરી છે.

ફાલ્ગુન ૧૯, ૧૯૪૨ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ રાજ્યનો વિકાસ કરવો હોય તો તે રાજ્યના રસ્તા એ તેની ધોરી નસ સમાન છે. આ ધોરી નસનો જેટલો વિકાસ થાય એમ મનુષ્ય તંદુરસ્ત રહે છે. આ જ રીતે રાજ્યનો વિકાસ કરવો એ પણ આ સરકારના ધ્યાનમાં છે. આથી ૧૧૧૮૫ કરોડ રૂપિયા રાજ્યના માર્ગ અને મકાન વિભાગને ફાળવવામાં આવ્યા છે. એમાં પણ જુદી જુદી અપેક્ષાઓ હતી એ પ્રમાણે કરવામાં આવ્યું છે. અંદાજપત્રની પહેલી લીટીમાં વિશ્વ આખું કોરોનાની મહામારીમાંથી નીકળે છે અને આ કોરોનાની મહામારીના કપરા દિવસો આપણને સૌને યાદ છે અને જ્યારે ચારેબાજુ અજંપો હતો અને એ અજંપાની વચ્ચે કામ કરવું અત્યંત કઠિન હતું, જ્યારે ઘરના વ્યક્તિઓ એકબીજાથી અંતર રાખતા હોય, જ્યારે કોઈ કોરોનાના અવસાન પછી અંતિમ સંસ્કાર આપવા જવામાં પણ લોકો ગભરાતા હોય એવા સંજોગોમાં કામ કરવું અને માત્ર કામ નહિ આખા રાજ્યના સાડા છ કરોડ લોકોની ચિંતા કરવી, એના માટે તબીબી સારવાર ઊભી કરવી, એના માટે ઇંજેક્શન લાવવા એના માટે સસ્તા ભાવે અનાજ પહોંચાડવું આ બધી જવાબદારીઓ મને અત્યંત નજીકથી જોવા મળી છે. આ બધી જવાબદારીઓને મને અત્યંત નજીકથી જોવા મળી છે. નજીકથી એટલા માટે જોવા મળી છે કે, જ્યારે માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ ગમે તેવી પરિસ્થિતિમાં હોસ્પિટલોની પણ જો મુલાકાત લેવાની હોય તો ક્યારે એમણે પોતાની જાતની ચિંતા કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઝવેરચંદ મેઘાણીની આજે ૧૨૫મી જન્મ જયંતી ચાલુ વર્ષે આપણે ઊજવવાના છીએ. એના માટે ઝવેરચંદ મેઘાણીજીને કેન્દ્રમાં રાખીને ૧૦ કરોડ રૂપિયાનું પણ આયોજન કર્યું છે. તો આજના પ્રસંગે મને એમની પંક્તિ યાદ આવે છે. ''નથી મારે પંથ સી આફત ખડી છે, પણ ખબર છે, એટલી કે માતની હાકલ પડી છે.'' પોતાની જાતની ચિંતા કર્યા સિવાય એક સમય હતો કે સ્વાતંત્ર્ય સેનાનીઓ અંગ્રેજો સામે લડતા હતા અને આજે એ સમય છે કે, ગુજરાતની જનતાની રક્ષા કરવા માટે અમારા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને આખી સરકારે આ કોરોનાની મહામારીમાંથી આપણી નાવ બહાર લાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના અંતનો આરંભ થયો છે, પરંતુ હજુ આ વેક્સિનેશનની આખી જે ઉત્તમ પ્રકારની પ્રક્રિયા ચાલી રહી છે, એમાં આગામી દિવસોમાં પણ આ પ્રોટોકોલ જાળવીને રસીકરણ ઉત્તમ પ્રકારે કરી એનો લાભ લઇને આ કોરોનાની મહામારીને પણ આપણે મ્હાત કરવાની છે. જેમ મેં કહ્યું તેમ, અર્બન ડેવલપમેન્ટ, સેકન્ડ રોડસ, થર્ડ વન હું કહું છું રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ, ૬ કરોડ લોકોને જો તમે એના વાહન માટે પૂરતી ટ્રાન્સપોર્ટેશનની ફેસિલીટી ન કરો અને એના વેપાર ધંધા માટે જો ગુજરાતનો ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કાંઠો છે અને એને તમે પોર્ટ કનેકટીવીટી ન આપો તો તમે એનો યોગ્ય ઉપયોગ કરી શકતા નથી. એટલા માટે આ રાજ્યની અંદર વાહન વ્યહવાર વિભાગે એની મૂળ જે સંખ્યા છે એમાં, ૮૦૦ ડીલક્ષ, ૨૦૦ સ્લીપર કોચ અને પી.પી.પી. મોડલ ઉપર ૫૦૦ વોલ્વો એમ રૂપિયા ૨૭૦ કરોડની જોગવાઇ કરી છે. એનવાર્યમેન્ટના પ્રોટેકશન માટે ૫૦ ઇલેકટ્રીકલ અને ૫૦ સી.એન.જી. બસોની પણ એમાં વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, રાજકોટ એ આખા સૌરાષ્ટ્રનું એકદમ આપણું વિકસતું શહેર છે, એમાં દેશના પ્રધાનમંત્રીશ્રીએ આપણને એઇમ્સ આપ્યું અને એઇમ્સ આપવાના કારણે આખા સૌરાષ્ટ્રના લોકોને ક્યારેય આવવું કરવું હોય તો એના એસ.ટી. સ્ટેન્ડમાં એમાં સુવિધાઓનો વધારો કરવો પડે. એટલે રાજકોટનું પણ એસ.ટી સ્ટેન્ડ અદ્યતન સ્વરૂપમાં બનાવવાનું કામ કર્યું હોય તો વાહન વ્યહવાર વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. ૧૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠા ઉપર આપણે આપણા નાના બંદરો ઉપરથી થતી મૂવમેન્ટ એ ૭૦ ટકા ગુજરાતના દરિયાકાંઠા ઉપર થાય છે અને આ મૂવમેન્ટમાં હજી વધારો કરવા માટે ભાવનગર અને નારગોલ એ બે બંદરના ડેવલપમેન્ટ માટે રૂપિયા ૪૮૦૦ કરોડથી પી.પી.પી.ના મોડલથી આ બંદરનો વિકાસ કરવાનું રાજ્ય સરકારે આયોજન કર્યું છે.

